શ્રીમદ્ પૂજ્યશ્રી ગોપાળજીસ્વામી ગ્રંથમાળા—મણકો ૬ ઠ્ઠો.

ॐ

श्री अर्हद्भ्यो नमः

શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા.

પૂર્વાર્દ્ધ.

(નવ ભાગમાં)

પ્રયોજક.

પૂજ્યશ્રી મોહનલાલજી મહારાજ,

(સમાન પૂજ્યશ્રી ગોપાળજી સ્વામીના શિષ્ય.)

સંશોધક.

ઝવેરચંદ જાદવજી કામદાર.

પ્રકાશક.

પોરબંદરનિવાસી ખીમચંદ મોતીદાસ ભાવસાર.

આવૃત્તિ ૧ લી. | પ્રત ૧૦૦૦.

વીર સંવત ૨૪૫૦ | વિ. સં. ૧૯૮૦

મૂલ્ય માત્ર રૂ. ૧-૮-૦



ગ્રંથ સમર્પણ.

પરમ પવિત્ર પૂજ્યપાદ,

ગુરૂવર્યશ્રી ગોપાળજી સ્વામી.

ગચ્છાધિપતિ ગુરૂવર્ય ગોપાળજીસ્વામી જેઓ કે ગીર્વાણ ભાષાના
ગૌરવપણાથી, અને આધ્યાત્મ ગુણમાં અગ્રેસરપણાથી,
શાન્તિમય, માધ્યસ્થ વૃત્તિથી, પક્ષપાત રહિત અનુભાવ
ધરાવતા, સિદ્ધાંત શૈલીથી અમૃતમયિ મધુરી વાણીએ
ઉપદેશ દ્વારા શ્રીવીર પરમાત્માની વાણીનો સ્વાદ
ચખાડી આ સંસાર સમુદ્રમાં ઝોલા ખાતાં
નિર્યામિક તરીકે બાંહ ઝાલી મુજના બાળકનો
ઉદ્ધાર કરવા અર્થે સંયમ આપી મને
તાર્યો, અને અપૂર્વ કૃપા કરી જે
જ્ઞાન આપ્યું, તેનો બદલો આ
બાળકથી કોઇ રીતે વાળી
શકાય તેમ નથી. આપના
અપૂર્વ ગુણોને લીધે મારો
અંતરાત્મા વારંવાર આકર્ષિત અને
પ્રેરણા કરતો કે જે ઉત્તમ બીજ
આપણને જેના પાસેથી મળેલી હોય, તે
ઉત્તમ બીજ વાળી તેનેજ સમર્પણ કરવામાં
આવે તો, તેથી આપણે ત્રણે ઋણમુક્ત થતા
હોઇએ. તેમ આપણું અંતઃકરણ કાંઇ અપૂર્વ
શાન્તિ મેળવીને પ્રફુલિત થાય છે, તેટલા માટેજ,
આ "શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા" ગ્રંથ
આપને ભક્તિ પૂર્વક સમર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

ૐ શાન્તિ:!

લી. આપનો બાળક,

મુનિ મોહનલાલજી.

ઉપકાર પત્ર.

આ પુસ્તક ઓછી કિંમતે આપવા અને જ્ઞાનનો બહોળો ફેલાવો થવા
ટે ભાવિક સદ્ગૃહસ્થોએ, ઘણા ઉત્સાહપૂર્વક રકમો ભરાવી છે. તેઓને
ધન્યવાદ આપવાની સાથે કહીશ કે, હજી જૈનસમાજમાં એવા ઘણા
નપ્રેમી બંધુઓ છે કે જેઓ પોતાની ન્યાય નીતિથી ઉત્પન્ન કરેલી લક્ષ્મી
વા જ્ઞાન ખાતાઓમા વાપરી લ્હાવો લઇ મનુષ્ય જન્મ સફળ કરે છે.

આ ગ્રંથની પ્રસિદ્ધિમા સહાયક તરીકે એક સદ્ગૃહસ્થે રૂપીયા
૦૦)ની રકમ આપી છે અને તેઓ પોતાનું ગામ કે નામ જાહેર કરવા
ગતા નથી, તે આત્મજ્ઞાન જીજ્ઞાસુ અને ગુપ્તજ્ઞાનના શોખીન બાંધવ
નનો અંતઃકરણપૂર્વક આ સ્થળે ઉપકાર માનવામાં આવે છે.

ઓછી કીંમતે પુસ્તક આપવા માટે જે જે સદ્ગૃહસ્થોએ મદદ આપી
, તે તે સદ્ગૃહસ્થોનું નામવાર લીસ્ટ આ નીચે આપવામા આવે છે.

પીયા.	સદ્ગૃહસ્થોનાં નામ.	ગામ.
૦૦	એક સદ્ગૃહસ્થ તરફથી.	
૨૦૦	આભરણવાળાં બાઇ છબલબાઇ સુંદરજી હા. દામાણી જમનાદાસ સુંદરજી	હાલ રાજકોટ
૨૫	શેઠ વર્ધમાન-રણછોડભાઇ .... —	પોરબંદર
૧૦૦	ગોસળીયા મોહનલાલ ભુરાભાઇ —	,,
૧૦૧	દોશી કસ્તુરભાઇ હરચંદ હસ્તે દેવજીભાઇ ...	વઢવાણ કંપ
૧૦૦	શાહ ઉજમશી કચરાભાઇ હસ્તે મુળચંદભાઇ	વઢવાણ શેહેર
૧૦૦	બેન સંતોક કુલચંદભાઇ તેમનાં માતુશ્રીના સ્મરણાર્થે	વઢવાણ શેહેર
૭૫	શાહ લલુભાઇ નાગજી હા. કલીચંદભાઇ તથા નાથાલાલભાઇ	પોરબંદર
૫૧	દોશી ઓધડ તેજપાળભાઇ .... —	શ્રીપીપળી
૫૧	શ્રી બંડીયાદના શ્રીસંઘ તરફથી હસ્તે રાયચંદભાઇ	બડીયાદ
૫૧	શ્રી અરણીટીંબાના સંઘ તરફથી હસ્તે ત્રિભુવનભાઇ	અરણીટીંબા

... સંઘજી કડવાભાઇ હુકમ ...

ગાંધી મલુકચંદ જાદવજી તથા ગાંધી સંઘજી કડવાભાઇ ... ધોલેરાબંદર

શાહ ચિત્રલાલ ભુદરભાઇની ભાર્યા ઝબુભાઇ તરફથી ... ... વાલીંડાવાળા

૫ શાહ રતિલાલ ગુલાબચંદભાઇ .... શ્રી વાંકાનેર

૦ ગાંધી માણેકચંદ જેચંદભાઈ .... ધોલેરાબંદર

૨૫ શાહ ત્રીકમલાલ પુરૂષોત્તમભાઈ .... ,,

૨૫ શાહ મોહનલાલ હરજીવન .... ,,

૨૫ શાહ ભુદર નાગજી હસ્તે ભાઈ મણિલાલ

૨૫ ભાવસાર ઉત્તમચંદ બેચર વેલાણી હસ્તે બાઇ જીવી ધંધુકા

૨૫ શ્રી બોજીદરના શ્રી સંઘ તરફથી ... . બોજીદર

૨૫ શાહ ગણેશ રૂપા હસ્તે ગભરૂભાઇ ... ... દુંગા

૨૫ સંઘવી હરખચંદ ઓઘડભાઇ .... લીંબડી

૨૫ સંઘવી મોનજી શ્યામજી ... ... જામનગર

૨૫ મેતા જગજીવન વેલજી .... ટંકારા

૨૫ મેતા કપુરચંદ ટોકરશી આદિ શ્રીસંઘ હસ્તે અવિચળભાઇ તીથવા

૨૫ સંઘવી હરગોવિંદદાસ ભુરાભાઈ ... . ધોલેરા બંદર

૨૧ સંઘવી તલકશી નાનજી .... ,,

૨૦ ગાંધી તલકશી નાનજી .... ,,

૧૫ સંઘવી જેતશી ધનજીભાઇ .... ,,

૧૫ શેઠ જીવાભાઇ અમરશી .... ,,

૧૫ શાહ લખમીચંદ નાગજી હસ્તે બેન નાથી ... ,,

૧૫ એક સુશ્રાવિકા બેન તરફથી ... — ,,

૧૫ શાહ પ્રેમચંદ ઉજમશી હસ્તે બેન મોતી ... વઢવાણ કેમ્પ

૧૫ દોશી મોહનલાલ હેમાભાઇ .... ખાંભીયા

૧૫ શાહ ઉજમશી દોલાભાઇ ... . હાલ રામપરડા સ્ટેશન

૧૫ શાહ દેવશી સુંદરજી હસ્તે ભાઇ મણિલાલ પથરના વેપારી — — મોરબી

૧૫ મેતા સુખલાલ મોનજીભાઇ — ... ,,

૧૫ મેતા ઉમિયાશંકર કેશવજી — ... ધોલેરા બંદર

૧૧ શાહ માણેકચંદ દામોદરભાઇ — ...

૧૧ શાહ ધનજી લખુભાઇ.... ....
૧૧ દરબારશ્રી કાળુભા કરણાભાઇ વગેરે ... ઠંથારીયા
૧૧ શાહ તલકશી નાગજી .... કંથારીયા
૧૦ શેઠ ચત્રભુજ ધારશી હસ્તે હીરાભાઇ શેઠ ... . ધોલેરા બંદર
૧૦ દોશી ગોવિંદજી અમેરભાઇ .... ,,
૧૦ ભાવસાર પુરૂષોત્તમ દેવકરણ હસ્તે બાઇ સાંકુ ,,
૧૦ શાહ સુખલાલ માણેકચંદ .... ,,
૧૦ શાહ બેચર ગોવિંદજી હસ્તે મનસુખભાઇ.... વઢવાણ કેમ્પ
૧૦ શાહ તલકશી મોતીચંદ હસ્તે ભાઇ જગજીવન કંથારીયા
૧૦ શાહ રતિલાલ મગનલાલ હસ્તે બાઇ મોઘી.... ,,
૧૦ શાહ ખીમચંદ મોતીચંદ હસ્તે તલકશીભાઇ .... કંથારીયા
૧૦ શાહ તલકશી જેચંદ તથા પ્રેમચંદ પુરૂષોત્તમ .... ,,
૧૦ ગાંધી મુળચંદ મનસુખભાઇ .... ,,
૧૦ શાહ નારણલાલ ત્રિભુવન તથા આણંદજી ખીમચંદ.... ખાંડીયા
૧૦ વોરા માણેકચંદ લાલચંદ ... . ,,
૧૦ શ્રી નાયકાના શ્રી સંઘ તરફથી ... . રામપરડા સ્ટેશન
૧૦ દોશી વીરચંદ ડોસાભાઇ.... .... નાયકા
૧૦ શાહ શ્રીણાભાઇ ખીમચંદ તથા જીવરાજ સખીદા તરણેતર–ખાખરાસ્થળ .... ખાટડી
૧૦ ગાંધી નથુ લવજી હસ્તે નરોત્તમભાઇ ધોલેરાવાળા હાલ ચોટીલા
૧૦ શાહ ઠાકરશી મોતીચંદ હસ્તે નીમચંદભાઇ ... ,,
૧૦ પારેખ સોમચંદ વીરચંદભાઇ ... . ,,
૧૦ શા. ગોવિંદજી ત્રિકમ .... દાણાવાડા

દશથી ઓછી રકમ સ્વીકારવામાં આવી નથી.

સંઘનો સેવક,
ખીમચંદ ખોડીદાસ ભાવસાર.

પ્રસ્તાવના.

આ દેહના નિર્વાહ માટે શ્વાસોચ્છવાસની જેટલી આવશ્યકતા છે
લીજ બકે તેથી પણ અધિક આવશ્યકતા આધ્યાત્મિક જીવનને ટકાવી
વવા માટે સમ્યગજ્ઞાનની છે. યથાર્થ જ્ઞાન થયા વિના એટલે આત્મ

વધારાની મદદ.

<u>ગ્રંથ છપાયા પછી મળેલ રકમો.</u>

૫૦ સંઘવી પ્રેમચંદ ભુરાભાઇ લીંબડી
૫૧ શેઠ નારાયણદાસ મથુરાદાસ હા. મણિલાલ ભુદરજી મુંબઇ
૨૫ શેઠ ઓઘડદાસ અબજી હા. ભાઇ રતિલાલ ધોલેરાબંદર

સુધારો.

<u>નીચેની ભુલો સુધારી લેવા કૃપા કરવી.</u>

પૃષ્ટ ૬૩ થી ૮૦ સુધી મથાળે ભાગ ૧ લો છે ત્યાં ભાગ ૨ જો જોઇએ
પૃષ્ટ ૫૨૧ પંક્તિ ૨૪ શ્લોક ૧૮ મો છે ત્યાં ૧૪ મો જોઇએ.

પ્રકાશક.

ઉપકાર નિમિત્તે તેમને જ્ઞાનામૃતનું પાન કરાવવાના પરમપવિત્ર આશયથ
આ " શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા " નામનું પુસ્તક ઘણા પ્રયાસથી તૈયાર કરેલ-
તે મારા જોવામાં આવ્યું. અને તેના વાંચન થવાથી મારા હૃદયમાં એવો
ભાવ સ્ફૂર્યો કે જો આ અમૂલ્ય પુસ્તક પ્રસિદ્ધિમાં મૂકાય તો સ
સમાજને અત્યંત ઉપયોગી થઇ પડે. પરંતુ પુસ્તક ઘણું મોટું હોવાથી
તેને છપાવતાં ઘણું ખર્ચ થાય અને પડતર કિંમતે દેવતા છતાં પણ
સમાજના મોટા ભાગને તે કિંમત ભારે પડતી હોવે અને તેથી ખરીદનાં
મન અચકાય, પરિણામે તેનો જોઇતો ફેલાવો થાય નહિ તો ધારેલી સફળ
ભર ન આવે. તેથી જો છપાવવાના ખર્ચમાં મદદ આપનાર કોઇ દાઇઓ મળે

તોજ આવું મોટું પુસ્તક પ્રસિદ્ધિમા મુકી અલ્પ કિમ્મત રાખી તેનો અધિક પ્રચાર કરી શકાય અને જ્ઞાનનો ફેલાવો થઈ શકે.

સદ્ભાગ્યે મદદ આપનાર ઉદારચિત્ત ગૃહસ્થો ટુંક સમયમાંજ મળી આવવાથી આ પુસ્તક છપાવી આપ મહાશયોના કરકમળમાં મુકવા હું ભાગ્યશાળી થયો છું. જે મહાનુભાવોએ આ ગ્રંથ છપાવવામાં અધિક સાહાય્ય કરેલ છે તે સર્વનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

તત્વજીજ્ઞાસુ મુનિવરોને તેમજ જૈન લાઈબ્રેરીઓ (પુસ્તકાલયો) ને આ ગ્રંથ વિના મૂલ્યે આપવાનુ ઠરાવ્યું છે, તેથી ઘણીખરી નકલોનો એ પ્રકારે સદ્વ્યય થશે બાકીની પ્રતો પડતર કિમ્મતથી પણ ઘણી ઓછી કિંમતે એટલે માત્ર દોઢ રુપિયામાંજ આપવા નક્કી કર્યુ છે. આવી રીતે વિના મૂલ્ય તથા ઓછી કિમ્મતે આ ગ્રંથનો પ્રચાર કરવાનુ સૌભાગ્ય મને પ્રાપ્ત થયું તેનો સઘળો સુયશ અમારા દાનવીર આશ્રયદાતાઓ કે જેમનાં નામ આ પુસ્તકમાં અન્યત્ર પ્રગટ કરેલા છે તેમને ઘટે છે અહિં પ્રસંગવશાત્ એ પણ જણાવવાની અગત્ય છે કે આ ગ્રંથનું વેચાણ થતાં જે કાંઇ વધારો રહેશે તેનો ઉપયોગ પણ આવાજ જ્ઞાનપ્રચારના કાર્યમાં કરવામાં આવશે.

આ પુસ્તક બહાર પાડવામા રાજકોટ નિવાસી મને [illegible] મહુ: રા. રા. **શ્રીયુત ત્રિભુવનભાઇ વાલજી** મહેતાએ ઘણાજ ઉત્સાહપૂર્વક પૂર્ણ પરિશ્રમ લઇ ઘણી મદદ કરી છે તેથી તેઓ સાહેબના હું પૂર્ણ આભારી થયો છું. ધર્મકાર્યમા તેઓની અપાર ખંત અને હાર્દિક લાગણી માટે તેમને જેટલો ધન્યવાદ આપીએ તેટલો થોડો છે

મુફ સુધારવામાં **ભાઈશ્રી ઝવેરચંદ જાદવજી** કુ.મહારે પોતાના સમયનો પુષ્કળ ભોગ આપી આ ગ્રંથને સર્વાંગસુંદર બનાવવા માટે ઘણો પરિશ્રમ લીધો છે. અને કામ ઘણું સારૂં કરી તેઓએ જૈન ધર્મની અપૂર્વ સેવા બજાવી છે. તે માટે તે ભાઇશ્રીને ધન્યવાદ ઘટે છે. અને તેમનો પણ પૂર્ણ આભારી છું.

શ્રી સંઘના સેવક,

ભાવસાર ખીમચંદ ખોડીદાસ.

શ્રી પ્રશ્નોત્તર મોહનમાળાની વિષયાનુક્રમણિકા.

ભાગ ૧ લો.

વિષય	પ્રશ્નાંક.
અવધિજ્ઞાન લઇને જીવ નરકે જાય કે કેમ ? અવધિજ્ઞાન વિષે.	૫૫ ૬૨
વિભંગજ્ઞાની દેવના વિષે ..	૬૩
પરમાવધિવાળો પરમાણુ પુદ્ગળ દેખે કે કેમ ?	૬૪
પરમાવધિ અને મનઃપર્યવમા ચઢીયાતું કોણ ?	૬૫-૬૬
મનઃ પર્યવ જ્ઞાનના કેટલા ભેદ ?	૬૭-૭૩
સ્ત્રી વેદમા જ્ઞાન કેટલાં ? ...	૭૪ ૭૫
સ્ત્રીને પરિહારવિશુદ્ધ. ચારિત્ર હોય કે નહિ ?	૭૬
ચૌદ પૂર્વધારી પડે કે કેમ ?	૭૭-૭૮
આહારક શરીર વિષે આહારક શરીર કોને હોય ? ..	૭૯-૮૬
તીર્થંકરને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી તથા સામાન્ય કેવળીને ગોચરીએ ગયાનો દાખલો છે ?	૮૭-૮૮
સામાન્ય તથા અંતગડ કેવળીનો નિર્વાણ મહોત્સવ થાય કે કેમ	૮૯
આવતા કાળના ભાવ કેવળી જાણે ખરા પણ દેખે કેવી રીતે ?	૯૦
કેવળીના પગ હેઠે ત્રસ જીવ ઉંદર પ્રમુખ આવે ખરા ? ...	૯૧
સુતાં જાગતાં કે આધાગનિ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય કે નહિ ?...	૯૨-૯૩
લિંગિલીના નીકળ્યા મુક્તિ જાય કે નહિ ?	૯૪
જુગલીયા નિગોદીનાં કેમ જાય ?	૯૫
પઢમસમય, અપઢમસમય, ચરમસમય, અચરમસમય કેવળી કોને કહેવા ?	૯૬
ચૌદમે ગુણઠાણે સલેશીપણું હોય કે નહિ ?	૯૭

વિષય	પ્રશ્ન
મોક્ષની ઇચ્છા કરવી કે નહિ ?	૯
અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો કહ્યો તે શી રીતે ? ...	૯૯-
સંસારી અને સિદ્ધ જીવમાં શો તફાવત ?	૧૦૨
જીવના આઠ રૂચક પ્રદેશ આવર્યા છે કે નિરાવરણ છે ? બંધ છે કે અબંધ છે ?	૧૦૪

ભાગ ૨ જો.

વિષય	પ્રશ્ન
આમ પુરૂષની ઓળખાણ ...	
યુગપ્રધાન પુરૂષની ઓળખાણ	
એકાંત જ્ઞાનવાદી વિષે-જ્ઞાન-જાણ્યા વિના ક્રિયા કરવી તે નિરર્થક છે	૩-
અમને જ્ઞાનીને કર્મ લાગતું નથી જ્ઞાનીનો ભોગ સો તો નિર્જરાકો હેતુ છે તેનું કેમ ? ...	
ધ્યાનમાં આત્મદર્શન થાય કે કેમ ? ને તે રૂપી કે અરૂપી ?	
સમકિત વિના સામાયિકાદિક કરણી કરવી નહિ કોઇ એમ કહે તેનું કેમ ?	
સામાયિકમા મન સ્થિર રહેતું નથી તો સામાયિક કરવું શા કામનું ?	૧
વ્રત લીધા પછી મન સ્થિર ન રહે તો કેમ કરવું ?	
એકાંતવાદીનાં વિપરીત વાક્યો	૧
જિનતીર્થંકર નહિ ને તીર્થંકરનું નામ ધરાવે તેનું કેમ ? ...	
દીક્ષા લેનારનું મન ભંગ કરે, તથા દીક્ષા લીધેલને પાડે ભ્રષ્ટ કરે તેને શું ફલ ? ...	
ભગવતીજીમાં આત્માને સામાયિક કહેવાનો હેતુ શું ? ...	

ય | પ્રશ્નાંક

વિષય

વિષય	પ્રશ્નાંક

ભાગ ૫મો.


ભાગ ૬ ઠો.

ભાગ ૭ મો.

વિષય	પ્રશ્નાંક.
જીવની વિગ્રહગતિ વિષે ...	૬૪
ઉદારિક ને ઉદારિકનો મિશ્ર, વૈક્રિય ને વૈક્રિયનો મિશ્ર, આહારક ને આહારકનો મિશ્ર એટલે શું?	૬૫
નિઃસમાવઉના આહાર કરે ને આહારની સંજ્ઞા નથી એમ કેમ કહેવાય? ...	૬૬
લેશ્યા પરિણમ્યા પછી જીવ મરી પરભવમાં ક્યારે જાય?	૬૭
કેટલી લેશ્યાના નીકળ્યા તીર્થંકર થાય?	૬૮
પાંચ લેશ્યા શામાં લભે? ..	૬૯
તીર્થંકર કેટલાં ગુણઠાણાં ફરસે?	૭૦
દરેક તીર્થંકરના વારે પ્રત્યેકબુદ્ધ કેટલા થાય?	૭૧
પાંચમા આરાના છેડે કેટલાં સૂત્ર રહેશે?	૭૨
પાંચમા આરાના ત્રીજા ભાગમાં વિચ્છેદ જવાનું શા રીતે? ...	૭૩
દશમા ગુણઠાણે એક સાકાર ઉપયોગ કહ્યો તે કેમ? ..	૭૪
સંપ્રતિ રાજાઓ ક્યારે થયા?	૭૫
વેદની ઉત્પત્તિ થવાના કારણો?	૭૬
શ્રાવક સૂત્ર ભણે કે કેમ? ...	૭૭
ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂર્યપ્રજ્ઞપ્તિ ને કાલિક ઉત્કાલિક વિષે ...	૭૮
તીર્થંકરના ૧૨ ગુણમાં અપાયાપગમ અતિશયનો અર્થ શું?	૭૯
કુંડરીક મરી નરકે ગયો તેણે સંજમનું ફળ ક્યાં ભોગવ્યું?	૮૦
દેવતા નારકીને ક્રિયા લાગવા વિષે	૮૧-૮૨
ઉદેશ સમુદેશ ને અનુજ્ઞા તે શું?	૮૩
આઠ પ્રકારનો ધર્મ કહ્યા શી રીતે?	૮૪
નારકી દેવતાને, આહારક તૈજસ કાર્મણની ઉત્કૃષ્ટી ક્રિયા કેવી રીતે લાગે?	૮૫
ઉદ્દેશો સમુદ્દેશો અનુજ્ઞા ને આજ્ઞાપ્રયોગ તે શું? ...	૮૬
ઓઘ સંજ્ઞા ને લોક સંજ્ઞા તે શું?	
આરંભ સારંભ ને સમારંભ તે કેવી રીતે?	૮૮
પાંચ ક્રિયાનો અલ્પબહુત્વ કેવી રીતે? ...	૮૯
પાંચ શરીરનો અલ્પબહુત્વ કેવી રીતે?	૯૦
તૈજસ કાર્મણ શરીર જીવ સાથે કેવી રીતે સબંધ ધરાવે છે?	૯૧-૯૨
ઔદારિકાદિ પાંચ શરીરનું સ્વરૂપ શું? ..	૯૩
ઔદારિક શરીરને પ્રધાનપદ આપવાનું શું કારણ? .	૯૪
વૈક્રિયમાંથી વૈક્રિય થાય છે કે કેમ?	૯૫
નરક તથા દેવતામાંથી નીકળેલ મનુષ્ય જઘન્ય કેટલું આઉખું ભોગવે? અને કેટલા આઉખાવાળા નારકી દેવતા થાય?...	૯૬
એક જીવ, એક પહોરમાં ચારે ગતિ કેવી રીતે કરશે? ...	૯૭
જુગલીયાના ક્ષેત્રમાં વેદ કેટલા લાભે?	૯૮
મનુષ્યના ત્રણે વેદનો કામાગ્નિનો વિષય.	૯૯
તિર્યંચ મનુષ્ય અને દેવતાની સ્ત્રી કેટલા ગુણી તે વિષે ...	૧૦૦-૧૦૧
નારકીને ઉંચા ઉછળવા વિષે	૧૦૨

વિષય	પ્રશ્નાંક
ભાગ ૯ મો.	

ગ્રંથકર્તાનું નિવેદન.



સદ્ધર્મ એજ સર્વ સ્થળે, સર્વ કાળે અને સર્વ સ્થિતિમાં પરમ-શાન્તિ, આત્મનિસ્તાર અને આત્મોદ્ધારણના કારણભુત છે. પરંતુ સદ્ગુરૂ વિના સદ્ધર્મની પ્રાપ્તિ થવી પ્રાય: અશક્ય છે. અનેક જન્મનાં શુભકર્મોનો સંચય [illegible] સદ્ગુરૂનો સુયોગ મળે છે. અને તેમનાં વચનપર આપણો [illegible] થાય છે.

[illegible] યોગે મને સદ્ગુરૂનો સમાગમ સાંપડ્યો. [illegible] ધર્મગુરૂ ધર્માચાર્ય પૂજ્યશ્રી ગોપાળજી સ્વામીએ મને [illegible] આપીને મારા હૃદયને [illegible], અને મને સદ્ધર્મપર શ્રદ્ધાવાન બનાવવા પૂર્ણ ખંતથી [illegible] ભાવ રાખવા લાગ્યા. સં. ૧૯૩૮ માં મેં દીક્ષા લીધી [illegible] હતું, સૂત્રજ્ઞાન નહિવત હતું, પરંતુ તે [illegible] ગુરૂકુળવાસમાં રહી અભ્યાસ કરતા [illegible] વિભાગમાં વિભાગ પામેલા હતા, તેથી [illegible] આવી વિવિધ પ્રશ્નો પૂછતા. કેટલાક [illegible] ઉત્તર ગુરૂજી આપતા કે લખાતા આવી [illegible] ગુરૂમુખથી થતા શાસ્ત્રાર્થમાં [illegible] હૃદયમાં ધારી લેતો [illegible] નોંધી લેતો. આ સિવાય [illegible] નિર્ણય પણ કરી લેતો. આ [illegible] જ્યારે જ્યારે કોઇ [illegible] ત્યારે શાસ્ત્રવિષયક પ્રશ્નોનાથી [illegible] પ્રશ્નોનું પ્રતીત [illegible]. નિર્ણય માટે સિદ્ધાંતો, ગ્રંથો, [illegible] અને તેના પ્રમાણો શોધી કાઢ્યાં એ [illegible] મુનિ [illegible] તથા મુનિ મણિલાલજી [illegible] લખવા [illegible] મુનિ [illegible] આપતા, [illegible] સુશીલ [illegible] “ [illegible] ” નામનો ગ્રંથ

૧૯૭૭ની સાલમાં પાના ઉપર પ્રશ્નોત્તર લખવા શરૂ કર્યા. તે એવી રીતે કે ૧૦૮ પ્રશ્નોત્તરનો એક ભાગ લખવો. એમ જેટલા ભાગ થાય તેટલા તૈયાર કરવા. આ પ્રમાણે લખાણ કરતાં સંવત્ ૧૯૭૯ના ચોમાસામાં શ્રી પોરબંદરના ભાવિક શ્રાવકોના તરફથી પણ એવી સૂચના થઇ કે આ પુસ્તક બહુજ ઉપયોગી છે, તો બહાર પડે તો ઘણા જનોને લાભદાયક થાય. તેમજ રાજકોટમાં શાહ પોપટલાલ કેવળચંદે પણ આ પુસ્તકના કેટલાક ભાગ વાંચી તેમણે ત્વરાથી બહાર પાડવા આગ્રહ કરેલો, ત્યારબાદ સંવત્ ૧૯૭૯ના ચોમાસામાં શ્રી ધોલેરા બંદરમાં આઠમા ભાગનું લખાણ ચાલતું હતું, દરમ્યાન ત્યાંના શ્રાવકોના જોવામાં આવવાથી અને કેટલોક અનુભવ થવાથી તેમને એમ જણાયું કે આ પુસ્તક જો બહાર પડે તો ઘણા ભવ્ય જીવોને ઉપકારક થઈ પડશે. એજ હેતુથી ભાઇ ખીમચંદ ઓડીદાસે આ પુસ્તકને ઉપયોગમાં લેવા માગણી કરી. તેજ અરસામાં શ્રી રાજકોટ નિવાસી મહેતા ત્રિભોવન વાલજીભાઇ પોતાના કુટુંબ સહિત મહારાજશ્રીનાં દર્શનાર્થે આવેલા અને તેમના જાણવામાં આ વાત આવવાથી ભાઇ ખીમચંદ સાથે એક મત કરી આ ગ્રંથને બહાર પાડવા નિશ્ચય કર્યો, અને તૈયાર થયેલા ભાગોને તેઓ લઇ ગયા અને માસ્તર ઝવેરચંદ જાદવજીને તે કામ સોંપી દીધું.

આ ગ્રંથનું નામ "પ્રશ્નોત્તર મોહનમાળા" રાખવામાં આવ્યું છે. એને રચવાનો હેતુ માત્ર જ્ઞાનની વૃદ્ધિ કરવાનો છે, કોઈની લાગણી દુઃખાવવાનો હેતુ નથી. છતાં કોઈ એમ માને કે આ પ્રશ્ન તો આપણાજ માટે છે એમ હજારો ટોપીમાંથી પોતને માથે બેસતી આવે તે ટોપી પોતાની માની માથે ઓઢી લે તેને માટે કાંઇ કહેવાનું હોય નહીં. બાકી પોતાની બુદ્ધિ ટોપીને સ્વસ્થતાથી ન્યાયપૂર્વક વિચાર કરશે તો આપોઆપ સમજી શકશે કે મને માથે ઓઢી લીધેલી ટોપી તે મારી નથી. તેમ સૂત્રવચન

તો અનેકાંત છે જૈનમતની સ્યાદ્વાદ શૈલિ છે. તે કોઇનો પક્ષ રાખે તેમ નથી. તથાપિ કોઇ એકાંતવાદીને બેસતું ન આવે તેથી ગ્રંથકર્તાને માથે આરોપ મૂકવો તે સત્ય પુરૂષોનો ધર્મ નથી તથાપિ કોઇનું મન દુઃખાય તો ગ્રંથકર્તા દરેક વાંચકવર્ગની ક્ષમા ચાહે છે.

આ ગ્રંથની અંદર દરેક પ્રશ્નોમાં કોઇ સૂત્ર ગ્રંથ જૈન તથા જૈનેતરનાં શાસ્ત્રો, પુસ્તકો તથા પેપરોની સાક્ષી સહિત ઘડવામાં આવેલ છે, છતાં કોઇ કોઇ પ્રશ્નો કોઈ પાના ઉપરથી કે કોઇ કાગળીયા ઉપરથી કે કોઈ નોટમાંથી ટાંકવામાં આવેલ હોય અને તેમાં સાખ ન હોય તો તે દોષ ગ્રંથકર્તાને શીર નથી; તથાપિ કોઇના મનને એમ રહે કે અમુક પ્રશ્નમાં અમારા ગ્રંથની કેમ સાખ નથી તો તે પ્રત્યે પણ ક્ષમા યાચીએ છીએ.

કોઇ સૂત્રોમાં પ્રશ્નોમાં ટીકા ટબો કે ભાષ્યથી વ્યાકરણાદિકના મતથી બીજીજ રીતે જોવામાં આવે તો વિચારવાન્ પુરૂષોએ ગ્રંથ કર્તા પર દરગુજર કરી તેનો સવળો વિચાર કરશે તો તે વાત ન્યાય બહાર જશે નહિ. જૈન સૂત્રોની વ્યાખ્યા એવા પ્રકારની છે કે જેટલી સમજણી ગુરૂગમ્યથી મળી આવે છે. તેનો અલ્પાંશ પણ અન્ય પ્રકારથી મળવો મુશ્કેલ થાય છે.

"જૈન ધર્મ પ્રકાશ" પુસ્તક ૧૫ મું અંક ૩ જો મિતિ સં. ૧૯૫૫ જેઠ શુદ ૧૫ પૃષ્ઠ ૪૧ મા મધ્યે પન્યાસજી ગંભીરવિજયજીએ પ્રોફેસર જેકોબીના જવાબમાં લખેલ છે કે—

"પ્રથમ તો જૈનશાસ્ત્રનો અર્થ ગુરૂગમ્યને આધીન રહેલ છે, તેથી સ્વતંત્ર પણે એકલા ન્યાય કે વ્યાકરણના બળથી યથાર્થ કોઇથી બની શકતો નથી." ઇતિ.

नाणं च दंसणं चेव चरित्तं च तवो तहा ।
एस मग्गेत्ति पन्नत्तो जिणेहिं वरदंसिहिं ॥

અર્થાત્—ચાર કારણુ સંયુક્ત જ્ઞાન દર્શનના લક્ષણે કરી સહિત મોક્ષમાર્ગનું સ્વરૂપ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ જ મોક્ષનો માર્ગ છે એવું શ્રી જિનેશ્વરે કહ્યું છે.

नाणं च दंसणं चेव चरित्तं च तवो तहा ।
एस मग्गमणुपत्ता जीवा गच्छंति सुगइं ॥

અર્થાત્—જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ માર્ગને પામ્યા એવા જીવો સુગતિમાં–મોક્ષમાં જાય. આ ગાથાઓમાં પહેલાં ચાર કારણ સંયુક્ત જ્ઞાન દર્શનને મોક્ષનો માર્ગ કહ્યો અને પછી ચાર જુદાં જુદાં કારણો કહ્યાં છે. જૈનેતર ધર્મીઓ પણ એ ચાર કારણને માને છે અને જૈનો પણ માને છે. જૈનેતરોની જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની વ્યાખ્યાઓ જૈનોની એ ચારેની વ્યાખ્યાઓથી કેટલેક અંશે જૂદી પડે છે અને તેથી બે જૂદા જૂદા પ્રકાર બતાવવામાં આવ્યા છે. જૈનોના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપમાં મૂળ સમ્યક્ત્વની અપેક્ષા રહે છે તેથી બે પૃથક્ પૃથક્ પ્રકારો દર્શાવેલા છે.

આ પ્રમાણે સુગતિ પ્રાપ્ત કરવાને તેના માર્ગો જાણવા અને તે આચરવા એમાં જે કિલષ્ટતા રહેલી છે તેને પાર કરવા માટે મનુષ્યને જીવનમાં અનેક સાધનોની જરૂર પડે છે. મનુષ્ય જીવનમાં અનેક પ્રકારના કર્મો કરે છે તેમાંનાં કેટલાંક શુભપરિણામદાયી છે અને કેટલાંક અશુભ પરિણામદાયી છે. અનેક મોટા મોટા આત્માઓને પણ અશુભ કર્મે કરીને અશુભ ગતિમાં જઇ કર્મોની નિર્જરા કરવી પડી છે. શ્રી નયસુંદર કહે છેઃ–

કર્મવિપાક ન કોઈ સખાઇ, નાખે કર્મ મહા ભવખાંઇ.
કર્મે ઋષભ વરષ ઉપવાસી, વીરસાંઇ દો ગરભ નિવાસી,
મલ્લી મહિલાવેદ વિકાસી, કર્મે રામ પાંડવ વનવાસી.
નલનૃપ કુબજ સૂઆર અભ્યાસી, હરિચંદ વેચાવીઓ માંહિ કાશી,
કર્મે રાવણ ગઇ સાબાસી, કૌરવ સંતતિ કરમે વિણાસી.

આ કર્મો કયાં અને શ્રી કૃષ્ણ ગીતામાં नियतं कर्ममाचर એ શબ્દોવડે જે કર્મો આચરવાનું કહે છે તે કર્મ કયાં? એક પ્રકારનાં કર્મો બંધનાં કારણીભૂત બને છે અને બીજા પ્રકારનાં કર્મો નિર્જરાનાં–પાપના નિવારણનાં

કારણીભૂત બને છે. આ બેઉ પ્રકારનાં કર્મો-હેય કર્મોનો અને ઉપાદેય કર્મોનો બોધ જ્યાંસુધી મનુષ્યને થતો નથી ત્યાંસુધી મનુષ્ય એક પ્રકારનાં કર્મો ટાળવાને બીજા પ્રકારનાં કર્મો આચરી શકતો નથી, તેમજ આવતાં કર્મોને અટકાવી શકતો નથી. જ્ઞાન અને દર્શનની આવશ્યકતા તેની પાછળનાં ચારિત્ર તથા તપના આચરણને અર્થે જ છે અને જ્યાં સુધી સદસદ્વસ્તુની માહિતી સદસદ્વિવેકબુદ્ધિવડે પ્રાપ્ત થતી નથી, ત્યાંસુધી તેમાનું કશું મનુષ્ય પોતાના આત્માના હિતર્થે ગ્રહણ કરી શકતો નથી.

આધુનિક કાળમાં જ્ઞાનપ્રાપ્તિના મુખ્ય સાધનરૂપ સદ્ગુરૂ છે. જગતમા ગુરૂઓમાં સદ્ગુરૂઓ થોડા છે અને એવા સદ્ગુરૂની ઉપલબ્ધિ કરી શકનારા પણ થોડા છે; અને સદ્ગુરૂ ઉપલબ્ધ થાય, તોપણ સદ્ગુરૂના બોધને ગ્રહણ કરનારા શ્રોતાઓ-શ્રાવકો કેવા છે? વિદ્વાનોએ શ્રાવકોના સાત પ્રકાર પાડયા છે.

એક પ્રકારના શ્રાવકો સીપ સરખા છે. સીપ જેમ મ્હોં ખોલીને દરિયામાં તરે છે અને મેઘનાં બિંદુઓ વરસે છે તે ઝીલી લે છે એટલે તેમા મોતી પાકે છે, તેમ પહેલા પ્રકારના શ્રાવકો સદ્ગુરૂના મુખમાંથી પડતા વચનામૃતને ઝીલી લઇને તેને પોતાના હૃદયમાં મૂલ્યવાન મોતીની પેઠે જાળવી રાખે છે.

બીજા પ્રકારના શ્રાવકો શ્રીફળ જેવા છે. જેમ નાળીયેરી બારે માસ ફૂળે છે, તેમ શ્રાવક એક વાર ગુરૂવચન સાંભળે છે એટલે પછી બારે માસ તે વચનાનુસાર વર્ત્યા કરે છે અને પુણ્યોપાર્જન કરે છે

ત્રીજા પ્રકારના શ્રાવકો નદી જેવા છે. નદીમાં વર્ષાઋતુમાં જળ બહુ વહે છે પણ વરસાદ ન વરસે તો જળ ઓછું થાય છે, છતાં નદીની ભૂમિમાં પુષ્કળ જળ છુપાયલું રહે છે, તેમ સદ્ગુરૂના વચનામૃતનો લાભ મળે તો શ્રાવકનો વૈરાગ્ય પરમ સ્વરૂપમાં દીપી નીકળે છે પરન્તુ વરસાદ ન હોય તો બહાર સાધારણ દેખાય છે પરન્તુ અંતરમાં તો વૈરાગ્ય વસેલો જ હોય છે.

ચોથા પ્રકારના શ્રાવકો સરોવર જેવા છે. સરોવરમાં જ્યાંસુધી પાણી ભર્યું હોય છે, ત્યાંસુધી જમીન લીલી રહે છે પરન્તુ વરસાદ વિના પાણી સુકાઈ જાય, ત્યારે જમીન પણ સુકાઇને તરડાઇ જાય છે; તેમ શ્રાવકની હૃદયભૂમિ સદ્ગુરૂના વચનામૃતના સિંચનથી ભીની રહે છે, પરન્તુ સદ્ગુરૂને અભાવે જ્યારે તે ભૂમિ ઉપરનું જળ સુકાઇ જાય છે ત્યારે વૈરાગ્યવાસના પણ ચાલી જાય છે અને હૃદયભૂમિ સુકાઇને તેમાં તીરાડો પડી જાય છે. વરસમાં બે ચાર વાર સદ્ગુરૂ વચન સાંભળે ત્યાંસુધી સરોવરના જેવો જળભર્યો અને

ગંભીર શ્રાવક તે જણાય, પરન્તુ સદ્‌ગુરૂનો વિરહ થતાં મન પાછું કલુષિત થઈ જાય.

પાંચમા પ્રકારનો શ્રાવક ગુજરાતની ભૂમિ જેવો છે. ગુજરાતની ભૂમિપર મેઘ પડયા પછી કેટલાક વખતસુધી તેનો ત્રેહ-ભેજ રહ્યા કરે છે અને તેથી તે ભૂમિપરના પાકને પોષણ મળ્યા કરે છે. એ જ રીતે એ પ્રકારના શ્રાવકને સદ્‌ગુરૂના બોધરૂપી જળનો ત્રેહ થોડો વખત રહે છે.

છઠ્ઠા પ્રકારનો શ્રાવક મારવાડની ભૂમિ જેવો છે કે જેમાં પાકને માટે રોજ રોજ વરસાદ જોઇએ છે. જો બેચાર દિવસસુધી વરસાદ ન આવે તો પાક સુકાવા લાગે છે કારણકે ત્યાંની ભૂમિમાં ભેજ રહી શકતો નથી; એ રીતે મારવાડની ભૂમિ જેવા શ્રાવકને જ્યાંસુધી સદ્‌ગુરૂનો સમાગમ હોય છે ત્યાંસુધી તેનું મન કોમળ રહે છે, પરન્તુ સદ્‌ગુરૂ જાય કે તુરત તેનું મન પૂર્વવત્ કઠોર બની જાય છે. પણ--

સાતમો પર્વત કેરી ટૂંક,
ઘન વૂઠે નવ ઊગે રૂખ!

આવા પત્થરપર પાણી ઢોળવા છતાં કશી અસર ન થાય એવા સાતમા પ્રકારના શ્રાવકોએ હોય છે અને તેમને તો જેમ સદ્‌ગુરૂ ઉપયોગી નથી તેમ સદ્‌ગુરૂનાં વચનામૃતો પણ ઉપયોગી નથી. આ સાત પ્રકારમાંના છેલ્લા ચાર પ્રકારના શ્રાવકોથી આજનો જનસમુદાય બહુ અંશે ભરેલો છે. પહેલા ત્રણ પ્રકારના શ્રાવકો તો કોઇ જ જોવામાં આવે છે. જ્ઞાનપ્રાપ્તિનું સાધન સદ્‌ગુરૂ છે એમ ઉપર કહ્યું છે પરન્તુ સદ્‌ગુરૂના વચનરૂપી મેઘનો પ્રહાર હમેશાં ચાલુ રહે એવો યોગ ભાગ્યે જ બને છે અને તેથી કોઈ વાર લીલી બનેલી ભૂમિને લાંબો વખત તો સુકાવવાં જ વેઠવાં પડે છે. આ કારણથી ભૂમિ સુકાઇ જાય, તરડાઇ જાય કે બહુ તો બે ચાર માસ ત્રેહ રહે, પરન્તુ એવા પ્રકારે મનુષ્યને સત્યજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. સત્યજ્ઞાનની પ્રાપ્તિ વિના સત્ય દર્શનનો તેમજ સત્ય ચારિત્રનો લાભ પણ સંભવિત નથી. સદ્‌ગુરૂની ઉપસ્થિતિને અભાવે સદ્‌ગુરૂનાં વચનામૃતોનો સતત સમાગમ બને તો તે પણ શ્રહણ કરવાલાયક છે, અને તે કારણે આવા તત્ત્વસારરૂપ ગ્રંથો મુમુક્ષુ જીવોના શતદિવસના સોબતી જેવા થઈ પડે અને સદ્‌ગુરૂને અભાવે તેમાંના વચનામૃતનું પાન શુષ્ક હૃદયભૂમિને હમેશાં ત્રેહવાળી-વૈરાગ્યવાસિત જ રાખીને જીવોને સ્વકલ્યાણને માર્ગે દોરે એ સ્વાભાવિક છે.

જ્ઞાન એકલું શ્રેયને સાધી શકતું નથી. ક્રિયા વિનાનું જ્ઞાન પાંગળું છે, એટલે જ્ઞાનની સાથે ક્રિયાની-કર્મની પણ જરૂર છે. આ 'કર્મ' તે કયાં ? શ્રી કૃષ્ણે નિયતં કુરુ કર્મ ત્વં એમ કહ્યું છે તે કર્મ, અને જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ માં જે ક્રિયા કહી છે તે ક્રિયા એ છે કે જેવડે અશુભ કર્મોનો વિલય થાય. જૈન ધર્મ અનેકાંતવાદી છે. તે એક પ્રકારના કર્મોને તોડવાને બીજા પ્રકારનાં કર્મો આદરવાનું પણ કહે છે. આ આદરણીય કર્મો ક્યાં અને ત્યાજ્ય કર્મો કયાં તેનો બોધ પ્રાપ્ત કરવાને સદ્ગુરૂ અથવા સદ્ગુરૂના વચનામૃતના સંગ્રહરૂપ આવા ગ્રંથો અતિ ઉપયુક્ત છે. આ ગ્રંથમાં જ્ઞાનનું, દર્શનનું અને ચારિત્રનું-કર્મોને કાપવાને કર્મો કરવાનું કથન વિસ્તારથી જૂદેજૂદે સ્થળે કરવામાં આવેલું છે. ક્રિયા વિનાનું જ્ઞાન પાંગળું છે, તેમજ જ્ઞાન વિનાની ક્રિયા આંધળી છે; છતાં અજ્ઞાનવશાત થએલી શુભ ક્રિયા પણ સ્વરૂપાએ આત્માને હિતકર થાય છે. અજ્ઞાનવશાત: પણ જેટલો સમય શુભ ક્રિયા કરવામાં આવે, તેટલો સમય આત્માની આશ્રવક્રિયા—પાપાગમનની ક્રિયા અટકે છે, તે પણ આત્માને એક મોટો લાભ છે. શુભ વિચાર અને શુભ આચારનો યોગ અત્યુત્તમ છે, પરન્તુ શુભ વિચારની અનુપસ્થિતિમાં શુભ આચાર પણ હિતાવહ તો છે જ. જેઓ શુભ વિચાર ન હોય તો માત્ર શુભ આચારથી શું વળવાનું છે એમ કહી વિચારની સાથે આચાર પણ અશુભ આદરે છે તેઓ આત્માનું એકાન્ત અકલ્યાણ કરે છે. આ ગ્રંથના એક વિભાગમાં ગ્રંથકારે જ્ઞાનવાદી અને ક્રિયાવાદીનું સ્વરૂપ જણાવતાં એકાન્તવાદનો જે શાસ્ત્રસિદ્ધ નિષેધ દર્શાવ્યો છે અને અન્ય વિભાગમાં દયા, દાન, પુણ્યાદિ સત્કર્મોના ઉત્થાપકોના એકાન્તવાદનો નિષેધ દર્શાવ્યો છે તે જૈન ધર્મના અનેકાન્તવાદને સારી રીતે પ્રકાશિત કરે છે.

અનેકાન્ત આગમ કહ્યાં, એકંત વદે અણગાર,
દૂરે અંગે વારીયો, એ નહિં તુજ વ્યવહાર. ૧
અનેકાંત આગમ કહ્યાં, નયનિક્ષેપ પ્રમાણ,
એકાન્તવાદીને કહ્યો, મિથ્યાવાદ અજાણ. ૨
દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ, ઉત્સર્ગ ને અપવાદ,
તે જાણ્યાવિણ જે વદે, એકાન્ત મિથ્યાવાદ. ૩

આ ગ્રંથમાં પ્રત્યેક પ્રશ્નોત્તરમાં જૈન ધર્મનો અનેકાન્તવાદ દીપી રહ્યો છે અને એ અનેકાન્તવાદની નિષ્પત્તિ માટે શંકાની ઉપસ્થિતિ અને તેનું યોગ્ય રીતે સમાધાન કરવા સારૂ પ્રશ્ન ઉત્પન્ન કરીને તેનો ઉત્તર આપવાની શૈલી ગ્રંથકારે યોજી છે. આ શૈલી જુદા જુદા પ્રકારના અને

જુદા જુદા ગુણના શ્રાવકોને માટે તેમના અધિકારને અનુસરીને બોધક થઈ છે. ઉપર કહ્યું તેમ સદ્‌ગુરૂની અનુપસ્થિતિના કાળમાં સદ્‌ગુરૂમાં વચનામૃતના જળવડે પણ હૃદયભૂમિને ભીંજાવી રાખવાની જરૂર છે અને જો તેમ ન કરવામાં આવે તો એ ભૂમિમાં ત્રેહ વધુ વખત ન ટકતાં કાળક્રમે તે શુષ્ક–રણવત્ બની જાય. મુનિમહારાજશ્રી મોહનલાલજી મહારાજે પોતાનું જીવન સંતસમાગમમાં, જ્ઞાનગોષ્ઠિમાં, જ્ઞાનોપાર્જનમાં અને મુમુક્ષુઓને કલ્યાણકારક સદુપદેશ આપવામાં જ ગાળ્યું છે એટલે તેમનો જનતાનો-સમાજનો અનુભવ વિશિષ્ટપ્રકારનો હોય તે સમજી શકાય તેવું છે. અનેક પ્રકારના, અનેક સ્વભાવના અને અનેક ચિત્ર વિચિત્ર સિદ્ધાન્તના સાધુઓ, બાવાઓ અને યતિઓ, અનેક પ્રકારના શ્રાવકો અને શ્રાવિકાઓ તેમના પરિચયમાં આવ્યાં છે અને તેમણે અનેક પ્રકારના પ્રશ્નો તથા પોતાના હૃદયમાં ઉત્પન્ન થતી શંકાઓ તેમની સમીપે નિવેદન કરી તેના ઉત્તરો તથા સમાધાનો પ્રાપ્ત કર્યાં છે. આ રીતે જૈન તેમજ જૈનેતર સમાજના હૃદયમાં ખૂંચતી અનેક ગાંઠો છૂટે અને સંશયોનું છેદન થાય એવા પ્રકારના વિષયોને ગ્રહણ કરી પોતાનો અનુભવ તથા જ્ઞાન તેમણે આ ગ્રંથમાં ઉતાર્યાં છે, એટલે આ ગ્રંથનું વાચન જિજ્ઞાસુઓને મેઘધારાવત્ હૃદયભૂમિને ભીંજાવનાર બને તેમ છે અને એ હૃદયભૂમિને સુકાઈ જતી અટકાવે તેમ પણ છે. જગતમાં અખૂટ જ્ઞાન ભર્યું છે, તેમ મેઘ તો અનેક વેળાએ વર્ષે છે, પણ જો સીપ પોતાનું મ્હોં ન ખોલે તો મેઘનાં જળકણ તેના મુખમાં પ્રવેશતાં નથી અને મોતી પાકતાં પણ નથી, તેમ આવાં વચનામૃતનાં વાચન, મનન તથા નિદિધ્યાસન વડે જ હૃદયભૂમિ ભીંજાય છે; માટે સારા ગ્રંથો લઈને તેના વાચનાદિનો ઉદ્યમ સેવવો જોઈએ. એવો ઉદ્યમ યથાવિધિ સેવવામાં આવે તો જ પછી અર્જુને જેમ શ્રીકૃષ્ણને કહ્યું હતું તેમ જિજ્ઞાસુઓ પરમ સંતોષ સાથે કહે કે भिद्यते हृदयग्रंथी छिद्यन्ते सर्वे संशयाः ॥ અને ત્યારે જ સાધુ પુરૂષોએ લોકોના કલ્યાણ માટે ગ્રંથલેખનમાં લીધેલા પરિશ્રમની યોગ્ય કદર કરવામાં આવી લેખાય.

સારંગપુર,
અમદાવાદ.

ચુનીલાલ વર્ધમાન શાહ.



ઓમદ્ પૂજ્યશ્રી ગોપાલજી સ્વામી ગ્રંથમાળા-મણકો ૧ લો.



રમ પૂજ્યશ્રી ગોપાલજી સ્વામી તત શિષ્ય

મુનિશ્રી મોહનલાલજી કૃત

ી પ્રશ્નોત્તર મોહનમાળા

ભાગ ૧ લો.



सुच्चा जाणइ कल्लाणं सुच्चा जाणइ पावगं ।
उभयंपि जाणइ सुच्चा जं सेयं तं समायरे ॥ दशवैकालिक अ. [illegible]

ભાવાર્થ—આત્મકલ્યાણ ઇચ્છનાર પુરૂષ સિદ્ધાંત સાંભળીને સંય[illegible] પ્રત્યે જાણે છે. તેમજ સિદ્ધાંત શ્રવણ કરીને અસંયમ પ્રત્યે જાણે છે[illegible] સિદ્ધાંત સાંભળીને સંયમ અને અસંયમ પાપ એ બે પ્રત્યે પણ જાણે છે[illegible] એવી રીતે સિદ્ધાંતશ્રવણથી પુણ્ય, પાપ અને તદુભય જાણીને પછી [illegible] શ્રેય: હિતકારી હોય તે આચરે.

जे एगं जाणइ से सव्वं जाणइ ।
जे सव्वं जाणइ से एगं जाणइ ॥ " आचाराङ्ग. [illegible]

ભાવાર્થ—જે એક આત્માને જાણે છે તે સર્વ-ભાવને જાણે છે, અ[illegible] જે સર્વ જાણે છે તે એક આત્માને જાણે છે.

जिनवाणी स्तोत्र.

[illegible] [illegible], विशुद्धा मयुद्धानना लोकमाता;
[illegible] [illegible], नमो देवि वागेश्वरी जैन वाणी. १
[illegible] [illegible], सुधानापनिर्नाशिनी मेघमाला;
[illegible] मोक्षदानी, नमो देवि वागेश्वरी जैन वाणी. २
[illegible], कथा संस्कृता प्राकृता देशभाषा;
[illegible] [illegible], नमो देवि वागेश्वरी जैन वाणी. ३
[illegible] [illegible], अनेकान्तता स्याद्वादाङ्कमुद्रा;
[illegible] [illegible], नमो देवि वागेश्वरी जैन वाणी. ४
[illegible] [illegible], श्रुतज्ञानरूपी मतिज्ञानशोभा;
[illegible] [illegible], नमो देवि वागेश्वरी जैन वाणी. ५
[illegible] [illegible], त्रिवादिदर्पहनी [illegible];
[illegible] [illegible], नमो देवि वागेश्वरी जैन वाणी. ६
[illegible] [illegible], अनादीश्वरी कर्मनाशा;
[illegible] [illegible], नमो देवि वागेश्वरी जैन वाणी. ७
[illegible] [illegible], [illegible] [illegible];
[illegible] [illegible], नमो देवि वागेश्वरी जैन वाणी. ८

इति [illegible] ॥

શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા.

ભાગ ૧લો.

પંચ પરમેષ્ટી પદ નમું,   ગૈતમ નમું ગુણધાર;
સમરૂં જીન વાણી સદા,   વાધે બુદ્ધિ વિસ્તાર.   ૧
પ્રશ્નોત્તરનો પ્રીતથી.   નિર્મળ ગ્રંથ નિહાળ;
શોધી સંગ્રહ શુદ્ધ કરી,   મનહર મોહનમાળ.   ૨

પ્રશ્ન ૧.—જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એટલે શું?

ઉત્તર—यथावस्थित तत्त्वानां, संक्षेपाद्विस्तरेणवा; योऽवबोधस्तम-ाहुः सम्यग् ज्ञानमनीषिणः

અર્થ:—ખરેખરાં તત્વોનો સંક્ષેપ અથવાં વિસ્તારથી જે બોધ, તેને પંડિતો "સમ્યગ્જ્ઞાન" કહે છે.—

યથાવસ્થિત એટલે નય અને પ્રમાણ સહિત સ્વરૂપવાળા, જે જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ તથા મોક્ષ, નામનાં તત્વોનું જે જ્ઞાન તે "સમ્યગ્જ્ઞાન". કહેવાય. અને તે જ્ઞાન કોઇને ક્ષયોપશમ પ્રમાણે સંક્ષેપથી અને કોઇને વિસ્તારથી હોય છે.

બીજી રીતે-જ્ઞાન એટલે આત્માને યથાતથ્ય જાણવો તે-તથા ज्ञान तत्त्वार्थ संबोधो એટલે સમ્યક્ પ્રકારે તત્વના અર્થનો બોધ થવો તે જ્ઞાન.

સમકિત દ્રષ્ટીનું જ્ઞાન તે સમ્યગ્ જ્ઞાન કહેવાય. હવે સમદ્રષ્ટી એટલે, સમ નામ સરખી દ્રષ્ટી એટલે ઇષ્ટ અને અનિષ્ટ ઉપર સરખી દ્રષ્ટી એટલે ઇષ્ટ ઉપર રાગ નહિ અને અનિષ્ટ ઉપર દ્વેષ નહીં. સુબુદ્ધિ પ્રધાનના ન્યાયે. સાખ જ્ઞાતાજીની- તથા શત્રુ મિત્ર ઉપર સરખી દ્રષ્ટીવાળાને સમ્યક્ દ્રષ્ટી કહેવાય.-તથા સમ્યક્ પ્રકારે ઉપરની કહેલી દ્રષ્ટીએ બાહ્યાભ્યંતર દ્રષ્ટિએ દેખવાવાળાને સમ્યગ્ દર્શન કહેવાય.-તથા રાગ દ્વેષ રહિત કાર્યમાં પ્રવર્તન કરનારે સમભાવી આત્માને સમકિત યા સમકતી કહેવાય.

દર્શન કહો કે શ્રદ્ધા કહો કે સમકિત કહો. એ ત્રણ એકજ છે તેના બે ભેદ છે નિશ્ચય ને વ્યવહાર.

જીનોક્ત જીવાદિક નવ પદાર્થ તેને સ્વભાવે એટલે આત્મ ભાવે તથા જાતિસ્મરણાદિકે, અથવા જિનોક્ત ઉપદેશ વડે શુદ્ધ આત્મ ભાવે સર્દહે તેને સમકિત કહ્યું છે. સાખ ઉત્તરાધ્યયનના અઠ્ઠાવીશમા અધ્યયનની.

નિશ્ચયથી જાણે સર્દહે તેનું નિશ્ચય સમકિત અને વ્યવહારથી જાણે સર્દહે તેનું વ્યવહાર સમકિત.

અથવા શુદ્ધ દેવ ગુરૂ ને ધર્મની ઓળખાણ તે વ્યવહાર સમકિત. અને અનંતાનુબંધીની ચોકડી ને દર્શન મોહનીયની ત્રણ મળી સાત પ્રકૃતિનો ક્ષય ઉપશમ કે ક્ષયોપશમ કરે તે નિશ્ચય સમકિત.

તથા આત્માની યથાતથ્ય પ્રતીતિ તેને પણ દર્શન કહેવામાં આવે છે.

હિંસા રહિઓ ધમ્મો, અઠારસ્સ દોસ વિરહિઓ દેવો,
નિગ્ગંથે પવયણે, સદ્દહણે હોઇ સમ્મત્તં. ૧

જે જ્ઞાને કરીને જાણિયું, તેની વર્તે છે શુદ્ધ પ્રતીત ;
કહ્યું ભગવંતે દર્શન તેહને, જેનું બીજું નામ સમકિત. ૧

હવે ચારિત્ર તે આવતાં કર્મને રોકે તે. નવાં કર્મને ન ગ્રહે તે ચારિત્ર. અથવા કર્મને ચરે તે ચારિત્ર. ચારિત્ર કહો કે સંજમ કહો તે એકજ છે.

તપ તે કર્મને નિર્જરે. કર્મ મળને દૂર કરે. આત્માને શુદ્ધ કરે તે તપ.

જ્ઞાન થકી જાણે સકળ, દરશન શ્રદ્ધા રૂપ ;
ચારિત્રથી આવત રૂકે, તપશા ક્ષપન સ્વરૂપ. ૧

સાખ ઉત્તરાધ્યયનના ૨૮મા અધ્યયનની.

પ્રશ્ન ૨-કેટલાક કહે છે કે સમકિત એટલે જ્ઞાનને સમકિત સહચારી છે. એટલે જ્યાં જ્ઞાન ને સમકિત હોય ત્યાં ચારિત્ર હોયજ છે એમ કહે છે તેનું કેમ?

ઉત્તર.-ઉત્તરાધ્યયનના ૨૮મા અધ્યયનની ૨૯મી ગાથામાં કહ્યું છે કે नत्थि चरित्तं सम्मत्तविहूणं, दंसणे उभइयव्वं; સમકિત વિના ચારિત્ર નહિ અને જ્યાં સમકિત હોય ત્યાં ચારિત્રની ભજના (અર્થાત્ ચારિત્ર હોય અથવા ન હોય.)

પ્રશ્ન ૩.—સમકિત અને ચારિત્ર કોને કહો છો ?

ઉત્તર.—સાત પ્રકૃતિનો ક્ષયોપશમ-ઉપશમ અને ક્ષય કરે તેને સમકિત કહેવામાં આવે છે. સોળ કષાય અને નવ નોકષાયનો ક્ષયોપશમ—ઉપશમ અને ક્ષય કરે તેને ચારિત્ર કહે છે.

પ્રશ્ન ૪.—સાત પ્રકૃતિ કઇ અને પચીશ પ્રકૃતિ કઇ ?

ઉત્તર—અનંતાનુબંધીની ચોકડી (ક્રોધ, માન, માયા, લોભ) મિથ્યાત્વ મોહનીય—મિશ્ર મોહનીય, અને સમકિત મોહનીય. એ ૭ પ્રકૃતિ તેમાં ૩ દર્શનાવરણીયની છે. અને ચાર ચારિત્રાવરણીયની છે. તે ૪ અને અપ્રત્યાખ્યાનીની ચોકડી, પ્રત્યાખ્યાનીની ચોકડી, અને સંજ્વલની ચોકડી મળી ૧૬ કષાય અને હાસ્ય ૧, રતી ૨, અરતી ૩, ભય ૪, શોક ૫, દુગંચ્છા ૬, સ્ત્રીવેદ ૭, પુરૂષવેદ ૮, ને નપુંસકવેદ ૯, એ ૯ નોકષાય મળી ૨૫, પ્રકૃતિ ચારિત્રાવરણીયની છે. (એ ૨૮ પ્રકૃતિ મોહનીય કર્મની જાણવી.)

પ્રશ્ન ૫.—સમકિતની પ્રાપ્તિને માટે ૭ પ્રકૃતિનો ક્ષયોપશમાદિક કરવો. તેમાં પ્રથમ અનંતાનુબંધીની ચોકડી મુખ્યત્વે કહી છે તો તે ૪નું આવરણ ખસે ત્યારે તો ચારિત્રનો ગુણ પ્રગટ થયો કહેવાય. અને અહિયાં તો સમકિતની પ્રાપ્તિમાં કહો છો તેનું શું સમજવું ? અને ૭ પ્રકૃતિનું આવરણ ખસવાથી-એટલે ક્ષયોપશમાદિ થવાથી સમકિતની પ્રાપ્તિ હોય તો ચારિત્ર પણ સાથેજ તેમાં પણ પહેલુંજ ગણવું પડશે.

ઉત્તર—પ્રથમની ચોકડી જે કે કહી છે તો ચારિત્રાવરણીયની પણ સમકિતની પ્રાપ્તિ વિના (એટલે દર્શનાવરણીયની ત્રિક ખસ્યા વિના) અનંતાનુબંધીની ચોકડી ખસે તો પણ તે ચારિત્રનો ગુણ પ્રગટ કરી શકતી નથી. કારણ કે ગંઠી ભેદ તો મિથ્યાત્વ મોહનીય ખસે ત્યારે થાય છે તે પહેલાં અનંતાનુબંધીની ચોકડી ખસે તો પણ વખતે મિથ્યાત્વનો ઉદય હોવાથી તેનું પાછું પડવું થાય છે, તેથી ચારિત્રનો ગુણ અંશમાત્ર પણ થતો નથી. પરંતુ અનંતાનુબંધીની ચોકડીનો ઉપશમ પ્રથમ પહેલેજ ગુણઠાણે થવા સંભવ છે. તેના બે ભેદ છે. ૧ એકેક જીવ અનંતાનુબંધીનો ઉપશમ કરી અંતો કોડાકોડીની હદ સુધી આવીને પાછું ફરવું કરે છે. તેનું કારણ દર્શનાવરણીય ત્રિકનો ઉદય હોવાથી એટલે મિથ્યાત્વ મોહનીયના ઉદયથી ઉપશમાવેલી અંતાનુબંધીની ચોકડીનો ઉદય થાય છે તેથી તે પ્રથમ ગુણસ્થાન છોડી શકતો નથી. પરંતુ ઉપશમાવેલી પ્રકૃતિથી એ ગુણ થયો કે અંતો કોડાકોડીની હદમાં આવ્યો.

૫ પાંચમો અનંતાનુબંધીના ચોક ૪ નો ક્ષય અને મિથ્યાત્વ મો. ૧ મિશ્ર મો. ૨ એ ૨ નો ઉપશમ અને સમકિત મોહનીયનો ઉદય. એ પાંચમો ભાંગો.

(૬) છઠ્ઠો અનંતાનુબંધીનો ચોક ૪ મિથ્યાત્વ મોહનીય ૫, એ ૫ પ્રકૃતિનો ક્ષય, મિશ્ર મોહનીયનો ઉપશમ, સમકિત મોહનીયનો ઉદય, એ છઠ્ઠો ભાંગો.

(૭) સાતમો ભાંગો.—અનંતાનુબંધીનો ચોક ૪ મિથ્યાત્વ મોહનીય ૫ મિશ્ર મોહનીય ૬ એ ૬ પ્રકૃતિનો ઉપશમ, સમકિત મોહનીયનો ઉદય એ સાતમો ભાંગો. એ ભાંગાથી પડવાઇ હોય છે. એ ક્ષયોપશમ સમકિત કહીએ. એ ક્ષયોપશમ સમકિતના ૭ ભાંગા કહ્યા.

સાસ્વાદાન સમકિત, ને અનંતાનુબંધીનો ચોક ૪ નો ઉદય, મિથ્યાત્વ મોહનીય ૧, મિશ્ર મોહનીય ૨, એ ૨ નો ઉપશમ, અને સમકિત મોહનીયનો વિશેષ ઉદય. તે સાસ્વાદાન સમકિત કહીએ. એ પણ ક્ષયોપશમ સમકિતનો અંશ જાણવો. તેનો ૮ મો વિકલ્પ ગણ્યો છે.

એ મોહનીય કર્મની ૭ પ્રકૃતિ પાંચ સમકિતને આવરણ કરનારનું સ્વરૂપ કહ્યું.

પ્રશ્ન ૯.—ચારિત્રાવરણીય મોહનીય કર્મની ૨૧ પ્રકૃતિનું સ્વરૂપ શું છે?

ઉત્તર—ચારિત્રને આવરણ કરનાર મોહનીય કર્મની ૨૧ પ્રકૃતિ છે તે ચારિત્રનું લંછન છે. તે મોહથી યથાખ્યાત ચારિત્ર આવરાય છે. તે ૨૧ પ્રકૃતિ માંહેથી એક પણ પ્રકૃતિ ઉદયમાં હોય તો યથાખ્યાત ચારિત્ર ન હોય. તે યથાખ્યાત ચારિત્રના બે ભેદ: ઉપશમ ૧, ક્ષાયક ૨, જે ઉપશમ યથાખ્યાત ચારિત્ર છે તે ૨૧ પ્રકૃતિ પૂર્વે કહી તે સર્વે ઉપશમ કીધી છે. પણ ૨૧ માંહેથી પ્રકૃતિ સત્તામાં છે, તે ઉદયમાન થકી તે ઉપશમ ચારિત્ર ૧૧ મે ગુણઠાણે છે. અને પૂર્વોક્ત ૨૧ પ્રકૃતિ મૂળથીજ ક્ષય કીધી છે. સત્તામાં નથી તે ક્ષાયક ચારિત્ર કહિયે તે ૧૨ મે ગુણઠાણે છે. તો ઉપશમ ચારિત્ર ૧ અને ક્ષાયક ચારિત્ર ૨, એ ૨ યથાખ્યાત ચારિત્રના ભેદ છે. મોહનીય કર્મનો ઉદય નથી તે પણ યથાખ્યાત ચારિત્ર કહિયે.

પ્રશ્ન ૧૦.—હવે ક્ષયોપશમ ચારિત્રનું સ્વરૂપ કેવું હોય? ક્ષય શું કહ્યું? અને ઉપશમ શું કહ્યું?

ઉત્તર—તેનું સ્વરૂપ એ છે કે, ચારિત્રાવરણીય મોહનીય કર્મની ૨૧ પ્રકૃતિ છે તેના વિકલ્પ ઘણા છે. ૨૧ પ્રકૃતિ માંહેલી કોઇ ક્ષય કીધી હોય, કોઇ ઉપશમ કીધી હેય, કોઇનો ઉદય હોય (ક્ષયોપશમ સમકિતની પરે) તે ક્ષયોપશમ ચારિત્ર જાણવું. તે ડોહળા પાણી સમાન ચારિત્ર છે. તે માંહેલી જેટલી મોહનીય કર્મની પ્રકૃતિનો ઉદય છે તેટલો મેલ જાણવો. હવે ૪ ચારિત્રમાં ક્ષયોપશમ ભાવ છે તે સરાગી છે તેટલોજ મેલ છે તે ક્ષયોપશમ ભાવ ચારિત્ર કહીએ. તે ક્ષપક શ્રેણીએ ચડતાં ૮ મે ૯ મે ૧૦ મે ગુણઠાણે ક્ષયોપશમ ભાવ ચારિત્ર છે. હવે ૬ ઠ્ઠે ૭ મે-ગુણઠાણે થી ક્ષયોપશમ ચારિત્ર હોય તેને અપ્રત્યાખ્યાની ચોકડીનો ક્ષય, શેષ ૧૭ પ્રકૃતિનો ઉપશમ, અને સંજ્વલની ચોકડીનો ઉદય. એવી રીતે ક્ષયોપશમ ચારિત્રના ભાંગા ઘણા છે. તે ક્ષયોપશમ ચારિત્રનું સ્વરૂપ જાણી ભાંગા કરવા.

પ્રશ્ન ૧૧.—અનંતાનુબંધીની ચોકડીનું સ્વરૂપ શું ?

ઉત્તર—અનંત અનુબંધ એટલે અનંત કાળ થયાં થતો આવતો એક પછી એક મોહનીય કર્મના બંધને સાંકળના કડાની પેઠે જોડાયેલો ચાલ્યો આવતો બંધ તે અનંત અનુબંધ કહીએ. એટલે તીવ્ર કષાયની ચોકડી (ક્રોધ, માન, માયા, લોભ,) તે અનંતાનુબંધીની ચોકડી કહીએ. આ ચોકડી સમકિતને પ્રાપ્ત થવા દે નહીં.

આ ચોકડી ખસ્યા પહેલાં મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમકિત મોહનીયનું બળ ઓછું પડતું નથી. તેનો ઉપશમ ક્ષય કે ક્ષયોપશમ થઇ શકતો નથી. અર્થાત્ સમકિતની પ્રાપ્તિને માટે અનંતાનુબંધીની ચોકડી મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, અને સમકિત મોહનીયનું સ્વરૂપ જાણીને તેને દૂર કરવાથી બીજા ચારિત્રાદિક અનેક આત્મિક ગુણો પ્રગટે છે.

પ્રશ્ન ૧૨.—મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, અને સમકિત મોહનીયનું સ્વરૂપ શું ?

ઉત્તર—મોહનીય કર્મના બે ભેદ છે, દર્શન મોહનીય ૧ ચારિત્ર મોહનીય ૨. તેમાં દર્શન મોહનીય આત્માનું સ્વરૂપ દેખવામાં વ્યામોહ ઉપજાવે, અને ચારિત્ર મોહનીય ચારિત્રમાં વ્યામોહ ઉપજાવે, તે દર્શન મોહનીયનાં દળ ચાઢાં થાય તો મિથ્યાત્વ દ્રષ્ટિને ઉત્પન્ન થવા ન દે જેમ એકેન્દ્રયાદિક જીવને મિથ્યાત્વ મોહનીયનાં દળ ગાઢાં છે તેને મિથ્યાત્વ દ્રષ્ટિ અત્યંત મલિન છે. પછી મિથ્યાત્વ મોહનીયની વર્ગણા ઉદય આવે તે દૂર થાય અને કંઇક મિથ્યાત્વની વર્ગણા સત્તામાં છે કંઇક મિથ્યાત્વની વર્ગણા

૫ પાંચમો અનંતાનુબંધીના ચોક ૪ નો ક્ષય અને મિથ્યાત્વ મો. ૧ મિશ્ર મો. ૨ એ ૨ નો ઉપશમ અને સમકિત મોહનીયનો ઉદય. એ પાંચમો ભાંગો.

(૬) છઠ્ઠો અનંતાનુબંધીનો ચોક ૪ મિથ્યાત્વ મોહનીય ૫, એ ૫ પ્રકૃતિનો ક્ષય, મિશ્ર મોહનીયનો ઉપશમ, સમકિત મોહનીયનો ઉદય, એ છઠ્ઠો ભાંગો.

(૭) સાતમો ભાંગો.—અનંતાનુબંધીનો ચોક ૪ મિથ્યાત્વ મોહનીય ૫ મિશ્ર મોહનીય ૬ એ ૬ પ્રકૃતિનો ઉપશમ, સમકિત મોહનીયનો ઉદય એ સાતમો ભાંગો. એ ભાંગાથી પડવાઇ હોય છે. એ ક્ષયોપશમ સમકિત કહીએ. એ ક્ષયોપશમ સમકિતના ૭ ભાંગા કહ્યા.

સાસ્વાદાન સમકિત, ને અનંતાનુબંધીનો ચોક ૪ નો ઉદય, મિથ્યાત્વ મોહનીય ૧, મિશ્ર મોહનીય ૨, એ ૨ નો ઉપશમ, અને સમકિત મોહનીયનો વિશેષ ઉદય. તે સાસ્વાદાન સમકિત કહીએ. એ પણ ક્ષયોપશમ સમકિતનો અંશ જાણવો. તેનો ૮ મો વિકલ્પ ગણ્યો છે.

એ મોહનીય કર્મની ૭ પ્રકૃતિ પાંચ સમકિતને આવરણ કરનારનું સ્વરૂપ કહ્યું.

પ્રશ્ન ૯.—ચારિત્રાવરણીય મોહનીય કર્મની ૨૧ પ્રકૃતિનું સ્વરૂપ શી રીતે?

ઉત્તર—ચારિત્રને આવરણ કરનાર મોહનીય કર્મની ૨૧ પ્રકૃતિ છે તે ચારિત્રનું ઢાંકણ છે. તે મોહથી યથાખ્યાત ચારિત્ર અવરાય છે. તે ૨૧ પ્રકૃતિ માંહેલી એક પણ પ્રકૃતિ ઉદયમાં હોય તો યથાખ્યાત ચારિત્ર ન હોય. તે યથાખ્યાત ચારિત્રના બે ભેદ: ઉપશમ ૧, ક્ષાયક ૨, જે ઉપશમ યથાખ્યાત ચારિત્ર છે તે ૨૧ પ્રકૃતિ પૂર્વે કહી તે સર્વે ઉપશમ કીધી છે. પછી ૨૧ માંહેલી પ્રકૃતિ સત્તામાં છે, તે ઉદયમાન થશે તે ઉપશમ ચારિત્ર ૧૧ મે ગુણઠાણે છે. અને પૂર્વોક્ત ૧૧ પ્રકૃતિ મૂળથીજ ક્ષય કીધી છે. સત્તામાં નથી તે ક્ષાયક ચારિત્ર કહિએ. તે ૧૨ મે ગુણઠાણે છે. તો ઉપશમ ચારિત્ર ૧ અને ક્ષાયક ચારિત્ર ૨, એ ૨ યથાખ્યાત ચારિત્રના ભેદ છે. મોહનીય કર્મનો ઉદય નથી તે પણ યથાખ્યાત ચારિત્ર કહિયે.

પ્રશ્ન ૧૦.—હવે ક્ષયોપશમ ચારિત્રનું સ્વરૂપ કેવું હોય? ક્ષય શું કર્યું? અને ઉપશમ શું કર્યું?

ઉત્તર—તેનું સ્વરૂપ એ છે કે, ચારિત્રાવરણીય મોહનીય કર્મની ૨૧ પ્રકૃતિ છે તેના વિકલ્પ ઘણા છે. ૨૧ પ્રકૃતિ માંહેલી કોઇ ક્ષય કીધી હોય, કોઇ ઉપશમ કીધી હોય, કોઇનો ઉદય હોય (ક્ષયોપશમ સમકિતની પરે.) તે ક્ષયોપશમ ચારિત્ર જાણવું. તે ડોહળા પાણી સમાન ચારિત્ર છે. તે માંહેલી જેટલી મોહનીય કર્મની પ્રકૃતિનો ઉદય છે તેટલો મેલ જાણવો. હવે ૪ ચારિત્રમાં ક્ષયોપશમ ભાવ છે તે સરાગી છે તેટલોજ મેલ છે તે ક્ષયોપશમ ભાવ ચારિત્ર કહીએ. તે ક્ષપક શ્રેણીએ ચડતાં ૮ મે ૯ મે ૧૦ મે ગુણઠાણે ક્ષયોપશમ ભાવ ચારિત્ર છે. હવે ૬ ઠ્ઠે ૭ મે-ગુણઠાણે થી ક્ષયોપશમ ચારિત્ર હોય તેને અપ્રત્યાખ્યાની ચોકડીનો ક્ષય, શેષ ૧૭ પ્રકૃતિનો ઉપશમ, અને સંજ્વલની ચોકડીનો ઉદય. એણી રીતે ક્ષયોપશમ ચારિત્રના ભાંગા ઘણા છે. તે ક્ષયોપશમ ચારિત્રનું સ્વરૂપ જાણી ભાંગા કરવા.

પ્રશ્ન ૧૧.—અનંતાનુબંધીની ચોકડીનું સ્વરૂપ શું ?

ઉત્તર—અનંત અનુબંધ એટલે અનંત કાળ થયાં થતો આવતો એક પછી એક મોહનીય કર્મના બંધને સાંકળના કડાની પેઠે જોડાયેલો ચાલ્યો આવતો બંધ તે અનંત અનુબંધ કહીએ. એટલે તીવ્ર કષાયની ચોકડી (ક્રોધ, માન, માયા, લોભ,) તે અનંતાનુબંધીની ચોકડી કહીએ. આ ચોકડી સમકિતને પ્રાપ્ત થવા દે નહીં.

આ ચોકડી ખસ્યા પહેલાં મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમકિત મોહનીયનું બળ ઓછું પડતું નથી. તેનો ઉપશમ ક્ષય કે ક્ષયોપશમ થઇ શકતો નથી. અર્થાત્ સમકિતની પ્રાપ્તિને માટે અનંતાનુબંધીની ચોકડી મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, અને સમકિત મોહનીયનું સ્વરૂપ જાણીને તેને દૂર કરવાથી બીજા ચારિત્રાદિક અનેક આત્મિક ગુણો પ્રગટે છે.

પ્રશ્ન ૧૨.—મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, અને સમકિત મોહનીયનું સ્વરૂપ શું ?

ઉત્તર—મોહનીય કર્મના બે ભેદ છે, દર્શન મોહનીય ૧ ચારિત્ર મોહનીય ૨. તેમાં દર્શન મોહનીય આત્માનું સ્વરૂપ દેખવામાં વ્યામોહ ઉપજાવે, અને ચારિત્ર મોહનીય ચારિત્રમાં વ્યામોહ ઉપજાવે, તે દર્શન મોહનીયનાં દલ ગાઢાં થાય તો મિથ્યાત્વ દ્રષ્ટિને ઉજ્વલ થવા ન દે. જેમ એકેંદ્રિયાદિક જીવને મિથ્યાત્વ મોહનીયનાં દલ ગાઢાં છે તેને મિથ્યાત્વ દ્રષ્ટિ અત્યંત મલિન છે. પછી મિથ્યાત્વ મોહનીયની વર્ગણા ઉદય આવે તે ક્ષય થાય અને કંઇક મિથ્યાત્વની વર્ગણા સત્તામાં છે કંઇક મિથ્યાત્વની વર્ગણા

ઉદયમાં છે તેથી મિથ્યાત્વ દૃષ્ટિ ઉજ્વલ થાય, પણ મિથ્યાત્વ મોહનીયના ઉદયથી શુદ્ધ દેવ ગુરૂ ધર્મની ઓળખાણ થવા ન દે. કુદેવ કુગુરૂ, કુધર્મ વલ્લભ લાગે, શુદ્ધ દેવ ગુરૂ ધર્મથી ઉપરાંઠો રહે તે મિથ્યાત્વ મોહનીય જાણવી. તે મિથ્યાત્વ મોહનીય ક્ષયોપશમ સમ્યક્ત્વનું આવરણ–ઢાંકણું છે.

અને મિશ્ર મોહનીય તે કોને કહીએ? મિથ્યાત્વ મોહનીયનાં ફળ ભોગવતાં થોડાં રહ્યાં તે વારે એવા પ્રણામ થાય, શુદ્ધ દેવ ગુરૂ ધર્મ ઉપર દ્વેષ પણ નથી, તેમની આસ્તા પણ નથી, અને કુદેવ કુગુરૂ કુધર્મનો અંતરંગ અનુરાગ પણ નથી, ખોટા જુઠા જાણ્યા નથી, તે બેઉની સમજ નથી. તે મિશ્ર મોહનીય કહીએ એવા પ્રણામ અંતર્મુહૂર્ત્ત રહે. મિશ્ર મોહનીય તે ઉપશમ સમકિતનું આવરણ છે, પણ અત્યંત ગાઢું ઢાંકણું નથી.

અને સમ્યક્ત્વ મોહનીય ત્રીજી છે, તે ક્ષાયક સમકિતનું ઢાંકણું છે. પણ મિથ્યાત્વીને સમકિત મોહનીય નથી. સમકિત મોહનીયવાળાને ક્ષયોપશમ સમકિત છે, પણ સમકિત શુદ્ધ હોવા ન દે શંકાદિક દોષ સહિત સમકિત છે. જેમ વૃદ્ધ પુરૂષ લાકડી ગ્રહે પણ ગાઢી પકડી ન જાય પણ હાથમાંથી છોડે નહિ. તેને સમકિતમાં નિઃશંકપણું નહિ. નાણંતરાએ દંસણંતરાએ ચરિત્તંતરાએ ઇત્યાદિક અંતર દેખીને શંકા ઉપજે તે સમકિત માંહે મેલ છે તે કિંચિત્ મેલ રહ્યો છે. જેમ નીલ ગુળીનાં ખોમાં વસ્ત્રને પીળું કરી તેમાં કિંચિત્ ગળીની ઝાંય પડે તેમ સમકિતમાં મિથ્યાત્વની ઝાંખ પડે તેહથી સદોષ હોય તે ચલ ૧, મલ. ૨, અગાઢ ૩, તે સમકિત મોહનીય કહેવાય.

અને અજ્ઞ ઘણા કોઈ કહે છે, દેવ ગુરૂ ધર્મ ઉપર રાગ કરે તે સમકિત મોહનીય કહીએ, તે જુઠ્ઠું છે. દેવગુરૂ ધર્મપર રાગ તો ૧૦ મા ગુણઠાણા લગી છે અને સમકિત મોહનીય તો ક્ષાયક સમકિત પ્રાપ્ત ન થયું હોય ત્યાંસુધી હોય તે માટે એ વાત ન મળે.

અને કોઈ કહે છે, જે દેવ ગુરૂ ધર્મ સેવતાં ઇહલોક ફળ આદિ, સંતાન, લક્ષ્મી ઇત્યાદિ માગે, પરલોકનું ફળ સ્વર્ગ સુખાદિ માગે તે સમ્યક્ત્વ મોહનીય કહીએ તે વાત અપ્રમાણ છે. તે ૧ ચલ, ૨ મલ, ૩ અગાઢ એ ત્રણે દોષ જાણવા. જેમ જળ, તેમ ઇહલોક પરલોકની આશાએ કરવું તે પણ સમકિત મોહનીયનું સ્વરૂપ જાણવું. એ પણ કિંચિત્ મેલ મિથ્યાત્વ કહેવાય છે. પણ ઉજ્વળ ક્ષાયક સમકિત આવવા ન દે. તે માટે સમકિત મોહનીય કહીએ.

સમકિતવંત પ્રાણી, લૌકિક દેવ ગુરૂ કે ધર્મને ધર્મ બુદ્ધિએ
સ્વાર્થબુદ્ધિએ માનેજ નહિ. પણ લોકોત્તર દેવ ગુરૂ કે ધર્મની ઉપાસ
સ્વાર્થ બુદ્ધિએ કરે. જેમકે કોઇ સમકિતીને યા તેના સંબંધીને બિમા
હોય તેની શાંતિને માટે શાંતિનાથ ભગવાનની માળા ફેરવે, ક
આંબેલાદિ તપ કરે, દેવ ગુર્વાદિકની માનતા માને કે આમ કરવાથી શાંતિ
થશે, દુઃખ ટળશે, પરંતુ એવી દ્રઢતા ન રહે કે મારાં કરેલાં કર્મ ભોગવ્યા
વિના કેમ છુટે. માટે તેને સમકિત મોહનીયનો ઉદય સમજવો. ક્ષાયક
સમકિતીને એવી ભ્રમણા ન હોય, પોતાનાં કર્મ ઉદય આવ્યાં જાણે.

પ્રશ્ન ૧૩.—સમ્મત્ત વેયણીજે, મિચ્છત્ત વેયણીજે, સમા મિચ્છત્ત
વેયણીજેનો અર્થ શું?

ઉત્તર—સમકિત મોહનીયના ઉદયે જે મોહનીય કર્મ વેદવામાં આવે
તે સમ્મત્ત વેયણી ૧ અને મિથ્યાત્વ મોહનીયના ઉદયે જે મોહનીય વેદવામાં
આવે તે મિચ્છત્ત વેયણી ૨ અને મિશ્ર ગુણઠાણે જે મોહનીય વેદવામાં
આવે તે સમા મિચ્છત્ત વેયણીજે કહીએ. ૩

પન્નવણા સૂત્ર છાસઠ હજાર-તેના પદ ૨૩ મે-કર્મ પ્રકૃતિમાં મોહનીય
કર્મની પ્રકૃતિમાં કહ્યું છે કે—સમકિત વેદની તે જીન પ્રણિત તત્વની શ્રદ્ધા
અંતરગત આત્મિક રૂપ સમ્યકત્વ જાણવું તે સમ્યકત્વ વેદની. તે અહિ
સમ્યકત્વ વેદની ને મિથ્યાત્વની પ્રકૃતિ તે અતિચાર સંભવે. તે એ પશમિક
ક્ષયોપશમિક તે દર્શન મોહનીયને ઉદયે સમ્યકત્વ વેયણી કહીએ. ૧

વળી જીન પ્રણીત તત્વની શ્રદ્ધા ન હોય તે મિથ્યાત્વરૂપ હોય તે
મિથ્યાત્વવેદની. ૨

જે મિશ્ર રૂપ તે જીન પ્રણીત તત્વની શ્રદ્ધાને તથા મિથ્યાત્વની શ્રદ્ધાને
નિંદે નહિ બન્ને ઉપર રાગ પણ નહી અને દ્વેષ પણ નહિ તે મિશ્ર મોહની
યને ઉદયે, મિશ્ર વેયણી કહીએ ૩ એ પ્રમાણે પ્રકૃતિ દ્વારમાં કહેલ છે.—
તથા સ્થિતિ દ્વારમાં પણ કહ્યું છે કે:—

જે સમ્યકત્વ મિથ્યાત્વ પુદ્ગળ રહે તે જીવ કોઇ એક સમ્યકત્વનો
ત પણ વિશેષ લાસે તેહના ત્રણ ભેદ કહેવા. તે એમ—

(૧) સર્વ વિશુદ્ધ (૨) અર્ધ વિશુદ્ધ, (૩) અવિશુદ્ધ તેમાં જે સર્વ
શુદ્ધ છે તેને સમ્યકત્વ વેદનીપણું લાસે. ૧ અને જે અર્ધ વિશુદ્ધ છે તેને
વેદનીપણું લાસે. ૨ અને અવિશુદ્ધપણે થયે તે મિથ્યાત્વ વેદનીપણું
. ૩ તેહને બંધ સંભવે.

સમ્યક્ત્વ વેયણીજેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ૬૬ સાગરોપમ ઝાઝેરી કહી. મિથ્યાત્વ વેદનીની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટી ૭૦ ક્રોડ ક્રોડ સાગરોપમની-મિશ્ર વેદનીની સ્થિતિ જઘન્ય ઉત્કૃષ્ટિ અંતર્મુહૂર્તની.

ઉપરના ન્યાયથી જણાય છે કે જ્યાંસુધી ક્ષાયક સમકિત ન થાય ત્યાંસુધી સમ્યક્ત્વ વેદની હોય તે દર્શન મોહનીયને ઉદયે હોય. અને જ્યાંસુધી ક્ષાયક યથાખ્યાત ચારિત્ર ન આવે ત્યાંસુધી ચારિત્રાવરણીનો ઉદય કહેવાય પણ દર્શન મોહનીયનો સંબંધ નહિ. દર્શન મોહનીય તો પ્રથમની ત્રણ પ્રકૃતિના ઉદયની છે અને ત્યાંસુધી તેને મોહનીયનું વેદવાપણું છે. તે ક્ષાયક સમકિત પ્રાપ્ત થયે તેનો નાશ થાય છે. પછી તેનું વેદવા પણું નથી. ઇત્યર્થઃ—

પ્રશ્ન ૧૪.—કષાય વેયણીજે-નો કષાય વેયણીજે એટલે શું?

ઉત્તર—સોળ કષાયની પ્રકૃતિ માંહેલી જે કષાયની પ્રકૃતિનો ઉદય થઈને વેદવામાં આવે તે કષાય વેયણીજે-અને નવ નોકષાયની પ્રકૃતિ ઉદયમાં આવીને તે વેદવામાં આવે તે, નોકષાય વેયણીજે કહીએ.

પ્રશ્ન ૧૫.—ઉત્તરાધ્યયનના ૨૯ અધ્યયનમાં પહેલાજ બોલમાં કહ્યું કે હે ભગવન્ સંવેગનું (વૈરાગ્યનું) શું ફળ? તે વૈરાગ્ય સમકિતના ઘરનો કે મિથ્યાત્વના ઘરનો?

ઉત્તર—તે પહેલા બોલમા આગળની હકીકત જોતાં તે-વૈરાગ્ય સમકિત [illegible] છે. પણ મિથ્યાત્વના ઘરનો નથી, પરંતુ સમકિતની [illegible]

પ્રશ્ન ૧૬.—[illegible] ગુણઠાણું કયું કહીએ?

ઉત્તર—[illegible] તે પહેલું કહેવાય દાખલા તરીકે, જેમ સાસ્વાદન [illegible] સમકિતથી પડેલ અને મિથ્યાત્વને પ્રાપ્ત થયો નથી ત્યાંસુધી [illegible] છે. તેમ સમકિતને પ્રાપ્ત થવા જોગ [illegible] કારણ પ્રગટ થાય પણ જ્યાંસુધી સમકિતની પ્રાપ્તિ થઈ નથી ત્યાંસુધી તેનું ગુણઠાણું તો પહેલુંજ કહેવાય.

પ્રશ્ન ૧૭.—[illegible] પરીત સંસાર થાય ખરો? અને થાય [illegible]?

ઉત્તર—સમકિતની પ્રાપ્તિનું કારણ [illegible] કારણ મળી આવે તો [illegible] આવવે અને હાથીના ભવમાં સસલાની

દયા પાળી તેથી પરીતસંસાર કર્યો અને મનુષ્યનું આઉખું બાંધ્યું એ જ્ઞાતા સૂત્રમાં કહ્યું છે. તેમજ સુબાહુ કુમારના જીવે સુમુખ ગાથાપતી ભવે સાધુને દાન દેવાથી (દાન દેવાની શ્રદ્ધા થવાથી) પરીતસંસાર કરે મનુષ્યનું આઉખું બાંધ્યું છે સાખ વિપાક સૂત્રની—એરા સમકિત પ્રાપ્ત થયા પહેલાં પાંચ લક્ષણ માંહેલું લક્ષણ મળી આવે તો પરીતસંસાર થવાના દાખલા ઘણા છે. તેમજ વરૂણ નાગ નતુયાના બાળમિત્રને ધર્મની શ્રદ્ધા થવાથી સમકિત વિના પણ બે ભવ મનુષ્યના કરી મોક્ષે જાયે એમ ભગવતીજીમાં કહ્યું છે. માટે શમ ૧ સંવેગ ૨ નિર્વેદ ૩ અનુકંપા ૪ ને આસ્તા ૫ એ ૫ સમકિતને પ્રાપ્ત થવાનાં આગમચેતીનાં લક્ષણ છે. એકાદ ભવને આંતરે અવશ્ય સમકિતની પ્રાપ્તિ થાશે પણ વર્તમાને તો મિથ્યાત્વ ગુણઠાણું કહેવાય.

પ્રશ્ન ૧૮.—મેઘકુમારના જીવને હાથીના ભવમાં સસલાની દયા પાળવાથી, નહિ પ્રાપ્ત થયેલું એવું સમકિતરત્ન પ્રાપ્ત થયું અને તેથી પરીતસંસાર કર્યો ને મનુષ્યનું આઉખું બાંધ્યું એમ સાંભળીએ છીએ તેનું કેમ?

ઉત્તર—જ્ઞાતા સૂત્રમાં તે વાત છે. પણ સમકિતરત્ન પ્રાપ્ત થયું એમ નથી. ત્યાં તો એમ કહ્યું છે કે—

अलद्धेणं सम्मत्तरयणं, लद्धेणं पाणाणुकंपयाए ४ संसारं परित्तं करेइ मणुसाउयं निबंधइ.

એટલે સમકિતરત્ન લાધ્યું નથી, પણ લાધ્યું છે પ્રાણી ભૂત, જીવ, સત્વની અનુકંપા—દયા તેણે કરીને પરીતસંસાર કર્યો અને મનુષ્યનું આઉખું બાંધ્યું. એ વાત પ્રમાણ છે કારણ કે, જો સમકિત પ્રાપ્ત થયું હોય તો સમકિતમાં મનુષ્યના આઉખાનો બંધ પડે નહિ ભગવતીજીમા શતક ૩૦ મે સમોસરણના અધિકારે કહ્યું છે કે—સમકિતી મનુષ્ય તિર્યંચ એક દેવતાનુંજ આઉખું બાંધે, અને નારકી દેવતા એક મનુષ્યનુંજ આઉખું બાંધે. એ લેખે હાથીના ભવમાં પરીતસંસાર કર્યો અને મનુષ્યનું આઉખું બાંધ્યું તે સમકિતમાં નહિ પણ સમકિત પ્રાપ્ત કરનારી અનુકંપા—દયા પ્રગટ થવાથી એ ગુણ થયો અને મેઘકુમારના ભવમાં સમકિતની પ્રાપ્તિ થઇ.

ઉત્તરાધ્યયનના ૨૯ મા અધ્યયનમાં કહેલા પહેલા બોલમાં સંવેગ-ધર્મની શ્રદ્ધા ઉત્પન્ન થાય તે પણ પાંચ લક્ષણ માંહેલું એક લક્ષણ છે. સમકિતની પ્રાપ્તિ તો અનંતાનુબંધીની ચોકડીનો ક્ષય થયા બાદ મોહનીયની ત્રિકનો ક્ષયોપશમ થયે થાય છે.

પ્રશ્ન ૧૯.—પહેલા [illegible] સમકિત પ્રાપ્ત થયું તે ઉપશમ, ક્ષયોપશમ, કે ક્ષાયક?

ઉત્તર—કોઇ ક્ષયોપશમ કહે છે ને કોઇ ક્ષાયક પણ કહે છે. ક્ષયોપશમના કહેવાવાળા ક્ષાયક સમકિત ૮ મે ગુણઠાણે માને છે અને સમવાયાંગના ૨૧ મા સમવાયની સાખ આપે છે.

અને ક્ષાયકના માનવાવાળા ૪ થે ગુણઠાણેથી ક્ષાયક માને છે તે આ [illegible] સાખ આપે છે. એટલે ઉત્તરાધ્યયનના ૨૯ મા અધ્યયનના પહેલાજ બોલના ન્યાયે તથા કર્મગ્રંથના ન્યાયે ક્ષાયક સમકિત ૪ થે ગુણઠાણે હોય છે.

હવે આઠમે ગુણઠાણે ક્ષાયક સમકિત કહ્યું છે તે સમવાયાંગજીમાં ૨૧ મે કે—નિયટ્ટીબાદર ગુણઠાણે ૭ પ્રકૃતિનો ક્ષય કરે તેને ૨૧ પ્રકૃતિ [illegible] કહે. આ ઉપરથી ૭ મા ગુણઠાણા સુધી ક્ષયોપશમ સમકિત માને છે ને આઠમે ક્ષાયક સમકિત માને છે.

અને ચોથે ગુણઠાણેથી ક્ષાયક માનવાવાળા કહે છે કે—ઉ. ના ૨૯ મા [illegible] તથા પ્રધાન ધર્મની શ્રદ્ધા થઇ તે સમકિત [illegible] થઇ અને ત્યાર પછી અનંતાનુબંધીની ચોકડીનો [illegible] ત્રણેની [illegible] ખપાવી ને પાઠ આ પ્રમાણે છે.

[illegible] સંવેગ–વૈરાગ્યે કરી હે પૂજ્ય! જીવ શું [illegible] ઉત્તર [illegible] કહે છે.—સંવેગેણં અણુત્તરં ધમ્મસદ્ધં જણયઇ [illegible] અણુત્તરાએ ધમ્મસદ્ધાએ [illegible] શ્રદ્ધાને મુક્તિ અભિલાષારૂપ વૈરાગ્ય શીઘ્ર પામે. [illegible] સમકિત પામી અનંતાનુબંધી ક્રોધ, [illegible] નવાં કર્મ ન બાંધે [illegible] તે [illegible] સમકિત [illegible] ક્ષાયક સમકિત પામે [illegible] કરીને [illegible] ૧—[illegible]

આ ઉપરના પાઠથી ચોથે ગુણઠાણે ક્ષાયક સમકિત સિદ્ધ થાય છે.

પ્રશ્ન ૨૦.—ચોથે ગુણઠાણે ક્ષાયક સમકિત માનીએ તો તેજ ભવે મોક્ષ કેમ જાય?

ઉત્તર—તેજ ભવે મોક્ષ જવાવાળા જીવને ચોથે ગુણઠાણે ક્ષાયક સમકિત પ્રગટ થયું હોય, ને ચોથેથી છઠે સાતમે ને આઠમે ગુણઠાણે ક્ષાયક ભાવે ચડતા ચારિત્રાવરણીયની પ્રકૃતિયોને ખપાવતા ક્ષપક શ્રેણીએ ચઢી ૯ મે ૧૦ મે ગુણઠાણે થઇ ૧૨ મે ગુણઠાણે મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિનો ક્ષય કરી જ્ઞાનાવરણીય દર્શનાવરણીય અને અંતરાય કર્મનો સાથે ક્ષય કરી અર્થાત્ ૪ ઘનઘાતી કર્મનો ક્ષય કરી કેવળ જ્ઞાન કેવળ દર્શન પ્રગટ કરી ૧૩ મે ગુણઠાણે પ્રવર્તે અને છેવટે ૧૪ મે ગુણઠાણે બાકીનાંજ કર્મ (વેદની આઉખું નામ ને ગોત્ર) નો ક્ષય કરી મોક્ષગતિને પામે. તે તેણેજ ભવગ્રહણેણં સિજ્ઝઇ કહેવાય. તેના બે વર્ગ છે ૧ એક સ્વલિંગી પ્રવર્તન ચારિત્રવંત. અને બીજા ભાવ ચારિત્રવાળા ગૃહલિંગી ચોથે ગુણઠાણે ક્ષાયક સમકિત ક્ષાયક ભાવ પ્રગટ કરી ચડતે ગુણઠાણે પરિણામની ધારાએ પ્રકૃતિઓનો ક્ષય કરી કેવળ જ્ઞાન પ્રગટ કરે ભરત મહારાજાની પેરે. અને તેમજ મરૂ દેવા ભગવતીના ન્યાયે તાત્કાલિક મોક્ષ ફળને પણ મેળવે.

અને ચોથે ગુણઠાણે ક્ષાયક સમકિતી કાળ કરે તો ત્રીજે ભવે અવશ્ય મોક્ષ જાય.

આ પાઠના અર્થમાં કોઇ કોઇ તાણી ખેંચીને ક્ષયોપશમ સમકિત તથા ઉપશમ સમકિતનો અર્થ કરે છે તે પોતાની શ્રદ્ધાનાં ખેંચાણને લઇને જણાય છે પણ મૂળ પાઠમાં તો ક્ષાયક સમકિત ખુલ્લી રીતે સમજાય છે. અને ટીકાકાર પણ એમજ કહે છે કે—

सम्यक्त्वस्य निर्मलया विशुद्धया तृतीयं पुनर्भव ग्रहणं नातिक्रामति इत्येव शुद्ध क्षायक सम्यक्त्वान् भव त्रय मध्ये मोक्षं मजत्येव।

એ ચોથા ગુણઠાણા આશ્રી કહેલ છે. મૂળ પાઠમાં પણ અનંતાનુબંધીની ચોકડી અને મિથ્યાત્વ મોહનીય તથા સમકિત મોહનીય (મિશ્ર મોહનીય એના અંતરભેદમાં લેવી) એ પ્રકૃતિઓનાજ ક્ષયનો અધિકાર છે. તેથી ચોથા ગુણઠાણે ક્ષાયક સમકિત પ્રાપ્ત થાય એમ સૂત્ર પાઠ સૂચવે છે.

પ્રશ્ન ૨૧.—કેટલાક ઉપશમ તથા ક્ષયોપશમ સમકિત આશ્રી ત્રણ ભવ કરવાનું કહે છે તો ક્ષાયક સમકિત ત્રણ ભવ કરે એવો કોઇ દાખલો?

ઉત્તર—દાખલો તો ઉત્તરાધ્યયનમા ૨૯ મા અધ્યયનનો કહ્યો છે તે અને વિશેષ વિચાર કરતાં કદાપિ ક્ષયોપશમ તથા ઉપશમ સમકિત આશ્રી ૩ ભવ માનીયે તોપણુ તે મળે નહિ. કેમકે તેને માટે તો ઉત્કૃષ્ટો દેશેઉણો અર્ધ પુદ્ગળનો કાળ કહ્યો છે. એટલે ઉપશમ સમકિત તથા ક્ષયોપશમ સમકિતવાળા અર્ધ પુદ્ગળ ઉલંઘે નહિ એમ સૂત્રથી જણાય છે. કેમકે તે સમકિતથી પડવાનો સંભવ છે. કદાપિ તે સમકિત ટકી રહે તો ૧૫ ભવમાં મોક્ષની પ્રાપ્તિ (ક્ષયોપશમવાળાને) કહી છે. સાખ વિપાક સત્રની સુબાહુ કુમારના ભવની. અને ઉપશમ આશ્રી ત્રણ ભવ કહીયે તો ૧૧ મે ગુણઠાણે ક્ષાયક સમકિત નહિ માનવાવાળાને વાંધો આવશે, કારણ કે ઉત્તરાધ્યયનમાં ૭ સાતે પ્રકૃતિનો ક્ષય થયો કહ્યો છે. માટે ૧૧ મે ગુણઠાણે ૨૮ પ્રકૃતિના ઉપશાંતને લઇને કાળ આશ્રી ત્રણ ભવ માનવાને વાંધો આવે નહિ. પણ પડે તો છેવટે અર્ધ પુદ્ગળનો ભરસો રહે. માટે ૨૯ મા અધ્યયનમાં કહેલ ત્રીજે ભવ ઉલંઘે નહિ તે ક્ષાયક સમકિત માટેજ ઠરે છે. અને ટીકાકાર પણ મૂળ પાઠનેજ લઇને કહે છે.

તેમજ ભગવતીજી સતક ૮ મે-ઉદ્દેશે ૧૦ મે-દર્શનની જઘન્ય મધ્યમ ને ઉત્કૃષ્ટી આરાધના કહી છે તેમાં ઉત્કૃષ્ટી આરાધનાવાળાને એક ભવ, તથા બે ભવ કહ્યા છે. અને કલ્પ (દેવલોક) ની ગતિ પણ કહી છે. એ આશ્રી ક્ષાયક સમકિતવાળો કાંતો તેજ ભવે મોક્ષ જાય અને દેવલોક જાય તો બીજે ભવ મનુષ્યનો કરી મોક્ષ જાય એટલે મનુષ્ય ને દેવતાના મળી ત્રીજો ભવ ઉલંઘે નહિ એમ ક્ષાયક સમકિત આશ્રી કહેલ છે. એટલે કલ્પ દેવ-લોકમાં જવાવાળા ચોથા પાંચમા ગુણઠાણા આશ્રી અને તેની સાથે ઉત્કૃષ્ટી ચારિત્રની આરાધના કરી હોય તો કાંતો તેજ ભવે મોક્ષ જાય. તથા કલ્પ તથા કલ્પાતીતમાં પણ જાય. છેવટે ત્રીજે ભવ તો ઉલંઘેજ નહીં.

પ્રશ્ન ૨૨.—અગીઆરમે ગુણઠાણે ક્ષાયક સમકિત લાભે કે નહિ? અને લાભે તો કેવી રીતે?

ઉત્તર—મોહનીય બે પ્રકારની છે. એક દર્શન મોહનીય અને બીજી ચારિત્ર મોહનીય. એ બેની મળી અઠાવીશ પ્રકૃતિ છે તે માંહેલી ૭ પ્રકૃતિનો ક્ષય કરી બાકીની પ્રકૃતિનો ઉપશમ કરી અગીઆરમે ગુણઠાણે જાય. એટલે સમકિતને આવરણ કરનારી પ્રકૃતિઓનો ક્ષય કર્યા પછી ચારિત્રને આવરણ કરનારી પ્રકૃતિઓને ઉપશમાવી ઉપશમ શ્રેણીએ ચઢી અગ્યારમે ગુણઠાણે જાય.

પ્રશ્ન ૨૩—અગીયારમે ગુણુઠાણેથી પડી કોઇ પહેલે ગુણુઠાણે જાય તેને ક્ષય થયેલી પ્રકૃતિનો ઉદય કેવી રીતે થાય ?

ઉત્તર—અઠાવીશ પ્રકૃતિને ઉપશમાવેલો પડે તો તેને પહેલે ગુણુઠાણે જવાવાળાને પ્રકૃતિઓનો ઉદય થાય. પણ ક્ષાયક સમકિતવાળો ચોથાથી નીચે પડે નહિ. મરે તોપણ ચોથા ગુણુઠાણે તો રહેજ. એટલે પડે તો ચોથા કે આઠમા ગુણુઠાણે અટકે. અથવા આઠમેથી ક્ષપક શ્રેણીએ ચડવું હોય તોપણ ચડે.

પ્રશ્ન ૨૪.—અગ્યારમે ગુણુઠાણે સાત પ્રકૃતિનો ક્ષય અને ૨૧ પ્રકૃતિનો ઉપશમ કહીએ તો ક્ષયોપશમ સમકિત કરે અને અગ્યારમું તો ઉપશમ ગુણુઠાણું કહેવાય છે માટે શું સમજવું ?

ઉત્તર—અગ્યારમું ગુણુઠાણું કહેવામાં આવે છે તે વિશેષે કરીને તો ચારિત્રાવરણીયની પ્રકૃતિનો ઉપશમ હોવાથી કહેવાય છે. દર્શનાવરણીયની પ્રકૃતિનો તો ક્ષય હોય અથવા ઉપશમ હોય, એમાંથી એક હોય, એટલે વખતે ક્ષાયક સમકિત હોય અથવા વખતે ઉપશમ સમકિત હોય. પણ ક્ષયોપશમ સમકિત તો નજ હોય. કનીરામજી મહારાજના પ્રશ્નોત્તરમાં કહ્યું છે કે— ક્ષાયક સમકિતમાં ગુણુઠાણા ૧૧ છે પહેલા ત્રણ નહિ. એ લેખે ૧૧ મે ગુણુઠાણે ક્ષાયક સમકિત હોય ખરૂં. અને ઉપશમ સમકિત પણ હોય પણ ક્ષયોપશમ સમકિત તો નજ હોય.

પ્રશ્ન ૨૫—ક્ષાયક સમકિતી ઉપશમશ્રેણીયે ચડયો થકો અગ્યારમે ગુણુઠાણે જઇ કાળ કરે કે નહીં ?

ઉત્તર—અગ્યારમે ગુણુઠાણે ઘણા વિકલ્પ થાય છે. પેહેલા વિકલ્પે— અગ્યારમું ગુણુઠાણું ઉપશાંત મોહનું છે તો મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિને ઉપશમાવે ત્યારે ૧૧ મે ગુણુઠાણે આવે ને કાળ કરે ત્યારે પણ ઉપશમ ભાવે કાળ કરે ત્યારે તેને ઉપશમ સમકિત હોય. પરંતુ બીજે વિકલ્પે–ક્ષાયક સમકિતની ઉપશમ શ્રેણીએ ચડયો થકો ૧૧ મે ગુણુઠાણે જઇ પાછો પડે તો તે ૧૦ માથી ૯ મે આવી ૮ મેથી ક્ષપક શ્રેણીએ ચડે તો ૯–૧૦ મે થઇ ૧૨ મે ગુણુઠાણે જાય. ત્રીજે વિકલ્પે–૮ માથી પડે તો ચોથે અટકે— ચોથે વિકલ્પે–૧૧ મે ગુણુઠાણે ક્ષાયક સમકિતમાં મરે તો સર્વાર્થસિદ્ધમાં ઉપજે, તે ત્રીજે ભવ ઓલઘે નહી. સાખ ઉત. ૨૯ મા અ. ની.

પ્રશ્ન ૨૬—અનુત્તર વિમાનના દેવતાને ઉપશમ મોહી કહ્યા છે તે કેમ?

ઉત્તર—૨૮ મોહનીય કર્મની પ્રકૃતિને ઉપશમાવે તે ઉપશમમોહી કહેવાય. અને ચારિત્રાવરણીની ૨૧ પ્રકૃતિને ઉપશમાવી કાળ કરી અનુત્તર વિમાને ઉપજે તે પણ ઉપશમમોહી કહેવાય. એમ સંભવે છે. તત્ત્વ કેવલી ગમ્ય.

પ્રશ્ન ૧૨—કેટલાક એવી વાતો પણ કરે છે કે-અમે તો એવા નિશ્ચયપર આવી ગયા છીએ કે સમકિત સહિત અને મનોવૃત્તિ સ્થિર રહે એવું સામાયિક થાય તોજ કરવું પણ સમકિત વિના દોષવાળું સામાયિક કરવું નહિ. સમકિત વિના અને વ્યવહારિક સામાયિક આદિ ધર્મ કરણી તો આ જીવે અનંતીવાર કરી મેરૂ પર્વત જેટલા ઓઘા મુહપતિના ઢગલા કર્યા પણ સમકિત વિના આત્માનું કાંઇ વળ્યું નહીં માટે પ્રથમ સમકિતની પ્રાપ્તિનો ઉપાય કરવો તે શ્રેષ્ટ છે.

ઉત્તર—તે વાત તો સૌ કોઇ કબુલ કરે, પણ કોઇ એવો હઠાગ્રહ કરે કે મારે તો સાત માળનો બંગલો મળે તોજ તેમાં રહેવું. પણ જ્યાં સુધી સાત માળનો બંગલો ન મળે ત્યાં સુધી શું કરવું ? તે વિચાર પણ સાથે કરવો જોઇએ. તે નિર્વાહ જોગ જેવું તેવું ઝુંપડું વીંખી નાખે તો શી દશા થાય ? માટે વિચારયુક્ત માણસે ભલે સાત માળના બંગલાની ઇચ્છા રાખવી, પણ તે મળે ત્યાં સુધી ઝુંપડું તો વિખવુંજ નહિ. તેમ સમકિત સહિત અને મન સ્થિર રાખી કરણી કરવાનો પ્રયત્ન કરવો, પણ તેમ ન બને ત્યાં સુધી કાંઇ કરવુંજ નહિ એ તો અધોગતિમાં જવાનો રસ્તો લીધો ગણાય. ઝુંપડાવાળો જ્યાં સુધી ઝુંપડામાં પડયો રહેશે ત્યાં સુધી ટાઢ તડકો વગેરે ઘણા ઉપસર્ગોથી બચી શકશે. માટે બંગલો ન મળે ત્યાં સુધી ઝુંપડાને રીપેર કરી સાફસુફ રાખવાની જરૂર પડશે અને તે પ્રમાણે કરશે તોજ સુખી થશે. તેમજ સમકિત સહિત મનોવૃત્તિને સ્થિર કરી કરણી કરવાનીજ ભાવના રાખવી પણ તેમ ન બને ત્યાં સુધી જૈનમાર્ગાનુસારી વ્યવહારિક ક્રિયા મુકવી નહિ કે જેથી ભ્રષ્ટ તતો ભ્રષ્ટ ન થાય. વ્યવહારમાંથી નિશ્ચયની પ્રાપ્તિ થવાનો સંભવ છે. સડકે ચાલવાથી વહેલું મોડું પણ નગર ભેગું થવાશે. માળપર ચડતાં નિસરણીના એક પગથીયેથી બીજે પગથીએ પગ મૂકશે તો પગથીયે પગથીયે માળપર ચડાશે, પણ વ્યવહાર રૂપ નિસરણીને કોરે મૂકી કુદીને માળપર ચડવા ધારશે તો તે કદી નહિ ચઢી શકે. માટે વ્યવહારિક પણ ધર્મ કરણીને વળગી રહેતાં નિશ્ચયની પ્રાપ્તિની ભાવના સહિત શુદ્ધ કરણી મેળવવા પ્રયત્ન કરવો એવો સિદ્ધાંતનો ન્યાયમાર્ગ છે.

પ્રશ્ન ૧૩—વ્રત લીધા પછી મન સ્થિર ન રહે તો કેમ કરવું ?

ઉત્તર—મન ચપળ છે તેને સ્થિર રાખવાનો ઉપાય માત્ર આત્માનો ઉપયોગજ છે. જો કે ગૌતમ સ્વામી જેવા મહાન્ પુરૂષોને પણ ઉત્તરાધ્યયનના

२३ मा अध्ययनने विषे, केशी स्वामीए कह्युं के—तमारो मन रुपी दुष्ट घोडा केम वश राखी शकया ? त्यारे गौतम स्वामीए पण एज उत्तर आप्यो के मारो मन रुपी दुष्ट घोडो दोडया करे छे, पण तेने धर्म रुपी शिक्षाए (लगामे) ग्रही राखुं छुं अने सूत्र (श्रुत) रुप रासडीये बांधी राखुं छुं, एटले अगाडी पछाडी बांध्यो थको ते आघो जइ शकतो नथी. एम गौतम स्वामी जेवा पुरुषोना मन रुपी घोडानी चपळता जणवी तो पछी बीजाओने माटे तो कहेवुंज शुं. आनंदघनजी जेवा पण कही गया छे के :—

मन साध्युं तेणे सघळुं साध्युं, ए वात नहि खोटी;
कोइ कहे के में मन साध्युं, ते वात छे मोटी.

मनने कबजे राखवावाळा गौतम स्वामी जेवा पुरुषो आ काळमां तो भाग्येज नीकळे, तेथी साधु के श्रावकनी धर्म करणीनी नास्ति कही नथी. बनता प्रयासे मनने वश करवानो प्रयत्न करवो, पण धर्मनी करणी सामायिकादिक बंध करवा कोइ सूत्रमां जणाव्युं नथी.

समकितना के मनोवृत्ति स्थिरना अभावनो दावो करनारा, मात्र भवस्थिति उपर आधार राखी आळसु बनेला शुष्कज्ञानीओ मात्र वाक् चातुरीए ज्ञाननी वातो करनारा ज्ञानवादीओ क्रियाना कायर घणाए नजरे जोइए छीए. एवाओ आवता भवने माटे शुं मानी बेठा हशे ? ते तो तेवाओना मुखमांथी नीकळे ते खरुं. सत्य तो ते के केवलीए भाख्युं होय ते खरुं.

प्रश्न १४—केटलाक कहे छे के अमाराज मतमां आत्मज्ञान छे, माटे जेने आत्मज्ञान मेळववुं होय अने अमारा मतमां भळवुं होय तेणे प्रथम आटलुं तो करवुं जोइए के जे मतनां व्रत, नियम, पच्चखाण त्याग, वैराग्य, मुहपति अने रजोहरण तथा वेश वगेरे कोरे मूके तेने अमारा मतनुं धारण पद करावी पछी आत्मज्ञान पामवानुं ज्ञान अने समकित प्राप्तिनो उपाय बतावीए छीए, अने ते प्रमाणे केटलाक मुहपति रजोहरण कोरे मूकीने ते मतनो स्वीकार करे छे; तेनुं शुं समजवुं ?

उत्तर—ते प्रमाणे बोलनारा अने तेवाओनां वचनो स्वीकार करनारा केवी वृत्तिवाळा होय ? तेनो खुलासो उपरना प्रश्नना उत्तरमां आवी गयो छे. जेवुं पोताना मननुं बंधारण होय तेम करवा सौ कोइ अधिकारी छे.

શ્રીમહાવીર પરમાત્માના ઘરનું એવું બંધારણ હોય એમ જણાતું નથી. કારણ કે શ્રીમહાવીર દેવની પાસે અંબડ સન્યાસી સાતસેં ચેલાઓ સહિત મહાવીરે ઉપદેશેલો ધર્મ અંગીકાર કરવા આવેલ, તેને ભગવંતે એમ કહ્યું નથી કે તારાં વ્રત નિયમાદિ તથા તારો વેશ છોડી દે તો તને મારો ધર્મ સંભળાવું યા શ્રાવક ધર્મ અંગીકાર કરાવું. એવો આગ્રહ કે બોધ કાંઈ પણ કર્યો નથી. પરંતુ જે તેના સન્યાસપણાનો ત્યાગ અને વેશ હતો તે મોજુદ રાખી શ્રાવકનાં વ્રત અદરાવતાં શ્રાવક ધર્મમાં તમામ દાખલ કરી દીધું; અને સન્યાસના વેશે શ્રાવક ધર્મ પાળ્યો વગેરે અધિકાર ઉવવાઈ સૂત્રમાં વિસ્તાર સહિત છે.

તેમજ ઉત્તરાધ્યયનનું ૨૩ મું અધ્યયન જોતાં કેશી સ્વામી ગૌતમ સ્વામી સાથે ભળ્યા ત્યારે ગૌતમ સ્વામીએ એમ જણાવ્યું નથી કે તમારૂં કોરે મૂકો તો મારૂં અંગીકાર કરાવું. પણ એવો પાઠ છે કે—सुयसील समुकरिसो પરૂપણા અને આચાર સરખો કર્યો, એટલે શ્રી મહાવીરના સાધુ પ્રમાણે કેશી સ્વામીએ આચાર વ્યવહાર અને જ્ઞાનમાં (પરૂપણામાં) સુધારો કર્યો એવા ઘણા અધિકાર છે. પણ હાલના જમાનામાં જૈનમાં ઉત્પન્ન થયેલા નવીન માર્ગી પંથની પેઠે તિલાંજલીઓ દેવરાવતા નહિ.

પ્રશ્ન ૧૫—કોઈ કહે કે, ભગવતીજી સૂત્રમાં શતક ૧ લે ઉદ્દેશે ૯ મે કહ્યું છે કે—आया सामाइए, आया सामाइयस्स अट्ठे. આત્મા એજ સામાયિક અને આત્મા એજ સામાયિકનો અર્થ છે. માટે અમને આત્મજ્ઞાનીને ખાતાં પીતાં, કામકાજ કરતાં અને વિષયાદિ ભોગવતાં પણ અમે સામાયિકમાંજ છીએ. આ પ્રમાણે બોલનારા સાંભળીએ છીએ તેનું કેમ ?

ઉત્તર—અરે ભાઈ ! એથીએ પણ અધિક બોલનાર અને આત્મજ્ઞાનીનું નામ ધરાવનારા સાંભળતા આવીએ છીએ હું કેવળી છું, તીર્થંકર છું, અરિહંત છું, વીતરાગ છું. વગેરે પોતે પોતાની મેળે માની બેઠેલા યા ના ભાવિક સેવકોએ તેવા પ્રકારનો અધિકાર આપેલો હોય, કે લખ્યું વચાયે એમ ધારી પુસ્તકોમાં કોઈએ દાખલ કર્યું હોય, પણ તેવા શબ્દો વચાતા સાંભળવામાં આવ્યા છે ખરા. તો પછી સામાયિક, વ્રત, પચ્ચક્ખાણ, સંયમ, સંવરાદિકના અધિકારી થઈને બેસે તેમાં નવાઈ શી. ભગવાન બનવું કોને ખોટું લાગે, એ તો અનાદિનો જીવનો દાવો છે પણ પ્રયત્નનું પગ ખોટું નથી એવા અવાજ તો ઘણા વખત થયાં સાંભળતા આવીએ છીએ, અને એમ બોલનારા નિડરપણે બોલ્યા પણ કરે છે. તેથી એમ માનવાનું નથી કે

ખાતાં પીતાં કે વિષયાદિક ભોગવતાં જ્ઞાનીને સામાયિકજ હોય છે. તો પછી ભગવંત મહાવીર દેવ જેવાને સંસાર ત્યાગવાની જરૂર પડત નહિ. અત્યારથી કહેવાતા જ્ઞાનીઓથી આ જ્ઞાની બીજાજ સ્વરૂપના હતા, ત્રણ જ્ઞાન સહિત હતા, આત્મ સ્વરૂપની રમણતામાં વિશુદ્ધ ઉપયોગે રમનારા હતા, છતાં સંસારનો ત્યાગ કરી જાવજ્જીવ સુધી સાવદ્ય જોગનાં સર્વથા પચ્ચખાણ કરી સામાયિક ચારિત્ર અંગીકાર કર્યું, એ વાત સૂત્ર સાક્ષીએ સો કોઇ કબુલ કરે તેમ છે. તે નકલ નહિ લેતાં ઇંદ્રિય સુખના ગૃદ્ધી થાના શીતિયા સાંસારિક સુખમાં લુબ્ધ બનેલા ગમે તેવી વાક્ય રચનાઓ કરે, મનમાની ભાષાએ બોલે અને ઇચ્છા પ્રમાણે વર્તે તેથી શું થયું? કર્મની વિચિત્ર ગતિ છે, કોઇ કોઇ ત્યાં સુધીના બોલનારા સાંભળ્યા છે કે—નારકી, દેવતા, સ્વર્ગ, નર્ક વગેરે બધી ભ્રમણા છે. દુઃખી જીંદગી ગુજારવી તે નારકી, સુખી જીંદગી ગુજારવી તે દેવતા, અને સુખી પ્રદેશમાં વસવું તે સ્વર્ગ અને દુઃખી પ્રદેશમાં વસવું તે નર્ક. ગોરા લોકો દેવતા અને તેની સ્ત્રીઓ તે દેવાંગના; ચોવીશ પખવાડા તે ચોવીશ તીર્થંકર, બાર માસ તે બાર ચક્રવર્તિ, વીશ આંગળાં તે વીશ વિહરમાન, અને જું તે જુગલીયા અને મોવાળા તે કલ્પવૃક્ષ વગેરે કલ્પિત વાતો કરનારા અધ્યાત્મીઓ પણ બોલતા જાણ્યા છે.

પ્રશ્ન ૧૯—જિન નહિ ને જિનનું નામ ધરાવે એટલે તીર્થંકર નહિ ને તીર્થંકરનું નામ ધરાવે, અરિહંત નહિ ને અરિહંતનું નામ ધરાવે, વીતરાગ નહિ ને વીતરાગનું નામ ધરાવે, કેવળી નહિ ને કેવળીનું નામ ધરાવે અર્થાત્ ભગવંત નહિ ને ભગવાનપણું ધરાવે તેને માટે સૂત્રમાં કાંઇ કહ્યું હશે કે કેમ?

ઉત્તર—હા, સાંભળો, સમવાયાંગ સૂત્ર તથા દશાશ્રુતસ્કંધ સૂત્રમાં મહા મોહનીય કર્મ ઉપરાજવાનાં ત્રીશ સ્થાનક કહ્યાં છે. તેમાં બોલ ૩૦ મો. ગાથા ૩૪ મી તેમાં કહ્યું છે કે—

अपस्समाणो पस्सामि, देवे जक्खेय गुज्झगे; अन्नाणि जिणपूयठी, महामोहं पकुवई ॥३४॥

અર્થઃ—જે કોઇ અણદેખતો થકો કહે જે હું દેખું છું, એટલે અવધિ દર્શને કે કેવળદર્શને અણ દેખતો થકો કહે જે હું દેખું છું અર્થાત્ પોતાને વિષે અવધિદર્શન તથા કેવળ દર્શન છે નહિ છતાં પોતાને વિષે માને અથવા દુનિયાને પ્રતીતિ ઉપજાવવા દેવતાને અણદેખતો થકો કહે જે હું દેવતા દેખું છું. વૈમાનિક દેવ, જક્ષદેવ (વ્યંતરાદિક), ભવનપતિ દેવ ઇત્યાદિ દેવ

મારી પાસે પ્રગટ થાય છે, હું તેને પ્રત્યક્ષ દેખું છું, ઇત્યાદિ વચનોથી પ્રતીતિ ઉપજાવી પાખંડ ધર્મ ચલાવનારો અજ્ઞાની થકો લોકમાંહે કહે જે હું જિન છું, અરિહંત છું, વીતરાગ છું; એમ કહી પોતાની પૂજા શ્લાઘા વધારવાનો અર્થી ગોશાલાનીપરે તથા વર્તમાન કાળે પણ એ પ્રમાણે બોલનારા તે મહામોહનીય કર્મ ઉપરાજે, એમ ભગવંત મહાવીર દેવે કહેલ છે.

પ્રશ્ન ૧૭—કોઈ કોઇ દીક્ષા લેવા વાળાને ખોટી શ્રદ્ધા ઠસાવી દીક્ષા લેતા અટકાવે તેનું મન ભાંગી નાખે. તથા દીક્ષા લીધેલાને દીક્ષાથી પાડી ભ્રષ્ટ કરે તેવાઓને માટે ભગવંતે કાંઇ કહ્યું છે ખરું?

ઉત્તર—હા, સાંભળો! દશાશ્રુત સ્કંધમાં અધ્યયન ૯ મે મહા મોહનીય કર્મ બાંધવાનાં ૩૦ સ્થાનક માહેલો બોલ ૧૮ મો ગાથા ૨૧માં તેમાં કહ્યું છે કે—

उवट्ठियं पडिविरयं, संजयं सु समाहियं; विउक्कम्म धम्माओ भंसेइ, महा-मोहं पकुव्वइ ॥१२

અર્થ.—જે કોઇ, પ્રવર્જ્યા લેવા સાવધાન થયો છે તેને દીક્ષા લેવાનું મન ભાંગે. વળી સંસારથી નિવર્ત્યો સાધુ થયો રૂડી સમાધિવાળો હોય તેને તથા સમવાયંગજીમાં એજ અધિકારની ગાથાના બીજા પદમાં ભિમિવત્તુ જગ જીવાણં; એટલે જે. જે કેઇ ભિક્ષુ જગજીવન અહિંસાદિ ધર્મે જીવે તે જગતના જીવનભૂત એટલે જગતના જીવને જીવાડે છે. એવા યતિને મુનિને, વિપ્રતારી આડું અવળું સમજાવી તથા લાલચમાં લોભમાં નાખી તથા બલાત્કારે, ધર્મથી ભ્રષ્ટ કરી મન ફેરવે, તે મહા મોહનીય કર્મ ઉપરાજે. કારણ કે ઘણા લોકોને ધર્મને વિષે શંકા ઉપજવે માટે ભગવંતે કહ્યું કે ભ્રષ્ટ કરનાર મહા મોહનીય કર્મ બાંધે, તેમ સમજથી જાણીને ભ્રષ્ટ થનારને પણ એજ પ્રમાણે મોહનીય કર્મનો બંધ સંભવે છે

પ્રશ્ન ૧૮—ભગવતીજીમાં આઠ આત્મા કહ્યા છે. તેમાં ચારિત્ર આત્મા કહેલ છે, એટલે ચારિત્ર એ આત્માનો ગુણ છે. વળી ભગવતીજીમાં ત્યાંજ અધિકારે જીવની ઋદ્ધિમાં અનંતા ચારિત્રના પર્યવ કહ્યા છે એટલે આત્મામાં અનંતા ચારિત્રના પર્યવ કહ્યા છે, હવે ચારિત્રના પાંચ ભેદ ભગવતીજીના ૨૫ મા શતકમાં સંજ્યાને અધિકારે કહ્યા છે તેમાંનો પહેલોજ ભેદ છે—એ સામાયિક ચારિત્ર એ નામથી ઓળખાય છે, અને તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટી કોડ પૂર્વમાં દેશે ઉણી (નવ વર્ષે ઉણી) કહી છે. તેમજ સામાયિક ચારિત્રના બે ભેદ કહ્યા છે. એક સર્વ વિરતિનું ચારિત્ર અને

બીજું દેશવિરતિનું ચારિત્ર. સર્વવિરતિનું નવ કોટીએ જાવજીવનું અને દેશવિરતિનું ઓછામાં ઓછું અંતર્મુહૂર્તનું તે ઉપર જ્યાં સુધીનો નિયમ કર્યો હોય અને સાવદ્ય જોગનાં પચ્ચખાણ કર્યાં હોય ત્યાં સુધીનું સામાયિક કરવું તે આત્માથી બને છે, નહિ કે જડથી. જડ પદાર્થ સ્થંભ (થાંભલો) ઘણો અડોલ રહે છે, પણ તેને સામાયિક કહેવાય નહિ. માટે આત્માની પાસે સામાયિકાદિની ઋદ્ધિ રહી છે. તે ચારિત્રાવરણીય કર્મનું આવરણ આત્મપ્રદેશથી ખસે છે ત્યારે આત્માને ચારિત્રનો ગુણ પ્રગટ થાય છે. તેજ સાવદ્ય જોગનાં પચ્ચખાણ કરી શકે છે, તેને પણ ભગવંતે તેજ અધિકારે આત્મા કહેલ છે. માટે આત્મા એજ સામાયિક, અને આત્મા એજ સામાયિકનો અર્થ છે. એટલે અર્થ શબ્દે સૂત્રમાં મોક્ષ કહેલ છે. એટલે ચારિત્ર આત્મા મોક્ષનો હેતુ છે. એટલે ભગવતીજીના પેલા શતકના નવમા ઉદ્દેશે કાલાસવેસી પુત્ર અણગારે (પાર્શ્વનાથ ભગવાનના સાધુએ) ભગવંત મહાવીરના સ્થવિર અણગારને સામાયિકાદિક છ પ્રશ્નના પૂછેલા પ્રશ્નમાંના ઉત્તરમાં એક આત્માજ કહેલ છે. એટલે એ સર્વે બોલ આત્માથીજ થાય છે, અને આત્માથીજ એ સર્વ બોલની ક્રિયાવડે કર્મથી આત્માનો મોક્ષ થાય છે. એટલે કર્મથી મૂકાવું થાય છે, માટે આત્મા એજ સામાયિક અને આત્મા એજ સામાયિકનો અર્થ કહેલ છે.

પ્રશ્ન ૧૯—કેટલાક કહે છે કે—જો કે અમે સામાયિક તો કરીએ છીએ. પણ અબંધ ક્રિયા કરીએ છીએ. જો અંતર્મુહૂર્ત (બે ઘડી) નાં પચ્ચખાણ કરી બેસીએ ને મનોવૃત્તિ સ્થિર ન રહે તો બંધ ક્રિયામાં બાધક આવે, અને આ તો વૃત્તિ સ્થિર રહે ત્યાં સુધી એટલે જ્યાં સુધી આત્મા સમભાવમાં રહે ત્યાં સુધી અમો સામાયિક માનીએ છીએ; એમ કેટલાક બોલે છે તેનું કેમ?

ઉત્તર—એ વાત સૂત્ર સાથે મળતી નથી. સૂત્રમાં બંધ અબંધ ક્રિયાનો ભેદ પાડયો નથી, અને ભગવંતે કોઇ ઠેકાણે એમ જણાવ્યું નથી કે અબંધ ક્રિયા કરવી બંધ ક્રિયા ન કરવી, પણ પોતે બંધ ક્રિયા કરી છે ને બીજાઓને પણ તેવીજ ક્રિયા બતાવી છે. તેમજ ઉપદેશ પણ બંધ ક્રિયાનોજ આપેલ છે, છતાં આ અબંધ ક્રિયાનું પાનું કઇ પોથીનું ખોળી કહ્યું?

સિદ્ધાંતમાં સાધુ અને શ્રાવકની ક્રિયાની વાત ચાલી છે. ત્યાં તો બંધ ક્રિયાનોજ અધિકાર છે. સાધુને પંચ મહાવ્રત જાવજ્જીવનાં ચાલ્યાં છે. તેમજ શ્રાવકને પણ સામાયિકનો કાળ ઓછામાં ઓછો અંતર્મુહૂર્તનો જે

ઘડીનો, તથા પોષધ વ્રતનો અહો રાત્રિનો અને પડિમા અંગીકાર કરતા જઘન્ય એક બે ત્રણ દિવસ અને ઉત્કૃષ્ટી જેટલામી પડિમા હોય તેટલા માસનો કાળ દશાશ્રુતસ્કંધ સૂત્ર વગેરેમાં ચાલ્યો છે. તેમજ સાધુની પડિમાનો પણ કાળ તેજ સૂત્રમાં વિધિ સહિત ચાલ્યો છે, તેમજ તપ ક્રિયા પણ કાળ બાંધીને ચાલેલ છે. અને દરેકનાં પચ્ચખાણની વિધિ પણ ચાલેલ છે, તો તે સર્વ બંધ ક્રિયાજ ગણાય. માટે બંધ ક્રિયાનો નિષેધ કોઇ સૂત્રમાં કર્યો નથી.

પ્રશ્ન ૨૦—અમે પચ્ચખાણ કરવા રૂપ બંધ ક્રિયા કરતા નથી, પણ મનોવૃત્તિને બાંધવા રૂપ (સ્થિર રાખવા રૂપ) તો બંધ ક્રિયા કરીએ છીએ.

ઉત્તર—તે તો ઠીક છે, પણ પચ્ચખાણ વિનાની ક્રિયા વિશેષ ફળદાયક હોય એમ જણાતું નથી. કારણ કે સૂત્રમાં પાપ અટકાવવાના જ્યાં જ્યાં અધિકાર ચાલ્યા છે, ત્યાં તો વ્રત અને પચ્ચખાણનીજ મહત્તા મૂકી છે, પાપને અટકાવવાને ભગવંતે પચ્ચખાણનેજ અધિક પદ આપ્યું છે. ભગવતીજી વગેરે સૂત્રોમાં પણ કહ્યું છે કે—अपडिहय पच्चक्खाय पावकम्मे. એટલે પચ્ચખાણ કરીને પાપ કર્મ હણ્યા નથી, તેને પાપ કર્મનો પ્રવાહ બંધ પડયો નથી. માટે આનો અર્થ એ થયો કે પચ્ચખાણેજ પાપકર્મનો નાશ થાય છે, અને ચોથા ગુણસ્થાનવાળા સમકિતી છે, છતાં તે ગુણસ્થાનનું નામ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક કહ્યું છે. તે શાને લઇને કે વ્રત પચ્ચખાણ નહિ હોવાને લઇને. એટલે ચોથે ગુણસ્થાનકે અપચ્ચખાણવત્તિયા ક્રિયા કહી છે. એટલે પહેલાથી માંડી ચોથા ગુણસ્થાનના જીવને પચ્ચખાણ કરવાની વૃત્તિ નહિ હોવાથી ભગવંતે તેને અપચ્ચખાણવત્તિયા ક્રિયા લાગુ કરી છે. અને જ્યારે પચ્ચખાણ કરે ત્યારે તેને પાંચમા ગુણસ્થાનકનો અધિકારી કહ્યો છે. જે જે વસ્તુનાં જેટલા કાળનાં પચ્ચખાણ કરે તેટલો કાળ તે તે વસ્તુના આવતા પાપથી જીવ બચે છે, માટે બંધ ક્રિયા કરવી એમ સૂત્રનું ફરમાન છે.

પ્રશ્ન ૨૧—જે વસ્તુ આંખે ભાળી નથી, કાને સાંભળી નથી, પરિભોગમાં કોઇ વખત લેતો નથી, કોઇ વખત જે ચીજનો વિચાર પણ થતો નથી કે તેનું મન પણ થતું નથી અર્થાત્ સ્વપ્નાંતરમાં તે વસ્તુ આવતી નથી તેનું પાપ આપણને કયાંથી લાગે?

ઉત્તર—પાપ તો મન વચન કાયાના પરિણામથી તેની હિંસાથી તેની ક્રિયા કરવાથી લાગે છે. પણ અવ્રતની ક્રિયાનો જ્યાં સુધી પચ્ચખાણ નથી

કર્યાં ત્યાં સુધી લાગવાનો સંભવ છે. સૂયગડાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધમાં કહ્યું છે કે—જ્યાં સુધી જીવે પચ્ચખાણ કર્યાં નથી ત્યાં સુધી અપચ્ચખાણની ક્રિયા ચાલી આવે છે. દાખલા તરીકે પચાસ વર્ષ પહેલાંના મનુષ્યો એ જે દેશમાં રેલ્વે, મોટર, બલુન, સ્ટીમર પ્રમુખ ભાળી નહોતી અને તેનું નામ પણ કાને સાંભળ્યું નહોતું. તથા ફળદ્રુમની જાત અનેનાસ, ફ્રુસ, વગેરે (ફ્રુટની ચીજ) કે જેણે સ્વપ્નામાં જાણ્યું નહોતું એવાઓએ મત આહારની વસ્તુને તે સમયનાં ચાલતી પ્રવૃત્તિનાં વાહનો તથા ફળની જાતનો આહાર વગેરે આદિનાં પચ્ચખાણ કરેલા તે અત્યારનાં વિદેશી વાહનો રેલગાડી, મોટર, બલુન, જેટ વગેરે તથા અનેક પ્રકારનાં ફળદ્રુમોની જાતિનો પરિભોગ કરતા અટકે છે એવું નજરે જોઈએ છીએ. અને જેણે પચ્ચખાણ નથી કરેલાં તેઓ બધો પરિભોગ કરે છે. માટે ભગવતે કહ્યું છે કે જ્યાં સુધી પચ્ચખાણ નથી કર્યાં ત્યાં સુધી અપચ્ચખાણની અવ્રતની ક્રિયા ચાલી આવે છે. કેવળ જીવો પાપકર્મથી છૂટતા નથી એમ પણ કહી શકાય. ક્રિયા એ પાપકર્મને આવવાનું નાળું છે, અને વ્રત પચ્ચખાણ તે નાળામાંથી આવતા [illegible] કચરાને અટકાવવાને કપાટ, કમાડ કે ઢાંકણું છે, માટે પચ્ચખાણની જરૂર છે [illegible]. ત્રીજે ભક્તે, છઠ ભક્તે, અઠમ ભક્તે આહાર કરે છે. [illegible] તેને ઉપવાસ કહ્યા નથી પણ અવ્રતી ને અપચ્ચખાણી [illegible] અને [illegible] પરંતુ રોગ કે કોઈને ચોથું રોગ, પાંચમું [illegible] મુનિઓને માટે ચઉત્થ ભક્ત આહાર કરતા [illegible] છઠ ભક્ત વાળાને બે અને અઠમ ભક્ત વાળાને [illegible] આપવામાં આવી છે, તે પચ્ચખાણને લઈને [illegible] જુગલીયાને ઉપવાસની સંજ્ઞા આપવામાં આવી નહિ. [illegible] પચ્ચખાણ નથી માટે ઉપવાસ કહેવાય નહિ.

[illegible] આવ્યા નથી, માટે તેને [illegible] કહી શકાય નહિ.

[illegible] કરતા નથી. [illegible] તો [illegible] નહિ.

[illegible], [illegible] અને [illegible] અને [illegible] છે.

તેમ સર્વ જીવોને માટે જ્યાં સુધી કોઇપણ ચીજનાં પચ્ચખાણ નથી ત્યાં સુધી અપચ્ચખાણની (અવતની) ક્રિયા તમામને સમજી લેવી.

પ્રશ્ન ૨૨—કેટલાક જ્ઞાનવાદીઓ એમ કહે છે કે-અમને જ્ઞાનીઓને પચ્ચખાણ કરવાની જરૂર નથી, અમે તો જ્ઞાન વડેજ મોક્ષ મેળવી શકીએ છીએ. તેનું કેમ ? •

ઉત્તર—તે વિષે ઉત્તરાધ્યયનના ૬ ઠ્ઠા અધ્યયનની ગાથા ૯ મીથી ૧૩ મી સુધીમાં તે વિષે ભગવંતે ઘણોજ સારો ખુલાસો કહી બતાવ્યો છે, તે સાંભળો:—

इह मेगे उ मन्नंति, अप्पचक्खाय पावगं;
आयरियं विदित्ताणं, सव्व दुक्खा विमुच्चई—५.

અર્થ:—આ સંસારમા કેટલાક (જ્ઞાનવાદીઓ) એમ માને છે કે, હિંસાદિક પાપકર્મ તજ્યા વિના પણ પોતાના મનના આચાર પાળવાથી અથવા તો જાણવાથી (અથવા તો આચાર્યની આજ્ઞા પ્રમાણે વર્તવાથી) જ સર્વ દુ:ખથી મુક્ત થવાય છે. ૧.

આમાં એમ જણાવે છે કે-પચ્ચખાણ કર્યા વિના જાણ પણા માટે કર્મથી મુકાય એમ જ્ઞાનવાદી કહે છે. ૧

भणंता अकरिंताय, बंध मोक्ख पइणिणो;
वायावीरिय मत्तेणं, समासासंति अप्पगं. १०.

અર્થ:—આ જગત્માં કેટલાક એમ માને છે કે જ્ઞાનથીજ મુક્તિ છે. ક્રિયાની કાંઇ જરૂર નથી. એવા મનુષ્યો બંધ મોક્ષનાં સાધનનો સ્વીકાર કરવા છતાં તે પ્રમાણે ક્રિયા કરતા નથી, અને માત્ર વચનના આડમ્બરથી પોતાના આત્માને આશ્વાસન આપે છે. ૨.

न चित्ता तायए भासा, कओ विज्जाणुसासणं;
विसन्ना पावकम्मेहिं, बाला पंडिय माणिणो. ११

અર્થ:—(પણ જ્ઞાનનો અહંકાર રાખનાર એમ નથી જાણતા કે) આ જ્ઞાન જીવને નરકે જતો બચાવી શકશે નહિ. વિદ્યા પઠન-(ન્યાય, મીમાંસા વગેરે-તથા વિદ્યા, મંત્ર-તથા આઠ કે શત અવધાનાદિકનું શિખવું તે) માત્ર જીવનું પાપથી રક્ષણ શી રીતે કરી શકે ? પાપકર્મને વિષે મચ્યા રહેનાર મૂર્ખ માણસો પાપમાં ઉંડાને ઉંડા ડૂબતા જાય છે, તો પણ પોતાને પંડિત માની બેસે છે. (અર્થાત્ જ્ઞાનવાદી ગર્વ કરી પોતાના આત્માને

પંડિતપણું માને જે અમે જ્ઞાની છીએ; પરંતુ ભગવંતે તેને અજ્ઞાનીજ કહ્યા, અને પાપકર્મ કરવાથી પૂર્વ ભવે કોઇ તેને ત્રાણ શરણ નથી એમ કહ્યું છે.) ૩

જ્ઞાનવાદીઓ ઘણાં ભાગે શરીરે શાતાશીલિયા હોય તેના માટે કહે છે કે—

जे केइ सरीरे सत्ता, वन्नेरूवेय सव्वसो॥
मणसा काय वक्केणं, सव्वे ते दुक्ख संभवा. १२

અર્થ:—જે પ્રાણી મન, વચન અને કાયાએ કરીને શરીર, વર્ણ અને રૂપને વિષે આસક્ત રહે છે તે દુઃખી થાય છે.

(એટલે જ્ઞાનવાદીઓ પ્રાયઃ ઇંદ્રિયોને વિષે તથા ધનાદિ પરિગ્રહને વિષે તથા શરીરના સુખાદિકને વિષે આસક્ત હોવાને કારણે તેને પ્રાયઃ દુઃખના ભોગવનાર કહ્યા છે.) ૪

હવે પૂર્વોક્ત જ્ઞાનવાદીઓ મત પચ્ચખાણના નિષેધના કરવાવાળાને ફલ બતાવે છે.

आवन्ना दीह मद्धाणं, संसारंमि अणंतए;
तम्हा सव्व दिसं पस्स, अप्पमत्तो परिव्वए. १३

અર્થ:—તેઓ આ અંતરહિત સંસારમાં લાંબે માર્ગે ભવભ્રમણ કરે છે, માટે પ્રાણીને આત્માનું સ્વરૂપ ઓળખીને સંસારમાં પાપકર્મથી દૂર રહીને વિચરવું. ૫

આ પંચ ગાથાનો સાર એ છે કે—વ્રત પચ્ચખાણાદિ જિનોક્ત ક્રિયાનો નિષેધ કરનારા જ્ઞાનવાદીઓ માત્ર જ્ઞાનથીજ મોક્ષ માનનારા અને [illegible] ગુણના અધિકારી એવા જીવોને મોક્ષ ફળ મળવાને બદલે આદિ અંત રહિત સંસારને વિષે દ્રવ્ય અને ભાવ દિશિમાં પરિભ્રમણ કરતા તું દેખ એમ ગુરુએ શિષ્ય પ્રત્યે કહેલાં બતાવ્યું છે—અહો શિષ્ય! પૂર્વોક્ત જ્ઞાનવાદી (અક્રિયાવાદી) ને સંસાર પરિભ્રમણનું ફળ જાણી તું પ્રમાદ રહિત સંયમ અર્થને વિષે પ્રવર્તજે ઇત્યર્થઃ—

પ્રશ્ન ૨૨—કેટલાક કહે છે કે, સંયમ તપસ્યાદિ કરી આત્માને શા માટે દુઃખી કરીયે. આત્માને સુખ દઈએ તો સુખ પામીયે, તેનું કેમ?

ઉત્તર—[illegible] [illegible] [illegible] અક્રિયાવાદીના મત [illegible] તે કેમ [illegible] [illegible] આત્માને સુખ દઈએ તો સુખ પામીયે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સુખ આદિ નહિ તો,

પછી ક્યાંથી ? કારણે કાર્ય બનેત. શુકલ તંતુનું પટ્ટ વણતાં રક્ત પટ્ટ ન થાય, નિમે શુકલજ થાય તેમ અહિં આત્માને સુખ દઇએ તો સુખ મળે. ઇત્યાદિ ભાષાના બોલનારને ભગવંતે શાતાવાદી કહ્યા છે. તે અક્રિયાવાદી મિથ્યાત્વી જાણવા. ખુલાસા માટે ટીકા જોઈ નિર્ણય કરજો.

પ્રશ્ન ૨૪—સૂત્રમાં કહ્યું છે કે, चरित्तभट्ठा सिज्झंति, समत्तभट्ठा न सिज्झंति.

આ ઉપરથી એમ જણાય છે કે ચારિત્રથી ભ્રષ્ટ થયેલા સિદ્ધ થાય ખરા, પણ સમકિતથી પડેલા સિદ્ધ ન થાય એમ કેટલાએકનું માનવું છે. તે કેમ ?

ઉત્તર—એ માનવું ખોટું છે. એ પાઠ મહાનિશીથ સૂત્રનો છે એમ જણાય છે. ઉપર કહેલા બે શબ્દનો અર્થ તમારા ઉપર જણાવ્યા પ્રમાણે નથી, એ વાત નિઃસંશય છે. એવા વાક્ય શાસ્ત્રમાં હોય તો તદ્દન ઉલટથીજ ઉધું મરાય. શાસ્ત્રકાર જે જે શબ્દ મૂકે તેનો દીર્ઘ દૃષ્ટિએ વિચાર કરી ઉચ્ચાર કરવો કે જે શબ્દ બોલતાં બાધક આવે નહિ. ચારિત્રથી ભ્રષ્ટ થયેલા સિદ્ધ થતા હોય તો ચારિત્ર પાળેજ કોણ ? કદાપિ કોઇ બાળવયમાં કે અજ્ઞાન પણે દીક્ષિત થયેલા હોય તેવાઓ આવાં વાક્ય સાંભળી સંયમથી પતિત થાય તો તેને સંયમથી ભ્રષ્ટ થવાનો ડર હોયજ શાનો. અને તેવાઓ તો એમજ માને કે આપણે સમકિત મજબૂત રાખો ચારિત્રની કાંઇ જરૂર નથી, એમ માની ચારિત્રથી પતિત થવાનો જરા પણ ડર રાખે નહિ. વર્તમાન સમયનો વિચાર કરતાં ઉપરોક્ત શબ્દની અસર કેમ જાણે નવીન જૈન માર્ગી પંથમાં થઇ હોય એમ જોવામાં આવે છે. કેટલાક મુહપતિ રજોહરણ કોરે મૂકીને સંયમ થકી ભ્રષ્ટ થયેલા અને પોતાના માટે રસોઇઓ બનાવેલી જમનારા સ્ત્રિયોના પરિચયમાં વસનારા અને સંસારી ક્રિયાનો સ્વીકાર કરનારા સાંભળીએ છીએ. પણ ચારિત્રથી ભ્રષ્ટ થયેલા, અને સાધુપણું મૂકી નિડરપણે આશ્રવોનું સેવન કરનારાને સૂત્રમાં ખુલ્લી રીતે વિરાધક કહ્યા છે. અને આચારાંગ તથા સૂયગડાંગજી વગેરે સૂત્રોમાં ચારિત્રથી ભ્રષ્ટ થયેલાને મહા માઠાં ફળ કહ્યાં છે. તો પછી સિદ્ધ થવાની એટલે મોક્ષ ફળની તો આશા હોયજ ક્યાંથી ?

પ્રશ્ન ૨૫—તો પછી મહાનિશીથ સૂત્રમાં ઉપરોક્ત પાઠ હોય તો તેનું શું સમજવું ?

ઉત્તર—મહાનિશીથ સૂત્ર કેટલાક બત્રીસ સૂત્ર પ્રમાણે માને છે અને કેટલાક નથી પણ માનતા. આ સૂત્રના કર્તાએ કેવા આશયથી શબ્દ મુકેલો

હોય તેનો અભિપ્રાય તો તેજ જાણી શકે. પણ આપણે એટલું તો જાણી શકીએ કે, ચારિત્રથી ભ્રષ્ટ થયેલા કદિ સિદ્ધ થાય નહિ. અને ભગવંતનું એવું વાકય ત્રણ કાળમાં હોય નહિ.

માટે સિદ્ધાંતના ન્યાય પ્રમાણે આ શબ્દનો અર્થ બીજાજ પ્રકારનો છે. સાંભળો.

चरित्त मठ्ठा सिज्झंति, समत्त मठ्ठा न सिज्झंति.

આનો અર્થ એમ થાય છે કે, ચારિત્ર મૂકીને સિદ્ધ થાય, પણ સમકિત મૂકીને સિદ્ધ થાય નહિ. એટલે ચારિત્રની સ્થિતિ ભગવતીજીમાં જઘન્ય અંતર્મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ટી દેશે ઉણી પૂર્વક્રોડની, અને મોક્ષ જવા વાળાને સમકિતની સ્થિતિ અંત રહિત કહી છે, એટલે અક્ષય સ્થિતિ કહી છે. તો સિદ્ધ થવા વાળાની ચારિત્રની સ્થિતિ અહિંયાં પૂરી થવાથી તે ચારિત્રને સાથે લઈને જતા નથી અને સમકિત તો સાથેજ લઈને જાય છે. એટલે સિદ્ધના જીવ ચારિત્ર અહિંયાં મૂકીને જાય છે. ભઠ્ઠાનો અર્થ ભ્રષ્ટ નહિ પણ સાથે નહિ લઈ જવાનો, એટલે અહિંયાં મૂકીને જવાનો એમ સમજો. યથાખ્યાત ચારિત્ર અને ક્ષાયક સમકિત વાળાજ જીવ મોક્ષ ગતિને પ્રાપ્ત થાય છે. અને ભગવતીજીના ૨૫ મા શતકમાં સંજયાને અધિકારે જથાખ્યાત ચારિત્રની સ્થિતિ જઘન્ય એક સમયની ને ઉત્કૃષ્ટ દેશે ઉણી પૂર્વક્રોડની કહી છે. અને ક્ષાયક સમકિતની સ્થિતિ સાઇએ અપજ્જ વસીયે આદિ સહિત અને અંત રહિત કહેલ છે. માટે ચારિત્ર અહિંયાં મૂકીને અને સમકિત સાથે લઈને જાય તેને "ચરિત્ત ભઠ્ઠા સિજ્ઝંતિ, સમત્ત ભઠ્ઠા ન સિજ્ઝંતિ" કહેલ છે.

પ્રશ્ન ૨૬–કેટલાક કહે છે કે, હાલમાં કોઇ ઠેકાણે સાધુ જોવામાં આવતા નથી. અને ભગવંતે જે પ્રમાણે સિદ્ધાંતમાં સાધુનો આચાર કહ્યો છે તે પ્રમાણે કોઇ સાધુ ચારિત્ર પાળતા નથી. માટે જ્ઞાન અને સમકિત તેજ શ્રેષ્ટ છે. જ્ઞાન જાણવાથીજ મોક્ષ છે, ચારિત્રની કાંઇ જરૂર નથી. ઈત્યાદિક ભાષાના બોલનાર જ્ઞાનવાદીઓ માટે સૂત્ર શાસ્ત્ર ફરમાવે છે ખરૂં?

ઉત્તર–ઠાણાંગ સૂત્ર ઠાણે ૭ મે સાત પ્રકારની વિકથા કહી છે. તેમાં સાતની કથા ચારિત્ર ભેદની એટલે ચારિત્રમાં ભેદ પાડવાની, યા ચારિત્ર ભેદની એટલે જે ભાષા બોલવાથી ચારિત્રનો નાશ થાય એવી ભાષા, તથા દૂષણ: ચારિત્ર છે નહિ સાધુને પ્રમાદના બહુલપણા થકી અતિચાર ઘણા લાગે, વળી અતિચારની શુદ્ધિના કરનાર આચાર્ય અને પ્રાયશ્ચિતના લેનાર

જે સાધુ એ બેઉ આજ નથી. અને તીર્થ તે તો જ્ઞાન દર્શને પ્રવર્તે છે. તે માટે જ્ઞાન દર્શનને વિષે યત્ન કરવો. ઈત્યાદિ સાંભળતાં ચારિત્રની શ્રદ્ધા જાય, માટે એવી ભાષાના બોલનારની ભાષા ભગવંતે વિકથા કહી. અર્થાત્ એવી ભાષાના બોલનારા તે વિકથાના બોલનાર જાણવા. ટીકા જોઇ નિર્ણય કરજો.

પ્રશ્ન ૨૭—કેટલાક કહે છે કે. આત્મા કર્મનો કર્તા નથી, તેથી આત્માને પાપ લાગતું નથી. તે કેમ ?

ઉત્તર—સૂયગડાંગ સૂત્ર, શ્રુતસ્કંધ ૧ લે, ઉદ્દેશે ૧૦ મે–ગાથા ૧૬ મીમાં કહ્યું છે કે, જે એમ માને છે કે. આત્મા કર્મનો કર્તા નથી અને અનેરે પુછ્યા આત્મા તો સદાય મોક્ષ રૂપજ છે. એમ કહી આરંભને વિષે પ્રવર્તે શ્રદ્ધી છતાં, તેને માટે ભગવતે કહ્યું કે, તે ધર્મના અજાણને આત્માનો હેતુ જે મોક્ષ તે થકી વિમુખ કે'તાં અવળા છે.

પ્રશ્ન ૨૮—કેટલાક કહે છે કે, કર્મનો કર્તા કર્મ છે, આત્મા નથી. જો આત્મા કર્મનો કર્તા હોય તો સિદ્ધનો આત્મા કર્મ કરે, માટે જીવની સાથે રહેલાં કર્મ વડે કરીને કર્મનું લાગવાપણું થાય છે. એટલે કર્મને કર્મ લાગે છે, આત્માને કર્મ લાગતાં નથી. તેનું કેમ ?

ઉત્તર—તમારા કહ્યા પ્રમાણે જો આત્માને કર્મ લાગતાં નથી તો આત્માને સંસારમાં પરિભ્રમણ શા માટે કરવું પડે ? તે તો મોક્ષેજ જવો જોઇએ. મોક્ષ જવાવાળા જીવો તો સર્વથા કર્મના નાશે કરીને સર્વથા કર્મથી મુક્ત થાય છે, ત્યારેજ તે જીવ મોક્ષ પામે છે તે સિવાયના જીવો તો સંસારમાં પરિભ્રમણ કરતા આપણે જોઇએ છીએ, તે પરિભ્રમણ કરાર-નાર કર્મ એટલે કર્મવડે જીવને પરિભ્રમણ થાય છે. તે કર્મનો કર્ત્તા આત્મા નહિ તો બીજો કોણ ? માટે એમ માનો કે કર્મનો કર્તા આત્માજ છે. અને ઉત્તરાધ્યયનના ૨૦ મા અધ્યયનમાં પણ એજ કહ્યું છે કે, अप्पा कत्ता विकत्ताय, दुहाणय सुहाणय; આત્મા એજ સુખ અને દુઃખનો કર્ત્તા અને અકર્ત્તા છે, સુખ દુઃખ તે કર્મને લઇનેજ થાય છે, માટે કર્મનો કર્ત્તા આત્મા છે

પ્રશ્ન ૧૯—આત્માજ કર્મ કરે છે અને આત્માનેજ કર્મ લાગે છે, એમ જો માનીએ તો સિદ્ધનો જીવ પણ આત્મા છે, તો પછી સિદ્ધના જીવને કર્મ કેમ ન લાગે ?

ઉત્તર—સિદ્ધના જીવ અકર્મા છે, માટે તેને કર્મ ન લાગે. આચારાંગજીમાં કહ્યું છે કે—अकम्मास ववहारो न विज्जति. અકર્મા એવા સિદ્ધને કર્મ

લાગવાને વ્યવહાર નથી. જેણે મોહનીય આદિ આઠે કર્મનો નાશ કર્યો હો
તેને કર્મ લાગતાં નથી. જેમ બળેલું બીજ ઉગે નહિ તેમ આત્મા સા
લાગેલાં કર્મ જપ તપાદિ ક્રિયારૂપ અગ્નિએ દગ્ધ થયેલાને આત્મ પ્રદેશથ
ખરીને નાશ થયેલા તે ફરીથી આત્માને લાગુ થતાં નથી, વળગી શક
નથી, જેમ અગ્નિથી બળેલા કાષ્ટની ખરી પડેલી શ્વેત ભસ્મને ફરીથી અ
લાગતો નથી, તેમ આત્મ પ્રદેશથી સર્વથા ક્ષય થયેલાં કર્મોનાં પરમાણુએ
ફરીથી ચોટતાં નથી, એ વાત સિદ્ધાંતથી સિદ્ધ થાય છે.

પ્રશ્ન ૩૦—એ તો સૌ કોઇ કહે છે અને અમારૂં પણ એમજ માન
છે કે સિદ્ધને કર્મ લાગતાં નથી, પણ કર્મ સહિત જીવ છે, માટે કર્મ
કર્મ લાગે છે.

ઉત્તર—કેટલાક, કહેવાતા આત્મવાદીઓ એમ માને છે ખરા
આત્માને કર્મ લાગતાં નથી, પણ કર્મને કર્મ લાગે છે, આમ બોલવાને
ખરો હેતુ શો છે તે જણાવવો જોઇએ.

પ્રશ્ન ૩૧—આત્મા અરૂપી છે ને કર્મ રૂપી છે, તો અરૂપીને રૂપ
કેવી રીતે લાગે? તેનો મેળાપ કેવી રીતે થાય? માટે અમારૂં માનવું એ
છે કે કર્મને કર્મ લાગે છે.

ઉત્તર—જો કર્મને કર્મ લાગતાં હોય તો જીવ વિના કર્મ કો
લાગે? જડને કર્મ લાગતા નથી. જડ જડનો મેળાપ થાય. પુદ્ગલ
પુદ્ગલનું મળવું થાય તો પણ તે પુદ્ગલજ કહેવાય છે, તેનો ખંધ કહેવા
છે, પણ કર્મ કહેવાતાં નથી. કર્મ તો અઢાર પાપસ્થાનકાદિકના સેવનથી
વિષય કષાયાદિકથી તથા શુભાશુભ કૃત્યો કરવાથી શુભાશુભ યોગન
વ્યાપારથી જીવને કર્મ લાગે છે, એમ સૂત્રમાં કહ્યું છે તો તે વ્યાપા
જીવનેજ હોય છે, જડને હોતો નથી. માટે મન, વચન, કાયાના યોગ
અને ઇંદ્રિયોના વ્યાપારે તેમજ રાગ દ્વેષની પરિણતિઓ ઇત્યાદિ કારણોમાં
આત્માનું તલ્લીનપણું થવાથી, એટલે આઠ કર્મોનો બંધ થવાની જે
પ્રકૃતિઓ છે તે તે પ્રકૃતિઓને આત્માની વૃત્તિરૂપ પીચકારી વડે એંચીને
જે પુદ્ગલો ગ્રહણ કરવામાં આવે છે, તે પુદ્ગલોનો આત્મ પ્રદેશ સા
મેળાપ થાય છે. તે જેમ ક્ષીર નીરની પેરે તથા લોહપિંડ અગ્નિની પે
એક રૂપે મળી જાય છે તેનું નામ કર્મ કહેવામાં આવે છે. તે કર્મનો કર
આત્મા નહિ તો બીજો કોણ? ભગવતીજી સૂત્રમાં કહ્યું છે કે—જીવ કર્મના
પુદ્ગલોને ગ્રહણ કરે છે. અને જે પુદ્ગલોને જીવ ગ્રહણ કરે છે તે પ્રયોગ
સા પુદ્ગલ કહેવાય છે.

હવે કયા જીવો કર્મોને (કર્મોનાં પુદ્ગલોને) ગ્રહણ કરે છે? બે પ્રકારના કહ્યા છે. એક સકર્મા અને બીજા અકર્મા. તેમાં અક કર્મ લાગતાં નથી. અને સકર્મા એટલે જીવ અને કર્મનો અનાદિ રહ્યો છે તે જીવો સકર્મા કહેવાય છે, તે બંધ કોઇનો કરેલો નથી. પૃથ્વીમાં સુવર્ણ અને માટીનો મેળાપ ક્યારે થયો તેની આદિ તેમ જીવ અને કર્મના મેળાપની આદિ નથી. એવા સકર્મા જીવને ઇંદ્રિયો અને મન રૂપ પીચકારી વડે આત્મરૂપ હસ્તે કરી કર્મ રૂપ જ ખેંચાણ થાય છે એટલે એકલી પીચકારીથી જલનું ખેંચાણ થાય એકલા હાથથી પણ જલનું ખેંચાણ થાય નહીં, તેમ આત્મ પ્રદેશ રહેલા કાર્મણ શરીરના પ્રયોગે અને આત્મવૃત્તિના ખેંચાણે કર્ પુદ્ગલોને ખેંચીને પુદ્ગલોને આત્મ પ્રદેશ સાથે એક રૂપે મ કાર્મણ શરીરની સાથે તૈજસ શરીર (જઠરા રૂપે રહેલ છે તે) વડે ત્મપ્રદેશ અને કાર્મણ શરીર સાથે એક રૂપે પાચન કરવા રૂપ મે કરે છે. આનું નામ આત્મા સાથે કર્મનું મળવું યા કર્મનો બંધ કહે આવે છે. માટે જેનું માનવું એમ છે કે કર્મને કર્મ ગ્રહણ કરે છે તે મિથ્યા છે, સૂત્રના ન્યાયે તો આત્માજ કર્મને ગ્રહણ કરે છે. માટે ક કર્તા આત્મા છે, કર્મ નથી એ વાત સૂત્ર ન્યાયે સિદ્ધ છે,

પ્રશ્ન ૩૨—કેટલાક પોતાને વિષે સંયમીપણું માની બીજાને ભમાં ન ગણે તેનું કેમ?

ઉત્તર—સૂયગડાંગ સૂત્ર શ્રુતસ્કંધ પહેલે અધ્યયન ૧૩ મે ગાથા બીમાં કહ્યું છે કે જે કોઇ એમ માને જે હુંજ સંયમવંત છું, હુંજ છું, પરમાર્થ અજાણતો એમ માને તથા હુંજ તપસ્વી છું. એમ માનતો બીજાને પૂતળા સરખા ગણી લેખામાં નગણે તે જેમ મૃગ પાસ પડયા દુ:ખ પામે તેમ એકાંત સંસાર માંહી ફરી દુઃખ પામે. ને મદે રાચે તે સર્વજ્ઞના માર્ગનો અજાણ થકોજ પ્રવર્તે. એમ કહ્યું છે.

પ્રશ્ન ૩૩—કેટલાક જ્ઞાનવાદીઓ કહે છે કે-અમારે વ્રત, નિ પચ્ચખાણ કે ત્યાગ કરવાની શી જરૂર? અર્થાત્ અમારે ક્રિયા કરવાની જરૂર નથી. જ્ઞાન વડે અમે તમામ સ્વરૂપ જાણીએ છીએ, મોક્ષ કેમ થાય છે. તે તો અમારા આત્માને જાણપુંજ વર્તે છે. માટે ક્રિયાની જરૂર નથી. ક્રિયા તો આંધળી છે. જ્ઞાન વિનાની ક્રિયા મોક્ષ ફળને આ નથી; માટે જ્ઞાનથીજ મોક્ષ મળે છે, તે વાત ખરી છે?

લાગવાને વ્યવહાર નથી. જેણે મોહનીય આદિ આઠે કર્મનો નાશ કર્યો હોય તેને કર્મ લાગતાં નથી. જેમ બળેલું બીજ ઉગે નહિ તેમ આત્મા સાથે લાગેલાં કર્મ જપ તપાદિ ક્રિયારૂપ અગ્નિએ દગ્ધ થયેલાને આત્મ પ્રદેશથી ખરીને નાશ થયેલા તે ફરીથી આત્માને લાગુ થતાં નથી, વળગી શકતાં નથી, જેમ અગ્નિથી બળેલા કાષ્ટની ખરી પડેલી શ્વેત ભસ્મને ફરીથી અગ્નિ લાગતો નથી, તેમ આત્મ પ્રદેશથી સર્વથા ક્ષય થયેલાં કર્મોનાં પરમાણુઓ ફરીથી ચોટતાં નથી, એ વાત સિદ્ધાંતથી સિદ્ધ થાય છે.

પ્રશ્ન ૩૦—એ તો સૌ કોઇ કહે છે અને અમારું પણ એમજ માનવું છે કે સિદ્ધને કર્મ લાગતાં નથી, પણ કર્મ સહિત જીવ છે, માટે કર્મને કર્મ લાગે છે.

ઉત્તર—કેટલાક, કહેવાતા આત્મવાદીઓ એમ માને છે ખરા કે આત્માને કર્મ લાગતાં નથી, પણ કર્મને કર્મ લાગે છે, આમ બોલવાનો ખરો હેતુ શો છે તે જણાવવો જોઇએ.

પ્રશ્ન ૩૧—આત્મા અરૂપી છે ને કર્મ રૂપી છે, તો અરૂપીને રૂપી કેની રીતે લાગે? તેનો મેળાપ કેવી રીતે થાય? માટે અમારું માનવું એમ છે કે કર્મને કર્મ લાગે છે.

ઉત્તર—જો કર્મને કર્મ લાગતાં હોય તો જીવ વિના કર્મ કોને લાગે? જડને કર્મ લાગતાં નથી. જડે જડનો મેળાપ થાય. પુદ્ગલે પુદ્ગલનું મળવું થાય તો પણ તે પુદ્ગલજ કહેવાય છે, તેનો બંધ કહેવાય છે, પણ કર્મ કહેવાતાં નથી. કર્મ તો અઢાર પાપસ્થાનકાદિકના સેવનથી, વિષય કષાયાદિકથી તથા શુભાશુભ કૃત્યો કરવાથી શુભાશુભ યોગના વ્યાપારથી જીવને કર્મ લાગે છે, એમ સૂત્રમાં કહ્યું છે તો તે વ્યાપાર જીવનેજ હોય છે, જડને હોતો નથી. માટે મન, વચન, કાયાના યોગે અને ઇંદ્રિયોના વ્યાપારે તેમજ રાગ દ્વેષની પરિણતિઓ ઇત્યાદિ કારણોમાં આત્માનું તલ્લીનપણું થવાથી, એટલે આઠ કર્મોનો બંધ થવાની જે જે પ્રકૃતિઓ છે તે તે પ્રકૃતિઓને આત્માની વૃત્તિરૂપ પીચકારી વડે ખેંચીને જે પુદ્ગલો ગ્રહણ કરવામાં આવે છે, તે પુદ્ગલોનો આત્મ પ્રદેશ સાથે મેળાપ થાય છે. તે જેમ ક્ષીર નીરની પેરે તથા લોહપિંડ અગ્નિની પેરે એક રૂપે મળી જાય છે તેનું નામ કર્મ કહેવામાં આવે છે. તે કર્મનો કર્તા આત્મા નહિ તો બીજો કોણ? ભગવતીજી સૂત્રમાં કહ્યું છે કે—જીવ કર્મનાં પુદ્ગલોને ગ્રહણ કરે છે. અને જે પુદ્ગલોને જીવ ગ્રહણ કરે છે તે પ્રયોગસા પુદ્ગલ કહેવાય છે.

હવે કયા જીવો કર્મોને (કર્મોનાં પુદ્ગલોને) ગ્રહણ કરે છે? જીવ બે પ્રકારના કહ્યા છે. એક સકર્મા અને બીજા અકર્મા. તેમાં અકર્માને કર્મ લાગતાં નથી. અને સકર્મા એટલે જીવ અને કર્મનો અનાદિ બંધ રહ્યો છે તે જીવો સકર્મા કહેવાય છે, તે બંધ કોઇનો કરેલો નથી. જેમ પૃથ્વીમાં સુવર્ણ અને માટીનો મેળાપ કયારે થયો તેની આદિ નથી તેમ જીવ અને કર્મના મેળાપની આદિ નથી. એવા સકર્મા જીવને શરીર ઈંદ્રિયો અને મન રૂપ પીચકારી વડે આત્મરૂપ હસ્તે કરી કર્મ રૂપ જળનું ખેંચાણ થાય છે. એટલે એકલી પીચકારીથી જળનું ખેંચાણ થાય નહિ, એકલા હાથથી પણ જળનું ખેંચાણ થાય નહીં, તેમ આત્મ પ્રદેશ સાથે રહેલા કાર્મણ શરીરના પ્રયોગે અને આત્મવૃત્તિના ખેંચાણે કર્મોનાં પુદ્ગલોને ખેંચીને પુદ્ગલોને આત્મ પ્રદેશ સાથે એક રૂપે મળેલા કાર્મણ શરીરની સાથે તૈજસ શરીર (જઠરા રૂપે રહેલ છે તે) વડે આત્મપ્રદેશ અને કાર્મણ શરીર સાથે એક રૂપે પાચન કરવા રૂપ મેળાપ કરે છે. આનું નામ આત્મા સાથે કર્મનું મળવું યા કર્મનો બંધ કહેવામાં આવે છે. માટે જેનું માનવું એમ છે કે કર્મને કર્મ ગ્રહણ કરે છે તે વાત મિથ્યા છે, સૂત્રના ન્યાયે તો આત્માજ કર્મને ગ્રહણ કરે છે. માટે કર્મનો કર્તા આત્મા છે, કર્મ નથી એ વાત સૂત્ર ન્યાયે સિદ્ધ છે,

પ્રશ્ન ૩૨—કેટલાક પોતાને વિષે સંયમીપણું માની બીજાને હિસાબમાં ન ગણે તેનું કેમ?

ઉત્તર—સૂયગડાંગ સૂત્ર શ્રુતસ્કંધ પહેલે અધ્યયન ૧૩ મે ગાથા ૮૯ મીમાં કહ્યું છે કે જે કોઇ એમ માને જે હુંજ સંયમવંત છું, હુંજ જ્ઞાની છું, પરમાર્થ અજાણતો એમ માને તથા હુંજ તપસ્વી છું. એમ પોતે માનતો બીજાને પૂતળા સરખા ગણી લેખામાં ન ગણે તે જેમ મૃગ પાસમાં પડયા દુ:ખ પામે તેમ એકાંત સંસાર માંહી ફરી દુઃખ પામે. ને માટે કરી શાથે તે સર્વજ્ઞના માર્ગનો અજાણ થકોજ પ્રવર્તે. એમ કહ્યું છે.

પ્રશ્ન ૩૩—કેટલાક જ્ઞાનવાદીઓ કહે છે કે-અમારે વ્રત, નિયમ, પચ્ચખાણ કે ત્યાગ કરવાની શી જરૂર? અર્થાત્ અમારે ક્રિયા કરવાની કાંઇ જરૂર નથી. જ્ઞાન વડે અમે તમામ સ્વરૂપ જાણીએ છીએ, મોક્ષ કેમ મેળવાય છે. તે તો અમારા આત્માને આબેહુબ વર્તે છે. માટે ક્રિયાની કાંઈ જરૂર નથી. ક્રિયા તો અ.ધળી છે. જ્ઞાન વિનાની ક્રિયા મોક્ષ સ્થાને આપતી નથી; માટે જ્ઞાનથીજ મોક્ષ મળે છે, તે વાત ખરી છે?

ઉત્તર—જો તો એકાંતવાદીનું વાક્ય છે, અનેકાંતવાદી તીર્થંકર મહારાજે તો જ્ઞાન અને ક્રિયા બન્ને મળવાથીજ મોક્ષ કહેલ છે. યથાખ્યાત ચારિત્ર અને ક્ષાયક સમકિત વિના મોક્ષ નહીં એમ ભગવતીજી સૂત્રમાં કહ્યું છે. માટે નહીં એકલી ક્રિયાથી મોક્ષ કે નહીં એકલા જ્ઞાનથી મોક્ષ. જ્ઞાન અને ક્રિયા બન્ને હોય ત્યારેજ મોક્ષની પ્રાપ્તિ કહી છે. ઉત્તરાધ્યયનના ૨૮ મા અધ્યયનમાં બીજીજ ગાથામાં મોક્ષ પ્રાપ્તિના સાધન માટે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ ચાર જોગ કહ્યા છે. તેમજ મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે—

હયં નાણં ક્રિયાહીણં, હયા અન્નાણઓ ક્રિયા; પાસંતો પંગુલો દિઠો, ધાવમાણો ય અંધઓ. ૧ સંજોગ સિદ્ધીઇ ફલં વયંતિ, ન હુ એગ ચક્કેણ રહો પયાઇ; અંધો ય પંગૂ ય વણે સમિચ્ચા, તે સંપઉત્તા નગરં પવિઠ્ઠા. ૨॥

અર્થ—જેમ કોઈ પુરુષ જ્ઞાનવાન છે અને ક્રિયા રહિત છે, [illegible]

[illegible]

નદીના પ્રવાહમાં તણાઈ જાય. તેમ જ્ઞાનવાન્ પુરૂષ ધર્મ ક્રિયા ન કરે તો, સંસાર સમુદ્રમાં ડૂબે.

પ્રશ્ન ૩૪–કેટલાક એમ કહે છે કે સૂત્રના ન્યાયે જ્ઞાન અને ક્રિયાનો મુકાબલો કરતાં ક્રિયાથી જ્ઞાન ચઢી જાય છે. ભગવતીજીના ૮ મા શતકમાં ૧૦ મે ઉદ્દેશે કહ્યું છે કે–જ્ઞાનવાન છે અને ક્રિયા નથી તે દેશથી વિરાધક છે ૧ અને જે ક્રિયાવાન છે અને જ્ઞાન નથી તે દેશથી આરાધક છે ૨ ક્રિયા અને જ્ઞાન બંને સંયુક્ત હોય તે સર્વથા આરાધક ૩ અને ક્રિયા કે જ્ઞાન એમાંથી એક ન હોય તે સર્વથા વિરાધક કહેલ છે. ૪ તો ક્રિયાથી જ્ઞાનવાન્ ચઢીઆતો કહ્યો. એકલી ક્રિયાવાળો દેવગતિ આશ્રી દેશથી આરાધક કહ્યો, અને એકલા જ્ઞાનવાળો (સમકિતી) વખતે નરકે જાય તે આશ્રી દેશથી વિરાધક કહ્યો. જે દેશથી આરાધક તે ભવ આશ્રી સર્વથા વિરાધક એટલે ભવ ઘટ્યો નહિ માટે અને જે દેશથી વિરાધક તે ભવ આશ્રી સર્વથા આરાધક એટલે ભવ ઘટવા આશ્રી કહેલ છે. માટે અમે જ્ઞાનીઓ ભલે ક્રિયાનો સ્વીકાર ન કરીએ તો અમને ન્યુનતાની કેટલી કે માત્ર એક રૂપીયાની ૧૯૨ પાઇમાંની એક પાઇ જેટલી (વિરાધક પદની) છે. પણ ૧૯૧ પાઇ જેટલો (આરાધકપણાનો) નફો છે. કાગળના આખા ધોળા કાગળમાં એક જરા જેટલું શાહીનું ટપકું પડે તેટલું વિરાધકપણું છે, બાકી જેટલું ધોળાશપણું તેટલું આરાધકપણું છે. અને ક્રિયાવાળાને એથી તદ્દન ઉલટુંજ છે. માટે અમે સંપૂર્ણ જ્ઞાનનોજ સ્વીકાર કરીએ છીએ તે શું ખોટું છે!

ઉત્તર—ઉપર કહેલી કેટલીક વાત ભગવતીજી સૂત્રમાં છે ખરી, પણ માન્યતામાં તફાવત જણાય છે. એજ ઉપર કહેલા અધિકારની શરૂઆતમાં ગૌતમ સ્વામીએ અન્યતીર્થીને ઉદ્દેશીને પ્રશ્ન કહેલ છે કે એક અન્યતીર્થી જ્ઞાનને શ્રેષ્ઠ માને છે. તેનું કેમ? તેના જવાબમાં ભગવંતે એમ કહ્યું કે એ માનવું મિથ્યા છે. એમ કહી ભગવંતે ચાર પ્રકારના પુરૂષની વ્યાખ્યા કરી સંભળાવી, તે પ્રશ્નકારના કહ્યા મુજબ છે. આ ઉપરથી એમ જણાય છે કે અહિંયાં ભગવંતે બે વર્ગ પાડ્યા. એક એકાંતવાદીનો અને બીજો અનેકાંતવાદીનો તેમાં એકાંતવાદીના બે મત જણાવ્યા એક જ્ઞાનવાદી અને બીજા ક્રિયાવાદી. આ બન્નેને ભગવંતે મિથ્યાવાદમાં ગણી કાઢ્યા.

તેમજ સૂયગડાંગજીના છઠ્ઠા અધ્યયનમાં પણ કહ્યું છે કે—

. किरियाव किरियं विणइयाणुवायं, अन्नाणियाणं पडियच्च ठाणं ; से स-
व्ववायं इति वेयइत्ता, उवट्ठीए संजम दीहरायं ॥ २७ ॥

અર્થ:—ક્રિયાવાદી, અક્રિયાવાદી (જ્ઞાનવાદી) અજ્ઞાનવાદી અને વિનયવાદી આ ચારે વાદીઓ, પોતપોતાના સ્થાનમાં રહ્યા થકા, તે સર્વ પોતાના વેદ કહેતાં શાસ્ત્રનો વિવાદ કરતાં થકાં એમ બોલે જે અમેજ ધર્મને વિષે ઉપસ્થિતા (ઉભા) સાવધાન થવા છીએ એમ માને. પણ ભગવંત મહાવીર દેવ કહે છે કે—તે તે દીર્ઘ રાત્ર યા દીર્ઘ રોહને વિષે પડયા છે. એટલે અજ્ઞાનરૂપ અંધારી અટવીમાં લાંબા પંથને વિષે તે વાદીઓ પડયા છે. તેમજ તે સૂત્રના બીજા શ્રુતસ્કંધમાં પુંડરિક અધ્યયનમાં કહ્યું છે કે—ચારે દિશિમાંથી આવેલા ચારે વાદીઓ સંસારરૂપી પુષ્કરણી વાવમાં રહેલા ચક્રવર્ત્યાદિક નાના મોટા રાજાઓ રૂપ પદ્મકમળને ઉધરવા આવતા અધવચ કામ ભોગ રૂપ કાદવમાંજ ખુંતા પડયા છે. એ એકાંતવાદીનો મત જણાવ્યો, માટે એકાંત જ્ઞાનવાદી અને ક્રિયાવાદીને માટે તો સંસાર પરિભ્રમણજ ભગવંતે કહેલ છે.

પ્રશ્ન ૩૫—ભગવતીજીના ૩૦ મા શતકમાં ક્રિયાવાદીને સમકિત દ્રષ્ટી કહ્યા છે તેનું શું કારણ ?

ઉત્તર—ત્યાં ક્રિયાવાદી આદિ ચારે બોલ કહ્યા છે તેમાં સમકિત દ્રષ્ટીથી માંડી સાધુપણાના સર્વ બોલ ક્રિયાવાદીમાં ગણ્યા છે. તે અનેકાંત વાદીને લઇને ગણ્યા છે. બાકીના ત્રણ (અક્રિયાવાદી (જ્ઞાનવાદી), અજ્ઞાનવાદી અને વિનયવાદી) એકાંત પક્ષને લઇને મિથ્યાવાદમાં ગણ્યા છે. તેમજ દશાશ્રુતસ્કંધમાં પણ શ્રાવકની પડિમાના અધિકારે મંડાતા પ્રથમ અક્રિયાવાદી અને પછી ક્રિયાવાદીનો અધિકાર આવેલ છે, તેમાં અક્રિયાવાદીને ચોખ્ખા નાસ્તિકમાંજ ગણ્યા છે. અને ક્રિયાવાદીને ચોખ્ખા સમકિતી અને આસ્તિક કહ્યા છે.

ભગવંતે સ્વીકારેલા સમકિત દ્રષ્ટિ તો એવા હોવા જોઇએ કે પોતે વ્રતો પાળી ન શકે, પણ અનેરાને વ્રત પચ્ચખાણથી પડતા સ્થિર કરે, સંયમ લેનારને ઉપષ્ટંભ આપે—ટેકો આપે શ્રીકૃષ્ણ શ્રેણિકવત્, નહિ કે ચાલતા જમાનાના કહેવાતા પોતાની મેળે માની બેઠેલા સમકિતી જ્ઞાનવાદીઓ નાસ્તિકની પેઠે સાધુઓને સંયમથી ભ્રષ્ટ કરનારા, વ્રત પચ્ચખાણથી પાડનારા પોતે ભ્રષ્ટ થઇ બીજાઓને પણ ભ્રષ્ટ બનાવનારા, એવા અક્રિયાવાદીને ભગવંતે સ્વીકારેલા નથી. ભગવંતે તો સમકિત દ્રષ્ટિને શ્રમણોપાસકની પ્રવર્ત્યાના પાલક કહ્યા છે. શ્રમણ નામ સાધુ અને ઉપાસક નામ શ્રાવક એ બન્નેની પ્રવર્ત્યાના એટલે સાધુ અને શ્રાવકના પ્રતિપાળના કરનારા, તેના રક્ષણના કરનારા કહ્યા છે. પૂર્વ કર્મના ઉદયે પોતે સાધુ કે શ્રાવકપણાના

ત્ત્નો પાળી શકતા નથી, તેનો ઓરતો-ઇછાપો પશ્ચાત્તાપ કરે છે, અને મુખે એમ પણ કહે કે મારાથી અંતરાય કર્મના ઉદયે વ્રત પચ્ચખાણાદિ બની શકતાં નથી, પણ તમે કરશો તો તમારા આત્માને મહાલાભ થશે એમ બીજાઓને વ્રત પચ્ચખાણાદિકનો ઉપદેશ આપી પોતાની સફળતા માને છે. માત્ર પોતાને ફરસના નથી, પણ સદ્દહણા પરૂપણા તો શુદ્ધજ હોય, એવા સમકિત દ્દષ્ટીને ભગવંતે જૈન ધર્મના ક્રિયાવાદીમાં ગણ્યા છે. શુકલપક્ષી કહ્યા છે. તેવા જીવો થોડા કાળમાં મોક્ષ જવાવાળા કહ્યા છે. એવા અનેકાંતવાદી ક્રિયાવાદી સમકિત દ્દષ્ટિનો ભગવંતે સ્વીકાર કર્યો છે.

પ્રશ્ન ૩૬—અભવીના મુંડેલા (?) મોક્ષ જાય કે નહિ ?

ઉત્તર—કેટલાક કહે છે કે-અભવીને તિન્નાણં તારયાણંનું પદ ન લાભે. કારણ કે પંડે તરે નહિ તો બીજાને કયાંથી તારે. અને અભવીને સમકિત નહિ તો તેના શિષ્યને પણ સમકિતની સદ્દહણા કયાંથી હોય ? આ પ્રમાણે કોઇ કોઇનું બોલવું થાય છે. તેના જવાબમાં એ વાત તો કેવળીગમ્ય છે. છદ્મસ્થથી અભવીની ઓળખાણ થઇ શકતી નથી, કે આ જીવ અભવી છે. કારણ કે કોઇ ખરાબમાં ખરાબ નીચમાં નીચ દુનિયાની દ્દષ્ટિએ નહિ કરવા યોગ્ય કામો કરતો હોય અને ભવી હોય. તથા શુદ્ધ સાધુપણામાં શુદ્ધ આચાર પાળતો શુદ્ધ આહારાદિકની ગવેષણા કરતો નિર્દોષ આહાર ભોગવતો સૂત્રમાં કહ્યા પ્રમાણે केवल चरिया કેવલ નામ સંપૂર્ણ નિઃકેવલ એકાંત ચરિયા નામ સાધુપણામાં વિચરવું. અર્થાત્ સાધુપણાની જે જે ક્રિયાઓ હોય તેમાં કાંઇ પણ દોષ નહિ લાગવા દેતાં મરણાંત સુધીમાં ચારિત્રની આરાધના કરી આરાધકપણામાં મરી નવગ્રૈવેયક સુધી જાય. (ચારિત્રનો વિરાધક નવગ્રૈવેયકે જાય નહિ.) માત્ર ખામી સમકિતની. આવા જીવ ભવી અભવી બન્ને હોય. પણ તે ભાવ તો કેવળી જાણે કે આ જીવ ભવી છે કે અભવી છે. માટે અભવીને છદ્મસ્થ જાણી શકે નહિ, તેમજ અભવી પોતે એમ ન જાણે જે હું અભવી છું. તેમજ અભવીને એવો વિચાર પણ ન થાય કે હું ભવી હોઇશ કે અભવી હોઇશ, સાખ આચારાંગ સૂત્રના અધ્યયન પાંચમાના પાંચમા ઉદ્દેશાની ટીકામાં છાપેલા આચારાંગ બાબુવાળાના પાને ૨૮૧ મે-ભાષામાં કહ્યું છે કે-અભવ્યને હું ભવ્ય અથવા અભવ્ય છું એવી શંકા ન સંભવે. તથા પાને ૩૮૪ મે-ટીકામાં કહ્યું છે કે-अभव्यस्यहि भव्याभव्य शंकाया अभावादिति भावः એટલે અભવીને એવી શંકા ન થાય, કે હું ભવી હોઇશ કે અભવી હોઇશ. એ વિચાર ભવીને હોય અભવીને ન હોય. પણ તે નવમા પૂર્વની ત્રીજી આચાર વસ્તુ સુધીનું અથવા અગીયાર

અંગનું જ્ઞાન મેળવી શકે. અને તેના બોધથી ઘણા ભવ્ય જીવોનું હૃદય ભેદાય તેવો બોધ પણ આપી શકે કે તે બોધથી ઘણાં જીવ વૈરાગ્ય પામી મોક્ષમાં પણ જઇ શકે. જે બોધ અભવી આપે તે કાંઇ તેના ઘરનો નથી, પણ સૂત્રજ્ઞાનના ઘરનો છે. અને સૂત્રજ્ઞાનની ઉત્કૃષ્ટી આરાધના કરનાર ભવ્ય જીવો હોય; તેથી એમ સંભવે છે કે, અભવીના બુઝવેલા મોક્ષ જાય.

પ્રશ્ન ૩૭—અભવીને તિન્નાણું તારયાણું નું પદ નથી, માટે તે તરી શકે નહિ તો બીજાને તારી કેમ શકે?

ઉત્તર—તિન્નાણું તારયાણું નું પદ તો એક તીર્થંકર મહારાજનેજ લાગુ છે. સૂત્રમાં તીર્થંકર સિવાય બીજા કોઇ પણ સાધુને એ પદ કહેલ નથી. પણ જે જે જીવનું તરવું થાય છે તે તો જ્ઞાન, દર્શન, ચારિત્રની ઉત્કૃષ્ટી આરાધના કરી શકે તેનેજ થાય છે અને તેજ મોક્ષ ફળ મેળવી શકે. તે શક્તિ ભવ્ય જીવને હોય છે, અભવીને એ શક્તિ નથી; તેથી તે તરી ન શકે. પણ તેની પાસે રહેલા જ્ઞાનથી તે જ્ઞાનના ગ્રહણ કરનારા ભવ્ય જીવ તરી શકે એમ સંભવે છે.

પ્રશ્ન ૩૮—અભવીને સમકિત નહિ તો તેના શિષ્યને સમકિત કે તેની સદહણા ક્યાથી હોય?

ઉત્તર—અભવીને નિશ્ચે સમકિત નથી, પણ ગ્રંથકાર તેને વ્યવહારથી દીપક સમકિત કહે છે. જેમકે રાત્રિ તો અંધારી છે, પણ દીપક મૂકવાથી આખા ઘરમાં પ્રકાશ કરે ને પદાર્થ તમામ જોવામા આવે તે કોને જોવામાં આવે? બીજા પુરૂષને, પણ દીપક ધારક જે દીવી તેને તો અંધારૂંજ છે. તેમ દીવી રૂપ અભવી, તેને અજ્ઞાનરૂપ અંધારૂંજ હોય. એટલે પહેલે ગુણ-ઠાણે છતાં સૂત્રજ્ઞાન રૂપ દીપક પ્રગટવે જ્ઞાન, દર્શન, ચારિત્ર, મોક્ષ રૂપ પદાર્થ, બીજા પુરૂષ રૂપ શિષ્યોને દર્શાવ થાય અર્થાત્ અભવી પાસે રહેલું સૂત્રજ્ઞાન તે ભવી જીવને ઉપયોગી થાય, તેને પ્રકાશ કરે, પણ અભવી રૂપ દીવીને તો અજ્ઞાન રૂપ અંધારૂંજ રહે. માટે અભવીના બુઝવ્યા મોક્ષ જાય તેમાં અટકાવ નહિ. તો પછી સમકિતનું તો કહેવુંજ શું?

ઠાણાંગજી ઠાણે ૪ થે—ઉદ્દેશે-બીજે ચોભંગીમા કહ્યું છે કે ૧ એક, પોતે તરે ને બીજાને તારે. (૨) એક, પોતે તરે ને બીજાને ન તારે (૩) એક, પોતે ન તરે અને બીજાને તારે. (૪) એક, પોતે ન તરે ને બીજાને ન તારે. આ ચોભંગીમાં પહેલે ભાંગે તીર્થંકર ૧, બીજે ભાંગે જિનકલ્પી પડિમાધારી ૨, ત્રીજે ભાંગે અભવી તથા દુર્ભવી; પોતે મોક્ષ ન જાય તેના

બુઝવેલા મોક્ષ જાય ૩ ચોથે ભાંગે મિથ્યાદૃષ્ટી અસંજતી બન્ને પક્ષના પોતે તરે નહિ ને બીજાને તારે નહિ.

અભવીના બુઝવ્યા તેના બોધથી જો ભવી દીક્ષા લે તો સમકિત પણ પામે અને મોક્ષ પણ જાય, એ શક્તિ પોતાના આત્માના ક્ષયોપશમની છે.

પ્રશ્ન ૩૯.—અભવી સંયમ આરાધી નવગ્રૈવેયકમાં જાય છે. તો તેનાં પચ્ચખાણ કે દુઃપચ્ચખાણ? તેનું મરણ તે પંડિત મરણ કે બાલ મરણ? તેને અકામ નિર્જરા કે સકામ નિર્જરા?

ઉત્તર—અભવી વ્યવહારથી સંયમનો આરાધક છે, પણ નિશ્ચયથી જ્ઞાન દર્શનનો આરાધક નથી. માટે જે પચ્ચખાણ છે તે સંયમ છે, માટે વ્યવહારથી તેનાં સુપચ્ચખાણ સમજાય છે, અને સયમધારામાં આરાધક પદે (સંથારાદિક કરી) મરે, માટે વ્યવહારથી તેને પંડિતમરણ પણ સંભવે. અને નિર્જરા આશ્રી તો અકામ નિર્જરાજ સંભવે છે, કારણકે અભવીને ભવ ઘટવાપણું નથી. સકામ નિર્જરાથી ભવ ઘટે છે, તે સમકિતને લઇને છે. તે ગુણ અભવીમાં નથી, માટે અકામ નિર્જરા સંભવે છે. તત્ત્વકેવળીગમ્ય.

પ્રશ્ન ૪૦.—પહેલા ગુણઠાણાની નિરવદ્ય કરણી આજ્ઞામાં કે આજ્ઞા બહાર?

ઉત્તર—વીતરાગ ભાષિત કરણી તો આજ્ઞામાં સમજાય છે, અને તે બાહીર ત્રણસે ત્રેસઠ પાખંડીના મતની કરણી નિરવદ્ય છતાં પણ તેને દુઃપ્રવર્ત્યા કહી છે, દુપચ્ચખાણ પણ કહ્યાં છે, એકાંત બાલ કહ્યા છે તે આશ્રી આજ્ઞા બહાર સમજાય છે.

પ્રશ્ન ૪૧.—કેટલાક કહે છે કે અભવીના ભવી થાય અને ભવીના અભવી થાય તેનું કેમ?

ઉત્તર—એ વાત તદ્દન ખોટી છે, ત્રણ કાળમાં બની નથી અને બને પણ નહિ કે અભવીના ભવી થાય, અને ભવીના અભવી થાય. એ કંઇ કોઇના કર્યા થયા નથી, તેમ કોઇ કાર્ય કર્મ કરવાથી થતા પણ નથી, ભવી અભવી તો સ્વાભાવિક છે. ભગવતીજીના ૧૨મા શતકના બીજે ઉદ્દેશે જયંતિ બાઇએ ભગવંત મહાવીરને પૂછ્યું કે મહારાજ! ભવ્ય જીવ સ્વભાવે કે પરિણામે? ત્યારે ભગવંતે કહ્યું કે હે જયંતી! ભવ્ય જીવ સ્વભાવે નો પરિણામે, એટલે ભવ્ય અને અભવ્ય સ્વભાવેજ છે પરિણામે નથી, એટલે અમુક કાર્ય કરવાથી ભવ્ય કે અભવ્ય થાય છે તેમ નથી. પણ આ બે વર્ગ

તો અનાદિ સિદ્ધ છે. ત્રણ કાળમાં ભવ્ય ટળી અભવી ન થાય અને અભવી ટળી ભવી પણ ન થાય એ અનાદિ વ્યવહાર છે.

પ્રશ્ન ૪૨—અભવી અને ભવીમાં તફાવત શો કે ભવીનો અભવી ન થાય, અને અભવીનો ભવી ન થાય તેનું કારણ શું?

ઉત્તર—તફાવતમાં કેટલાક એમ કહે છે કે-સિદ્ધના જીવ વિના, બાકીના તમામ જીવના અસંખ્યાતા આત્મપ્રદેશ કર્મે કરી અવરાયેલા છે. તેમાં આઠ રૂચક પ્રદેશ તમામ ભવ્ય જીવના આવરણ રહિત ઉઘાડા છે, અને અભવ્યના આઠ રૂચક પ્રદેશ આવરેલા છે. એમ રૂચક પ્રદેશમાં તફાવત જણાવે છે. પણ તે વાત, કોઇ સૂત્ર પાઠે નથી, તેથી તે વાતને કોઈ કબૂલ કરે અને કોઇ કબૂલ ન પણ કરે

પ્રશ્ન ૪૩—ભવી, અભવીના, પટાંતર માટે સૂત્રમાં કોઇ એવો ખુલાસો છે કે તે વાત બધા કબુલ કરે?

ઉત્તર—છે ખરો, સાંભળો, સમવાયાંગમાં ૩૮ મા સમવાયાંગે કહ્યું છે કે-ભવ્ય જીવને મોહનીય કર્મની અઠ્ઠાવીશે પ્રકૃતિયો સત્તામાં રહી છે. અને અભવીને સમકિત મોહનીય તથા મિશ્ર મોહનીય એ બે વરજીને ૨૬ પ્રકૃતિયો સત્તામાં છે. આનો પરમાર્થ એ છે કે દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિ કહી છે. તેમાંની ભવીને ત્રણે છે ને અભવીને એક મિથ્યાત્વ મોહનીયજ છે. સમકિત મોહનીય અને મિશ્ર મોહનીય એ બે પ્રકૃતિ તો અભવીને મૂળેજ છે નહિ. તો પછી એવો સવાલ ક્યાથી ઉઠે કે દર્શન મોહનીયનું આવરણ ખસે તો સમકિત પ્રગટ થાય. માટે અભવીને સમકિત પ્રાપ્ત થવાની ઋદ્ધિ મૂળથીજ નથી. અને ભવીને તે ઋદ્ધિ છે ભવી અભવીમા આટલો તફાવત સૂત્ર પાઠે કહેલ છે.

વળી નંદીજી સૂત્રમાં પણ ભવી અભવીનો તફાવત આ પ્રમાણે જણાવ્યો છે કે—ભવસિદ્ધિયસ્સ સુયં સાઇઅં સપજ્જવસિયં, અભવસિદ્ધિયસ્સ સુયં અણાઇઅં અપજ્જવસિયં. ભવ્ય જીવનું સૂત્રજ્ઞાન આદિ અંત રહિત કહ્યુ છે, અને અભવીનું સૂત્રજ્ઞાન અનાદિ અનંત કહ્યુ છે. એટલે ભવ્ય જીવના મતિ શ્રુતજ્ઞાનની આદિ હોય છે, અને અંત પણ હોય છે. મતિશ્રુત અજ્ઞાનમાથી મતિશ્રુત જ્ઞાન થાય તે આથી આદિ, અને મતિશ્રુત જ્ઞાનપાછી કેવલ જ્ઞાન થાય તે આથી અંત કહેલ છે. અભવીનાં મતિ શ્રુત જ્ઞાન (અજ્ઞાન) ની આદિ અંત છે નહિ. જ્યારે પૂછીયે ત્યારે મતિ અને શ્રુત એ બે અજ્ઞાન હોય. પણ સાવ અધિકું એકે જ્ઞાન હોયજ નહિ. અને સૂત્રમાં પણ કહ્યુ છે કે અભવીને

ત્રણ અજ્ઞાનની ભજના અને બે અજ્ઞાનની નિયમા અને ભવીને પાંચ જ્ઞાનને ત્રણ અજ્ઞાન એ આઠની ભજના. અર્થાત્ ભવીને ઓછામાં ઓછાં કાં બે જ્ઞાન હોય કે, કાં બે અજ્ઞાન હોય. અને અભવીને તો સદાય જ્યારે પૂછો ત્યારે બે અજ્ઞાન તો હોયજ, એમ ભગવતી સૂત્રના ૯મા શતકના બીજે ઉદ્દેશે કહેલ છે. એ ભવી અભવીનો તફાવત સૂત્રના ન્યાયથી કહ્યો.

પ્રશ્ન ૪૪—અભવી કેટલું જ્ઞાન મેળવે? અર્થાત્ અભવીને કેટલું જ્ઞાન હોય?

ઉત્તર—બાબુ તરફથી છપાયેલા નંદીજી સૂત્રના પાને ૩૯૯માં કહ્યું છે કે અભવ્યસિદ્ધીયાનું મતિ શ્રુત અનાદિ અનંત છે. અભવ્ય જીવ જો ઉત્કૃષ્ટો ભણે તો ૧૦ પૂર્વ કાંઇ એક ઉણો ભણે તે ઉણો કેમ જાણે તે કહે છે. દશ પૂર્વનો ભણેલો નિશ્ચય સમકિત પામી મોક્ષ જાય. અને પાછો પડે તો શુક્લ પક્ષી થાય અને દેસુણો અર્દ્ધપુદ્ગળ સંસારમાં રહે તે નિયમા ભવ્ય જીવજ હોય. અને કૃષ્ણ પક્ષી ભવ્ય જીવ થાય તે ઘણામાં ઘણો દશ પૂર્વ ઉણું ભણે, તે સમકિત ફર્સ્યા વિના પાછો પડે. અને અભવ્ય જીવ છે તે તો સદાય કૃષ્ણપક્ષી મિથ્યાદ્રષ્ટી છે, માટે દશ પૂર્વ પૂરાં ન ભણે, કાંઇ એક ઉણાં દશ પૂર્વ ભણે, પાછો પડે, અનાદિ સંસારમાં રહે. એમ નંદીજીની પર્યાયમાં કહેલ છે. અને કેટલાકની એમ પણ માન્યતા છે કે અભવીને અગીયાર અંગનુંજ જ્ઞાન હોય એથી વધારે જ્ઞાન હોય નહિ. પણ સૂત્ર પાઠે ખુલાસો નહિ હોવાથી એ વાત બહુસૂત્રીગમ્ય છે.

પ્રશ્ન ૪૫—કેટલાક કહે છે કે–ચૌદપૂર્વી દેશે ઉણા પડીને નરક નિગોદમાં જાય છે. અને તેને માટે એમ જણાવે છે કે–એક દેશે ઉણું એવું ચૌદ પૂર્વધારીનું જ્ઞાન તે એક મૂળ વસ્તુના જ્ઞાન સિવાય બીજું બધું જાણનાર થયું; પણ દેહ દેવળમાં રહેલો શાશ્વત પદાર્થ જાણનાર ન થયું. માત્ર મૂળવસ્તુનું જ્ઞાન ન મળ્યું એટલીજ ઉણપે તેનું ચૌદ પૂર્વનું બાકીનું જ્ઞાન નિષ્ફળ કર્યું. વગેરે શ્રીમદ્ રાજચંદ્ર બીજી આવૃત્તિ પાને ૧૯૩ એ લખ્યું છે. તો "ચૌદ પૂર્વધારી' કંઇક જ્ઞાને ઉણા એવા અનંત નિગોદમાં લાભે, અને જઘન્ય જ્ઞાનવાળા પણ અધિકમાં અધિક પંદર ભવે મોક્ષ જાય. અને વળી એમ પણ લખે છે કે–જે વસ્તુ પ્રાપ્ત કરવા ચૌદ પૂર્વનું જ્ઞાન જિને બોધ્યું છે તે વસ્તુ ન મળી તો પછી ચૌદ પૂર્વનું જ્ઞાન અજ્ઞાન રૂપજ થયું. આ વાત સત્ય છે કે કેમ?

ઉત્તરઃ—એ વાત બંધ બેસતી નથી. ઉપરનું લખાણ સૂત્રને તદ્દન બાધક છે. ચૌદ પૂર્વના જાણનારને નંદીજી સૂત્રમાં નિયમા સમકિતી કહ્યા

છે. અર્થાત્ દશ પૂર્વથી માંડી ઉપરાંતના ચાૈદપૂર્વી સુધીના નિશ્ચે સમકિતીજ હોય એમ નંદીજી સૂત્ર જણાવે છે. એટલે સમશ્રુતના સંબંધમાં અરિહંત ભગવંતના પરૂપેલા દ્વાદશાંગી કે જે-इच्चेयं दुवालसंगं गणिपिडगं चौदस पुव्विस्स सम्म सुयं, अभिन्न दस पुव्विस्स सम्म सुयं. तेणं परंभिन्नेसु भयणा, सेत्तं सम्म सुयं. એ પૂર્વે કહ્યા તે, બાર અંગ રૂપ ગણીની પેટી તે ચાૈદ પૂર્વીને સમશ્રુત છે. અને અભિન્ન-સંપૂર્ણ દશ પૂર્વીને પણ સમશ્રુત છે. તે સિવાયના નવ પૂર્વ સુધીના જ્ઞાનવાળાને સમશ્રુતની ભજના કહી, એટલે નવ પૂર્વના ભણનારનું શ્રુત તે સમ શ્રુત પણ હોય અને મિથ્યા શ્રુત પણ હોય. કારણ કે, નવ પૂર્વના ભણવાવાળા સમદૃષ્ટિ પણ હોય અને મિથ્યા દૃષ્ટિ પણ હોય, પરંતુ સંપૂર્ણ દશ પૂર્વથી માંડી ચાૈદ પૂર્વના ભણનાર તો નિયમા સમ દૃષ્ટિજ હોય માટે સમશ્રુતજ કહ્યું. આનો પરમાર્થ એ છે કે-સમકિત દૃષ્ટિનું જ્ઞાન તે સમશ્રુત હોય, અને મિથ્યા દૃષ્ટિનું જ્ઞાન તે મિથ્યાશ્રુત હોય.

નંદીજીમાં મિથ્યાશ્રુતના અધિકારે પણ એજ કહ્યું છે કે—

मिच्छं दिट्ठिस्स मिच्छत्तपरिग्गहिआइं मिच्छसुयं, एयाइं चेव सम्मदिट्ठिस्स सम्मत्तपरिग्गहिआइं सम्मसुयं. મિથ્યાશ્રુતનાં જે જે શાસ્ત્રો છે, તે મિથ્યા દૃષ્ટિએ ગ્રહણ કરેલાં માટે મિથ્યાશ્રુત હોય, અને એજ મિથ્યાત્વીનાં શાસ્ત્રો નિશ્ચે સમદૃષ્ટિ જીવ સમ્યક્ત્વ ભાવે ગ્રહણ કરે તો તેને સમશ્રુત કહીએ.

અહિંયાં તો દશ પૂર્વ તથા ચાૈદ પૂર્વનાં ભણનારને નિયમા સમકિતી કહ્યા છે; વળી તેનું જ્ઞાન સમશ્રુત કહ્યું છે, છતાં ચાૈદ પૂર્વનું જ્ઞાન અજ્ઞાન રૂપ કહેવું તે ભારે પડતું વચન છે; એમ કેમ કોઇ નહિ કહે? અર્થાત્ કહેશેજ.

પ્રશ્ન ૪૯—તો પછી દેશે ઉણા ચાૈદપૂર્વીનું પડવું કેમ થાય છે?

ઉત્તરઃ—ઉપરના પ્રશ્નમાં કરેલા ખુલાસા પ્રમાણે ચાૈદપૂર્વીનું પડવું સાબીત થતું નથી. ચાૈદપૂર્વી દેશે ઉણા હોય કે સંપૂર્ણ હોય પણ તેને મૂળ વસ્તુનું જ્ઞાન તો સંપૂર્ણ હોય. વિચારો કે માત્ર સમકિત દૃષ્ટિને મૂળ વસ્તુનું જ્ઞાન હોય તો પછી ચાૈદ પૂર્વીને મૂળ વસ્તુનું જ્ઞાન જે આત્મજ્ઞાન એટલે દેહ દેવળમાં રહેલો શાશ્વત પદાર્થ જે આત્મા તેનું જાણવું તે ચાૈદ પૂર્વીને નિઃશંક હોય.

હવે દેશે ઉણા ચાૈદપૂર્વીને જે પડવું થાય છે, તેનો હેતુ તે લખનારને સમજાયો હોય એમ જણાતું નથી, એમ તેઓના લખાણપરથી સિદ્ધ

થાય છે. મૂળ વસ્તુ જે સમકિત કહો કે આત્મજ્ઞાન કહો તે તો તેમને છેજ. પણ પડવાનું કારણ શું છે તે જાણવું જોઇએ.

ભગવતીજી શતક ૨૪ મે, ઉ. ૧ લે પાને ૧૫૫૯ મે કહ્યું છે કે–ચાર જ્ઞાનવાળો પડી નરકે જાય. એટલે મનુષ્યના દંડકમ. ૪ જ્ઞાન હોય. માટે નરકમાં જવાના અધિકારે કહ્યું છે કે—મનુષ્યમાં चत्तारि णाणा तिणिअणाणा भयणाए અથટીકા—मनुष्याणं-चत्तारिनाणाइंति ॥ अवध्या दौ प्रतिपतिते केषां चित्तत्केवलात ॥ " आहच चूर्णिकार:–उहिनाण मणपज्जवणाण आहारय सारिराणि लद्धुगं परिसाडित्ता उववज्जइत्ति. અને ભાષ્યમાં પણ એજ પ્રમાણે કહ્યું છે.

તથા પન્નવણાજીના ૩૬ મા પદમાં સમુદ્ઘાત અધિકારે પણ કહ્યું છે કે–નારકીના જીવે પૂર્વે આહારક શરીર કેટલાં કર્યાં ? તેના ઉત્તરમાં કહ્યું છે કે–કોઇએ કર્યાં કોઇએ નથી કર્યાં. જેણે કર્યાં તેણે જઘન્ય ૧ અને ઉત્કૃષ્ટાં ૩. એટલે પૂર્વે ૧, ૨, ૩ વાર આહારક શરીર કરેલા નરકમાં હોય, અને તે ચૌદ પૂર્વધારી કે ચાર જ્ઞાનવાળા હતા એમ નિશ્ચય થયું.

ચૌદપૂર્વીને ચાર જ્ઞાન હોય છે, અને ચાર જ્ઞાનવંતને વખતે ૧૪ પૂર્વ પણ હોય છે.

હવે ૧૪ પૂર્વીને જ્ઞાન વિના પડવું કહે તેને પૂછીએ કે તો પછી ચાર જ્ઞાનવાળો કેમ પડે ? તેને તો સમ્યગ્ જ્ઞાન હતું. માટે ચાર જ્ઞાનવાળા કે ચૌદ પૂર્વી જે પડે છે, તેનો હેતુ પ્રશ્નકારે જણાવેલા અભિપ્રાયથી બીજો છે.

પ્રશ્ન ૪૭—તેનો ખરો હેતુ શું છે તે જણાવશો ?

ઉત્તર—હા સાંભળો, ચાર જ્ઞાનવાળા કે ચૌદ પૂર્વીને કોઇ એવા પ્રકારની શંકા ઉત્પન્ન થાય કે તે શંકાનું સમાધાન ન થતાં તેનું આયુષ્ય પૂરું થયે શંકા સહિત મરવું થાય અને તે શંકા એવા પ્રકારની હોય કે- "संकाए सम्मत्त नासई " તે શંકાથી સમકિતનો નાશ થાય, અને મરીને નરકાદિક ગતિમાં જાય.

બીજું કારણ—ઉપરોક્ત જ્ઞાનવાળાને આહારક શરીરની લબ્ધિ હોવાથી તેણે શંકાનું સમાધાન કરવા માટે મહાવિદેહ ક્ષેત્રમાં આહારકનું પૂતળું મોકલ્યું તે પાછું આવ્યું નથી. તેટલામાં શંકા સહિત મરવું થાય તો નરકાદિક ગતિમાં ઉપજે.

વળી ત્રીજું કારણ—ચૌદ પૂર્વવાળાને કોઇ પ્રકારની મહત્વની શંકા ઉત્પન્ન થઇ તેનો ખુલાસો ચૌદ પૂર્વમાં નથી પણ દ્રષ્ટિવાદમાં છે, જેથી તેનું સમાધાન ન થતાં શંકામાં મરણ થાય, તો તે શંકા એવા પ્રકારની છે કે તેમાં મરવાથી સમકિતનો નાશ થઇ નરકાદિક ગતિમાં ઉત્પન્ન થાય.

પ્રશ્ન ૪૮—ચાર જ્ઞાનવાળા તથા ચૌદ પૂર્વી સમકિતથી પડેલા પણ ચારિત્રના પડેલા ન હોય તે નરકાદિ ગતિમાં કેમ ઉપજે? સૂત્રમાં ચારિત્રના વિરાધકને પણ દેવગતિ કહી છે તેનું કેમ? અને નરકગતિમાં ઉત્પન્ન થવાનાં જે ચાર કારણ મહારંભયાએ પ્રમુખ કહ્યાં છે તે માંહેલા કયા કારણને લઇને નરકગતિમાં ઉપજે.

ઉત્તર—તેને તે ચાર કારણ માંહેલા કારણની કંઇ જરૂર ન હોય. પરંતુ સમકિતનો નાશ થવાથી અનંતાનુબંધીની ચોકડીનો ઉદય થાય એટલે પરિણામથી સમકિત અને ચારિત્રના પર્યવનો નાશ થાય એટલે નરકગતિનો બંધ પડતાં અટકે નહિ. ઠાંણાગજી સૂત્રના ચોથે ઠાણે કહ્યું છે કે-અનંતાનુબંધીની ચોકડીના ઉદયે નરકગતિનો બંધ થાય છે. માટે ચાર જ્ઞાન તથા ચૌદ પૂર્વના પડેલા નરકગતિમાં સંભવે, તે ઉપરના કારણથી જણાય છે.

એટલે મહત્વ શંકાના કારણથી સમકિતનો નાશ થાય, સમકિતથી પડતા જીવને અનંતાનુબંધીના તથા મિથ્યાત્વ મોહનીયના ઉદયથી ચારિત્ર મોહનીયના ઉદયને લીધે સમકિત અને ચારિત્રના ગુણનો નાશ થાય. અર્થાત્ સમકિત અને ચારિત્ર એ બંનેથી પતિત થયેલાને શંકાના સદ્‌ભાવે નરક નિગોદાદિક ગતિની પ્રાપ્તિ થવાનો સંભવ છે. તત્ત્વ કેવળીગમ્ય.

પ્રશ્ન ૪૯—કેટલાક કહે છે કે—ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન, એ ચાર દર્શન સૂત્રમાં કહ્યાં છે, તેમાં ત્રણ દર્શન તો સૌ કોઇ સમજી શકે તેમ છે, પણ અચક્ષુદર્શનનો અર્થ કોઇ જાણતું હોય એમ જણાતું નથી તેનું કેમ?

ઉત્તર—જેમ ચક્ષુએ કરીને દેખવાથી ચક્ષુદર્શન તેમ અચક્ષુએ કરીને દેખવાથી અચક્ષુદર્શન, એટલે ચક્ષુ વિના બીજી ઇંદ્રિયોથી જે વસ્તુ જાણવામાં આવી તેનો દેખવા જેવો ભાસ થાય જેમકે કોઇ માણસે બૂમ મારી, સાદ પાડયો તેને ચક્ષુએ કરી દીઠો નથી. પણ શ્રોતેંદ્રિયથી તેની ભાષા, સાદ કે સ્વર ઉપરથી જણાયું કે ફલાણો ભાઇ બરકે છે, આ સાદ ફલાણનો છે, આ સ્વર અમુક માણસનો છે. ભાઇનો છે કે બાઇનો છે. મનુષ્યનો છે કે પશુ પક્ષીનો છે વગેરે તાદૃશ જોવારૂપ જાણવામાં આવ્યું, તે અચક્ષુ-

દર્શન. વળી આપણા વાંસામાં કોઈ માણસે અક્ષર લખ્યા તેને આપણે જાણતા નથી, પણ સ્પર્શ ઇંદ્રિયથી જાણવામાં આવ્યું છે કે મારા વાંસામાં કંઈ કાઢયો. વગેરે દેખવા જેવો ભાસ થાય તે અચક્ષુદર્શન કહેવ છે. વળી અચક્ષુદર્શનનો અર્થ આ રીતે પણ થાય છે, કે જેમ ચક્ષુએ જોઈને નિર્ણય કરવામાં આવે છે તેમ બીજી ઇદ્રિયોથી જે બાબત નિર્ણય કરવામા આવે, એટલે વસ્તુને વસ્તુ રૂપે સર્દહવામાં આવે તેને પણ અચક્ષુદર્શન કહેવાય.

પ્રશ્ન ૫૦—આ ઠેકાણે કોઇ એમ કહે છે કે-જેમ ચક્ષુએ કરીને જોવામાં આવે છે તેમ આત્મા આત્માનું દર્શન કરે છે. એટલે ચક્ષુ છતાં ચક્ષુએ નહિ પણ આત્મા પોતે આત્માને દેખે તેને અચક્ષુદર્શન કહીએ. તેનું કેમ?

ઉત્તર—એ વાત સિદ્ધાંતના ન્યાયે મળે નહિ કારણ કે-જીવાભિગમ વગેરે સૂત્રોમાં દંડકના અધિકારે એ વિષે સારો ખુલાસો કરેલ છે. ચક્ષુદર્શનમાં ચોરિંદ્રિયથી માંડી પંચેદ્રિયના (નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતાના) મળી કુલ દંડક ૧૭ લાભે. તે શિવાયના પાંચ સ્થાવરમાં તથા બે ઇંદ્રિય તેઇંદ્રિયથી માંડી ૨૪ દંડકમાં અચક્ષુદર્શન હોય એમ કહ્યું છે.

તે વિષે ઠાણાંગજી ઠાણે ૪ થે ઉદ્દેશે ૪ થે બાબુવાળા છાપેલ પાને ૩૩૫ મે કહ્યું છે કેઃ—अहवा चउव्विहा सव्व जीवा पन्नणत्तंजहा चक्खुदंसणी अचक्खुदंसणी उहिदंसणी केवलदंसणी.

टीकाः—चक्षुषः सामान्यार्थ ग्रहण मवग्रहेहारूपंदर्शनं चक्षुर्दर्शनं तदस्त्य चतुरिन्द्रियादयाऽचक्षुः स्पर्शनादि सद्दर्शनवंत एकेन्द्रियादय इति.

આનો પદાર્થ એ છે કે ચક્ષુદર્શનમાં ૧૭ દંડક લાભે અને અચક્ષુ દર્શનમાં ૨૪ દંડક લાભે. તો શું પાંચ સ્થાવર અને ત્રણ વિકલેંદ્રિય વગેરે સંજ્ઞી અસંજ્ઞી તમામના આત્માને આત્મદર્શન થયું હશે? વળી તમારી માન્યતા પ્રમાણે જેને આત્મદર્શન થાય તેને સમ્યગદર્શન થવું જોઇએ, તો શું ચોવીશે દંડકના તમામ જીવ સમકિતી છે, એવી તમારી માન્યતા છે? સૂત્રના ન્યાયે તો પાંચે સ્થાવરના પર્યાપ્તા અપર્યાપ્તા સર્વે, ત્રણ વિકલેંદ્રિયના પર્યાપ્તા અને સમૂર્છિમ મનુષ્યમાં એકલા મિથ્યા દ્રષ્ટિજ કહ્યા છે, તો સમ્યગદર્શન કે આત્મદર્શન તો હોયજ ક્યાંથી? અને અચક્ષુદર્શન તે એ બધામાં કહેલ છે. માટે અચક્ષુદર્શનનો અર્થ આત્મદર્શન થતો નથી; એ વાત સિદ્ધાંતથી સાબીત થાય છે.

પ્રશ્ન ૫૧—મિથ્યાત્વ મોહનીય કોને કહીએ? તેનું લક્ષણ શું?

ઉત્તર—જેના ઉદયથી શુદ્ધ દેવ, ગુરૂ, ધર્મની શ્રદ્ધા ન હોય, તેની ઓળખાણ થવા ન દે તેને મિથ્યાત્વ મોહનીય કહીએ.

પ્રશ્ન પર—મિશ્ર મોહનીય કોને કહીએ અને તેનું લક્ષણ શું?

ઉત્તર—જેના ઉદયથી શુદ્ધ દેવ, ગુરૂ, ધર્મ અર્થાત્ કેવળી ભાષિત ધર્મ ઉપર રાગ ન હોય તેમ દ્વેષ પણ ન હોય, અને અન્ય મતની શ્રદ્ધા પણ ન હોય, તેને મિશ્ર મોહનીય કહીએ.

પ્રશ્ન ૫૩—સમકિત મોહનીય કોને કહીએ? અને તેનું લક્ષણ શું?

ઉત્તર—દર્શન મોહનીયના ક્ષયોપશમથી શુદ્ધ દેવ, ગુરૂ, ધર્મની શ્રદ્ધા હોય, પરંતુ સમકિત મોહનીયના ઉદયથી સમકિતમાં અતિચાર લગાડે તેને સમકિત મોહનીય કહીએ.

પ્રશ્ન ૫૪—દર્શન મોહનીય કર્મનો બંધ હેતુ કેવી રીતે થાય?

ઉત્તર—દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિમાં બે પ્રકૃતિનો બંધ નથી. એક મિથ્યાત્વ મોહનીયમાં બંધ પડે છે. તેનો હેતુ તે સંસારનો હેતુ, તેનું કારણ જે હિંસાદિક આશ્રવ પાપ કર્મ તેને મોક્ષનો હેતુ કહે, એટલે હિંસા કરી ધર્મ માને તથા એકાંત નયે કરી નિઃકેવળ ક્રિયા કષ્ટાનુષ્ઠાનથી મોક્ષ પ્રરૂપે. તથા એકાંત નયથી નિઃકેવળ જ્ઞાન માત્રથીજ મોક્ષ કહે, તેમજ એકલા વિનયાદિકથી મોક્ષ કહે (માર્ગી પંથની પેઠે) તથા અરિહંત ભાષિત સમ્યગ્જ્ઞાનદર્શન, ચારિત્રરૂપ મોક્ષ માર્ગમાં પ્રવર્તવાવાળા જીવને કુહેતુ-કુયુક્તિ કરીને પૂર્વોક્ત માર્ગથી ભ્રષ્ટ કરે. તથા તીર્થંકર કેવળીનો અવર્ણવાદ બોલે નિંદા કરે. તથા ભલા સાધુની નિંદા કરે. તથા ચતુર્વિધ સંઘ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાનો સમુદાય તેના શ્રુતજ્ઞાનની નિંદા અવજ્ઞા હેલના કરે. જિન-શાસનને નિંદે, નિંદાવે. અપજશ કરે, કરાવે. ઇત્યાદિ કારણે મહામિથ્યાત્વ મોહનીય કર્મ બાંધે તે દર્શન મોહનીયનો બંધ હેતુ જાણવો.

પ્રશ્ન ૫૫—ચારિત્ર મોહનીય કર્મનો બંધ હેતુ કેવી રીતે થાય?

ઉત્તર—સંયમીનાં દૂષણ દેખાડે, અસાધુના ગુણ બોલે, કષાયની ઉદીરણા કરે ઇત્યાદિ કારણે જીવ ચારિત્ર મોહનીય કર્મ સમુચ્ચે બાંધે.

પ્રશ્ન ૫૬—શ્રીમદ્ રાજચંદ્ર દ્વિતીય આવૃત્તિ પાને ૧૬૯ મે કહ્યું છે કે-અગિઆરમેથી લથડેલો ઓછામાં ઓછા ત્રણ અને ઘણામાં ઘણા પંદર ભવ કરે એમ અનુભવ થાય. અગિઆરમું એવું છે કે ત્યાં પ્રકૃતિઓ

ઉપશમ ભાવમાં હોવાથી મન, વચન, કાયાનો યોગ પ્રબળ-શુભ ભાવમાં વર્તે છે, એથી શાતાનો બંધ થાય છે. અને એ શાતા ઘણું કરીને પાંચ અનુત્તર વિમાનનીજ હોય છે. આનું શું સમજવું?

ઉત્તર—"અગિઆરમેથી લથડેલો" એ શબ્દ મૂકયો છે, તો લથડેલાનો અર્થ પડવાનો થાય. અગિઆરમે ગુણઠાણે માત્ર બેજ બોલ લાગુ થાય છે કે ઠાંતો પડે કે ઠાંતો મરે. અગિઆરમે ગુણઠાણે મરવાવાળાને લથડયો કે પડયો એવો શબ્દ લાગુ થતો નથી. તથાપિ લથડવાનો અર્થ કોઇ મરવાનો કરે તો તેમના દર્શાવેલા ભવને માટે વાંધો નથી. પણ ત્યાં શાતાનો બંધ અનુત્તર વિમાનની શાતા માટે લખે છે, તેમાં વિચારવા જેવું છે. કારણ કે-અગિઆરમે ગુણઠાણે મરવાવાળાની જો કે અનુત્તર વિમાનની ગતિ કહી છે પણ તે ગતિનો બંધ અગિઆરમે ગુણઠાણે પડતો નથી, તે ગુણઠાણે તો આઉખાનો અબંધ છે. અનુત્તર વિમાનનો બંધ તો છઠ્ઠે સાતમે ગુણઠાણે પડેલો હોય છે. અને અગિઆરમે ગુણઠાણે શાતા વેદનીયનો જે બંધ પડે છે, તે માત્ર બેજ સમયની સ્થિતિનો પડે છે. પહેલે સમય બાંધે, બીજે સમય વેદે અને ત્રીજે સમય નિર્જરે. શાતા વેદનીય વેદવાનો માત્ર એકજ સમય રહ્યો. તે શાતા અનુત્તર વિમાનમાં કેવી રીતે પહોંચી શકે? અને લથડેલાનો અર્થ પડવાનો થાય તો અગિઆરમેથી પડેલા અર્દ્ધપુદ્‌ગલમાં જાય એમ ભગવતીજી વગેરે સૂત્રમાં કહ્યું છે.

પ્રશ્ન ૫૭—અગિઆરમે ગુણઠાણે પહોચેલાને જો અનુત્તર વિમાનનો બંધ છઠ્ઠે કે સાતમે ગુણઠાણે પડયો હોય તો તે અગિઆરમેથી પડેલા અનુત્તર વિમાને કેવી રીતે જઈ શકે? પડેલાને માટે તો અર્દ્ધપુદ્‌ગલ જણાવો છો?

ઉત્તર—અગિઆરમે ગુણઠાણેથી જો પડવું થાય તો તેના બે પ્રકાર છે, એક આઉખું બાંધેલા અને એક આઉખું નહિ બાંધેલા. તેમાં આઉખું બાંધેલાનું પડવું થાય તો તે છઠ્ઠે કે સાતમે ગુણઠાણે અટકી કાળ કરે અને અનુત્તર વિમાને જાય. અને આમ પણ કહ્યું છે કે-અનુત્તર વિમાનનું આઉખું બાંધેલાનું અગિઆરમે ગુણઠાણે ચડવું થાય તો તેનું અગિઆરમેજ ગુણઠાણે મરવું થાય, એમ બે મત પડે છે. . .

અને અગિઆરમે ગુણઠાણે ચડેલાએ પૂર્વે આઉખું બાંધ્યું નથી. અને પડવું થાય તો તેના પણ બે ભેદ છેઃ એક અગિઆરમેથી ઉપશમ શ્રેણીથી પડી આઠમે ગુણઠાણે અટકી ક્ષપક શ્રેણીએ ચડે તે બારમે જઇ સર્વ મોહ-

નીય કર્મની પ્રકૃતિનો ક્ષય કરી કેવળી થાય. અને એક અગિઆરમેથી પડેલો પહેલે ગુણઠાણે જઇ ત્યાં અનેરી ગતિનું આઉખું બાંધી પડી અર્દ્ધપુદ્‌ગલમાં પણ જાય.

પ્રશ્ન ૫૮—અગિઆરમે ગુણઠાણે ગયેલાને અનુત્તર વિમાનની શાતાનો બંધ ન હોય તો તે ઉપશમ ગુણઠાણું હોવાથી તેને ઉપશમ ભાવથી મન, વચન, કાયાનો જોગ પ્રબળ-શુભ ભાવમાં વર્તાવ્યો તેનો શો લાભ ?

ઉત્તર--અનંતી નિર્જરા થઇ તે લાભ, એટલે છઠ્ઠે સાતમે ગુણઠાણે અનુત્તર વિમાનના આઉખાનો બંધ કર્યો, અને ઉપશમ શ્રેણીએ ચડી અગિઆરમે ગુણઠાણે ઉપશમ ભાવમાં સંખ્યાતા (૩ થી ૧૫) ભવ ઉપરાંત સંસારની (ભવની) નિર્જરા કરી એ મહા લાભ થયો.

પ્રશ્ન ૫૯— અગિઆરમે ગુણસ્થાનકે શાતા વેદનીયના બે સમયની સ્થિતિથી વધારે બંધ ન થાય તેનું શું કારણ ?

ઉત્તર—કર્મનો બંધ થવાની બેજ ક્રિયા છે. એક સંપરાયની (ચોવીશ ક્રિયા) બીજી ઇરિયાવહીની. હવે સંપરાય ક્રિયામાં સમુચ્ચે આઠે કર્મનો બંધ છે, અને તે ક્રિયા દશમા ગુણઠાણા સુધી કહી છે. ઇરિયાવહી ક્રિયા ૧૧ મે, ૧૨ મે, ૧૩ મે ગુણસ્થાનકેજ હોય છે. તે અશુભ જોગ અને કષાયની તમામ પ્રકૃતિઓના અભાવકે અનુદયને લઇને માત્ર એક હલકામાં હલકી અને પાતળામાં પાતળી, સૂક્ષ્મ બારીક એવી ઇરિયાવહી ક્રિયા કે જેમા એક શાતાવેદનીય કર્મનોજ બંધ હોય છે. તે પણ માત્ર બેજ સમયની સ્થિતિનો. પહેલે સમયે બાંધે અને બીજે સમયે વેદી લે. એમ શાતાવેદનીયનો બંધ, વેદન ને નિર્જરાનું ત્રણ સમયનું ચક્ર ચૌદમા ગુણસ્થાનના બીજા સમય સુધી ફર્યાજ કરે છે. તો બે સમયથી વધારે શાતાવેદનીયનો બંધ નહિ પડવાનું કારણ એ છે કે જેના જોગ પાતળા તેની ક્રિયા પાતળી, તેનાં કર્મ પણ પાતળાં અને તેનો બંધ પણ અલ્પસ્થિતિનો અને મંદ. માટે અગિઆરમે ગુણઠાણે શાતાવેદનીયનો બેજ સમયનો બંધ કહ્યો છે.

પ્રશ્ન ૬૦—કેટલાક કહે છે કે-શું જૈનધર્મમાંજ મોક્ષ છે ? અને બૌદ્ધ ધર્મમાં મોક્ષ નથી ? પંદર ભેદે સિદ્ધ થયા તેમાં તો કહ્યું છે કે તીર્થે સિદ્ધા અને અન્યતીર્થી પણ સિદ્ધથા તેનું કેમ ?

ઉત્તર—જૈન ધર્મના સિદ્ધાંત માનવાવાળા તો તે વાત કબૂલ કરશે નહિ. સૂયગડાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધમાં અધ્યયન બીજે-ગૌતમ સ્વામીએ પુચ્છા કરી છે કે-ત્રણસે ત્રેસઠ મતવાળાને નિર્વાણ થાય ? મોક્ષ થાય ?

ત્યારે ભગવંતે કહ્યું છે કે-નિર્વાણ ન થાય-મોક્ષ ન જાય. વગેરે ઘણી બાબત લખી છે. સૂયગડાંગ સૂત્ર વાંચવાથી અન્ય ધર્મમાં મોક્ષ છે કે નથી અને જૈન ધર્મમાં મોક્ષ છે, તેનાં હેતુ કારણો તમામ જણાઈ આવશે.

હવે "તીર્થી સિદ્ધયા, અન્યતીર્થી સિદ્ધયા" તે એવું છે. પણ તે ઠેકાણે તો "તીર્થસિદ્ધા અતીર્થસિદ્ધા" એમ કહ્યું છે એનો અર્થ એ છે કે-તીર્થંકરને કેવળ જ્ઞાન ઉત્પન્ન થયા પછી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ ચાર તીર્થનું સ્થાપન કર્યા પછી જે સિદ્ધ થયા તેને તીર્થસિદ્ધા કહીએ. અને તીર્થ સ્થાપ્યા પહેલાં જે સિદ્ધ થાય-મરૂદેવી માતાવત્-તે અતીર્થસિદ્ધા કહિયે. એવો સૂત્રનો મત છે.

પ્રશ્ન ૬૧—તો પછી અન્યલિંગ તથા ગૃહસ્થલિંગ સિદ્ધા કહ્યા છે તે કેમ?

ઉત્તર—અન્યલિંગને ગૃહસ્થલિંગમાં ભાવ ચારિત્ર આવે અને ક્ષપક શ્રેણીએ ચડે તો સુખેથી સિદ્ધ થાય. અન્યલિંગમાં અસોચાનો અધિકાર ભગવતીજીના નવમા શતકના ૩૧ મે ઉદ્દેશે સવિસ્તર ભગવતે કહી બતાવ્યો છે. તેમાં ચોકખું લખ્યું છે કે-જેણે કેવળીભાષિત વીતરાગ ધર્મ કોઈ વખત સાંભળ્યો નથી. એવા કોઈ જીવે અન્ય મતની પ્રવ્રજ્યા ગ્રહણ કરી છે. ને તે છઠ છઠનાં પારણાં કરતો, આતાપના લેતો, ભદ્રિક અને સરળ સ્વભાવી હોવાથી તેને વિભંગજ્ઞાન ઉત્પન્ન થયું, અને તેથી તેની દૃષ્ટિ તમામ મત જોવા ઉપર ગઈ. તેમાં તમામ મત સારંભીને સપરિગ્રહી જોવામાં આવ્યા, અને એક વીતરાગ ધર્મ નિરારંભીને નિષ્પરિગ્રહી જોયો, તેથી તેની દૃષ્ટિ ત્યાં ઠરી. અને મોક્ષ માર્ગના સાધન રૂપ સત્ય ધર્મ માન્યો. તેથી મિથ્યા દૃષ્ટિમાંથી સમ્યગ્દૃષ્ટિ થઈ અને વિભંગમાથી અવધિજ્ઞાન થયું, અને પરિણામની ધારા સુધરતી ગઈ. તદાવર્ણિ કર્મનો ક્ષયોપશમ થતો ગયો તેમ તેમ અવધિજ્ઞાન વૃદ્ધિગત થતું ગયું. અને તેમાંથી ક્ષાયક ભાવ, ક્ષાયક સમકિત, યથાખ્યાત ચારિત્ર અપૂર્વ કરણ, શુકલ ધ્યાન, કેવળ જ્ઞાન ને કેવળ દર્શન ઉત્પન્ન થયું. વેશ તો અન્યલિંગનો છે, પણ ભાવ ચારિત્ર પ્રગટ થવાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, અને તેજ વેશમાં મરી સિદ્ધ થાય તેનું નામ અન્યલિંગ સિધ્ધા કહીએ.

અને મરૂદેવી માતા હાથીની અંબાડીએ બેઠા થકાં અંતગડ કેવળી થયા અને મોક્ષ ગયાં તે ગૃહસ્થ લિંગે સિદ્ધ થયાં, એવો અર્થ થાય છે.

પ્રશ્ન ૬૨—અસોચા કેવળી અન્ય લિંગમાં રહે ત્યાં સુધી આહાર પાણીનું કેમ કરે ?

ઉત્તર—આયુષ્ય થોડું હોય તો આહારાદિક ન કરે અને કેવળ ચર્યાએ વિચરે.

પ્રશ્ન ૬૩—અસોચા કેવળી, ઉપદેશ આપે કે નહિ ?

ઉત્તર—જ્યાં સુધી અન્ય લિંગમાં હોય ત્યાં સુધી ઉપદેશ ન આપે પણ પુછયાનો ઉત્તર આપે

પ્રશ્ન ૬૪—અસોચા કેવળીનો અર્થ શું ?

ઉત્તર—પૂર્વે કોઈ વખત કેવળી પરૂપ્યો ધર્મ સાંભળ્યો નથી ને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય તેને અસોચા કહ્યા છે.

પ્રશ્ન ૬૫—પૂર્વે શબ્દ કહ્યો તે આ ભવ આશ્રી પૂર્વે કે આખા સંસાર આશ્રી પૂર્વે કેવળી પરૂપ્યો ધર્મ સાંભળ્યો નથી ?

ઉત્તર—કોઇ આ ભવ આશ્રી કહે છે, ને કોઇ આખા સંસાર આશ્રી કહે છે; પણ વિશેષ બળવાન તો સંસાર આશ્રી ગણાય. કે કોઈ પણ ભવમાં ધર્મ સાંભળ્યો નથી. તથાપિ પૂર્વોક્ત (ભગવતીજીમાં કહ્યા) પ્રકારે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય ખરૂં.

પ્રશ્ન ૬૬—કેટલાક કહે છે કે આજ પંચમ કાળમાં સિદ્ધાંતમાં કહ્યા પ્રમાણે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા જોવામાં આવતાં નથી, તેનું કેમ ?

ઉત્તર—ઉપરોક્ત ભાષાના બોલનાર પ્રત્યે પૂછવું કે–તમે સિદ્ધાંત માનો છો કે કેમ ? જો માનતા હો તો ભગવતીજી શ. ૨૦ મે, ઉ. ૮ મે કહ્યું છે કે, મારૂં શાસન ૨૧ હજાર વર્ષ સુધી ચાલશે. તો અહો દેવાનું પ્રિય ! જો આ કાળે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા નથી તો શાસન કોની ઉપર ચાલશે ? વળી ભગવતીજી શ. ૨૫ મે ઉ. ૬ ઠ્ઠે તથા સાતમે ભગવંતે પાંચમા આરામાં જન્મ આશ્રી બે સંજ્યાને ત્રણ નિયંઠા કહ્યા છે. તો પાંચમા આરાના છેડા સુધી ભગવંતનું તીર્થ ચાલશે. અને સામાયિક ચારિત્ર તથા છેદોપસ્થાપનીય ચારિત્ર એ બે ચારિત્ર પણ પાંચમા આરાના છેડા સુધી લાભશે, તેમજ બકુશ, પ્રતિસેવના પણ તેની સાથેજ હોય અને હાલ વર્તમાન કાળમાં પણ સંભવે છે. માટે અનાહુત વચન–નહિ બોલવા યોગ્ય વચન. અર્થાત્ નાસ્તિકપણાનું વચન બોલી આત્માને શા માટે ભારે કરવો જોઇએ ?

પ્રશ્ન ૬૭—ત્યારે કોઇ કહે કે–હાલ વર્તમાન કાળના સાધુ સિદ્ધાંતમાં કહ્યા પ્રમાણે વર્તે છે કે કેમ?

ઉત્તર—અહો ! દેવાનુપ્રિય ! હળુકર્મી જીવ હોય તે તો સિદ્ધાંતમાં કહ્યા પ્રમાણેજ વર્તવાનો કામી હોય. અને આત્માર્થી જૈન મુનિઓ સિદ્ધાંતને અનુસરીનેજ વર્તે, પરંતુ ભગવતીજી શ. ૭ મે ઉ. ૧ લે કહ્યું છે કે–જે પ્રમાણે સૂત્રમાં કહ્યું છે તેજ પ્રમાણે વર્તવાવાળાને ઇરિયાવહી ક્રિયા કહી. અને સૂત્રમાં કહ્યું છે તે પ્રમાણે વર્તી ન શકે તેને માટે સંપરાય ક્રિયા કહી. તો વિચારો કે–આ વાકય કાંઇ પંચમ કાળનેજ લાગુ નથી, આ તો સર્વ કાળને લાગુ છે. કારણ કે તીર્થંકર છતાં પણ બેઉ ક્રિયાવાળા મુનિ કહ્યા છે. વળી ઇરિયાવહી ક્રિયાના ધણી તો ૧૧ મા–૧૨ મા અને ૧૩ મા એ ત્રણ ગુણઠાણાવાળા છે, અને સંપરાય ક્રિયાના ધણી અગિઆરમાથી નીચલા ગુણઠાણાવાળા છે. અને ભગવંતે સાધુપણું છઠ્ઠા ગુણઠાણાથી માંડી ૧૪ સુધી કહેલ છે. વળી ઇરિયાવહી ક્રિયાવાળાને એક યથાખ્યાત ચારિત્રજ હોય. અને સંપરાય ક્રિયાવાળાને નીચલાં ૪ ચારિત્ર હોય. તેમાંનાં પહેલાં બે ચારિત્ર પાંચમા આરાના છેડા સુધી ભગવંતે કહ્યાં છે. અને પાંચે ચારિત્રે તથા છએ નિયંઠે ભગવંતે સાધુ કહ્યા છે. માટે આજ પંચમ કાળમાં સાધુ જોવામાં આવતા નથી એવું માનવું ભૂલ ભરેલું છે, એવાં વાકય આત્માર્થી જીવે કહેવાં નહિ. એવાં વાકય કહેવાવાળાને ભગવંતે દશાશ્રુતસ્કંધ સૂત્રમાં અક્રિયાવાદી કહેલ છે. અને અક્રિયાવાદીને પૂર્વ ભવનું ફળ ઘણુંજ માઠું કહેલ છે. જોઇને નિર્ણય કરજો.

પ્રશ્ન ૬૮—કેટલાએક, સાંપ્રત કાળમાં સાધુને અતિચારાદિક દોષ લાગતા દેખીને સાધુપણામાં શંકા ધરે છે. ને કહે છે કે, હમણાં સાધુપણું કયાં પળે છે?. તેનું કેમ?

ઉત્તર—એવી શંકાથી સાધુપણાની નાસ્તિ માનવી તે તો અવ્યક્તવાદીનો મત ગણાય. અતિચારાદિ દોષને આગળ કરી હમણાં સાધુપણું કયાં પળે છે? એવી ભાષા બોલનારને શ્રીઠાણાંગ સૂત્રના નવમા ઠાણામાં કહ્યું છે કે–જે એમ કહે તે ચારિત્ર ભેદની વિકથાના કરનાર છે. વળી સાધુપણામાં શંકા વેદે તેને ત્રીજે ઠાણે અહિયા અણુહાયે કહ્યા છે. વળી શ્રીજ્ઞાતા સૂત્રમાં મોરલીના ઇંડાને ન્યાયે જે પંચ મહાવ્રતમાં શંકા વેદે તે પરલોકને વિષે ચાર સંઘમાં હેલણા પામે અને પરભવે સંસારનાં અનંતાં દુઃખ પામે એમ કહ્યું છે.

વળી શ્રીભગવતીજી સૂત્રના શ૦ ૨૫ માના ઉ૦ ૭ મામાં છેદોપસ્થાપનીય ચારિત્રનો વિરહકાળ જઘન્ય ૬૩ હજાર વર્ષનો કહ્યો, તે ન્યાયે પંચમો આરો પૂરો થશે તે દિવસ સુધી સાધુપણું રહેવું જણાય છે. વળી શ્રીભગવતીજી સૂત્રના વીશમા શતકના ૮ મા ઉદ્દેશામાં મહાવીર સ્વામી મુક્તિએ ગયા પછી ૨૧ હજાર વર્ષ સુધી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, એ ચાર તીર્થ ચાલશે તેથી હમણા તો સાધુ છે. ૪.

પ્રશ્ન ૬૯—અહિં કેટલાએક એમ કહે છે કે ભરત ક્ષેત્રમાં સાધુ છે તો ખરા, પણ અહિંયાં દેખાતા નથી તેનું કેમ ?

ઉત્તર—જો અહિંયાં સાધુ નથી તો શ્રાવક કોના પ્રતિબોધેલા હોય ? અને એ પ્રત્યક્ષ આર્ય દેખાય છે કે, અનાર્ય ? અનાર્ય છે તો જૈનનાં સૂત્રો કયાંથી ? અનાર્યમાં શ્રાવક ક્યાંથી ? ઉત્તમ જાતિ વાણિયા-બ્રાહ્મણ ક્યાંથી ? અને જો આર્ય દેશ છે તો આર્યમાં સાધુ કેમ નહિ ? બીજા કયા દેશ આર્ય છે ? તે દેખાડો. તથા શ્રીબૃહત્કલ્પ સૂત્રમાં સાધુને વિહાર કરવાની દિશા બતાવી છે કે, પૂર્વે અંગદેશ ચંપા નગરી, દક્ષિણે કોશાંબી નગરી, પશ્ચિમે મથુરા નગરી તે સિંધની ધરતી; અને ઉત્તરે સાવથી નગરી તે લાહોરની ધરતી. એ ધરતી ઉપરાંત જવું નહિ. જાય તો જ્ઞાનાદિ ત્રણનો નાશ થાય. એ ન્યાયે તો આ દેશમાંજ સાધુ છે. બીજે ઠેકાણે નથી. ડાહ્યા હશે તે વિચારી જોશે.

પ્રશ્ન ૭૦—કેટલાક એમ કહે છે કે-સાધુને સૂત્રમાં ત્રીજે પહોરે ગોચરી કરવી કહી છે. તો આ કાળે તે પ્રમાણે જોવામાં આવતા નથી તેનું કેમ ?

ઉત્તર—સૂત્રમાં ત્રીજે પહોરે ગોચરી કહી છે. તે તો ગૌતમાદિ ઉત્કૃષ્ટી કરણી કરવાવાળાને માટે કહી છે. અને ત્રીજે પહોરે ગોચરી કરવી તે અધિકાઇ છે, પણ પહેલે કે બીજે પહોરે કોઇ ઠેકાણે નિષેધી નથી. ઉત્તરાધ્યયનના ત્રીશમા અધ્યયનમાં ચાર પહોરના ત્રણ ભાગમાં ગોચરી કરવાની કહી છે. શ્રીબૃહત્કલ્પ સૂત્રમાં ચાર આહાર માંહેલો કોઇપણ આહાર પહેલા પહોરનો ચોથા પહોર સુધી રાખવો ન કલ્પે, તો પહેલે પહોરે લાવવાનું તો કહ્યું. એમ શ્રીનિશીથ સૂત્રના દશમા ઉદ્દેશામાં સાધુને उग्गयंवित्तीए अणत्थमिए मण संकप्पे કહ્યું. એટલે સૂર્ય ઉગ્યા પછી અને આથમ્યા પહેલાં આહારાદિકની વૃત્તિ કહી. વળી કહ્યું કે આહારાદિક કરતાં કે લેતાં શંકા ઉપજી જે સૂર્ય ઉગ્યો નથી અથવા આથમી ગયો છે, એમ જાણે

તો મુખમાં હોય કે હાથમાં હોય કે પાત્રામાં હોય તે તરતજ પરઠવી દેવું. એમ કહ્યું છે; તો ચારે પહોરે આહાર કરવો કલ્પે. વળી બારમે ઉદ્દેશે કહ્યું કે—જે સાધુ પહેલી પોરસીનો વહોરેલો આહાર ચોથી પોરસી સુધી રાખે તો પ્રાયશ્ચિત. એ લેખે પહેલી પોરસીએ વહોરવું કહ્યું. વળી દશવૈકાલિક સૂત્રના પાંચમા અધ્યયનના બીજા ઉદ્દેશામાં ગોચરી લાવ્યા, તેથી ન પુરે તો બીજી વાર જવું કહ્યું.—તેમજ શ્રીઉત્તરાધ્યયન સૂત્રના પહેલા અધ્યયનમાં તથા દશવૈકાલિક સૂત્રના પાંચમા અધ્યયનના બીજા ઉદ્દેશામાં "કાલેકાલં સમાયરે" જે ગામ નગરમાં જે વખતે ભિક્ષાનો કાળ હોય તે વખતે ગોચરીએ જવાનું કહ્યું છે.

પ્રશ્ન ૭૧—શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના છવીશમા અધ્યયનમાં સાધુની સમાચારીમાં ત્રીજી પોરસીએ ગોચરી કહી છે. તે ઉપરથી એમ જણાય છે કે સાધુને એક વખત જમવું. એમ દશવૈકાલિક સૂત્રના છઠ્ઠા અધ્યયનથી જણાય છે કે एगं भत्तं च भोयणं એક વખત સાધુ ભોજન કરે એમ કહ્યું છે તેનું કેમ?

ઉત્તર—આ વિષેનો ઉપરના પ્રશ્નના ઉત્તરમાં કેટલોક ખુલાસો થઇ ગયો છે કે સમગ્ર સાધુને માટે એકાંત પક્ષે એવો પ્રતિબંધ નથી કે સર્વ સાધુને ત્રીજે પહોરે ગોચરી કરવી અને એકજ વખત જમવું. એક વખત જમતાં સંતોષ ન થાય તો સુખેથી બીજી વખત જમે તેની મનાઇ નથી. જ્યાં જે ભૂમિમાં ગોચરીનો કાળ હોય તે કાળે ગોચરી કરવાને સૂત્રનું ફરમાન છે. ગૌતમાદિક ત્રીજે પહોરે ગોચરી ગયાનો અધિકાર છે; તો તે એક તો પોતે ઉત્કૃષ્ટી કરણી કરવાવાળા છે, અને બીજી તરફથી એમ પણ જણાય છે કે—તદાકાળે મુનિઓનો વિહાર ઘણા ભાગે પૂર્વની ધરતીમાં હોવા સંભવ છે. અને પૂર્વની ધરતીમાં આજે પણ ત્રીજે પહોરે ભિક્ષાનો કાળ દેખાય છે. અત્યારે પણ કોઈ કોઇ ક્ષેત્રમાં મુનિઓની ગોચરી મધ્યાહ્ન કાળ પછીની હોય છે, અને કોઇ કોઇ ક્ષેત્રોમાં પહેલા પહોર પછી ભિક્ષાનો કાળ પણ હોય છે. માટે પીખ માર્ગમાં વ્યવહારે બહુલતાએ ત્રીજા પહોરની ભિક્ષા કરતાં પણ સૂત્રકારે પહેલો પહોર નિષેધ્યો નથી. તેમ ત્રીજે પહોરે ભિક્ષાચરીવાળાને બીજી વખત આહાર કરવાનો ભાવ ક્યાંથી થાય? માટે તેને તો એકજ વખત જમવાનો નિયમ હોય. જેને ગોચરીનો નિયમ નહિ તેને આહારનો પણ નિયમ નહિ. આચારાંગ સૂત્રમાં ઉત્સર્ગ અને અપવાદ બે માર્ગ કહ્યા છે. તેમાં ઉત્કૃષ્ટી કરણી કરવાવાળા ગૌતમાદિક જેવા મુનિઓ તથા જિનકલ્પી સદાય ઉત્સર્ગ માર્ગ આદરે, અને સ્થવિરકલ્પી સામાન્ય સાધુ ઉત્સર્ગ અને અપવાદ બન્ને માર્ગને અવલંબી અવસર દેખે તેમ કરે.

એ બન્ને માર્ગે ભગવંતની આજ્ઞા ઉલ્લંઘે નહિ, તેથી સાધુ ભલો અવસર દેખે તેમ કરે.

પ્રશ્ન ૭૨—કોઇ કહે કે-આગળ સાધુ હતા ને વગડામાં, બાગમાં કે વનમાં કે ખંઢેર વગેરેમાં ઉતરતા તે પ્રમાણે અત્યારે કોઇ સાધુ જોવામાં આવતા નથી તેનું કેમ ?

ઉત્તર—તદાકાળે ઉત્કૃષ્ટી કરણી કરવાવાળા તથા જિનકલ્પી મુનિઓ ઘણા હતા. અને તેઓ તેવા સ્થળે ઉતરતા અને બહુલતાએ સૂત્રમાં જણાવેલ ખંઢેર પ્રમુખ જગ્યાઓ પણ તેવાજ મુનિઓને માટે કહેલ છે. સમગ્ર મુનિઓને માટે તો વસ્તી અને વન બન્ને કહેલ છે. જ્યાં મુનિને નિર્દોષ જગ્યા મળે ત્યાં નિષેધ નથી. જો કોઇ એકાંત પક્ષે કહે કે-સાધુ ગામમાં કેમ ઉતરે ? તેનો એ ઉત્તર કે-શ્રીભગવતીજી સૂત્રના પંદરમા શતકમાં ભગવંત શ્રીમહાવીર દેવે રાજગૃહી નગરી વિષે નાલંદા પાડામાં ચોમાસું કર્યું.-વળી શ્રીઉપાસક દશાંગ સૂત્રમાં શકડાળને પ્રતિબોધવા માટે પોલાસપૂરમાં તેના હાટડામાં ઉતર્યા. તથા શ્રી રાયપસેણી સૂત્રમાં કેશી કુમારે કહ્યું કે ચાર પ્રકારે ધર્મ ન પામે, ચાર પ્રકારે ધર્મ પામે. બાગમાં સાધુ ઉતર્યા હોય ને વાંદવા ન જાય તો, ગામમાં ઉપાશ્રય ઉતર્યા, ઘેર આવ્યા, માર્ગમાં મળ્યા પણ વંદણા ન કરે તો ધર્મ ન પામે. અને એ ચારે સવળા કરવાથી ધર્મ પામે. વળી શ્રીબૃહત્કલ્પ સૂત્રમાં કહ્યું છે કે-જે ઉપાશ્રયમાં ધાન્ય, ઘી, ગોળ, તેલ, દૂધ, દહીં, માખણ ઇત્યાદિ વીખર્યાં હોય ત્યાં રહેવું નહીં, અને ઉચાં હોય, મુદ્રા કરી હોય ત્યાં રહેવું. ગામમાં રહેવાનું નિષેધ્યું નથી. બાગ વગેરેમાં ઉતરે તેને અધિક તપ, તે થકી પર્વત, ઉજડમાં રહે તો વિશેષ અધિક તપ છે: પણ ગામમાં રહેતાં દોષ કહ્યો નથી. અને જે ચોથે આરે ઘણા બહાર ઉતરતા; તે કાળ અને પરાક્રમના પ્રભાવે, બહાર જગ્યા પણ ઘણી અને નિરવદ્ય હતી, સાધુ મહા સંઘયણવંત શૂરવીર હતા, શ્રાવક પણ ધર્મી હતા, તે બહાર વંદણા કરવા તથા ઉપદેશ સાંભળવા પણ જતા; અને સાંપ્રત કાળમાં તો દુઃષમ આરાને પ્રભાવે બહાર જગ્યા પણ થોડી દેખાય છે, સાધુનાં સંઘયણ મંદ પડયાં દેખાય છે, આગળ જેવા શૂરવીર નથી. શ્રાવક પણ અલ્પ ઋદ્ધિવંત ઘણા આળસુ દેખાય છે. ઇત્યાદિ કારણોને લઇને સાધુ ગામમાં રહે છે.

પ્રશ્ન ૭૩—કેટલાક કહે છે કે-સાધુ ગોચરીએ ગયેલાને ગૃહસ્થના ઘરનાં કે ડેલીનાં કમાડ બંધ હોય તો ઉઘાડીને અંદર જવું કલ્પે નહિ. તેનું કેમ ?

ઉત્તર—દશવૈકાલિક સૂત્ર અધ્યયન પાંચમે, ઉદ્દેશે ૧ લે. ગાથા ૧૮ થી તેમાં કહ્યું છે કે—कवाडंनोपणोल्लिज्जा, उग्गहंसेअजाइया. અવગ્રહ (આજ્ઞા) માગ્યા વિના કમાડ ઉઘાડે નહિ એ લેખે આજ્ઞા માગી કમાડ ઉઘાડવું કલ્પે

પ્રશ્ન ૭૪—શ્રમણ સૂત્રના બીજા પાઠમાં ઉગ્ઘાડ કવાડ ઉગ્ઘાડણાએ કહ્યું છે. તેમાં થોડું અગર ઘણું ઉઘાડવાની ના પાડી છે તેનું કેમ?

ઉત્તર—જે ના પાડી છે તે અયોગ્ય-ચણીયારાવાળાં કમાડ ઉઘાડવા આશ્રી ના પાડી હોય એમ સંભવે છે. જો એકાંત પક્ષે કોઇપણ કમાડ ઉઘાડવાં નહિ એમ હોય તો પછી આજ્ઞા માગ્યા વિના કમાડ ઉઘાડવું નહિ એ વાક્ય દશ વૈકાલિક સૂત્રમાં શા માટે મૂક્યું હશે? વળી આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના નવમા અધ્યયનમાં ઘરનું બારણું ઢાંક્યું હોય તો આજ્ઞા માગી લેઇ પુંજીને ઉઘાડવાનું કહ્યું છે. એ લેખે જે કમાડ ઉઘાડવાની ના કહી છે, તે કમાડ એવા પ્રકારનાં હોવાં જોઇએ કે—જે કમાડ ઉઘડતાં અજયણા થાય, એટલે ઘસડાઇને કમાડ ઉઘડે તેવા હોય અથવા ચણીયારાવાળાં હોય, તથા જે કમાડ ઉઘાડતાં પોતાને તથા પરજીવને અથવા તો કમાડની નુકશાની થાય તેવું હોય તો એવાં કમાડને ઉઘાડવાની ના પાડી હોય એમ જણાય છે. બાકીને માટે તો આજ્ઞા માગીને ઉઘાડવાની ગોચરીના સંબંધે મના હોય એમ જણાતું નથી.

હવે કોની આજ્ઞા માગવી? એ કાંઈ સૂત્રકારે જણાવ્યું નથી, પણ વહેવાર તો એવો હોવો જોઇએ કે—બનતાં સુધી ઘરધણીની આજ્ઞાથી ઉઘાડવું જોઇએ. અથવા અગાઉથી ઘરધણીએ આજ્ઞા આપી દીધી હોય તોપણ સાધુને ઉઘાડતાં હરકત નહિ. અને અપવાદે જરૂરીયાત કારણે અન્યની આજ્ઞા લઇને ઉઘાડે, પણ આજ્ઞા વિના ઉઘાડીને જવાનો વહેવાર નહિ.

પ્રશ્ન ૭૫—કેટલાક કહે છે કે—સાધુ જ્યાં ઉતર્યાં હોય ત્યાં તે મકાનનાં કમાડ ઉઘાડવાં વાસવાં કલ્પે નહિ, એમ કહી ચાર સૂત્રની સાખ આપે છે. તેમાં પહેલી સાખ આવશ્યકની શ્રમણ સૂત્રના બીજા પાઠની, બીજી ઉત્તરાધ્યયન સૂત્રના ૩૫ મા અધ્યયનની જે કમાડવાળા ઘરને સાધુ મને કરીને પ્રાર્થે નહિ-ઇચ્છા કરે નહિ તથા બૃહત્કલ્પ સૂત્રમાં સાધ્વીને ઉઘાડે બારણે રહેવું ન કલ્પે, અને સાધુને ખુલ્લા બારણે રહેવું કલ્પે.—તેમજ સૂયગડાંગ સૂત્રમાં સાધુને ચાર વાનાં વર્જ્યાં છે. તેમાં કમાડ ઉઘાડવાં વાસવાં વર્જ્યાં છે તેનું કેમ?

*ઉત્તર:—આવશ્યકમાંનો ખુલાસો ઉપરના પ્રશ્નના ઉત્તરમાં આવી ગયો છે. ઉત્તરાધ્યયનના ૩૫મા અધ્યયનમાં મનોહર ચિત્રામણવાળું ઘર, પુષ્પની માળાઓ વડે ધૂપાદિ સુગંધી દ્રવ્યોએ વાસિત કરેલું, સુગંધના ગરકાવવાળું તથા અનેક પ્રકારના ચિત્રામણોએ સુશોભિત એવાં કપાટ અથવા કમાડ અને ચંદરવા સહિત મકાનને સાધુ મને કરીને પણ પ્રાર્થે નહિ–ઇચ્છા ન કરે. તેનું કારણ અહિં કમાડ વાસવા ઉઘાડવાનો સંબંધ નથી, પણ ઇંદ્રિયોના વિકારને છાંડવા માટે વર્જવા કહ્યું છે.—અને બૃહત્ કલ્પમાં જે કહ્યું છે તે તો સાધ્વી ઉઘાડા બારણે ન રહી શકે અને સાધુને કદિ ખુલ્લાં બારણાં હોય તો રહેવાનો વાંધો નહિ પણ ઉઘાડવાં વાસવાં વર્જ્યાં નથી. વળી તેજ ઠેકાણે—સાધ્વીને ચોગાનમાં રસ્તાને માથે ઉતરવાની ના કહી છે. અને સાધુને તેવા ઠેકાણે રહેવા હરકત નહિ, પણ બીજે ન ઉતરવું એમ હોય નહિ. તેમ કમાડ માટે સમજવું. સૂયગડાંગ સૂત્રમાં અધ્યયન બીજે–ઉદ્દેશે બીજે–ગાથા ૧૨મી તેમાં કહ્યું કે—સાધુ કમાડનાં બાર ઉઘાડે વાસે નહિ, તે જિનકલ્પી આશ્રી સંભવે છે. કારણ કે અહિં સૂના ઘરની વાત છે, માટે.—વળી તેથી બીજી ગાથામાં પણ સૂર્ય અસ્ત થયે સમ વિષમ સ્થાનકે રહેવું કહ્યું છે. એ જિનકલ્પીના અભિગ્રહ આશ્રી સંભવે છે. (૧) કમાડ, (૨) ધર્મકથા, (૩) તૃણ, (૪) કાજો એ ચાર વાનાં જિનકલ્પીને વર્જ્યાં છે. અને સ્થિવર કલ્પી તે ચારે વાનાં સેવે છે તેને કલ્પે છે.

પ્રશ્ન ૭૬:—કમાડ ઉઘાડતાં વાસતાં જીવની હિંસા થવાનો સંભવ છે, માટે સાધુને ઉઘાડવું વાસવું કેમ કલ્પે ? ઉઘાડે વાસે તો પહેલું વ્રત ભાંગે, આમ કેટલાક કહે છે તેનું કેમ ?

ઉત્તર—જો સાધુને ન કલ્પે તો સાધ્વીને પણ ન કલ્પે. હિંસાનો દોષ તો બન્નેને સરખો છે. શાસ્ત્રકાર એકને બંધ કરે અને એકને છૂટ આપે એમ તો કદી હોય નહિ. એ કાયદો તો સાધુ આર્યાને બન્નેને સરખો છે. જ્યાં હિંસા દોષ હોય ત્યાં બન્નેને વર્જવા યોગ્ય છે. સાધુનું વ્રત ભાગે તો સાધ્વીનું વ્રત પણ ભાંગે. સાધ્વીને કાંઇ પહેલા વ્રતમાં આગાર નથી.

ત્યારે કોઈ કહે કે—સાધ્વીજીને તો શીયળના રક્ષણાર્થે કમાડ વાસવાં જોઇએજ, માટે તે કમાડવાળા મકાનનીજ ગવેષણા કરે, અને કમાડ વાસે પણ ખરા. એમ સૂત્રનું ફરમાન છે. સાધ્વીને ઉઘાડે બારણે રહેવું ન કલ્પે. એમ બોલના પ્રત્યે કહીએ કે–જો કમાડ ઉઘાડવા વાસવાથી પહેલા મહાવ્રતનો ભંગ થતો હોય તો સાધ્વીને કાંઇ ચાર મહાવ્રત નથી કે–તે શીયળના રક્ષણાર્થે ચોથું વ્રત રાખવાને પહેલું વ્રત ભાંગવું. એવું તો

કદિ હોય નહિ. જો કમાડ ઉઘાડવા વાસવાથી મહાવ્રત ભાંગતું હોય તો આજ્ઞા માગીને ઉઘાડવાનું ફરમાન શા માટે કરે? જો ઉઘાડતાં દોષ નહિ તો વાસતાં પણ દોષ નહિ. સાધ્વીને વાસતાં ઉઘાડતાં દોષ નહિ તો સાધુને પણ દોષ નહિ. સાધુનું વ્રત ભાંગે તો આર્યાજીનું પણ ભાંગે.

આનો પરમાર્થ એ છે કે-સાધુ તો બાગમાં, બગીચામાં કે વન વાડીમાં ખુલ્લા મકાનમાં કે જડયા મકાનમાં ગમે તેવા મકાનમા ઉતરી શકે, તેમ સાધ્વીજીને તો વસ્તીવાળા મકાનમાંજ પોતાની મર્યાદા જળવાય તેવા મકાનમાંજ ઉતરી શકાય.

હવે સાધુજી જો વસ્તીમાં ઉતરે તો જે ગૃહસ્થની જગ્યામાં ઉતર્યા હોય તે મકાનનાં બારણાં જો રાત્રિએ બંધ ન કીધાં હોય તો કોઇ ચોર પ્રવેશ કરે અને તેના માલ મિલકતને હરી લે તો સાધુ ઉપર આરોપ આવે. સાધુથી કાંઇ બોલી શકાય નહિ અને ચોરની ભ્રાંતિએ સાધુને ઉપસર્ગ થાય. અથવા સરકાર દરબારમાં સાધુને ખડા કરવાનો પ્રસંગ આવે. ઇત્યાદિ ઘણા દોષો ઉત્પન્ન થાય.

તથા મકાનના માલીકને કે રક્ષપાળને વિચાર ઉત્પન્ન થાય કે સાધુએ બાર દીધાં છે કે નહિ એવી શંકાએ રાત્રિએ દીવાબત્તીથી તપાસ કરવા આવે તો સ્નેહકાય તથા અગ્નિકાયનો આરંભ થાય. સાધુએ કદી કમાડ ન વાસ્યાં હોય તો ચોકી પહેરાવાળા બુમો પાડે, આસપાસનાં માણસો જાગે, ઘણો અસંયમ સેવાય. સાધુ જાગતા બોલે નહિ. જાણે કે બોલશું તો કમાડ દેવાં પડશે. એમ માયા સેવવાનો પ્રસંગ આવે. અને કદિ મકાનનો ધણી આવી બહારથી સાચવણું દે તો સાધુને ઉચાર પાસવણાદિકની બાધાએ સીદાવાપણું થાય, મહારોગની ઉત્પત્તિ થાય. વગેરે ઘણાં વિપરીત કારણો બની આવે. માટે એવી હઠક્રિયા ભગવંતની બતાવેલી કદિ હોયજ નહિ, કે સાધુએ કમાડ ઉઘાડવાં વાસવાં નહિ. એ તો જડ ક્રિયાવાદીની શ્રદ્ધા હોય તો ભલે. તેવાઓને માટે તો મસાણ કે ખંડેરો તો ખુલ્લાંજ રહેલાં છે, તેને આવી ઉપાધિમાં શા માટે પડવું જોઇએ?

પ્રશ્ન ૭૭—એમ પણ સાંભળીએ છીએ કે કેટલાક સાધુ ઉપાશ્રયનાં કમાડ ઉઘાડતા વાસતા નથી, પણ બારીયાં ટાંકાનાં કમાડ ઉઘાડે વાસે છે. અને કહે છે કે મોટાં કમાડ ઉઘાડવાં વાસવાં નહિ. પણ નાનાં કમાડીઆંનો તો વાંધો નહિ. તે તો ઉઘાડવાં વાસવાં કલ્પે. તેનું કેમ?

ઉત્તર—એ કાયદો તો પોતાના ઘરનો ઘડી કાઢ્યો હોય એમ જણાય છે. મહાવીરના ઘરનો એવો કાયદો હોય નહિ કે મોટા કમાડમાં દોષ અને નાના કમાડમા દોષ નહિ જો દોષ હોય તો બન્નેમાં સરખોજ હોય, અને ન હોય તો એકેમાં નહિ. પણ મોટામા દોષ માનવાવાળા, અને નાનામાં નહિ માનવાવાળાને પૂછીએ કે-કોઇ જાણીને સર્પ મારે તેનું તો વ્રત ભાંગે અને કોઇ આકુટીને કીડી મારે તેનું વ્રત કેમ ન ભાંગે? કોઇ મોટી સ્ત્રીનું સેવન કરે તેનું વ્રત ભાગે અને નાનીનું સેવન કરે તેનું વ્રત કેમ ન ભાંગે? અર્થાત્ ભાંગેજ.

જો કે નાના કે મોટાં કમાડ ઉઘાડવા વાસવામાં દોષનો સંભવ છે. તે તો સાધુ આર્યા બન્નેમાં છે એકને દોષ લાગે, એકને ન લાગે, એકમાં લાગે, એકમાં ન લાગે એવો સૂત્રકારનો મત હોય નહિ પણ સાધુ આર્યાના કલ્પમાં તફાવત હોય. આર્યાને ખુલ્લા મકાનમા રહેવાનો કલ્પ નહિ, સાધુ ખુલ્લા મકાનમાં રહેવું હોય તો રહી શકે, પણ સાધુ કે આર્યાને કમાડ ઉઘાડવા વાસવાનો નિષેધ નથી. હવે કમાડ ઉઘાડતાં વાસતાં કદી અજાણ પણે કોઈ જીવની વિરાધના થાય તો તેની બન્ને ટંકના પ્રતિક્રમણમા આ-લોચના કરવાથી તે અતિચારના દોષનું પાપ છૂટી જાય છે જેમ ગોચરીએ ગયેલાને વખતે કમાડ ઉઘાડતાં દોષ લાગવાના સંભવથી શ્રમણ સૂત્રના બીજા પાઠની આલોચના સાથે ઇરિયાવહી પડિક્કમવાથી તે દોષની નિવૃત્તિ થાય છે, તેમજ ઉપાશ્રયના કમાડ નાનાં કે મોટાં ઉઘાડતાં વાસતાં લાગેલા પાપનું નિવર્તન બે ટંકનાં પ્રતિક્રમણથી થઇ જાય છે. કોઇ કમાડ ઉઘાડે વાસે નહિ તેની અધિકાઇ છે, પણ પોતાની અધિકતા જણાવવા અને બીજાને હલકા ગણવા જે કાંઇ કરવામાં આવે તે તો આત્માને નુકસાનનું ઠેકાણું છે. માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો વિચાર કરી આચારની શુદ્ધિ કરે તો સ્વ પરના બન્નેના આત્માનું હિત થાય.

પ્રશ્ન ૭૮—કેટલાક કહે છે કે-જે વાત સૂત્રમાં હોય નહિ અને કલ્પિત કથા, વાર્તા, જોડ, સ્તવન કે ઢાળ વગેરે નવિન બનાવે અને તેની કથા વાર્તા કરે તે વિકથા સમજવી. તેનું કેમ?

ઉત્તર—અત્યારે ઘણા જોડ, સ્તવન, ઢાળ, ચોપાઇ વગેરે કહેવામા આવે છે, તે ઘણા સાધુઓના નામથી તથા ઘણી સતિઓના નામના કે જેનાં સૂત્રમાં નામ નિશાન પણ હોતાં નથી. તેઓના સત્વ, શીયળ આદિ ગુણગ્રામ જે કરવામાં આવે તેને વિકથા કહેવી તે તો ઉદ્ધતાઇનું વચન ગણાય. પોતાને કથા વાર્તા કહેતા આવડે નહિ, રાસ ઢાળો વાચતા આવડે

નહિ, દાળોના રાગ આવે નહિ, અર્થ કરતાં કે સંધી મેળવતાં આવડે નહિ, કંઠ સ્વરનાં ઠેકાણાં હોય નહિ, તેવાઓને કોઇ કથા વાર્તા કે ઢાળો વંચાવવાનું કહે ત્યારે મુંઝાણા થકા પોતાના બચાવ માટે, મને આવડતું નથી એમ નહિ કહેવાના બદલે એ તો વિકથા કહેવાય, એમાં શું સાંભળવું છે, એ કહેનારા અને સાંભળનારાને મહાપાપ લાગે છે. મરીને નરકે જાય છે કલ્પિત આપજોડ કથા, વાર્તા કે રાસ ઢાળો સાંભળવામાં શું લાભ છે? સૂત્ર સાંભળો, સૂત્ર વાંચો કે જેમાં મહાલાભને મહા નિર્જરા કહી છે. એમ કહીને કેટલાકને ભ્રમિત બનાવેલા જોવામાં આવે છે. અને જેમ ફાવે તેમ બોલતા પણ સાંભળીએ છીએ. આમાં જણાતું નથી કે વિકથા કઇ કહેવાય?

પ્રશ્ન ૭૯—જેમાં સ્ત્રીઓના શરીરનાં વર્ણન તથા તેના શરીર શણગારાદિક તથા ખાનપાનની વાતો તથા યુદ્ધસંગ્રામ કે મારપછાડ વગેરે વાતો આવે તે વિકથા કહેવાય?

ઉત્તર—તે તો ઠીક, પણ કેટલાક જડવાદીઓની બુદ્ધિ વિકથાથી આગળ વધી જાય તેવી ભાષાને કઇ ભાષામાં ગણવી? તમારી જણાવેલી વિકથા માંહેલી બાબતો કદી સૂત્રમાં સવિસ્તર મળી આવે તો તમે તેને શું કહેશો? ત્યારે કોઇ કહે કે—સૂત્રમાં વળી એવી બાબતો હોય ખરી? ...કહીએ કે સૂત્રમાં તો એકાંત આત્મ કલ્યાણ અને નિર્જરાનીજ બાબત હોય. તેને ...બધી ખબર પડે. એકાંતવાદીઓ તો ગમે તેમ બોલે તેથી શું વળવાનું? ...ભગવંતનો માર્ગ તો અનેકાંત છે. પ્રશ્ન વ્યાકરણ સૂત્ર તથા જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ ...માં જુગલીયા જુગલણીનાં તથા સ્ત્રીરત્નનાં નખશીખ સુધી તમામ શરીરની ...ભાનાં વર્ણનો કર્યા છે, અને ભગવતીજી તથા નિરયાવલિકા સૂત્રમાં ...કો અને પેડા મહારાજાદિક અઢાર દેશના મહારાજાની લડાઈનો સવિસ્તર ...વ છે, કે જેમાં એક કરોડને એંશી લાખ માણસનો સંહાર થયાના ...યુદ્ધનો અધિકાર છે, કે જેમાં મારો મારો, હણો હણો, એમ. શબ્દો ...ને જેમાં માંસના કર્દમ અને લોહીની નદીઓ ચાલી વગેરે તમામ વર્ણન ...છે. અને જ્ઞાતા સૂત્રમાં દ્રૌપદીના સ્વયંવર મંડપમાં મોટા મોટા રાજા ...તથા તેનાં ખાનપાન છએ પ્રકારના આહારાદિકની તથા દ્રૌપદીના ...શણગારાદિકની અનેક વાતો છે તે તો તેમ. તમારી માન્યતા પ્રમાણે ...બતાવ્યા, દેશકથા અને રાજકથાનો સમાવેશ થાય છે કે નહિ? ...દૃષ્ટિથી વિચારજો.

ઉત્તર—એ કાયદો તો પોતાના ઘરનો ઘડી કાઢયો હોય એમ જણાય છે. મહાવીરના ઘરનો એવો કાયદો હોય નહિ કે મોટા કમાડમાં દોષ અને નાના કમાડમાં દોષ નહિ. જો દોષ હોય તો બન્નેમાં સરખોજ હોય, અને ન હોય તો એકેમાં નહિ. પણ મોટામાં દોષ માનવાવાળા, અને નાનામાં નહિ માનવાળાને પૂછીએ કે-કોઈ જાણીને સર્પ મારે તેનું તો વ્રત ભાંગે અને કોઇ આકુટીને કીડી મારે તેનું વ્રત કેમ ન ભાંગે? કોઇ મોટી સ્ત્રીનું સેવન કરે તેનું વ્રત ભાંગે અને નાનીનું સેવન કરે તેનું વ્રત કેમ ન ભાંગે? અર્થાત્ ભાંગેજ.

જો કે નાનાં કે મોટાં કમાડ ઉઘાડવા વાસવામાં દોષનો સંભવ છે. તે તો સાધુ આર્યા બન્નેમાં છે. એકને દોષ લાગે, એકને ન લાગે, એકમાં લાગે, એકમાં ન લાગે એવો સૂત્રકારનો મત હોય નહિ. પણ સાધુ આર્યાના કલ્પમાં તફાવત હોય. આર્યાને ખુલ્લા મકાનમાં રહેવાનો કલ્પ નહિ, સાધુ ખુલ્લા મકાનમાં રહેવું હોય તો રહી શકે, પણ સાધુ કે આર્યાને કમાડ ઉઘાડવા વાસવાનો નિષેધ નથી. હવે કમાડ ઉઘાડતાં વાસતાં કદિ અજાણ પણે કોઈ જીવની વિરાધના થાય તો તેની બન્ને ટંકનાં પ્રતિક્રમણમાં આલોચના કરવાથી તે અતિચારના દોષનું પાપ છુટી જાય છે. જેમ ગોચરીએ અપેક્ષાને વજને કમાડ ઉઘાડતાં દોષ લાગવાના સંભવથી શ્રમણ સૂત્રના ત્રીજા પાઠની આલોચના સાથે ઈરિયાવહી પડિક્કમવાથી તે દોષની નિવૃત્તિ થાય છે, તેમજ ઉપાશ્રયનાં કમાડ નાનાં કે મોટાં ઉઘાડતાં વાસતાં લાગેલા પાપનું નિવર્તન બે ટંકનાં પ્રતિક્રમણથી થઇ જાય છે. કોઇ કમાડ ઉઘાડે અને નહિ તેનો અધિકાર છે, પણ પોતાની અધિકતા જણાવવા અને બીજાને હલકા ગણવા જે કાંઇ કરવામાં આવે તે તો આત્માને નુકસાનનું ઠેકાણું છે. માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો વિચાર કરી આચારની શુદ્ધિ કરે તો સ્વ-પરના બન્નેના આત્માનું હિત થાય.

પ્રશ્ન ૭૮—કેટલાક કહે છે કે—જે વાત સૂત્રમાં હોય નહિ અને કલ્પિત કથા, વાર્તા, શ્લોક, સ્તવન કે ઢાળ વગેરે નવિન બનાવે અને તેની કથા વાર્તા કરે તે વિકથા સમજવી. તેનું કેમ?

ઉત્તર—અત્યારે ઘણાં શ્લોક, સ્તવન, ઢાળ, ચોપાઈ વગેરે કહેવામાં આવે છે, તે ઘણા સાધુઓના નામથી તથા ઘણી સતિઓના નામથી કે કોઈના નામ નિશાન પણ હોતાં નથી. તેઓનાં સત્ય, શીયળ આદિ ગુણગ્રામ જે કરવામાં આવે તેને વિકથા કહેવી તે તો ઉદ્ધતાઈનું વચન આનું ૯ વિકથાને કથા વાર્તા કહેતાં આવડે નહિ, શાસ્ત્ર ઢાળો વાંચતાં આવડે

નહિ, ઢાળોના રાગ જાણે નહિ, અર્થ કરતાં કે સંધી મેળવતાં આવડે નહિ, કંઠ સ્વરનાં ઠેકાણાં હોય નહિ, તેવાઓને કોઇ કથા વાર્તા કે ઢાળો વાચવાનું કહે ત્યારે મુંઝાણા થકા પોતાના બચાવ માટે, મને આવડતું નથી એમ નહિ કહેવાના બદલે એ તો વિકથા કહેવાય, એમા શું સાંભળવું છે, એ કહેનારા અને સાંભળનારાને મહાપાપ લાગે છે. મરીને નરકે જાય છે કલ્પિત આપજોડ કથા, વાર્તા કે રાસ ઢાળો સાંભળવામાં શું લાભ છે? સૂત્ર સાંભળો, સૂત્ર વાંચો કે જેમાં મહાલાભને મહા નિર્જરા રહી છે. આમ કહીને કેટલાકને ભ્રમિત બનાવેલા જોવામાં આવે છે. અને જેમ ફાવે તેમ બોલતા પણ સાંભળીએ છીએ. આમાં જણાતું નથી કે વિકથા કઇ કહેવાય?

પ્રશ્ન ૭૬—જેમાં સ્ત્રીઓના શરીરનાં વર્ણન તથા તેના શરીર શણગારાદિક તથા ખાનપાનની વાતો તથા યુદ્ધસંગ્રામ કે મારપછાડ વગેરે વાતો આવે તે વિકથા કહેવાય?

ઉત્તર—તે તો ઠીક, પણ કેટલાક જડવાદીઓની ભાષા વિકથાથી આગળ વધી જાય તેવી ભાષાને કઇ ભાગમાં ગણવી? તમારી જણાવેલી વિકથા માંહેલી બાબતો કદી સૂત્રમાં સવિસ્તર મળી આવે તો તમે તેને શું કહેશો? ત્યારે કોઇ કહે કે—સૂત્રમાં વળી એવી બાબતો હોય ખરીકે? સૂત્રમાં તો એકાંત આત્મ કલ્યાણ અને નિર્જરાનીજ બાબત હોય. તેને કહીએ કે સૂત્રમાં તો બધી બાબતો છે, નથી શું? સમદૃષ્ટિથી જુઓ તો બધી ખબર પડે. એકાંતવાદીઓ તો ગમે તેમ બોલે તેથી શું વળવાનું? ભગવંતનો માર્ગ તો અનેકાંત છે. પ્રશ્ન વ્યાકરણ સૂત્ર તથા જમ્બુદ્વીપ પન્નતિ સૂત્રમાં જુગલીયા જુગલણીનાં તથા સ્ત્રીરત્નનાં નખશીખ સુધી તમામ શરીરની શોભાનાં વર્ણનો કર્યાં છે, અને ભગવતીજી તથા નિરયાવલિકા સૂત્રમાં કોણિક અને ચેડા મહારાજાદિક અઢાર દેશના મહારાજાની લડાઈનો સવિસ્તર હેવાલ છે, કે જેમાં એક કરોડને એંસી લાખ માણસનો સંહાર થવાનો મહાયુદ્ધનો અધિકાર છે, કે જેમાં મારો મારો, હણો હણો એવા શબ્દો પણ છે અને જેમાં માંસના કર્દમ અને લોહીની નીકો ચાલી વગેરે તમામ બીના લખી છે. અને જ્ઞાતા સૂત્રમાં દ્રૌપદીના સ્વયંવર મંડપમાં મોટા મોટા રાજા રાણાઓ તથા તેનાં ખાનપાન છએ પ્રકારનાં આહારાદિકની તથા દ્રૌપદીના શરીર શણગારાદિકની અનેક વાતો છે. તો તેમાં તમારી માન્યતા પ્રમાણે સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા અને રાજકથાનો સમાવેશ થાય છે કે નહિ?

જો તમે આ સૂત્રનાં વાક્યોને વિકથામાં ગણશો તો સૂત્રને દોષિત બનાવનારા ગણાશો, સૂત્રના દ્રોહી કહેવાશો. ખાત્રીજ છે કે-જે સાધુઓને દોષિત ગણનારા, સાધુના દ્રોહી હોય તે આવી સૂત્રની વાતો આવતી જાણીને મનમાં એવી આશંકાઓ લાવે કે આવા અધિકાર સૂત્રમાં શા માટે નાખ્યા હશે ? પરમાર્થ જાણ્યા વિના સૂત્રના દોષ દેખનારા ઘણાએ હોય છે.

પ્રશ્ન ૮૦—એ તો અમે પ્રથમ કહી ગયા છીએ કે જે વાત સૂત્રમાં ન હોય અને કલ્પિત રચેલ રાસજોડ વગેરેની કથા વાર્તા કરે તેને અમે વિકથા કહીએ છીએ.

ઉત્તર—તો પછી તમારે સૂત્ર વિના બીજો એક પણ અક્ષર બોલવો નજ જોઇએ. જેટલા અક્ષર સૂત્રમાં હોય તેટલાજ બોલવા, વાંચવા કે સાંભળવા. સૂત્રની બહારના અક્ષરો બોલશો તો વિકથામાં ગણાશે. કદી એમ કોઇ કહે કે-એવી બાબતો કાંઇ સૂત્રમાં ન હોય, પણ સૂત્રને લગતા ગ્રંથો હોય અને ગ્રંથમાંથી કોઇ કોઇ બાબતો મળી આવે અને આપણને યોગ્ય લાગે અને દયા, દાન, સત્ય, શિયળને વિરૂદ્ધ ન પડે તેવી કથા વાર્તા કે જોડ, સ્તવન વગેરે કહેવા સાંભળવામાં વાંધો નથી, પણ આ તો પોતાની જોડી કાઢેલી કલ્પિત વાતોના રાસના રાસ ઉભા કરી સંભળાવે તેની વાતો છે. તેને અમે વિકથા કહીએ છીએ. એમ બોલતા પ્રત્યે કહીએ કે-તમારા કહેવા પ્રમાણે જે વાત સૂત્રમાં નથી તે ગ્રંથમાં ક્યાંથી આવી ? ગ્રંથવાળાએ પણ પ્રેમ કલ્પિત ઉભી કરી હશે એમ તો તમારે કહેવું પડશે. જો તમે કલ્પિત એક વિશેષ શબ્દ કહો તો તમે જે જે ભાષા બોલો છો તે પણ કલ્પિત છે, તમારી કલ્પના પ્રમાણે બોલો છો, તમે જે પ્રમાણે અને જેટલું બોલો છો તે પ્રમાણે તેવાં વચન સૂત્રમાં તો નથી. તેમ કોઇ ગ્રંથમાં પણ નથી, તો પછી તમારી ભાષાને વિકથામાં ગણવી કે શામાં ગણવી ? સાધુ આપના અવર્ણ-વાદ, દેવની નિંદાની કુથલીઓ વઇ બેસુમારના વિકથાના કહેનારા કેમ ન કહેવાય ? અલબત્ત કહેવાયજ. એ પણ સૂત્ર વિરૂદ્ધ અને સૂત્ર બહારનીજ વાત છે. વળી તમારી માન્યતા પ્રમાણે તો માત્ર સૂત્રનો પાઠજ તમારે બોલવો કે [illegible] જોઇએ. અર્થ સાથે પણ બોલવું ન જોઇએ. કારણ કે, સૂત્રમાં [illegible] અર્થ પણ [illegible] આચાર્યે તેની મતિ કલ્પના પ્રમાણે કરેલા હોય છે અને તે [illegible] એક બીજાથી વિરૂદ્ધ પડતા પણ જોઇયે છીએ. [illegible] પણ વિરૂદ્ધ અર્થ [illegible] છીએ, તો તે પણ તમારી કલ્પનાના અર્થ વિરૂદ્ધ [illegible]

હવે [illegible] સ્તવન કે [illegible] વગેરે જે બનાવવામાં આવે છે તે સૂત્રના [illegible] નથી.

પ્રશ્ન ૮૧—જોડ, સ્તવન કે રાસ વગેરે બનાવવાનું સાધુને ક્યા સૂત્રમાં કહ્યું છે?

ઉત્તર—અનુયોગદ્વાર સૂત્રમાં કહ્યું છે કે છતી વસ્તુ ને છતી ઉપમા તથા છતી વસ્તુ અને અછતી ઉપમા અને અછતી વસ્તુ ને છતી ઉપમા તથા અછતી વસ્તુ ને અછતી ઉપમા એ પ્રમાણે કહેલ છે. તો દયા, દાન, સત્ય, શીયળને માટે છતી અછતી ઉપમાઓ આપી તેના દ્રઢાવ માટે ગમે તેવા પ્રકારની કથા વાર્તા કે કવિતા કરી સમજાવે તેમાં દોષ નથી, એમ સૂત્રનો ન્યાય છે.

પ્રશ્ન વ્યાકરણના ચોથા અધ્યયનમાં કહ્યું છે કે–સીતા, પદ્માવતી, દ્રૌપદી વગેરેના કારણોથી ઘણા જણનો ક્ષય. પદ્માવતીના કારણે એક કરોડ ને એંસી લાખ માણસોનો ક્ષય થયો તે વાત ભગવતીજી તથા નિરયાવલિકા સૂત્રમાં છે. પણ સીતા વગેરેનાં કારણો કાંઇ સૂત્રમાં નથી. પણ માત્ર ઉપરના શબ્દ ઉપરથી રામરાસ રચાયો. ઉત્તરાધ્યયનના ૧૮ મા અધ્યયનમાં महाबलो रायरिसिं आदाय सिरसासिरं મહાબળ રાજર્ષિએ માથા સાટે મુક્તિ લીધી. આ શબ્દ ઉપરથી મહાબળ મલયાસુંદરીનો રાસ બનાવ્યો—વળી બાવીશમા અધ્યયનમાં-પ્રથમ સૌરીપુર નગર અને સમુદ્રવિજય રાજા કહ્યા—અને તેજ ઠેકાણે દ્વારિકા નગરી અને કૃષ્ણ બળભદ્ર રાજા કહ્યા. તો સૌરીપુરથી દ્વારિકા શા માટે ગયા? અને જરાસંઘ સાથે મહા યુદ્ધ કરી ત્રિખંડાધિપતિ શી રીતે થયા? શા માટે યુદ્ધ થયું? વગેરે કાર્ય કારણ કાંઇ પણ બીના સૂત્રમાં નથી, પણ સૌરીપુર અને દ્વારિકા વગેરે શબ્દ ઉપરથી આખો હાળ સાગર રચાયો. જો કે ગ્રંથોમાં તથા અન્ય મતનાં શાસ્ત્રોમાં જે જે બીનાઓ જોવામાં આવી તેનો સંગ્રહ કરી રાસ રૂપે રચના કરી. તેમ સૂત્રમાં દયા, દાન, સત્ય, શીયળની ઠારોઠાર વ્યાખ્યા આવે છે. જેનો મહિમા અથવા સતિઓએ કેવી રીતે શીયળ સાચવ્યાં, તેણે કેવા કેવા ઉપસર્ગો પરિસહ સહન કર્યા, તેણે સત્ય શીયળ કેવી રીતે રાખ્યું વગેરે સૂત્રમા ન હોય પણ ગ્રંથમાં કે કથા વાર્તામાં કે અન્ય મતનાં શાસ્ત્રોમાંથી લઇ તેની જોડ કળા કે રાસ બનાવી સત્ય શીયળનું માહાત્મ્ય જણાવે તેમાં શું દોષ? જેમ સૂત્રના પાઠ ઉપરથી અર્થના કરવાવાળા અનેક પ્રકારની યુક્તિઓ લગાડી પોતાની બુદ્ધિનો ફેલાવો બતાવે છે. તેમ જોડકળા કે રાસના કરવાવાળા પણ પોતપોતાની બુદ્ધિનો ફેલાવો કરી જૈન ધર્મને દીપાવે છે.

પ્રશ્ન ૮૨—આ સંબંધી કોઇ સૂત્ર કે ગ્રંથનો આધાર છે? હોય તો બતાવો

ઉત્તર—સાંભળો, શ્રીઉત્તરાધ્યયન સૂત્રના ઓગણત્રીશમા અધ્યયનના અર્થમાં, તથા પ્રવચન સારોદ્ધાર ગ્રંથમાં-તથા સમકિતના સડસઠ બોલમાં સમકિતના આઠ પ્રભાવકમાં કહ્યું છે કે-કવિતા-જોડકળા કરવાની કળા હોય તો, જોડ, કવિતા કરીને જૈન માર્ગ દીપાવે.—વળી ભગવતીજી વગેરે સૂત્રમાં કહ્યું છે કે, સાધુ "કુંતિયાવણ ભુયા" સ્વસમય પરસમયના જાણ હોય, એટલે કવિતા, કાવ્યકળા વગેરે તમામના જાણ હોય વળી ઉત્તરાધ્યયન સૂત્રના ઓગણત્રીશમા અધ્યયનમાં પણ બન્ને શાસ્ત્રના મેળવણહાર કહ્યા છે. ससमय परसमय संघायाणिज्ज भवइ, આપણા સિદ્ધાંત અને અન્ય મતના શાસ્ત્રના સ્વરૂપને જાણીને એક બીજાના ન્યાયના મેળવણહાર હોય. અર્થાત્ તમામ કબુલ કરે, તમામને રૂચે તેવી રીતે સંધિ મેળવી કાવ્યકળાદિક કરે, એમ પણ આ બોલના પાઠ ઉપરથી જણાય છે. તો આપણી કરેલી કાવ્યકળા કે જોડનો સૂત્રના ન્યાયે દયા, દાન, સત્ય, શીળાદિકના માહાત્મ્યનો શો અટકાવ?-તથા શ્રી નંદીજી સૂત્રમાં વ્યાકરણ, ભાગવત, પુરાણાદિ મિથ્યાત્વીનાં શાસ્ર કહ્યાં છે. પણ તે સમ્યગ્દૃષ્ટિ ભણે તો ધર્મ શાસ્ત્ર કહ્યાં, તેમ સમદૃષ્ટિથી ઘણા જીવના ઉપકાર માટે સત્ય શીયળાદિકના ન્યાયોને કાવ્યરૂપમાં ગોઠવી રાસ પ્રમુખ બનાવે, અને સાંભળનારાને તેમાથી વૈરાગ્ય ઉત્પન્ન થાય, હૃદયમાં દયા કરૂણા પ્રગટે, સત્ય શીયળનો ઠઠાવ થાય, કુવ્યસનનો ત્યાગ કરે, સામાયિકાદિક સંવર કરણીમાં વધારો થાય, વ્રતપચ્ચખાણ ત્યાગ વૈરાગ્યાદિકનો વધારો થવા સાથ ઘણા જીવોના આત્મા નિર્મળ થતા જોઈએ છીએ. તેવા ગુણોને લેખામાં નહિ ગણતા દેષ દૃષ્ટિવાળા-આગા ચાંદાના ગોતનારા ઇર્ષાળુ લોકો કદાપિ કોઈ જોડકળા કે રાસનો નિષેધ કરે અને કહે કે સાધુથી રાસ વંચાયજ નહિ, તે પોતાની અજ્ઞાનતા તથા નિર્બળતા સૂચવે છે અને દયા, દાન, સત્ય, શીલાદિકના દ્રોહી બને છે અને એ મસે ઘણાઓની નિંદા અવર્ણવાદિ કરવાથી આત્માને ભારે કર્મી બનાવે છે. તેવા જીવોની દયા આવે છે કે તે જીવો દોષથી કેમ બચે.

પ્રશ્ન ૨.—નિશીથ સૂત્રના સત્તરમે ઉદ્દેશે-સાધુને ગાવાનું નિષેધ્યું છે તેનું કેમ?

ઉત્તર—અહો દેવાનુપ્રિય! જરા વિચાર કરીને જુઓ કે કેવા પ્રકારનું ગાવું નિષેધ્યું છે ત્યાં તો ચોખ્ખું કહ્યું છે કે—

जेभिक्खु गाएज्जवा वाएज्जवा णच्चेज्जवा अभिणवे हयहिंसियं हत्थि गुलगुलाइं तं उक्किट्ठं सीहणाइं करेइ करंतं वा साइज्जइ. २३६.

જે સાધુ, ગાન, ગીત, આલાપ સલાપીને વીણા, માદલ, ઢોલ, તાલાદિક વાજિંત્ર વજાડે, નાચે થેઈ થેઇ કરે, અત્યંત નાચી થેઇ થેઈ કરી ઘોડાની પરે હાંસે હંસારવ હણહણાટ કરે, હાથીની પરે ગુલગુલાટ શબ્દ કરે, તે ઉત્કૃષ્ટો સિંહનાદાદિક કરે, કરતાને અનુમોદે તો પ્રાયશ્ચિત કહ્યું.

અહિયાં તો એવા પ્રકારનું ગાવું વરજ્યું છે કે—તેની સાથે વાજીંત્ર, નાચવું, કુદવું વગેરે કહેલા તમામ બોલ સહિત ગાવાનો નિષેધ કરેલો છે. પણ સ્તોક, સ્તવન કે રાસ, ઢાળો વગેરે વાંચવા ગાવાનો નિષેધ કર્યો નથી. શ્રીઠાણાંગ સૂત્રમાં તથા અનુયોગદ્વાર સૂત્રમાં રૂપીશ્વરને પ્રશસ્ત ગાવું કહ્યું છે. અનુયોગદ્વાર બાબુના છપાવેલ પાને ૩૧૭ મે જુઓ.

संखया पाययाचेव, भणिईओ होति दोणिवा सरमंडलमि गिज्जंते पसत्था इसि भासिया અહિયાં તો કહ્યું છે કે—સંસ્કૃત પ્રાકૃત એ બે ભાષા ભણવી, બોલવી અને સ્વરમંડળમાં પ્રશસ્ત ઋષિને ગાવા યોગ્ય છે. તે ગાવું એમ ભગવંતે કહ્યું છે

તે માટે મજઝાય, સ્તવન, શ્લોક, દ્રષ્ટાંત કાવ્યકળા, પ્રાસ્તાવિક સવૈયા, છંદ, ચોપાઇ, ચરિત્ર, રાસ, ઢાળ, કથા વગેરે જે જે સિદ્ધાંત ન્યાયથી મળતા હોય, જેમાં દયા, દાન, સત્ય, શીયળાદિકનું પોષણ હોય તે તે વાંચવા, જોડવા, કહેવા અને ગાવાનો અટકાવ નથી. જે સિદ્ધાંતથી વિરૂદ્ધ હોય જેમાં ઉપર કહેલા ગુણોને હાનિકારક હોય કે જે વાચવાથી આત્માને વિક્રિયા ઉત્પન્ન થાય, અહિતકારી થાય, ધર્મની શ્રદ્ધા ઘટે, આત્માને ઉન્મત્ત બનાવે તેવી જોડકળા સાધુને કહેવી નહિ, જોડવી નહિ, કે સાંભળવી નહિ. પણ આત્માને હિતકારી અને ધર્મને પુષ્ટિકારી જોડ કરવાનો કે ગાવાનો નિષેધ નથી.

પ્રશ્ન ૮૪—કેટલાક કહે છે કે, સાધુને લખવું કલ્પે નહિ તેનું કેમ?

ઉત્તર—શ્રીપ્રશ્નવ્યાકરણ સૂત્રમાં સાતમા અધ્યયનમાં (બીજા સંવર દ્વારમાં) કહ્યું છે કે—"जह भणीयं तहय कम्मुणा होइ" જેમ સત્ય (?), તેમ લખવા વગેરેની ક્રિયા પણ સત્ય કરવી વળી શ્રી નિશીથ ચુરના વીશમા ઉદેશામાં વિશાખા નામે આચાર્યે નિશીથ સૂત્ર લખ્યું છે એમ કહ્યું. વળી શ્રી આચારાંગ સૂત્રનાં સાતમા અધ્યયનમાં કહ્યું છે કે [illegible] સમાધે શાસ્ત્ર લખ્યાં છે. તો ગુરૂના નિધાન જ્ઞાનાદિ સહિત [illegible] આચાર્યોએ લખ્યું તો બીજા સાધુનો શો વિરોધ? જો આપણે લખવાનો નિષેધ કરીશું તો ઉપકારી પુરૂષોએ અથાગ મહેનતે મુખપાઠે સંરક્ષણ કર્યું તેને પુસ્તકારૂઢ કરી જૈન ધર્મ અને સાધુ ધર્મને ટકાવી રાખવાનું પરમ સાધન

ઉત્તર—સાંભળો, શ્રીઉત્તરાધ્યયન સૂત્રના ઓગણત્રીસમા અધ્યયનના અર્થમાં, તથા પ્રવચન સારોદ્ધાર ગ્રંથમાં-તથા સમકિતના સડસઠ બોલમાં સમકિતના આઠ પ્રભાવકમાં કહ્યું છે કે-કવિતા-જોડકળા કરવાની કળા હોય તો, જોડ, કવિતા કરીને જૈન માર્ગ દીપાવે.—વળી ભગવતીજી વગેરે સૂત્રમાં કહ્યું છે કે, સાધુ "કુંતિયાવણ ભુયા" સ્વસમય પરસમયના જાણ હોય, એટલે કવિતા, કાવ્યકળા વગેરે તમામના જાણ હોય વળી ઉત્તરાધ્યયન સૂત્રના ઓગણત્રીશમા અધ્યયનમાં પણ બન્ને શાસ્ત્રના મેળવણહાર કહ્યા છે. ससमय परसमय संघायणिज्जे भवइ. આપણા સિદ્ધાંત અને અન્ય મતના શાસ્ત્રના સ્વરૂપને જાણીને એક બીજાના ન્યાયના મેળવણહાર હોય. અર્થાત્ તમામ કબૂલ કરે, તમામને રૂચે તેવી રીતે સંધિ મેળવી કાવ્યકળાદિક કરે, એમ ૫૯ મા બોલના પાઠ ઉપરથી જણાય છે. તો આપણી કરેલી કાવ્યકળા કે જોડનો સૂત્રના ન્યાયે દયા, દાન, સત્ય, શીળાદિકના માહાત્મ્યનો શો અટકાવ ?–તથા શ્રી નંદીજી સૂત્રમાં વ્યાકરણ, ભાગવત, પુરાણાદિ મિથ્યાત્વીનાં શાસ્ત્ર કહ્યાં છે. પણ તે સમ્યગ્દૃષ્ટિ ભણે તો ધર્મ શાસ્ત્ર કહ્યાં, તેમ સમદૃષ્ટિથી ઘણા જીવના ઉપકાર માટે સત્ય શીયળાદિકના ન્યાયોને કાવ્યરૂપમાં ગોઠવી રાસ પ્રમુખ બનાવે, અને સાંભળનારાને તેમાંથી વૈરાગ્ય ઉત્પન્ન થાય, હૃદયમાં દયા કરુણા પ્રગટે, સત્ય શીયળનો દ્રઢાવ થાય, કુવ્યસનનો ત્યાગ કરે, સામાયિકાદિક સંવર કરણીમાં વધારો થાય, વ્રતપચ્ચખાણ ત્યાગ વૈરાગ્યાદિકનો વધારો થવા સાથ ઘણા જીવોના આત્મા નિર્મળ થતા જોઇએ છીએ. તેવા ગુણોને લેખામાં નહિ ગણતાં દ્વેષ દૃષ્ટિવાળા-આળા ચાંદાના ગોતનારા ઇર્ષાળુ લોકો કદાપિ કોઇ જોડકળા કે રાસનો નિષેધ કરે અને કહે કે સાધુથી રાસ વંચાયજ નહિ, તે પોતાની અજ્ઞાનતા તથા નિર્બળતા સૂચવે છે અને દયા, દાન, સત્ય, શીલાદિકના દ્રોહી બને છે. અને એ મસે ઘણાઓની નિંદા અવહેલણાદિ કરવાથી આત્માને ભારે કર્મી બનાવે છે. તેવા જીવોની દયા આવે છે કે તે જીવો દોષથી કેમ બચે.

પ્રશ્ન ૩.—નિશીથ સૂત્રના સત્તરમે ઉદ્દેશે-સાધુને ગાવાનું નિષેધ્યું છે તેનું કેમ ?

ઉત્તર—અહો દેવાનુપ્રિય! જરા વિચાર કરીને જુઓ કે કેવા પ્રકારનું ગાવું નિષેધ્યું છે ત્યાં તો ચોખ્ખું કહ્યું છે કે—

जेभिक्खु गाएज्जवा वाएज्जवा णच्चेज्जवा अभिणचे हयहिंसियं हत्थि गुलंगुलाइं तं उक्किट्ठं सींहणाइं करेइ करंतं वा साइज्जइ. २३६.

જે સાધુ, ગાન, ગીત, આલાપ સલાપીને વીણા, માદલ, ઢોલ, તાલાદિક વાજિત્ર વજાડે, નાચે થેઈ થેઇ કરે, અત્યંત નાચી થેઇ થેઈ કરી ઘોડાની પરે હાંસે હંસારવ હણહણાટ કરે, હાથીની પરે ગુલગુલાટ શબ્દ કરે, તે ઉત્કૃષ્ટો સિંહનાદાદિક કરે, કરતાને અનુમોદે તો પ્રાયશ્ચિત કહ્યું.

અહિંયાં તો એવા પ્રકારનું ગાવું વરજ્યું છે કે—તેની સાથે વાજીંત્ર, નાચવું, કુદવું વગેરે કહેલા તમામ બોલ સહિત ગાવાનો નિષેધ કરેલો છે. પણ જોડ, સ્તવન કે રાસ, ઢાળો વગેરે વાંચવા ગાવાનો નિષેધ કર્યો નથી. ઠાણાંગ સૂત્રમાં તથા અનુયોગદ્વાર સૂત્રમાં રૂષીશ્વરને પ્રશસ્ત ગાવું કહ્યું છે. અનુયોગદ્વાર બાબુના છપાવેલ પાને ૩૧૭ મે જુઓ.

संसया पायपाचेव, भणिईओ होति दोणिवा सरमंडलमि गिज्जंते पसत्था इसि भासिया અહિયાં તો કહ્યું છે કે—સંસ્કૃત પ્રાકૃત એ બે ભાષા ભણવી, બોલવી અને સ્વરમંડળમાં પ્રશસ્ત ઋષિને ગાવા યોગ્ય હો. તે ગાવું એમ ભગવંતે કહ્યું છે.

તે માટે સજઝાય, સ્તવન, શ્લોક, દષ્ટાંત કાવ્યકળા, પ્રાસ્તાવિક સવૈયા, છંદ, ચોપાઇ, ચરિત્ર, રાસ, ઢાળ, કથા વગેરે જે જે સિદ્ધાંત શાસ્ત્રથી મળતા હોય, જેમાં દયા, દાન, સત્ય, શીયળાદિકનું પોષણ હોય તે તે વાંચવા, જોડવા, કહેવા અને ગાવાનો અટકાવ નથી. જે સિદ્ધાંતથી વિરૂદ્ધ હોય જેમાં ઉપર કહેલા ગુણોને હાનિકારક હોય કે જે વાંચવાથી આત્માને વિક્રિયા ઉત્પન્ન થાય, અહિતકારી થાય, ધર્મની શ્રદ્ધા ઘટે, આત્માને ઉન્મત્ત બનાવે તેવી જોડકળા સાધુને કહેવી નહિ, જોડવી નહિ, કે સાંભળવી નહિ. પણ આત્માને હિતકારી અને ધર્મને પુષ્ટિકારી જોડ કરવાનો કે ગાવાનો નિષેધ નથી.

પ્રશ્ન ૮૪—કેટલાક કહે છે કે, સાધુને લખવું કલ્પે નહિ તેનું કેમ ?

ઉત્તર—શ્રીપ્રશ્નવ્યાકરણ સૂત્રમાં સાતમા અધ્યયનમાં (બીજા સંવર દ્વારમાં) કહ્યું છે કે—" जह भणीयं तहय कम्मुणा होइ " જેમ સત્ય લાગે, તેમ લખવા વગેરેની ક્રિયા પણ સત્ય કરવી. વળી શ્રી નિશીથ સૂત્રના વીશમા ઉદ્દેશામાં વિશાખા નામે આચાર્યે નિશીથ સૂત્ર લખ્યું છે એમ કહ્યું. વળી શ્રી આચારાંગ સૂત્રનાં સાતમા અધ્યયનમાં કહ્યું છે કે દેવર્દ્ધિગણિક્ષમા શ્રમણે શાસ્ત્ર લખ્યાં છે. તો ગુણના નિધાન જ્ઞાનાદિ સહિત એવા આચાર્યોએ લખ્યું તો બીજા સાધુનો શો વિશેષ ? જો આપણે લખવાનો નિષેધ કરીશું તો ઉપકારી પુરૂષોએ અથાગ મહેનતે મુખપાઠે સત્રજ્ઞાન હતું તેને પુસ્તકારૂઢ કરી જૈન ધર્મ અને સાધુ ધર્મને ટકાવી રાખવાનું પરમ સાધન

જેણે કરી આપ્યું તેવાજ પુરૂષને દોષિત ઠરાવવા તે તો ઉપકારી પુરૂષનો મહા અપરાધ કર્યો ગણાય.—કારણ કે જેના આધારે આપણે ભોગીએ છીએ તેજ વસ્તુના ઉત્પાદક પુરૂષથી પોતાની અધિકતા જણાવવા જેવું કાંઇ પણ માનવામાં આવે તેજ પોતાનું દંભીપણું સૂચવે છે. પોતાને લખતાં આવડતું ન હોય તેવાઓ કેટલાક પોતાના આચારનો ડોળ બતાવવા કહે કે સાધુને લખવું કલ્પે નહિ, એમ કહી લખનારથી પોતાનું અધિકતાપણું જણાવે, પણ એટલો વિચાર કરે નહિ કે દેવર્દ્ધિક્ષમાશ્રમણે મુખે રહેલા જ્ઞાનને પાના ઉપર કેવી રીતે દાખલ કર્યું હશે? મૂળપાઠ ઉપરથી ટીકા ટીપ્પણ કેટલા કેટલા કેવી રીતે કર્યા હશે? ધર્મસિંહ મુનિ જેવાએ સૂત્રમાં મૂળ પાઠ ઉપર ટબા કેવી રીતે ભર્યા હશે? એ બધું લખ્યા વિના કેવી રીતે થયું હશે? માટે માનો કે સાધુને લખવાનો નિષેધ નથી.

પ્રશ્ન ૮૫.—કોઇ કહે કે–સૂત્રમાં પાનાં રાખવાં કે લખવાં ચાલ્યાં નથી તેનું કેમ?

ઉત્તર—આગલા પુરૂષો મહા બુદ્ધિવંત હતા કે જેમને તમામ જ્ઞાન કંઠસ્થ હતું તે પાનાં શામાટે રાખે? અત્યારે તો અલ્પ બુદ્ધિવાળા જીવો જોવામાં આવે છે શાસ્ત્ર વિના (પાના વિના) કાંઇ ગમ પડે નહિ. તેનોજ આધાર રહ્યો છે. તો અપવાદે રાખવાનો કે લખવાનો નિષેધ નથી. લખવું તે ધર્મની તથા જ્ઞાનની વૃદ્ધિને માટે છે, પણ પરિગ્રહ ખાતે લખતા નથી કે લખી ગયા નથી. દેવર્દ્ધિક્ષમાશ્રમણે જે સૂત્રને પાનાં ઉપર લખ્યાં તે કાંઇ પરિગ્રહની બુદ્ધિએ લખ્યાં નહોતાં, પણ આ જૈનધર્મ અને ચારે તીર્થને આ સૂત્રજ્ઞાન આધાર ભૂત થશે–ટેકારૂપ થશે. ઘણા જીવને કલ્યાણકારી હિતકારી થશે એવી બુદ્ધિએ લખેલાં હતા. તેજ તેજ સૂત્રજ્ઞાન અત્યારે મહાવીર દેવના શાસનમાં બહુજ ઉપયોગી થઇ પડેલ છે, અને જો એજ પ્રમાણે એજ બુદ્ધિએ પૂર્વાપર લખાતું રહેશે તો પાંચમા આરાના છેડા સુધી આજ સૂત્રજ્ઞાનના આધારે ચારે તીર્થનું ટકવાપણું થશે અને તેનાજ ઉપરથી આત્મકલ્યાણની સિદ્ધિ મેળવશે. માટે તેવા ઉપકારી પુરૂષનો ઉપકાર માનવાને બદલે જો અપવાદ મૂકવામાં આવશે તો માની લેવું કે આત્માને અને કલ્યાણને આકાશ પાતાળ જેટલું છેટું છે. એવી અપકાર બુદ્ધિની મહા નીવડ ગાંઠ વચ્ચે પડેલી સમજવી.

પ્રશ્ન ૮૬–સાધુથી લખી શકાય એવો કોઇ સૂત્રનો આધાર છે?

ઉત્તર–આધાર તો જણાવી ગયા છીએ કે પૂર્વાચાર્યોએ જેમ ઉપકાર બુદ્ધિએ શાસ્ત્ર લખ્યાં તેમ આપણે પણ માત્ર ઉપકાર બુદ્ધિએ

લખતાં દોષ નથી. અને જે પ્રકારે લખવાથી દોષ લાગે છે, તે પણ સૂત્રમાં ચોખ્ખું જણાવી દીધું છે કે હે મુનિયો! તમારે પૃથ્વી ઉપર લખવું નહિ, લખાવવું નહિ કે કોઇ લખતું હોય તો રૂડું પણ જાણવું નહિ; એમ દશવૈકાલિક સૂત્રના ચોથા અધ્યયનમાં કહ્યું છે.કે–पुढवीवा × × नालिहिज्जा × × વગેરે એટલે પૃથ્વી ઉપર લખવાનું નિષેધ્યું, પણ બીજા ઉપર લખવું નિષેધ્યું નથી. તેમજ નિશીથ સૂત્રના ઉદ્દેશે છઠ્ઠે-સૂત્ર ૧૩ મું–તેમાં કહ્યું છે કે—

जेभिक्खु माउगामस्स मेहूण वडियाए लेहं लेहइ, लेहं लेहावेइ, लेहं वडियाए बहियागच्छइ गच्छंतं वा साइज्जइ. १३

અર્થઃ—જે કોઇ સાધુ માતાના સરીખી ઇંદ્રિ છે તે સ્ત્રીની તેહને મૈથુનને નિમિત્તે, આપણા વિષેનો ભાવ લખે, અનેરા પાસે લખાવે, આપણો અભિપ્રાય લખાવવા નિમિત્તે બહાર જાય, જતાને અનુમોદે તો તેને ચૌમાસિય ગુરૂ પ્રાયશ્ચિત કહ્યું.

એ કારણ સિવાય પ્રાયશ્ચિત ચાલ્યું નથી. તો પછી પુસ્તકાદિક લખવામાં દોષ હોયજ કયાંથી ?

પ્રશ્ન ૮૭—પુસ્તકના તો ઠાંહારે ભંડાર ભર્યા જોઇએ છીએ, તો પછી પુસ્તકાદિકનો વિશેષ સંગ્રહ કરવાથી તે પરિગ્રહમાં કેમ ન ગણાય ?

ઉત્તર—પરિગ્રહ રૂપે સંચય કરે તો પરિગ્રહમાં ગણાય. ઉપકાર બુદ્ધિએ સંગ્રહ કરે તો પરમાર્થમાં ગણાય. દેવર્દ્ધિક્ષમાશ્રમણે ચોરાસી આગમો લખી સંગ્રહ કરી રાખ્યો હતો તે પરિગ્રહની બુદ્ધિએ નહિ, પણ ઉપકાર બુદ્ધિએ પરમાર્થની બુદ્ધિએ પ્રત્યક્ષપણે આપણે અનુભવીએ છીએ. પુસ્તકપાનાંને જો કોઇ પરિગ્રહમાં ગણે તો કોઇની પાસે વિશેષ હશે તો કોઇની પાસે અલ્પ થોડાં પણ હશે તો તે પણ પરિગ્રહમાં ગણવાં પડશે. સૂત્ર સિદ્ધાંતની અપેક્ષાએ તો मुच्छा परिग्गहो वुत्तो, મમત્વ કે મૂર્છા ભાવ રાખે તો પરિગ્રહમાં છે, પણ ધર્મ ઉપકરણની બુદ્ધિએ, જ્ઞાનની વૃદ્ધિના હેતુએ રાખે તો પરિગ્રહમાં ગણાય નહિ.

પ્રશ્ન ૮૮—કેટલાક લોકો પુસ્તક પાનાં ધર્મ ઉપકરણને પરિગ્રહમાં ગણી સાધુઓ ઉપર આક્ષેપ વચનો મૂકે છે તેનું કેમ ?

ઉત્તર—તે તો આક્ષેપ વચનો મૂકનારને વિચારવાનું છે. પણ આપણે એટલો તો વિચાર કરવો જોઇએ કે જો પુસ્તક પાનાં કે ધર્મોપકરણને પરિગ્રહમાં ગણી પોતાની પવિત્રતા જણાવવા બીજા ઉપર આક્ષેપ વચનના પ્રહારો કરીએ કે નિંદાયુક્ત વાક્યો બોલીએ તો પેલા પરિગ્રહ કરતાં આ

પરિગ્રહ આત્માને વધારે નુકશાનીવાળો જણાય છે. પૈસો બાહ્ય પરિગ્રહ તો અહિંયાંજ પડયો રહેવાનો છે, અને જ્યાં જશે ત્યાં જ્ઞાનનીજ વૃદ્ધિ કરનારો છે. અને કદાપિ અંત સમયે મૂર્છા મૂકશે તો પણ મહા લાભદાયક છે. પણ જે નિંદા, ઇર્ષા, ઝેર, વેર, માયા, કપટ અને ક્રોધાદિક અભ્યંતરના દોષરૂપ પરિગ્રહનો કરેલો સંચય તે તો જીવની સાથેજ આવનારો છે, અને તે એટલી બધી નુકસાની કરનારો છે કે આપણાં કરેલાં તમામ સુકૃતનાં ફલનો નાશ કરી અધોગતિના ફલને આપે છે. માટે પરાયા પરિગ્રહની ખટપટથી અલગા રહી આપણો પોતાનો પરિગ્રહ જે નુકસાની કર્તા છે—હાનિકારક છે, આપણો છૂપો શત્રુ છે, આપણા અભ્યંતરના ધનમાલને લૂંટનાર છે. એવા પરિગ્રહથી અલગા રહીશું તોજ આપણો કરેલો શુભ પ્રયાસ સફલ થશે. દ્રવ્ય અને ભાવ ઉપાધિથી જેટલે જેટલે અંશે આત્મા અલગો રહેશે તેટલે અંશે આત્મા કર્મ બંધનથી પણ અલગો રહેશે અને આત્માને મહાગુણની પ્રાપ્તિ થશે. માટે બીજાની ઉપાધિ આપણને ઉપાધિ રૂપે થાય તેવી ઉપાધિમાં ન પડતાં આત્માના શ્રેયનો વિચાર કરવો તેજ સત્પુરૂષનું કર્તવ્ય છે. સુજ્ઞેષુ કિં બહુના.

પ્રશ્ન ૮૯—કોઇ કહે કે-સાધુ ચશ્મા કેમ રાખે છે? ચશ્મા રાખવા કયા સૂત્રમાં કહ્યું છે?

ઉત્તર—ચશ્મા કયે ઠેકાણે નિષેધ્યાં છે? સૂત્રમાં તો કાચનાં પાત્રાં નિષેધ્યાં છે. વસ્ત્રનાં, ચર્મનાં વગેરે સત્તર જાતનાં પાત્રાં નિષેધ્યાં છે. પણ વસ્ત્ર, કાચ, ચર્મનો અટકાવ કર્યો નથી. ઇહાં કોઇ કહે કે—કાચનાં પાત્ર કેમ હોય? કાચજ નિષેધ્યો છે. તેને કહીએ કે—તો વસ્ત્રનાં પાત્ર કેમ હોય? વસ્ત્ર કેમ રાખીએ છીએ? પણ માનો કે કાચનાં પાત્ર હોય છે અને વસ્ત્રનાં પણ પાત્ર હોય છે. કાચના વાટકા થાય છે. કાચના ગ્લાસ થાય છે, કાચનાં અનેક ભાજન બને છે તે પાત્રજ કહેવાય અને વસ્ત્રને પણ કુટીને અનેક પ્રકારના વાસણની જાત બનાવે છે, તે પણ પાત્રજ કહેવાય. તેવાં પાત્ર સાધુને આચારાંગજીના બીજા શ્રુતસ્કંધમાં અકલ્પનિકમાં ગણ્યાં છે. પણ કોઇ ઠેકાણે કાચ કે ચશ્માનો નિષેધ કર્યો નથી. ત્યારે કોઇ કહે કાચનું-ચશ્માનું તો મૂલ્ય ઉપજે વળી તે ધાતુ વસ્તુ છે. તેને કહીએ કે તો વસ્ત્ર પાત્ર પોથીનું શું મૂલ્ય નથી ઉપજતું? મૂલ્ય તો દરેક ચીજનું ઉપજે છે. પણ સાધુને કાંઇ મૂલ્ય ઉપજાવવા જવું નથી. અને કાચને કાંઇ ધાતુમાં ગણ્યો નથી. ત્યારે કોઇ કહે કે-કદાપિ ચશ્માના કાચ ધાતુમાં ન ગણીએ પણ ચશ્માની કમાન, બાણુ, ફ્રેઇમ તો ધાતુની છે તે કેમ

કલ્પે? તેનો ઉત્તર એ કે-કોઇ કોઇનાં ચશ્મા ધાતુ વિનાનાં નેતર પ્રમુખથી બાંધેલાં હોય છે, અને તેવું સાધન ન મળે તો પછી જે ચશ્મા આંખને ઓઠાં તેની ફ્રેઇમ કદી ધાતુની (સોના રૂપા વિનાની ઉપધાતુની) હોય તો તે ચશ્મા પાડીહારાં લેવામાં આવે છે. કારણ કે એકલા કાચ કાંઈ આંખ આડા રખાતા નથી, માટે ચશ્માના ધણી થકા રાખવામાં આવે છે, અને તે પણ અપવાદ માર્ગે ન છૂટકે રાખનારા રાખે અને સગવડે બંધારે તેને કોઇ અટકાયત કરતું નથી.

પ્રશ્ન ૯૦—કોઇ કહે એવાં ચશ્મા રાખવાનું ક્યાં કહ્યું છે?

ઉત્તર—તે તો કોઇ સૂત્રમાં કહ્યું નથી, પણ પોથો, પાના, શાહી, હીંગળો, લેખણ, પાટીયાં વગેરે રાખવાં કયા સૂત્રમાં કહ્યાં છે? ત્યારે કોઇ કહે કે—પોથી વિના તો ચાલે નહિ, એ તો જ્ઞાન નિમિત્તે છે. અને આ કાલના સાધુને તો પુસ્તક પાનાંનોજ આધાર છે, માટે તેની તો અવશ્ય જરૂર પડેજ તો કહેવું કે—ચશ્મા વિના પણ ન ચાલે, તેની પણ અવશ્ય જરૂર પડે છે. અને તે જ્ઞાન અને દયાના બે કારણે રાખવાં પડે છે. જો પોથી પાનાં જ્ઞાન નિમિત્તે રાખશે તો શાહી, હીંગળો, લેખણ, પાટી (અને ચશ્મા એ પણ જ્ઞાન નિમિત્તે રાખવાં કહશે. તેમાં ચશ્મા રાખવાનો એટલો વિશેષ છે કે—ચશ્માથી બારીક-ઝીણા જીવો દેખાય નહિ તેના જીવોનું રક્ષણ થાય છે, માટે જેને એવી ખાસ જરૂર હોય તેને તો અવશ્ય ચશ્મા રાખવાની આવશ્યકતા છે, જેમ આંખો વાંચવાને અને જીવોના રક્ષણ માટે છે, તેમ ચશ્મા પણ વાંચવાના અને ખાસ જીવના રક્ષણ માટે છે

જો કે ચશ્મા રાખવાથી અપવાદ માર્ગે કિંચિત્ દોષ લાગવા સંભવ છે, પણ પરિણામે લાભ ઘણો છે. આંખોનું રક્ષણ ચશ્મા છે, માટે આખા શરીરમાં પહેલું આંખોનું રક્ષણ કરવા કહ્યું છે. જ્ઞાતા સૂત્રમાં મેઘકુમારે આખું શરીર સાધુની વૈયાવચ્ચ ખાતે ભગવંતની હજુરમાં અર્પણ કરી દીધું, પણ બે આંખોનું પોતે રક્ષણ કરવું એવો આગાર રાખ્યો. એટલે આખા શરીરની દરકાર નહીં કરતાં માત્ર આંખનું રક્ષણ કરવાનું ઉચિત માન્યું. કારણ કે આખા શરીરનો આધાર, જ્ઞાનનો આધાર અને જીવ દયાનો આધાર આંખોપર છે, માટે આંખનું રક્ષણ કરવાની પહેલી જરૂર છે.

જેમ જ્ઞાનના નિમિત્ત કારણમાં પોથી પાનાં ઉપયોગી છે, તેમ જ્ઞાન સંબંધીમાં ચશ્મા પણ ઉપયોગી છે. પોથી પાનાં આંખોવાળાને ઉપયોગી છે, અને આંખોના રક્ષણ માટે ચશ્મા પણ ઉપયોગી છે.

પ્રશ્ન ૬૧—આ જૈન ધર્મમાં એક મહાવીર દેવનું શાસન પ્રવર્તે છે, છતાં અનેક મત ભેદ, અનેક ગચ્છ, અનેક સંઘાડા, અનેક સંપ્રદાય, અનેક ટોળાં કેમ જોવામાં આવે છે?

ઉત્તર—જમાનાની ફેરો કે કાળની ફેરો કે સમયની બલીહારી છે, સૂત્રના ન્યાય પ્રમાણે અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી ગઈ પણ અનંત કાળે આવેલ આ અવસર્પિણી કાળ કે જેનું નામ સૂત્રમાં હુંડાવસર્પિણી આપી ઓળખાવેલ છે. તેના છ સમય (છ આરા) માંનો આ પાંચમો સમય દુષમના બદલે ઓગાડ, દુગાડ, દુગા સમય કહીને ઠાણાંગ સૂત્રમાં બતાવેલ છે. તેમજ શ્રી ઠાણાંગજીમાં કહેલા દશ અચ્છેરામાંનું દશમું અચ્છેરું અસંજતીની પૂજા એ નામનું તથા શ્રી મહાવીર દેવના નિર્વાણ સમય ભસ્મગ્રહનું બેસવું અને ભદ્રબાહુ સ્વામી ચૌદપૂર્વીના વખતમાં ચંદ્રગુપ્ત રાજાને પોષામાં સોળ સ્વપ્ન લાધ્યાં. આટલા સંજોગોને લઇને શ્રી મહાવીર દેવના શાસનની કફોડી સ્થિતિ જોવામાં આવે છે. દુનિયાનાં પ્રાણીઓ જેમ જેના મગજમાં આવે તેમ બોલ્યા કરે. અને બન્યું છે પણ એવું કે—ગચ્છ, વાડા, સંઘાડાની હદ રહી નથી, તેમ જે જેના મગજમાં આવે તેમ પ્રરૂપણા કરતાં સાંભળીએ છીએ અને તેજ પ્રમાણે શ્રી ભગવંત મહાવીર દેવ પણ અગાઉથી કહી ગયા છે. ભગવતીજી શતક પહેલે, ઉદ્દેશે ત્રીજે જણાવે છે કે—જ્ઞાન જ્ઞાનમાં અંતર, દર્શન—દર્શનમાં અંતર, ચારિત્ર—ચારિત્રમાં અંતર, લિંગ—લિંગમાં અંતર, માર્ગ—માર્ગમાં અંતર એમ તેર સ્થાનકે સાધુઓ અંતર આચંકા વેદના થકા જૂદા જૂદા અભિપ્રાયે કાંક્ષા મોહનીય કર્મ વેદતા કહ્યા છે. તે પ્રમાણે આચાર્યના મત અભિપ્રાય પણ જુદા જુદા જોવામાં આવે છે. વળી દશાશ્રુતસ્કંધ સૂત્રમાં કહ્યું છે કે—છ મહિના પહેલાં ટોળું (ગચ્છ) ઉઠે તો સબલો દોષ લાગે તો ગચ્છ-ટોળાં જૂદાં છે ખરાં. વળી શ્રી બૃહત્કલ્પ સૂત્રમાં ધર્મવૃદ્ધિ અધિક દેખે તો સંવિભાગ કરવો, નહિતો ન કરવો. વળી 'શ્રી ઉત્તરાધ્યયનના દશમા અધ્યયનમાં પાંચમા' આરામાં આચાર્ય મહારાજ અનેક મતના દેખાડનાર થશે. વળી સોળ સ્વપ્નમાં ત્રીજે સ્વપ્ને ચંદ્ર ચાળણી જેવો દીઠો તેથી આચાર્યની સમાચારી જૂદી જૂદી થશે સૂત્રમાં પણ ઠામ ઠામ ગચ્છ ટોળાં સંઘાડા જૂદા જૂદા કહ્યા છે. તે માટે એકજ ગચ્છ કે એકજ સંપ્રદાય કે એકજ સંઘાડો કે એકજ ટોળાની કે અમુક સાધુની શ્રદ્ધા, આસ્થા રાખી બાકી કોઇ સાધુ છેજ નહિ એવી ભાષા બોલવી નહિ. ઘણા સાધુ, સાધ્વી, ગુણવંત છે. જઘન્ય, મધ્યમ ને ઉત્કૃષ્ટા ગુણે સાધુ કહ્યા છે. શ્રી જ્ઞાતાજી સૂત્રમાં બીજના ચંદ્રમાથી પૂનેમના ચંદ્ર સુધીના

ગુણવાળા સાધુ કહ્યા છે. માટે અમુક ગચ્છ, સંઘાડા કે સાધુ ઉપર કાંઇ જૈનનું શાસન હોય નહિ, માટે એકાંત નહિ ખેંચતાં ઘણા ઘણા ઉત્તમ સાધુઓની પ્રતિત રાખી આત્મ કલ્યાણ સાધવું. આ કાળ એવો છે કે જે દોષ દૃષ્ટિ દૂર કરી ગુણગ્રાહી થઇ હંસની પેરે દૂધ પીતા શિખશે તોજ આત્મકલ્યાણનો રસ્તો મળી આવશે.

પ્રશ્ન ૯૨—બીજના ચંદ્રમાથી પૂનમના ચંદ્ર સુધીના ગુણવાળા સાધુ કહ્યા છે. એમ કહ્યું તે તો જ્ઞાનગુણે ચડતા ઉતરતા કહ્યા છે, એટલે કોઇ થોડા ભણેલા હોય કોઇ વધુ ભણેલા હોય, એટલે બીજના ચંદ્રની પેઠે કોઇ થોડો પ્રકાશ કરે, કોઇ પૂનમના ચંદ્રની પેઠે વધુ પ્રકાશ કરે તે જ્ઞાન આશ્રી કહેલ છે. પણ મહાવ્રત ગ્રહણ કરેલાને ચારિત્રના ગુણ તો સરખાજ હોય તેમાં બીજના ચંદ્રનો ન્યાય ઘટે નહિ, એમ કેટલાક કહે છે તેનું કેમ?

ઉત્તર—એમ એકાંતવાદીનું બોલવું થતું હશે, પણ અનેકાંતવાદી સૂત્રકર્તાનો એવો અભિપ્રાય નથી, એમ સૂત્ર પાઠ ઉપરથી જણાઇ આવે છે. શ્રી જ્ઞાતાજીસૂત્રના દશમા અધ્યયનમાં તો ખુલ્લું કહ્યું છે કે જેમ બીજના ચંદ્રથી માંડી પૂનમના ચંદ્ર સુધી ચડતી કળા હોય છે, તેમ સાધુ પણ ખંતી મુત્તિ આદિ દશ પ્રકારના યતિ ધર્મે એટલે દશે બોલે બીજના ચંદ્રથી પૂનમના ચંદ્રની કળાની પેઠે ચડતા જાણવા. એટલે કોઇ બીજના ચંદ્રની કળા જેવા હોય કે કોઇ ત્રીજ, ચોથ, પાંચમની એમ યાવત્ પૂનમના ચંદ્રની કળાની પેઠે દશે બોલે પૂર્ણ ગુણવંત હોય એમ દરેક બોલમાં ચડતી ઉતરતી કળા હોય છે. અહિંયાં કોઇ કહે કે, દશ બોલમાં પાંચ મહાવ્રત આવ્યાં નહિ; તો પાંચ મહાવ્રત બધાને સરખાંજ હોય. કળાની પેઠે હાનિ વૃદ્ધિ હોય નહિ. તેને કહીએ કે—દશ બોલમાં પાંચે મહાવ્રત આવી જાય છે. સંજમે શબ્દ કહ્યો તેમાં પંચે મહાવ્રત આવી ગયાં. સંયમ કહો, કે ચારિત્ર કહો કે પાંચ મહાવ્રત કહો એ બધા એકાર્થવાચી છે. વળી ઉપલા પાંચ બોલમાં પાંચે મહાવ્રતનો ખુલ્લી રીતે દેખાવ થાય છે. માટે પંચ મહાવ્રત, સત્તર ભેદે સંજમ અને પાંચે ચારિત્રમાં દરેક બોલે બીજના ચંદ્રથી પૂનમના ચંદ્રની પેરે ચડતી ઉતરતી કળાઓ લેવી કહી છે. ચારિત્રમાં કોઇ સામાયિક ચારિત્રવાળા હોય કે કોઇ છેદોપસ્થાપનીય ચારિત્રવાળા હોય કે કોઇ પરિહાર વિશુદ્ધવાળા કે કોઇ સૂક્ષ્મ સંપરાયવાળા કે કોઇ જથાખ્યાત ચારિત્રવાળા પણ હોય. તે દરેક ચારિત્રમાં કળાઓની હાનિવૃદ્ધિ પણ હોયજ. શ્રીભગવતીજી સૂત્રમાં સંજમનાં અસંખ્યાતાં સ્થાનક કહ્યાં છે. તે જીવના પરિણામની હાનિવૃદ્ધિ આશ્રી કહ્યાં છે. સાધુપણું તો ચરિત્રના

અભ્યંતર ગુણમાં તથા મોહનીય કર્મની પ્રકૃતિયોના ક્ષયોપશમમાં રહેલ છે. નહિ કે ઉપરના વેશમાં કે વાચાળ પ્રકૃતિમાં હોય છે. માટે એકાંત પક્ષ ખેંચીને પોતાની બડાઇ અને પરની નિંદા કરી શાસ્ત્રના કે સાધુઓના પ્રત્યનિક બનવું નહીં. જે ઓછું પાળશે તેને ઓછો લાભ મળશે અને જે વધુ પાળશે તેને વિશેષ લાભ મળશે, પણ પારકી ખટપટમાં પડી પોતાનું અહિત કરવું નહિ.

પ્રશ્ન ૯૩—કેટલાક કહે છે કે અમારા સંઘાડામાં કે ટોળામાં જેટલા છે. તેટલાજ સાધુ છે, માટે તેની સાથે આહારાદિક બારે પ્રકારનો સંભોગ કરવો. એટલે કરવો તો બારે પ્રકારનો સંભોગ કરવો, નહિ તો એકે પ્રકારનો નહિ તેનું કેમ ?

ઉત્તર—તે તો ગચ્છ ગચ્છનો બાંધો. એટલે જે સંપ્રદાયમાં જેવો બાંધો હોય તે પ્રમાણે તેઓ વર્તવાને હકદાર છે. પણ અમારા સિવાય બીજા સાધુ નથી, અમેજ સાધુ છીએ એવું બોલવું તે તો ઉદ્ધતાઇનું વચન ગણાય. મહાવીરે કોઇને ઇજારો લખી આપ્યો નથી કે અમુક સંઘાડાના કે અમુક ગચ્છના કે અમુક સંપ્રદાયના સાધુ એજ સાધુ છે. બીજા સાધુ નથી એવું મહાવીરનું ફરમાન નથી. પોતે પોતાની મેળે ગમે તેવી છાપ મેળવે દરેક ગચ્છવાળા એમજ માને છે કે અમેજ સાધુ છીએ, અમેજ મહાવીરના ફરમાન પ્રમાણે વરતીએ છીએ. અમેજ મહાવીરના કેડાયત છીએ. અમેજ સમકિતી છીએ. અમેજ શુદ્ધ ચારિત્ર પાળીએ છીએ અને અમેજ સૂત્ર પ્રમાણે વરતીએ છીએ એમ કોણ નથી કહેતું ? સૌ કોઇ એમજ માને છે, એમજ કહે છે. પોતાનું સ્થાપન અને પરનું ઉત્થાપન એમ ઘરમાળ ચાલ્યાજ કરે છે ત્યાં કાંઇપણ વિચાર કરવા જેવું રહેતું નથી. મહાવીર પરમાત્મા સ્વીકારે તે સત્ય. હવે સંભોગ આશ્રી–શ્રી આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના સાતમા અધ્યયનમાં કહ્યું છે કે-સંભોગી સાધુ આવે તેને અશનાદિકની આમંત્રણા કરવી. અને વિસંભોગી આવે તેને પાટ પાટલા બાજોઠાદિક દેવાં. વળી શ્રી ઉત્તરાધ્યયનના ત્રેવીશમા અધ્યયનમાં કેશીકુમાર શ્રમણે શ્રી ગૌતમ સ્વામીને તૃણાદિકની એટલે આસનની આમંત્રણા કરી. તે માટે સઘળા સંભોગની જરૂર નહિ, પણ જેટલો યોગ્ય લાગે તેટલો એક બે ઉત્કૃષ્ટા બાર સુધીનો પણ આમંત્રણ કરે અને એમ માને કે એ પણ સાધુ છે. કેશી સ્વામી અને ગૌતમ સ્વામી વિસંભોગી છે. ભિન્ન આચારી છે, પણ એક બીજાએ એમ જાણ્યું નથી, કે એ સાધુ નથી.

પ્રશ્ન ૯૪—સાધુ તો સાધુના ગુણે જે હોય તેજ સાધુ કહેવાય. અત્યારે સૂત્રમાં કહેલા ગુણ પ્રમાણે કોઈ સાધુ જોવામાં આવતા નથી, પણ તેથી ઉલટા ગુણવાળા જોવામાં આવે છે; માટે તેને સાધુ કેમ માનવા?

ઉત્તર—એકાંત પણે કાંઇ કહી શકાય નહિ. ઘણા ઉત્તમ સાધુ હોય છે. પણ હમણાં કાળના પ્રભાવે સંઘયણ મંદપણાથી વક્રજડતાઇપણાથી અતિચાર ઘણા લાગતા દેખાય છે, જેથી એકેક નિર્બુદ્ધિ જીવને સાધુ સુઝે નહીં. અને મનમાં શંકા વેધા કરે જે સાધુ હોય તે એ-ના દોષ કેમ સેવે? પણ બિચારા સૂત્રના અજાણ હોવાથી સૂત્રમાં શું કહ્યું છે તે કાંઇ જાણે નહિ, અથવા કોઇએ પાંચ દશ શબ્દ પકડી રાખ્યા હોય કે આવા દોષ તે સાધુ કહીએ, બાકી સાધુ માનવા નહીં. પછી બિચારા એજ કકો ઘુંટયા કરે અને પોતાની બગલમાં રહેલો બચકો કિમતી વસ્તુનો છે એમ માને, પણ ખોલીને જુએ તો જણાઇ આવે કે આ એક જાતની ભ્રમણા છે. સૂત્રકારે એવી ભ્રમણા રાખી નથી, તેમણે તો જેવું જ્ઞાને કરીને જાણ્યું, તેવું દુનિયાના પ્રાણીને જણાવી દીધું. શ્રી ભગવતીજી સૂત્રમાં પાંચ ચારિત્ર અને ૬ નિયંઠા (૬ પ્રકારના નિગ્રંથ) કહ્યા છે. અને તેને છઠ્ઠાણવડીયા પણ કહ્યા છે. એટલે સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા ગુણે હીણા અધિકા કહ્યા છે તો વિચારો કે સાધુમાં અનંત ભાગે હીણા અધિકા ઇત્યાદિ વિકલ્પ કેમ કહ્યા હશે? તે જરા જ્ઞાન નેત્ર ખોલીને જુઓ. વળી શ્રી ઠાંણાંગજી સૂત્રમાં ચાર પ્રકારની પ્રવર્જ્યા કહી “ पनुसिकट्टीवरामणा ” ઇત્યાદિ અનગાર રૂપ કચરે કરી સહિત પ્રવર્જ્યા કહી-વળી બકુશ ચારિત્ર, શરીર ઉપકરણ, વિભૂષાને કરવે શુદ્ધ અને અશુદ્ધ ચારિત્ર કહ્યું છે. વળી શ્રી મહાવીર સ્વામીના સાધુને છેદોપસ્થાપનીય ચારિત્ર સાતિચાર (અતિચાર સહિત) છે-વળી ઠાણાંગજીના સાતમે ઠાણે છદ્મસ્થનાં સાત લક્ષણ કહ્યાં છે. તે એ કે-૧ હિંસા કરે, ૨ મૃષા બોલે, ૩ અદત્ત લે, ૪ શબ્દાદિ પાંચે ઇંદ્રિયનો સ્વાદ લે ૫ સાવદ્ય જાણવી પોતે સેવે, તથા સદોષ આહાર લે, ૬ પૂજા સત્કાર વાંછે, ૭ જેવું કહે તેવું ન કરે. એ સાત મુદ્દા. લક્ષણ કેવલીના કહ્યાં છે. વળી ચોથે ઠાણે ચાર પ્રકારે કેવળજ્ઞાન ન ઉપજે, તે વારંવાર સ્ત્રી કથા, ભક્ત કથા, દેશ કથા, અને રાજ કથા કરે. ૧ અશુદ્ધ આહારનું કરવું તે શુદ્ધ સામુદાણી એષણિક ગોચરી ન કરે. ૨ કાઉસ્સગ્ગનું કરવું તેથી આત્મા સ્થિર થાવે નહિ. ૩ પહેલી રાત્રિએ ધર્મ જાગરણ ન કરે. ૪ વળી પાંચમા આઠમા જીવ ચાંડ ને અડાક્ષ, તેથી પંચ આદે સમાચરણ દોહિલાં કહ્યાં છે. જુઓ ઠાણાંગ ઠાણે પાંચમે ઈત્યાદિ

અભ્યંતર ગુણમાં તથા મોહનીય કર્મની પ્રકૃતિયોના ક્ષયોપશમમાં રહેલ છે. નહિ કે ઉપરના વેશમાં કે વાચાળ પ્રકૃતિમાં હોય છે. માટે એકાંત પક્ષ ખેંચીને પોતાની બડાઈ અને પરની નિંદા કરી શાસ્ત્રના કે સાધુઓના પ્રત્ય-નિક બનવું નહીં. જે ઓછું પાળશે તેને ઓછો લાભ મળશે અને જે વધુ પાળશે તેને વિશેષ લાભ મળશે, પણ પારકી ખટપટમાં પડી પોતાનું અહિત કરવું નહિ.

પ્રશ્ન ૯૭—કેટલાક કહે છે કે અમારા સંઘાડામાં કે ટોળામાં જેટલા છે. તેટલાજ સાધુ છે, માટે તેની સાથે આહારાદિક બારે પ્રકારનો સંભોગ કરવો. એટલે કરવો તો બારે પ્રકારનો સંભોગ કરવો, નહિ તો એકે પ્રકારનો નહિ તેનું કેમ?

ઉત્તર—તે તો ગચ્છ ગચ્છનો બાંધો. એટલે જે સંપ્રદાયમાં જેવો બાંધો હોય તે પ્રમાણે તેઓ વર્તવાને હકદાર છે. પણ અમારા સિવાય બીજા સાધુ નથી, અમેજ સાધુ છીએ એવું બોલવું તે તો ઉદ્ધતાઈનું વચન ગણાય. મહાવીરે કોઈને ઇજારો લખી આપ્યો નથી કે અમુક સંઘાડાના કે અમુક ગચ્છના કે અમુક સંપ્રદાયના સાધુ એજ સાધુ છે. બીજા સાધુ નથી એવું મહાવીરનું ફરમાન નથી. પોતે પોતાની મેળે ગમે તેવી છાપ મેળવે દરેક ગચ્છવાળા એમજ માને છે કે અમેજ સાધુ છીએ, અમેજ મહાવીરના ફરમાન પણ વરતીએ છીએ. અમેજ મહાવીરના કેડાયત છીએ. અમેજ સમકિતી છીએ. અમેજ શુદ્ધ ચારિત્ર પાળીએ છીએ અને અમેજ સૂત્ર પ્રમાણે વરતીએ છીએ એમ કોણ નથી કહેતું? સૌ કોઇ એમજ માને છે, એમજ કહે છે. પોતાનું સ્થાપન અને પરનું ઉત્થાપન એમ ઘટમાળ ચાલ્યાજ કરે છે ત્યાં કાંઇપણ વિચાર કરવા જેવું રહેતું નથી. મહાવીર પરમાત્મા સ્વીકારે તે સત્ય: હવે સંભોગ આશ્રી—શ્રી આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના સાતમા અધ્યયનમાં કહ્યું છે કે—સંભોગી સાધુ આવે તેને અશનાદિકની આમંત્રણા કરવી. અને વિસંભોગી આવે તેને પાટ પાટલા બાજોઠાદિક દેવાં. વળી શ્રી ઉત્તરાધ્યયનના ત્રેવીશમા અધ્યયનમાં કેશીકુમાર શ્રમણે શ્રી ગૌતમ સ્વામીને તૃણાદિકની એટલે આસનની આમંત્રણા કરી. તે માટે સઘળા સંભોગની જરૂર નહિ, પણ જેટલો યોગ્ય લાગે તેટલો એક બે ઉત્કૃષ્ટા બાર સુધીનો પણ આમંત્રણ કરે અને એમ માને કે એ પણ સાધુ છે. કેશી સ્વામી અને ગૌતમ સ્વામી વિસંભોગી છે. ભિન્ન આચારી છે, પણ એક બીજાએ એમ માન્યું નથી, કે એ સાધુ નથી.

શ્રી કલ્પ સૂત્રમાં કહ્યું છે કે—પાંચમા આરાના ઘણેરા ક્લેશ કરનારા, ઝગડા કરનારા, અસમાધિ કરનારા, ઉદ્વેગ કરનારા બહુ મુંડા, " અસ્સ સમણા ભવિસ્સંતી " કહ્યા છે. વળી શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ઓગણત્રીશમા અધ્યયનમાં અપ્પકહે અપ્પ તુ મંતમે કહ્યું તો સાધુમાં પણ ક્લેશ કરવાનો સ્વભાવ દેખાય છે, ત્યારે કહ્યું છે.—વળી શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્રમાં સાધર્મીનો ક્લેશ મટાડવો કહ્યો છે.—વળી સોળ સ્વપ્નમાં સાધુ મત્સર ભરેલા થશે એમ પણ કહ્યું છે,—ચૌદમે સ્વપ્ને રત્ન ઝાંખી કાન્તિ તેજે કરી હીણી દીઠી. તેને પ્રતાપે ભરત ક્ષેત્રના સાધુ ચારિત્રે કરી હીણા દીઠા તે ક્લેશ કરશે, અવિનય કરશે એક એકના અવર્ણવાદ બોલશે એમ કહ્યું છે. તો વિચારો કે જ્યારે સાધુ પાંચમા આરામાં એવા પ્રકારના થશે ત્યારે શ્રાવક કેવા થશે? તે પણ સાથેજ વિચારવાનું છે. માટે જ શાસ્ત્રકારે ઘણા શબ્દ વાપરેલો છે. તો સમજો કે—જેવા સાધુ તેવા શ્રાવક અને જેવા શ્રાવક તેવાજ સાધુ, બન્ને આમન સામન છે. તેમાં પહેલું પદ શ્રાવકનું છે. જેવો શ્રાવકના ઘરનો આહાર તેવી સાધુની બુદ્ધિ. આહાર તેવો ઓડકાર એ કહેવત પ્રમાણે સાધુનું ને શ્રાવકનું સરાગ ભાવે લુંટાવા પણું થાય છે. માટે માનો કે સર્વે સાધુ સરખા ક્યાંથી હોય! કોઇમાં ઘણો કષાય તો કોઇમાં થોડો કષાય. કોઇમાં ઘણા ગુણ હોય, તો કોઇમાં થોડા ગુણ હોય, પણ એમાંજ સાધુ છે. એમાંજ ગુણવંત છે. એજ ખાણમાંથી હીરા પાકવાના છે, હીરાની ખાણ તો એજ છે. કોઇ લાખ રૂપીયાનો હીરો, તો કોઇ પચાસ હજારનો હીરો, તો કોઇ થોડા ઘણા મૂલ્યનો હીરો; પણ સાર એજ કે એ બધા હીરા છે, તેમ થોડા ઘણા ગુણ વાળા પણ સાધુ છે. પણ કોઇ અસાધુ કહ્યા નથી. જેવો ચારિત્રાવરણીય કર્મનો ક્ષયોપશમ તેવો ચારિત્રનો ગુણ. આગળ ચોથા આરામાં પણ સર્વે સરખા થયા નથી. પાર્શ્વનાથ ભગવાનની આર્યાએ હાથ પગ ધોયા તેને પણ અચ્છભહાર કહી નહિ. સુભદ્રાએ છોકરા છોકરીને રમાડવા બેસાડ્યા તેને પણ અસાધ્વી કહી નહિ. તો કોઇ કાંઇક અતિચાર દેખી થોડાક દોષ માટે સાધુને અસાધુ કહે. આર્યાને અનાર્યા કહે. આને સાધુ આર્યા કોણ માને છે! એમ એકાદ સાધુ કે આર્યામાં પોતાની મતિ કલ્પનાએ સાધુપણું કે આર્યાપણું માની માની કોઇ સાધુ આર્યા છેજ નહિ, એવા ભારે વચનના બોલનારા તે દુર્લભબોધી જાણવા.

પ્રશ્ન ૬૨—સૂત્રમાં દુર્લભબોધી કોને કહ્યા છે અને દુર્લભબોધીના ગુણ શું?

પહેલા છેલ્લા તીર્થંકરના સાધુને વાસ્તે પાંચ સ્થાનકે તત્ત્વ દુઃખથી સમજે, વાંકાજડ માટે તે કહે છે. શિષ્યને દુઃખથી કહેવાય, ભેદ ભાવના વિભાગ દુઃખથી સમજે ૨ જીવાજીવનું દેખાડવું તે દુઃખથી ૩ પરિસહાદિક દુઃખથી સહે ૪ આચારનો પાળવો દોહીલો ૫ અને એ પાંચે વચલા બાવીશ તીર્થંકરના સાધુને સોહીલા કહ્યા છે. તથા શ્રી ભગવતીજી સૂત્રના સાતમા શતકમાં સકષાયી સાધુ દશમા ગુણઠાણા સુધી હોય તે સૂત્રને ન્યાયે ન ચાલે. વિપરીત ચાલે છે તે માટે સંપરાય ક્રિયા લાગે છે, સાત આઠ કર્મ બાંધે. વીતરાગ ૧૧ મે ૧૨ મે ૧૩ મે ગુણઠાણે હોય તે સૂત્રને ન્યાયે ચાલે. એક શાતા વેદનીય બાંધે, તે માટે બે ઘડી સુધી સૂત્રના ન્યાયે ચાલે તો નિશ્ચે કેવળજ્ઞાન ઉપજે.

આટલા દાખલે સૂત્રમાં કહેલા છદ્મસ્થના તથા પાંચમા આરાના સાધુના ગુણવાળાને તમો સાધુપણે માનશો કે કેમ? જો તે વાત કબુલ કરશો તો અત્યારના સાધુ પણ પાંચમા આરાની પ્રવૃત્તિનાજ છે. કોઇ ઓછા ગુણવાળા કે કોઇ અધિક ગુણવાળા હોય તેથી કોઇ સાધુ જોવામાં આવતા નથી યા કોઇ સાધુ છેજ નહિ, એવી નાસ્તિક ભાષા બોલવી નહિ જો નાસ્તિમાંથી અસ્તિ નીકળી આવશે, કોઇ સાધુ નથી એમ બોલતાં કોઈ સાધુ નીકળી આવશે તો નાસ્તિક ભાષાના બોલવાવાળાની શી દશા થવાની? એ પહેલો વિચાર કરી પછી ભાષા બોલવી, એમ જ્ઞાની પુરૂષો જણાવી ગયા છે.

પ્રશ્ન ૯૫—જ્યાં જોઇએ છીએ ત્યાં સાધુ સાધ્વીમાં આપસ આપસમાં ક્લેશ ઝઘડા વિશેષ જોવામાં આવે છે. તો પછી શ્રાવકમાં શ્રદ્ધા કેવી રીતે રહે?

ઉત્તર—એ વાત ખરી છે. આમાં કોનો દોષ કાઢીએ તેમ છે? આપણે તો સમયનોજ દોષ કાઢવો એ ઠીક છે. પણ વર્તમાન સમયનો વિચાર કરતાં કાંઇ બીજુંજ જોવામાં આવે છે. શ્રાવકો સાધુના દોષ જોતા શિખ્યા એજ શાસનની હાનિનું ચિન્હ છે. માવતરનાં છિદ્ર જોનાર કદિ સુપુત્ર નહિજ કહેવાય. શ્રાવકો કંઇક સ્વાર્થબુદ્ધિને લઇને સાધુમાં મારા તારાનો ભેદ પાડનારા થવાથી સાધુઓમાં પણ તે પ્રવૃત્તિ વધતી જતી જોવામાં આવે છે. શ્રાવક અને સાધુના રાગ દ્વેષના પ્રતિબંધને લઇને આપસ આપસમાં એક બીજાના પક્ષાપક્ષના ખેંચાખેંચથી ક્લેશ કુસંપાદિકનાં મૂળ ઉંડાં રોપાતાં જતાં આપણે નજરે જોઇએ છીએ. તે દોષ તો કાળનોજ જણાય છે. એટલે જેવી કાળની પ્રવૃત્તિ, તેને અનુસરીને તે કાળમાં તેવાજ પ્રકારના જીવોની ઉત્પત્તિ થાય એમાં શી નવાઇ? જ્ઞાની પુરૂષો અગાઉથી પ્રકાશી ગયાં છે.

શ્રી કલ્પ સૂત્રમાં કહ્યું છે કે—પાંચમા આરાના જીવો કલેશ કરનારા, ઝગડા કરનારા, અસમાધિ કરનારા, ઉદ્વેગ કરનારા બહુ ભુંડા, “ અપર સમણા મચ્છરસંતી ” કહ્યા છે. વળી શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ઓગણત્રીશમા અધ્યયનમાં અપરકહે અપર તુ મંતમે કહ્યું તો સાધુમાં પણ કલેશ કરવાનો સ્વભાવ દેખાય છે, ત્યારે કહ્યું છે.—વળી શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્રમાં સાધર્મીનો કલેશ મટાડવો કહ્યો છે.—વળી સોળ સ્વપ્નમાં સાધુ મત્સર ભરેલા થશે એમ પણ કહ્યું છે,—ચૌદમે સ્વપ્ને રત્નની કાન્તિ તેજે કરી હીણી દીઠી. તેને પ્રતાપે ભરત ક્ષેત્રના સાધુ ચારિત્રે કરી હીણા દીઠા. તે કલેશ કરશે, અવિનય કરશે એક એકના અવર્ણવાદ બોલશે એમ કહ્યું છે. તો વિચારો કે જ્યારે સાધુ પાંચમા આરામાં એવા પ્રકારના થશે ત્યારે શ્રાવક કેવા થશે ? તે પણ સાથેજ વિચારવાનું છે. માટે જ શાસ્ત્રકારે જીવ શબ્દ વાપરેલો છે. તો સમજો કે—જેવા સાધુ તેવા શ્રાવક અને જેવા શ્રાવક તેવાજ સાધુ, બન્ને આમન સામન છે. તેમાં પહેલું પદ શ્રાવકનું છે. જેવો શ્રાવકના ઘરનો આહાર તેવી સાધુની બુદ્ધિ. આહાર તેવો ઓડકાર એ કહેવત પ્રમાણે સાધુનું ને શ્રાવકનું સરાગ ભાવે લુંટાવા પણું થાય છે. માટે માનો કે સર્વે સાધુ સરખા ક્યાંથી હોય ? કોઇમાં ઘણો કષાય તો કોઇમાં થોડો કષાય. કોઇમાં ઘણા ગુણ હોય, તો કોઇમાં થોડા ગુણ હોય, પણ એમાંજ સાધુ છે. એમાંજ ગુણવંત છે. એજ ખાણમાંથી હીરા પાકવાના છે, હીરાની ખાણ તો એજ છે. કોઇ લાખ રૂપીઆનો હીરો, તો કોઇ પચાસ હજારનો હીરો, તો કોઇ થોડા ઘણા મૂલ્યનો હીરો; પણ સાર એજ કે એ બધા હીરા છે, તેમ થોડા ઘણા ગુણ વાળા પણ સાધુ છે. પણ કોઇ અસાધુ કહ્યા નથી. જેવો ચારિત્રાવરણીય કર્મનો ક્ષયોપશમ તેવો ચારિત્રનો ગુણ. આગળ ચોથા આરામાં પણ સર્વે સરખા થયા નથી. પાર્શ્વનાથ ભગવાનની આર્યાએ હાથ પગ ધોયા તેને પણ ગચ્છબહાર કહી નહિ. સુભદ્રાએ છોકરા છોકરીને રમાડવા બેસાડ્યા તેને પણ અસાધ્વી કહી નહિ. તો કોઇ કાંઇક અતિચાર દેખી થોડાક દોષ માટે સાધુને અસાધુ કહે. આર્યાને અનાર્યા કહે. આને સાધુ આર્યા કોણ માને છે! એમ એકાદ સાધુ કે આર્યામાં પોતાની મતિ કલ્પનાએ સાધુપણું કે આર્યાપણું માની બાકી કોઇ સાધુ આર્યા છેજ નહિ, એવા ભારે વચનના બોલનારા તે દુર્લભબોધી જાણવા.

પ્રશ્ન ૯૬—સૂત્રમાં દુર્લભબોધી કોને કહ્યા છે ? અને દુર્લભબોધીના ગુણ શું ?

ઉત્તર—સાધુ આર્યાની; નિંદાના કરનાર, અપજશ, અવર્ણવાદના બોલનારને દુર્લભબોધી, કહ્યા છે. તેનો ગુણ એ કે ઘણાં કષ્ટોએ, ઘણા ભવે, ઘણા કાલે પણ સમકિત પામવું મુશ્કેલ અર્થાત જેને સમકિત રૂપ ધર્મ પામવો મુશ્કેલ તે દુર્લભબોધી કહેવાય. ત્યારે કોઇ કહે કે—આ વાત ઓઢાની છે કે, કોઇ સૂત્રનાં આધારે કહો છો? તેને કહીએ કે તમને આવી બાબતનું સત્રજ્ઞાન થયું હોય એમ લાગતું નથી, માત્ર સાધુ આર્યાના દોષ જોવાનુંજ તથા નિંદા કરવા વગેરેનુંજ જ્ઞાન મેળવ્યું હોય એમ જણાય છે. તો સાંભળો—ઠાણાંગ સૂત્ર ઠાણે પાંચમે ઉદ્દેશે બીજે કહ્યું છે કે—અરિહંત ૧, અરિહંતનો પરૂપ્યો ધર્મ ૨, આચાર્ય ઉપાધ્યાય ૩, ચતુર્વિધસંઘ સાધુ, સાધ્વી, શ્રાવક ને શ્રાવિકા ૪, સાધુપણું પાળી દેવતા થયેલ ૫. એ પાંચના અવર્ણવાદના બોલનાર, તેની નિંદાના કરનાર તે દુર્લભબોધીપણાના કર્મને ઉપરાજે. અર્થાત્ તેને સમકિતની પ્રાપ્તિ થાય નહીં.

અહિંયાં સાધુની નિંદા, અવહેલણા, અવર્ણવાદના બોલનારને દુર્લભબોધી કહ્યા. વળી ઠાણાંગ ઠાણે સાતમે કહ્યું છે કે આ દુષમ કાળમાં સાધુથી મિથ્યા ભાવે પ્રવર્તનારા, મને કરી, વચને કરી દુઃખ દેનારા ઘણાં થશે. વળી ઠાણે પાંચમે, સાધુનાં છિદ્ર જોનાર છિદ્રગવેષી એવા સાધુને પ્રાયશ્ચિત દેવાનો ધણી કહ્યા છે.

વળી સુયગડાંગ સૂત્ર શ્રુત સ્કંધ ૧લે અધ્યયન ૨જે ઉદ્દેશે ૨જે ગાથા ૨૮માં કહ્યું છે કે—

जो परिभवई परजणं, संसारं परिवई चिरं; अदुइ खणियाओ पाविया, इति संखाये मुणिन मज्जइ २.

અર્થ.—હવે પર નિંદાના દોષ કહે છે. જે કોઇ અવિવેકી પુરૂષ અનેરા લોકને પરાભવ કરે એટલે અવહેલના કરે તે પુરૂષ સંસાર માંહે અનંત પરિભ્રમણ કરે, અથ જે કારણે પર નિંદા તે એવી પાપણી છે કે, જે સ્વસ્થાનકથી અધઃ સ્થાનકે જીવને પાડે એવું જાણીને એટલે પર-નિંદાને દોષરૂપ જાણીને સાધુ અનેરાની નિંદા ન કરે.

વળી શ્રી સુયગડાંગ સૂત્રના બીજા શ્રુત સ્કંધના સાતમા અધ્યયનમાં કહ્યું છે કે ગૌતમ સ્વામીએ ઉદક પેઢાલ પુત્રને કહ્યું કે, ચારિત્રિયો પોતે પંડિતજ [illegible] હોય પણ કદાચ શ્રમણ માહણની નિંદા કરે, તે પર-લોક વિરૂ સંયમનો વિરાધક કહ્યો. અને જે કદાચ શ્રમણ માહણની [illegible] તેનું [illegible] કર્યું, તે આરાધક હોય, તે માટે

સર્વ સાધુની સાથે મિત્ર ભાવ રાખશો. પણ કોઇની નિંદા અવહેલના કરી અવર્ણવાદ બોલી આપણા આત્માને ભારે કરવો નહિ અને દુર્લભબોધી થાવું નહિ.

પ્રશ્ન ૯૭—આ કાળે જ્યાં જોઇએ છીએ ત્યાં જૈન ધર્મમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓમાં એટલે મહાવીરના તીર્થમાં ભારે ડોહળાણ થયેલું જોવામાં આવે છે, તોપણ માણસોનાં ધર્મને વિષે દ્રઢ મન કેવી રીતે રહી શકે?

ઉત્તર—માણસોએ સમયનો વિચાર કરવો જોઇએ કે અત્યારે કેવો સમય વર્તે છે. અત્યારે કેવી પ્રકૃતિઓનાં માણસો છે. અત્યારે ધર્મની વૃત્તિ કેવા પ્રકારની ચાલે છે, આપણે શું કરવા ધારીએ છીએ ને કુદરતે શું બની આવે છે, આપણું પોતાનું મન પણ આપણા કાબુમાં નથી, તો આખા સમાજના વિચારો ક્યાંથી સરખા મળી આવશે? એટલો વિચાર કર્યા વિના સાધુઓ માટે મોટી શંકાઓ વેદવામાં આવે છે, પણ સૂત્રમાં કહ્યા પ્રમાણે જ્યારે સાધુ જોવામાં નથી આવતા, ત્યારે શ્રાવક ક્યાંથી મળી આવશે? માટે માનો કે જેવા ભુવા તેવા પાવલીયા. અત્યારે ચોથા આરાના સાધુ કે ચોથા આરાના શ્રાવક ક્યાં ગોતવા જઇએ તેમ છે? ક્યાંથી ગોત્યા મળી આવે તેમ છે? માટે આત્માને સંતોષમાં લાવી જે જોગ મળ્યો છે તેનાથી નિર્વાહ કરી લેવો, એ અત્યારે સલામતીભરેલું લાગે છે. ઇચ્છા મોક્ષની રાખવી, પણ તે સાધન ન મળે તો ધર્મથી પાછું હઠવું નહિ. દાખલા તરીકે, ઇચ્છા તો દૂધપાક પૂરીની છે, પણ તે ન મળે તો સુકકાં લુખા રોટલાથી પણ નિભાવ કરી લેવો. જે નાવમાં બેઠા છીએ તે નાવનાં પાટીયાં નહિ તોડતાં તેનું રક્ષણ કરશો તો કાંઠે પહોંચાશે, પણ જો ખીલા કાઢી પાટીઆં તોડશો તો સમુદ્રના તળે બેસવા સિવાય બીજો આશરો નથી. ચૌદ પૂર્વધારી ભદ્રબાહુસ્વામીએ ચંદ્રગુપ્ત રાજા પ્રત્યે નવમા સ્વપ્નાના અર્થમાં જણાવ્યું છે કે—હે રાજન્! નવમા સ્વપ્નાને વિષે તેં ત્રણ દિશાએ સમુદ્ર સુકો દીઠો અને દક્ષિણ દિશાએ ડોહળું પાણી દીઠું તેના પ્રભાવે આ ભરતક્ષેત્રમાં ત્રણ દિશાએ કાંઇક ધર્મ રહેશે તે પણ કષાયે કરી તથા ઘણા મતોએ કરી ડોહળાએલો ધર્મ રહેશે. એ પ્રમાણે કહ્યું છે. તો તેજ પ્રમાણે નજરે જોઇએ છીએં, અને છે પણ એજ પ્રમાણે.

હવે જેમ અટવીને વિષે જેઠ મહિનામાં તૃષાએ કરી પીડાતાં થકાં મધ્યાન્હ વખતે જેણે ડોળું પાણી પીધું તે અટવી ઉલંઘીને પાર પામ્યા. સુખી

થયા, નિર્મળ પાણી પણ મળ્યું અને જે ડોળા પાણીથી ભટકયા તે તૃષાએ પીડાઇને અટવીમાં મરણ પામ્યા. તેમ કલેશ કષાયે કરી તથા અતિચારે કરી ડોળાં પાણી સરખો ધર્મ છે. તેવો પણ ધર્મ જે કરશે, તેવા ધર્મને વળગી રહેશે તે સુખી થશે. અને દોષદૃષ્ટી દૂર કરી ચોકખો, નિર્મળો ધર્મ કરવા ધારશે તો પણ તેને ચોકખો ધર્મ તેમાંથી મળી આવશે. જેણે ડોળા પાણીથી ભડકીને ધર્મ ન કર્યો, સાધુપણું ન સર્દહ્યું તે ઘણા દુઃખી થશે. પાંચમા આરાના છેડા સુધી આજ પ્રમાણે ધર્મની પ્રવૃત્તિ ચાલવાની છે. તે આજ પ્રકારના સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા ઉપર ચાલશે. પાંચમા આરામાં પૂર્વે વિરાધકપણું કર્યું હોય છે એવા જીવો આવી ઉત્પન્ન થાય છે અને તેમાંથી ઘણા જીવો આરાધક થઇને દેવગતિમાં જનારા પણ પાંચમા આરાના છેડા સુધી નીકળી આવશે. માટે આત્માને સ્થિર કરીને ભેળમાં નહિ નાખતાં સાધુપણાની શ્રદ્ધા રાખી નિર્મળ એવા જૈન ધર્મનું સેવન કરવું, તેમાંજ આત્માનું કલ્યાણ રહ્યું છે. આ ભાવાર્થ ધર્મને વિષે સ્થિર થવા માટે કહેલ છે, પરંતુ ખપી તો ઉત્કૃષ્ટ પદના થવું.

પ્રશ્ન ૯૮—કેટલાક કહે છે કે-સાધુને કોઇ ઉઘાડા મોઢે બોલી વહોરાવે અથવા આવકાર દે કે પધારો તો તેનું ઘર અસુજતું થાય, ત્યાં વહોરાવવું કલ્પે નહિ તેનું કેમ ?

ઉત્તર—આ વાત કોઇ સૂત્રના આધારથી હોય એમ જણાતું નથી. સૂત્રમાં સાધુને આહાર વર્જવાના ૪૨-૪૭-૯૬ દોષ કહ્યા છે, તેમાં આ આ બોલ જોવામાં આવતો નથી કે-ઉઘાડે મોઢે બોલી વહોરાવે તે કલ્પે નહિ. પણ મ્હોઢેથી ફુંક મારી વ્હોરાવે તો સાધુને કલ્પે નહિ, એમ આચારાંગજી સૂત્ર તથા દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે. માટે એવી પરૂપણા કરવી તે વિપરીત યા અધિકી પરૂપણામાં ગણાય. ત્યારે કોઇ કહે કે—ઉઘાડે મોઢે બોલવાથી અસંખ્યાતા વાઉકાયના જીવની હિંસા થાય છે. તો ઉઘાડે મોઢે બોલી વહોરાવે કે પધારો કહે કે બોલે તેમાં અસંખ્યાતા વાઉકાયના જીવ હણાય તેવો આહાર સાધુને લેવો કેમ કલ્પે ? તેને કહીએ કે—તો પછી વહોરાવવા આવતાં પણ હાલવા ચાલવાથી વાઉકાયની હિંસા થાય છે, તો તે પ્રમાણેનો આહાર પણ વહોરાવવો ન જોઇએ. ઉઠબેસ કરતાં, હાલતાં, ચાલતાં લાંબો હાથ કરીને વહોરાવતાં અને પાત્રમાં નાખતાં તથા ઉષ્ણ, ગરમ પાણી કે આહાર ઇત્યાદિ ઘણાં કારણોથી વાઉકાયની હિંસા થાય છે, માટે તે આહાર પણ ન લેવો જોઇએ. તમારી શ્રદ્ધા પ્રમાણે જે જે કારણે વાઉકાયના જીવ હણાય તેવો આહાર તમારે નહિ વહોરતાં તેનું ઘર પણ અસુજતુંજ

કરવું જોઇએ. વળી આહાર વહોરવા જનારે પણ હાથ પગ વડે હાલવા ચાલવાની ક્રિયા કરવી નજ જોઇએ; કારણ કે તેથી પણ વાઉકાયની હિંસા થાય છે. આહારના સંબંધમાં વાઉકાયની હિંસાથી બચવાવાળાને માત્ર સંથારા સિવાય બીજો એકે ઉપાય નથી.

પ્રશ્ન ૯૯—ભગવતીજી તથા વિપાક સૂત્રમાં મુખ આડું વસ્ત્ર રાખી વહોરાવવાનો અધિકાર ચાલ્યો છે તેનું કેમ ?

ઉત્તર—એ વાત ખરી છે. ભગવતીજીમાં ભગવંત મહાવીર સ્વામીને વિજય ગાથાપતિએ અને સુખવિપાકમાં સુદત્ત અણગારને સુમુખ ગાથાપતિએ આવતા જાણીને મુખે ઉત્તરાસણ કરીને સાત આઠ પગલાં સામા આવીને વંદણા નમસ્કાર કરીને પછી આહારાદિક વહોરાવ્યાનો અધિકાર ચાલ્યો છે. આ ઉપરથી એમ જણાય છે કે તે શ્રાવક નથી, પણ શ્રદ્ધાળુ હોવાથી આ કોઇ મોટા પુરૂષ છે, એમ જાણી તેમનું માહાત્મ્ય જાળવવાને માટે તેવો વિવેક સાચવેલો છે, અને તે પ્રમાણે કોઇ અત્યારે કરે તો તેનો કોઇ નિષેધ કરતું નથી, પણ આ ઉપરના બે દાખલા સિવાય ઘણા મુનિઓને ઘણાએ આહારાદિક વહોરાવ્યાના અધિકાર સૂત્ર પાઠે ચાલ્યા છે, પણ કોઇએ મુખ આડું વસ્ત્ર કે હાથ રાખી બોલવાનો કે વહોરાવવાનો અધિકાર ચાલ્યો જોવામાં આવતો નથી, અને સાધુએ વહોર્યાનો અધિકાર તો ઠામ ઠામ છે. સાત આઠ પગલાં સામા આવી વહોરાવ્યાના અધિકાર પણ છે. અંતગડ સૂત્રમાં શ્રીદેવીએ ગૌતમ સ્વામીને સાત આઠ પગલાં સામા આવીને વહોરાવ્યું, તેમજ શીયા અણગારને રેવતી ગાથાપતણીએ પણ સાત આઠ પગલાં સામા આવી વહોરાવ્યું, વગેરે ઘણા અધિકાર છે, પણ મુખ આડું વસ્ત્રાદિક રાખવાનો અધિકાર નથી. વળી આચારાંગ સૂત્રમાં આખું પિંડેષણા અધ્યયન તથા દશવૈકાલિકનું પાંચમું અધ્યયન સાધુને આહાર પાણી વહોરાવવા સંબંધીનુંજ છે; તેમાં આ પ્રકારે હોય તો વહોરવું અને આ પ્રકારે હોય તો ન વહોરવું. તેમાં મુખે ફુંકીને આપે તો હે મુનિ! તારે લેવું નહીં એમ કહ્યુ, પણ એમ તો કોઇ ઠેકાણે કહ્યું નથી કે ઉઘાડે મુખે બોલી વહોરાવે તો વહોરવું નહિ. તેમજ અતિમુક્ત કુમારે રસ્તામાં ગૌતમ સ્વામીને બોલાવ્યા અને કહ્યું કે મારા ઘરે વહોરવા ચાલો; હું તમને જોઇશે તે આપીશ, વગેરે બોલતાં મુખ આડું વસ્ત્ર કે હાથ રાખીને બોલ્યાનો કાંઇ પણ અધિકાર નથી. તેમજ તે બાલવયના કુમારને કેવી રીતે બોલવું કે કેવી રીતે ન બોલવું એવું વિજ્ઞાન પણ ક્યાંથી હોય ? પણ ગૌતમ સ્વામીને દેખી તેમના ઉપર પ્રેમ આવવાથી ગૌતમ સ્વામીની આંગળી ઝાલીને ઘરે તેડી ગયા, પ્રભુ

ગૌતમ સ્વામીએ રાણીજીને કહ્યું નહિ કે આ કુમાર ઉઘાડા મુખે બોલી મને અહિં આંગળી પકડી તેડી લાવ્યા તેથી તમારા ઘરે વહોરવું મારે કલ્પે તેમ નથી. પરંતુ ત્યાં વહોર્યાં છે. એવો સૂત્ર પાઠ છે. વળી ઘણા સૂત્રોના અધિકાર જોતાં સાધુની સાથે વહોરવા સંબંધીમાં દાતારને બોલતાં કોઇએ મુખ આડું વસ્ત્ર કે હાથ રાખી બોલવાનું કહ્યું નથી, તેમ કોઇને ખુલ્લે મુખે બોલતાં અટકાવ્યા પણ નથી, તેમ ખુલ્લે મુખે બોલી વહોરાવતાં કોઇએ આહારાદિક વર્જ્યાં પણ નથી. માટે આ વ્યવહાર કોઇએ પોતાના આચારની અધિકતા જણાવવા માટે અને બીજાની ન્યૂનતા કરવા માટે, બીજાને હલકા પાડવા માટે કલ્પિત ઉભો કર્યો હોય એમ જણાય છે. પણ એટલો વિચાર કર્યો નથી કે-આ ઉપદેશ ધર્મમાં ભેદ પાડવાનો છે. ઘણા લોકોને સાધુના સંબંધમાં ભેદ ભરેલી શંકાઓ ઉત્પન્ન કરનાર છે. એવી ભેદ ભરેલી શંકા ઉત્પન્ન કરનારને કેટલી નુકશાની છે, તેનો કાંઇપણ વિચાર કર્યો હોય એમ જણાતું નથી. દશાશ્રુતસ્કંધમાં મહા મોહનીયના અધિકારમાં કહ્યું છે કે—

जे कहाहिगरणाइं, स पउंजे पुणो पुणो; सव्वतित्थाण मेयाणं, महामोहं पकुव्वइ ૨૦ ॥ જે કથા અધિકરણ રૂપ થાય એટલે જે ઉપદેશ વડે પોતાને તથા પરને અધિકરણ કે'તાં કર્મબંધનો હેતુ થાય એવી કથા વાર્તા પ્રયુંજે કરે અને સર્વ પ્રકારે તીર્થમાં ભેદ પાડે એવો ઉપદેશ કરનાર મહામોહનીય કર્મ બાંધે.

વહોરવાનાં ઉઘાડે મ્હોડે બોલી જવાય અથવા કોઇ ઉઘાડે મોઢે બોલી જાય કે પધારો, તો તેનું ઘર અસુજતું થાય આ વ્યવહાર કોઇપણ ગચ્છ, સમુદાય કે સંપ્રદાયમાં તથા સૂત્રમાં જોવામાં આવતો નથી. છતાં કોઇ આવા પ્રકારની નવીન કલ્પિત પ્રરૂપણા ઉભી કરી અંદરો અંદર ભેદ પાડવારૂપ લોકોમાં મોટી શંકા ઉત્પન્ન થાય કે આ કહે છે તે ખરૂં કે આ કહે છે તે ખરૂં ? અથવા તો આ સાધુ સારો આચાર પાળે છે કે ઉઘાડા મોઢે બોલી જવાય તેનું ઘર અસુજતું કરે છે. અને બીજા સાધુ એ પ્રમાણે આચાર પાળતા નથી, માટે એટલી તેમાં ખામી છે. એ પ્રમાણે નિર્દોષમાં દોષ લેવાની બુદ્ધિ થવાથી તેના આત્માને કેટલું અહિત થાય ?

સૂત્ર અને ચારિત્ર ધર્મનું એવું બંધારણ છે કે-સાધુઓના આહાર વિહાર ને નિહારમાં જેમ સાધુધર્મનું પ્રતિપાદન થાય તેવીજ રીતે વર્તન કરવાને આજ્ઞા ફરમાવી છે, તેમજ દાતારને દાન ગુણમાં અભાવ કે કોઇ જાતની ભેદ ભરેલી શંકા ઉત્પન્ન ન થાય અને પોતાના ચારિત્ર ધર્મનો સુખે

નિર્વાહ થાય, એવી રીતે સૂત્રના ફરમાન પ્રમાણે પ્રવર્તવું અને ઉપદેશ પણ તેવોજ દેવો અને ભાષા પણ તેવીજ વાપરવી કે જેમાં સ્વપરનું અખંડ હિત જળવાય.

હવે જે વાત સૂત્રમાં નથી અને પોતાની કલ્પનાથી પોતાની વિશેષતા જણાવવાને ચારે તીર્થમાં ભેદ ઉત્પન્ન થાય તેવી વર્તણુક કે પ્રરૂપણા કરવાથી કેટલી નુકશાની થાય છે! તેટલો પણ વિચાર નહિ કરનારાને માટે માત્ર દશાશ્રુતસ્કંધનો એકજ ન્યાય બસ છે.

પ્રશ્ન ૧૦૦—કેટલાક, સૂત્રની બાબતમાં દ્વીપ સમુદ્ર કે નરકની વાત આવે ત્યારે એમ બોલે છે કે–આપણે તે જાણવાની શી જરૂર છે? આત્માને જાણોને! એમ કહી સૂત્રની કેટલીક વાતોને ઉડાવે છે તેનું કેમ?

ઉત્તર—સૂત્ર સંબંધીમાં કોઇ કોઇ જીવને કોઇ કોઇ બાબતનો અણગમો થાય છે. એટલે તેવા પ્રકારનાં વાક્ય નીકળતાં સાંભળીએ છીએ કે. સૂત્રમાં તો અનેક વાતો છે, આપણે બધી વાતો જાણવાની શી જરૂર છે? જેમાં આત્માને જાણવાનું કે જેમાં આત્મકલ્યાણ રહ્યું હોય તેવીજ બાબતો જાણવાની જરૂર છે. આમ બોલવાનો હેતુ માત્ર એજ જણાય છે કે, પોતાની વિદ્વત્તાને રખે ખામી લાગે, સૂત્રમાં અનેક વાતો ગહન રહેલી હોય કે જેના ઉત્તર ગુરૂગમ્ય વિના આપી શકાયજ નહિ; તેવા હેતુથી એમ બોલતાં સાંભળીએ છીએ, પણ ભગવંતે શ્રી ઉત્તરાધ્યયનના અઠ્ઠાવીશમા અધ્યયનમાં કહ્યું છે કે—જ્યારે જીવ અજીવ આદિ નવે પદાર્થ અને ષટદ્રવ્યનું પ્રથમ જાણપણું થાય તે જ્ઞાન, અને તેની શુદ્ધ શ્રદ્ધા થાય તે સમકિત કહેલ છે. તો નવતત્ત્વ અને ષટદ્રવ્યમાં ચૌદે રાજ લોકની બીના આવે છે, તે સર્વ જાણવાનું ભગવંતનું ફરમાન છે. જો નરકાદિક ગતિને જાણશે તો તેનાં દુઃખોથી ડરશે, અથવા સંસારમાં પરિભ્રમણ કરવાનાં આ ઠેકાણાં છે; તેનાથી મુક્ત કેમ થઇએ તેનો ઉપાય મેળવી શકશે, અને નહીં જાણે તો તેમાં તે ફસાશે. અજ્ઞાત પ્રાણી ફસાય તેવો શાસ્ત્રનો ન્યાય છે. દાખલા તરીકે—અભિમન્યુએ ગર્ભમાં રહ્યાં છ કોઠાનું યુદ્ધ જાણ્યું હતું તો મહાભારત યુધ્ધમાં તે છએ કોઠાથી બચ્યો. છએ કોઠા તોડયા અને સાતમો કોઠો ભેદવો છાણુનો હતો પણ જાણ્યો ન હતો તેથી તેમાં તે મરાણો. તેમ દ્વીપ સમુદ્ર અને નરકાદિ ગતિઓ માટે જાણવું. જાણશે તો ભય ફેરાથી બચશે અને નહિ જાણે તો પરિભ્રમણ કરશે, એમ શાસ્ત્ર ફરમાન કરે છે. વળી ઝેરનો ખાનાર ઝેર ખાશે નહિ અને કદિ ખાશે તો તેનો ઉપાય મેળવી શકશે, પણ ઝેરને નહિ જાણનારથી ઝેર ખવાઇ જાય તો તેનો ઉપાય મળવો મુશ્કેલ. માટે

આત્માને ઉત્તમ સ્વાર્થ અનુકૂળ કરવા છે. સ્વ સમય પર સમય [illegible] થયા છે. [illegible] જો [illegible] જ્ઞાન સારી રીતે થાય તો તેથી [illegible] હોય, [illegible] હોય અને [illegible] યોગ્ય તમામ બાબત [illegible] અને તેથી [illegible] અને આત્મકલ્યાણનો રસ્તો પણ મળી શકે.

પ્રશ્ન ૧૦૭—પ્રતિક્રમણમાં જે ખામણાં [illegible] આવે છે, તેનો મૂળ હેતુ શું છે? અને મૂળ હેતુ—આશય આ ખામણાથી સધાય છે, કે કેમ?

ઉત્તર—ખામણાનો મૂળ હેતુ તો ઉત્તરોત્તર [illegible] [illegible]

[illegible]

જો કે પડિક્કમણું તો પાપને આલોવવાનું છે. દિવસ રાત્રિમાં અજાણપણે લાગેલા પાપ દોષોનો વિચાર કરી, તેને દૂર કરવા દિવસ રાત્રિની બન્ને સંધિમાં આત્મા સાથે આલોચના કરવાથી આત્મા નિર્મલ થાય છે એ વાત સત્ય છે. પણ જે ખામણાં કહેવામાં આવે છે તે તો ઘણે અંશે રાગદ્વેષની પરિણતિથીજ કહેવામાં આવતાં હોય એમ જણાય છે. જો પ્રતિક્રમણ કરાવવાવાળો સરલ ને સમદ્રષ્ટિ હોય તો પ્રતિક્રમણનો હેતુ પૂરેપૂરો સચવાય છે, પણ જો કદાગ્રહી રાગદ્વેષની પરિણતિવાળો પક્ષપાતી પ્રતિક્રમણ કરાવવા બેસે તો પ્રતિક્રમણનો હેતુનાં બદલે ઘણા પ્રકારના અહેતુ ઉભા થવાનાં કારણો બની આવે છે, તે આપણે નજરે જોઇએ છીએ. આખું પ્રતિક્રમણ તો પરિપાટીએ કહી ગયો અને સાંભળનારા સાંભળી પણ ગયા, પરંતુ જ્યાં ચોથાં કે પાંચમાં ખામણાં (ગુરૂનાં નામનાં) આવ્યાં ત્યાં વૃત્તિ ફરી કે અમુક સાધુનું નામ લેવું અને અમુકનું નામ ન લેવું. ત્યાં બીજા પક્ષવાળાની પ્રકૃતિયો પણ બદલવા માંડે કે જો આપણા ગુરૂનું નામ ન લે તો ઉપાડીને બારીયેથી પડતો મેલશો—કહો ભાઇ! આ એક સંવત્સરી જેવા મહાપર્વમાં સેંકડો હજારો માણસો બારે મહિનાનાં પાપોને આલોવવા ભેગા થયેલાના, આ વખતમાં કેવા અધ્યવસાય બની આવે છે, જો કોઇને અનુભવ તો થયો હશે. અનંતાનુબંધીના ઉદયે એક પક્ષવાળા પોતાનાજ ગુરૂનાં નામ લઇ બીજાનું નામ ન લે તો બીજા પક્ષવાળાનાં રૂંવાડાં ઉંચાં થવા સાથે તેજ વખતે અનંતાનુબંધીનો કષાય ઉદય થતાંજ જોત જોતામાં રજોહરણ અને મુહપત્તીની દાંડીઓના તડાકા ફડાકા શરૂ થઇ જવા સાથે મહાક્લેશોનાં ઉંડાં બીજો રોપાતાં નજરે જોઇએ છીએ, અને તેજ વખતે તે ખામણાં અણખામણાં ઝેર જેવાં થઇ પડે છે.

જેમ પ્રતિક્રમણનો હેતુ પાપ આલોવવાનો છે, તેમજ ખામણાંનો હેતુ તમામ પ્રાણી માત્ર જીવજંતુઓની સાથે થયેલા વેર વિરોધ કે અપરાધને વિસરી જઇ, ક્ષમા કરી ક્ષમાપના માગવાનો છે. એટલે ચાલતા વિરોધને દૂર કરી થઇ ગયેલાની માફી માગી હૃદયને નિર્મળ કરવું એ મૂળ આશય ખામણાંનો જાણીને ભવ્યજીવોના હિતના અર્થે આ પ્રથાને પ્રચલિત કરી ખામણાં વિષે કાંઇક સુધારો કરવામાં આવે તો ઘણા જીવોને કર્મ બંધ થતો અટકે. માટે પ્રથમ તો હરેક સંપ્રદાયના ધર્મ ગુરૂઓ જો મમત્વ ભાવ મૂકી દે અને શ્રાવક, શ્રાવિકાઓના હૃદય નિર્મળ બનાવવાના હેતુએ પંચ પરમેષ્ટિનાં (પાંચે પદનાં) પાંચ ખામણાંનો જો પ્રચાર કરે અને શિક્ષણ પણ તેજ પ્રમાણે દેવામાં આવે તો આ ખાતે થતા મોટા ક્લેશથી ઘણા જીવોને

બચાવવાના મહાલાભની ઉપરાજણથી મહાનિર્જરા પ્રાપ્ત થવા સાથે રત્નત્રયીની આરાધના થવાનો અલભ્ય લાભ મળવાનો એ સરલ રસ્તો છે.

પંચપરમેષ્ટિના ખામણામાં પાંચ પદમાં પાંચમા ખામણામાં ગુરૂ પણ આવી જાય છે. ગુરૂનું નામ લેવાથી વિક્ષેપ થવા સંભવ જણાય તો ગુરૂનું નામ હૃદયમાં રાખી જાહેરમાં ગુરૂના નામને દોષ ન આપવો એજ સુશ્રાવકનું કર્તવ્ય છે. ભલે તમે ખામણા ગમે તે પદ્ધતિનાં કહો પણ ગુરૂના નામને દોષિત કરશો નહિ. ગુરૂના નામને કલંકિત કરશો નહિ. તેમજ બીજા સાધુઓ પ્રત્યે વૈર ભાવ જણાવશો નહિ, તોજ તમારૂં પ્રતિક્રમણ શુધ્ધ થયું ગણાશે. અને ખામણાનો જે હેતુ સરલ હૃદયથી માફી માગવાનો અને માફી આપવાનો છે, એટલે કોઈના દુશ્મન થવા કોઈએ તથા કોઈને દુશ્મન બનાવ્યો હોય તે ઝેર હૃદયમાંથી કાઢી સર્વ જીવ સાથે મૈત્રી ભાવે વર્તવાને માટે ખામણા છે.

પ્રશ્ન ૧૦૨—ચોથા ગુણઠાણાવાળાને ધર્મ પક્ષમાં કે અધર્મ પક્ષમાં કે મિશ્ર પક્ષમાં કયા પક્ષમાં ગણાય ?

ઉત્તર—સુયગડાંગજીમાં કહ્યા પ્રમાણે તો અવિરતિ અપચ્ચખાણીને અધર્મ પક્ષમાં ગણ્યા છે. એટલે સર્વ વિરતિને ધર્મ પક્ષમાં, દેશ વિરતિને—તથા અન્યમતના ત્યાગીઓને મિશ્ર પક્ષમાં, અને તે સિવાયના તમામ વ્રત પચ્ચખાણાદિ વિનાના અધર્મ પક્ષમાં ગણ્યા છે.

પણ જેમ અન્ય મતના ત્યાગીઓનાં વ્રત, નિયમ ત્યાગાદિક મિથ્યાત્વને લઇને અધર્મ પક્ષમાં ભેળવ્યા તેમ દેશ વિરતિનો ત્યાગ સમકિત સહિત હોવાથી તેનો અલ્પ આરંભાદિકને હિસાબમાં ન ગણતાં શ્રમણોપાસકને ધર્મ પક્ષમાં દાખલ કર્યા છે. તેમ ચોથા ગુણઠાણાવાળા અવિરતિ સમકિત દૃષ્ટિ છે, તેને કયા પક્ષમાં દાખલ કરવા ? આ પ્રશ્ન વિચાર કરવા જેવો છે.

ધર્મ પક્ષ અને અધર્મ પક્ષનો મૂલ પાયો સમકિત દૃષ્ટિ અને મિથ્યાત્વ દૃષ્ટિ ઉપર છે. માટે ચોથા ગુણઠાણાવાળા નિશ્ચય નયથી સમકિતવાને લીધે ધર્મ પક્ષમાં ગણાય અને વ્યવહાર નયથી વ્રત પચ્ચખાણને અભાવે અધર્મપક્ષમાં ગણાય. એટલે ધર્મ, અધર્મ અને મિશ્ર પક્ષ એ ત્રણ પક્ષની અપેક્ષાએ મિશ્રપક્ષમાં ભલે કારણ કે—ચોથા ગુણઠાણાવાળા સમકિત દૃષ્ટિ છે. વળી ચારિત્રાવરણીયની પહેલી ચોકડીને ખપાવી છે, એટલો ચારિત્રનો ગુણ છે. વ્યવહારથી વ્રત પચ્ચખાણાદિ નથી

એટલે સ્પર્શના રૂપે નથી, પણ સર્દહણા પ્રરૂપણા તો શુદ્ધ છે. ત્રણ પાયાની ઘોડીમાં બે પાયા તો મજબૂત છે. સૂત્રમાં તેને શ્રમણોપાસકની પ્રથમ્યર્યનો પાલક કહ્યા છે. દઢધર્મી પ્રિયધર્મી વગેરે ઉત્તમ શબ્દોથી બોલાવ્યા છે. નાના રત્નની માળામાં તેમને દાખલ કર્યા છે. ચાર તીર્થમાં શ્રાવકના તીર્થમાં તે ગણાય છે. અર્થાત્ વ્રતના કાંઠે રહેલા હોવાથી તીર્થમાં ગણાય છે. વગેરે ઘણા ઉત્તમ ગુણો હોવાને લઈને ત્રણ પક્ષ માંહેલા મિશ્ર પક્ષમાં અને બે પક્ષની અપેક્ષાએ ધર્મ પક્ષમાં ચોથા ગુણઠાણાવાળા સંભવે છે.

પ્રશ્ન ૧૦૩—ચોથા ગુણઠાણાવાળા પંડિયા, અપંડિયા કે પંડિયા પંડિયા?

ઉત્તર—સમકિત દષ્ટિની અપેક્ષાએ પંડિયા અને વ્રત પચ્ચખાણની અપેક્ષાએ અપંડિયા. એટલે તેને ત્રીજે ભાંગે પંડિયા પંડિયામાંએ ગણવા બાધ નથી, એમ જણાય છે.

કોઈ કહે કે એ બોલ તો પાંચમા ગુણઠાણાવાળાને લાગુ થાય તે ચોથે ગુણઠાણે કેમ ઘટે? તેને કહીએ કે અનંતાનુબંધીની ચોકડી ચારિત્રમોહનીયની ખપાવી, તેથી એટલો અંશ ભાગ ચારિત્રનો ગણાય, એ અપેક્ષાએ મિશ્રમાં ગણ્યું. વળી સમકિતીને એકલા અપંડિયા પણ કહેવાય નહિ, તેમ વ્રતની અપેક્ષાએ એકલા પંડિયા પણ કહેવાય નહિ. માટે શ્રાવકના પેટામાં સમકિતી ગણાય. એ અપેક્ષાએ પંડિયા પંડિયા કહેવાય સીહ્યણ કેવલિગમ્ય.

પ્રશ્ન ૧૦૪—ચોથા ગુણઠાણાવાળા સંજયા, અસંજયા કે સંજયા સંજયા?

ઉત્તર—સંજમ ધર્મની અપેક્ષાએ તો અસંજયા. કારણ કે તેમને સંજમ ધર્મ નથી. પાંચ માંહેલું એકે ચારિત્ર નથી, માટે અસંજયા.

પ્રશ્ન ૧૦૫—દેવતા પણ ચોથા ગુણઠાણાવાળા છે તેને અસંજયા નહિ કહેતાં નો સંજયા કેમ કહ્યા?

ઉત્તર—ભગવતીજીમાં કહ્યું છે કે દેવતાને અસંજતિ કહેતા કઠોર ભાષા લાગે, માટે નો સંજયા કહેવા એમ કહ્યું છે.

પ્રશ્ન ૧૦૬—ચોથા ગુણઠાણાવાળાને વ્રતી, અવ્રતી કે વ્રતાવ્રતી કહેવા?

ઉત્તર—અવ્રતીમાં ગણાય, વ્રત પચ્ચખાણ નથી, માટે, પણ ચોથા ગુણઠાણે ત્યાગ વૈરાગ્ય કરી શકે એટલે ફરસના રૂપે. વ્રત કે પચ્ચખાણ ન હોય, પણ વૈરાગ્ય ભાવે ત્યાગ વૃત્તિ હોય ખરી. જેમ ભગવંત મહાવીરે સંસારમાં ઉપરાંત બે વર્ષ ત્યાગ વૈરાગ્ય અનુભવ્યા તે પચ્ચખાણ રૂપે નહિ, પણ વૃત્તિનિરોધ રૂપે. દશવૈકાલિકના બીજા અધ્યયનની ત્રીજી ગાથાના ન્યાયે ત્યાગી જાણવા.

પ્રશ્ન ૧૦૭—કેટલાક કહે છે કે-અજ્ઞાનપણામાં ખાવું તે રાત્રિભોજન કહેવાય, જ્ઞાનીઓને રાત્રિભોજનનો દોષ લાગતો નથી તેનું કેમ?

ઉત્તર—એ વાક્ય જ્ઞાનીઓનું હોય નહિ. અનંતજ્ઞાની તીર્થંકર મહારાજે પોતે રાત્રિભોજનના દોષ બતાવ્યા છે, તે તેઓના જાણવામાં નહિ આવ્યા હોય કે શું? પોતાના મુનિઓને ફરજ પાડીને કહ્યું છે કે-જે પ્રમાણે તમોને હું પાંચ મહાવ્રતનું પ્રતિપાલન કરવા બતાવું છું, તેજ પ્રમાણે તમારે છઠ્ઠું રાત્રિભોજનના ત્યાગનું વ્રત તેનું પણ પ્રતિપાલન કરવું. તે પણ એટલે સુધી કે—अथंगयंमि आइचे, पुरत्थाय अणुगओ; आहारं माइयं सव्वं, मणसावि न पत्थओ. આદિત્ય એટલે સૂર્ય તે અસ્તાંગત થયે અને પૂર્વ દિશે સૂર્ય ઉગ્યો નથી અર્થાત્ ઉદય થયો નથી તેટલી હદમાં આહાર આદિ સર્વ હે મુનિ! તારે મને કરીને પણ તેની પ્રાર્થના-ઇચ્છા કરવી નહિ. એ દશવૈકાલિકના આઠમા અધ્યયનનું વાક્ય છે, અને ચોથા અધ્યયનમાં જીવતાં સુધી રાત્રિ ભોજન કરવું નહિ એમ કહ્યું છે.

તો મુનિ તો સદાય જ્ઞાની છે. છતાં રાત્રિભોજન માટે આટલો બધો અંકુશ શા માટે મૂકવો પડયો? તેનો વિચાર પણ સાથે કરવો જોઇએ. જ્ઞાનિઓનું એવું વાક્ય કદિ હોય નહિ કે, અજ્ઞાનપણામાં ખાવું તે રાત્રિ ભોજન અને જ્ઞાનીઓને રાત્રિ ભોજનનો દોષ લાગતો નથી, એ તો કોઇ અજ્ઞાની કે શ્રદ્ધાહિનનું વાક્ય હોવું જોઇએ.

પ્રશ્ન ૧૦૮—કોઇ એમ કહે કે-સાધુ દિવસે વહોરેલો આહાર રાત્રે કરે તેમાં શું દોષ? અને પાંચ માંહેલા કયા વ્રતમાં ખામી લાગે?

ઉત્તર—સાધુ રાત્રિમાં આહાર કરે તો પાંચે મહાવ્રતમાં ખામી લાગે, પ્રથમ તો એ કે-સૂક્ષ્મ ઝીણા ત્રસ સ્થાવર જીવનું જતન ન થાય માટે પહેલા વ્રતમાં ખામી લાગે. ૧ સત્ય ધર્મનો લોપ કર્યો તથા કોઇ પૂછે ત્યારે જૂઠું બોલવું પણ થાય. માટે બીજા વ્રતમાં ખામી લાગે. ૨. તીર્થંકરની આજ્ઞા લોપી, વસ્તુને ગ્રહણ કરતાં ભોગવતાં ત્રીજા વ્રતમાં ખામી લાગે. ૩.

રાત્રિના આહારે કામવિકાર વધવાનો સ્વભાવ છે. માટે ચોથા વ્રતમાં ખામી લાગે. ૪. લોલપીપણાથી પુદ્ગલ ગ્રહ્યાં તથા રાત્રિભોજનથી મહા કર્મબંધ અને કર્મબંધ તે ભાવ પરિગ્રહ માટે પાંચમા વ્રતમાં ખામી ૫. અને દશવૈકાલિક સૂત્રના છઠ્ઠા અધ્યયનની ૨૬ મી ગાથામાં કહ્યું છે કે–એયં च दोस दट्ठुणं, नायपुत्तेणभासियं; सव्वाहारं न भुजंति, निग्गंथा राइभोयणं २६ ॥ એ પુર્વોક્ત દોષ જ્ઞાતપુત્ર એવા મહાવીર દેવે દેખીને કહ્યું છે કે, નિગ્રંથ એવા સાધુઓએ રાત્રિભોજન સર્વથા પ્રકારે કરવું નહિ. અર્થાત્ રાત્રિએ કોઈપણ પ્રકારનો આહાર મુનિએ જમવો નહિ. એ ભગવંતની આજ્ઞા.

તથા દશાશ્રુતસ્કંધમાં રાત્રિભોજન કરવાવાળાને સબળ (મોટો) દોષ કહેલ છે. તેમજ નિશીથમાં રાત્રિભોજન કરવાવાળાને પ્રાયશ્ચિત કહ્યું છે.

રાત્રિભોજનનો દોષ જે પ્રમાણે સાધુને લાગુ થાય તે પ્રમાણે શ્રાવકને પણ સમજી લેવું. ભગવંતની આજ્ઞા તો ચારે તીર્થને રાત્રિભોજનના ત્યાગનીજ છે, એમ કહી સમજવું નહિ કે એ તો સાધુને માટેજ કહેલ છે. ભગવંતને તો સાધુ ને શ્રાવક બન્ને સરખાજ છે. ત્યાગ–વૈરાગ્યના સંબંધમાં જે વાત સાધુને ઉદ્દેશીને કહી હોય છે તેમાં શ્રાવકનો પણ સમાવેશ થઇ જાય છે. દાખલા તરીકે ઉત્તરાધ્યયનના દશમા અધ્યયનમાં દરેક ગાથાએ કહ્યું છે કે–સમયં ગોયમ મા પમાયએ. તો શું એકલા ગૌતમનેજ પ્રમાદ છાંડવો કહ્યો અને બીજા જીવો પ્રમાદ છાંડે તો શું તેને ઓછો લાભ થાય? અહિંયાં જેમ પ્રમાદ છાંડવો સર્વ જીવને લાગુ છે તેમ રાત્રિભોજનનો ત્યાગ કરવાનો લાભ પણ સાધુ, શ્રાવક વગેરે તમામને સરખોજ છે. અને દોષ પણ ઉપર કહ્યા પ્રમાણે તમામને લાગુ છે. માટે શ્રાવકને તો અવશ્ય રાત્રિભોજનનો ત્યાગ હોવોજ જોઇએ.

ઇતિ શ્રી પરમપૂજ્ય શ્રી ગોપાલજી સ્વામી. તત્ શિષ્ય મુનિ શ્રી મોહનલાલજી કૃત શ્રી "પ્રશ્નોત્તર મોહનમાળા" બીજો ભાગ સમાપ્તઃ ॥









પરમ પૂજ્યશ્રી ગોપાલજી સ્વામી તત્ શિષ્ય

મુનિશ્રી મોહનલાલજી કૃત.

શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા

ભાગ ૩ જો.



શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા.

ભાગ ૩ જો.

પ્રશ્ન ૧—શ્રી ઠાણાંગ સૂત્રમાં નવમે ઠાણે નવ પ્રકારે પુણ્ય કહ્યું એટલે પુણ્ય ઉપરાજવાના નવ ભેદ કહ્યા તે નવ કયા? અને કેવી રીતે જીવ પુણ્ય ઉપરાજે તે સવિસ્તર જણાવશો?

ઉત્તર—હા, સાંભળો. પહેલું અન્ન પુન્ને-અન્ન આપવાથી પુણ્ય થાય ૧, બીજું પાણ પુન્ને-પાણી આપવાથી પુણ્ય કહ્યું ૨, ત્રીજું લયણ પુન્ને-જગ્યાનું આપવું ૩, ચોથું સયણ પુન્ને-આસન, શયનાદિકનું આપવું ૪, પાંચમું વત્થ પુન્ને-શીતકાળે વસ્ત્રનું દેવું ૫, છઠું મન પુન્ને-મને કરી પર જીવનું રૂડું ચિંતવવું તથા ગુણવંત જીવને દેખીને હર્ષ આણવો, ધર્મના મનોરથ કરવા, ભગવતી સૂત્રે ગર્ભને અધિકારે ધર્મ મોક્ષની અભિલાષા કરતો દેવતા થાય છે. એમ મને કરીને પણ પુણ્ય ઉપરાજે છે ૬, સાતમું વચન પુન્ને-શાતા સમાધિનાં વચન બોલે તે પુણ્ય ઉપરાજે ૭, આઠમું કાય પુન્ને-કાયાએ કરી પરજીવને ઉગારવો; હાથીના ભવે સસલો ઉગાર્યો ઇત્યાદિક કાય પુન્ને ૮, નવમું નમસ્કાર પુન્ને-માતા પિતાદિક વડેરા ઉપકારીને નમવારૂપ ૯, એ નવ ભેદ પુન્ય ઉપરાજવાના કહ્યા

પ્રશ્ન ૨—એ નવ પ્રકારનાં પુન્ય કઇ ગતિમાં ઉપરાજી શકાય?

ઉત્તર—ઘણું કરીને પ્રાયે મનુષ્ય આશ્રી જણાય છે, તે પણ સ્વભાવે પ્રકૃતિના ભદ્રિક, વિનીત, શ્રદ્ધાળુ જીવ હોય છે તે જીવ પુણ્યની ઉપરાજણ કરી શકે છે. તથા બીજા જીવ પણ પ્રાણી ભૂત જીવાદિકની અનુકંપાદિકે કરી શાતા વેદનીયના બંધરૂપ પુણ્ય ઉપરાજે છે, તથા અકામ નિર્જરાથી પણ પુણ્ય ઉપરાજે છે, તેમજ વળી તપ સંયમાદિ ક્રિયાથી પણ સહેજે તીર્થંકરાદિક પદ પામવાની પુણ્ય પ્રકૃતિ નીપજાવી શકે છે.

પ્રશ્ન ૩—પુણ્યથી શો લાભ પ્રાપ્ત થાય છે?

ઉત્તર—પુણ્ય તે આત્માને પવિત્ર કરે, નિર્મળ કરે, સુખીયો કરે, ઉંચો આણે, ધર્મ સામગ્રી મેળવે, જેના ફળ જીવને ભોગવતાં મીઠાં લાગે તેને પુણ્ય કહીએ. તે દ્રષ્ટાંતે કરી સમજાવે છે. જેમ રોગીને પથ્ય આહાર વધે અને અપથ્ય આહાર ઘટે તે વારે જીવને રોગીપણું ઘટે,

નિરોગીપણું વધે, તેમ પ્રાણીને પુણ્ય વધે અને પાપ ઘટે ત્યારે જીવને સુખ વધે અને દુઃખ આપદા ઘટે. પુણ્યથી શુભ પ્રકૃતિઓના લાભનું ફળ પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન ૪—પાપનાં સ્થાનક કેટલાં અને તેનો ગુણ શું અને તે કેવાં ફળને આપે?

ઉત્તર—ઠાણાંગ ઠાણે ૯ મે-પાપનાં નવ સ્થાનક કહ્યાં છે. તે પ્રાણાતિપાત જાવત્ પરિગ્રહ ૫ ક્રોધ, માન, માયા, લોભ ૪ મળી કુલ ૯. અને ભગવતીજી વગેરેમાં પાપનાં સ્થાનક ૧૮ કહ્યાં છે. તે પ્રાણાતિપાત જાવત્ મિથ્યા દર્શન શલ્ય. હવે પાપ તે આત્માને મેલો કરે, દુખીયો કરે, નીચો નાખે, ધર્મ સામગ્રી તોડે, જેનાં ફળ આત્માને ભોગવતાં કડવાં લાગે, રોવું પડે, વહાલાનો વિજોગ દેખવો પડે. એ સર્વ પાપનાં ફલ. તે દ્રષ્ટાંતથી જણાવે છે. જેમ અપથ્ય આહાર વધે અને પથ્ય આહાર ઘટે તે વારે રોગીપણું વધે અને નિરોગીપણું ઘટે. તેમ પ્રાણીને પુણ્ય ઘટે અને પાપ વધે ત્યારે દુઃખ આપદા વધે અને સુખ સંપદા ઘટે. પાપથી અશુભ પ્રકૃતિયોની પ્રાપ્તિનું ફળ મળે છે.

પ્રશ્ન ૫—નિર્જરાનું સ્વરૂપ શું? અને તે શું ગુણ કરે?

ઉત્તર—નિર્જરા એટલે કર્મનું નિર્જરવું. એટલે રાગ દ્વેષે કરી જે પાપકર્મ જીવે ઉપરાજ્યાં છે તે કર્મ દેશથકી ખપાવે. પોતાના આત્માને દેશથકી ઉજ્વળ કરે તે નિર્જરા, તેના બે ભેદ; એક અકામ નિર્જરા, બીજી સકામ નિર્જરા. હવે અકામ નિર્જરા તે મિથ્યાત્વીના ધરની, અજ્ઞાની તાપસાદિક અજ્ઞાન કષ્ટે કરી તથા દ્રવ્ય સંવરે કરી દેવતાદિકની પદવી પામે છે તે અકામ નિર્જરા. તથા પાપે કરી મેલો થઇને નારકી તિર્યંચને વિષે દુઃખ વેદના ભોગવીને અકામ નિર્જરા કરે છે. તે અકામ નિર્જરાને યોગે કરી ઉજલો થઇને રાજાદિકની સંપદા પામે છે. વળી ત્યાં પાપે કરી મેલો થઇને નારકી તિર્યંચના ઘરમાં જઇને માર ખાય છે, એમ ચોવીશે દંડકે જીવ અકામ નિર્જરા કરે છે. વસ્ત્રને દ્રષ્ટાંતે જેમ વસ્ત્ર વાપરતા મેલું થાય છે, વળી ધોતાં ઉજળું થાય છે, તેમ જીવ નર્કાદિકને વિષે દુ:ખ ભોગવીને ઉજળો થાય છે, વળી પાપે કરી મેલો થઇને નારકી પ્રમુખ દુર્ગતિએ જાય છે. એ પ્રકારે અકામ નિર્જરા જીવ કરે છે.

સકામ નિર્જરા તે સમકિતી જીવને બારે ભેદે તપે કરી દેશથી કર્મનું ખપાવવું તે સકામ નિર્જરા. તે દ્રષ્ટાંતે કરી દેખાડે છે જેમ મોટું તળાવ તે તળાવ મોઢે પાણી આવવાનાં ઠામ-ગરનાળાં રૂંધવાથી નવા

શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા.

ભાગ ૩ જો.

પ્રશ્ન ૧—શ્રી ઠાણાંગ સૂત્રમાં નવમે ઠાણે નવ પ્રકારે પુન્ય કહ્યું એટલે પુણ્ય ઉપરાજવાના નવ ભેદ કહ્યા તે નવ કયા? અને કેવી રીતે જીવ પુણ્ય ઉપરાજે તે સવિસ્તર જણાવશો?

ઉત્તર—હા, સાંભળો. પહેલું અન્ન પુન્ને-અન્ન આપવાથી પુન્ય થાય ૧, બીજું પાણ પુન્ને-પાણી આપવાથી પુણ્ય કહ્યું ૨, ત્રીજું લયણ પુન્ને-જગ્યાનું આપવું ૩, ચોથું સયણ પુન્ને-આસન, શયનાદિકનું આપવું ૪, પાંચમું વત્થ પુન્ને-શીતકાળે વસ્ત્રનું દેવું ૫, છઠ્ઠું મન પુન્ને-મને કરી પર-જીવનું રૂડું ચિંતવવું તથા ગુણવંત જીવને દેખીને હર્ષ આણવો, ધર્મના મનોરથ કરવા, ભગવતી સૂત્રે ગર્ભને અધિકારે ધર્મ મોક્ષની અભિલાષા કરતો દેવતા થાય છે. એમ મને કરીને પણ પુણ્ય ઉપરાજે છે ૬, સાતમું વચન પુન્ને-શાતા સમાધિનાં વચન બોલે તે પુણ્ય ઉપરાજે ૭, આઠમું કાય પુન્ને-કાયાએ કરી પરજીવને ઉગારવો; હાથીના ભવે સસલો ઉગાર્યો ઇત્યાદિક કાય પુન્ને ૮, નવમું નમસ્કાર પુન્ને-માતા પિતાદિક વડેરા ઉપકારીને નમવારૂપ ૯, એ નવ ભેદ પુન્ય ઉપરાજવાના કહ્યા

પ્રશ્ન ૨—એ નવ પ્રકારનાં પુન્ય કઇ જાતિમાં ઉપરાજી શકાય?

ઉત્તર—ઘણું કરીને પ્રાયે મનુષ્ય આશ્રી જણાય છે, તે પણ સ્વભાવે પ્રકૃતિના ભદ્રિક, વિનીત, શ્રદ્ધાળુ જીવ હોય છે તે જીવ પુણ્યની ઉપરાજણ કરી શકે છે. તથા બીજા જીવ પણ પ્રાણી ભૂત જીવાદિકની અનુકંપાદિકે કરી શાતા વેદનીયના બંધરૂપ પુણ્ય ઉપરાજે છે, તથા અકામ નિર્જરાથી પણ પુણ્ય ઉપરાજે છે, તેમજ વળી તપ સંયમાદિ ક્રિયાથી પણ સહેજે તીર્થંકરાદિક પદ પામવાની પુણ્ય પ્રકૃતિ નીપજાવી શકે છે.

પ્રશ્ન ૩—પુણ્યથી શો લાભ પ્રાપ્ત થાય છે?

ઉત્તર—પુણ્ય તે આત્માને પવિત્ર કરે, નિર્મળ કરે, સુખીયો કરે, રૂચિ આપે, ધર્મ સામગ્રી મેળવે, જેના ફળ જીવને ભોગવતાં મીઠાં લાગે તેને પુણ્ય કહીએ. તે દૃષ્ટાંતે કરી સમજાવે છે. જેમ રોગીને પથ્ય આહાર વધે અને અપથ્ય આહાર ઘટે તે વારે જીવને રોગીપણું ઘટે,

કર્મથી મુક્ત (મોક્ષ) થવાની કર્મ ક્ષયની પ્રાપ્તિ. પુણ્ય પુદ્ગલથી થાય છે, ધર્મ આત્મિક ગુણથી થાય છે. અર્થાત્ સંવરથી થાય છે, માટે પુણ્ય અને ધર્મ બન્ને જુદા છે.

કોઇ અણસમજુ અજ્ઞાનતાને લઇને પુણ્ય અને ધર્મને એક માને છે, તેને જૈનશાસ્ત્રનું જ્ઞાન નથી, તેથી તે એમ માને છે. પણ આશ્ચર્ય તો એ છે કે જૈની એવું નામ ધરાવનારા જૈન સૂત્રને અવાર નવાર વાંચનારા પુણ્ય અને નિર્જરાને એકજ માનનારા સાંભળીએ છીએ, તેજ મોટા આશ્ચર્યની વાત છે.

પ્રશ્ન ૮—પુણ્ય અને નિર્જરા એક છે કે જુદાં છે ?

ઉત્તર—બન્ને જુદાં છે. સાખ ઠાણાંગ સૂત્રના પેલા ઠાણાની તથા નવ તત્ત્વમાં પુણ્ય એ ત્રીજું તત્ત્વ છે, અને નિર્જરા તે સાતમું તત્ત્વ છે. અને ઉત્તરાધ્યયનના અઠ્ઠાવીશમા અધ્યયનમાં પુણ્ય એ ચોથું તત્ત્વ કહ્યું છે, અને નિર્જરાને આઠમું ગણ્યું છે, અને બન્નેનું સ્વરૂપ જુદુંજ છે.

પ્રશ્ન ૯—કેટલાક કહે છે કે-પુણ્ય અને નિર્જરા એકજ છે તેનું કેમ ?

ઉત્તર—એ વાત સંભવે નહિં. સૂત્રમાં પુણ્યના નવ ભેદ કહ્યા છે, અને નિર્જરાના બાર ભેદ કહ્યા છે, પુણ્યથી શુભ કર્મનો બંધ થાય છે અને નિર્જરાથી અશુભ કર્મની નિર્જરા થાય છે, સાખ ઉત્તરાધ્યયનના ૨૯ મા અધ્યયનની, વંદણાના ફળની અથવા નિર્જરાથી ઘણા કર્મનો ક્ષય થાય છે, અર્થાત્ નિર્જરાનો ભેદ જે તપસ્યા તેથી ક્રોડો ભવનાં સંચેલાં કર્મની નિર્જરા થાય, એમ ઉત્તરાધ્યયનના ૩૦ મા અધ્યયનમાં કહ્યું છે. અને નિર્જરા તે મોક્ષનો અંશ છે, અને પુણ્ય તે શુભ કર્મનો બંધ છે. પુણ્ય અને પાપનાં (શુભ અને અશુભ કર્મનાં) પુદ્ગલનો સર્વથા નિર્જરા થવાથી મોક્ષ છે. એ અપેક્ષાએ પુણ્ય અને નિર્જરા જુદાં છે.

પ્રશ્ન ૧૦—નિર્જરા કરતાં પુણ્ય થાય કે કેમ ?

ઉત્તર—નિર્જરાના બે ભેદ છે. એક સકામ નિર્જરા અને બીજી અકામ નિર્જરા. તેમજ પુણ્યના પણ બે ભેદ છે. એક દ્રવ્ય પુણ્ય અને બીજું ભાવ પુણ્ય. હવે સકામ નિર્જરા ચોથા ગુણઠાણાથી હોય છે, અને અગિઆરમા ગુણઠાણા સુધી દેવગતિની પ્રાપ્તિ કહી છે, જેથી તે દેવગતિનો બંધ પુણ્યથી થાય છે, અને પહેલા ગુણઠાણાવાળા મિથ્યા દૃષ્ટિને અકામ નિર્જરા થાય છે, તેને પણ દેવગતિનો બંધ થાય છે, તે પણ પુણ્યથી થાય

પાણીનું આવવું બંધ થાય અને માંહેલું પાણી ઉલેચવે કરી તથા સૂર્યના તાપે કરી અનુક્રમે પાણીનું શોષણ થાય. એ દ્રષ્ટાંતે સાધુ સંવરે કરી નવાં આવતાં પાપ કર્મ રોકીને ક્રોડભવનાં સંચ્યાં જે કર્મ તે બારે ભેદે તપે કરી ખપાવે નિર્જરે ઇત્યર્થઃ એટલે અનુશણ તથા વૈયાવચ્ચાદિક શુભ યોગે કરી કર્મ ખપાવે તે માટે સમકિતીને શુભ યોગ તે સંવર, એ નિર્જરા સંવર પદાર્થની છે, તે માટે સકામ નિર્જરા.

પ્રશ્ન ૬—સકામ નિર્જરાના બાર ભેદ કયા ? અને તેનું સ્વરૂપ શું ?

ઉત્તર—ઉત્તરાધ્યયનના ૩૦ મા અધ્યયનમાં કહેલા તપસ્યાના બાર ભેદ તેજ નિર્જરાના ભેદ છે. તે એ કે અનશન તપ તે ચોથ, છઠ્ઠ અઠમાદિક, ઉણોદરી તપ તે ઓછું જમવું ૨, વૃત્તિસંક્ષેપ તે વૃત્તિનો સંકોચ કરવો, દ્રવ્યનું માન કરવું ૩, રસ પરિત્યાગ તપ તે આયંબિલાદિકનું કરવું ૪, કાયકલેશ તપ તે તાઢ તડકાની આતાપના લેવી ૫, પ્રતિસંલીનતા તપ તે વરસાલે અંગ ઉપાંગ સંકોચીને રહેવું અર્થાત્ ઝાઝું હરવું ફરવું નહિ. ઝાઝું ભમવું નહિ ૬, એ બાહ્ય તપ જાણવા. હવે ૭ અભ્યંતર તપ કહે છે. પ્રાયશ્ચિત તપ તે પાપ દોષનું આલોવવું ૧, વિનય તપ તે ગુર્વાદિક વડેરાનો વિનય કરવો ૨, વૈયાવચ્ચ તપ તે સુઝતાં આહાર પાણી લાવીને ગુર્વાદિકની વૈયાવચ્ચ કરવી ૩, સજ્ઝાય તપ તે સૂત્ર ભણવું ફેરવવું વગેરે પાંચ પ્રકારે સજઝાય કરવી ૪, ધ્યાન તપ તે ધર્મધ્યાન શુક્લ ધ્યાનનું ધ્યાવું ૫, કાઉસગ્ગ તપ તે કાયા ઠામ રાખવી, કાયાની સંભાળ કરવી નહિ, ઉપસર્ગ સહન કરવા ૬, એ ૭ અભ્યંતર તપ. એ બાર ભેદે તપસ્યાયે કરી કર્મનું ખપાવવું તે નિર્જરા કહીએ.

પ્રશ્ન ૭—પુણ્ય અને ધર્મ એક કે જુદા જુદા ?

ઉત્તર—બન્ને જુદાં છે. સાખ ઠાણાંગજીના ઠાણે પહેલે પુણ્ય અને ધર્મ બન્ને જુદા કહ્યા છે. તથા ભગવતીજી શતક ૧લે ઉદ્દેશે ૭મે ગર્ભમાં રહેલો જીવ તથારૂપના શ્રમણ માહણ પાસે એક પણ આર્ય ધર્મ સાંભળીને पुण्णकामए धम्मकामए सग्गकामए मोक्खकामए. પુણ્ય, ધર્મ, સ્વર્ગ અને મોક્ષનો કામી થકો. એટલે એ ચાર બોલનો કામી થકો કાળ કરે તો તે ગર્ભનો જીવ દેવગતિને પામે એમ કહ્યું છે.

આનો પરમાર્થ એ છે કે—પુણ્યથી સ્વર્ગ ગતિ, અને ધર્મથી મોક્ષગતિ, પુણ્ય ત્રીજું તત્ત્વ છે, અને ધર્મ—સંવરરૂપ તે છઠું તત્ત્વ છે. પુણ્ય રૂપી છે, ધર્મ અરૂપી છે. પુણ્યથી પૌદ્ગલિક સુખની પ્રાપ્તિ અને ધર્મથી

કર્મથી મુક્ત (મોક્ષ) થવાની કર્મ ક્ષયની પ્રાપ્તિ. પુણ્ય પુદ્ગલથી થાય છે. ધર્મ આત્મિક ગુણથી થાય છે. અર્થાત્ સંવરથી થાય છે, માટે પુણ્ય અને ધર્મ બન્ને જુદા છે.

કોઇ અણસમજુ અજ્ઞાનતાને લઇને પુણ્ય અને ધર્મને એક માને છે, તેને જૈનશાસ્ત્રનું જ્ઞાન નથી, તેથી તે એમ માને છે. પણ આશ્ચર્ય તો એ છે કે જેની એવું નામ ધરાવનાર જૈન સત્રને અવાર નવાર વાંચનારા પુણ્ય અને નિર્જરાને એકજ માનનારા સાંભળીએ છીએ, તેજ મોટા આશ્ચર્યની વાત છે.

પ્રશ્ન ૮—પુણ્ય અને નિર્જરા એક છે કે જુદાં છે ?

ઉત્તર—બન્ને જુદાં છે. સાખ ઠાણાંગ સૂત્રના પેલા ઠાણાની તથા નવ તત્વમાં પુણ્ય એ ત્રીજું તત્ત્વ છે, અને નિર્જરા તે સાતમું તત્ત્વ છે. અને ઉત્તરાધ્યયનના અઠ્ઠાવીશમા અધ્યયનમાં પુણ્ય એ ચોથું તત્ત્વ કહ્યું છે, અને નિર્જરાને આઠમું કહ્યું છે, અને બન્નેનું સ્વરૂપ જુદુંજ છે.

પ્રશ્ન ૯—કેટલાક કહે છે કે-પુણ્ય અને નિર્જરા એકજ છે તેનું કેમ ?

ઉત્તર—એ વાત સંભવે નહિ. સૂત્રમાં પુણ્યના નવ ભેદ કહ્યા છે, અને નિર્જરાના બાર ભેદ કહ્યા છે, પુણ્યથી શુભ કર્મનો બંધ થાય છે અને નિર્જરાથી અશુભ કર્મની નિર્જરા થાય છે, સાખ ઉત્તરાધ્યયનના ૨૯ મા અધ્યયનની, વંદણાના ફળની અથવા નિર્જરાથી ઘણા કર્મનો ક્ષય થાય છે, અર્થાત્ નિર્જરાનો ભેદ જે તપશ્ચર્યા તેથી ક્રોડો ભવનાં સંચેલાં કર્મની નિર્જરા થાય, એમ ઉત્તરાધ્યયનના ૩૦ મા અધ્યયનમાં કહ્યું છે. અને નિર્જરા તે મોક્ષનો અંશ છે, અને પુણ્ય તે શુભ કર્મનો બંધ છે. પુણ્ય અને પાપનાં (શુભ અને અશુભ કર્મનાં) પુદ્ગલનો સર્વથા નિર્જરા થવાથી મોક્ષ છે. એ અપેક્ષાએ પુણ્ય અને નિર્જરા જુદાં છે.

પ્રશ્ન ૧૦—નિર્જરા કરતાં પુણ્ય થાય કે કેમ ?

ઉત્તર—નિર્જરાના બે ભેદ છે. એક સકામ નિર્જરા અને બીજી અકામ નિર્જરા. તેમજ પુણ્યના પણ બે ભેદ છે. એક દ્રવ્ય પુણ્ય અને બીજું ભાવ પુણ્ય. હવે સકામ નિર્જરા ચોથા ગુણઠાણાથી હોય છે, અને અગિઆરમા ગુણઠાણા સુધી દેવગતિની પ્રાપ્તિ કરી છે, જેથી તે દેવગતિનો બંધ પુણ્યથી થાય છે, અને પહેલા ગુણઠાણાવાળા મિથ્યા દૃષ્ટિને અકામ નિર્જરા થાય છે, તેને પણ દેવગતિનો બંધ થાય છે, તે પણ પુણ્યથી થાય

છે, માટે નિર્જરાના બન્ને ભેદ દેવગતિની પ્રાપ્તિ તે પુણ્યથી થાય છે. એ ઘણું કરી દ્રવ્ય પુણ્યનો ભેદ છે.

પ્રશ્ન ૧૧—દ્રવ્ય પુણ્ય અને ભાવ પુણ્ય કોને કહો છો? અને તે કેવી રીતે થાય છે?

ઉત્તર—ઠાણાંગજીમાં કહેલાં નવ પ્રકારનાં પુણ્ય તે દ્રવ્ય પુણ્ય છે. અને ભાવ પુણ્ય તે શુભ જોગ તથા સંવર સંયમાદિકથી થાય છે તથા જ્ઞાન, દર્શન ને ચારિત્ર તે થકી પણ ભાવપુણ્ય ઉપરાજે છે, અને નિર્જરા પણ થાય છે, જેમકે અશુભ કર્મને જેટલાં ખપાવ્યાં તેટલી નિર્જરા થઈ અને બાકી રહ્યાં તેને શુભ કરે ને નવો બંધ શુભનો પાડે તેને ભાવ પુણ્ય કહીએ. જેમ જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિમાં ભરત રાજાના અધિકારે જ્યાં ઋદ્ધિ વખાણી ત્યાં એવો પાઠ છે पुव्वकड तवसंजमपभावा. તે પૂર્વકૃત તપસંજમના પ્રભાવથી ઋદ્ધિ પામ્યા. માટે એ ભાવપુન્ય કહીએ. તેમજ જીવને ઉગારવો તે પણ ભાવપુન્ય છે, જેમ હાથીના ભવે સસલો ઉગાર્યો તેથી સંસાર પરિત કર્યો તે નિર્જરા થઇ, અને મનુષ્યનું આઉખું બાંધ્યું તે પુન્ય થયું કે જે પુન્ય સંયમ ધર્મને સહાયકારી થયું. એવા પ્રકારનું પુણ્ય તે ભાવ પુણ્ય કહીએ. જેમ જાર વાવવાથી જારને ચાર બન્ને થાય તેમ નિર્જરા સાથે પુણ્ય થાય તે ભાવ પુણ્ય અને એકલા બાંટા રૂપ જાર વિનાની ચાર થાય તે રૂપ દ્રવ્ય પુણ્ય. પુણ્યના અનેક ભેદ છે. પુણ્યાનુબંધી પુણ્ય તે—ન્યાયથી મેળવેલું ધન અને સુપાત્રે દાન દેવું તે પુણ્યાનુબંધી પુણ્ય. ૧. ન્યાયથી મેળવેલું ધન પણ કુપાત્રે દાન દેવું તે પુણ્યાનુબંધી પાપ. ૨. અન્યાયથી મેળવેલું ધન અને સુપાત્રે દાન દેવું તે પાપાનુબંધી પુણ્ય. ૩. અન્યાયથી મેળવેલું ધન અને કુપાત્રે આપે તે પાપાનુબંધી પાપ. ૪.

વળી બીજી રીતે, શુદ્ધ વસ્તુ (સુવસ્તુ) અને સુપાત્રે દાન તે પુણ્યાનુબંધી પુણ્ય. શાલિભદ્રના પૂર્વ ભવવત્. ૧. કુવસ્તુને સુપાત્રે દાન તે પાપાનુબંધી પુણ્ય. નાગેશ્રીવત્ પાપના અનુબંધથી નર્કે ગઇ, અને પુણ્ય તે લાંબું આઉખું પામી. ૨. સુવસ્તુને કુપાત્રે દાન તે પુણ્યાનુબંધી પાપ, સુબીજ ઉખરમાં વાવવા રૂપ-પરભવે કદાપિ મનુષ્યપણું પામે પણ દુઃખ રૂપ દારિદ્રિ રોગી પ્રમુખ થાય. ૩. કુવસ્તુને કુપાત્રે દાન તે પાપાનુબંધી પાપ. મદિરા માંસના દાનથી અધર્મી જીવને તૃપ્ત કરવા તે નર્કે તિર્યંચાદિકના દુઃખ રૂપ ભવ કરે, ભુંડે પ્રકારે મરે. એમ પુણ્યના અનેક ભેદ છે.

પ્રશ્ન ૧૨—ઠાણાંગજીમાં નવ પ્રકારે પુણ્ય કહ્યું. અન્ન પુણ્ણે, પાણ પુણ્ણે વગેરે નવે બોલ તો સાધુને આપવા વગેરે સંબંધીના છે અને ભગવતીજી

શતક ૮મે-ઉદ્દેશે ૬ઠ્ઠે—તથારૂપના શ્રમણ માહણને ફાસુક એષણીય આહારાદિક પ્રતિલાભતાં એકાંત નિર્જરા કહી છે, તે અલ્પપુણ્યે ઇત્યાદિક ભેદ છે. એટલે પુણ્ય કહો કે નિર્જરા કહો તે એકજ છે. તેનો જુદો ભેદ પડતો નથી અને તમે જુદા કેમ કહો છો?

ઉત્તર—શાતા વેદનીય, ઉંચ ગોત્ર, મનુષ્યની ગતિ, દેવતાની ગતિ વગેરે ૪૨ બોલ પુણ્યતત્ત્વના ફલના કહ્યા છે. એટલે નવ પ્રકારના પુણ્યથી ૪૨ બોલની પ્રાપ્તિ થાય છે, અને નિર્જરાથી તો કર્મની નિર્જરા થાય છે, એટલે બાર પ્રકારના તપનું ફલ નિર્જરા છે, માટે જુદા કહ્યા છે.

પ્રશ્ન ૧૩—શાતા વેદનીય આદિ ૪૨ બોલ પુણ્યના ફલના કહ્યા એમ કોઇ સૂત્રમાં જોવામાં આવતું નથી, પણ આહારાદિકનું ફલ સાધુને દેવાથી નિર્જરા થવાનું તો સૂત્રમાં ખુલ્લું ચાલ્યું છે, માટે પુણ્ય અને નિર્જરા એકજ છે. એમ કેટલાકનું બોલવું થાય છે તે કેમ?

ઉત્તર—પુણ્ય કહો કે શુભ કર્મ કહો. સૂત્રમાં પુણ્ય પાપને શુભાશુભ કર્મથી બોલાવ્યા છે, શાતા વેદનીય આદિ ૪૨ બોલ શ્રીપન્નવણા સૂત્રમાં કર્મપ્રકૃતિ પદમાં શુભકર્મના ફળમાં મૂળ પાઠે કહ્યા છે, તે પુણ્ય તત્ત્વનાંજ ફળ છે. સૂત્રમાં કહ્યા પ્રમાણે અલ્પપુણ્યે અલ્પ દેવું તેજ પુણ્ય કહ્યું અને તેનું ફળ તે નિર્જરા કહી, માટે પુણ્ય અને નિર્જરા જુદાં કરે છે, હવે પુણ્યના ફળની નિર્જરા કહી તે તો તથારૂપના શ્રમણોપાસકે તથારૂપના શ્રમણ માહણને અશનાદિક આપવાથી કહેલ છે, અથવા તો બેતાલીસ બોલમાંનો તીર્થંકર ગોત્રનું નામકર્મ ઉપરાજવાનો બોલ પણ પ્રાપ્ત થાય છે, તે સિવાય અનેરાને દીધાથી અનેરી પ્રકૃતિ (પુણ્યના ફળની) પ્રાપ્ત થાય છે. માટે પુણ્ય અને નિર્જરા જુદા છે.

પ્રશ્ન ૧૪—અનેરાને દેવાથી પુણ્ય થાય અને તેથી અનેરી પ્રકૃતિના ફળની પ્રાપ્તિ થાય તેવું કોઇ સૂત્રમાં જોવામાં આવતું નથી, પણ ભગવતીજીના આઠમા શતકના છઠ્ઠા ઉદ્દેશામાં અસંજતી અવ્રતીને આપવાથી એકાંત પાપ કહ્યું છે. અને પાપનાં ફળ તો અનિષ્ટ કહ્યાં છે, એમ કહી અનેરાને આપવાનો નિષેધ કરે છે તેનું કેમ?

ઉત્તર—એમ માનનારની માન્યતામાં તફાવત છે. ત્યાં તો એમ કહ્યું છે કે તથારૂપનો શ્રાવક તે તથારૂપના અસંજતી અવ્રતીને ફાસુક અથવા અફાસુક આહારાદિક આપે તો તેને એકાંત પાપ કહ્યું છે. તેનો પરમાર્થ એમ જણાય છે કે તથારૂપના અસંજતી, અવ્રતીના બે ભેદ થાય છે.

પ્રશ્ન ૭૧.—કેટલાક કહે છે કે-કર્માદાન એટલે ઘણાં કર્મને આસવાનો પ્રવાહ. એવું કર્મ શ્રાવક કેમ કરે? એટલે ભગવતીજીમાં કહ્યા પ્રમાણે અસંજતીને આપવાનું પાપ અને પંદર માંહેલું કર્માદાન શ્રાવક કરે નહિ.

ઉત્તર—ઘણાં કર્મનો આવવાનો પ્રવાહ એવું કર્મ એવું કામ શ્રાવક કરેજ નહિ, એ વાત કબૂલ છે, પણ અહિંયાં એક સવાલ ઉભો થાય છે કે-આનંદાદિ દશ શ્રાવક તથા તુંગીયાનગરીના શ્રાવક એ બધા બારે વ્રતના અંગીકાર કરેલા શ્રાવક તો છે ખરા કે? જો તે શ્રાવક છે તો તે હમેશાં કેટલા અસંજતીનું પોષણ કરે છે? બાર વ્રતધારી શ્રમણોપાસક અસંજતીને પોષી એકાંતવાદીઓની માન્યતા પ્રમાણે એકાંતપાપ અને પંદરમું કર્માદાન શા માટે અંગીકાર કરતા હશે? તેઓની માન્યતાપ્રમાણે તો શ્રાવકપણાનો નાશ થવો જોઇએ. એવું કૃત્ય સૂત્રમાં દાખલ થયેલા શ્રાવકો કેમ અંગીકાર કરે? માટે એ માન્યતા તદ્દન સૂત્રવિરૂદ્ધ જણાય છે.

સૂત્રના ન્યાય પ્રમાણે ખરી વાત તો એ જણાય છે કે-પોતાનો વૈભવ, પોતાને આશ્રયે રહેલા, અને અનુકંપા નિમિત્તે શ્રાવક ગમે તેવા પ્રાણીનું પોષણ કરે તેથી એકાંતપાપ અને કર્માદાનનું સેવન થતું હોય એમ જણાતું નથી. એકાંતપાપ તો તથારૂપના અસંજતી અવ્રતીને આપવાથી કહેલ છે; અને પંદરમું કર્માદાન તો વેપાર અર્થે હિંસક જીવોને પોષી તેના ઉપર આજીવિકા ચલાવે તે આશ્રી કહ્યું છે. જો એમ ન હોય તો શ્રાવકને ઘરે હજારો ઢોરો, પશુઓ હોવાથી તેના માટે વનકર્મ કેમ નહિ થતું હોય? પાંચસેં ગાડાં શું કામમાં આવતાં હશે પાંચસેં? હલવા

જમીન મોકળી રાખવાનું કહેનારાના અભિપ્રાય પ્રમાણે એટલી જમીનનો ખડ ચારો કે કાપવું થતું હશે કે કેમ? જો થતું હોય તો વનકર્મ, બીજું કર્માદાન ગણાય કે નહિ?—તેમજ હજારો ગાયો, ભેંસો ને બકરાનું ઘી થતું હશે તે ઘીનું શું થતું હશે? જો તે વેચતા હોય તો "રસવાણિજ્જે" કર્માદાનમાં ગણાય કે નહિ? ને જો ગણાય તો તે વેપારની છુટ કેવી રીતે રાખી છે? તે સૂત્રપાઠથી જણાવશો? કદાપિ કોઇ એમ કહે કે—ના, ના. રસનો વેપાર (રસવાણિજ્જે) બીલકુલ કરે નહીં. તો એટલાં પશુઓના ઘીનું શું થતું હશે? જો કોઇ એમ કહે કે—દૂધ ઢોરોને પાઇ દે. વાહ!! આવું બોલનારની ઉદારતા તો ઘણીજ ગણાય, પણ તે શા ખાતે પાઇ દેતા હશે? દયા નિમિત્તે કે નાખી દેવા નિમિત્તે? દયા નિમિત્તે કોઇ કહે તો તેથી પુણ્ય માનશો કે પાપ માનશો? અને તમારી શ્રદ્ધા પ્રમાણે પન્નરમા કર્માદાનનું શું થાશે? જો નાખી દેવા નિમિત્તે કોઇ કહે તો તે શ્રાવકને વેલછા થઇ હોતી કે નાખી દેવા નિમિત્તે દૂધ ઢોરોને પાઇ દે.

માત્ર રસવાણિજ્જેનું કર્માદાન ન લગાડવા કદાપિ કોઇ આડી અવળી ભાષા બોલે, પણ અસંજતીને પોષવાનું તો કબૂલ કરવુંજ પડશે. માટે એમ માનો કે શ્રાવકને અંગે રહેલાં કર્માદાનનો ત્યાગ થતો નથી તેટલો આગાર રાખીને ઉપરાંતનો ત્યાગ એ વાત ન્યાયપૂર્વક ગણાય છે.

આનો પરમાર્થ એ છે કે—આ વૈભવ શ્રાવક ધર્મ પ્રાપ્ત થયા પછીનો નથી, પણ શ્રાવકવ્રત અંગીકાર કર્યા પહેલાંનો એટલે ધર્મ પામ્યા પહેલાંનો હોય છે. તે વૈભવને મનમાં ગણી એટલે તેનો આગાર રાખી ઉપરાંતનો ત્યાગ કરે. આ બાબતમાં અનેક હેતુઓ રહેલા હોય એમ જણાય છે. તત્ કાળે શ્રીમંત લોકો પશુઓનું વિશેષ પ્રતિપાલન કરતા હોય એમ જણાય છે. બીજો મુખ્ય હેતુ એ પણ જણાય છે કે—શ્રાવકોમાં એવા પ્રકારનો વૈભવ હતો કે જેને લઇને સેંકડો હજારો સાધુ આર્યાના સમુદાયનાં આગમન હોવા છતાં આહાર, પાણી, વસ્ત્ર, પાત્રાદિ જોઇતા પદાર્થો [illegible] એવા વૈભવવાળા શ્રાવકો હતા તો સેંકડો હજારો સાધુઓનો [illegible] થતો વગેરે ગર્ભિત અનેક હેતુ હોવા જોઇએ.

પ્રશ્ન ૭૨—તે વૈભવ પરિગ્રહમાં તો ખરો!! [illegible] તો દુઃખદાયી કહ્યો છે. છાંડવા યોગ્ય છે, તો [illegible]

ઉત્તર—શ્રાવક ધર્મ પામ્યા પછી તે [illegible]

સાધુપણું અંગીકાર કરવા શક્તિવાન નથી, [illegible] ધર્મ પાળનારાઓનો જે વૈભવ પોતાને [illegible]

કરવાનો તેને અધિકાર છે. જો કે તેમાં મૂર્છાય નહિ. જેમકે—"સમકિત દૃષ્ટિ જીવડો, કરે કુટુંબ પ્રતિપાલ; અંતર્ગત ન્યારો રહે, જ્યું ધાવ ખિલાવે બાલ." તે ન્યાયે તથા હમેશાં શ્રાવકની ભાવના ઠાણાંગજીમાં કહ્યા પ્રમાણે જ વર્ત્યા કરે કે—"આરંભ પરિગ્રહ તજી કરી, શુદ્ધ સમકિત વ્રત ધાર; અંત સમય આલોયણા, કરૂં સંથારો સાર." એટલે સાધુપણાની અથવા સમકિતાદિ શુદ્ધ નિર્મળ કરવાની એટલે પડિમા અંગીકાર કરી આલોચના સહિત અણસણ–સંથારો કરવાની ભાવનામાંજ પોતાનો આત્મા રમ્યા કરે તેને કર્મનો ચીકાશવાળો લેપ લાગતો નથી.

પ્રશ્ન ૭૩—પરિગ્રહથી પુણ્યપ્રકૃતિ થાય કે નહિ ?

ઉત્તર—સંસારાશ્રિત વિષય હેતુક પરિગ્રહ તે તો દુઃખદાયીજ છે. તેથી સંસારવૃદ્ધિ થાય. પણ કોઇ કાર્ય પરત્વે પુણ્ય હેતુક તથા નિર્જરા હેતુક પણામાં પણ ગવેષ્યા છે. જેમ કોઇને જગ્યારૂપ પરિગ્રહ છે. તે પોતાના સંબંધીને રહેવા માટે આપે તો તેમાં સંસારી ફળને પામે. અને તેજ જગ્યા અનુકંપાએ કોઇ દુઃખી પ્રાણીને આપી તે પુણ્ય હેતુક છે. અને તેજ જગ્યા સાધુ મુનિરાજને રહેવા વાસ્તે આપે તો નિર્જરાનો હેતુ છે. એ વસ્તુને આપવાથી પરિગ્રહપણું ટળ્યું નથી, પણ જેવું કારણ, તેવા કાર્યની સિદ્ધિ થાય અર્થાત્ તેવા ફળની પ્રાપ્તિ થાય.

પૂર્વે કહેલો શ્રાવકનો વૈભવ, તેમાં પણ આ ઉપર કહેલા ત્રણે હેતુ રહ્યા છે. શ્રાવકના વૈભવમાં કેટલાક પરિગ્રહમાં ગણાતા પદાર્થોનો બહુ વિચાર કરતાં અનેક વિકલ્પ થાય. પણ તેમાં સાર રહસ્ય એટલોજ છે કે–જે શાસ્ત્રના બાધકના ભાવ સમજીને યથાર્થપણે સર્દહવું, પ્રરૂપવું, તે સમકિત [illegible] પુષ્ટિનો હેતુ છે.

પ્રશ્ન ૭૪—એક સિદ્ધના જીવ વિના, સર્વ જીવને પુણ્ય પાપ બન્ને છે, તો કોઇ જીવ પુણ્યવંત કહ્યા છે અને કોઇ જીવ પાપવંત કહ્યા છે તે કેમ ?

ઉત્તર—જે મુખ્ય કહેલા આહારને દષ્ટાંતે, જ્યારે જેને જેટલી અધિકતા હોય તેને તે મુખ્યપણે કહીયે અને ન્યૂનતાને ગૌણપણે કહીએ. જ્યારે જીવને શુભ કર્મનો ઉદય ઘણો હોય, અને અશુભ કર્મનો ઉદય અલ્પ હોય, ત્યારે તેવા પ્રાણીની ગતિ પામે તે પુણ્યવાન કહીયે. વળી જ્યારે અશુભ કર્મનો ઉદય ઘણો હોય, અને શુભ કર્મનો ઉદય અલ્પ હોય ત્યારે [illegible] અશુભ ગતિ પામે તે પાપાત્મા કહીયે. જ્યારે પુણ્ય પાપ બેઉ સમ હોય, ત્યારે મિશ્ર કહે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના [illegible] અધ્યયનમાં

કહ્યું છે કે—દુવિહંલવેઉણય પુણ્ણપાવં એટલે જ્યારે જીવને મોક્ષગતિ પ્રાપ્ત થાય છે ત્યારે પુણ્ય અને પાપ બન્નેનો સાથે ક્ષય કરે છે. પણ જ્યાં સુધી જીવ સંસારાશ્રિત હોય-સકષાયી હોય ત્યાં સુધી સમયે સમયે પુણ્ય પાપ બેઉ બાંધે છે, પણ એવો જીવ કોઇ નથી કે જે એકલું પાપ બાંધે અથવા એકલું પુણ્ય બાંધે. છઠ્ઠે સાતમે ગુણઠાણે ચૌદ પૂર્વધારી, ચાર જ્ઞાનના ધણી શુક્લલેશી સાધુ સર્વાર્થસિદ્ધ વિમાનનું આઉખું બાંધે, તે સમયે પણ નિશ્ચે અશુભ કર્મ બાંધે છે. પરંતુ શુભ કર્મ અધિક બાંધવાં છે તેથી શુભ બંધ કહીએ. અથવા કૃષ્ણલેશી દુષ્ટ અધ્યવસાયે સંક્લેશમાં મિથ્યાદૃષ્ટિ જીવ સાતમી નરકનું આઉખું બાંધે તે સમયે પણ પંચેંદ્રિય જાતિ, ત્રસ નામ ઇત્યાદિ શુભ પ્રકૃતિ બંધાય છે; પણ બહુલતાથી પાપનો બંધ કહીએ. એમ પુણ્ય પાપ સાથે બંધાય છે.

પ્રશ્ન ૭૫—અહિં કોઇ એમ કહે કે-પુણ્ય અને પાપ એ બેઉનો એક સમયે એકી સાથે બંધ ન હોય. જેમ તડકો અને છાયો એ બેઉ ભેગાં ન હોય, તેમ પુણ્ય અને પાપ પણ ભેગાં ન બાંધે.

ઉત્તર—ઉપર કહ્યા પ્રમાણે બોલતા પ્રત્યે કહેવું કે—સંપરાય બંધમાં એક બંધ હોય કે બે ? અથવા કયે સમયે જીવને એક બંધ હોય તે કહો ? દેવતાની ગતિનો બંધ પડે, તે સમયે જ્ઞાનાવરણીયઆદિ અશુભ પ્રકૃતિનો બંધ છે કે નહિ. ? ત્યાં કોઇ એમ કહે કે-સહચારી પ્રકૃતિ તે ન ગણવી. તેને એમ કહેવું કે—ન ગણવી તેનું કારણ શું ? તથા સહચારી વિના બીજી પ્રકૃતિ બાંધે છે કે નહિ ?

જે સમયે કોઇ જીવે મનુષ્યગતિ બાંધી ને નીચ ગોત્ર બાંધ્યું, તે કયો બંધ ? તથા પ્રથમ સંઘયણ બાંધ્યું અને ચરમસંઠાણ બાંધ્યું તેનું શું કારણ ? ઇત્યાદિ પુણ્ય પાપ બાંધવાના અનેક ભાંગા સૂત્રોમાં તથા ગ્રંથોમાં દેખાય છે.

પ્રશ્ન ૭૬—કોઇ એમ કહે કે-એક સમયે બે લેશ્યા ન હોય, તો પુણ્ય પાપ બેઉ સાથે કેમ બાંધે ?

ઉત્તર—કૃષ્ણલેશ્યામાં ચાળીશ શુભ પ્રકૃતિનો બંધ પડે છે અને અડસઠ પાપપ્રકૃતિનો બંધ પડે છે. એક લેશ્યામાં બે કર્મ બાંધે છે. જે કારણ માટે એકેક લેશ્યાનાં અસંખ્યાતાં અસંખ્યાતાં સંક્લેશ વિશુદ્ધ સ્થાનક છે. ત્યાં સર્વ લેશ્યામાં સમયે સમયે પુણ્ય પાપ બંધાય છે, પણ એક ન બંધાય. વળી અગીઆરમે, બારમે અને તેરમે ગુણઠાણે વીતરાગને પાપનો

બંધ નથી. જે કારણુ માટે કષાય ટળી ને એક શાતાવેદનીયનો બંધ છે. તે અબંધરૂપ નથી, તેથી બે સમયની સ્થિતિ કહી. પણ સર્વ જીવ પુણ્ય પાપ બેઉ સાથે બાંધે છે અને જેની બહુલતા તે પ્રગટપણે અને બીજા ગૌણુતામાં ગણાય છે.

પ્રશ્ન ૭૭—તેજુલેશ્યાનાં પુદ્દગલ સચેત છે કે અચેત ?

ઉત્તર—કેટલાક કહે છે કે તેજુલેશ્યાનાં પુદ્દગલ સચેત છે. અને કેટલાક કહે છે કે–તેજુલેશ્યાનાં પુદ્દગલ નીકળતાં અચેત છે ને નીકળ્યા પછી સચેત છે. તે ઉપર દીવાસળીનું દષ્ટાંત આપે છે. જેમ દીવાસળી અચેત છે, પણ બાકસ સાથે ઝડકાવ્યા પછી અગ્નિ પ્રગટ થયે સચેત થઇ, તેમ તેજુલેશ્યાનાં પુદ્દગલ શરીરમાં રહ્યાં ત્યાં સુધી અચેત હોય અને જ્યારે બીજા ઉપર મૂકે ત્યારે મુખમાંથી નીકળતો અગ્નિ (તેજુલેશ્યાનાં પુદ્દગલ) સચેત થાય. આમ પણ કેટલાક કહે છે. પણ સૂત્રમાં કહ્યા પ્રમાણે આ વાત ન્યાયમાં આવતી નથી.

પ્રશ્ન ૭૮—સૂત્રમાં આ વિષે શું ખુલાસો આપે છે તે જણાવશો ?

ઉત્તર—હાજી, સાંભળો–સૂત્ર સારો ખુલાસો આપે છે. ભગવતીજી શતક ૭ મે–ઉદ્દેશે ૧૦ મે, ગૌતમ સ્વામીએ ભગવંતને પ્રશ્ન પૂછયું છે કે–અચેત પુદ્દગલ પ્રકાશ કરે ? ત્યારે ભગવંતે ઉત્તર આપ્યો કે હંતા ગોયમા ! અચેત પુદ્દગલ પ્રકાશ કરે. તો વિચારો કે–પ્રકાશ તે ઉત્પન્ન થનારના કોઠામાં કરે કે બહાર કરે ? ગૌતમે ફરીવાર પૂછયું કે–એવાં કયાં અચેત પુદ્દગલ પ્રકાશ કરે ? ભગવંતે કહ્યું કે–ક્રોધી અણગાર કોપ્યો થકો તેજુલેશ્યા મૂકે. તે તેજુલેશ્યા શરીરથી બહાર નીકળી થકી નજીક અથવા દૂર–છેટે જ્યાં જ્યાં પડે ત્યાં ત્યાં અચેત પુદ્દગલ પ્રકાશ કરે એમ ખુલ્લી રીતે મૂળ પાઠમાં કહ્યું છે. પણ એમ તો નથી કહ્યું કે–નીકળતાં અચેત પુદ્દગલ પ્રકાશ કરે અને નીકળ્યા પછી સચેત પુદ્દગલ પ્રકાશ કરે.

પ્રશ્ન ૭૯—તે અચેત પુદ્દગલ, સચેત એવા પંચેંદ્રિય જીવને કેવી રીતે દગ્ધ કરે ?

ઉત્તર—જેમ આગીયો કાચ અચેત છે તે સૂર્ય સામો રાખતાં તેની દાઝ પડે તે પણ અચેત છે. તે દાઝ રૂ ઉપર પડવાથી–જેમ તે દાઝ રૂને ચોંટવાથી અગ્નિ પ્રગટ થઇ રૂ અથવા બીજા પદાર્થોને બાળી ભસ્મ કરે. તેમ તેજુલેશ્યાનાં પુદ્દગલ જેના ઉપર મૂકે તેના ઉપર પડતાં સુધી અચેત પુદ્દગલ પ્રકાશ કરે અને તેને ચોંટે એટલે અગ્નિરૂપે સચેત થઇ દગ્ધ કરે,

આરંભ કરે. અહિંયાં દીવાસળીનું દૃષ્ટાંત લાગુ થતું નથી, પણ આગીઆ કાચનું દૃષ્ટાંત સારી રીતે લાગુ થાય છે.

પ્રશ્ન ૮૦—પન્નવણા પદ ૩૬ માં-તૈજસ સમુદ્ઘાત કરનારને ૩-૪ ૫-ક્રિયા કહી તે પ્રાણી, ભૂત, જીવ, સત્વ હણવા આશ્રી કહી છે. આ ઉપરથી કોઇ એમ કહે કે-ભગવંતે ગોશાલાને બચાવવા શીતલ લેશ્યા મૂકી તે પણ તેજુલેશ્યાનો ભેદ છે અને ભગવતીજીમા પણ સિયતેય લેસં નિસિરામી એવો પાઠ છે. આ ઉપરથી કોઇ ભગવંતને ક્રિયા લાગુ કરે અને દોષિત ઠરાવે તે ઘટે કે કેમ ?

ઉત્તર—એ તો દૃષ્ટિનો દોષ છે. જેનામાં દોષ જોવાની દૃષ્ટિ હોય તે દોષિત ઠરાવે અને જેનામાં તે દૃષ્ટિ નથી તે નિર્દોષ ઠરાવે. પણ સૂત્ર તો ચોખ્ખું જણાવે છે કે-ભગવતે સર્વથા સાવદ્ય જોગનાં પચ્ચખાણ કર્યાં છે, એમ આચારાંગજી બોલે છે અને સૂયગડાંગજીના છઠ્ઠા અધ્યયનમાં ખુલ્લું કહ્યું છે કે ભગવંત પાપ કરે નહિ અને કરાવે પણ નહિ, અર્થાત્ ભગવંત પાપ કરતા નથી અને કરાવતા પણ નથી, તો પછી તૈજસ સમુદ્ઘાતની ક્રિયાને આવવાનો અવકાશ રહ્યોજ કયાં ? ૩૬ મા પદમાં જે ક્રિયા કહી છે, તે ઉષ્ણ તજુલેશ્યાને લઇને કહી છે. શીતલ તેજુલેશ્યાને અને ક્રિયાને કાંઇ સંબંધ નથી. સૂત્રમાં કહ્યા પ્રમાણે ક્રિયાનો સંબંધ કષાયને અંગે છે અને ઉષ્ણ તેજુલેશ્યા ક્રોધી અણગારના શરીરથી નીકળે છે અને ભગવંત તો કષાયથી ભિન્ન છે, તેમણે ક્રોધાદિક ચારે બોલને અધ્યાત્મ (આત્મિક) દોષ જાણી તેનું વમન કરેલું છે એમ સૂયગડાંગ સૂત્રનું છઠ્ઠું અધ્યયન સાક્ષી આપે છે. તો પછી તેમને ક્રિયા કર્મ કે પાપ કર્મનો દોષ લાગુ થાયજ કયાંથી ? ઉષ્ણ તેજુલેશ્યાનો દોષ શીતલ તેજુલેશ્યામાં દાખલ કરવો એ તો મોટો અપરાધ કરે. ભગવંતે શીતલલેશ્યા મૂકી છે તે અનુકંપા અર્થે મૂકી છે, એવો ભગવતીજીનો ચોખ્ખો પાઠ છે.

પ્રશ્ન ૮૧—ઉષ્ણ તેજુલેશ્યા અને શીતલ તેજુલેશ્યામાં શો તફાવત ?

ઉત્તર—ઉષ્ણ તેજુલેશ્યા ગમે તેને ઉત્પન્ન થાય છે. ગૌતમાદિક મહંત અણગારને તપસ્યાના બળે સ્વભાવે ઉત્પન્ન થાય છે, અને ગોશાલા જેવા તપ બળે પણ ઉત્પન્ન કરી શકે છે. શીતલ તેજુલેશ્યા એક તીર્થંકરનેજ પ્રાપ્ત થાય છે, બીજાને એ લબ્ધિ પ્રાપ્ત થતી નથી.-ઉષ્ણ તેજુ લેશ્યા નિર્દય પરિણામથી ક્રોધી સાધુને નીકળે છે. અને શીતલ તેજુલેશ્યા દયા અનુકંપાના પરિણામથી ભગવંત અરિહંત ભગવંતના કોઠામાંથી નીકળે છે.

ઉષ્ણ અને શીત આ બન્નેને તેજુલેશ્યા કહી, તેથી ભડકવા જેવું નથી. ઉષ્ણ તેજુલેશ્યાના પરમાણુઓ ઉષ્ણ-ગરમ, તીક્ષ્ણ-તેજસ્વી અને મલીન અધ્યવસાયવાળા હોય છે. અને શીતલ તેજુલેશ્યાના પરમાણુઓ શીતલ-શાંતકારી, તેજસ્વી અને ઉજ્વળ અધ્યવસાયના હોય છે-ઉષ્ણ તેજુલેશ્યાથી પ્રાણીનો વધ થાય છે અને શીતળ તેજુલેશ્યાથી પ્રાણીનો બચાવ થાય છે. ઉષ્ણ તેજુલેશ્યા મૂકવાવાળાને પ્રથમ સમુદ્ઘાત કરવી પડે છે તેથી તેને ૩-૪-૫ ક્રિયા લાગવાનો સંભવ છે. અને મૂકવાવાળાને તો અવશ્ય ક્રિયા લાગેજ. તે પ્રમાણે શીતલ તેજુલેશ્યા મૂકતાં સમુદ્ઘાત કરવાનો કે ક્રિયા લાગવાનો સંભવ નથી.

ઉષ્ણ અને શીત બન્ને તેજુલેશ્યાના નામે ઓળખાવી, પણ બન્નેમાં અંતર ઘણું છે. દાખલા તરીકે-સૂત્રમાં કહ્યું છે કે જોગ આસવા. સમવાયાંગજીમાં સમુચ્ચે જોગને આશ્રવ કહ્યો, પણ પાછા શુભ જોગને સંવર અને અશુભ જોગને આશ્રવ કહ્યો છે. તેમજ ભગવતીજીમાં શુભ જોગને અણારંભી અને અશુભ જોગને આરંભી કહ્યો છે.-વળી જેમ છયે લેશ્યાએ કર્મનો બંધ છે, પણ પહેલી ૩ અપ્રશસ્ત અને ઉપલી ૩ પ્રશસ્ત કહી. તેમજ પહેલી ૩ અધર્મલેશ્યા કહી ને ઉપલી ૩ ધર્મલેશ્યા કહી. પહેલી ૩ લેશ્યા વિરાધક અને ઉપલી ૩ લેશ્યા આરાધક કહી છે.-વળી ઠાણાંગ ઠાણે ૪થે, ૪ ધ્યાન કહ્યાં તેમાં પહેલાં બે ધ્યાનથી કર્મ બંધાય અને ઉપરનાં બે ધ્યાનથી કર્મ છૂટે.

તે ન્યાયે ઉષ્ણ તેજુલેશ્યા તે અપ્રશસ્ત અને શીતળ તેજુલેશ્યા પ્રશસ્ત. ઉષ્ણથી જીવ હણાય, શીતળથી રક્ષણ થાય. ઉષ્ણ તેજુલેશ્યા સદોષ છે અને શીતળ તેજુલેશ્યા નિર્દોષ છે.

પ્રશ્ન ૮૨—વૈશાયન તાપસની મૂકેલી ઉષ્ણ તેજુલેશ્યાને ભગવંતે શીતલ તેજુલેશ્યાએ કરી હણી એવો પાઠ છે, તો તે અગ્નિકાયના જીવ હણાણા ગણાય કે નહીં?

ઉત્તર—બીલકુલ નહિ. એ વખતે તે અગ્નિકાયના જીવ નથી, પણ ઉષ્ણ અચેત પુદ્ગલ છે, તેને શીતળ લેશ્યાએ કરીને પરિહર્યા કેતાં પ્રતિહત કર્યાં એટલે ઉષ્ણ તેજુલેશ્યાનો (અગ્નિનો) જે જો ગોશાલાને હણવા આવતો. ગોશાળા અને તેના વચ્ચે શીતળ લેશ્યાની ભીંત મૂકી દીધી. એથી ત્યાં આગળ ઉષ્ણ તેજુલેશ્યા ખલાઈ—અટકી, આગળ ચાલી શકી નહિ. ને ગોશાળો બચી ગયો અને ભગવંતે પણ એમ જણાવ્યું કે હે ગોશાલા!

તારી અનુકંપા નિમિત્તે મેં શીતળ લેશ્યા મૂકી. અને કેવળ પદમાં પણ ભગવંતે એજ પ્રમાણે ભગવતીજીના ૧૫ મા શતકમાં વાક્ય મૂક્યું છે કે ગૌતમ! ગોશાલાની અનુકંપા નિમિત્તે મેં શીતળ તેજુલેશ્યા મૂકી, પણ એમ તો કહ્યું નહિ કે મને છદ્મસ્થની લહેર આવી ગઇ તેથી મેં શીતળ તેજુલેશ્યા મૂકી પણ એકાંતવાદી એમ બોલતા હોય તો ના નહિ

પ્રશ્ન ૮૩—તેજુલેશ્યા જેના ઉપર મૂકે તેનેજ પરાભવ કરે કે વચ્ચે બીજા જીવો આવે તેને પણ પરાભવ કરે?

ઉત્તર—સૂત્રનો ન્યાય જોતાં એમ જણાય છે કે જેના ઉપર મૂકે તેનેજ પરાભવ કરે, જેમ બીજા દેવલોકના ઇશાનેંદ્ર મહારાજે બળચંચા રાજધાનીના દેવના ઉપર તેજુલેશ્યા મૂકી તો વચ્ચે ઘણું ઉત્તરના મનુષ્ય લોકનો ભાગ આવ્યો તેને કાંઇ પરાભવ નહિ થતાં માત્ર બળચંચા રાજધાનીના દેવતાઓનેજ પરાભવ થયો છે. એમ ભગવતીજીના ૩ જા શતકના પહેલા ઉદ્દેશામા તામલી તાપસના અધિકારે જણાય છે. માટે તેજુલેશ્યા જેના ઉપર મૂકે તેનેજ પરાભવ કરે તેમાં એટલી વિશેષતા જણાય છે કે ઉષ્ણ તેજુલેશ્યાની સમુદ્ઘાત કરતાં કે તે તેજુલેશ્યા મૂકતાં વચ્ચે સૂક્ષ્મ (ઝીણું) જંતુઓની વિરાધના થતી હોય તો ના નહિ, કારણ કે સમુદ્ઘાત કરતાં સચેત અને અચેત પુદ્ગલોને ગ્રહણ કરવાનો સંભવ છે અને તેજુલેશ્યાની ઉષ્ણતાથી જેના ઉપર મૂકે તેને તો પરાભવ કરે, પણ વચ્ચે બારીક જંતુઓને પરાભવ થવાનો સંભવ છે, માટે ત્રણ, ચારને પાંચ ક્રિયા ઉષ્ણ તેજુલેશ્યાને લાગુ છે. પણ શીતળ તેજુલેશ્યાને તે ક્રિયાનો સંભવ નથી. તત્ત્વ કેવળી ગમ્ય.

પ્રશ્ન ૮૪—જોગ આશ્રવ કે સંવર?

ઉત્તર—સમવાયાંગ સૂત્રના પાંચમા સમવાયમાં જોગને આશ્રવ કહ્યો છે અને અજોગને સંવર કહ્યો છે. એ લેખે ઠેઠ તેરમા ગુણઠાણા સુધીના ઇર્યાવહી ક્રિયાની અપેક્ષાએ ત્રણે જોગના વર્તનારા તેને આશ્રવ કહ્યો છે તે આશ્રવથી બે સમયની સ્થિતિનો શાતાવેદનીય કર્મનો બંધ પડે છે અને ચૌદમે ગુણઠાણે કર્મનો અબંધ છે, અક્રિયા પણ છે, ને જોગને રૂંધવાથી એકાંત સંવર છે. માટે જ્યાં સુધી સાંપરાય ક્રિયા તથા ઇર્યાવહી ક્રિયા એ બેય ક્રિયા છે, ત્યાં સુધી જોગ પણ છે. ને જોગ છે ત્યાં સુધી આશ્રવ છે ને આશ્રવથી કર્મનો બંધ છે. અને ચૌદમે ગુણઠાણે તથા મોક્ષમાં કાંઇ પણ નથી, માટે એકાંત સંવર છે. એ અપેક્ષાએ જોગ આશ્રવ અને અજોગ સંવર એ પહેલો ભેદ. ૧.

પ્રશ્ન ૮૫—અશુભ જોગ આશ્રવ કે સંવર ?

ઉત્તર—કોઇ અપેક્ષાએ શુભ જોગ તે શુભ આશ્રવ છે અને અશુભ જોગ તે અશુભ આશ્રવ છે. અને કોઇ અપેક્ષાએ શુભ જોગ સંવર છે અને અશુભ જોગ આશ્રવ છે. શુભ જોગથી શુભ બંધ છે. અશુભ જોગથી અશુભ બંધ છે. અને સંવર તો અબંધક છે, ઉત્તરાધ્યયનના ૨૯ મા અધ્યયનમાં જોગનાં પચ્ચખાણ કરવાથી અજોગીપણું પામવું કહ્યું છે. સાધુને આહાર, ઉપધિ, શરીર ત્યાગવાં કહ્યાં છે. મન, વચન, કાયાના જોગ રૂંધવા કહ્યા છે, તે રૂંધવાથી મોક્ષનું ફળ કહ્યું છે. માટે શુભ જોગથી શુભ ફળ તે સર્વાર્થસિદ્ધ વિમાનની પ્રાપ્તિ શુભ જોગથી છે, તે શુભ કર્મનાં ફળ છે, તે પૂર્વ પુણ્યનો ઉદય છે, તેજ શુભ આશ્રવ છે. સાખ ભગવતીજી શતક બીજે-ઉદ્દેશે પાંચમે-સરાગ સંજમે ૧, બાલતપે ૨, કર્મે ૩, પુદ્ગલના સંગે ૪ એ ૪ પ્રકારે દેવલોકમાં ઉપજવાપણું છે, પણ આત્મભાવે તો મોક્ષ ફળજ છે. માટે અનુત્તર વિમાન સુધીની કરણી સરાગપણાની કહી, પણ ભગવંતની આજ્ઞામાં છે. આરાધક પદનો ધણી ત્યાં સુધી જાય છે, માટે શુભ જોગને શુભ આશ્રવ જાણવો. એ બીજો ભેદ. ૨.

પ્રશ્ન ૮૬—શુભ જોગ સંવર કેવી રીતે કહીએ ?

ઉત્તર—આચારાંગજી કહ્યું પાંચમે-ઉદ્દેશે બીજે-ઉત્તમ જોગને સંવર કહ્યો છે.-ભગવતીજી શતક ૧ લે-ઉદ્દેશે ૧ લે પ્રમત્ત સંજતીને શુભ જોગ આશ્રી અણારંભી કહ્યા છે, તો અણારંભ તો સંવર છે, માટે શુભ જોગ તે સંવર—વળી ઉત્તરાધ્યયન અધ્યયન ૨૯ મે-બોલ ૭ મે તેમાં કહ્યું છે કે-અપ્રશસ્ત જોગથી નિવર્તવું અને પ્રશસ્ત જોગે પ્રવર્તવું. પ્રશસ્ત જોગે પ્રવર્તતા અણગાર અનંતા ઘાતી પર્યવને ખપાવે છે અહિંયાં શુભ જોગથી [illegible] કર્મનો ક્ષય થવાનું કહ્યું ને ઉત્કૃષ્ટો સંવર થયો. માટે શુભ જોગ સંવર—વળી [illegible] કહ્યું કે-મન જોગ પણે પ્રવર્તતો [illegible] જોગને [illegible] કરે, [illegible] કરે એમ કહ્યું માટે શુભ જોગ સંવર. વળી બોલ [illegible] કહ્યું કે-મનને સાચે ભાવે [illegible] કરીને પર્યવ [illegible] [illegible], જ્ઞાનના પર્યવને ઉપાર્જે, સમકિતને વિશુદ્ધ કરે, મિથ્યાત્વ [illegible] નિર્જરે એમ કહ્યું-બોલ ૫૭ મે-વચન સાચે ભાવે [illegible] સમકિતના પર્યવને નિર્મળ કરે સુલભ બોધીપણું નીપજાવે ને દુર્લભ [illegible] એમ કહ્યું—વળી બોલ ૫૮ મે-કાયાને સાચે ભાવે પ્રવર્તાવે [illegible] પર્યવને નિર્મળ કરીને કેવળીના ચાર કર્માંશ ૪ કર્મને પણ ખપાવી

સિદ્ધ થાય ત્યાવત્ સર્વ દુઃખનો અંત કરે એમ કહ્યું તો વિચારો કે શુભ જોગે કેટલો ગુણ નિપન્યો, માટે શુભ જોગ તે સંવરજ કહીએ. એ ત્રીજો ભેદ ૩.

પ્રશ્ન ૮૭—કોઈ એકાંતપણે શુભ અને અશુભ જોગ બન્નેને આશ્રવજ કહે તેનું શું સમજવું ?

ઉત્તર—ભગવંતે એકાંતવાદ વર્જ્યો છે. પરંતુ અશુભ જોગને એકાંત આશ્રવ કહેતાં બાધ નથી, પણ શુભ જોગને એકાંતપણે આશ્રવ કહેવાય નહિ, અપેક્ષાવાદી પહેલા ભેદની પેઠે આશ્રવ કહેવાય. તેમાં પણ ઘણો વિચાર છે, પણ બહુલતાએ તો શુભ જોગ સંવરજ કહેવાય. હવે જે શુભ જોગને એકાંત આશ્રવ કહે તેને કહીએ કે તમને આહારાદિક વહોરાવનારે પણ આશ્રવનો વધારો કર્યો ઠરશે તો આશ્રવના વધારાના કરનારનું કલ્યાણ કેમ થાય ? અને તમારે પણ શુભ કે અશુભ જોગ પ્રવર્તાવી આશ્રવનો વધારો કરવો કેમ કલ્પે ? તમારે તો એકાંત ત્રણે જોગનો નિરોધજ કરવો કલ્પે. ભગવંતે તો દશવૈકાલિક સૂત્રના દશમા અધ્યયનમાં કહ્યું છે કે—મુનિના ત્રણે જોગ સંયમને વિષે પ્રવર્તાવે ત્રણે જોગ સંયમજ છે અને શુભ જોગ એકાંત પણે આશ્રવ હોય તો શુભ જોગની પ્રવૃત્તિની ભગવંત આજ્ઞા કેમ આપે ? માટે શુભ જોગ ત્યાં સંયમ ધર્મ અને સંવર ધર્મની પ્રવૃત્તિ છે, માટે શુભ જોગ તે સંવર.

પ્રશ્ન ૮૮—શિષ્ય-કેટલાક એકાંતવાદી એમ કહે છે કે—સાધુને વસ્ત્ર ધોવાં કલ્પે નહિ અને વસ્ત્ર ધોવે તે સાધુ નહિ. આટલી હદ સુધી બોલે તે કેમ ?

ઉત્તર—કોઇની જીભ કોઇના વશ નથી, માત્ર પોતાનાજ વશ છે. જો ભાષા સમિતિ સાચવીને તથા બીજાં મહાવ્રત તથા તેની ભાવના સાચવીને કે નિયમનો વિચાર રાખીને બોલશે તો આત્માને લાભદાયક છે અને એ વસ્તુને અલગ રાખી બોલશે તેને ભારે નુકશાન છે, મહાવીરનો એકાંતવાદ નથી. હંમેશાં ભાષા બોલતાં બહુજ ઉપયોગ રાખવાનો છે કે મારું વચન સ્ખલનાને તો નહિ પામે કે? અથવા મારી ભાષા મારો ઉપદેશ ઉત્સૂત્રમાં તો નહિ જાય કે આટલી વાત ખાસ ધ્યાનમાં રાખી બોલવાં પડેલાં વિચાર કરી એકાંતવાદમાં નહિ દોરાતાં અનેકાંત સિદ્ધાંતને અનુસરી ઉપદેશના દાતારને લાભદાયક થાય છે. અન્યથા વાક્ય પરીષહમાં ગણાય છે. પોતાનું માહાત્મ્ય વધારવા અને બીજાને હલકા પાડવા યતકિંચિત્ વાક્ય પણ ઉપદેશદ્વારા કે ગમે તેવા પ્રયોજનમાં બોલવામાં આવે તો તે વાક્ય નિંદામાં ગણાઈ આત્માને

મોટી નુકશાનીમાં ઉતારે છે, માટે એ જોખમ થોડું નથી. તેનો પહેલો વિચાર કરી પછી એવાં વાકય ઉચ્ચારવાં જોઇએ કે વકતા અને શ્રોતાને બન્નેને હિતકારક થાય.

હવે સાધુને વસ્ત્ર ધોવાં કલ્પે નહિ, એવાં વાકય બોલનાર સાધુ હો કે સાધ્વી હો પણ તે તો વસ્ત્ર બીલકુલ ધોતા નહિ હોય, જો તે પણ કોઇ પ્રકારના વસ્ત્રને ધોવે તો તેમના કહ્યા પ્રમાણે પેલો અમલ પોતાનેજ લાગુ થવો જોઇએ, માટે કહો ? એકાંતવાદીઓ ! બોલો, તમે એઠાં થયેલાં જોળી, માંડળીયાં કે લુણા બેલીયાં પ્રમુખને ધુઓછો કે એમને એમ નાખી મૂકો છો ? જો ઝોળી માંડળીયા પ્રમુખને ન ધુઓ તો વાસીદોષ લાગે અને બેલીયા પ્રમુખને ન ધુઓ તો સમૂર્છિમના દોષ લાગે. અને જો વસ્ત્ર ધુવો તો તમને કઇ પંક્તિમાં ગણવા ? ઉપર ગણાવેલ છે તે પણ વસ્ત્રની જાતિ છે, માટે વિચાર કરીને ઉત્તર આપશો.

પ્રશ્ન ૮૯—એ તો ધોયા વિના ચાલે નહિ. અમારો હેતુ એવાં વસ્ત્રોને ઉદ્દેશીને નથી, પણ ચલોટા પછેડી વગેરે ધોવાની સૂત્રમાં મના કરી છે, છતાં ધોવામાં આવે છે તેને ઉદ્દેશીને અમારૂં બોલવું થાય છે. એમ એકાંતવાદીનુ બોલવું થાય છે તેનું કેમ ?

ઉત્તર—કયા સૂત્રમાં ચલોટા પછેડી વગેરે ખુલ્લા શબ્દોમાં ધોવાની મના કરી છે તે જણાવશો ?

પ્રશ્ન ૯૦—આચારાંગ સૂત્રના ભાષાંતરમાં કહેલા આઠમા અધ્યયનના ૪ થે ઉદ્દેશે કલમ (૪૨૧) મી—તેમાં કહ્યું છે કે—સાધુને વસ્ત્ર ધોવાં કે રંગવાં નહિ અને તે અધિકારે વસ્ત્રનો કલ્પ કહ્યો છે, એ ઉપરથી ચલોટા પછેડી ઠરે છે.

ઉત્તર—તે ઠીક છે, તેમાં વાંધો નથી પણ આ શબ્દ ઉપર પરતું ધ્યાન રાખજો, સિદ્ધાંતના ન્યાયે અનેકાંતવાદીને વાંધો નથી, પણ એકાંતવાદીને માટે આમા અનેક સવાલ ઉભા છે. હવે મૂળ પાઠમાં તો આ પ્રમાણે કહ્યું છે કે—जेमिक्खु तिवत्थे हिं परिवुसिते पायचउत्थेहिं तस्सणं णो एवंभवति "चउत्थं वत्थं जाइस्सामि" से अहे सणिज्जाइं वत्थाइं जाएज्जा, अहा परिग्गहि-याइं वत्थाइंधारेज्जा, नो धोविज्जा, नो रएज्जा, नं धोयरत्ताइं वत्थाइं धारेज्जा. ४२१

ભાષાન્તર—જે સાધુને (૧) પાત્ર અને ત્રણ વસ્ત્ર હોય તેને એવો વિચાર ન થવ કે મારે ચોથું વસ્ત્ર જોઇએ. જો ત્રણ વસ્ત્ર ન હોય તો

સૂત્રનાં વસ્ત્ર યાચવાં અને જેવાં જડે તેવાં પહેરવાં, વસ્ત્ર ધોવાં કે રંગવાં નહિ, ધોએલાં કે રંગેલાં પહેરવાં નહિ. (૪૨૧)

આ પાઠમાં ઘણા તર્કો રહ્યા છે અને એકાન્તવાદીઓને પણ કેટલુંક ખંડન કર્તા છે.

પ્રશ્ન ૯૧—શિષ્ય. આ પાઠનો દાખલો આપનાર તો એકાંતવાદીઓજ છે, ત્યારે તેમાં શું તર્કો રહેલ છે કે જેથી એકાન્તવાદીઓનેજ ખંડન કર્તા થાય તે જાણીએ તો ખરા?

ઉત્તર—સાંભળો, જાણો ને ધ્યાનમાં રાખજો.

૧. પ્રથમ તો એ મૂળ પાઠમાં ભિક્ખૂ—શબ્દ છે ભિક્ખૂવા ભિક્ખૂણિવા શબ્દ નથી તેથી એકલા સાધુને લાગુ છે. આ ઉપરથી જિનકલ્પી સાધુ ઠરે છે, અને ટીકાવાળા પણ આ ઠેકાણે જિનકલ્પી સાધુનોજ અર્થ કરે છે.

૨. ત્રણ વસ્ત્ર અને પાત્રું એક કહ્યું છે તે ઉપરથી પણ આ પાઠ જિનકલ્પીને લાગુ થાય છે.

૩. જેવાં જડે તેવાં વસ્ત્ર સુઝતાં નિર્દોષ વસ્ત્ર પહેરવાં કહ્યાં છે, તો એવી વૃત્તિવાળા કિંમતી કે ફેન્સી વસ્ત્રની શોધ કરે નહિ ચાલીશ હજાર કે ચાર હજાર રી. નો આડ ફુટની જગલાથી કે સરજની મલમલ વગેરે કિંમતી અને ફેશનવાળા વસ્ત્રની દરકાર કરે નહિ. ખાદી જેવાં જાડાં અને સાદાંજ વસ્ત્રનો સ્વીકાર કરે.

૪. ધોવે નહિ ને રંગે નહિ, અને ધોએલાં કે રંગેલાં વસ્ત્ર પહેરે પણ નહિ. આ પાઠ પણ ટીકાવાળાએ જિનકલ્પીને માટેજ લાગુ કર્યો છે. અને સ્થવિરકલ્પી વર્ષાદિ કારણે ધોવે ખરા એમ પણ જણાવ્યું છે.

પ્રશ્ન ૯૨—શિષ્ય. ઉપરના પાઠની તમામ હકીકત જિનકલ્પીને લાગુ થતી જણાવી, પણ એકાંતવાદીઓને કાંઇ ખંડનકારક થતું જણાવ્યું નહિ?

ઉત્તર—તેમાં એ ભાવ તો આવી ગયો છે, છતાં ન સમજાયું હોય તો સાંભળો—એક તો એ કે—જિનકલ્પીના આચાર વહેવારની બાબત સ્થવિર કલ્પીને લાગુ કરી તેનો નિષેધ કરવો અને દુનિયાની દૃષ્ટિએ અપવાદમાં લાવી ઉપદેશદ્વારા કટાક્ષ કરી નિંદારૂપનાં વાક્ય બોલવાં અને સામાને હલકા પાડવાના આશયથી કાંઇપણ બોલવામા આવે તો એમ માનવું કે ભારે દુષ્કૃત્યાનીનો સ્વીકાર કર્યો.

એક વાત ધ્યાનમાં રાખવાની છે કે મુનિઓએ જે આચાર પાળવો સ્વીકાર્યો હોય તે જો ઉંચ કોટીનો અને ઉંચવૃત્તિથી સૂત્રમાં કહ્યા પ્રમાણે પરિસહ સહન કરવાની બુદ્ધિએ, બીજો કેમ વર્તે છે તેની કાંઇ પણ અપેક્ષા વિના માત્ર પોતાનુંજ હિત સાધવા જે કાંઇ કરે તે મહા લાભદાયક છે. પરંતુ જો પોતાની બડાઇ અને બીજાની ન્યૂનતાનો અંકુરો સ્ફુરાયમાન થયો તો ભારેમાં ભારે નુકશાની માની લેવી. અને કરેલું કષ્ટ પણ છાર ઉપર લીંપણ કરવા જેવું સમજવું. પહેલું બંધનકારક તો એ કે બીજાને દેખાડવાને માટે જે કાંઇ કરવું, બોલવું કે પાળવું તેનો લાભ તો એટલેથીજ પતી રહ્યો, પણ જો તે નિંદામાં ઉતરે તો સૂયગડાંગ સૂત્રમાં કહ્યા પ્રમાણે અધઃપતરૂપ મહા નુકશાની થવાનું અહિત એમાં રહેલું છે.

બીજું બંધનકારક એ કે—વસ્ત્ર ધોવાનો ને રંગવાનો નિષેધ કરનાર તેનાથી ધોએલાં કે રંગેલાં વસ્ત્ર તો ધારણ થાયજ ક્યાંથી ? સૂત્રમાં તો એ પણ નિષેધ કર્યો છે કે-ધોએલાં ને રંગેલાં વસ્ત્ર પેહરવાં પણ નહિ, તો પછી રાજ રાણી છાપના કે ચાર હજાર શી. કે ચાળીસ હજાર સેના અથવા ફતની જમનાદાસી વગેરે ધોએલાના શહેરા પછેડીયો તો તે લોકોથી ઓઢાય પેહરાયજ ક્યાંથી ? આચારાંગ સૂત્ર તો ચોકખી મના કરે છે. વસ્ત્ર ધોવાનો નિષેધ કરવાવાળા ધોએલા વસ્ત્ર પહેરવા ઓઢવાનો કેમ નિષેધ કરતા નથી. તમે કોની આજ્ઞાથી તેવા વસ્ત્ર પહેરો છો ? જે પાડનો હવાલો આપી વસ્ત્ર ધોનારાઓને સાધુપણાનો નિષેધ કરે છે એટલે એવી પરૂપણા કરે છે કે વસ્ત્ર ધોવે તે સાધુ નહિ તેવાઓ પોતે જોડેના પાડ ઉપર દષ્ટિ નહિ કરે. ધોએલાં અને રંગેલાં વસ્ત્ર ધારણ કરનારા નજરે જોઇએ છીએ, તો તેના કહેવા પ્રમાણે સાધુપણું તેનામાં માનવું કે નહિ ? જો ધોવાથી સાધુ [illegible]. [illegible] ધોએલાં પહેરવાથી પણ તેમજ થવું જોઇએ ધોવાનો એમ નિષેધ કર્યો છે. તેમજ ધોએલાં પેહરવાનો પણ નિષેધ કર્યો છે. માટે [illegible] હેતુ [illegible] છે. આચારાંગ સૂત્રમાંનો પ્રથમ જે પાઠ [illegible] [illegible] છે કે વસ્ત્ર ધોવાં નહિ ને રંગવા નહિ તેમજ ધોએલા કે રંગેલા [illegible] પહેરવાં પણ નહિ, આનો પરમાર્થ એકાંતવાદીઓ સમજ્યા [illegible] [illegible].

પ્રશ્ન ૬૩—એકાંતવાદી—એમાં વળી પરમાર્થ શું સમજવાનો [illegible] ? [illegible] કહ્યું છે કે સાધુ [illegible] વસ્ત્ર ધોવા નહિ [illegible] [illegible] પણ નહિ અને ધોએલા કે રંગેલા વસ્ત્ર પહેરવા પણ નહિ, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

ઉદ્દેશે (૨) જે કલમ (૮૩૨) મી તેમાં સાધુ સાધ્વી બન્ને માટે વસ્ત્ર ધોવા રંગવા તથા ધોયેલાં અને રંગેલાં વસ્ત્ર પહેરવાની ના કહી છે.

ઉત્તર—અનેકાંતવાદી—એ વાત બધી સત્ય છે. ઉપરનો દાખલો સાધુ સાધ્વીનો પાઠ હોવાથી આપ સમગ્ર સાધુ સાધ્વીને લાગુ કરીને ધોવાનો નિષેધ કરતા હો તો પછી ધોયેલાં વસ્ત્ર પણ તમારે પહેરવ જોઇતાં નથી, છતાં પહેરો છો કેમ ? બે આંખો ખુલ્લી છતાં એક આખ મીચીને ચાલશો ? બન્ને પાઠ સાથે છતાં એક પાઠનો સ્વીકાર અને એક પાઠનો ઇન્કાર કરવો તે કેમ ઘટે ? બીચારા ભિચારા વાણીયા સૂત્રની બાબતમાં શું જાણે કે આ સાધુ આર્યા આપણને ઉંધો પાઠ ભણાવે છે. એ તો બિચારા આપનાં મેલાં વસ્ત્ર ભાળીને તેમજ તેવાજ પ્રકારનો ઉપદેશ સાંભળીને કેટલાક તો એવી મહાગાંડાયેલ જી બેઠા હોય છે કે વસ્ત્ર ધોવે તે સાધુજ નહિ, પણ તેની સાથે કોઇએ એવો વિચાર કર્યો કે—જો વસ્ત્ર ધોવાવાળા સાધુ નથી તો ધોયેલાં વસ્ત્રોનો, જગતાથી પ્રમુખ કીમતી અને ચડતા નંબરના સી, તથા કુલની તથા ગજરાણી વગેરેની છાપની શોધમાં શા માટે ફરતા હશે ? કોઇ એકાંતવાદીને પૂછનારો મળ્યો કે તમે આગને પકડવો છો કે વસ્ત્ર ધોવે તે સાધુ નહિ તો પછી વસ્ત્ર ધોયેલાં પહેરનારને અમારે સાધુ માનવા કે નહિ ?

પ્રશ્ન ૯૪—શિષ્ય—એવું પૂછનાર હજુ સુધી કોઇ નીકળ્યો હોય એમ તો જણાતું નથી પણ હાજી હાજી કરનાર તો બહુધાએ જણાય છે. આ વાતથી હું પણ અત્યાર સુધી અજાણ્યોજ હતો પણ આ તો કાંઇક નવુંજ સાંભળવા જેવું જણાય છે, માટે કૃપા કરીને જણાવશો કે ધોયેલાં વસ્ત્ર પહેરવાનો ભગવંતે કેમ નિષેધ કર્યો હશે ?

ઉત્તર.—અરે ભાઇ ? એમાં તો અનેક રહસ્ય રહેલાં છે અને તે જ્ઞાની પુરૂષ અગાઉથીજ પ્રકાશી ગયેલા છે, તે તાત તો શું પણ મારા જાણવામાં પણ હજી સુધી આવ્યું નહોતું આ તો હમણાં થોડાજ વખતમાં ભગવંત મહાવીરનાં વચનો પ્રકાશમાં આવ્યાં છે. જો કે કેટલાક વર્ષ થયાં એમ તો સાંભળવામાં આવતું કે પરદેશી (વિલાયતી) કાપડ કે ધોયેલાં જે શેનો, જગન્નાથી પ્રમુખ ઉપર સુંવાળપ, સફાઇ અને ચળકી જે જોવામાં આવે છે તે ઇંડાના રસની હોય છે. પણ આ વાતને કોઇ ધ્યાનમાં લેતું નહિ. આંખો આડા કાન કરીને અત્યાર સુધી તો ચાલ્યું. કોઇપણ જૈનના સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકાએ હજી સુધી આ વાતને ધ્યાનમાં લીધીજ નથી એમ કહેવામાં કાંઇ અતિશયોક્તિ નથી. શ્રી મહાવીર પરમાત્માએ પ્રકાશ કરેલો દયાનો ઝરો ખુલ્લો સુજ્ઞર કારીગર જો

કોઇ પ્રગટ થયો હોય તો બીજો કોઇ નહિ પણ આખા હિંદને જગાડનાર અને જૈનની દયાને તથા મહાવીરનાં વચનામૃતને ટોચે લાવનાર દુનિયામે આપેલા નામથી ઓળખાતો "મહાત્મા ગાંધી" આ એકજ નીકળ્યો, કે જેણે મહાવીરના હૃદયની દયાનો ઝરો પ્રગટ કરી ખુલ્લો મુકી દીધો અને ઢંઢેરા રૂપે જાહેર કરી દીધું કે—વિદેશી વસ્ત્રોમાં હજારો લાખો કે કરોડો પચેંદ્રિય જીવોના વધની ચરબીથી બનેલી ખેલોનો વપરાશ થાય છે ને તેના ઉપરની સફાઇને માટે અસંખ્ય ઇંડાંઓનો રસ વપરાય છે. (આ ઇંડાં પણ પચેંદ્રિય જીવોનાંજ હોય છે.)

પ્રશ્ન ૯૫—આ વિષે કાંઇ જૈન મુનિઓ તરફથી કેમ પ્રકાશ થતો નથી? એ પણ એક આશ્ચર્યની વાત છે.

ઉત્તર—જૈન મુનિઓને જ્યાં સુધી વિદેશી વસ્ત્રનો મોહ હોય ત્યાં સુધી તે કેવી રીતે પ્રકાશ કરી શકે, આગળ વધીને કહીએ તો મહાવીરનાં વચનોનું રહસ્ય નહિ જાણનારા પોપટીયા જ્ઞાનની પેઠે સૂત્રોના પાઠ વાંચેજ જાય, પણ આમા મહાવીર શું જણાવે છે એટલો પણ વિચાર ન કરે અને પોતાને બધ બેસતી ટોપી માથે ઓઢી લે ત્યાં સુધી એટલે પોતાને ઉકની બાઅનનો (પોતાની શ્રદ્ધાનો—પોતાની વર્તણુકનો) કકડો ફુંટવાળ કરે ત્યાં સુધી તે મહાવીરના વચનનો રહસ્ય જાણી શકે નહિ તો પ્રકાશ કેવી રીતે કરી શકે? પણ જ્યારે મહાત્મા ગાંધીએ આ વાત પ્રકાશમાં મુકી ત્યારે કાંઇક કાંઇક જૈનોમાં પણ ચળવળાટ થવા લાગ્યો અને કોઇ કોઇ સાધુઓ પણ બહાર પડી મહાવીરનાં વચનોને પુષ્ટી કરવા પેપરદ્વારા કે નાના [illegible] ચોપાનીયાથી પ્રગટ કરવા કાંઇક જાગૃત થયા હોય એમ જણાય છે ખરૂં

પ્રશ્ન ૯૬– કોઇ જૈન મુનિ તરફથી કાંઇ જાણવાજોગ નવીન [illegible] પડ્યું છે? તે જણાવવા ઇચ્છા હોય તો જણાવશો.

ઉત્તર—હાજી (આ નવીનો લેખ ઘણું કરીને ગાંધીજી છ વર્ષ [illegible] તે જાને ઉદ્દેશીને લખાયો હોય એમ જણાય છે.

અહો હિંદ પુત્રો!

નવીન વર્ષમાં શું કરશો?

[illegible] એક કરોડ જીવોને અભયદાન આપશો?

હિંદુસ્તાન [illegible] કારખાના [illegible] સૂતરનો અને કાપડના [illegible] ૩૫ વર્ષથી વિદેશની કાપડ [illegible]

માંડયું અને લગભગ ૫૦ વરસથી હિંદુસ્થાનમાં મીલો થવાની શરૂઆત થઇ. જેથી હાથનો વણાટ દેશમાં ભુજ રહ્યો અને વિલાયતની અને હિંદુસ્તાનની મીલો ઉપર કાપડનો આધાર રાખવો પડે છે. જે કાપડ મીલોમાં વણાય છે તે કાપડ વણવા માટે જે સૂતર વપરાય છે, તેમાં એજ ચડાવવામાં ચરબીનો ઉપયોગ થાય છે. આ બાબત અમદાવાદની મીલોનો ચરબીનો રીપોર્ટ જોઇશું તો અમદાવાદમાં કાપડ સુતરની ૫૩ મીલો છે તેની અંદર કાપડ વણવાના સાંચા ૨૧૮૪૨ છે, હવે સરેરાશ ૨૫૦ સાચાઓમાં દર વર્ષે ૩૦ ટન ચરબી વપરાય છે, એટલે ૨૧૮૪૨ સાંચાઓમાં લગભગ એટલે ૨૬૧૦ એને ૫૬ ગુણવાથી (૧૪૬૧૬૦) મણ ચરબીનો વપરાશ ફક્ત અમદાવાવની મીલોમાં થાય છે. જ્યારે આખા હિંદુસ્તાનની મીલોના કાપડમાં અને વિલાયતથી ૬૦ કરોડનું કાપડ આવે છે તેમાં એકંદર કેટલી ચરબી વપરાની હશે તેનો બુદ્ધિશાળીઓએ પોતાની મેળે વિચાર કરી લેવો, હવે તે ચરબી જીવતાં પશુઓ (ગાય, ભેંસ, બળદ, વગેરેની) કતલ કરીને કાઢવામાં આવે છે માટે મીલોનું અપવિત્ર કાપડ પહેરવું યુક્ત નથી, જો સમગ્ર હિંદુસ્થાન હાથથી વણેલું કાપડ પહેરવા પ્રયત્ન કરશે તો દર વર્ષે લગભગ એક કરોડ પશુઓને બચાવવા ભાગ્યશાળી થશો. માટે મીલોનું અપવિત્ર કાપડ નહિ વાપરવાની પ્રતિજ્ઞા કરો.

લેખક:—મુનિ સુમતિવિજયજી ગંધારબંદર.

તા. ક.—શ્રી વર્ગ પણ ઉપરની બીના ખાસ ધ્યાનમા લેશે અને પરદેશી તેમજ મીલોના અપવિત્ર કાપડનો ત્યાગ કરશે, કારણ ધર્મમાં કંઇ શોભાની તેમજ ફેશનની જરૂર નથી.

ધી બાબુ પ્રી. પ્રેસ. રીચીરોડ બાલા હનુમાન પાસે—અમદાવાદ

આ વિષયને લગતો એક લેખ ૩૦ વર્ષ અગાઉનો મળી આવવાથી તે પણ અહિંયાં દાખલ કરવામાં આવ્યો છે.

"જૈન દીવાકર" ચોપાંનીયું પુસ્તક ૯ મું અંક (૨) જો તા. ૧ નવેમ્બર ૧૮૯૩ ઇ. ૧૯૪૯ આશો વદ ૮ ના અંકમાં પાને ૨૮ મે ચીકાગોના ચટકમાં લખ્યું છે જે—

ચીકાગોમાં દરરોજ (૨૨) બાવીશ હજારને બસો ચોપગાં 'અનાથ' પશુઓનો વધ થાય છે.

વિચારો કે ૩૦ વર્ષ પહેલાં દર વર્ષે (૭૯૯૨૦૦૦) અગનામી લાખ ને બાણું હજાર ચોપગા પશુઓનો વધ થતો હતો તો જ્યાં ત્યાં આવાં

ખાતાં ખુલ્યાં હશે તે બધાંનો અડસટ્ટો કોઇ કાઢે તો એક યુરોપ ખંડમાં દરરોજ અને દરવર્ષે કેટલાં પશુઓનો વધ થતો હશે? અને તેની નીકળેલી ચરબીથી બનેલાં સૂતર કાપડ તે કાપડને વળી સાફાઇ અને ચળકતા કરવામાં વપરાતા ઇંડાનાં રસ કે જેની કાંઇ સંખ્યા ગણી શકાય નહિ એટલા પંચેંદ્રિય જીવોની હિંસાથી બનેલા વસ્ત્ર. તે વસ્ત્ર હિંદી પ્રજાને માટે પવિત્ર કેવી રીતે ગણી શકાય? અને જૈન પ્રજાને તો તેવાં વસ્ત્ર શરીરે અડકાડાયજ ક્યાંથી! તો પછી જૈન મુનિઓથી તેવાં વસ્ત્રનો પરિભોગ થાયજ કેવી રીતે?

આ ઉપરના લખાણથી કોઇએ એમ માની બેસવાનું નથી કે આ વિષય હિંદી પ્રજાનેજ માટે છે. હિંદુસ્તાનમાં ગણાતી પ્રજા કે જે હિંદુ મુસલમાન વગેરે તમામને લાગુ થાય છે. ચોપગાં જાનવરો કે જેને ગાય, ભેંસ, બળદ વગેરેથી ઓળખાવ્યા છે, તેમાં વગેરે શબ્દથી ડુક્કર, સુવર, ભુંડની જાતનો પણ સમાવેશ થાય છે. સાંભળવા પ્રમાણે આમાં ડુક્કરની ચરબી પણ વિશેષ વપરાશમાં આવે છે. અને કહેવત પ્રમાણે "હિંદુને ગાય અને મુસલમાને સુવર" એટલે જેમ હિંદુ વર્ગમાં ગાયનું હાડ માંસ ચરબી અગ્રાહ્ય ગણવામાં આવે છે તેમજ મુસલમાનમાં ડુક્કરનું હાડ માંસ લોહી અને ચરબી પણ અગ્રાહ્ય ગણાય છે તો પછી તેવી ચરબીના સંયોગ વાળી બીજાં અનેક પશુઓના વધથી બનેલી—નીકળેલી ચરબીઓની ખેળથી બનેલું સુતર કાપડ તમામ હિંદુ અને મુસલમાનને તો સદાકાળ અપવિત્રજ હોય. તો પછી જૈનની દૃષ્ટિએ તો તમામ પંચેંદ્રિય જીવો રક્ષણાર્હજ હોય તેમાં કેહવું શું? તો પછી જૈનના સાધુઓથી અનેક પંચેંદ્રિય જીવોના વધથી બનેલી ચરબીવાળા અપવિત્ર વસ્ત્રો કે જે ઇંડાના રસથી સાફાઇદાર થયેલાં અને ચળકતા એવા કપડા શરીર ઉપર ધારણ થાયજ ક્યાંથી? માટે આચારાંગ સૂત્રમાં જે પાઠ જ્ઞાની પુરૂષોના વચનામૃતરૂપ દાખલ કરવામાં આવ્યો છે કે-જૈન સાધુઓએ પંગેરા કે રંગેલાં વસ્ત્ર પહેરવાં નહિ એવું આગમ વચનની શ્રદ્ધા મહાવીર પરમાત્મા સિવાય બીજો કોણ પ્રકાશવા સમર્થ છે?

પ્રશ્ન ૯૩—શિષ્ય-આપે જણાવેલ વિદેશી (વિલાયતી) પીળેલાં વસ્ત્રને માટે શાસ્ત્રમાં નિષેધ કરેલો હોય એવા અપવિત્ર વસ્ત્ર કોઇપણ [illegible] ધારણ થઇ શકે નહિ. તો પછી હવાળુ અરે! હવાના હિમાલયથી સંયુક્ત તે તેવાં વસ્ત્ર સ્વીકાર થાયજ ક્યાંથી? અર્થાત્ કદી થતો ન જોઇએ, એ વાત બરાબર છે. પણ રંગેલાં વસ્ત્રનો જે નિષેધ કરવામાં આવ્યો છે તેનું શું કારણ?

ઉત્તર--તેનાં પણ અનેક કારણ છે. પ્રથમ કારણ તો એ કે જ્યાં એક ભિખ્ખુને-એટલે એકલા સાધુને ઉદ્દેશીને નહિ રંગવાનો અને રંગેલાં વસ્ત્ર નહિ ધારણ કરવાનો પાઠ મૂકયો છે તે તો જિનકલ્પી તથા અભિગ્રહ-ધારી સાધુને માટેજ જણાય છે અને જ્યાં સમગ્ર સાધુ સાધ્વીને માટે પાઠ મૂકયો છે, ત્યાંનો હેતુ એમ જણાય છે કે-જૈનના સાધુનો વેશ શ્વેત વસ્ત્રનો છે માટે તેને રંગવાં કે રંગેલાં પરત્રુ કરવાં એટલે પેહરવા કલ્પે નહિ. એવો આચાર જૈનના સાધુનો જણાવ્યો. જૈનના સાધુ શ્વેતામ્બરીના નામથી ઓળખાય છે. માટે જૈનના સાધુને રાતા પીળા કે બીજા કોઇપણ રંગના વસ્ત્ર રંગેલાં પેહરવાનો આચાર નથી, તો રંગવાનું તો હોયજ કયાંથી ? અર્થાત્ જૈનના સાધુને વસ્ત્ર રંગવાનો તથા રંગેલા પેહરવાનો આચારાંગ સૂત્ર નિષેધ કરે છે.

પ્રશ્ન ૯૮—શિષ્ય-કોઇ કોઇ સાધુ આર્યા વસ્ત્રને લીંબોળી પ્રમુખના તેલ લગાવે છે અને એમ કહે છે કે આમ કરવાથી વસ્ત્રમાં જૂ પડતી નથી માટે અમે લગાવીએ છીએ તેનું કેમ ?

ઉત્તર—પરિસહ સહન કરવો એ સાધુનું કામ છે જેનામાં પરિસહ સહન કરવાની શક્તિ નહિ હોય તે કદાચ એમ કરતા હશે, પણ સૂત્રમાં તો તેલાદિક લગાવવાની ચોકખી ના કહી છે અને લગાવે તેને પ્રાયશ્ચિત કહ્યું છે. જુઓ નિશીથ સૂત્રનો ૧૮ મો ઉદ્દેશો-સૂત્ર ૪૧ મું-શાસ્ત્રમાં (હૈદ્રાબાદવાળાં) છાપેલ પાને ૨૦૯ મે લખ્યું છે કે—જો સાધુ એસા વિચાર કરે કિ મુઝે યહ નયા વસ્ત્ર પ્રાપ્ત હુઆ હૈ ઇસે તેલ ઘૃતાદિ લગાવું એસા વિચાર કરને વાલેકો અચ્છા જાને" + + તેને ચો માસીક પ્રાયશ્ચિત કહેલ છે. વિચારો કે વસ્ત્રને તેલાદિક લગાવવાનો વિચાર કરવાવાળાને રૂડું જાણે કે આ વિચાર ઠીક કરે છે તેને પણ લઘુ ચોમાસી પ્રાયશ્ચિત કહ્યું તો પછી તેલાદિકનો પાસ દેવાવાળાને માટે તો કહેવુંજ શું ?

પ્રશ્ન ૯૯—ત્યારે કોઈ એમ કહે કે—એજ સૂત્રમાં ૯૩ મે સૂત્રે કહ્યું છે કે—

"જો સાધુ દુર્ગંધી વસ્ત્ર પ્રાપ્ત કર ઉસે બહુત દિનસે તથા તીન પક્ષસી ઉપરાંત તેલાદિ લગાવે, લગાને કો અચ્છા જાને તની કુછ ..... લખ્યું છે કે—વસ્ત્રો જુવાદિકી ઉત્પત્તિસે બચાને તથા ..... તેલાદિ લગાનેકા કહા દેખતા હૈ."

આ પ્રમાણે તેજ સૂત્રમાં ચોકખું કહ્યું છે તેનું શું સમજવું ? તેમજ ૪૯ મા સૂત્રમાં નવા વસ્ત્રમાં પણ પક્ષ સુધી તેલાદિ લગાવવાની અસ્ત

છે, ઉપરાંત લેતો પ્રાયશ્ચિત કહ્યું. માટે ત્રણ પસલી સુધી તેલાદિ લગાડવાની છૂટ છે. તેમાં કોઇ શું કહે તેમ હતું ?

ઉત્તર—અનેકાંતવાદીઓને તો કાંઇ કહેવાનું છેજ નહિ. વાદ વિવાદ કે ઝગડો તે તો એકાંતવાદીઓના માટેજ છે, એકાંતવાદીઓ જ્યારે એમ કહે છે કે—સાધુને વસ્ત્ર ધોવાં કે રંગવાં નહિ અને તેને વિષે સાધુપણું પણ માનતા નથી, અને બીજી તરફથી ત્રણ પસલી સુધી તેલ લગાવવાનું સાબીત કરી આપે છે અને વળી સુકાદિકની ઉત્પત્તિનું કારણ પણ આગળ ધરે છે. તો પછી તમારા આપેલા આચારાંગના દાખલાનું શી રીતે સમજવું ? સિદ્ધાંત તો અનેકાંતવાદી છે. સૂત્રમાં એક ઠેકાણે જે બાબતનો નિષેધ કર્યો હોય તેજ બાબતનો બીજે ઠેકાણે કોઇ પણ કાર્ય કારણે આગ્રહ કરીને તેની છૂટ પણ આપવામાં આવે છે. એવા એક નહિ પણ અનેક દાખલા સૂત્રોમાં મોજુદ છે. જેટલી બાબતનો એકાંતવાદીઓ નિષેધ કરે છે તેટલી બાબતની નિશીથ સૂત્ર છૂટ આપે છે. અને જે જે બાબતનો એકાંત પણે સ્વીકાર કરે છે તેનો નિષેધ પણ થાય છે અને તે પોતે અનુભવેલા હોય એમ પણ જણાય છે.

પ્રશ્ન ૧૦૦—શિષ્ય-એવો એક દાખલો તો જણાવો કે અમારા અનુભવમાં આવે ?

ઉત્તર—હા, સાંભળો-અમુક સ્થળે અમુક અમુક સાધુઓ (એકાંતવાદીઓ) ચોમાસું રહ્યા હતા તેણે ચોમાસું બેસતા પહેલાં ચલોટા પછેડી વગેરે વિગેરે કપડાં ખરીદ્યાં હતાં તેને અમુક જાતનાં તેલથી રંગીને તેની પેટી ભરીને બાંધીને તે પેટી લટકાવી મુકી હતી. તેમનો ઇરાદો એમ હતો કે ચોમાસામાં જ્યારે જરૂર પડશે ત્યારે આ કપડાં ઉપયોગમાં આવશે. અને આમ મુકાયેલાં પ્રમુખ પણ પડશે નહિ. પરંતુ તે પેટી [illegible] રહેવાથી અથવા તો તેને તડકાની ગરમાઇ લાગવાથી અંદર [illegible] જીવ પ્રગટ થયો. રાત્રિએ પોટીમાં [illegible] ... [illegible] એમ લાગ્યું કે આ કોનું મકાન તપાવો ! કોના મકાનમાં [illegible] ? આ અવાજ સાધુઓના કાનપર આવવાથી સવારે [illegible] [illegible] તેજ પેટલી ઉતારી ખોલી એકદમ [illegible] [illegible] આવ્યું હતું.

[illegible] વિરૂદ્ધ કામ કરે [illegible] પડશે, તેને આપણે પોતેજ કરશે.

બીજો દાખલો એવો બન્યો કે—એકાંતવાદીઓના પક્ષની કહેવાની આર્યા હોવાથી તેનું અનુકરણ કરીને પોતાનાં દુર્ગંધીમય મલીન વસ્ત્રની અંદર અસંખ્ય જુકાઓની ઉત્પત્તિને લઇને તે વસ્ત્રને સિઓગીના તેલમાં રગદોળવાથી જેની સંખ્યા પણ ન થઇ શકે તેટલી ખદખદતી જુકાઓનો ઢગલો થઇ પડયો કે તેમાની કેટલીક તો જીવિતવ્યથી રહિત પણ થઇ ગયેલી નજરે પડતી. આ વાત નજરે જોયેલના મુખથી સાંભળેલી અને જેણે આ બાબતનો ઠપકો આપેલો તેની સામે કલેશ પણ કરેલો. આમાં ભગવંતની આજ્ઞા કયાં આવીને સમાણી તેની કાંઇ સમજણ પડતી નથી.

પ્રશ્ન ૧૦૧—શિષ્ય-આવો ઉપરોક્ત જણાવ્યો તેવો મોટો અસંજમ સેવવા કરતાં વસ્ત્રમાં જુકાઓ ન પડવાની બુદ્ધિથી રીતસર ધોવામા આવે તો શું ખોટું છે?

ઉત્તર—અરે ભાઇ? એ વાત બંધ રાખ. વસ્ત્રના પીવાવાળામાં તો તેઓ સાધુપણું પણ માનતા નથી. તો પછી એવાઓથી વસ્ત્ર ધોવાયજ કેમ? કેટલાક તો એમજ માની બેઠા હોય છે કે જેમ મેલાં કપડાં વધારે હોય તેમ મોક્ષગતિ ઢુંકડી માને છે. જેમ એક સાધુએ માત્રાના પાત્રમાં સાધુપણું ગોંધાઇ રહેલું હતું તે ફેડીને પ્રગટ કરી દેખાડ્યું તેમ કેટલાક જડવાદીઓને મલીન વસ્ત્રમાંજ સાધુપણું ગોંધાઇ રહેલું હોય એમ જણાય છે અને કેટલાક અંધશ્રદ્ધાવાળા અભ્યંતર ગુણ દોષનો વિચાર નહિ કરતાં માત્ર બાહ્ય ઢોંગમાંજ મુંઝાઇને નિંદ્રામાં ઉતરી પોતાના આત્માનું અહિત ચિંતવે છે તેવાઓની દયા આવે છે.

પ્રશ્ન ૧૦૨—સૂત્રમાં જેમ કારણે તેલાદિ લગાડવાની છુટ આપી છે, તેમ કારણે વસ્ત્રાદિક ધોવાની છુટ કોઇ ઠેકાણે છે ખરી?

ઉત્તર—અપેક્ષા વાચીએ સૂત્રમાંથી જેમ એકાંતવાદીએ વસ્ત્રમાં જુકાઓ પડવાના કારણને લઇને તેલાદિક દેવાનો દાખલો શોધી કાઢયો. તેજ કારણને આગળ ધરીને એટલે વસ્ત્રને શરીરનો પરસેવો અને મેલના ભરાવાથી વિશેષ મલીનતાને લઇને વિશેષ જુકાઓ પડવાનો સ્વભાવ છે તે અટકાવવાને માટે એટલે વસ્ત્રમાં જુકાઓ ન પડવા દેવાની બુદ્ધિએ એક એ, અને બીજું કારણ અતિ મલીન વસ્ત્રને લઇને એટલે વસ્ત્રને લાગેલા મેલવાળાં કપડાંમાં લીલકુલ પણ થવા સંભવ છે. ચલોટાના કેડના ભાગમાં તથા પછેડીમાં તથા મુહપત્તિ અને નિસીહીયામાં લીલકુલ પડેલી નજરે જોઇ છે. તો લીલકુલ અનંતા જીવના તથા જુકાઓના બચાવને માટે એટલે એવા જીવેનો ઉત્પત્તિ ન થવા દેવાની બુદ્ધિએ કોઇ વસ્ત્રને ધોવાનો ઉપયોગ કરે તેમાં શું કારણની

છે ? જો કે જિનકલ્પી અને અભિગ્રહધારીને વસ્ત્ર ધોવાનો કલ્પ નથી તેથી તેઓ તેમના કલ્પ પ્રમાણે વર્તે, પણ તેમની નકલ લઇને બીજાઓ વર્તવા ધારે અને અર્થનો અનર્થ કરી નાખે તે કેટલા ગુન્હાને આધિન થાય છે ? તેની હદ રહેતી નથી.

પ્રશ્ન ૧૦૩—કોઇ એમ કહે કે-જિનકલ્પી યા અભિગ્રહધારી સાધુને માટે વસ્ત્ર નહિ ધોવા કે નહિ રંગવાનો કાયદો છે, તો તેમનાં વસ્ત્ર તો અતિશે મલિન હોય તો શું તેના વસ્ત્રમા જુકા પ્રમુખની ઉત્પત્તિ નહિ થતી હોય ?

ઉત્તર—તે તો તેવી વૃત્તિ ધારણ કરનારને ખબર પડે. આપણે જ્યારે તેટલી ડીગ્રી મેળવીશું, તેવા ગુણો આપણામા પ્રગટ થાશે ત્યારે આપણને આ પ્રશ્ન કરવાનો વખત રહેશેજ નહિ, પરંતુ આપો આપ તમામ અનુભવી લેવાશે. એટલી વાત ધ્યાનમાં રાખવી કે તેવા પુરૂષો પરિસહ સહન કરવામાં કાયર હોય નહિ. તે આપણી પેઠે શિથિલ મનવાળા કે શિથિલ આચારના પાળવાવાળા કદિ હોય નહિ. સૂત્રમાં કહેલા આઠ ગુણના ધણી હોય તેવાઓજ તેવી વૃત્તિને ધારણ કરી શકે છે. તેવાઓને વસ્ત્રની પણ દરકાર હોતી નથી એમ આચારાંગ સૂત્રના ભાષાંતરમાં કહેલા આઠમા અધ્યયનથી સિદ્ધ થાય છે એવા સાધુઓ પ્રાયઃ વસ્તીમાં તો રહેતાજ નહિ. તો પછી તેને વસ્ત્રની દરકાર હોયજ ક્યાંથી ? તે તો નગ્ન ભાવે વગડામાંજ પડ્યા રહેતા. કદાપિ કોઇથી લજ્જા પરિસહ જીતી ન શકાય તો માત્ર એબ ઢંકાય તેટલું કપડું વીંટી લેતા અથવા એક વસ્ત્રધારી એટલે એક ચલોટા ભરજ રહેતા. કદાપિ શીતાદિકનો તાઢ પ્રમુખનો પરિસહ સહન ન થાય તો એક ઓઢવાની પછેડીથી પણ નિર્વાહ કરતા. વિશેષ ટાઢના પરાભવે બીજું કપડું પણ ઓઢી લેતા. અર્થાત્ ત્રણ કપડાં ઉપરાંત ચોથા કપડાની ઇચ્છા કરતાજ નહિ. તેમાં પણ જેમ જેમ ટાઢનો પરાભવ ઓછો થતો જાય તેમ તેમ વસ્ત્રની કમી પણ કરતા જાય. દશવૈકાલિક સૂત્રમાં કહ્યા પ્રમાણે ગ્રીષ્મ ઋતુમાં આતાપના લેવાવાળા અને હેમંત ઋતુમાં અવાઉડ એટલે વસ્ત્ર રહિત અને વર્ષા ઋતુમાં શરીર તથા ઇંદ્રિયો ગોપવીને રહેવાવાળા હોય તેને વસ્ત્રની દરકાર હોયજ શાની ? કદાપિ ચોમાસામાં વસ્ત્રની જરૂર જેવું જણાય તો ચોમાસું બેઠા પહેલાં નવા વસ્ત્રની યાચના કરી લે અને જુનાં વસ્ત્રને પરિઠવી દે અને ચોમાસામાં પણ ખાસ જરૂર વિના વસ્ત્રનો પરિભોગ કરે નહિ તો પછી તેમાં જુકા કે લીકકુલ પ્રમુખનો ઉપદ્રવ થવા પામેજ ક્યાંથી ? કે જેને ધોવા રંગવાની જરૂર પડે. અર્થાત્ જિનકલ્પી

તથા અભિગ્રહધારી સાધુઓનો જે કલ્પ કે વસ્ત્ર ધોવાં રંગવાં નહિ અને ધોયેલાં કે રંગેલાં વસ્ત્ર પેહરવાં પણ નહિ. તે કલ્પ નિર્દોષપણે સત્ત્વજ્ઞ માને.

આ સંબંધી નિશિથ સૂત્રના ૧૮ મા ઉદ્દેશામાં ૪૪ મા બોલથી ૬૫ મા બોલ સુધીમાં એટલે (૨૨) સૂત્રોમાં સમગ્ર તમામ સાધુ આર્યાના વસ્ત્રના સંબંધમાં એક વખત ધોવા રંગવા વગેરેની ના કહી અને તેજ અધિકારે બીજી વખત હા કહી. તેનું સ્વરૂપ સમદષ્ટિથી અનેકાંતવાદને જાણી ન્યાયપૂર્વક પ્રવૃત્તિ ચલાવે તેને કોઇ જાતનો સાધક, બાધક લાગવા સંભવ નથી, પણ તેમણે પ્રથમ એટલું તો ખાસ કરીને જાણવું જોઇએ કે આ વકય ઉત્સર્ગ માર્ગનું છે કે અપવાદ માર્ગનું છે? એટલું પણ જાણ્યા વિના ગોળ ખોળ સરખો ગણે અને તમામ સાધુનો આચાર સરખોજ માને તેવાઓને માટે તો કહેવાનું હોયજ શું?

પ્રશ્ન ૧૦૪—નિશિથ સૂત્રમાં ઉપર જણાવેલા (૨૨) સૂત્રાનું ઉત્સર્ગ અને અપવાદ માર્ગ એટલે પોખ માર્ગ અને કારણ માર્ગનું સ્વરૂપ જણાવશો?

ઉત્તર—હા, સાંભળો–જિનકલ્પી અને અભિગ્રહધારી સાધુને તો એકાંત પણે ઉત્સર્ગ માર્ગજ છે. અને બાકીના સ્થવિરકલ્પી સાધુનો ઉત્સર્ગ અને અપવાદ બન્ને માર્ગ છે. હવે ૧૮ મા ઉદ્દેશામાં જે વસ્ત્ર સંબંધી (૨૨) સૂત્રાં કહ્યાં છે તેમાં ઘણા ભાગે નવા વસ્ત્રનેજ ઉદ્દેશીને કહેલ છે. તેમાં જિનકલ્પી અને અભિગ્રહધારી તથા ઉત્સર્ગ માર્ગની પ્રવૃત્તિવાળા સાધુઓને માટે ૧૩ સૂત્રાં એકાંત પણે નિષેધનાજ છે, અને ૯ સૂત્રાં સ્થવિરકલ્પીને માટે કારણે છૂટ આપવાનાં છે, તે નીચેના લખાણથી જાણી શકશે

(૨) બે સૂત્રાં ૪૪-૪૫ માં, સાધુને સારા વર્ણના વસ્ત્ર ખરાબ વર્ણવાળાં કરવાં નહિ, અને ખરાબ વર્ણવાળાં સારા વર્ણવાળાં કરવાં નહિ.

(૩) ત્રણ સૂત્રાં ૪૬-૪૭-૪૮ માં, નવા વસ્ત્ર સંબંધી જિનકલ્પી અભિગ્રહધારી તથા ઉત્સર્ગે સર્વ સાધુ આર્યાએ તેલાદિ, તથા ક્ષાર પ્રમુખ દ્રવ્ય લગાવવાં નહિ, અને અચેત શીત તથા ઉષ્ણ પાણીથી ધોવાં નહિ.

(૩) ત્રણ સૂત્રાં ૪૯-૫૦-૫૧ માં, નવાં વસ્ત્ર સ્થવિરકલ્પીને પ્રાસ થયે કારણે તેલાદિ, તથા ક્ષાર પ્રમુખ ત્રણ પસલી ઉપરાંત લગાવવાં નહિ, અને અચેત કરેલા પાણીથી તથા ધોવણ પ્રમુખથી તથા ગરમ પાણીથી એટલે વસ્ત્રમાં જોઇતા મર્યાદ ઉપરાંત પાણીથી તથા બહુ વખત ઉપરાંત ધોવે નહીં. (એલ પ્રમુખ કાદવાના કારણથી તથા નવું વસ્ત્ર ભડભડતું હોય

અવાજ કરતું હોય તે બંધ પાડવાને માટે ધોવાની જરૂર પડતી હોય એમ જણાય છે).

(૨) બે સૂત્રાં ૫૨–૫૩ માં, સુગંધીવાળાં વસ્ત્ર દુર્ગંધીવાળા કરવા નહિ, અને દુર્ગંધીવાળાં વસ્ત્ર સુગંધીવાળા કરવા નહિ.

(૩) ત્રણ સૂત્રાં ૫૪–૫૫–૫૬ માં, સાધુને સુગંધી વસ્ત્ર મળ્યે તેલાદિ લગાવવાં નહિ, તથા લોદ્રાદિકે રંગવા નહિ. તથા શીતોષ્ણાદિ પાણીએ ધોવાં નહિ. આ આચાર જિનકલ્પી પ્રમુખનો જણાય છે.

(૩) ત્રણ સૂત્રાં ૫૭–૫૮–૫૯ માં, સાધુને સુગંધવાળાં વસ્ત્ર મળે તે ટાળવાને માટે ત્રણ પસલી ઉપરાંત તેલ, તથા લોદ્રાદિ દ્રવ્યોથી રંગવા તથા સિતોષ્ણાદિક પાણીથી ધોવાં નહિ.

અહિયાં સ્થવિરકલ્પીને, કારણે તેલાદિ લગાવાની તથા પાણીએ ધોવાની છૂટ આપી તેનું કારણ કે—સાધુને કોઈ સુગંધવાળું વસ્ત્ર મળ્યું તે પેહેરી ઓઢી ગોચરીયાદિક કારણે જાતાં કોઇ એવી ટીકા કરે કે જુઓ ભાઇ! સાધુના વસ્ત્રમા કેવા અત્તરાદિક સુગંધી પદાર્થો ભભકી રહ્યા છે! વગેરે કારણોથી સાધુ તથા જૈન ધર્મની લઘુતા થાય, માટે સુગંધ ટાળવાને ભગવંતે આજ્ઞા આપી.

(૩) ત્રણ સૂત્રાં ૬૦–૬૧–૬૨ માં, સાધુ દુર્ગંધવાળાં વસ્ત્રને તેલાદિ કે કોઇ પ્રકારના દ્રવ્યોએ કરી સાફ કરવા નહિ તથા શીતોષ્ણાદિક વડે કરી ધોવાં પણ નહિ. એ જિનકલ્પી પ્રમુખનો વહેવાર.

(૩) ત્રણ સૂત્રાં ૬૩–૬૪–૬૫ માં, સાધુ દુર્ગંધી વસ્ત્ર મળ્યે છતે દુર્ગંધ ટાળવા માટે ઘણા દિવસ અથવા ત્રણ પસલી ઉપરાંત તેલાદિક તથા લોદ્રાદિક દ્રવ્યો લગાવે નહિ તથા ફાસુક અચિત્ત શીતોષ્ણાદિક પાણીએ ધોવે પણ નહિ. અહિયાં સ્થવિરકલ્પીને દુર્ગંધ ટાળવાદિ કારણે છૂટ આપી છે, તેમાં પણીને માટે ત્રણ વખત ઉપરાંત પાણીએ કરી ધોવાં નહિ એમ અર્થમા જણાવે છે.

આચારાંગ સૂત્રમાં વસ્ત્રૈષણા અધ્યયનમાં એટલે ભાષાંતરમાં અધ્યયન ૧૪ મેં ઉદેશે ૧ લે કલમ ૮૨૩ મી ૮૨૪ મી ૮૨૫ મી એ ત્રણ કલમમાં સાધુ સાધ્વીને માટે ઉપરની લખેલી બીનાનેજ સંબંધ છે. તેમાં એમ જણાવે છે કે—से भिक्खु वा भिक्खुणी वा "णो णवए मेवत्थे" त्तिकट्टु णो बहु देसिएण सीओदग वियडेण वा उसिणोदग वियडेण वा जाव पधोवेज्जा. (૮૨૪) અહિયાં અપક્ષે ત્રેવીસમાં ચોવીસમાં સૂત્રે: સાધુ સાધ્વીને નવું વસ્ત્ર ન

હોય અને જુનાં વસ્ત્રથી નિભાવ કરવાનો હોય અને કોઇ દ્રવ્યથી સાફ કરવાની તથા ધોવાની જરૂર પડે તેમ જણાય તો સૂત્ર એમ જણાવે છે કે- णो बहु देसिएणं એટલે ઉદ્દેશીને ઘણાં દ્રવ્યથી કે ઘણા પાણીથી નહિ, પણ જોઇતા દ્રવ્યથી સાફ કરવાનું અને ધોવાનું કહ્યું અને (૨૫૬) મી કલમે પણ દુર્ગંધવાળા વસ્ત્રને સુધારવા માટે પણ એજ પ્રમાણે કહ્યું છે.

અને જુનાં વસ્ત્ર ધોવાને માટે બીજો અર્થ પણ થાય છે કે ઉદ્દેશીને ઘણું ઠંડું (અચિત્) પાણીથી તથા ઘણા ગરમ પાણીથી ધોવાં નહિ કારણ કે જુનાં વસ્ત્રમાં જુઆઓ પ્રમુખ હોય તો પીડા પામે.

નિશિથ સૂત્રમાં बहु दिवसिएणं પાઠ છે તે આચારાંગની પેઠે बहु देसिएणं પાઠનો સંભવ રહે છે.

પ્રશ્ન ૧૦૫—આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધમાં વસ્ત્રૈષણા અધ્યયનમાં, બીજે ઉદ્દેશે ભાષાંતરની કલમ (૮૩૨ મી) તેમાં ચોકખું કહ્યું છે કે સાધુ આર્યાએ વસ્ત્ર ધોવાં કે રંગવા નહિ, આ પાઠ ઉપરથી કેટલાક એકાંતવાદી ધોવાનો નિષેધ કરે છે તેનું કેમ ?

ઉત્તર—આ વિષે પ્રથમ ઘણું લખાણ થઇ ગયું છે. અને સૂત્ર પાઠથી ઘણા ખુલાસા અપાઇ ગયા છે, તથાપિ જો તેઓનો એવોજ હઠવાદ હોય તો માત્ર એકજ શબ્દને વળગી નહિ રહેતાં સૂત્રમાં કહેલાં તમામ શબ્દનો સ્વીકાર કરવો પડશે જ્યારે વસ્ત્ર ધોવાં નહિ, એવો હઠવાદ કરો છો તો તેલાદિ લગાડવાનું એટલે તેલથી રંગવાનો અને ધોયેલાં અને રંગેલાં વસ્ત્ર નહિ પહેરવાનો પણ હઠવાદ કરી તેને બંધ પાડો અને ખાદીનાં વસ્ત્ર પહેરતાં શિખો. અને ત્યારપછીની કલમમાં શું કહ્યું છે તેનો અમલ પણ સાથેજ કરો.

પ્રશ્ન ૧૦૬—શિષ્ય—ત્યારપછીની કલમ તો (૮૩૩ મી છે) તેમાં વળી શું કહ્યું છે ? તે તો જણાવો.

ઉત્તર—સાંભળો આયુષ્મન્ તેત્રીસમી કલમમાં એમ કહ્યું છે કે-મુનિ અથવા આર્યાએ ભિક્ષા લેવા જતાં વા બહાર પાણી જતાં વા ગ્રામાનુગ્રામ વિહાર કરતાં સઘળાં વસ્ત્ર સાથે લેવાં.

કહો મહાનુભાવો ? આ પ્રમાણે આ કાળે આ ક્ષેત્રે કોઇ સાધુ વા આર્યા વર્તે છે ખરાં ? સર્વે ભંડ ઉપગરણ સાથે લઇનેજ ગોચરી પાણી જાય છે.

અને જ્યારે એ પ્રમાણે ન વર્તી શકાય ત્યારે પછી ખોટા હઠ-

વિવાદ કે ઝગડા કરી ખોટા ઉપદેશ આપી દુનિયાને શામાટે ભ્રમિત બનાવવી પડે છે?

સાધુનો શું આચાર છે અને આર્યાનો શું આચાર છે? એ સૂત્રને જાણ્યા વિના કોઇ આર્યા, સાધુની નકલ લઇ એમ કહે કે અમે તો અમુક સાધુનો આચાર પાળીએ છીએ પણ એટલો વિચાર થતો નથી કે ભગવંતની આજ્ઞા શી છે? ભગવંતે સાધુના કલ્પને માટે નગ્ન રહેવાની તથા એક વસ્ત્ર અને એક પાત્ર રાખવાની છૂટ આપી છે અને છેવટે ત્રણ વસ્ત્રથી વધારે તો ખપેજ નહિ. અર્થાત્ સાધુ વધુ ઓછાં વસ્ત્રથી રહી શકે, સાધુને માટે અનેક ભાંગા છે પણ આર્યાને માટે તો વસ્ત્ર સંબંધી એકજ ભાંગો છે કે આર્યાને ચાર પછેડીઓ ખપે તે પણ માન અને પ્રમાણ સહિત કહેલ છે.

જુઓ, ભાષાંતરમાં વસ્ત્રેષણા અધ્યયન ૧૪ મે ઉદ્દેશે ૧ લે (કલમ ૮૦૩ મી) તથા લાલાવાળા છાપેલ પાને ૪૫૧ મે કહ્યું છે કે—

જે મુનિ સ્થિર સંઘયણનો ધણી, જુવાન, બળવાન, નિરોગી, મજબૂત બાંધાવાળો ત્રીજા ચોથા આરાનો જન્મેલો હોય તેણે એકજ વસ્ત્ર પહેરવું; બીજું નહિ પહેરવું અને આર્યાએ ચાર સાડીઓ (૪ પછેડીઓ) રાખવી:—તેમાં એક બે હાથના પનાવાળી, સ્થાનકમાં ઓઢવાની, બે ત્રણ હાથના પનાવાળી એક ગોચરીમાં ઓઢવાની ને બીજી સ્થંડિલે જતાં ઓઢવાની. અને એક ચાર હાથના પનાવાળી સમોસરણમાં ઓઢીને જવાની એવી ચાર પછેડીઓ સાધ્વીએ રાખવી. કદિ એટલા પનાવાળા વસ્ત્ર ન મળે તો બીજા વસ્ત્રને સાથે સાંધી સીવી પૂરાં કરવાં.

કહો ભાઇ! આટલી બધી આર્યાને માટે ચોકશી કરે છે તેનું શું કારણ? ચાર પછેડી સિવાય ચલોટા, જાંગીઓ, કંચવો વગેરે આર્યાના શરીરના રક્ષણ યોગ્ય પણ ઉપકરણો સૂત્રમાં જણાવ્યાં છે. છતાં કેટલીક આર્યા તો સૂત્ર વચનને અલગ મૂકી પોતાની મતિકલ્પનાએ ચાલનારા માત્ર એકાદ પછેડીથી તમામ વહેવાર ચલાવતા હોય તો ના નહિ, વ્યાખ્યાન વાણી ગોચરી પાણી અને સ્થંડીલ જવામાં જ્યારે એકજ પછેડી વપરાતી હોય તો તેવું સૂત્રની આજ્ઞાનો લોપ કર્યો એમ શામાટે ન કહી શકાય? આર્યાંની ગોચરીની પછેડી સ્થંડિલ જવામાં અને સ્થંડિલ જવાની પછેડી ગોચરીમાં વપરાય નહિ તો પછી વ્યાખ્યાનમાં જવાની પછેડી તો બીજા કાર્યમાં વપરાયજ ક્યાંથી?

વળી સમોસરણમાં એટલે વ્યાખ્યાનમાં આર્યાને ઓઢીને જવાની પછેડી કેવી હોવી જોઇયે કે મેલી, ઘેલરી, ગંદી, ગંધાતી કે અંદર કોઈ

પ્રકારના હાવભાવથી બિભત્સ વેશવાળી કે કોઇ જોઇને જૈન ધર્મની કે સાધુ ધર્મની લઘુતા ન કરે એવી હોવી જોઇએ. એટલાજ માટે વ્યાખ્યાનની પછેડી જુદીજ કહી છે, અને તે શુદ્ધ અને સાફ હોવી જોઇએ. આર્યાના દેહનો ધર્મ બીજાજ પ્રકારનો હોવાને લઇને ભગવંતે તેમને ચારે પછેડી જોખા જોખા પ્રસંગમા વાપરવાને કાયદો કરવાનું કારણ માત્ર ધર્મની લઘુતા ન થવા દેવાને માટેજ છે.

પ્રશ્ન ૧૦૭—ત્યારે કોઇ એમ કહે કે-કારણ વશાત્ સાધુ આર્યાને વસ્ત્ર ધોવાની રજા મુદ્દા શબ્દમાં કોઇ ઠેકાણે દેવામા આવી છે? હોય તો બતાવો.

ઉત્તર—નિશિથ સૂત્રના ૧૮ મા ઉદ્દેશામાં વિગતેથી સારી રીતે સમજાવ્યું છે, છતાં વિશેષ જાણવાની જરૂર હોય તો સાંભળો, નિશિથ સૂત્રના ૧૫ મા ઉદ્દેશામાં કહ્યું છે કે—

जेभिक्खू विभूसावडियाएवत्थंवा धोवइधोवंतंवा साइज्जइ ॥१५८॥

અર્થ—જો સાધુ (આર્યા) વિભૂષા કે લિયે વસ્ત્ર પાત્ર કમ્બલ રજોહરણ ધોવે, ધોતે કો અચ્છા જાને. + + તેને લઘુ ચોમાસિક પ્રાયશ્ચિત આતા હૈ. એ પ્રમાણે લાલાજી તરફથી છપાયેલ પાને ૧૭૮ મે કહેલ છે તો વિચારો કે વિભૂષા એટલે શોભાના અર્થ વિના વસ્ત્રાદિ ધોવે તો પ્રાયશ્ચિત નથી.

સિદ્ધાંતની રચના ઓર છે સિદ્ધાંત અનેકાંતવાદી છે સૂત્રમાં તો એમ પણ કહ્યું છે કે અમુક કારણે ઉજળાં કે મલીન વસ્ત્ર પહેરે તો પણ પ્રાયશ્ચિત આવે.

પ્રશ્ન ૧૦૮—એવું વળી કયાં કહ્યું છે કે મલીન વસ્ત્ર પહેરવાથી પ્રાયશ્ચિત આવે?

ઉત્તર—જુઓ નિશિથ સૂત્રના ૬ ઠ્ઠા ઉદ્દેશે લાલાવાળા છાપેલ પાને ૬૫ મે ૨૧ મા સૂત્રે ધોવાવાળાને, અને ૨૨ મા સૂત્રે જો સાધુ (આર્યા) અપને દોષ ઢંકને કે એક રંગ વસ્ત્ર રખે, મલીન વસ્ત્ર રખે, તથા મોહ ઉપજાને વિચિત્ર રંગકે વસ્ત્ર રખે, એસે કરતેકો અચ્છા જાને. + + તેને ગુરૂ ચોમાસિક પ્રાયશ્ચિત આવે.

આનો પરમાર્થ એ છે કે-મૈથુનવૃત્તિથી શોભાર્થે કે મોહ ઉપજાવવા અર્થે ધોયેલાં કે રંગેલાં ચિત્ર વિચિત્ર ગમે તેવાં ઉજળાં ખખંખર વસ્ત્ર પહેરે અથવા પૂર્વકૃત, અકૃત સ્થાનના દોષને ઢાંકવા છૂપાવવા લોકાપવાદ ટાળવા

આચારનો ડોળ દેખાડવા મલીન વસ્ત્ર ધારણ કરે તેને મોટું પ્રાયશ્ચિત આવે. આવા પણ ડોળઘાલુ દુનિયાને ઠગનારા, દુનિયા પાસે વાહ વાહના પોકાર પડાવનારા પણ હોય છે ખરા. પણ શાસ્ત્રમાં કાંઇ શરમ રાખે તેમ નથી, અનંતજ્ઞાની પુરૂષે તો દરેક પ્રાણીના કૃત્યાકૃત્યનાં હૃદયના વિચારો આરીસાની પેઠે પ્રગટ કરી દેખાડયા અને તેના ઉધ્ધારને માટે પણ એવુંજ જ્ઞાન આપતા ગયાં છે કે જેનો અમલ કરવો તે આત્માર્થી જીવોનું કર્તવ્ય છે.

આત્માર્થી જીવો માધ્યસ્થ વૃત્તિએ વર્તવાવાળા ખોટા ડોળમાં નહિ પડતાં અતિ ઉત્કૃષ્ટ વેષ કે અતિ મલીનતાના વેષમાં નહિ મુંઝાતા તટસ્થ વૃત્તિએ સાદા અને સરલ વેશને ધારણ કરી માત્ર પોતાના સંયમનો નિર્વાહ કરવા આડંબર કે દંભ વિના જેવાં મળે તેવાં નિર્દોષ વસ્ત્રને ધારણ કરી પોતાનું જીવન ગાળવું તેમાંજ શ્રેય માને છે.

વેશમાં કાંઇ મોક્ષ રહ્યો નથી, મોક્ષ તો જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધનાથી છે. વેશ માત્ર લોકને વિષે પ્રતીત ઉપજાવવાનું સ્થાનક છે. તેમાં પણ વેશ કેવો હોવો જોઇએ કે દુનિયાની દૃષ્ટિએ અયોગ્ય અને ખરાબ ન લાગે, ધર્મને નિંદાવાપણું ન થાય અને પોતાના સંયમનો સુખેથી નિર્વાહ થાય એવો સાદો નિર્મોહિ અને અનિંદનિક વેશ હોવો જોઇએ. વિભૂષાના આશય વિના કોઇ વસ્ત્રાદિકનું પ્રક્ષાલન કરે તેમાં સાધુપણાની નાસ્તિ માની પોતાના તથા અન્ય જનોના આત્માને મોટી નુકશાનીમાં ઉતારવા તે સત્ય પુરૂષોનું લક્ષણ નથી.

કદાપિ કોઇ અલ્પ વસ્ત્રપર નિભાવ કરવા વિશેષ ટકાઉને માટે વસ્ત્રને ધોવે અથવા મલીન વસ્ત્રમાં લીખજુઆ કે જુકાદિકનો ઉપદ્રવ થતો અટકાવવાને માટે ધોવે તેમાં સાધુપણું નહિ માનનારા અથવા કોઇ શરીરની શોભાર્થે વસ્ત્રાદિક ધોનારા અલ્પપરીણામવાળાને સાધુપણાની નાસ્તિ માની બેસવું તે દૃષ્ટિરાગ ધરીને કાલીની શિક્ષા કરવા જેવા દંભાદિના આપનારાઓ તે પોતે સૂત્ર વિરોધી પ્રરૂપણાના કરવાવાળા પોતાનાજ આત્માને ઠગે છે. અર્થાત્ એવા દૃષ્ટિરાગીઓ પોતાના આત્માને મલીન બનાવી મોટી નુકશાનીમાં ઉતારે છે. એમ સૂત્રના ન્યાયથી સાબીત થાય છે.

ઇતિ શ્રી પરમપૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી તત્ શિષ્ય મુનિ શ્રી મોહનલાલજી કૃત "શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા" ત્રીજો ભાગ સમાપ્ત.

પરમ પૂજ્યશ્રી ગોપાલજી સ્વામી તત્ શિષ્ય

મુનિશ્રી મોહનલાલજી કૃત.

શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા

ભાગ ૪ થો.

શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા

ભાગ ૪ થો.

પ્રશ્ન ૧—કેટલાક કહે છે કે-પ્રત્યેક વનસ્પતિમાં સંખ્યાતા તથા અસંખ્યાતા જીવનો સંભવ છે પણ અનંતાનો સંભવ નથી તે કેમ?

ઉત્તર—પન્નવણાજી સૂત્રપદ ૧ લે-કહ્યું છે કે-તરણાના મૂળ ૧, કંદના મૂળ ૨, વંસના મૂળ ૩, એ ત્રણને વિષે સંખ્યાતા, અસંખ્યાતાને અનંતા જીવ હોય, એમ કહ્યું છે. ॥૧॥ વળી તેજ પદે વનસ્પતિના ૧૦ બોલ કહ્યા મૂળ ૧, કંદ ૨, ખંધ ૩, ત્વચા ૪, સાખા ૫, પ્રવાલ ૬, ટીસી ૬ પત્ર ૭ પુષ્પ ૮, ફળ ૯, બીજ ૧૦, એ દશ બોલ માંહી ભાંગતાં સમો ભાંગો ચક્રાકારે દિસે તે અનંત જીવમય જાણવી, અને ભાંગતાં વિશ્રમ ભંગ તે વાંકો દિસે તે વનસ્પતિ માંહી પ્રત્યક જીવ જાણવા. ॥૨॥ વળી તેજ પદે વનસ્પતિનો મૂળ ૧, કંદ ૨, ખંધ ૩, સાખા ૪, એ ચારના કાષ્ટથી છાલ જાડી હોય તે અનંત જીવમય છાલ જાણવી. ॥૩॥ વળી તેજ પદે જે વનસ્પતિ મૂળ કંદાદિક સર્વ ચક્રાકારે સમો ભાંગો ભાંગતાં ગંઠી-ચૂર્ણ થાય પૃથ્વીની પેરે રાઇ પડે તે વનસ્પતિ અનંત જીવમય જાણવી. ॥૪॥ વળી જે વનસ્પતિમાં સળ તથા વેગન દિસે ગુપ્ત નસા જાગપર્વ-રેખા જેહની દૂધ સહિત તથા દૂધ રહિત એહવી જે કુણી વનસ્પતિ હોય તે વનસ્પતિમાં અનંતા જીવ જાણવા. ॥૫॥ વળી તેજ પદે, ચાર જાતનાં પુષ્પ જળથી ઉપજ્યાં ૧, સ્થળથી ઉપજ્યાં ૨, બીટબંધ ૩, નાલબંધ ૪, એ ચારમાં કોઇ એકમાં સંખ્યાતા જીવ તથા કોઇ એકમાં અસંખ્યા જીવ, તથા કોઇ એકમાં અનંત જીવ જાણવા ॥૬॥ વળી નાલબંધ કુલમાંહી સંખ્યાતા જીવ અને પાંખડી દીઠ એકેકો જીવ, અને કુણું સુકુમાળ ફુલમાં અનંતા જીવ કહ્યા. વળી પદ્મનીકંદ ૧, ઉત્પલનીકંદ ૨, અનંતરકંદ ૩, તેમજ ઝીલીકા વનસ્પતિ વિશેષ એ ૪, એ સર્વમાંહી અનંતા જીવ હોય. ॥૭॥ વળી સપાસ ૧, સજાય ૨, ઉવહેલીકા ૩, કુહણ ૪, કંડુક ૫, એ પાંચમાં અનંતા જીવ. ॥૮॥ વળી સર્વ સાધારણ, પ્રત્યેક વનસ્પતિ ઉગતી, કિસલય ટીસીરૂપ હોય ત્યાં લગી અનંત જીવ. પછી વૃદ્ધિ છતે પ્રત્યેક વનસ્પતિને વિષે પ્રત્યેક હોય અને અનંતકાયને વિષે અનંત જીવ જાણવા. ॥૯॥ આ વિષે બાબુવાળા છાપેલા પન્નવણા પદ ૧ લે પાને ૩૬ મે નીચે પ્રમાણે ગાથાંઓ લખી છે.

तण मूल कंद मूलो, वंसीमूलि त्ति यावरे;
संखेज्ज मसंखिज्जा, बोधव्वा अणंतजीवाय. १

અથ ટીકા —तणेत्यादि ॥ तृणमूलं कन्दमूलं तथापरं वंशीमूलं एतेषां मध्ये कांचिज्जाति भेदतो देशभेदतो वा संख्यातजीवाः कांचिदसंख्याताः कांचिदनन्ताश्च ज्ञातव्या.

સીંઘોડામાં, ગુચ્છમાં અનેક જીવ, પાંદડામાં પ્રત્યેક જીવ અને ફળમાં બે જીવ-ગાથા બીજીનો અર્થ.

(પ્રશ્ન—પ્રત્યેક એટલે એક કે અસંખ્ય? ઉત્તર—પ્રત્યેક શબ્દે એક એક જુદા પણ થાય અને અસંખ્ય પણ થાય એમ જણાય છે)
ચોથી ગાથા-પાને ૩૯ મે—

पुप्फा जलयाथलया, विंटबद्धाय णालिबद्धाय, संखिज्ज मसंखेज्जा, बोधव्वाणंतजीवाय. २=सलंडु स्हसुण कंदेय. कंदलीय कुडुंबए; एए परित्तजीवा, जेवा-बन्नेतहाविहा. ॥६॥

આ પ્રત્યેક વનસ્પતિ જણાય છે. આચારાંગજીના બીજા શ્રુતસ્કંધમાં લહસુણનાં વન કહ્યાં છે. મુનિને લહસુણના વનમાં કઇ આંબાની પેઠે ઊતરેલ પનીઆં પાડેલ હોવાં કલ્પે કહેલ છે. લહસુણનાં ફળ નારંગીના ફળના અનુમાને હોય છે. તેમજ પલંડુ વિષે પણ કોઇ એ નામની પ્રત્યેક વનસ્પતિ હોવી જોઇએ.

પાને ૪૧ મે—सव्वोवि किसलओ खलु, उग्गममाणो अणंतओ भणिओ, सो चेव वि वड्ढंतो, होइ परित्तो अणंतोवा. ॥१५॥ अथ टीकाः—

सव्वोऽवि किसलयो खलु उग्गममाणो अणंतओ भणिओ ॥ इत्यादि वक्ष्यमाणमविरुद्धं, मूलसमुच्छूनावस्था निर्वर्तनारम्भकाले किसलय स्वाभाव्यादिति आह—प्रत्येक शरीरे वनस्पतिकायिकानां सर्वे काल शरीरावस्था मविकृत्य कि प्रत्येक शरीर स्वमुत कस्मिंश्चिदवस्था विशेषेऽनन्त जीवत्वमपि सम्भवति, तथा साधारण वनस्पतिकायिकानामपि किं सर्वे काल मनन्तजीवत्वमुत कदाचित्प्रत्येक शरीर त्वमपि भवति ततः आह—सव्वोवि किसलओ इत्यादि ॥ इह सर्व शब्दो परिशेषवाची सर्वोऽपि वनस्पतिकायः प्रत्येक शरीरः साधारण एव किसलयावस्थः प्रज्ञाप्तः सन् अनन्तकायस्तीर्थंकर गणधरैर्भणितः सत्व किसलयस्य अनन्तकायिकः वर्द्ध-

द्विगच्छन् अनंतो वा भवति परितो वा कथं ? उच्यते-यदि साधारण इति निर्वर्त्यते तद् साधारण एव भवति. अथ प्रत्येक शरीरं ततः प्रत्येक इति, कियत्कालं इदं प्रत्येको भवति ? इति चेत् उच्यते-अन्तर्मुहूर्तमात्रमादि निर्वर्तन प्रारंभतोऽप्यन्तर्मुहूर्तकालं यावत् स्थितिरुत्का ततोऽन्तर्मुहूर्तानंतरो नियमतः प्रत्येको भवतीति.

એ પ્રમાણે પન્નવણાજીની ટીકામાં પણ કહ્યું છે. એટલી ચાખે પ્રત્યેક વનસ્પતિમાં અનંતા જીવ કહ્યા છે. તેનું શરીર સાધારણ જાણવું, અને પ્રત્યેક યયેગી પ્રત્યેક શરીર જાણવું ઇત્યર્થઃ પન્નવણા પદ ૧ લે.

પ્રશ્ન ૨—આ ઉપરનું લખાણ બધું સાધારણ ભેદમાંનું છે. કારણ કે પન્નવણાજીમાં પ્રત્યેક શરીર બાદર વનસ્પતિનો અધિકાર પૂરો થયા પછી સાધારણનો અધિકાર ચાલ્યો છે, તેમાં આ ઉપરનું લખાણ તમામ છે. તેનું કેમ ?

ઉત્તર—એ વાત ખરી છે, પણ તેમાં કારણ છે કે પ્રથમ સૂક્ષ્મ વનસ્પતિનું સ્વરૂપ જણાવીને પછી બાદર વનસ્પતિનો ભેદ જણાવ્યો તેના બે ભેદ કર્યા, એક પ્રત્યેક અને બીજો સાધારણ. તેમાં પ્રત્યેકમાં તો ફક્ત પ્રત્યેક જીવની ઉત્પત્તિનુંજ સ્વરૂપ જણાવ્યું. પણ અનંત જીવની ઉત્પત્તિ જેમાં રહેલી છે તે તમામ સાધારણના ભેદમાં દાખલ કરેલ છે, એટલે જ્યાં જ્યાં અનંત જીવની ઉત્પતિનો સંભવ તે તે બોલ સાધારણના ભેદમાં ગણેલ છે. એટલે સાધારણમાં એક પ્રત્યેક અનંતકાય અને બીજા નિગોદ અનંતકાયનું સ્વરૂપ જણાવ્યું છે. તે ઉપરની ગાથાઓ અને ટીકા વાંચવાથી ખાત્રીજ થશે કે પ્રત્યેક વનસ્પતિમાં અનંત જીવની ઉત્પત્તિ રહી છે તેથીજ તેને સાધારણના ભેદમાં ગણી તેમાં દાખલ કરેલ છે.

પ્રશ્ન ૩—વિવિધ બોધસંગ્રહ (શ્રી લીંબડી સંપ્રદાયના ઉત્તમચંદજી મહારાજનો સુધારેલો) સંવત્ ૧૯૬૧ ની સાલમાં છપાયો છે. તેના પાને ૪૧ મે બોલ ૬૬ મો તેમાં કહે છે કે પ્રત્યેક વનસ્પતિમાં જીવ અનંતા ન હોય કેમકે પ્રત્યેક વનસ્પતિમાં એક શરીરે એકજ જીવ હોય તેને પ્રત્યેક કહેવાય. આ પ્રમાણે લખ્યું છે તેનું કેમ ?

ઉત્તર—તે પ્રમાણે તેજ નામના થોકડા સંગ્રહમાં અગાઉ છપાયેલામાં, તથા પુરાણા લખેલા તથા જ્ઞાનસાગરમાં છપાયેલા છકાયના થોકડામાં પ્રત્યેક વનસ્પતિમાં સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા જીવ

કહ્યા છે. તથાપિ અનંતાનો બોલ શા કારણથી કાઢી નાંખ્યો હશે તે તો તેમના હૃદયમાં રહ્યું પણ પન્નવણા સૂત્રમાં सव्वेवि किसलजो उग्गममाणो अणंत जीवओ भणिओ કહ્યું છે એટલે ઉગતા કિસલય (અંકુરા) માં અનંત જીવ કહ્યા છે. વળી સમો ભંગો પડે તેમાં પણ અનંત જીવ કહ્યા છે, તેનું કારણ એ છે કે પ્રત્યેકને આશ્રિને સાધારણ ઉપજે તે સાધારણ થઈ જાય ત્યારે પ્રત્યેક રહે તેમાં સંખ્યાતા, અસંખ્યાતા જીવ લાભે. વળી ઠાણાંગ ૧૦ મે ઠાણે अणंत मीसए ને पत्तेय मीसए એવો પાઠ છે તે ઉપરથી પૂર્વોક્ત વાત સાબિત થાય છે. ભગવતીજીના ૧૧ મા તથા ૨૧ મા શતકમાં એક પાનમાં એક જીવ કહ્યો છે તે એકલા પ્રત્યેકની અપેક્ષાએ કર્યું છે, પણ પ્રત્યેકને આશ્રિને સાધારણ ઉપજે તેની અપેક્ષાએ કહ્યું નથી.

પ્રશ્ન ૪—દશમે ઠાણે अणंत मीसए परित्तमीसए એ બે બોલ કહ્યા તે તો મિશ્ર ભાષાના બોલમાં કહ્યા છે તેનું શું સમજવું ?

ઉત્તર—એનો પરમાર્થ એમ જણાય છે કે નિગોદ-કંદ મૂળાદિક માં પ્રત્યેકનો ભેદ પત્રાદિક હોવા છતાં તેમાં અનંતકાય કહે અને પ્રત્યેક કહે તો મિશ્ર ભાષા લાગે, માટે જેમાં જે ભેદ લાભતો હોય તે ભેદ જણાવતાં દોષ નથી. પણ અહિંયાં એટલું તો નિશ્ચય થયું કે કંદમૂળમાં નિગોદમાં પ્રત્યેકનો ભેદ અને પ્રત્યેકમાં અનંતાનો ભેદ છે. એમ સાબિત થયું. અને ટીકા તથા ભાષામાં પણ એજ પ્રમાણે કર્યું છે. જુઓ ઠાણાગ-જીના ૧૦ મે ઠાણે બાબુવાળા છાપેલ પાને ૫૫૮ મે—

ટીકા—अणंत मीसएवि ॥ अनंत विषयं मिश्रक मनन्त मिश्रकं यथा मूल कंदादौ परीत पत्रादि मत्यमनन्तकायोय मित्यमिदधतः ॥ परित्त मीसएवि ॥ परित्त विषयं मिश्रकं परीत्त मिश्रकं यथा अनन्तकाय लेश वति परीते परीत्तोय मित्य मिदधतः ॥८॥ ઇતિ ટીકાયાં

અથ ભાષા–કંદાદિકને વિષે પ્રત્યેક પત્રાદિ છતે અનંતકાય કહે (અને પ્રત્યેકમાં) થોડ અનંતાય છતે પ્રત્યેક કહે.

પ્રશ્ન ૫—બાદર નિગોદમાં અનંતાનો ભેદ લાભે કે સંખ્યાતા અસંખ્યાતા જીવનો ભેદ લાભે ખરો ?

ઉત્તર—ત્રણે પ્રકારના જીવનો ભેદ લાભે. તેમાં જે બાદર નિગોદ નિગોદ રૂપે છે, તેમાં તો અનંતાનોજ ભેદ લાભે એટલે જેટલી કંદમૂળની જાતિ છે, તેમાં તો ભગવંતે અનંતા જીવનોજ ભેદ કહ્યો છે. પણ તેને

આશ્રિત ઉગતી હરીકાય તેમાં ત્રણે પ્રકારના સંખ્યાતા, અસંખ્યાતા ને અનંતા જીવ હોય જેમકે-મૂળાનો કાંદો અનંતા જીવમય હોય છે અને તેની ડાંડલી વગેરેમાં જ્યાં સુધી કુણાશનો ભાગ હોય, લટ દઈને ભાંગે, સરખો ભાંગો પડે તે કુણાશમાં અનંતા જીવ હોય અને કુણાશનો ભાગ મટયા પછી અસંખ્યાતા જીવ લાભે અને પાંદડું કાંઇક લીલું કાંઇક પીળું ત્યાં સુધી સંખ્યાતાનો ભાંગો સંભવે અને સર્વથા પીળું પડે ત્યારે એક જીવનો સંભવ અને જુદું પડે ત્યારે અચેત ગણાય છે, અને બીજમાં સૂકાણા પછી એક જીવ સંભવે છે, અને મૂળ, કંદમૂળની જાતિમાં પણ કેટલા એવી જાતના હોય છે કે તેમાં પણ કાળાંતરે ત્રણે ભેદનો સંભવ હોય છે, અને કેટલાક એવા પણ હોય છે કે જેમા સદા કાળ અનંતાનો-જ ભેદ લાભે.

પ્રશ્ન ૬—એમ સાંભળીએ છીએ કે—એક લસણની કળીમાં અનંતા જીવ હોય છે પણ તે જીવ દેખાતા નથી તો કેમ કબૂલ થાય?

ઉત્તર—જૈન શાસ્ત્રની કેટલીક બાબત શ્રદ્ધા ઉપર હોય છે. શ્રદ્ધા-વાળાને તે વાત તરત હૈયે બેસી જાય છે. નિગોદ સંબંધીની વ્યાખ્યાનું સ્વરૂપ ઘણું ગંભીર છે. તે વાત દ્રષ્ટિગોચરથી સાબીત થાય તેમ નથી, કાં તો શ્રદ્ધાથી સાબીત થાય કે કાં તો ન્યાયથી સાબીત થાય. માટે પન્નવણાજીમાં લોઢાના ગોળાનો ન્યાય આપ્યો છે કે—જેમ લોઢાનો ગોળો તપાવ્યો થકો સર્વ ગોળો અગ્નિમય બની જાય છે એટલે તે લોઢના ગોળા-માં જ્યાં કલ્પના કરે ત્યાં અગ્નિ હોય તેમ નિગોદના અનંત જીવ એક કળીમાં જાણવા.—વળી સહેલાઇથી સમજાય તેવો ન્યાય સાંભળો. હજાર ઔષધિઓ એકઠી કરી તેનું સત્વ કાઢયું અથવા તે ઔષધિઓને વાટી લસોટી બારીકમાં બારીક કરી તેની ચણા જેવડી કે મગ જેવડી કે રાઇ જેવડી કે ખસખસ જેવડી ગોળીઓ વાળી તેમાં એટલે જે ગોળીની પૃચ્છા કરે તેમાં અગર સત્વના એક બારીકમાં બારીક ટીપામાં હજારે દવાઓ આવી જાય કે કેમ? જો તે વાત કબૂલ થાય તો તેજ ન્યાયે એક લસણની કળી-માં અનંતા જીવ રહ્યા છે. જેમ એક ખસખસ જેવડી ગોળીમાં હજાર ઔષધિઓ રહી છે, પણ આપણે તેમાંની એકે ઔષધિને જાણી કે દેખી શકતા નથી તેમ લસણની કળીની અંદર રહેલા અનંતા જીવને આપણે દેખી શકતા નથી, તેથી ગોળીમાં ઔષધિનું ને લસણની કળીમાં જીવનું નાસ્તિપણું નથી. ગોળીમાં દવાના ન્યાયે લસણની કળીમાં અનંતા જીવ છે તે વાત શાસ્ત્રથી સિદ્ધ થાય છે.

ઉપરની વાતને સાબીત કરી આપે એવા પ્રત્યક્ષ બે પુરાવા નીચે ટાંકીએ છીએ, સાંભળો-અસલની જુની ગુજરાતી છઠ્ઠી અગર સાતમી ચોપડીમાં એક પાઠ વાંચવામાં આવ્યો છે કે સૂરજમુખી નામના છોડવા થાય છે તે એવા તો બારીક હોય છે કે સૂક્ષ્મદર્શક યંત્ર વડે જોતા એક સુર્યના નાકામાં દશ હજાર જીવ સમાય એવા ઝીણા બારીક જીવો સૂરજમુખીના હોય છે, એમ તે લોકોએ નિર્ણય કરેલ છે.

તેમજ એક પાણીના બિંદુમાં હાલતા ચાલતા ૩૬૪૫૦ જીવ સૂક્ષ્મદર્શક યંત્ર વડે જોયાનું એક ચિત્ર પાલણપુર તરફથી બહાર પડ્યું છે તેમાં આ પ્રમાણે લખ્યું છે કેઃ—

એક બુંદ પાણીકી તસ્બીર. સિદ્ધ પદાર્થ વિજ્ઞાન નામકી કિતાબ જો અલ્લાહાબાદ ગવર્નમેંટ પ્રેસમેં છપી હૈ, જિસમેં કેપ્ટન સ્કોર્સબિ સાહબને ખુદ દુર્બીનસે ૩૬૪૫૦ જીવ ત્રસ (હીલતે ફિરતે) દેખે પ્રસિદ્ધ કર્તા—પાલણપૂર નિવાસી મોદી ગુલાબભાઇ ઝુમખચંદ-શ્રી દેવ્ય લિપિ પ્રેસ મુંબાઇ.

આ પ્રમાણે ચિત્ર સાથે લખાણ કર્યું છે. તો વિચારો કે-અનંત જ્ઞાની કેવલી મહારાજે એક સુઇના અગ્ર ભાગે નિગોદના અનંત જીવ જાણ્યા હોય અગર એક પાણીના બિંદુમાં અસંખ્યાતા જીવ જાણ્યા હોય તેમાં શું આશ્ચર્ય ? ચર્મ ચક્ષુવાળા જ્યારે યંત્ર વડે કરીને આવી બારીક બાબતોને કબૂલ કરે છે તો પછી દિવ્ય ચક્ષુ જે કેવળ જ્ઞાન વડે એવી પણ બારીક વાત જાહેર કરે તે કેમ કબૂલ ન થાય? અર્થાત્ કબૂલ થાય માટે એમ માનો કે, એક લસણની કળીમાં કે એક બટેટાના કકડામાં ભગવંતે નિગોદના અનંતા જીવ રહ્યા છે તે સત્ય છે.

પ્રશ્ન ૭—ભગવતીજી શતક ૨૧ મા તથા ૨૨ મા અને ૨૩ મા શતકના ઉદ્દેશા સંખ્યા પ્રત્યેક વનસ્પતિમાં ઉપજવા આશ્રી જઘન્ય ૧-૨-૩ ઉત્કૃષ્ટા સંખ્યાતા અસંખ્યાતા ને અનંતા જીવ આવી ઉપજે એમ કહ્યું છે અને ત્રણે ગુણથી માંડી દશ દશ બોલમાં એમ સમજવું. એ હેએ અનંતાનો ભાંગો સંભવતો નથી.

ઉત્તર—ભગવતીજી શતક ૧૯ મે ઉદ્દેશે ૩ જે વનસ્પતિમાં અનંતા જીવ ઉપજતી વેળા આહાર કરે અને પન્નવણાજીના ... અનંતા ... સમયે સમયે નિરંતર અનંતા ચવે ને ઉપજે ... અસંખ્યાતાનો ભાંગો ...

આ ઉપરથી એમ નિશ્ચય થાય છે કે પ્રત્યેકમાં તો જઘન્ય ૧-૨-૩ અને ઉત્કૃષ્ટા સંખ્યાતા, અસંખ્યાતાનોજ ભેદ હોય. પણ સાધારણ શબ્દમાં બે ભેદનો સમાવેશ સંભવે છે એક પ્રત્યેક અનંતકાય એટલે પ્રત્યેક મિશ્રિત અનંતકાય અને બીજો નિગોદ અનંતકાય, તેમાં પ્રત્યેક અનંતકાય સાધારણ જે હોય તેમાં જઘન્ય ૧-૨-૩ ઉત્કૃષ્ટા સંખ્યાતા, અસંખ્યાતા ને અનંતા જીવ આવી ઉપજે અને નિગોદ સાધારણ જે છે તેમાં તો સમયે સમયે અનંતા ઉપજે ને અનંતા ચવે તેનો જઘન્ય કે ઉત્કૃષ્ટો ભાંગો નથી, એક અનંતાનોજ ભાંગો ભગવતીજી તથા પન્નવણાજીમાં કહેલ છે. આ ઉપરથી પ્રત્યેક વનસ્પતિમાં અનંતા જીવનો ભાગો લાગુ થાય છે. જીવાભિગમની ૩જી પડિવૃત્તિમાં તિર્યંચના બીજે ઉદ્દેશે બાબુવાળા છ.પેલ પાને ૩૩૪માં વનસ્પતિના અધિકારે કહ્યું છે કે—

जत्थिको तत्थसियसंखिज्जा. सियअसंखिज्जा, सियअणंता, से तं बादरवण स्सइकाइया.

અહિંયાં બાદર વનસ્પતિમાં કોઇ વખત સંખ્યાતા જીવ હોય, કોઇ વખત અસંખ્યાતા જીવ હોય, અને કોઇ વખત અનંતા જીવ હોય. આ ઉપરથી પ્રત્યેક વનસ્પતિમાં અનંતા જીવ સંભવે છે.

પ્રશ્ન ૮—નિગોદ કેટલા પ્રકારના?

ઉત્તર—નિગોદ બે પ્રકારના, એક બાદર નિગોદ ૧ બીજો સૂક્ષ્મ નિગોદ ૨, હવે બાદર નિગોદ તે કંદમૂળ—આદુ, સુરણ, પ્રમુખ. તેમાં સુઇને અગ્રભાગે સમાય તેટલામાં અનંતા જીવ છે, એટલે સિદ્ધના જીવથી તે જીવ અનંત ગુણા છે અને સૂક્ષ્મ નિગોદ, સર્વથી અનંત ગુણા છે.

હવે સૂક્ષ્મ નિગોદનું સ્વરૂપ કહે છે. જેટલા લોકાકાશના પ્રદેશ છે તેટલા ગોળા છે, તે એકેક ગોળામાં અસંખ્યાતા નિગોદ છે. નિગોદ શબ્દનો અર્થ એ છે જે અનંતા જીવના પિંડ ભૂત એક શરીર તેહને. નિગોદ કહીએ. તે એકેકી નિગોદ મધ્યે અનંતા જીવ છે, તે અતીત કાળના સર્વ સમય, તથા અનાગત કાળના સર્વ સમય અને વર્તમાન કાળનો એક સમય તેને ભેળા કરી અનંતગુણા કરીએ. એટલા એક નિગોદમાં જીવ છે એટલે એટલા અનંતા જીવ છે.

પ્રશ્ન ૯—સૂક્ષ્મ નિગોદમાં દુઃખ કેટલું હશે?

ઉત્તર—સૂક્ષ્મ નિગોદમાં અનંતું દુઃખ છે, તેનું ઉદાહરણ કહે છે. સાતમી નરકનું આઉખું તેત્રીશ સાગરોપમનું છે, તે તેત્રીશ સાગરોપમના

જેટલા સમય થાય તેટલી વખત તેટલીવાર સાતમી નરકમાં ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમને આઉખે કોઇક જીવ ઉપજે તેટલા ભવમાં જેટલું છેદન ભેદનનું દુઃખ થાય તે સર્વ એકઠું કરીએ તેથી અનંતગણું દુઃખ નિગોદના જીવ એક સમયમાં ભોગવે છે. દૃષ્ટાંત જેમ કોઇક મનુષ્યને સાડા ત્રણ ક્રોડ લોઢાની સુઇને અગ્નિથી તપાવીને કોઇક દેવતા સમકાલે એકી સાથે ભોંકે તેને જે વેદના થાય તેથી અનંતગુણી વેદના નિગોદના જીવને છે. એમ આગમસારમાં કહ્યું છે.

પ્રશ્ન ૧૦—કેટલાક અવ્યવહાર રાશી અને વ્યવહાર રાશીની વાતો કરે છે, તો તેનું સ્વરૂપ કેવી રીતે હશે?

ઉત્તર—વ્યવહાર રાશી અને અવ્યવહાર રાશી આ બે પ્રકારની રાશી કોઇ સૂત્રમાં મૂળ પાઠે ખુલ્લી રીતે જોવામાં આવતી નથી. પણ ગ્રંથકાર તે વિષે જણાવે છે કે—

નિગોદમાં અનંતા જીવ એવા છે કે જે જીવ ત્રસપણું પહેલાં કયારે પણ પામ્યા નથી. અનંતો કાળ પૂર્વે ગયો અને અનંતો કાળ જશે પણ તે જીવ વારંવાર ત્યાંજ ઉપજે અને ત્યાંજ ચવે, એમ એકેક નિગોદમાં અનંતા અનંતા જીવ છે. તે નિગોદના બે ભેદ છે, એક વ્યવહાર રાશી નિગોદ અને બીજો અવ્યવહાર રાશી નિગોદ. તેમાં જે બાદર એકેંદ્રિયપણું કે ત્રસપણું પામીને પાછા નિગોદમાં જઇ પડયા છે તે નિગોદીયા જીવને વ્યવહાર રાશીયા કહીએ અને જે જીવ કોઇપણ કાળે નિગોદમાંથી નીકળ્યા નથી તે જીવ અવ્યવહાર રાશીયા કહીએ અને અહિં મનુષ્યપણામાં જેટલા જીવ કર્મ ખપાવીને એક સમયમાં મોક્ષ જાય છે તેટલા જીવ તેજ સમયે અવ્યવહાર રાશી સૂક્ષ્મ નિગોદમાંથી નીકળીને ઉંચા આવે છે, એટલે વ્યવહાર રાશીમાં આવે છે. જો દશ જીવ મોક્ષ જાય તો દશ જીવ અવ્યવહારમાંથી નીકળી વ્યવહાર રાશીમાં આવે કોઇ વખત ભવ્ય જીવ ઓછા નીકળે તો તે ઠેકાણે એક બે અભવ્ય નીકળે પણ વ્યવહાર રાશીમાં જીવ કોઇ વધે ઘટે નહિં. એવા નિગોદના લોક માંહે અસંખ્યાતા ગોળા છે. તે છ દિશિના આવ્યા પુદ્ગલને આહારાદિપણે લે છે, તે સકળ ગોળા કહેવાય. અને લોકના અંતના પ્રદેશે જે નિગોદના ગોળા રહ્યા છે તેને ત્રણ દિશિના આહારની ફરસના છે, માટે તે વિકલ ગોલા કહીએ એ સૂક્ષ્મ નિગોદમાં પાંચ સ્થાવરના સૂક્ષ્મ જીવ તે સર્વ લોકમાં કાજલની કુંપલીની પેરે ભર્યા થકા વ્યાપી રહ્યા છે. અને સાધારણપણું તો એક વનસ્પતિમાંજ છે પણ ચાર સ્થાવરમાં નથી. એમ આગમસારમાં કહેલ છે.

પ્રશ્ન ૧૧—શિષ્ય-અહિંયાં એક સવાલ ઉભો થાય છે કે આગમસારમાં કહ્યા પ્રમાણે જો દશ જીવ મોક્ષ જાય તો દશ જીવ અવ્યવહાર રાશીમાંથી નીકળી વ્યવહાર રાશીમાં આવે. કોઇ વખત ભવ્ય જીવ ઓછા નીકળે તો તે ઠેકાણે એક બે અભવ્ય નીકળે પણ વ્યવહાર રાશીમાં જીવ વધે ઘટે નહીં એમ કહ્યું પણ તેમાં વાંધો આવે છે કે અભવ્ય જીવથી પડવાઇ સમદ્રષ્ટિ અનંત ગુણા છે તો વ્યવહારમાં અભવી આવતા જાય તો અનંતકાળે પણ પડવાઇ સમદ્રષ્ટિથી અભવીનો બોલ વધી જાય માટે તે વાત કેમ બને ?

ઉત્તર—આ સંબંધી કોઇ આચાર્યે તર્ક કરેલો તે વાંચવામાં આવ્યો છે અને તેણે ઉપરનો બોલ વિરૂદ્ધ ગણીને એમ જણાવ્યું છે કે—જેટલા ભવ્ય જીવ મોક્ષ જાય તેટલાજ ભવ્ય જીવ અવ્યવહારમાંથી વ્યવહાર રાશીમાં આવે એટલે એકે બોલને વાંધો આવે નહિ.

આ ઉપરથી એમ પણ કેટલાકનું માનવું છે કે—અઠાણું બોલનો અલ્પ બહુત્વ જે છે તે વ્યવહાર રાશીનોજ છે.

પ્રશ્ન ૧૨—વ્યવહાર રાશી અને અવ્યવહાર રાશીનું સ્વરૂપ શું ? અને કેવી રીતે જાણી શકીએ ?

ઉત્તર—વ્યવહાર રાશી અને અવ્યવહાર રાશી માનવાવાળાનું એમ કહેવું છે કે—જેમ ત્રણ તળાવ હોય, તેમાં પહેલું તળાવ અખૂટ કોઇ કાળે ખૂટે નહિ એવું, બીજું એથી નાનું અને ત્રીજું એથી નાનું, આ ત્રણે તળાવ અનાદિ માનવાં તે ન્યાયે પેલા તળાવરૂપ અવ્યવહાર રાશીના જીવ ૧ બીજા તળાવરૂપ વ્યવહાર રાશીના જીવ ૨ ત્રીજા તળાવરૂપ સિદ્ધના જીવ ૩ આ ત્રણે બોલ અનાદિ અનંત છે. અવ્યવહારમાંથી વ્યવહારમાં આવે અને વ્યવહારમાંથી મોક્ષ જાય. જેટલા જીવ મોક્ષ જાય તેટલા ભવ્ય જીવ અવ્યવહારમાંથી વ્યવહારમાં આવે એટલે વ્યવહાર રાશીમાં ઓછા થાય નહિ, પણ જેટલા જીવ મોક્ષ જાય તેટલા અવ્યવહારમાં ઓછા થાય. આમ કેટલાકનું માનવું છે.

પ્રશ્ન ૧૩—નિગોદ નિગોદ પણે રહે તો ઉત્કૃષ્ટો અઢી પુદગલ પરાવર્તન (એટલો કાળ) રહે, એમ પન્નવણાજીમાં કહ્યું છે. તો અઢી પુદગલે નિગોદપણું અવશ્ય છાંડવુંજ જોઇએ એટલે નિગોદમાં રહેલા જીવને અઢી પુદગલે અવશ્ય બહિ નીકળી જોઇએ તો અવ્યવહાર રાશી અહિંયાં શાશ્વ કેવી રીતે થાય ?

ઉત્તર—બે રાશી માનવાવાળાનું એમ કહેવું છે કે—એ બોલ અવ્યવહાર રાશીના નિગોદ આશ્રી કહ્યો છે અવ્યવહાર રાશીના નિગોદ વ્યવહાર રાશીના નિગોદ આશ્રી કહ્યો છે, માટે, કાયસ્થિતિનો બોલ છેજ નહિ.

પ્રશ્ન ૧૪—શિષ્ય—અવ્યવહાર રાશી માનવાવાળા જ્યારે એમ કહે છે કે હજી અવ્યવહારમાથી જીવ વ્યવહારમાં આવ્યાજ નથી, એટલે નિગોદ સિવાય બીજું ઘર ભાળ્યુંજ નથી, અર્થાત સૂક્ષ્મ નિગોદમાંથી બાદર નિગોદમાં પણ આવ્યા નથી તો પછી બીજી ગતિને માટે કહેવું શું? એક તરફથી આ સાંભળીએ છીએ ત્યારે બીજી તરફથી એમ પણ સાંભળવામા આવે છે કે દરેક જીવ દરેક ઠેકાણે અનંતી વાર ઉત્પન્ન થઇ આવ્યો તેના માટે કહે છે કે—न सा जाइ न सा जोणी, न तं ठाणं न तं कुलं न जाया न मुआ तत्थ, सव्वेजीवा अणंतसो।

એવી કોઇ જાતિ નથી, એવી કોઇ યોનિ નથી, એવું કોઇ સ્થાનક નથી, એવું કોઇ કુળ નથી, કે જેને વિષે કોઇ જીવ જન્મ્યો નથી કે ત્યાં મુઓ નથી. સર્વ જીવ સર્વ ઠેકાણે અનંતી વાર ઉત્પન્ન થઇ આવ્યા છે. અર્થાત સર્વ જીવ અનંતી વાર જન્મ્યા નથી કે મુઆ નથી એવી કોઇ જાતિ, યોનિ સ્થાનક કે કુળ રહ્યું નથી. આ બન્ને પક્ષમાં કયો પક્ષ બળવાન છે તે જાણવું જોઇએ?

ઉત્તર—ઉપર આપેલો બન્ને પક્ષનો અભિપ્રાય ગ્રંથના આધારે અને નહિ માનવાવાળાનું ઉપ... છે, એટલે બન્ને રાશીને માનવાવાળા... લખાણ ગ્રંથના આધારથી છે. આ ઉપરથી એમ જણાય છે કે—બન્ને પ... માન્યતાવાળા આચાર્યો પૂર્વે હોવા જોઇએ. અને તેઓ પોતપોતાની થ... મજબૂત કરવા પોતાને લગતા અભિપ્રાયો જણાવી ગયા હોય... જણાય છે.

પ્રશ્ન ૧૫—શિષ્ય—આ વિષે સૂત્રમાથી કાંઇ ખુલાસો મળી... તેમ છે?

ઉત્તર—સૂત્રમાં આ વિષે ખુલાસા તો ઘણા છે, પણ દરેક... પોતપોતાના પક્ષ તરફ ખેંચી જાય એનો નિર્ણય કેવી રીતે થઇ...

પ્રશ્ન-૧૬—શિષ્ય-સૂત્રમાં શું કહ્યું છે તે જો જાણવામાં... બીજાઓને વિચાર કરવાનો વખત મળે, માટે... ...જોઇએ.

ઉત્તર—સાંભળો સૂત્રકારનો અભિપ્રાય. પ્રથમ વ્યવહાર રાશી અને અવ્યવહાર રાશી માનવા વાળા એમ કહે છે કે-માતૃસ્થાન વનસ્પતિ એટલે નિગોદનું ઘર છે, એટલે સર્વ જીવની પ્રથમ ઉત્પત્તિ નિગોદમાં છે. માટે તેને માતૃસ્થાન કહ્યું છે. સાખ ભગવતીજી શતક ૨૮મે ઉદ્દેશે ૧લે-આગમ છાપેલા પાને ૧૮૨૮ મેથી-કહ્યું છે કે-

जीवाणं भंते ! पावं कम्मं कहिंसमाज्जिणिसु कहिं समायरिसु ? गायमा ! सव्वेव तावं तिरिक्ख जोणिएसु होज्जा १ अहवा तिरिक्ख जोणिएसु णेरइएसु य होज्जा २ अहवा तिरिक्ख जोणिएसु मणुस्सेसुय होज्जा ३ अहवा तिरिक्ख जोणिएसु य देवेसु य होज्जा ४ अहवा तिरिक्ख जोणिएसु य णेरइएसु मणुस्सेसु य होज्जा ५ अहवा तिरिक्ख जोणिए सु य णेरइएसु य देवेसु य होज्जा ६ अहवा तिरिक्ख जोणिएसु य मणुस्सेसु य देवेसु य होज्जा, अहवा तिरिक्खजोणिएसु य णेरइएसु य मणुस्सेसु य देवेसु य होज्जा ८ ઇત્યાદિ.

ભાષા—જીવ હે ભગવન્! પાપકર્મ પ્રત્યે કિસી ગતિને વર્તમાન છતાં ગ્રહ્યા કિસી ગતિને વિષે ઉપાર્જ્યા ઇતિ પ્રશ્ન ઉત્તર-હે ગૌતમ! સઘલાઇ પહિલા તિર્યંચ યોનિકને વિષે હુવે જે ભણી સર્વ જીવનો માતૃસ્થાન રૂપ તિર્યંચ યોનિ જાણવી તે ભણી તિર્યંચ યોનિકને વિષે સર્વ હુવે. ૧. ઇહાં અભિપ્રાય જેહ વિચાર્યા સમયને વિષે નારકાદિ હુયા તેહ અલ્પ પણે કરી સગલા મુક્તિ સિદ્ધિ ગમને તથા તિર્યંગતિ પ્રવેશે કરી નિર્લેપ પણે કરી નીકળ્યા એટલે કેઇ એક સિદ્ધ ગયા કેઇ એક તિર્યંચ ગતિ માંહે ગયા અનેરી ગતિ જીવ રહિત હુવે તિવાર પછી તિર્યંચ ગતિને અનંતપણે કરી અનિર્લેપણીય પણાં થકી તે તિર્યંચ તિહાંથી નીકળ્યા. તેહ સ્થાનકને વિષે નારકને વિષે નારકાદિપણે કરી ઉપના તિવારે તિર્યંગતિને વિષે નારક ઇત્યાદિ હેતુ ભૂત પાપકર્મ ઉપાર્યા એ એક ભાંગો ૧ ઇમ આગલપણિ ભાવના કરવી. અથવા તિર્યંચ યોનિકને વિષે નારકીને વિષે હુવે. ૨. અથવા તિર્યંચ યોનિકને વિષે હુવે, મનુષ્ય યોનિકને વિષે હુવે. ૩ અથવા તિર્યંચ યોનિકને દેવને વિષે હુવે. ૪. એ દ્વિક સંયોગી ભાંગા ૩ જાણવા ॥ અથવા તિર્યંચ યોનિકને વિષે, નારકીને વિષે, મનુષ્યને વિષે હુવે. ૫. અથવા તિર્યંચ યોનિકને વિષે, નારકીને વિષે, દેવને વિષે હુવે. ૬. અથવા તિર્યંચ યોનિકને વિષે, મનુષ્યને વિષે, દેવને વિષે હુવે. ૭ એ તીન ભાંગા ત્રિક સંયોગે જાણવા. ॥ અથવા તિર્યંચ યોનિકને વિષે, નારકી-

ને વિષે, મનુષ્યને વિષે, દેવને વિષે હુવે. ૮ એ એક ભાંગો ચતુષ્કસંયોગી હુવે. (ઇત્યાદિક અધિકાર છે.)

ઉપરના ન્યાયથી વ્યવહાર અને અવ્યવહાર રાશી સાબીત થાય છે, તે વિચાર કરવાથી જણાશે.

અહિંયાં સર્વ જીવની ઉત્પત્તિ વનસ્પતિમાં કહી તે અવ્યવહારરાશી-ના નિગોદ આશ્રી કહી, પ્રથમ જીવે ગ્રહવા અને ભોગવવા સંબંધીના પ્રશ્ન-માં ભગવંતે ખુલ્લું કહ્યું છે કે सव्वेव तावं तिरिक्ख जोणिएसु होज्जा એ પહેલે ભાંગે સર્વ જીવને તિર્યંચ યોનિને વિષે કહેલ છે અને બાકી-ના સાત ભાંગામાં પણ પ્રથમ પદે તિર્યંચ યોનિનેજ લાવેલ છે તે ઉપરથી એમ જણાય છે કે—અવ્યવહાર અને વ્યવહાર રાશીના તિર્યંચ યોનિને એટલે નિગોદને પ્રથમ પદે ગણી બાકીના ત્રણે ગતિના જીવ વ્યવહાર રાશીનાજ લેખ્યા છે. એમ બંને રાશીના માનવાવાળાનો આપેલો દાખલો થયો.

૨. દાખલો ૨ જો—ભગવતીજી શતક ૧ લે ઉદ્દેશે ૨ જે દરેક ગતિના જીવને સંસારમાં રહેવાનો સંચીટ્ઠણ કાળ કહ્યો છે. તેમાં ત્રણ પ્રકારના કાળ કહ્યા છે. શૂન્યકાળ ૧. અશૂન્યકાળ ૨. અને મિશ્રકાળ ૩. તેમાં નારકી, દેવતા અને મનુષ્યમાં એ ત્રણે ગતિમાં ત્રણ ત્રણ કાળ કહ્યા, પરંતુ વનસ્પતિમાં બેજ કાળ કહ્યા છે અશૂન્ય કાળ ૧. અને મિશ્રકાળ ૨ શૂન્યકાળ નહિ કહેવાનું કારણ કે નિગોદ કદા કાળે શૂન્ય થાય તેમ નથ માટે શૂન્ય નિગોદમાં કહ્યો નથી.

પ્રશ્ન ૧૭—ઉપર કહેલા ત્રણ કાળનું સ્વરૂપ શી રીતે છે? તે જણાવશે

ઉત્તર—સાંભળો–સંચીટ્ઠણ તે તેજ ભવમાં રહેવું તે.

૧ શૂન્યકાળ તે જ્યારે કહ્યા સમયના એટલે પૂછ્યા સમયના જી ગતિની પૃચ્છા હોય તે ગતિના જીવ) સર્વે ચવીને ભવાંતરને પામ્યા બાકી રહ્યો નથી. તે શૂન્યકાળ. णिल्लेवएहिं सव्वेहिं वट्टमाणेहिं એટલે વર્તમાન પૂછ્યા સમયના સર્વ નિર્લેપ થઇ જાય શૂન્યકાળ કહીએ.

૨. અશૂન્યકાળ તે વર્તમાનકાળે પૂછ્યા સમયના (જે ગતિ ણ વર્તે છે) તેમાંથી એક ચવ્યો નથી તેમજ એક નવો તેટલાજ રહે તે અશૂન્યકાળ કહીએ.

૩. મિશ્રકાળ તે પૂછયાના સમયના (જે ગતિની પૃચ્છા હોય) તેમાંથી ચવવા માંડયા, બીજા આવી ઉપજે છે, પરંતુ પૂછયા સમય માંહેનો એક પણ રહે ત્યાં સુધી મિશ્રકાળ કહીએ.

જો કે એક તિર્યંચ ગતિ વરજીને ત્રણ ગતિમાં ત્રણે કાળ કહ્યા છે અને તિર્યંચ ગતિમાં શૂન્યકાળ વરજીને બેજ કાળ કહ્યા. અશૂન્ય અને મિશ્ર તો તિર્યંચના નવ દંડક છે, તો તેના ભાંગા ઘણા થાય. આપણે તો નિગોદ સંબંધીની વ્યાખ્યા છે, માટે નિગોદમાં તો શૂન્યકાળ છેજ નહિ, બેજ કાળ કહ્યા છે. એ ઉપરથી પૂછયા સમયના નિગોદ સદાકાળ હોય. કોઈ કાળે શૂન્યપણું નથી. ટીકામાં કહ્યું છે કે एग निगोए निव्वं આ ઉપરથી અવ્યવહાર અને વ્યવહાર રાશી સાબિત થાય છે.

૩. દાખલો ત્રીજો-ભગવતીજી શતક ૧૨ મે ઉદ્દેશે ૭ મે દરેક જીવને દરેક ઠેકાણે ઉત્પત્ત થવાના પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં ભગવંતે કહ્યું છે કે—असयं अदुवा अणंत खुत्तो એટલે અસયં અનેકવાર અદુવા અથવા અણંત ખુત્તો અનંતવાર ઉત્પન્ન થયો, એવો અર્થ છે. તો અનેકવાર અથવા અનંતવાર ઉત્પન્ન થયો તેમાં અનંતવાર તો ઠીક કે પૂછયા સમય પ્રદેશ અનંતોકાળ ગયો, પણ પ્રથમ અનેકવાર કહ્યા પછી વચ્ચે અથવા શબ્દને પછી અનંતવાર કહ્યું માટે પહેલો અનંતવાર કહેતાં સંખ્યાતીવાર અસંખ્યાતીવાર ઉત્પન્ન થયો એમ કહ્યું, તો તે ઉપરાંતનો અનંતોકાળ [illegible] કાઢયો? તેના ઉત્તરમાં અવ્યવહાર રાશી [illegible] કાઢયો એમ કરે.

પ્રશ્ન ૧૮—ત્યારે કોઈ એમ કહે કે અહીં તો ઉપરના પાઠનો એવો અર્થ કરીએ છીએ કે असयं એટલે એકવાર નહિ, अदुवा એટલે બે વાર નહિ, अणंत खुत्तो એટલે અનંતીવાર ઉપજ્યો, એવો અર્થ છે. આમ કેટલાક કહે છે તેનું કેમ?

ઉત્તર—વાહ! આ અર્થ ક્યાંથી ખોળી કાઢયો? આ કઈ પોતાનું મત્તું છે? કઈ [illegible] આ અર્થ શોધી કાઢયો છે? કયા ગ્રંથ [illegible] કઈ ટીકામાં [illegible] આ અર્થ લખ્યો છે? તે પણ [illegible] આવો અર્થ કોઈ ઠેકાણે જોવામાં આવતો નથી. અને [illegible] છે [illegible] અર્થ ઠેકાણે [illegible] અર્થ જોવામાં આવે છે.

[illegible] અર્થ [illegible] નહિ અને અદુવા એટલે [illegible] નહિ એવો અર્થ કોઈ ઠેકાણેથી નીકળતા [illegible] નથી.

પણ અસયં એટલે અનેકવાર અદુવા એટલે અથવા અણંતખુત્તો એટલે અનંતવાર આવો અર્થ સૂત્રમાં ઠાર ઠાર જોવામ. આવે છે. માટે કેઈ વાત સત્ય માનવી ?

પ્રશ્ન ૧૯—असयं अदुवा अणंतखुत्तो આનો અર્થ કોઇ સૂત્રમાંથી ખુલા શબ્દથી જણાવી શકશો ?

ઉત્તર—હાજી, સાંભળો ભગવતી શતક ૧૨ મે ઉદ્દેશે ૭ મે બાબુવાળા છાપેલા પાને ૧૦૪૩ મે નરકને વિષે એક જીવ આશ્રી તથા સર્વ જીવ આશ્રી ઉત્પન્ન થવાનાં પ્રશ્નના ઉત્તરમાં ભગવતે કહ્યું કે — असति अदुवा अणंतखुत्तो એ મૂળ પાઠ તેની ટીકા—

असइंति ॥ अस कृदनेकशः ॥ अदुवत्ति ॥ अथवा ॥ अणंत खुत्तोत्ति अनन्त कृत्वोनन्तवारान् ॥ અનુવાદમાં असकृदथवाऽनन्तकृत्वः । અને ભાષામાં असइ अदुवा अणंतखुत्तो । હા ગૌતમ ! અનેકવાર વારવાર ઇત્યર્થ, અથવા અનન્તી વાર ઇત્યર્થઃ

તેમજ શતક ૨૧ મે ઉદ્દેશે ૧ લે બાબુવાળા છાપેલા પાને ૧૫૨૪ મે શાલિ વ્રીહિ આદિના મૂળ પ્રમુખમાં સર્વ પ્રાણી ભૂતાદિ ઉપન્યા સંબંધીના પ્રશ્નના ઉત્તરમાં ભગવંતે કહ્યું કે—हंता गोयमा ! असतिअदुवा अणंत खुत्तो અનુવાદમાં ઉપર પ્રમાણે. ભાષામાં હા ગૌતમ ! અનેકવાર અથવા અનન્તીવાર ઉપન્યા.

હૈદ્રાબાદવાળા લાલા તરફથી છપાયેલ ભગવતીજીમાં પણ ઉપરના અધિકારમાં અનેકવાર યાવત્ અનંતવાર તેમજ અનેકવાર વા અનંતવાર એવો અર્થ કર્યો છે.

પ્રશ્ન ૨૦—અહિંયાં કોઇ એમ કહે કે असइं નો અર્થ અનેકવાર થતો હોય તો એક નહિ તે અનેક, માટે એકવાર નહિ अदुवा બે વાર નહિ એવો અર્થ શામાટે ન થાય ?

ઉત્તર—જે તમારા કહ્યા પ્રમાણે असइं નો અર્થ એકવાર નહિ अदुवा નો અર્થ બે વાર નહિ, એ પ્રમાણે અર્થ થતો હોય તો કોઇપણ સૂત્રમાંથી એવો અર્થ નીકળવો જોઇએ. તે તો કોઇ ઠેકાણે જોવામાં આવતો નથી અને જ્યાં જોવામાં આવે છે, ત્યાં તો નીચે પ્રમાણે જોવામાં આવે છે. સાંભળો—

આચારાંગ સૂત્ર શ્રુતસ્કંધ ૧ લે અધ્યયન બીજે ઉદ્દેશે ૩ જે અનુવાદ ભાગ ૧૨૮ મે–સે અસઈં ઉચ્ચાગોએ અસઈં નીયાગોએ આમાં અસઈનો અર્થ ટીકામાં અસકૃદનેકશઃ અનેક કર્યો છે અને ભાષાંતરમાં (૫૦ ૮૯ મે) અસઈનો અર્થ વારંવાર કર્યો છે.

ઉત્તરાધ્યયન અધ્યયન ૫ મે ગાથા ૩ જીમાં ભાષાંતર છાપેલા પાને ૨૦૧ મે બાલાનં અકામં તુ, મરણં અસઈં ભવે; અહિંયાં અસઈનો અર્થ ટીકામાં અસકૃદ્ વારં વારં ભવેદ્ કરેલ છે. ભાષામાં અસકૃત્ વારં ? ભવેદ્ ભાવ ને અકામ મરણ વારંવાર હોય.

અધ્યયન ૯ ગાથા ૩૦ મી અસઈં તુ મણુસ્સેહિં, અહિંયાં અસઈનો અર્થ ટીકામાં તથા ભાષામાં અસકૃત્ વારંવાર કરેલ છે.

અધ્યયન ૧૯ મે ગાથા ૪૬ માં ચોથા પદમાં અસઈં દુક્ખ ભયાણિ અ... અસઈનો અર્થ ટીકામાં તથા ભાષામાં અસકૃત્ વારંવાર કરેલ છે.

હવે અહુણાનો અર્થ બતાવીએ છીએ. સાંભળો—

આચારાંગ અધ્યયન ૧ લે ઉદ્દેશે ૩ જે ઉદકના અધિકારે ભાષાંતર [illegible] અહુણા [illegible] અહુણાનો અર્થ [illegible] કર્યો છે. [illegible]

[illegible]

[illegible]

[illegible]

૨ જે ઉદ્દેશે ૨ જે ગાથા ૧૪ મી તથા ગાથા ૩૧ મી તથા અધ્યયન ૪ થે ઉદ્દેશે ૧ લે ગાથા ૨૧ મી તથા અધ્યયન ૭ મે ગાથા ૪ થી તથા અધ્યયન ૧૩ મે ગાથા ૧૯ મી. એટલા ઠેકાણે અદુવાનો અર્થ અથવા કરેલ છે. અહિંયાં અસઈ અદુવા અણુંત ખુત્તો. આ શબ્દનો અર્થ ઉપરના દાખલાથી સ્પષ્ટ જણાયો કે અસયં અનેકવાર, અદુવા અથવા, અણુંત ખુત્તો અનંતીવાર ઉપન્યો. એટલે દરેક ઠેકાણે દરેક જીવ અનેકવાર અથવા અનંતવાર ઉપન્યો એમ સિદ્ધ થયું.

જો આપણે પ્રથમના બે પદનો અર્થ એકવાર નહિ, બે વાર નહિ એમ કલ્પિત અર્થ કરી બીજાઓને સમજાવીએ અને આપણે પણ કબૂલ કરીએ પરંતુ તેમાંથી બીજું નીકળે તેનું કેમ કરવું? હવે જ્યારે એકવાર નહિ બેવાર નહિ તો પછી છેવટના અનંતીવાર ઉત્પન્ન થવાના શબ્દથી અગાઉ બે બોલ કાયમ રહે છે તે એ કે સંખ્યાતીવાર અસંખ્યાતીવાર ઉત્પન્ન થયો એ વચલા ગાળામાંથી નીકળી આવે છે અને આ બે બોલને સૂત્રમાં અનેક શબ્દથી ઓળખાવેલ છે; માટે ગમે તો એકવાર નહિ, બે વાર નહિ, અનંતીવાર ઉત્પન્ન થયો એવો અર્થ કરો કે ગમે તો અનેકવાર અથવા અનંતીવાર ઉત્પન્ન થયો એવો અર્થ કરો, પણ સંખ્યાતીવાર, અસંખ્યાતીવાર ઉત્પન્ન થવાનું તો અવશ્ય કબૂલ કરવું પડશે. અને આજ શબ્દ ઉપરથી એટલે અસઈ અદુવા અણુંત ખુત્તો આ પાઠ ઉપરથી અને સૂત્રમાં કહેલા અર્થ ઉપરથી અવ્યવહાર અને વ્યવહારરાશી સાબીત થાય છે એ ૩ જો દાખલો.

૪ દાખલો ચોથો—જો સર્વ જીવ સર્વ ઠેકાણે અનંતીવાર ઉત્પન્ન થયા એમ માનીએ તો પહેલા દેવલોકનો ઈંદ્ર બે સાગરોપમની સ્થિતિએ ઉત્પન્ન થાય છે, તો એક ઈંદ્રના વખતમાં અસંખ્યાતા જીવ મોક્ષ જાય. આ ઈંદ્રની જગ્યાએ એક પછી એક એમ સર્વ જીવ (અનંતીવાર નહિ પણ) એકેકવાર ઉત્પન્ન થાય તો મોક્ષ જવાવાળા જીવ, સર્વથી અસંખ્યાત ગુણ જોઈએ. તે જીવ ક્યાંથી લાવવા? અને જો એકેક જીવને દરેક ઠેકાણે અનંતીવાર ઉત્પન્ન થવાનો સ્વભાવ છે, એટલે દરેક જીવ દરેક ઠેકાણે અનંતીવાર ઉત્પન્ન થયા એમ માનીએ તો લોકમાં રહેલા જીવથી અસંખ્ય અનંતગુણા જીવ મોક્ષ જવાવાળા જોઈએ માટે ન સા જાઈ ન સા જોણી ની ગાથાનો અર્થ અહિંયાં તૂટી જશે.

૫ દાખલો પાંચમો—ભગવતીજીના ૧૨ મા શતકના બીજે ઉદ્દેશે

જયંતી બાઇએ શ્રી ભગવંતને પ્રશ્ન કર્યું કે सव्वेविणं भंते भवसिद्धिया जीवा सिज्झिस्संति ? हंता जयंती ! सव्वेविणं भवसिद्धिया जीवा सिज्झिस्संति ।

આ પાઠ ઉપરથી કેટલાકનું માનવું એમ થાય છે કે જયંતીએ પૂછયા સમયના ભવ્ય જીવના પ્રશ્નના ઉત્તરમાં ભગવંતે સર્વ ભવસિદ્ધિ જીવ સિદ્ધ થવાની હા પાડી.

પ્રશ્ન ૨૧—આ ઉપરના પાઠથી એમ પણ સમજાય છે કે જયંતીએ એમ પ્રશ્ન શા માટે ન કર્યું હોય કે મહારાજ ! જે સિદ્ધ થશે તે સર્વ ભવ્યસિદ્ધિયા જીવ સિદ્ધ થશે ? (ગૌણતામાં અભવી સિદ્ધ નહિ થાય) અને ભગવંતે પણ એજ ઉત્તર આપ્યો કે હંતા જયંતી ! સર્વ ભવ્ય જીવ સિદ્ધ થશે એટલે જે સિદ્ધ થશે તે ભવ્ય જીવજ સિદ્ધ થશે. (અર્થાત્ અભવ્ય જીવ સિદ્ધ નહિ થાય એ ગૌણતામાં) આવો અર્થ શામાટે ન હોય કે સિદ્ધ થવાવાળા તે સર્વ ભવ્ય જીવજ હોય ?

ઉત્તર—જો જયંતીનું પ્રશ્ન અને ભગવંતનો ઉત્તર, ઉપર કહેલા એકજ સ્વરૂપનો એકજ અભિપ્રાયનો હોય તો એમ કહેવાને વાંધો નથી પણ જયંતીએ ફરીને પ્રશ્ન ઉઠાવ્યું છે કે જ્યારે સર્વ ભવ્ય જીવ સિદ્ધ થશે ત્યારે શું ભવ્ય જીવનો વિરહ પડશે ? આ શબ્દ ઉપરથી પૂછયા સમયના સર્વ ભવ્ય જીવને સિદ્ધ થવાનું આ પ્રશ્ન ગણાય. અને તેનો ઉત્તર પણ ભગવંતે હા કહ્યાનો તેજ પ્રમાણેનો કરે છે પણ ભગવંતે ભવ્ય જીવના વિરહની ના પાડી તેનું કારણ સમજવું જોઇએ.

પ્રશ્ન ૨૨—તે તો ઉલટું છે કે—જયંતી બાઇ સમજ્યાં નથી અને જો સમજ્યાં છે તો એમ સમજ્યાં છે કે—સર્વ ભવ્ય જીવ સિદ્ધ થશે એમ સમજી ભવ્ય જીવના વિરહનું પ્રશ્ન કર્યું. અને તેના ઉત્તરમાં ભગવંતે ના પાડી અને જીવની રાશી કેટલી છે તે જણાવાને આકાશ પ્રદેશની શ્રેણીનું દૃષ્ટાંત આપ્યું એટલે જયંતીબાઇ સમજી ગયાં કે સર્વ ભવ્ય જીવ સિદ્ધ નહીં થાય.

ઉત્તર—એમ જો જયંતીબાઇ સમજ્યાં હોય તો તેનું પુછેલું પ્રશ્ન અને ભગવંતનો આપેલો ઉત્તર નિરર્થક કરે. ભગવંતનું વાક્ય અન્યથા ન હોય. ભગવતે કહ્યું કે—हंता जयंती सव्वेविणं भवसिद्धिया जीवा सिज्झिस्संति આ વાક્યને જીવની રાશી માટે સર્વ આકાશ પ્રદેશની શ્રેણીના દૃષ્ટાંતથી સમજાવે છે. સર્વ આકાશ પ્રદેશની શ્રેણીથી જીવની રાશી વધારે છે, એટલે એકેક આકાશ પ્રદેશની શ્રેણીમાં એકેક જીવને અપહરતાં થકાં કાળમાં

ખાલી થાય નહિ અર્થાત ત્રણે કાળના સમયથી પણ જીવની રાશી વધારે છે, માટે લોકમાં ભવ્ય જીવનો વિરહ પડે તેમ નથી એમ ભગવંતે જણાવ્યું અને જયંતીબાઇ પણ સમજી ગયાં કે લોકમા જીવની રાશી ખૂટે તેમ નથી. મોક્ષ જવાવાળા જીવ વ્યવહાર રાશીમાંજ હોય છે અને જે સમયે જેટલા ભવ્ય જીવ મોક્ષ જાય તેટલા ભવ્ય જીવ અવ્યવહારમાથી વ્યવહાર રાશીમાં આવે એટલે ભવ્ય જીવનો વિરહ પડે નહિ

આનો પરમાર્થ એમ જણાય છે કે-જયંતીબાઈએ પૂછયા સમયના સર્વ ભવ્ય જીવ મોક્ષ જાશે આ વાકય વ્યવહાર ભાષાનું હોય એમ જણાય છે. દાખલા તરીકે-જેમ કોઇ ભયના કારણસર મુંબાઇ ખાલી કરવાનો સરકારનો હુકમ નિકળ્યો, પંદર લાખ માણસની વસ્તીમાંથી દરેક લાખ માણસ બહાર નીકળી ગયું અર્થાત્ ઘણું માણસ બહાર નીકળી જવાથી એમ કહેવામાં આવે કે મુંબાઇ ખાલી થઇ ગઈ એ ન્યાયે પૂછયા સમયના સર્વ ભવ્ય જીવ મોક્ષ જાશે એ વ્યવહાર વાકયે સત્ય છે. કારણ કે-દુર્ભવી-ત્રણ કાળમાં મોક્ષ નહિ જવાવાળાને ગૌણતામાં ગણી બાકીના પૂછયા સમયના વ્યવહાર રાશીમાં રહેલા સર્વ ભવ્ય જીવ મોક્ષ જાશે એમ જયંતીબાઇને ભગવંતે ઉત્તર આપ્યો હોય એમ જણાય છે. તત્ત્વ કેવળી ગમ્ય. એ પાંચમો દાખલો.

આ પાંચ દાખલે અવ્યવહાર રાશી અને વ્યવહાર રાશી એ બે રાશી માનવાવાળાનો અભિપ્રાય જણાવ્યો.

પ્રશ્ન ૨૩—શિષ્ય-રાશી નહિ માનવાવાળા કોઇ સૂત્રના આધારથી સાબીત કરી બતાવે તેમ છે?

ઉત્તર-હા. સાંભળો-રાશી નહિ માનવાવાળા પ્રથમ એમ જણાવે છે કે-સૂત્રમા કોઇ ઠેકાણે ખુલ્લી રીતે રાશી કહી નથી. ૨ બીજો દાખલો એ કે-ભગવતીજીમાં શતક ૧૨ મે ઉદ્દેશે ૭ મે પ્રથમ લોકની પૃચ્છા કરી કે હે ભગવંત! લોક કેવડો? ત્યારે ભગવંતે કહ્યું કે અસંખ્યાતા જોજનની કોડા કોડીએ પ્રમાણે મોટો લોક કહ્યો. ફેર ગૌતમે પૂછયું કે-અહો ભગવંત! એવડા મોટા લોકને વિષે છે કોઇ પરમાણુ પુદ્ગળ માત્ર પણ પ્રદેશ કે જે પ્રદેશને વિષે એક જીવ જન્મ પામ્યો નથી તેમ મરણ પણ પામ્યો નથી ઇતિ પ્રશ્ન-ઉત્તર-હે ગૌતમ? એ અર્થ સમર્થ નહી એમ કહી શકાય નહીં. ગૌતમે કારણ પુછયું? ભગવંતે ન્યાય આપ્યો કે હે ગૌતમ! તે યથા નામે યથા દ્રષ્ટાંતે કોઇ પુરૂષ અજા છાલી તેહના સેંકડાને અર્થે એક મોટો છાલા-ઓરડાનો વાડો કરે. તે પુરૂષ, ત્યાં વાડામાંહે જઘન્ય થકી એક અથવા

બે અથવા ત્રણ ઉત્કૃષ્ટ થકી અજા સહસ્ર પ્રક્ષેપ કરે. એટલે સો અજા-છાળા ચોગ્યવાડાને વિષે ઉત્કૃષ્ટ થકી અજા સહસ્ર-હજાર છાલાનો પ્રક્ષેપ કર્યો તેહને અતિ સંકીર્ણપણે તેહ તે વાડાને વિષે ચારો પાણી પણ ઘણો દીએ તેણે કરી ઘણાં મળમૂત્રનો પણ સંભવ કહ્યો, તે જઘન્ય એક દિવસ અથવા બે દિવસ અથવા ત્રણ દિવસ ઉત્કૃષ્ટો છ માસ તે અજા તે વાડા માંહે રહે છે. હે ગોતમ! તેહ અજા છાલીના વાડાના કોઇ પરમાણુ પુદ્ગલ માત્ર પણ પ્રદેશજે, તેહ અજાને વડીનીતિ તેણે કરી લઘુનીતિ તેણે કરી શ્લેષ્માયે કરીને, નાકના મલે કરી, વમને કરીને, પિત્તે કરીને, પરૂયે કરીને, શુક્રે કરીને, રૂધિરે કરીને, ચામડીયે કરીને, રોમે કરીને, શ્રૃંગે કરીને, ખુરે કરીને, નખ તે ખુરના અગ્રભાગ તેણે કરીને અણુસ્પર્શ્યો પૂર્વે હોઇ શકે? ઇતિ પ્રશ્ન? ગોતમ કહે અહો ભગવન્! તે સ્પર્શ્યા વિના ન રહે. વળી ભગવંત કહે હે ગોતમ! તોપણ કોઇ પરમાણુ પુદ્ગલ તે અજાના મળમૂત્રાદિકે અણુસ્પર્શ્યો પ્રદેશ રહે, પણ આ લોકને વિષે નિશ્ચે કરીને એવો કોઇપણ પરમાણુ પુદ્ગલ નથી કે જે પ્રદેશને વિષે જીવ જન્મ્યો નથી કે મુઓ નથી. કારણ કે—लोगस्स सासयं भावं, संसारस्स अणादिभावं, जीवस्स य निच्चभावं, कम्मबहुत्तं जम्मण मरण बाहुल्लं च पडुच्च णत्थि कोइ परमाणु पोग्गल मेत्तेवि पएसे जत्थ णं अयं जीवे न जाए वा न मए वावि से तेणट्ठेणं तं चेव जाव न मए वावि. ।

લોકના શાશ્વતા ભાવ પ્રત્યે આશ્રયીને, વળી સંસારના અનાદિ ભાવ પ્રત્યે આશ્રયીને, જીવના નિત્ય ભાવ પ્રત્યે આશ્રયીને, કર્મના બહુલપણા થકી, જન્મ મરણના બાહુલ્યપણાને આશ્રયીને, નથી કોઇ પરમાણુ પુદ્ગલ માત્ર પણ પ્રદેશ કે જે પ્રદેશને વિષે એક જીવ જન્મ્યો નહિ મરણ પણ નહિ પામ્યો. તેણે અર્થે, ણં ઇતિ વાક્યાલંકારે, તેમજ યાવત્ મરણ પણ નહિ પામ્યો એટલા લગી કહેવું

અહિંયાં એમ જણાવ્યું કે—આખા લોકની અંદર પરમાણુ માત્ર પણ જગ્યા કોઇ જીવ જન્મ મરણે કરી સ્પર્શ્યાં વિના રહ્યો નથી. એ બીજો દાખલો.

૩ દાખલો ત્રીજો—કેશીના ચાલુના અધિકારે દરેક ગતિના જીવની ઉત્પત્તિ પૂર્વભવ ઉત્તરમાં સર્વ મનુષ્ય અનંત ગુણો. એટલે એકવાર નહિ, બેવાર નહિ, અનંતવાર ઉત્પન્ન થયેલા એ ત્રીજો દાખલો.

૪ દાખલો ચોથો—શ્રીપન્નવણાજી સૂત્રના પંદરમા ઇંદ્રિય પદમાં કહ્યું છે કે—દરેક જીવે પૂર્વે અનંતી ઇંદ્રિયો કરી એટલે દ્રવ્ય ઇંદ્રિય કરી

ઉ.ના પ્રશ્નના ઉત્તરમાં ભગવંતે કહ્યું છે કે-સર્વ જીવે પૂર્વે દ્રવ્ય ઇંદ્રિયો
નંતી કરી, વર્તમાન કાળે જેને જેટલી ઇંદ્રિય હોય તેટલી કહી, અને
ાવને કાળે કોઇ કરશે, કોઇ નહિ કરે, કરશે તો એક, બે, ત્રણ, જાવત્
ંખ્યાતી, અસંખ્યાતી, ને અનંતી કરશે એમ કહ્યું છે.

જ્યારે સર્વ જીવે પૂર્વે અનંતી ઇંદ્રિયો કરી હોય ત્યારે અસઇનો
ડ તુટી જાય છે અને અસઇનો પાડ તુટે ત્યારે અવ્યવહાર અને વ્યવહાર
રાશી પણ તુટે. માટે આ દાખલો રાશી નહિ માનવાવાળાના પક્ષને ખળ-
ન કરે છે. એ ચોથો દાખલો

આ ચાર દાખલે રાશી નહિ માનવાવાળા પોતાનો પક્ષ બળવાન
ણે છે.

પ્રશ્ન ૨૪—શિષ્ય-રાશીને માનવાવાળા અને નહિ માનવાવાળા આ
. પક્ષમાં સૂત્રના ન્યાયે કયો પક્ષ બળવાન ગણાય?

ઉત્તર—પોતપોતાના મતે તો બન્ને પક્ષ બળવાન છે, પણ રાશી
ાનવાવાળાના દાખલા જેવા સજ્જડ જોવામાં આવે છે તેવા નહિ માનવા-
ળાના દાખલા મજબૂત હોય એમ જણાતું નથી.

પ્રશ્ન ૨૫—શિષ્ય-રાશી નહિ માનવાવાળાએ આપેલ ૪ દાખલામાંથી
ીજું કંઇ નીકળે તેમ છે? જો હોય તો તે પણ જણાવશો કે જેથી ભવ્ય
જીવોને વિશેષ જ્ઞાન થાય.

ઉત્તર—ભગવંતનું જ્ઞાન અનંતુ છે. સૂત્રમાં અનેક રહસ્યો રહેલાં છે.
એકાંતવાદીની પોતાની માન્યતા તરફ દ્રષ્ટી ખેંચાય છે અને અનેકાંતવાદીને
સત્ય શું છે તે જોવાને માટે ચારે તરફ દ્રષ્ટિનો પસાર કરવો પડે છે.

રાશી નહિ માનવાવાળા જ્યારે એમ જણાવે છે કે-સૂત્રમાં કોઇ
ઠાણે રાશી કહી નથી એ વાત સત્ય છે. પણ તેને લગતા દાખલા ગણી
ામે તો તે વાત આપણે કબૂલ કરવીજ જોઇએ. સૂત્રમાં જીવનું માતૃસ્થાન
નિગોદ કહેલ છે. એ ઉપરથી અવ્યવહાર રાશી સાબીત થાય છે.

બીજો દાખલો જે ભગવતીજીના ૧૨ મા શતકના ૭ મા ઉદ્દેશાનો
આપ્યો કે-લોકની અંદર પરમાણુ માત્ર પણ જગ્યા કોઇ જીવ જન્મ-મરણે
કરી સ્પર્શ્યા વિના રહ્યો નથી. આ વાત સંભવિત છે. કારણ કે-સૂક્ષ્મનિગોદ
આખા લોકમાં ઠાંસોઠાંસ ભર્યા છે. એક પણ પરમાણુ જેટલી જગ્યા સૂક્ષ્મ
નિગોદના સ્પર્શ્યા વિનાની છે નહિ. સૂક્ષ્મ નિગોદના જીવ એક શ્વાસોશ્વાસમાં

બળવાન છે, પણ આ પૃચ્છા વ્યવહાર રાશીના જીવની છે એમ રાશી માનવાવાળાનું માનવું છે. તત્ત્વ કેવળી ગમ્ય.

પ્રશ્ન ૨૬—શિષ્ય અસઈનો અર્થ ખરી રીતે શું સમજવો?

ઉત્તર—સૂત્રમાં કહ્યા પ્રમાણે અસઈનો અર્થ અનેકજ થાય છે.

પ્રશ્ન ૨૭—અનેક એટલે એક નહિ, એમ કહી શકાય કે નહિ?

ઉત્તર—સૂત્રમાં બેથી માંડી સંખ્યાતા અસંખ્યાતા સુધીની ગણત્રીને અનેક કહેવામાં આવેલ છે.

પ્રશ્ન ૨૮—દરેક જીવને દરેક ઠેકાણે ઉત્પન્ન થવાના પ્રશ્નના ઉત્તરમાં અનેકવાર અથવા અનંતીવાર ઉત્પન્ન થવાનું કહ્યું તો ગયો કાળ તો અનંતો ગયો, અનંતા પુદ્ગલ પરાવર્તન ગયા, અને પૂછવા સમયનો જીવ અનેકવાર માંહેલો હોય તો તેણે અનંતોકાળ ક્યાં કાઢ્યો?

ઉત્તર—અવ્યવહાર રાશીના સૂક્ષ્મ નિગોદમાં અનંતોકાળ કાઢ્યો એમ બે રાશી માનવાવાળાનું કહેવું છે.

પ્રશ્ન ૨૯—સમુચ્ચે, નિગોદમાં અનંતોકાળ કાઢ્યો કહીએ તો તેમ તેમ કાંઈ વાંધો ખરો?

ઉત્તર—સમુચ્ચે નિગોદમાં કહીએ તો સમુચ્ચે નિગોદ નિગોદપણે રહેતો અઢી પુદ્ગલ પરાવર્તનના સમય જેટલો કાળ રહે પછી અવશ્ય નિગોદપણું છાંડવુંજ જોઇએ એ વ્યવહાર રાશીના નિગોદનો કાળ કહ્યો અને અવ્યવહાર રાશીના નિગોદના કાળની ગણના છેજ નહિ માટે વ્યવહાર રાશીમાં અનેકવાર ઉત્પન્ન થયેલા જીવનો તે પહેલાંનો અનંતકાળ અવ્યવહાર રાશી નિગોદમાં કાઢ્યો કહેવાય.

પ્રશ્ન ૩૦.—અવ્યવહાર રાશીમાંથી નીકળેલો જીવ જે ગતિમાં પ્રથમ આવ્યો હોય અને તેજ સમયની તે જીવની પૃચ્છા હોય તેને અ[illegible] ભવ કેવી રીતે લાગુ થાય? અસઈનો અર્થ અનેકવાર અને અનેકનો અર્થ બેથી માંડી સંખ્યાતી અસંખ્યાતી વાર થાય છે, તે [illegible] કરવા માટે શું સમજવું?

ઉત્તર—એ વાત ખરી છે, પણ અવ્યવહારમાંથી નીકળી [illegible] [illegible] જીવને [illegible] જે ગતિમાં આવે તે ગતિના જે ભવ તે [illegible] [illegible] પડે, માટે અગ્નિનો ભવ સાથે ગણીને [illegible] [illegible] ભવ [illegible] તે પહેલો ભવ તો [illegible] [illegible]. માટે [illegible]

માં અસઈ શબ્દ જે કહ્યો છે તે ઓછામાં ઓછા બે ભવ અને તેથી વધારે કરે તે સંખ્યાતા અને ઉત્કૃષ્ટા અસંખ્યાતા ભવ કરે તેને અનેકવાર કહેવામાં આવે છે, એટલે અસઈનો અર્થ અનેકવાર થાય છે તે જોઈ માંડીને ગણવું.

ઉપરના ૩૦ પ્રશ્નોત્તરમાં શ્રી સૂત્ર વચનથી અધિકું ઓછું કે વિપરિત લખાણું હોય તો અરિહંત અનંતા સિદ્ધ કેવલી ભગવંતની સાખે તથા આત્માની સાખે મિચ્છામિ દુક્કડં ॥

પ્રશ્ન ૩૧—કેટલાક કહે છે કે-જીવ જ્યારે સમયે સમયે મોક્ષમાં જાય ત્યારે અહિંયાં જીવની રાશી કેમ ખૂટે નહિ. દાણાની વખારમાંથી એક એક દાણો કાઢીએ તો તે ઘણે કાળે પણ ખાલી થાય તેમ ઘણુંમાં ઘણે કાળે આ લોક રૂપ વખાર ખાલી કેમ ન થાય?

ઉત્તર સમયે સમયે જીવ મોક્ષ જાય નહિ, કારણકે-આંખ મિંચીને ઉઘાડે તેમાં અસંખ્યાતા સમય જાય અને મનુષ્યની સંખ્યા અઢી દ્વીપમાં પંદરે ક્ષેત્રે મળીને સંખ્યાતા ઓગણત્રીશમે આંકે છે. તો સમયે સમયે મોક્ષ જવાવાળા મનુષ્ય ક્યાંથી લાવવા? આવા કેટલાક શબ્દ ઉપમા વાચી વપરાય છે, એટલે એમ પણ કહેવામાં આવે છે કે-કીડીની હારની પેઠે મોક્ષ જાય છે, પાણીના દરેડાની પેઠે મોક્ષ જાય છે, સમયે સમયે મોક્ષ જાય છે, એમ છે નહિ. પણ એમ કહેવાનો મતલબ એ છે કે-એ પ્રમાણે જીવ મોક્ષ જાય તો પણ લોકમાં જીવની રાશી ખૂટે તેમ નથી. દાણાની વખારનું દૃષ્ટાંત અહિંયાં લાગુ થાય નહિ. એકેક દાણો કાઢતાં વખાર તો સંખ્યાતા દિવસે ખાલી થાય. પણ અખૂટ સમુદ્રમાંથી સળી બોળીને એક એક ટીપું મૂકે તે સમુદ્ર ક્યારે નિર્લેપ થાય? અર્થાત્ નજ થાય. તેમ સંસાર સમુદ્રમાંથી માત્ર મનુષ્યમાંથી એક સમયે એક કે યાવત્ આઠ સમા સુધીમાં ઉત્કૃષ્ટા એકસો આઠ સુધીની સંખ્યા સુધી મોક્ષ જવાવાળા નીકળે અને આંતરૂં પડે તો જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટું છ મહિનાનું આંતરૂં પડે. આ પ્રમાણે મોક્ષમા જવા વાળા જીવની ગણના શાસ્ત્રકારે કરી છે. તો પછી સંસાર સમુદ્રમાથી કોઈ કોઈ જીવ મોક્ષ જાય તે સંસાર સમુદ્ર ક્યારે ખાલી થાય? અર્થાત્ નજ થાય. શાસ્ત્ર એમ જણાવે છે કે ત્રણે કાળમાં મુક્તિ જવાવાળા જીવની સંખ્યા કરતાં અસંખ્ય ગુણાં શરીર અનંત જીવની રાશીવાળા તૈયાર કાયમ રહે એવાં છે. એટલે નિગોદના અસંખ્યાતાં શરીર છે તે એક શરીરે

ભગવાન છે, પણ આ પૃચ્છા વ્યવહાર રાશીના જીવની છે એમ બે માનવાવાળાનું માનવું છે. તત્ત્વ કેવળી ગમ્ય.

પ્રશ્ન ૨૬—શિષ્ય અસઇનો અર્થ ભારી રીતે શું સમજવો?

ઉત્તર—સૂત્રમાં કહ્યા પ્રમાણે અસઇનો અર્થ અનેકજ થાય છે.

પ્રશ્ન ૨૭—અનેક એટલે એક નહિ, એમ કહી શકાય કે નહિ?

ઉત્તર—સૂત્રમાં બેથી માંડી સંખ્યાતા અસંખ્યાતા સુધીની ગણત્રી કરીને અનેક કહેવામાં આવેલ છે.

પ્રશ્ન ૨૮—દરેક જીવને દરેક ઠેકાણે ઉત્પન્ન થવાના પ્રશ્નના ઉત્તરમાં અનેકવાર અથવા અનંતીવાર ઉત્પન્ન થવાનું કહ્યું તો ગયો કાળ તો અનંતો ગયો, અનંતા પુદ્ગલ પરાવર્તન ગયા, અને પૃચ્છા સમયનો જીવ અનેકવાર માંહેલો હોય તો તેણે અનંતોકાળ ક્યાં કાઢ્યો?

ઉત્તર—અવ્યવહાર રાશીના સૂક્ષ્મ નિગોદમાં અનંતોકાળ કાઢે એમ બે રાશી માનવાવાળાનું કહેવું છે.

પ્રશ્ન ૨૯—સમુચ્ચે, નિગોદમાં અનંતોકાળ કાઢ્યો કહીએ તો કેમ તેમાં કાંઇ વાંધો ખરો?

ઉત્તર—સમુચ્ચે નિગોદમાં કહીએ તો સમુચ્ચે નિગોદ નિગોદમાં રહેતો અઢી પુદ્ગલ પરાવર્તનના સમય જેટલો કાળ રહે પછી જરૂર નિગોદપણું છાંડવુંજ જોઇએ એ વ્યવહાર રાશીના નિગોદનો કાળ કહ્યો અને અવ્યવહાર રાશીના નિગોદના કાળની ગણના છેજ નહિ માટે વ્યવહાર રાશીમાં અનેકવાર ઉત્પન્ન થયેલા જીવનો તે પહેલાંનો ગતકાળ અવ્યવહાર રાશી નિગોદમાં કાઢ્યો કહેવાય.

પ્રશ્ન ૩૦.—અવ્યવહાર રાશીમાંથી નીકળેલો જીવ, જે ગતિમાં પ્રથમ આવ્યો હોય અને તેજ સમયની તે જીવની પૃચ્છા હોય તેને અસઇનો શબ્દ કેવી રીતે લાગુ થાય? અસઇનો અર્થ અનેકવાર અને અનેકનો અર્થ બેથી માંડી સંખ્યાતી અસંખ્યાતી વાર થાય છે, તે પહેલાજ ભવને માટે શું સમજવું?

ઉત્તર—એ તર્ક સાચો છે, પણ અવ્યવહારમાંથી નીકળી વ્યવહાર રાશીમાં આવેલા જીવને ઓછામાં ઓછા જે ગતિમાં આવે તે ગતિના બે ભવ તો અવશ્ય કરવાજ પડે, માટે ભવિષ્યનો ભવ સાથે ગણીને કહેલું કે એક ભવ જેણે કર્યો તે બીજો ભવ તો અવશ્ય કરવાનોજ. માટે સૂત્ર

જાતિ વર્જવી કહી છે. તથા મુનિને તેના સંગટે પણ લેવાની મના કહી છે, એમ ઘણાં સૂત્રમાં બીજની જાતિ વરજી છે. વળી ભગવતીજીના ૧૮ મા શતકના ૧૦મે ઉદ્દેશે સોમિલ બ્રાહ્મણના અધિકારે માંસા ભખેવા ? વગેરે પ્રશ્ન ભગવંતને પૂછેલા છે. તેના ઉત્તરમાં ભગવંતે ખુલ્લો રીને કહ્યું છે કે-ધાન્યની જાતિ, માષા, સરસવ, કલથી વગેરે અમારે ભક્ષણ કરવા યોગ્ય નહિ, પણ શંપિલું અચેત થયેલું પ્રાસુક અમારે ભક્ષણ કરવું કલ્પે. એ ન્યાયથી ચોકસ દાણા—ધાન્યની જાતિ બીજ તે સચેત છે. અને યોનિનો કાળ વીતે પણ અચેત થવા સંભવ નથી, જીવ રૂપ સચેત છે. અને ઉત્પત્તિ રૂપ યોનિ વિનાશ પામે છે. જેમકે—પંચાવન વર્ષ પછી સ્ત્રીની યોનિ વિણસે છે કે જેથી ગર્ભ ધારણ કરી શકતી નથી. એમ પ્રવચન સારોદ્ધારમાં કહ્યું છે, પણ તે સ્ત્રી સજીવ (સચેત છે). એ ન્યાયે દાણાની યોનિ વિણસે છે, એટલે તે વાવ્યું ઉગે નહિ પણ સજીવ (સચેત) પણું ટળતું નથી. કોઇ કોઇ બીજ વાવ્યું ઉગે તો પણ તેનું સચેત અચેત પણું નિર્ણય થતું નથી. કેમકે સચેત યોનિ તથા અચેત યોનિ બન્ને ઉગે છે. જેમ ધાન્યાદિ સચેત યોનિ બીજ વાવવાથી ઉગે છે, તેમ ઘોડાનો લદનો બાજરો અચેત છે, પણ તે વાવ્યો ઉગે છે, કારણકે તે અચેત યોનિ બીજ છે, તેથી તે વાવ્યો ઉગે છે, તથા મનુષ્યના મળમાં નીકળેલાં ચીભડાનાં બીજ તે પણ અચેત છે, અને અચેત યોનિ બીજ છે, માટે તે પણ સ્વભાવે ઉગે છે. વળી સચેત બીજ હોવા છતાં પણ ઉગતું નથી. તેનાળિએર છોતાં ઉતારેલું તથા સોપારી તોફા વિનાની સચેત અને સબીજ છે તો પણ ઉગતાં નથી. બન્ને ચીજ તોફા સહિત રોપ તોજ ઉગે છે, પણ તે ફા વિના અચેત ગણાતું નથી. એમ ઉગવા ન ઉગવા સંબંધી અનેક ભેદ છે. એમ ઘણા ન્યાયો જોતાં દાણાની જાતિ તથા યોનિના કાળ ઉપરાંત સચેત પણું સંભવે છે નિશીથ સૂત્રના ૪થા ઉદ્દેશે અખંડ ઔષધિ તે દાણાની જાત એટલે આખા દાણા સાધુ આહારે તો પ્રાયશ્ચિત કહ્યું. આ ઉપરથી દાણા સચેત ઠરે છે.

હવે પત્થર આશ્રી દશવૈકાલિક સૂત્રના ૪થા અધ્યયનમ તથા નિશીથ સૂત્રના ૭મા ઉદ્દેશામાં પત્થરની શિલા, શિલાના કટકા વગેરે સચેત કહેલ છે

પ્રશ્ન ૩૬—સ્ત્રી, પુરૂષને બીજ યોનિનો કેટલો કાળ કહ્યો છે ?

ઉત્તર—પ્રવચન સારોદ્ધારનો ૨૪૭ મા દ્વાર પ્રકરણ રત્નાકર પાને ૫૦૫ મે કહ્યું છે કે—ગાથા :—

અનંતા જીવ છે. એક શરીરમાં રહેલા જીવ એટલા ત્રણ કાળમાં મુક્તિએ ગયા નથી અને જશે પણ નહિ એમ શાસ્ત્ર જણાવે છે.

પ્રશ્ન ૩૨—શ્રી પન્નવણાજી પદ ૧ લે કહ્યું કે વનસ્પતિમાં એક પર્યાપ્તાની નિશ્રાએ સંખ્યાતા અસંખ્યાતા તથા અનંતા અપર્યાપ્તા રહ્યા છે, અને પદ ૩ જે કહ્યું કે-અપર્યાપ્તા કરતાં પર્યાપ્તા સંખેજ ગુણા છે તે કેમ?

ઉત્તર—બાદર નિગોદના એક પર્યાપ્તાને આશ્રીને તેની નિશ્રાએ સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા અપર્યાપ્તા છે, કારણ કે તેને છેદાતા ભેદાતાપણું વધારે છે, માટે અપર્યાપ્તાપણે મરવાવાળા જીવ ઘણા છે, અને સૂક્ષ્મ જીવ છેદાતા ભેદાતા નથી, માટે, પર્યાપ્તિ પૂરા થઇને મરે છે, માટે અપર્યાપ્તા પૃચ્છા સમય થોડા છે, પર્યાપ્તા તે કરતાં સંખેજ ગુણા છે.

પ્રશ્ન ૩૩—પાંચ સ્થાવર સૂક્ષ્મ બાદરના શરીરની અવઘેણા શી રીતે?

ઉત્તર—સૂક્ષ્મ વનસ્પતિના શરીરની અવઘેણા ઉત્કૃષ્ટી અંગુલના અસંખ્યાતમા ભાગની છે. તેથી અસંખ્યાતગુણી સૂક્ષ્મ વાઉ કાયની તેથી અસંખ્યાત ગુણી સૂક્ષ્મ અગ્નિની તેથી અસંખ્યાત ગુણી સૂક્ષ્મ પાણીની તેથી અસંખ્યાત ગુણી સૂક્ષ્મ પૃથ્વીની તેથી અસંખ્યાત ગુણી બાદર અગ્નિની તેથી અસંખ્યાત ગુણી બાદર-વાઉની તેથી અસંખ્યાતગુણી બાદર અપની તેથી અસંખ્યાત ગુણી બાદર પૃથ્વીની તેથી અસંખ્યાત ગુણી બાદરે વનસ્પિતિની. એ પ્રમાણે સંઘેણીમાં કહેલ છે.

પ્રશ્ન ૩૪—પાંચે સ્થાવરમાં સૂક્ષ્મમાં અંગુલના અસંખ્યાતમાં ભાગની અવઘેણા કહી છે તેમાં તારતમ્ય શી રીતે સમજવો?

ઉત્તર—અસંખ્યાતાના અસંખ્યાતા ભેદ છે, માટે ચડતા ઉતરતા અસંખ્યાતા લેવા.

પ્રશ્ન ૩૫—કેટલાક કહે છે કે-છોડથી ઉતરેલાને ખલામાં શુદ્ધ થયેલા એવા સૂકાયેલા દાણાને કેટલાક અચેત માને છે અને કેટલાક એમ પણ માને છે કે-ભગવતીજી વગેરે સૂત્રમાં કહેલી દાણાની યોનિની મુદત ઉપરાંત કાળ ગયે તે દાણા અચેત હોય છે તેનું કેમ?

ઉત્તર—એમ સંભળાય છે ખરૂં કે અજીવ મતિઓની એવી માન્યતા છે કે દાણામાં તથા પત્થરમાં જીવ નથી અને કોઇ કોઇ દાણાની યોનિનો કાળ ગયા પછી અચેત હોય છે, એમ પણ માને છે. પણ દશ વૈકાલિક સૂત્રના ૩જા અધ્યયનમાં તથા પાંચમા અધ્યયનમાં સાધુને બીજની

જાતિ વર્જવી કહી છે. તથા મુનિને તેના સંગટે પણ લેવાની મના કહી છે, એમ ઘણાં સૂત્રમાં બીજની જાતિ વરજી છે. વળી ભગવતીજીના ૧૮ મા શતકના ૧૦મે ઉદ્દેશે સોમિલ બ્રાહ્મણના અધિકારે માસા ભખેવા ? વગેરે પ્રશ્ન ભગવંતને પૂછેલા છે. તેના ઉત્તરમાં ભગવંતે ખુલ્લી રીતે કહ્યું છે કે- ધાન્યની જાતિ, માષા, સરસવ, કલથી વગેરે અમારે ભક્ષણ કરવા યોગ્ય નહિ, પણ રાંધેલું અચેત થયેલું પ્રાસુક અમારે ભક્ષણ કરવું કલ્પે. એ ન્યાયથી ચોકસ દાણા—ધાન્યની જાતિ બીજ તે સચેત છે. અને યોનિનો કાળ વીતે પણ અચેત થવા સંભવ નથી, જીવ રૂપ સચેત છે. અને ઉત્પત્તિ રૂપ યોનિ વિનાશ પામે છે. જેમકે—પંચાવન વર્ષ પછી સ્ત્રીની યોનિ વિણસે છે કે જેથી ગર્ભ ધારણ કરી શકતી નથી. એમ પ્રવચન સારોદ્ધારમાં કહ્યું છે, પણ તે સો સજીવ (સચેત છે). એ ન્યાયે દાણાની યોનિ વિણસે છે, એટલે તે વાવ્યું ઉગે નહિ પણ સજીવ (સચેત) પણું ટળતું નથી. કોઇ કોઇ બીજ વાવ્યું ઉગે તો પણ તેનું સચેત અચેત પણું નિર્ણય થતું નથી. કેમકે સચેત યોનિ તથા અચેત યોનિ બન્ને ઉગે છે. જેમ ધાન્યાદિ સચેત યોનિ બીજ વાવવાથી ઉગે છે, તેમ ઘોડાનો લાદનો બાજરો અચેત છે, પણ તે વાવ્યો ઉગે છે, કારણકે તે અચેત યોનિ બીજ છે, તેથી તે વાવ્યો ઉગે છે, તથા મનુષ્યના મળમાં નીકળેલાં ચીભડાનાં બીજ તે પણ અચેત છે, અને અચેત યોનિ બીજ છે, માટે તે પણ સ્વભાવે ઉગે છે. વળી સચેત બીજ હોવા છતાં પણ ઉગતું નથી. તેનાળિએર છોલાં ઉતારેલું તથા સોપારી લોફા વિનાની સચેત અને સબીજ છે તો પણ ઉગતાં નથી. બન્ને ચીજ લોફા સહિત હોય તોજ ઉગે છે, પણ લોફા વિના અચેત ગણાતું નથી. એમ ઉગવા ન ઉગવા સંબંધી અનેક ભેદ છે. એમ ઘણા ન્યાયો જેનાં દાણાની જાતિ તથા યોનિના કાળ ઉપરાંત સચેત પણું સંભવે છે. નિશીથ સૂત્રના ૪થા ઉદ્દેશે અખંડ ઔષધિ તે દાણાની જાત એટલે આખા દાણા સાધુ આહારે તો પ્રાયશ્ચિત કહ્યું. આ ઉપરથી દાણા સચેત ઠરે છે.

હવે પત્થર આશ્રી દશવૈકાલિક સૂત્રના ૪થા અધ્યયનમા તથા નિશીથ સૂત્રના ૭મા ઉદ્દેશાનાં પત્થરની શિલા, શિલાના કકડા વગેરે સચેત કહેલ છે

પ્રશ્ન ૩૬—સ્ત્રી, પુરૂષને બીજ યોનિનો કેટલો કાળ કહ્યો છે ?

ઉત્તર—પ્રવચન સારોદ્ધારનો ૨૪૭ મો દ્વારપ્રકરણ રત્નાકર પાને ૫૦૫મે કહ્યું છે કે—ગાથા :—

અનંતા જીવ છે. એક શરીરમાં રહેલા જીવ જેટલા પણ પ્રાયે મુક્તિએ ગયા નથી અને જશે પણ નહિ એમ શાસ્ત્ર જણાવે છે.

પ્રશ્ન ૩૨—શ્રી પન્નવણાજી પદ ૧ લે કહ્યું કે વનસ્પતિમાં એક પર્યાપ્તાની નિશ્રાએ સંખ્યાતા અસંખ્યાતા તથા અનંતા અપર્યાપ્તા હોય છે, અને પદ ૩ જે કહ્યું કે-અપર્યાપ્તા કરતાં પર્યાપ્તા સંખેજ ગુણા છે તે કેમ?

ઉત્તર—બાદર નિગોદના એક પર્યાપ્તાને આશ્રીને તેની નિશ્રાએ સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા અપર્યાપ્તા છે, કારણ કે તેને છેદન ભેદનપણું વધારે છે, માટે અપર્યાપ્તાપણે મરવાવાળા જીવ ઘણા છે, અને સૂક્ષ્મ જીવ છેદાતા ભેદાતા નથી, માટે, પર્યાપ્તિ પૂરા થઇને મરે છે, માટે અપર્યાપ્તા પૃચ્છા સમય થોડા છે, પર્યાપ્તા તે કરતાં સંખેજ ગુણા છે.

પ્રશ્ન ૩૩—પાંચ સ્થાવર સૂક્ષ્મ બાદરના શરીરની અવઘેણા શી રીતે?

ઉત્તર—સૂક્ષ્મ વનસ્પતિના શરીરની અવઘેણા ઉત્કૃષ્ટી અંગુલના અસંખ્યાતમા ભાગની છે. તેથી અસંખ્યાતગુણી સૂક્ષ્મ વાઉ કાયની તેથી અસંખ્યાત ગુણી સૂક્ષ્મ અગ્નિની તેથી અસંખ્યાત ગુણી સૂક્ષ્મ પાણીની તેથી અસંખ્યાત ગુણી સૂક્ષ્મ પૃથ્વીની તેથી અસંખ્યાત ગુણી બાદર અગ્નિની તેથી અસંખ્યાત ગુણી બાદર-વાઉની તેથી અસંખ્યાતગુણી બાદર અપની તેથી અસંખ્યાત ગુણી બાદર પૃથ્વીની તેથી અસંખ્યાત ગુણી બાદર વનસ્પિતિની. એ પ્રમાણે સંઘેણીમાં કહેલ છે.

પ્રશ્ન ૩૪—પાંચે સ્થાવરમાં સૂક્ષ્મમાં આંગુલના અસંખ્યાતમાં ભાગની અવઘેણા કહી છે તેમાં તારતમ્ય શી રીતે સમજવો?

ઉત્તર—અસંખ્યાતાના અસંખ્યાતા ભેદ છે, માટે ચડતા ઉતરતા અસંખ્યાતા લેવા.

પ્રશ્ન ૩૫—કેટલાક કહે છે કે-છોડથી ઉતરેલાને ખલામાં શુદ્ધ થયેલા એવા સૂકાયેલા દાણાને કેટલાક અચેત માને છે અને કેટલાક એમ પણ માને છે કે ભગવતીજી વગેરે સૂત્રમાં કહેલી દાણાની યોનિની મુદત ઉપરાંત કાળ ગયે તે દાણા અચેત હોય છે તેનું કેમ?

ઉત્તર—એમ સંભળાય છે ખરૂં કે અજ્ઞ મતિઓની એવી માન્યતા છે કે દાણામાં તથા પત્થરમાં જીવ નથી અને કોઇ કોઇ દાણાની યોનિનો કાળ ગયા પછી અચેત હોય છે, એમ પણ માને છે. પણ દશ વૈકાલિક સૂત્રના ૩જા અધ્યયનમાં તથા પાંચમા અધ્યયનમાં સાધુને બીજની

જાતિ વર્જી કહી છે. તથા મુનિને તેના સંગટે પણ લેવાની મના કહી છે, એમ ઘણાં સૂત્રમાં બીજની જાતિ વરજી છે. વળી ભગવતીજીના ૧૮ મા શતકના ૧૦મે ઉદ્દેશે સોમિલ બ્રાહ્મણના અધિકારે માસા ભખેવા ? વગેરે પ્રશ્ન ભગવંતને પૂછેલા છે. તેના ઉત્તરમાં ભગવંતે ખુલ્લી રીતે કહ્યું છે કે- ધાન્યની જાતિ, માષા, સરસવ, કલથી વગેરે અમારે ભક્ષણ કરવા યોગ્ય નહિ, પણ શંપિકું અચેત થયેલું ફાસુક અમારે ભક્ષણ કરવું કલ્પે. એ ન્યાયથી ચોકસ દાણા—ધાન્યની જાતિ બીજ તે સચેત છે. અને યોનિનો કાળ વીતે પણ અચેત થવા સંભવ નથી, જીવ રૂપ સચેત છે. અને ઉત્પત્તિ રૂપ યોનિ વિનાશ પામે છે. જેમકે—પંચાવન વર્ષ પછી સ્ત્રીની યોનિ વિણસે છે કે જેથી ગર્ભ ધારણ કરી શકતી નથી. એમ પ્રવચન સારોદ્ધારમાં કહ્યું છે, પણ તે સ્ત્રી સજીવ (સચેત છે). એ ન્યાયે દાણાની યોનિ વિણસે છે, એટલે તે વાવ્યું ઉગે નહિ પણ સજીવ (સચેત) પણું ટળતું નથી. કોઇ કોઇ બીજ વાવ્યું ઉગે તો પણ તેનું સચેત અચેત પણું નિર્ણય થતું નથી. કેમકે સચેત યોનિ તથા અચેત યોનિ બન્ને ઉગે છે. જેમ ધાન્યાદિ સચેત યોનિ બીજ વાવવાથી ઉગે છે, તેમ ઘોડાની લાદનો બાજરો અચેત છે, પણ તે વાવ્યો ઉગે છે, કારણકે તે અચેત યોનિ બીજ છે, તેથી તે વાવ્યો ઉગે છે, તથા મનુષ્યના મળમાં નીકળેલાં ચીભડાનાં બીજ તે પણ અચેત છે, અને અચેત યોનિ બીજ છે, માટે તે પણ સ્વ- ભાવે ઉગે છે. વળી સચેત બીજ હોવા છતાં પણ ઉગતું નથી. તે નાળિએર છોડાં ઉતારેલું તથા સોપારી તોફા વિનાની સચેત અને સબીજ છે તો પણ ઉગતાં નથી. બન્ને બીજ તોફા સહિત હોય તોજ ઉગે છે, પણ તોફા વિના અચેત ગણાતું નથી. એમ ઉગવા ન ઉગવા સંબંધી અનેક ભેદ છે એમ ઘણા ન્યાયો જોતાં દાણાની જાતિ તથા યોનિના કાળ ઉપરાંત સચે[illegible] પણું સંભવે છે. નિશીથ સૂત્રના ૪થા ઉદ્દેશે અખંડ ઔષધિ તે દાણા[illegible] જાત એટલે આખા દાણા સાધુ આહારે તો પ્રાયશ્ચિત કહ્યું. આ ઉપર[illegible] દાણા સચેત ઠરે છે.

હવે પત્થર આશ્રી દશવૈકાલિક સૂત્રના ૪થા અધ્યયનમાં [illegible] [illegible]ીથ સૂત્રના ૭મા ઉદ્દેશામાં પત્થરની શિલા, શિલાના કટકા વગેરે સ[illegible] [illegible]લ છે

પ્રશ્ન ૩૯—સ્ત્રી, પુરૂષને બીજ યોનિનો કેટલો કાળ કહ્યો છે [illegible]

[illegible]—પ્રવચન સારોદ્ધારનો ૨૪૭ મો દ્વાર-પ્રકરણ રત્નાકર[illegible]

पणवन्नाइ परेणं, जोणी पमिलाइए महिलियाणं ;
पणहुत्तरीयपरओ, होइ अबीओ नरोपायं. ૩૭૯
वाससयाउयमेयं, परेग जाहोइ पुव्वकोडीओ;
तसद्धे आमिलाया, सव्वाउय वीसभागोय. ૩૮૦.

અર્થ.—પંચાવન વર્ષ ઉપરાંત સ્ત્રીની યોનિ પમ્લિાએ એટલે સંકોચ પામે. ત્યા ઘણી સ્ત્રીને યોનિ સંકોચ પામતાં પહેલાં પણ ઋતુ બંધ થઇ જાય છે; તથાપિ કોઇને બંધ થઇ ન જાય, તોપણ પંચાવનમે વર્ષે તો અવશ્ય બંધ થાય છે. ઋતુ આવે તોપણ તેથી ગર્ભોત્પત્તિ ન થાય અને પંચાવનમા વર્ષથી ઉપરાંત તો ઋતુ પણ ન આવે ને ગર્ભ પણ ન થાય. તેમજ પણહુત્તરિકે૦ પંચોત્તેર વર્ષ ઉપરાંતે પ્રાયઃઅબીજ નર થાય. ૩૭૯.

હવે એ કેટલા વર્ષના પ્રમાણના આઉખાવાળા'ને થાય ? તે બીજી ગાથાએ દેખાડે છે. એકસો વર્ષના આયુષ્યના ધણી હમણાંના કાળનાં જે મનુષ્ય છે તેને એ કાળમાન ગર્ભ ગ્રહણનું કહ્યું; અને જે સો વર્ષના આયુષ્યથી ઉપરાંત બસો અથવા ચારસોથી માંડી જ્યાંસુધી ઉત્કૃષ્ટ પૂર્વ કોડી સુધી જે આયુષ્ય હોય તો તને અર્ધે અર્ધા આયુષ્ય સુધી અમ્લાન એટલે સ્ત્રીની યોનિ ગર્ભ ધારણ કરવાને સમર્થ હોય, પછી ગર્ભ ધરવાને સમર્થ ન હોય અને જેને એકવાર પ્રસવ છે, એવી યુગલિયાની સ્ત્રી તેને સર્વદા અવસ્થિત યૌવનપણુંજ હોય सव्वाउयके सर्व પુરૂષોને એટલે પૂર્વ કોડી આયુષ્યના ધણી અથવા તેથી ઓછા આયુષ્યના ધણી જે હોય [illegible] પુરૂષને જેટલું આયુષ્ય તેને તે આયુષ્યને. વીશમો ભાગ ટાળી [illegible] સબીજપણું જાણવું અને વીશમે ભાગે અબીજપણું હોય. ૩૮૦. [illegible]

[illegible] મનુષ્ય સંબંધી સબીજ અબીજપણું જાણવું તેમાં [illegible] હોવું નહીં, આયુષ્યની હદ સુધી ઉમર પર્યંત સબીજપણુંજ [illegible] સંબંધી સૂત્રમાં કહેલા કાળ પ્રમાણે [illegible] ગણવો. એમ ઉત્તરના [illegible] થાય છે.

પ્ર૰ ૩૩- [illegible] પશ્ચાત્‌ [illegible] જાત [illegible]
[illegible] ?

ઉત્તર—ભત્તનો ત્યાગ કરે તેને ભત્તં શબ્દ ઘાલીને કરાવવાં અને ભત્તનો ત્યાગ ન કરે તેને કાળ બાંધીને પચ્ચખાણ કરાવવાં.

પ્રશ્ન ૩૮—કાળ બાંધીને પચ્ચખાણ કરાવવાનું કયા સૂત્રમાં કહ્યું છે?

ઉત્તર—આવશ્યક સૂત્રમાં સુરે ઉગયેનો જે શબ્દ છે તે કાળ બાંધીને પચ્ચખાણ કરાવવાને માટેજ છે અને તે શબ્દની પુષ્ટિને માટે ભગવતીજી શતક ૭મે ઉદ્દેશે બીજે તથા ઠાણાંગ ઠાણે ૧૦મે દશ પ્રકારના પચ્ચખાણ કહ્યાં છે તેમાં अद्धाए पच्चक्खाणे એવો પાઠ છે તેની ટીકામાં નોકારશી, પોરસીથી માંડીને અધમાસ (પંદર ઉપવાસ) મસખમણ (ત્રીશ ઉપવાસ) વગેરે જેટલા ઉપવાસ કરવા તે અદ્ધા પચ્ચખાણ એટલે કાળ બાંધી પચ્ચખાણ કરવાં કહ્યાં છે. એટલે કાળ બાંધીને પચ્ચખાણ કરાવવા તે દશમા અદ્ધા પચ્ચખાણની વિધિ છે

અર્થ ટીકાઃ—પત-अद्धाए त्ति अद्धा कालस्तद्या. प्रत्याख्यानं पौरुष्या दिकालस्य नियमन माद्दच। अद्धापच्चक्खाणं जं तं काल पमाणं छेए णं पुरिमड्ढ पोरसीवं मुहुत मासद्धमासेहिं १ ईति ટીકાયાંમ વળી ઠાણાંગજીના બીજે ઠાણે પહેલે ઉદ્દેશે કહ્યું છે કે-पच्चक्खाणे दुविहे पन्नत्ते तंजहा दीह प० वद्ध पच्चक्खाणे रहस्सं पेवे अद्धं पच्चक्खाइ એટલે એક દીર્ઘકાળનાં પચ્ચખાણ કરે, એક થોડા કાળનાં પચ્ચખાણ કરે એમ કહ્યું છે.

વળી ઉત્તરાધ્યયનના ૩૦મા અધ્યયનમા એક ઇત્વરિક તે થોડા કાળનો તપ અને બીજો મરણ કાળનો તપ એ બે પ્રકારના તપ કહ્યા છે તેમાં ઇત્વરિક કાળનો તપ તે એક ઉપવાસથી માંડીને છ મહિના સુધી કહેલ છે. એમ ઉપરના અધિકારથી કાળ બાંધી ઉપવાસ કરવા કરાવવા સિદ્ધ થાય છે.

પ્રશ્ન ૩૯—સૂત્રમાં ભત્તં શબ્દ કહ્યો છે તે પ્રમાણે અત્યારે ઉપવાસમાં ભત્તં શબ્દ ઘાલી પચ્ચખાણ કરાવે છે તો તે પ્રમાણે પચ્ચખાણ કરવાવાળાના ઉપવાસ શુદ્ધ થાય છે કે કેમ?

ઉત્તર—સૂત્રમાં કહ્યા પ્રમાણે ભત્તનો ત્યાગ કરી ઉપવાસ કરે તો તેનાં પચ્ચખાણ શુદ્ધ થાયજ. પણ અત્યારની રૂઢી પ્રમાણે ઉપવાસ કરે તેને ભત્તં શબ્દ ઘાલી જે પચ્ચખાણ કરાવવામાં આવે છે તે તો સૂત્રની રીતે તેનાં પચ્ચખાણનો ભંગ થાય છે. એમ એક આગળ પણ કહ્યું.

પ્રશ્ન ૪૦—સૂત્રમાં એક ઉપવાસ ને ચઉત્થ ભત્તં, બે ઉપવાસને 'છટ્ઠ ભત્તં', ત્રણ ઉપવાસને અટ્ઠમ ભત્તં, ચાર ઉપવાસને દશમ ભત્તં ઈત્યાદિક કહેલ છે, તો કેવી રીતે ભક્તનો ત્યાગ કરવાથી તે ઉપવાસ કહેવાય છે ?

ઉત્તર--જુઓ, બાબુવાળા છાપેલા ઠાણાંગ ઠાણે ૩જે ઉદ્દેશે ૩જે પાને ૧૬૧ મે ટીકામાં કહ્યું છે કે.

चउत्थेतीः एकं पूर्वदिने 'द्वे उपवास दिने' चतुर्थपारणक दिने ' भक्तं -भोजनं ' परिहरतो यत्र तपसि तच्चतुर्थ भक्तं तद्यस्यास्ति स चतुर्थ भक्तिकः

તેજ પાને ભાષામાં કહ્યું છે કે :--

चतुर्थ भक्तं एक उतरवारणे एक पारणे भक्त मुकै बे भक्त उपवासना एवं चतुर्थ भक्त.

તેમજ છાપેલા બાબુવાળા ભગવતીજી શતક બીજે ઉદ્દેશે ૧લે ખંધકને અધિકારે પાને ૧૬૭ મે મૂળ પાઠ સહિત ટીકામાં કહ્યું છે કે—

टीका.—चउत्थ चउत्थेणंति ॥ चतुर्थभक्तंयावद्भक्तं त्यज्यते यत्र तच्चतुर्थ, मित्युपोषवासस्य संज्ञा एवं षष्ठादिक मुपवास द्वयोदेरिति ॥—

વળી છાપેલા બાબુવાળા જીવાભિગમ સૂત્રમાં પાને ૩૭૬ મે ભાષામાં કહ્યું છે કે ચઉત્થ ભત્તં— ચોથ ભક્ત પારણે ઉત્તરવારણે એકાસણું વચ્ચે ઉપવાસ તે ચોથ ભક્ત આ પ્રમાણે ચોથ ભક્તનો અર્થ કર્યો છે.

તેમજ વળી બાબુવાળા છાપેલા આચારાંગજીના પાને ૪૨૩ મે અધ્યયન ૮મે ઉદ્દેશે ૪થે ગાથા ૭માની-

ટીકા:—छट्ठेण इत्यादि षष्टेनैकदा भुक्ते तथानामैकस्मिन्नहन्येकभक्तं विधाय पुनर्दिन द्वयमभुक्त्वा चतुर्थेऽन्हेक भक्तामपि विदधे तत्राद्यन्तयोरेकभक्त दिनयोर्भक्तद्वयं मध्यदिवसयोश्च भक्तचतुष्टयमित्येवं षण्णामभक्तानां परित्यागात् षष्ठं भवत्येवं दिनादिवृद्धया माया[illegible]न्यथवा अष्टमेन दशमे नाथवा द्वादशनैकदा कदाचिद्भुक्तवान् ॥ इति छठ भक्तनो अर्थ:—

વળી અન્ય મતમાં –શિવપુરાણ સનત્કુમાર સંહિતાનો અધ્યાય ૨૨ મો તથા ૨૬ મો, તેમાં એક ભુક્ત એટલે એક ટંક અથવા એક વખત જમવા કહ્યું છે.

એ પ્રમાણે ચોથ ભક્ત કરવાવાળાને ચાર ભક્ત, છઠવાળાને છ ભક્ત અને અઠ્ઠમવાળાને આઠ ભક્તનો ત્યાગ કરવા કહ્યું છે

પ્રશ્ન ૪૧—કોઈ કહે કે ચોથે ભક્તે આહાર કરવાવાળાને ચોથ ભક્ત કહ્યો છે તે કેમ?

ઉત્તર—તો તેને ચાર ભક્તનાં પચ્ચખાણ ન કરાવવા જોઈએ. અત્યારની રૂઢી પ્રમાણે કોઇ એક ટંક જમીને ઉપવાસ કરતા નથી, તેમ પારણાના દિવસે પણ એક ટંક ખાતા નથી, ફક્ત ઉપવાસના દિવસેજ આહારાદિકનો ત્યાગ કરે છે. આગલા દિવસે ચોવિહારના પચ્ચખાણ પણ કરતા નથી, તેને ઉપવાસનાં દિનના એટલે જેને જેટલા ઉપવાસ કરવા હોય તેટલા ઉપવાસના તેટલા દિનના બબ્બે ભક્ત ગણી ઉપરાંત બે ભક્ત ભેળવીને જે પચ્ચખાણ કરાવવામાં આવે છે તે તો ખુલ્લી રીતે પચ્ચખાણનો ભંગજ થાય છે. માટે જેને જેટલા ઉપવાસ કરવા હોય તેને તેટલાજ દિવસનાં આહારાદિકનાં પચ્ચખાણ કરાવવાં એટલે કાળ બાંધીને પચ્ચખાણ કરાવવાં તેજ હાલની રૂઢી પ્રમાણે વ્યાજબી જણાય છે. અને સૂત્રમાં પણ કાળ બાંધીને પચ્ચખાણ કરાવવાં કહ્યાં છે તે પ્રમાણે પચ્ચખાણ કરાવતાં ઉપવાસમાં ભંગ થતો નથી. વધારે અધિકાર જોવો હોય તો મમકૃત "શુદ્ધોપવાસ વ્યુત્પત્તિ" સંવત્ ૧૯૪૫ માં છપાઇ બહાર પડેલ છે તેમાંથી જોઇ નિર્ણય કરી લેવો.

પ્રશ્ન ૪૨—આઉખું તૂટે કે નહિ?

ઉત્તર—ઠાણાંગ ઠાણે ૭ મે-સાત પ્રકારે આઉખું તૂટતું કહ્યું છે. તે સૂત્રપાઠઃ सत्तविहे आउभेदे प० तंजहा. अज्झवसाण १, निमित्ते २, आहारे ३, वेयणा ४, पराघाए ५, फासे ६, आणापाणू ७, सत्तविधं भिज्जए आउ. ॥१॥

અર્થઃ—અતિ હર્ષ (સરાગસ્નેહ) થી તથા ભયાત્મક અધ્યવસાય એટલે અતિ ભયથી ૧ હથિયાર વાગવાથી અથવા ફાંસી પ્રમુખથી ૨ અતિ આહાર કરવાથી તથા અતિ ક્ષુધા તૃષાથી ૩ રોગથી અથવા વિષમ વેદનાથી ૪ અકસ્માત થવાથી ૫ ઝેર તથા ઝેરી જાનવરથી અથવા વિષ કન્યાના સ્પર્શથી ૬ શ્વાસ રૂંધવાથી, એ સાત પ્રકારથી આયુ ભેદાય છે.

વળી તેજ અધિકારની ટીકામાં છાપેલા ઠાણાંગજીના પાને ૪૦૭ મે કહ્યું છે કે—

सत्तेत्यादि ॥ तत्र॥ आउय भेदोत्ति ॥ आयुषो जीवितव्यस्यवेदः उपक्रमः आयुर्भेदः सचसप्तविधनिमित्त मापितत्वात्सप्तविध एवेति ॥

અહિંયાં સાત પ્રકારના ઉપક્રમના નિમિત્ત વડે આયુષ્યનું અપવર્ત્તનું ભેદાવું કહ્યું છે, એટલે સાત પ્રકારે આઉખું તૂટવું કહ્યું.

તથા અંતગડ સૂત્રમાં સોમીલને સ્થિતિનો ભેદ ?યો એમ કહ્યું છે વળી સયગડાંગ શ્રુત સ્કંધ ૧લે અધ્યયન ૨જે ઉદ્દેશે ૧લે ગથા ૨જીમાં કહ્યું છે કે જેમ સીંચાણો બટેરાને દૂરે અચાનક પકડી કાળને છેડે પહોંચાડે તેમ આઉખું તૂટે છે. તેમ ઉત્તરાધ્યયન અધ્યયન ૪ થે ગાથા ૧ લીમાં આઉખું તૂટયું સંધાતું નથી એમ કહ્યું છે તથા વળી ઉત્તરાધ્યયન અધ્યયન ૭મે ગાથા ૨૪મીના બીજા પદમાં કહ્યું છે કે "सान्निरुद्धंमि आउए" સંજ્ઞીનો આઉખો રૂંધાય છે એટલે ઓછો થાય છે. એમ મોટા (ઝણ) અર્થનું ઉત્તરાધ્યયન ૩૬ હજારૂં તેના ટબ્બામાં કહ્યું છે કે–સો વર્ષનું આઉખું હોય તો અંતર્મુહૂર્ત્તમાં નાશ થાય. તથા ઉત્તરાધ્યયનના ૩૨મા અધ્યયનમાં કહ્યું છે કે એક ઇંદ્રિયના ગૃદ્ધીપણે જીવ અકાળે મૃત્યુને પામે છે, એટલે મરવાના કાળે મરે નહી એમ કહ્યું છે.

ઇત્યાદિક સૂત્રોના ન્યાયથી આઉખું તૂટવું સિદ્ધ થાય છે.

પ્રશ્ન ૪૩––કેટલાક કહે છે કે જીવ ૭ બોલ લઇને આવ્યો છે તેમાં ફેરફાર થાય નહિ માટે આઉખું તૂટેજ નહિ.

ઉત્તર—તે વાત ખરી છે, પણ તે વાત તો નિરૂપક્રમીને માટે લાગુ થાય છે, કારણકે નિરૂપક્રમીનું આઉખું તૂટતું નથી, પરંતુ સોપક્રમીનું આઉખું તૂટવા સંભવ છે. એમ પન્નવણા સૂત્રનાં છઠ્ઠા પદ ઉપરથી જણાય છે. વળી આઉખું તૂટવા સંબંધીના તે નિવારણના બીજા દખલા પણ પુષ્કળ છે.

પ્રશ્ન ૪૪—પન્નવણાજીમાં તો પરભવના આઉખાનો બંધ ક્યારે પડે છે ? તેના જવાબમાં ભગવતે કહ્યું છે કે નિરૂપક્રમી અસંખ્યાના વરસના આઉખાવાળાનું દેવ આઉખુ થાકતાં ૭ મહિના બાકી રહે ત્યારે તે આઉખાનો છેલ્લે પરભવના આઉખાનો બંધ પાડે છે. અને સોપક્રમી આઉખાવાળા, આઉખાના ત્રીજે ભાગે એમ ત્રીજાના ત્રીજે ભાગે એમ ત્રીજે ત્રીજે ભાગે બંધ પડવાનો અધિકાર છે, પણ આઉખું તૂટવાનો અધિકાર જણાતો નથી.

ઉત્તર–અહિંયાં પ્રથમ એટલુંજ વિચારવાનું છે કે સોપક્રમી અને નિરૂપક્રમી એ બે પ્રકારનાં આઉખા કહ્યાં તેનું કાંઇક કારણ હોવું જોઇએ તેમાં કહેલ પ્રમાણે ૭ પ્રકારે જેવું આઉખું બાંધે તેવુંજ ભોગવે એમ

હોવું જોઇએ, પણ તેમ તો નથી. સૂત્રમાં આઉખાની વ્યાખ્યામાં અનેક ભેદ અનેક પ્રકાર જણાય છે, એકાંતવાદે એક વાતને પકડી રાખવાથી વ્યવહારનો લોપ થાય છે. નિશ્ચયવાદીના મતે આઉખું તુટતું નથી એમ કહીશું તો વ્યવહારની ક્રિયાને હાની લાગશે. પોતાના પગ હેઠે ચંપાઇને કોઇ જીવનું મૃત્યુ થાય તો તેને કંઇ ડર નહિ રહે કે મારા થકી એ જીવ મૃત્યુને પામ્યો પણ ઉલટો નિડરપણે કઠોર હૃદયથી એમજ કહેશે કે તે તો તેના આઉખે મુઓ ઇત્યાદિ ઘણા દોષો ઉત્પન્ન થતા જાય ઇત્યાદિ જયણા વૃત્તિમાં પણ બેદરકારીવાળું અંતઃકરણ થઇ જવા સંભવ રહે છે. કારણ કે જ્યારે કોઇની એવી ધારણા ઉત્પન્ન થાય કે જીવ કોઇનો માર્યો મરતો નથી. તો તેની સાથે બીજો સવાલ પણ ઉઠવાનો સાંભળીએ છીએ કે જીવ કોઇનો ઉપજાવ્યો ઉપજતો નથી એટલે નવો જીવ પોતપોતાના આઉખે જીવે છે ને મરે છે તો પછી દયા પાળવી કોની? ને આઉખાના ભેદાનુભેદની પણ જરૂર શી? જ્યારે આઉખાના ભેદાનુભેદ આપણને ભગવતે જણાવ્યા છે ત્યારે તેમાં કાંઇક પણ ગંભીર ભેદ રહ્યા છે એમ અંતર ચક્ષુ ખોલીને ઉંડા વિચાર સાથે જોઇશું તો જણાઇ આવશે કે સોપક્રમી નિરૂપક્રમી આઉખાનું સ્વરૂપ અવશ્ય જાણવું જોઇએ.

પ્રશ્ન ૪૫—સોપક્રમી નિરૂપક્રમી આઉખું કોને હોય ને કેવી રીતે હોય અને તેનું સ્વરૂપ શું?

ઉત્તર—આ વિષે ભગવતીજીના ૨૦ મા શતકમાં ઉદ્દેશે ૧૦ મે ટીકામાં કહ્યું છે કે—सोपक्रमाउ र्विउपक्रमणमुपक्रमोऽप्राप्तकालस्यायुषोनिवर्त्तनं तेन सहयत्तत्सोपक्रमं तद्विद्यविषमायुर्यैस्ते तथा तद्विपरीता हु निरुपक्रमायुष, इह गाथे देवा नेरइयाविय, असंखवासाउयाय तिरि मणुया; उत्तम पुरिसाविय, चरम सरीराय निरुवक्कमा १ सेसा संसारत्था हवेज्ज, सोवक्कमाय इयरेय; सोवक्कम निरुवक्कम भेउ भणिउ समासेणं. २ ॥

વળી એજ અધિકારે ભાષામાં કહ્યું છે કે—નારકી હે ભગવન્! શું પોતેજ આઉખાનો ઉપક્રમ નિશ્ચે કરી મરીને નારકપણે ઉપજે, એટલે સ્વકૃત મરણે કરી, અથવા પરકૃત મરણે કરી મરીને નારક ઉપજે. અથવા ઉપક્રમને અભાવે કરી મરીને નારક ઉપજે? ઇતિ પ્રશ્ન. ઉત્તર—હે ગૌતમ! આપ સ્વયમેવપણે આઉખો ઉપક્રમે તોડી મરે: જેમ શ્રેણિક વિષ ખઇ આપણે મુઆ. परोवक्कमेणवि उववज्जंति निरुवक्कमेणवि उववज्जंति । પરોપક્રમપણે તે અને-

રાનો માર્યો મરે કોણિકની પરે. ઉપક્રમ વિના પણ તે ઉપજે, નિરૂપક્રમપણે તે મરી ઉપજે, કાલકસૂરિયાની પરે. ઇતિ ભાષા. એ નરકમાં જવા આશ્રી ત્રણ બોલ કહ્યા, અને નરકમાંથી નીકળવા આશ્રી ફક્ત એકજ બોલ નિરુપક્રમ ઉદ્વર્તૃતિ નિરૂપક્રમપણે નીકળે. તેમજ ટીકામાં પણ એજ પ્રમાણે કહેલ છે, જાવત્ વૈમાનિક સુધી.

વળી પન્નવણા પદ ૬ ઠે–સોપક્રમી ને નિરૂપક્રમી એ બે પ્રકારનાં આઉખાં કહ્યાં. તેમાં દેવતા, નારકી ને જુગલિયાં તિર્યંચ મનુષ્યને આઉખા આઠા છ માસ રહે ત્યારે પરભવનું આઉખું બાંધે, તેહને એકલા નિરૂપક્રમી આઉખાવાળા કહ્યા છે ને પાંચ સ્થાવર ત્રણ વિકલેંદ્રિય ને સંખ્યાતા વરસના આઉખાવાળા તિર્યંચ મનુષ્ય એ દશ દંડકમાં સોપક્રમી ને નિરૂપક્રમી એ બેઉ આઉખાવાળા કહ્યા છે તેમાં નિરૂપક્રમી તે આઉખાના ત્રીજે ભાગેજ પરભવનું આઉખું બાંધે, ને સોપક્રમી આઉખાના ત્રીજે ભાગે બાંધે, ને ત્રીજે ભાગે બંધ ન પડે તો ત્રીજાને ત્રીજે ભાગે એટલે નવમે ભાગે, તેમ બંધ ન પડે તો ૨૭ મે ભાગે, એમ ૮૧ મે ભાગે, તેમ ૨૪૩ મે ભાગે, એમ ત્રીજાને ત્રીજે ભાગે બાંધતાં છેવટ બંધ ન પડયો હોય તો અંતર્મુહૂર્તમાં પણ બંધ પડે.

વળી બાબુવાળા છાપેલા ઠાણુંગ ઠાણે ૬ ઠ્ઠે–પાને ૪૩૩ મે મૂળ પાઠ તથા ટીકામાં કહ્યું છે કે—

आयुषो बंध आयुर्बन्ध–गाथा ॥ निरइसुर असंखाऊ, तिरि मणुया सेसएउ छम्मासे; इगविगला निरुवक्कम, तिरिमणुया आउय तिभागे. १ अवसेसा सोवक्कम, तिभागनवभाग सत्तवीस इमे; बंधंति परभवाओ, निययभवेसव्व जीवाओवि ॥२॥

એટલે નારકી, દેવતા અને અસંખ્યાતા વરસના આઉખાવાળા તિર્યંચ મનુષ્યને શેષ થાકતાં છ માસે પરભવના આઉખાનો બંધ પડે, અને એકેંદ્રિય, વિગલેંદ્રિય, તિર્યંચ, મનુષ્ય નિરૂપક્રમીને આઉખાના ત્રીજે ભાગે બંધ પડે, બાકી રહેલા દશ દંડકમાં સોપક્રમીને આઉખાના ત્રીજે ભાગે, નવમે ભાગે, સત્તાવીશમે ભાગે, એ પ્રકારે સર્વ જીવને નિશ્ચય કરીને પરભવના આઉખાનો બંધ પડે છે.

એ બે પ્રકારના આઉખાનો મૂળ હેતુ એમ જણાય છે કે નિરૂપક્રમી આઉખાવાળા કોઇના માર્યો મરે નહિ અને સોપક્રમી આઉખાવાળાને કોઇ પ્રકારનો ઉપક્રમ લાગવાથી મરવા સંભવ છે, એટલે ઉપક્રમવડે આઉખાનો ભેદ થાય છે, એમ ઠાણાંગ સૂત્રથી જણાય છે.

પ્રશ્ન ૪૬--કોઇ કહે કે પૂર્વે છ બોલ સહિત જે આઉખાનો બંધ પાડયો છે તેમાં અમુક ઉપક્રમથી તેનું મૃત્યુ થશે તેવો પણ સાથે બંધ પડયો છે. એટલે તેવાજ પ્રકારથી મરે તેને આઉખું તુટયું એમ કેમ કહેવાય ?

ઉત્તર—પન્નવણા પદ ૬ઠ્ઠે કહ્યું છે કે આઉખા સાથે છ બોલનો જે બંધ પડે છે, તે દરેક બોલમાં આઠ આઠ આકરખાએ બંધ પડે છે. તેમાં ૧, ૨, ૩, ૪ આકરખાવાળાનો મંદ બંધ ટીકાકારે કહ્યો છે અને પાંચથી માંડી ચડતી આકરખાએ જે બંધ પડે તે નિવડ બંધ પડે એમ કહ્યું છે.

પ્રશ્ન ૪૭--નારકી દેવતાનો પણ જઘન્ય ૧, ૨, ૩ આકરખાએ બંધ પડયો કહ્યો છે તો શું તેનું પણ આઉખું તૂટે એમ કહેશો ?

ઉત્તર--તેનું તો નિરૂપક્રમી આઉખું છે તે કોઇ કાળે તૂટેજ નહીં. ભલે મંદ બંધ હોય તોપણ નિરૂપક્રમી તો પૂરુંજ આઉખું ભોગવે. આઉખું તૂટવાનો સવાલ તો સોપક્રમીને માટેજ છે, સોપક્રમીને આઉખું તૂટવાથી તેની સાથેના તમામ બંધનો નાશ થવા સંભવ છે ઠાણાંગ ઠાણે પમે ઉદ્દેશે ૧લે બાબવાળા છાપેલ પાને ૩૫૮મે પાંચ પ્રકારના પ્રતિઘાત કહ્યા છે, તેમાં સ્થિતિનો પણ પ્રતિઘાત કહ્યો છે. તે વિષે ટીકામાં કહ્યું છે કે दीर्घकालस्थित्यायुए रहस्सकालाइयाओ करेइति તેમજ ગતિ સ્થિતિ બંધનાદિ પ્રતિઘાત કહ્યું, તો અહીં સ્થિતિનો પ્રતિઘાત કહ્યો તે આઉખું તૂટવા આશ્રીજ કહ્યું છે એટલે દીર્ઘકાળની સ્થિતિનું આઉખું હોય તે રહસ્સ નામ થોડા કાળની સ્થિતિનું આઉખું કરે એમ ટીકાકાર જણાવે છે. અહિં જેમ સ્થિતિનો પ્રતિઘાત કહ્યો તેમજ બંધનનો પ્રતિઘાત કહેલ છે, માટે જે છ પ્રકારે બંધ પડે છે તે આઉખા સાથે બંધ પડે છે તો આઉખું તૂટયે બંધ પણ તૂટેજ, એટલે ગતિ, સ્થિતિ, બંધન, ભોગ, બળવીર્ય, પુરિસાકાર પરાક્રમ. એ પાંચેનો પ્રતિઘાત થાય એમ ઠાણાંગ સૂત્રમાં કહ્યું છે.

પ્રશ્ન ૪૮--નિરૂપક્રમી આઉખું પૂરું ભોગવે અને સોપક્રમી આઉખું વખતે પૂરું ન ભોગવે એવું કોઇ ઠેકાણે કહ્યું છે ?

ઉત્તર--ઘણે ઠેકાણે કહ્યું છે, સાંભળો. ઠાણાંગ ઠાણે ૨ જે, ઉદ્દેશે ૩ જે दो अहाउयं पालेंइ तंजहा देव चेव नेरइयचेव, दोण्हं आउयसंवहए प० तं० मणुस्साणं चेव पंचेंदिय तिरिक्ख जोणियाणं चेव —તેની ટીકા-બાબુવાળા છાપેલ ઠાણાંગ પાને ૯૯ મે दो इत्यादि ॥ यथा बद्धमायुर्यथाऽऽयुः पालयन्त्यनुभवन्तितो-

રાનો માર્યો મરે કોણિકની પરે. ઉપક્રમ વિના પણ તે ઉપજે, નિરૂપક્રમપણે તે મરી ઉપજે, કાલકસૂરિયાની પરે. ઇતિ ભાવા. એ નરકમાં જવા આશ્રી ત્રણ બોલ કહ્યા, અને નરકમાંથી નીકળવા આશ્રી ફક્ત એકજ બોલ નિરુપક્રમ ઉદ્દ્વર્ત્તિ નિરૂપક્રમપણે નીકળે. તેમજ ટીકામાં પણ એજ પ્રમાણે કહેલ છે, જાવત્ વૈમાનિક સુધી.

વળી પન્નવણા પદ ૬ ઠે-સોપક્રમી ને નિરૂપક્રમી એ બે પ્રકારનાં આઉખાં કહ્યાં. તેમાં દેવતા, નારકી ને જુગલિયાં તિર્યંચ મનુષ્યને આઉખા આઠા છ માસ રહે ત્યારે પરભવનું આઉખું બાંધે, તેહને એકલા નિરૂપક્રમી આઉખાવાળા કહ્યા છે ને પાંચ સ્થાવર ત્રણ વિકલેંદ્રિય ને સંખ્યાતા વરસના આઉખાવાળા તિર્યંચ મનુષ્ય એ દશ દંડકમાં સોપક્રમી ને નિરૂપક્રમી એ બેઉ આઉખાવાળા કહ્યા છે તેમાં નિરૂપક્રમી તે આઉખાના ત્રીજે ભાગેજ પરભવનું આઉખું બાંધે, ને સોપક્રમી આઉખાના ત્રીજે ભાગે બાંધે, ને ત્રીજે ભાગે બંધ ન પડે તો ત્રીજાને ત્રીજે ભાગે એટલે નવમે ભાગે, તેમ બંધ ન પડે તો ૨૭ મે ભાગે, એમ ૮૧ મે ભાગે, તેમ ૨૪૩ મે ભાગે, એમ ત્રીજાને ત્રીજે ભાગે બાંધતાં છેવટ બંધ ન પડયો હોય તો અંતર્મુહૂર્તમાં પણ બંધ પડે.

વળી બાબુવાળા છાપેલા ઠાણુંગ ઠાણે ૬ ઠે-પાને ૪૩૩ મે મૂલ પાઠે તથા ટીકામાં કહ્યું છે કે—

आयुषो बंध आयुर्बन्ध–गाथा ॥ निरइसुर असंखाऊ, तिरि मणुया सेसएउ छम्मासे; इगविगला निरुवक्कम, तिरिमणुया आउय तिभागे. १ अवसेसा सोवक्कम, तिभागनवभाग सत्तवीस इमे; बंधंति परभवाओ, निययभवेसव्व जीवाओवि ॥२॥

એટલે નારકી, દેવતા અને અસંખ્યાતા વરસના આઉખાવાળા તિર્યંચ મનુષ્યને શેષ થાકતાં છ માસે પરભવના આઉખાનો બંધ પડે, અને એકેંદ્રિય, વિગલેંદ્રિય. તિર્યંચ, મનુષ્ય નિરૂપક્રમીને આઉખાના ત્રીજે ભાગે બંધ પડે, બાકી રહેલા દશ દંડકમાં સોપક્રમીને આઉખાના ત્રીજે ભાગે, નવમે ભાગે, સત્તાવીશમે ભાગે, એ પ્રકારે સર્વ જીવને નિશ્ચય કરીને પરભવના આઉખાનો બંધ પડે છે.

એ બે પ્રકારના આઉખાનો મૂળ હેતુ એમ જણાય છે કે નિરૂપક્રમી આઉખાવાળા કોઇના માર્યો મરે નહિ અને સોપક્રમી આઉખાવાળાને કોઇ પ્રકારનો ઉપક્રમ લાગવાથી મરવા સંભવ છે, એટલે ઉપક્રમવડે આઉખાનો ભેદ થાય છે, એમ ઠાણુંગ સૂત્રથી જણાય છે.

પ્રશ્ન ૪૬—કોઇ કહે કે, પૂર્વે ૭ બોલ સહિત જે આઉખાનો બંધ પાડયો છે તેમાં અમુક ઉપક્રમથી તેનું મૃત્યુ થાશે તેવો પણ સાથે બંધ પડયો છે. એટલે તેવાજ પ્રકારથી મરે તેને આઉખું તૂટયું એમ કેમ કહેવાય ?

ઉત્તર—પન્નવણા પદ ૬ઠ્ઠે કહ્યું છે કે આઉખા સાથે ૭ બોલનો જે બંધ પડે છે, તે દરેક બોલમાં આઠ આઠ આકરખાએ બંધ પડે છે. તેમાં ૧, ૨, ૩, ૪ આકરખાવાળાનો મંદ બંધ ટીકાકારે કહ્યો છે અને પાંચથી માંડી ચડની આકરખાએ જે બંધ પડે તે નિવડ બંધ પડે એમ કહ્યું છે.

પ્રશ્ન ૪૭—નારકી દેવતાનો પણ જઘન્ય ૧, ૨, ૩ આકરખાએ બંધ પડયો કહ્યો છે તો શું તેનું પણ આઉખું તૂટે એમ કહેશો ?

ઉત્તર—તેનું તો નિરૂપક્રમી આઉખું છે તે કોઇ કાળે તૂટેજ નહીં. ભલે મંદ બંધ હોય તોપણ નિરૂપક્રમી તો પૂરૂજ આઉખું ભોગવે. આઉખું તૂટવાનો સવાલ તો સોપક્રમીને માટેજ છે, સોપક્રમીને આઉખું તૂટવાથી તેની સાથેના તમામ બંધનો નાશ થવા સંભવ છે. ઠાણાંગ ઠાણે પમે ઉદ્દેશે ૧લે બાબવાળા છાપેલ પાને ૩૫૯મે પાંચ પ્રકારના પ્રતિઘાત કહ્યા છે, તેમાં સ્થિતિનો પણ પ્રતિઘાત કહ્યો છે. તે વિષે ટીકામાં કહ્યું છે કે दीर्घकाल ट्रिथाउए रहस्सकालट्टियाओ पकरेइत्ति તેમજ ગતિ સ્થિતિ બંધનાદિ પ્રતિઘાત કહ્યું, તો અહીં સ્થિતિનો પ્રતિઘાત કહ્યો તે આઉખું તૂટવા આશ્રીજ કહ્યું છે એટલે દીર્ઘકાળની સ્થિતિનું આઉખું હોય તે રહસ્સ નામ થોડા કાળની સ્થિતિનું આઉખું કરે એમ ટીકાકાર જણાવે છે. અહિં જેમ સ્થિતિનો પ્રતિઘાત કહ્યો તેમજ બંધનનો પ્રતિઘાત કહેલ છે, માટે જે ૭ પ્રકારે બંધ પડે છે તે આઉખા સાથે બંધ પડે છે તો આઉખું તૂટયે બંધ પણ તૂટેજ, એટલે ગતિ, સ્થિતિ, બંધન, ભોગ, બળવીર્ય, પુરિસાકાર પરાક્રમ. એ પાંચેનો પ્રતિઘાત થાય એમ ઠાણાંગ સૂત્રમાં કહ્યું છે.

પ્રશ્ન ૪૮—નિરૂપક્રમી આઉખું પૂરૂં ભોગવે અને સોપક્રમી આઉખું વખતે પૂરૂં ન ભોગવે એવું કોઇ ઠેકાણે કહ્યું છે ?

ઉત્તર—ઘણે ઠેકાણે કહ્યું છે, સાંભળો. ઠાણાંગ ઠાણે ૨ જે, ઉદ્દેશે ૩ જે दो अहाउयं पालेइ तंजहा देव चेव नेरइयचेव, दोण्हं आउयसंवट्टए प० तं० मणुस्साणं चेव पंचेंदिय तिरिक्ख जोणियाणं चेव —તેની ટીકા–બાબુવાળા છાપેલ ઠાણાંગ પાને ૬૯ મે दोइत्यादि ॥ यथा बद्धमायुर्यथायुः पाल्रयन्त्यनुभवन्तिनो-

पक्रम्यतेतादितियाविदिति देवानेरइयाविय असंख . वासाउया तिरिय मणुयाउत्तम पुरिसाय तहा चरम सरीरा निरुवक्कमाति ॥१॥ दोएहमित्यादि ॥ संवर्तनमपवर्तनं संवर्त्तः सएव संवर्त्तकउपक्रमइत्यर्थः आयुषः संवर्त्तक आयुः संवर्त्तक इति—

તથા ભાષામાં પણ એમજ કહ્યું છે કે—દેવતા, નારકી પૂર્ણ આઉખું પાળી ચવે, અને મનુષ્ય તિર્યંચનું આઉખું સંવર્ત્તક છે, તે સંકેલાય છે.

વળી ઠાણે ૩ જે, ઉદ્દેશે ૧ લે—तओ अहाउयं पालेंति तंजहा अरहंता चक्कवट्टी बलदेव वासुदेवा ॥ અથ ટીકા પાને ૧૩૩ મે अहाउयं पालयंतिति ॥ निरुपक्रमायुष्कत्वा—અથ ભાષા—ત્રણ યથા આઉખો પૂરું પાલે નિરૂપક્રમને કહે છે। અરિહંત ચક્રવર્તિ બળદેવ વાસુદેવ—

અહિં બે સૂત્રે દેવતા, નારકી, અરિહંત, ચક્રવર્તિ, બળદેવ, વાસુદેવ. (ટીકાનો મત ભેળવતા) અસંખ્યાતા વરસના આઉખાવાળા તિર્યંચ મનુષ્ય, ઉત્તમ પુરૂષ અને ચરમ શરીરી, એટલાનું યથાયુ પાળવું કહ્યું, એટલે જેટલું આઉખું હોય તેટલું પૂરૂં ભોગવે. માટે તેને નિરૂપક્રમી પણ કહેલ છે. સિવાયના મનુષ્ય તિર્યંચને યથાયુ નહિ કહેતાં સંવર્તક આયુવાળા કહ્યા છે. એટલે તે દશ દંડકવાળા મનુષ્ય તિર્યંચનું આઉખું સોપક્રમી અને સંવર્તક છે એટલે ઉપક્રમથી સંકેલાય છે અર્થાત્ તૂટે છે.

પ્રશ્ન ૪૬—આઉખું નહિ તૂટવું માનવાવાળા એમ કહે છે કે—કોઈ પ્રકારના ઉપક્રમ વિના મરવું તે નિરૂપક્રમ અને ઉપક્રમ સહિત મરવું તે સોપક્રમ પણ આઉખાનો કાળ તો જેટલો હોય તેટલોજ ભોગવે તે કેમ?

ઉત્તર—એ વાત સૂત્રના ન્યાયથી મળે નહિ, કેમકે સૂત્રમાં એવા પાઠ ઘણે ઠેકાણે જોવામાં આવે છે કે—कालं पत्ते कालं किच्चा तथा अकाले चेव जीवियाओ ववरोविज्जा એટલે કાળને અવસરે કાળ કરવો તે તો ઠીક પણ અકાળે ચેવ જીવીઆઓ વવરોવિજ્જા ના પાઠનું શું સમજવું? તેમાં તો ખુલ્લી રીતે કહ્યું કે નિશ્ચે અકાળે જીવતવ્યથી રહિત થય. એટલે મરણના કાળ પહેલાં મરે તેને તે પાઠ લાગુ થાય છે. તે વિષે ઉત્તરાધ્યયનના ૩૨ માં અધ્યયનમાં કહ્યું છે કે—એકેક ઇંદ્રિયના વશ પડેલા પ્રાણીનું અકાળ મૃત્યુ થાય છે. अकालियं पावइ से विणासं. ઇતિસૂત્ર પાઠ—અથ ટીકા:— अकालिकं. ... ... अकाले एव आकालिकं आयुषः स्थितेरवागेव ... ... —અહિં અકાળે મૃત્યુ પામે તે આઉખાની સ્થિતિ અર્થાત્ ... મુદત પહેલાં મૃત્યુ પામે તે સોપક્રમાયુ કહીએ તેમજ ...

શ્રુત સ્કંધ ૧લે અધ્યયન ૧૩મે ગાથા ૨૦મી તેમાં કહ્યું છે કે જે મિથ્યાત્વીના અભિપ્રાય અનુસારનો ભેદને અનુગમનું પ્રરૂપે તો તે દેવભાવને પામે. ઘણા કાળના વચનને અણુ સર્વનો ઉઠાડ આઉરા કાલાઈ મ્હાં વદાઇ અ ઉણાના કાળને અનીકભાવે પાત કરે, એમ કહ્યું. આણુવાળા દર્પિલા પાને ૫૦૫મે ટીકામાં કહ્યું છે કે यदायुरुपक्रमायुषो व्यापात रूपं वादिव्य रूपमावं कालानिवारं दीर्घ स्थितिक मप्यायुः संवर्तेत् ॥ અથ બાહ્ય આયુષ્યના કાળનું પ્રમાણ ઘણું હોય તેને ઘટાડે અર્થાત આયુષ્યનો વિનાશ કરે.

શ્રી ભગવતીજી શતક ૮મે ઉદ્દેશે ૬ કે નારકી દેવના વૈક્રિય શરીરી છે, તે નિરૂપક્રમી છે, કેઇના માર્યા મરતા નથી, માટે તની ૪ ક્રિયા લાગે છે અને મનુષ્ય તિર્યંચ ઉદારિક શરીરવાળા છે. સોપક્રમી પણ છે, વખતે માર્યા મરે પણ છે તેથી તેની પાંચ ક્રિયા લાગતી કહી છે, એટલે પાંચમી પ્રાણાતિપાતની ક્રિયા લાગે છે. એટલે સોપક્રમી આઉખાવાળાનું આયુષ્ય તૂટે છે એમ ઉપરના કેટલાક દાખલાથી સિદ્ધ થાય છે.

પ્રશ્ન ૫૦—આઉખું કેટલી હદમાં તૂટે ?

ઉત્તર—કેટલાક કહે છે કે ગમે ત્યારે તૂટે, સૂયગડાંગ શ્રુત સ્કંધ ૧લે અધ્યયન ૨જે-ઉદ્દેશે ૩જે ગાથા ૮મીમાં કહ્યું છે કે સો વરસનું આઉખું તરૂણ વયમાં તૂટે ઇત્યાદિક દાખલા દઇ આઉખું ગમે ત્યારે તૂટવું માને છે. પરંતુ તેમાં ઘણા વાંધા ઉઠવા સંભવ પણ રહે છે. આઉખું નહિ તૂટવું માનનારા એમ કહે છે કે જેણે દેવતાનું આઉખું બાંધ્યું છે અને કેઇ શસ્ત્રાદિ પ્રયોગથી મરવાની હદથી ઘણી મુદતે અગાઉ મરવું થાય તો તે મરી દેવગતિમાં ક્યાં જઇ ઉપજે ? કેમકે જ્યાં ઉપજવું છે ત્યાંથી દેવતા ચવ્યો નથી દેવતાની શય્યા છ મહિના ઉપરાંત ખાલી રહેતી નથી માટે તે હદથી પહેલા મરનારને તે વધો ઉઠે છે ? બીજો વાંધો એ કે પન્નવણા પદ ૬ઠ્ઠે, વક્રંતીપદમાં કહ્યું છે કે સોપક્રમીને આઉખાનો બંધ ત્રીજે ભાગે પડે છે, તો સાઠ વર્ષના આઉખાવાળાને ચાળીશ વરસ પહેલાં બંધ પડેજ નહીં. અને બંધ પડયા પહેલા તેનું મરવું થાય પણ નહીં. એ અપેક્ષાએ ઘણી મુદતે આઉખું તૂટવાનો સંભવ રહેતો નથી. તેથી બીજો મત એમ કહે છે કે આઉખાનો બંધ પડયો નથી અને આઉખું પુરૂ થવા આડા છ મહિના બાકાત રહ્યા છે તે છ મહિનાની હદમા આયુષ્યનો બંધ પડવાના સમયમાં કોઇ પ્રકારનો ઉપક્રમ લાગવાથી પરભવના આયુષ્યનો બંધ પડતા સાથ તેનું મૃત્યુ થાય છે, એટલે છ મહિનાની હદમાંજ આઉખું તૂટવાનો

સંભવ રહે છે. ભગવતીજી શતક ૧લે ઉદ્દેશે ૮મે મૃગ મારવાના અધિકારે મૃગને બાણ મારે તે મૃગ છ મહિનાની હદમાં મરે તો પ્રાણાતિપાત સહિત પાંચ ક્રિયા લાગતી કહી છે, ને છ મહિના પછી મરે તો ચાર ક્રિયા લાગતી કહી, પણ પ્રાણાતિપાતની ક્રિયા લાગે નહીં. એ ઉપરથી છ મહિનામાં આઉખું તૂટવાનો સંભવ રહે છે.

વળી એમ પણ જણાય છે કે, આઉખું શ્વાસોશ્વાસ ઉપર હોવાથી છ મહિનાની હદમાં મરવાથી કાળમાં ઘટવાપણું થાય છે, પરંતુ શ્વાસોશ્વાસ પુરા થઈ લે છે. ઉપક્રમ લાગ્યા બાદ છ મહિનાની હદના શ્વાસોશ્વાસ થઈ શકવા સંભવ છે છ મહિના ઉપરાંત ઘણી મુદતના શ્વાસોશ્વાસ મરણાંતે અંતર્મુહૂર્તમાં થઈ શકવા સંભવ નથી.

પ્રશ્ન ૫૧—કોઈ કહે કે, શ્વાસોશ્વાસ રૂંધવાથી આઉખું તૂટે છે એટલે જેમ આઉખું તૂટ્યું તેમજ શ્વાસોશ્વાસ પણ તૂટે છે

ઉત્તર—શ્વાસોશ્વાસ તૂટતા નથી પણ છ મહિનાની હદમાં શ્વાસોશ્વાસ રૂંધાવાથી ઘણા કાળની મોટી મુદતમાં તે છેવટે અલ્પાંતરના શ્વાસોશ્વાસ થઈ પુરા કરે છે તે છ મહિનાની હદમાં આઉખું તૂટતું હોય તેજ શ્વાસોશ્વાસ પુરા થાય, ઘણા કાળના શ્વાસોશ્વાસ પુરા થઈ શકાય નહીં.

પ્રશ્ન ૫૨—શ્વાસોશ્વાસ અને આઉખું તેને કંઈ સંબંધ નથી. શ્વાસોશ્વાસની પર્યાપ્તિ જૂદી છે. તે પહેલાં ત્રણ પર્યાપ્તિઓ અપર્યાપ્તામાં [illegible] આઉખું અંતર્મુહૂર્તનું ભોગવાય છે, વળી વાટે વહેતા [illegible] શ્વાસોશ્વાસ નથી, માટે શ્વાસોશ્વાસ તો એક બાબત [illegible] છે, માટે આઉખું તૂટે શ્વાસોશ્વાસ [illegible] ને શ્વાસોશ્વાસને [illegible] કે તે બેને કોઈને સંબંધ નથી.

[illegible]

ભવ ખયણં. એટલા-માટે દેવતા નારકીનું આઉખું ભવ સંબંધી ગણાય છે. એટલે દેવતા નારકીનો ભવ પૂરો થયે આયુષ્ય અને સ્થિતિ પૂરી થાય છે. એમ સૂત્રમાં કહ્યું છે, અને મનુષ્ય તિર્યંચનું આઉખું ભવ ઉપર નથી, પણ કાળ ઉપર છે એમ ઠાણાંગ ઠાણે બીજે-ઉદ્દેશે ૩ જે કહ્યું છે. તે સૂત્ર પાઠ—દુવિહે આઉए प० तं० अद्धाउए चेव भवाउए चेव. दोण्हं अद्धाउए प० तं० मणुस्साण चेव पंचेंदिय तिरिक्ख जोणियाणं चेव. दोण्हं भवाउए प० तं० देवाण नेरइयाणं चेव.

અહિં મનુષ્ય તિર્યંચનું કાળ પ્રધાન આયુષ્ય કહ્યું અને દેવતા નારકીનું ભવ પ્રધાન આઉખું કહ્યું—એટલે એનો પરમાર્થ એ છે કે-મનુષ્ય તિર્યંચનું આઉષ્ય કાળ ઉપર છે માટે આઉખું તૂટવાથી કાળનો ઘટાડો થાય છે. પરંતુ છ મહીનાની હદમાં તૂટવાથી શ્વાસોશ્વાસને પૂરા લેવાનો સંભવ રહે છે. કોઇ ઠેકાણે આઉખું તૂટવાને સ્થિતિનો ભેદ થયો માને છે. તે બન્નેને એક રૂપે બોલાવવા આશ્રી જણાય છે એટલે આઉખાને સ્થિતિ રૂપે બોલાવેલ છે. અંતગડ સૂત્રમાં સોમીલનું આઉખું તૂટવાથી ઠિઇમેયं कालं करेइ એવો પાઠ છે. તે આઉખું તૂટવા આશ્રીજ છે, પણ શ્વાસોશ્વાસની અપેક્ષાએ તો સ્થિતિનું ઘટવાપણું નથી. ઠાણાંગજીના ઠાણે ૯ કે-માણુવાળા છાપેલ પાને ૪૩૨ મે કહ્યું છે કે—" સ્થિતિ નામ નિબદ્ધ કર્મ જેટલો બાંધ્યો તેટલોજ ભોગવે " એ ઉપરથી શ્વાસોશ્વાસ પૂરા લેવા સંભવ છે અને આઉખું તૂટવાથી કાળનો ઘટવા સંભવ છે.

પ્રશ્ન ૫૭—નિરૂપક્રમી ઉપક્રમથી, અને સોપક્રમી ઉપક્રમ વિના મરે કે નહીં ?

ઉત્તર—નિરૂપક્રમી ઉપક્રમથી મરે પણ તે સોપક્રમી કહેવાય નહિ. કેમકે ઉપક્રમ લાગે છતે પૂરે આઉખેજ મરે. શ્રીકૃષ્ણ, ગજસુકુમાલ વત્. ગજ સુકુમાલને મહા ઉપસર્ગે મરવું થયું તો પણ તેને ભગવંતે कालंमासे कालंकिच्चा કહેલ છે. સોપક્રમીને કોઇ પ્રકારનો ઉપક્રમ ન લાગે તો પૂરે આઉખે મરે. તથા આઉષ્યના ત્રીજે ભાગે, તથા નવમા ભાગે ઇત્યાદિક કહેલા ભાગે બંધ પડવાથી પણ પૂરે આઉખે મરવા પણું થાય છે. અધુરે આઉખે તો બંધ પડયાના અવસરે ઉપક્રમ લાગવાથી વખતે મરવાપણું થાય તો મરે-ચરમ શરીરીને નિરૂપક્રમી કહ્યા છે, પણ વખતે તેને ઉપક્રમથી મરવું થાય તોપણ પૂરેજ આઉખે મરે; ગજ સુકુમાલની પેઠે.

પ્રશ્ન ૫૪—કેટલાક કહે છે કે–આઉખું તૂટતું નથી પણ જે ઉપક્રમથી મરવાપણું થાય છે તે નિમિત્તરૂપ છે. એટલે કોઇ પ્રકારનો ઉપક્રમ લાગવાથી મૃત્યુ થાય તો વ્યવહારમાં એમ કહેવાય કે અમુક કારણથી મૃત્યુ થયું, પણ તે તેના આઉખેજ મુઓ.

ઉત્તર—જો દરેક જીવ પોતપોતાના આઉખેજ મરતા હોય તો આપણને તેનું પાપ શાનું લાગે? અને આઉખા સંબંધી અનેક ભેદ કહેવાની જરૂર શી? ભગવંતે ઠાણાંગ સૂત્રમાં દેવતા અને નારકી મનુષ્ય અને તિર્યંચના આઉખાના ભેદમાં બે પૂરું આઉખું ભોગવે અને બેનું આઉખું સંકેલાય એમ શા માટે કહેવું પડે? પણ એમ સમજો કે જ્યારે આપણો માર્યો કોઇ જીવ મરે છે ત્યારેજ આપણને પ્રાણાતિપાતની ક્રિયા એટલે પ્રાણનાશ કરવાનું પાપ લાગે છે. નારકી, દેવતા માર્યા મરતા નથી માટે પ્રાણાતિપાતની ક્રિયા લાગતી નથી. મનુષ્ય તિર્યંચમાં સોપક્રમી અને નિરૂપક્રમી બન્ને છે, પણ આપણા જાણવામાં નથી, અને આપણા ઉપક્રમથી અધુરે આઉખે મરવાના સબબે જોકે પૂરે આઉખે મરે તોપણ પ્રાણાતિપાતની ક્રિયા લાગે છે. ભગવતીજીમાં ઉદારિક શરીર આશ્રી એટલાજ માટે પાંચ ક્રિયા કહી છે. એટલે સોપક્રમી આપણા માર્યા મરે છે, માટેજ મનુષ્યતિર્યંચનું આઉખું સંવર્તક કહ્યું છે. એટલે મનુષ્ય તિર્યંચનું આઉખું સંકેલાય છે, અર્થાત્ તૂટે છે. આઉખું તૂટવા સંબંધીમાં ઠાણાંગજીમાં ટીકાકાર ન્યાય આપે છે કે–जहवा दीहारज्जु डज्झइ कालेण पुंजिया खिप्पं એમ રજ્જુનામ દોરડી સળગાવેલી એક છેડાથી બીજે છેડે જતાં જેટલો વખત લાગે તે રજ્જુનું ગુંચળુંવાળી અગ્નિમાં નાખવાથી શીઘ્ર બળી ભસ્મ થાય છે. એટલે પૂર્વે કહેલી મુદતથી ટુંકી મુદતે તે દોરી બળી જાય છે. બીજો ન્યાય એ રીતે છે કે નિરોગી માણસના હમેશાના ખોરાકની ગણતરીએ સંવત્સરનો ખોરાક એકઠો કરેલો, તે માણસને અગ્નિ ભસ્મ રોગના પ્રભાવે વધારે ખોરાક ખાવાથી તે તમામ ખોરાક મુદત પહેલાં ખલાસ થાય છે. તેમ આઉખું સંકેલાય છે એટલે તે બે ન્યાય શ્વાસોશ્વાસ ઉપર વધારે લાગુ થાય છે. કેમકે શ્વાસોશ્વાસ વધારે લેવાથી આઉખાના કાળની હદ પહેલાં તેના શ્વાસોશ્વાસ પૂરા થવાથી જીવિતવ્યની હદ પણ પૂરી થઈ રહે છે. અર્થાત્ આઉખું તૂટવાના સંબંધમાં કાળનું ઘટવાપણું થાય છે અને શ્વાસોશ્વાસ પૂરા લેવાય છે. તેને આઉખું તૂટ્યું કહેવાય છે.

તેનો ખુલાસો થી જેતપુરમાં કામદાર શામજી ખોડાભાઇના ઉપાશ્રયના ભંડારમાં છવ્વીશ હજારું ઠાણાંગ સૂત્ર ઘણા અર્થનું છે, તેના પાને

૨૦૧ મે, સાતમે ઠાણે સાત પ્રકારે આઉખું તૂટવાના અધિકારમાં ઉપરની તમામ હકીકત લખી છે તેમાં લખ્યું છે કે—જેટલું આઉખું છે તે તેટલા કર્મના દળ પ્રદેશે કરીને ભોગવેજ. અનુભાગ થકી વિકલ્પ (એટલે વિપાક ઉદયમાં) તે ન ભોગવે. આઉખું સંકેલી મરે તોપણ પૂરૂં આઉખું ભોગવાણુંજ કહીએ તે શ્વાસોશ્વાસ પૂરા લે પણ કાળ પૂરા ન કરે એમ કહ્યું છે.

વળી "સ્વાનુભવ દર્પણ" માં પણ શ્વાસોશ્વાસ ઉપર આઉખું કહ્યું છે. જુઓ પાને ૭૬ મે પંડિત લાલન કહે છે કે—મન સંકલ્પ વિકલ્પ કરતું બંધ થાય તો શ્વાસોચ્છ્વાસ ઓછા ચાલે, અને આવરદાનો આધાર શ્વાસોશ્વાસ ઉપર વસ્તુતઃ છે, એટલે આટલા અબજ કે આટલા પરાર્ધ શ્વાસોશ્વાસ માણસ કે ઇતર પ્રાણી જીવે. હવે સંકલ્પ વિકલ્પ અમુક કરૂં, તમુક કરૂં એમ વિચારતાં શ્વાસોશ્વાસ અધિક લેવાઇ જવાય છે, અને તેને લીધે આવરદા ઘટતું ચાલે છે વર્ષપર આયુષ્યનું પ્રમાણ સ્થૂલથી છે, પરંતુ સ્વરોદય શાસ્ત્ર ને યોગ ગ્રંથોમાં આવરદા શ્વાસોશ્વાસપરથી ગણ્યું છે. એટલે કે જેટલા શ્વાસોશ્વાસ પૂર્વ ભવે આયુ કર્મના એક વેલાએ બાંધ્યા હોય તેટલા શ્વાસોશ્વાસ એક વ્યક્તિ જીવે. હવે શ્વાસોશ્વાસ બહુ ધીમા ચાલે તો ઘણીવાર જીવે. એ વાત નિયમિત છે. પરન્તુ તેથી કાંઇ આવરદા વધ્યું નહીં. શ્વાસોશ્વાસ પૂર્વે બાંધ્યા હતા તેટલાજ છે, પણ તે લે છે હળવે હળવે શાંત રીતે એટલે કે—વધારે કાળ ચાલે. એક કુવો હોય અને તેમા પમ્પ નાખ્યો હોય અને પછી પમ્પ જલદી જલદી ચલાવિયે તો પાણી થોડા વખતમાં ઘણું ચાલ્યું જાય તેમ દેહરૂપી કુવામાંથી આયુરૂપ જળ અને શ્વાસોશ્વાસ પમ્પ જલદી જલદી ઘણા ઘણા મનના તરંગો સંકલ્પ વિકલ્પ કરી તે જલદી જલદી બહાર નકાળી આયુજળ ખુટી જાય તેમા શું આશ્ચર્ય ?

તેમજ "જૈન ધર્મ પ્રકાશ" પુસ્તક ૩૬ મું, અંક ત્રીજો, જ્યેઠ સંવત ૧૯૭૬. વીર સંવત ૨૪૪૬ માં પૃષ્ઠ ૬૮ મે પ્રશ્નોત્તરમાં લખ્યું છે કે—

પ્રશ્ન—સોપક્રમી આયુવંત જીવ અકાળે મુઓ એમ કહેવાય ?

ઉત્તર—વેદના, કષાયાદિક તથા પ્રકારના ઉપક્રમવડે ઉપઘાત લાગવાથી સર્વે આયુ કર્મનાં દળીયાં પ્રદેશોદયે ભોગવી લઇ થોડાજ વખતમાં પૂરાં કરી દીધાં હોય તેટલાંજ કર્મદળ વિપાકોદયે ભોગવતાં વધારે વખત લાગે પણ પ્રદેશોદયે તે બધાં દળ અલ્પ કાળમાં ભોગવી લીધાં હોય તો તે અપેક્ષાએ અકાળ મરણ કર્યું લેખી શકાય.

પ્રશ્ન ૫૫--ઉપદ્રવથી આઉખું ભેદાય એવો કોઇ સૂત્રનો દાખલો છે?

ઉત્તર--હા સાંભળો,-પ્રશ્ન વ્યાકરણ સૂત્રના પહેલા આશ્રવદ્વારમાં આગમવાળા છાપેલ પાને ૧૩ મે-મૂળ પાઠમાં કહ્યું છે કે—

आउय कम्मस्सुवद्दवो भेयणिठ्ठवण गालणाय संवट्टगसंखेओ १२.

અથ ટીકા—आउयकम्मस्सुवद्दवो भेय निठ्ठवण गालणाय संवट्टग संखे-वोपिअंसु कर्मण उपद्रव इतिश तस्यैव भेद-इतिश नाशापन मितियातद्वारनेति वाचसमुच्चये तत्संवर्तक इतिश इह स्वार्थेक तन् संक्षेप इति वा प्राग वक्ष्यनामद् तेषां उपद्रवादीनामेक तरस्येवगणनेन नाम्ना त्रिशत्पूरणीया आयुच्छेद लक्षणार्थो पेक्षया सर्वेषामे तेषा मेक्तत्वादिति १२. અથ ભાવાઃ—આઉખા કર્મનો ઉપમર્દન નીહાડવો આઉખાનો ભેદ પમાડવો આઉખાનો ગાળવો ઓછાનો કરવો સંખેપનો કરવો. ૧૨.

ઉપરના પાઠ ઉપરથી એમ જણાય છે કે આઉખાનો ભેદ થાય છે, તેનું ગળવાપણું થાય છે, આઉખાનું સંવર્તન થાય છે-સંકેલાય છે; અર્થાત્ આઉખું તૂટે છે.

ટીકાકારના લખાણ ઉપરથી એમ પણ જણાય છે કે-આઉખાના ભેદના લક્ષણના ત્રણસે ભેદ કહ્યા હોય એમ જણાય છે.

પ્રશ્ન ૫૬--દરેક પ્રાણી પોતપોતાના આઉખે (આઉષ્ય કાળ પૂરો થયે) મરે કે અકાળે પણ મરે? અથવા ઉદય આવેલું આઉખું ભોગવતાં ઉદીરણા કરી આઉખું નજીક લાવી શકાય કે કેમ?

ઉત્તર—ભગવતીજી શતક ૨૪ મે, તથા ૨૫ મે સંજ્યા નિયંઠાના અધિકારે સાત આઠ કર્મની ઉદીરણા થાય છે એમ કહ્યું છે. એ ઉપરથી એમ જણાય છે કે-ઉદય આવનારા કર્મની ઉદીરણા કરવાથી ઉદય આવે છે અને તે લાંબી સ્થિતિનાં હોય તેને નજીકની સ્થિતિનાં કરવાં સંભવ છે. તે ઉપરના દાખલાથી સાબીત થાય છે. અને અકાળ મૃત્યુને માટે દિગમ્બર મતના ભગવતી આરાધના ગ્રંથમાં એ વિષે સારો ખુલાસો લખ્યો છે.

પ્રશ્ન ૫૭—ભગવતી આરાધનામાં શું લખ્યું છે તે જણાવશો?

ઉત્તર—હા, સાંભળો. દિગમ્બર મતનો ભગવતી આરાધના ગ્રંથ તેના પાને ૬૯૨મે અકાળ મૃત્યુ વિષે લખ્યું છે કે —

पढमं असंत वय्णं, समूदत्थस्स होदि पडिसेहोः णत्थि णरस्सअकाले मच्चुत्तिजधेव मादीयं २३

અર્થ—જો વિદ્યમાન પદાર્થકા પ્રતિષેધ કરના સો પ્રથમ અસત્ય હૈ. જૈસે કર્મ ભૂમિકા મનુષ્ય કે અકાલમેં મૃત્યુકા નિષેધ કરના ઇત્યાદિક પ્રથમ અસત્ય હૈ.

ભાવાર્થ—દેવ નારકી તથા ભોગ ભૂમિકા મનુષ્ય તિર્યંચ ઇનિકેનો આયુકા બીચમેં ભંગ નહી હોય હૈ. જિતની આયુકી સ્થિતિ બાંધિ કરિ ઉપજ્યાતિનની આયુ ભોગી મુકયા હી મરણ હોય હૈ અરકર્મ ભૂમિકા મનુષ્ય તથા તિર્યંચનિકી આયુ બાહ્યનિમિત્તકા વશ થકી છિદિ જાય હૈ. સોહી ગોમ્મટસાર ગ્રંથમેં કહ્યા હૈ ॥ ગાથા

विसवेयणरत्तक्खय, भयसत्थग्गहणसंकिलेसेहिं;

उस्सा साहाराणं, णिरोहदो छिज्जदे आऊ ॥१॥

અર્થ:—વિષ ભક્ષણ કરિ ૧ તથા મારણ, તાડન છેદન, બંધનરૂપ વેદના કરિ તથા રોગ જનિત વેદના કરિ,૨ તથા દેહથકી રૂધિરકા નાશ હોને કરિ,૩ તથા મનુષ્ય તિર્યંચ દુષ્ટ દેવ વા અચેતન વજ્ર પાતાદિકનિ તેં ઉપજ્યા ભય કરિકે,૪ તથા શસ્ત્ર કે ઘાત કરિ,૫ તથા અગ્નિ, પવન જલ કલહ વિસંવાદ ઇત્યાદિ જનિત સંક્લેશ કરિ,૬ તથા શ્વાસોચ્છ્વાસકા રૂકને કરિ૭ તથા આહાર પાનાદિકકા નિરોધ કરિ ૮ આયુકા છેદન હોય હૈ, નાશ હોય હૈ, આયુકી દીર્ઘ સ્થિતિ ભી હોય તો ઇતને બાહ્ય નિમિત્ત નિ તેં છિદિ જાય હૈ. ॥

પ્રશ્ન ૫૮—કિતનેક લોક ઐસેં કહે હૈં-આયુકા સ્થિતિ બંધ કિયા, સો નહી છિદે હૈ. (એમ ચાલતા અધિકારમાં કહ્યું છે.)

તિનકું ઉત્તર કહે હૈં—જો, આયુ નહીં હી છિદતા તો વિષ ભક્ષણ તેં કોણ પરાક્ સુખ હોતા? અર ઉત્પાત વિષ પરિ કિસ વાસ્તે દેતેં? અર શસ્ત્રકાઘાત તેં ભય કૌન વાસ્તે કરતે? અરસર્પ હસ્તી સિંહ દુષ્ટ મનુષ્યાદિક નિકું દૂરિ હી તેં કૈસે પરિહાર કરતે? અર નદી સમુદ્ર કૂપ વાપિકા તથા અગીકી જ્વાલા મેં પતન તેં કૌન ભયભીત હોતા? (મરકીકા પ્લેગકા ભયસેં કેમ ભયભીત હોતા? નાશભાગ કેમ કરતા?) જો આયુ પૂર્ણ હુવા બિના તો મરણ હી નહીં તો રોગાદિકકા ઇલાજ કાહેકૂં કરતે? તાતેં યહ નિશ્ચય જાણહુ—જો આયુકા ઘાતકા બાહ્ય નિમિત્ત મિલિ જાય, તો તત્કાળ આયુકા ઘાત હોયહીજાય, ઇસમેં સંશય નહીં હૈ. બહુરિ આયુ

કર્મકી નાંઇ અન્ય કર્મભી જો બાહ્ય નિમિત્ત પરિપુર્ણ મિલિ જાય, તો ઉદય હોય હી જાય, નીંબ ભક્ષણ કરેગા તાકે તત્કાળ અશાતા વેદનીય ઉદય આવે હે, મિશ્રી ઇત્યાદિક ઇષ્ટ વસ્તુ ભક્ષણ કરે તાકે શાતા વેદની ઉદય આવે હી હે તથા વસ્ત્રાદિક આડે આ જાય ચક્ષુ દ્વારે મતિ જ્ઞાન રૂકિ જાય, કર્ણ મેં ડાટા દેવે તો કર્ણદ્વારે મતિજ્ઞાન રૂકિ જાય, ઐસે હી અન્ય ઇંદ્રિય નિકે દ્વારે જ્ઞાન રૂકે હી હે. વિષાદિક દ્રવ્યતેં શ્રુત જ્ઞાન રૂકિ જાય હે, ભેંસિકા દહી લશુન ખલિ ઇત્યાદિક દ્રવ્યકે ભક્ષણ તેં નિદ્રા વીનતા હોય હી હે. કુદેવ કુકર્મ કુશાસ્ત્રકી ઉપાસના તેં મિથ્યાત્વ કર્મકા ઉદય આવે હી હે. કષાય નિકે કારણ મિલે કષાયનિકી ઉદીરણા હોવે હી હે. પુરૂષકા શરીરકૂં તથા સ્ત્રીકા શરીરકૂં સ્પર્શન દર્શનાદિક કરી વેદકી ઉદીરણા તે કામકી વેદના પ્રજ્વલિત હોય હી હે. અરતિ કર્મકૂં ઇષ્ટ વિયોગ, શોક કર્મકૂં સુપુત્રાદિક મરણ ઇત્યાદિક કર્મકા ઉદય ઉદીરણા નિકૂં કરે હી હે.

તા તે અસા તાત્પર્ય જાનના-ઇસ જીવકે અનાદિકા કર્મબંધ ચલ્યા આવે હે, અર સમય સમય નવીન નવીન બંધ હોય હે, અર સમય સમય પુરાતન કર્મ રસ દેય દેય નિર્જરે હે. સો જૈસા બાહ્ય દ્રવ્યક્ષેત્ર કાળભાવ મિલિ જાય, તૈસા ઉદય મેં આ જાય, તથા ઉદીરણા હોય ઉદય રસ દેવૈ. અર જો કોઉ યા કહે " કર્મ કરેગા સો હોયગા ' તો કર્મ તો જીવકે સર્વહી પાપ પુણ્ય રૂપ સત્તામેં મોજૂદ તિષ્ટે હે જૈસા જૈસા બાહ્ય નિમિત્ત પ્રબળ મિલેગા, તૈસા તૈસા ઉદય આવેગા, અર જો બાહ્ય નિમિત્ત કર્મકા ઉદયકૂં કારણ નહીં હોય તો, દીક્ષા લેના, શિક્ષા દેના, તપશ્ચર્યા કરના, સત્સંગતિ કરના, વાણિજ્ય વ્યવહાર કરના, રાજ સેવાદિક કર્મ ખેતી કરના, ઔષધી સેવન કરના, ઇત્યાદિક સર્વ વ્યવહારકા લોપ હો જાય તા તેં એસેં ભગવાનકા પરમાગમસૂં નિશ્ચય કરના "જો આયુકર્મકે પરમાણું તો સાઠિ વરસ પર્યંત સમય સમય ઉદય આવના જોગ્ય નિષે નિમેં વાંટાનેં પ્રાપ્ત ભયા હોય અર બીચિમેં વીસ વર્ષકી અવસ્થા હી મેં જો વિષ શસ્ત્રાદિકકા નિમિત્ત મિલિ જાય તો ચાલીસ વર્ષ પર્યંત કર્મકા નિષેક સમય સમય નિર્જરતા સો અંતર્મુહૂર્તમેં ઉદીરણા નેં પ્રાપ્ત હોય ઇકઠ્ઠા નાશનેં પ્રાપ્ત હોય, સો અકાળ મરણ હેં જાતે નિર્જરાકા આ સરતો નિષેકનિકા સમય સમય મેં થા, અર સર્વ ચાલીસ વર્ષમેં નિર્જરતે તેકા અંતર્મુહૂર્તમેં નિર્જરા નેં પ્રાપ્ત હુવા, તા તેં અકાળ મરણ હે, સો બાહ્ય નિમિત્ત મિલે કર્મ ભૂમીકે મનુષ્ય તિર્યંચનિકે અકાળ મૃત્યુ હો

ડં," અર કોઉ તાકા નિષેધ કરે તો સત્યાર્થકા નિષેધ કરના નામા પડલા અસત્ય જાનના.

(ઇતિ ભગવતિ આરાધના)

પ્રશ્ન ૫૯—આઉખા કર્મની ઉદીરણા કેવી રીતે થાય ?

ઉત્તર—દ્વિતીય કર્મ ગ્રંથમાં પાને ૩૦૯ મે કહ્યું છે કે-ઉદીરણા એટલે ઉદયાવલિ ઉપરાંત દલિયા તથા રસ આકર્ષી ઉદયાવલિ માંહે આણી ભોગવે તેના ઉદય થકી જે વિશેષ સ્વામીત્વપણું તેને ઉદીરણા કહીએ.

જે માટે મનુષ્યાયુ પ્રમત્તના યોગે કરી ઉદીરીએ તેથી બહુ કાળ વેદવા યોગ્ય તે થોડા કાળમાં વેદી, અપવર્તનકરણ વિશેષે કરી વેદે તેથી સોપક્રમ આયુ હોય તે અકાળ મરણ પામે, અને અપ્રમાદિક ગુણઠાણે અકાળ મરણ ન હોય તથા શાતા અશાતાની ઉદીરણા પણ પ્રમત્તપણે હોય.

ધર્મસિંહ મુનિ (દરિયાપરી) નો કરેલો દશ દ્વારનો જીવઠાણા (ગુણઠાણા) નો થોકડો છે તેમાં નવમા ગુણઠાણા સુધી આઉખા કર્મની ઉદીરણા કહી છે. તો તેમના અનુયાયીને પૂછવું કે આઉખાની ઉદીરણાનો અર્થ શું ? તમે આઉખાની ઉદીરણા કેવી રીતે માનો છો ?

ભગવતી સૂત્રના ભાષાન્તરમાં પાને ૩૦ મે ઉદીરણાના અર્થમાં કહ્યું છે કે-જે કર્મ ઉદયને પ્રાપ્ત થયું નથી અર્થાત્ ઉદયે આવ્યું નથી. પણ આગામી કાળે જે કર્મના દલિયા વેદવાના છે, તેને આકર્ષી ઉદયમાં લાવવા તે ઉદીરણા કહેવાય છે.

પ્રશ્ન ૬૦—અકાળ મૃત્યુ થવાનો કોઇ અન્યમતના પ્રમાણિક શાસ્રનો કોઇ સબલ દાખલો છે ?

ઉત્તર—હાજી સાંભળો, સુશ્રુત-આયુર્વેદઃ સૂત્રસ્થાન-અધ્યાય ૩૪ મો, પાને ૧૮૯ મે, અંક ૪ થો. ગુજરાતી ભાષાન્તર-વેદ ધર્મ સભાની કાર્યભાર મંડળી તરફથી સંવત્ ૧૯૫૭ માં છપાયું છે-તેમાં કહ્યું છે કે—

કાળ મૃત્યુથીજ મરણ થાય છે એમ નથી પણ અકાળ મૃત્યુઓથી પણ મરણ થાય છે માટે અકાળ મૃત્યુઓથી બચાવ કરવાને માટે વૈદ્યની અને પુરોહિતની જરૂર છે.

મૃત્યુ એક નથી પણ એકસો અને એક છે. એમ અથર્વ વેદના આચાર્યો કહે છે. એ મૃત્યુઓમાં કાળ મૃત્યુ તો એકજ છે અને બાકીના સઘળા તો અકાળ મૃત્યુઓજ છે. (આમ છે એટલા માટે પ્રાણીઓનું મરણ

કરવા નિત્ય ચતુર્જ નથી એવી અનાદી પક્કડ રાખવી નહીં) ઔષધિઓ પ્રતિકુળતા ધરાવનાર વૈદે અને મંત્રોમાં પ્રતિકુળતા ધરાવનાર પુરોહિતે જ્વર આદિ રોગોથી થતા મૃત્યુઓથી, અને વિષ પ્રયોગાદિકથી થતા મૃત્યુઓથી સર્વદા પ્રયત્ન પૂર્વક રાજાનું રક્ષણ કરવું. ઇતિ

પ્રશ્ન ૬૧—જીવ છ [illegible] લઈને આવે છે તેમાં વધઘટ થાય કે નહીં?

ઉત્તર—સાત કર્મ આશ્રી તો વધઘટ થાય છે. જેમ ભગવતીજી તથા ઉત્તરાધ્યયનના ૨૯ મા અધ્યયન વગેરે સૂત્રોમાં કહ્યું છે કે-મંદરસના [illegible] ને તીવ્ર રસના થાય છે અને તીવ્ર રસનાં મંદરસ થાય છે. ઘણા પ્રદેશના અલ્પ પ્રદેશ થાય છે ને અલ્પ પ્રદેશનાં ઘણા પ્રદેશ થાય છે. ઘણા કાળની સ્થિતિના હોય તે અલ્પ કાળની સ્થિતિના થાય છે ને અલ્પ કાળની સ્થિતિના, ઘણા કાળની સ્થિતિનાં થાય છે.

પણ આઉખા કર્મ આશ્રી તો ઠાણાંગ સૂત્ર વગેરેમા કહ્યા પ્રમાણે [illegible] આઉખું તૂટે છે. એટલે આઉખું તૂટે, ખરૂં પણ [illegible] કર્મને [illegible] છે. પણ આઉખું તો વધતુંજ [illegible] નથી અને [illegible] સંબંધમાં સ્થિતિ [illegible] વધારે [illegible] જણાય છે [illegible]

પ્રશ્ન ૬૨—[illegible]?

[illegible]

પ્રશ્ન ૬૩—સાધુને સાત ભયના ટાળણહાર કહ્યા છે. સૂત્રમાં કહ્યું છે કે જીવિતંઆની આશા અને મરણના ભય થકી મૂકાયેલા છે, તો સાધુને કોઈ ભયથી નાશવાનું હોય ખરૂં ?

ઉત્તર—દ્રઢ મનવાળો ન નાસે તો ભગવંતની ફરજીયાત નથી. પણ એમ જાણે કે વખતે મારૂં અકાળ મરણ થાય, જો કે સાધુને મરણનો ભય ન હોય પણ રહેવાથી અશ્રેય જણાય તો તેવું (ભયવાળું) સ્થળ મૂકી દે. એમ ઠાણાંગઠાણે ૫ મે, ઉદ્દેશે ૨ જે, બાબુવાળા છાપેલ પાને ૩૯૫ મે કહ્યું છે કે-સાધુ સાધ્વીને ગંગાદિક પાંચ મહા નદીઓ એક માસમા બે ત્રણવાર નાવાથી તથા ભુજાથી ઉતરવી ન કલ્પે, પણ પાંચ કારણે (અપવાદમાર્ગે) કલ્પે તેમાં પહેલોજ બોલ " भयं सिवा " કહેલ છે. એટલે ભયથી (ગમે તે ભયથી) ૧, દુકાળથી ૨, કોઇ શત્રુ ઉપાડીને ગંગાદિકમાં નાખે તેથી ૩, ગંગાદિક નદીનું પાણી ઉન્માર્ગે આવતાં ૪, અનાર્ય મ્લેચ્છનું કટક આવતાં ૫, (એ પાંચે કારણ મરણથી બચવાનાં છે.)

તેમજ ચોમાસામાં સાધુ સાધ્વીને વર્ષાકાળમાં (ચોમાસાને વિષે) વિહાર કરવો ન કલ્પે, પણ ઉપર કહ્યાં પાંચ કારણે ચોમાસામાં વિહાર કરવો કલ્પે. તેમાં પણ પ્રથમ " भयं सिवा " કહેલ છે.

માટે ભય તો ૭ કહ્યા તેમાં મોટો ભય મરણનો ગણાય. માટે ત્રાસદાયક મરકી (પ્લેગ) પ્રમુખના ઉપદ્રવે, મરણના ભયથી ચોમાસામાં નાશવાથી ભગવંતની આજ્ઞાનો ભંગ નથી. તેમજ તેવા ભયવાળા સ્થળે નહિ જતા સંયમનો નિર્વાહ થાય તેમ કરવાને સાધુ સાધ્વીને ભગવંતની આજ્ઞાનો ભંગ થતો હોય એમ જણાતું નથી.

આઉખું તૂટવું નહિ માનનારાઓને મરણનો ભય હોવો ન જોઇએ. જો ન હોય તો મરકીના (પ્લેગના) ઉપદ્રવથી તેના ભયથી શા માટે નાસતા હશે ? જો મરણના ભયથી નાસતા હોય તો તેઓની માન્યતાનો ભંગ થયો ગણાય. કારણ કે આઉખું તૂટતું નથી છ બોલમાં વધઘટ થતી નથી એમ બોલનારાઓને મરણનો ભય નજ હોવો જાઇએ. મરણનો ભય ન હોય તો મરકીના ઉપદ્રવથી ભય પામી નાસે પણ નહિ. એમ તો જોવામાં આવતું નથી. માટે અહો મહાનુભાવ ? ભગવંતના વચનને આગળ કરી આઉખું તૂટવું માનશો. મરણનો ભય રાખશો તો કોઇ વખત બચાવ પણ થશે. સાધુ સાધવીને પણ મરણાદિકના ભયથી ચોમાસામાં પણ ગામ છોડીને ચાલ્યા જવાની ભગવંતે આજ્ઞા આપી છે, પણ એમ તો કહ્યું નથી કે હે! મારા સાધુ સાધવીઓ ! તમારે મરણનો ભય રાખવો નહિ, આઉખું તૂટતું

કાળ વિના થતુંજ નથી એવી અનાદી પક્કડ રાખવી નહીં) ઔષધોમાં પ્રવીણતા ધરાવનારા વૈદ્યે અને મંત્રોમાં પ્રવીણતા ધરાવનારા પુરોહિતે વાત આદિ દોષોથી થતા મૃત્યુઓથી, અને વિષ પ્રયોગાદિકથી થતા મૃત્યુઓથી સર્વદા પ્રયત્ન પૂર્વક રાજાનું રક્ષણ કરવું. ઇતિ.

પ્રશ્ન ૬૧—જીવ ૭ બોલ લઇને આવે છે તેમાં વધઘટ થાય કે નહીં?

ઉત્તર—સાત કર્મ આશ્રી તો વધઘટ થાય છે. એમ ભગવતીજી તથા ઉત્તરાધ્યયનના ૨૯ મા અધ્યયન વગેરે સૂત્રોમાં કહ્યું છે કે–મંદરસના હોય તે તીવ્ર રસનાં થાય છે અને તીવ્ર રસનાં મંદરસ થાય છે. ઘણા પ્રદેશનાં અલ્પ પ્રદેશ થાય છે ને અલ્પ પ્રદેશનાં ઘણા પ્રદેશ થાય છે. ઘણા કાળની સ્થિતિના હોય તે અલ્પ કાળની સ્થિતિનાં થાય છે ને અલ્પ કાળની સ્થિતિના ઘણા કાળની સ્થિતિનાં થાય છે.

પણ આઉખા કર્મ આશ્રી તો ઠાણાંગ સૂત્ર વગેરેમાં કહ્યા પ્રમાણે સાત પ્રકારે આઉખું તૂટે છે. એટલે આઉખું તૂટે, બરું પણ વધે નહિ. સાત કર્મને વધવા ઘટવાનું બન્ને કહેલ છે. પણ આઉખું તો ઘટવુંજ કહ્યું છે તેને કોઇ સૂત્રમાં વધવું કહ્યું નથી. અને ઘટવાના સંબંધમાં સ્થિતિનો પ્રતિઘાત થયે બધા બોલનો પ્રતિઘાત થાય–એ વિષે વધારે ખુલાસો પ્રથમ ઠાણાંગજીના પાંચમા ઠાણાનો અપાઇ ગયો છે ત્યાંથી જાણી લેવો.

પ્રશ્ન ૬૨—ભય કેટલા પ્રકારના?

ઉત્તર—ઠાણાંગઠાણે ૭ મે બાબુવાળા છાપેલા પાને ૪૪૫ મે સાત પ્રકારના ભય કહ્યા છે તે સૂત્રપાઠ–सत्त भय ठाणा पणता तंजह । इहलोगभए, परलोगभए २, आदाणभए ३, अकम्हाभए ४, वेयणाभए ५, मरणभए ६, असिलोगभए ७ ॥

ભાવાઃ—સાત ભયનાં સ્થાન કહ્યાં તે કહે છે ઇહ લોક ભય તે, પોતાની જાતિનો (મનુષ્યાદિકનો) ભય ૧, પરલોકભય તે, દેવાદિક તથા સિંહાદિક તિર્યંચ જાતિનો ભય ૨, આદાનભય તે, ચોરાદિકનો ભય ૩, અકસ્માતભય તે, બાહ્ય નિમિત્ત કારણ, કારમો (અચાનક) સર્પાદિકથી ભય ઉત્પન્ન થાય તે ૪, વેદનાભય તે, વેદનાનો પીડાનો ભય ૫, મરણભય તે, મરવ નો ભય (મરકી પ્લેગ પ્રમુખથી થતા ભય) ૬, અશ્લોકભય તે, અપયશનો ભય ૭ ॥ એ સાત ભય કહ્યા.

પ્રશ્ન ૬૮—સાધુને સાત ભયના ટાળણહાર કહ્યા છે. સૂત્રમાં કહ્યું છે કે જીવિતવ્યની આશા અને મરણના ભય થકી મૂકાયેલા છે, તો સાધુને કોઈ ભયથી નાશવાનું હોય ખરૂં ?

ઉત્તર—દૃઢ મનવાળો ન નાસે તો ભગવંતની ફરજીયાત નથી. પણ એમ જાણે કે વખતે મારૂં અકાળ મરણ થાય, જો કે સાધુને મરણનો ભય ન હોય પણ રહેવાથી અયોગ્ય જણાય તો તેવું (ભયવાળું) સ્થળ મૂકી દે. એમ ઠાણાંગઠાણે ૫ મે, ઉદ્દેશે ૨ જે, બાબુવાળા છાપેલ પાને ૩૬૫ મે કહ્યું છે કે-સાધુ સાધ્વીને ગંગાદિક પાંચ મહા નદીઓ એક માસમા બે ત્રણવાર નાવાથી તથા ભુજાથી ઉતરવી ન કલ્પે, પણ પાંચ કારણે (અપવાદમાર્ગે) કલ્પે તેમાં પહેલોજ બોલ "ભયં સિવા" કહેલ છે એટલે ભયથી (ગમે તે ભયથી) ૧, દુકાળથી ૨, કોઇ શત્રુ ઉપાડીને ગંગાદિકમાં નાખે તેથી ૩, ગંગાદિક નદીનું પાણી ઉન્માર્ગે આવતાં ૪, અનાર્ય મ્લેચ્છનું કટક આવતાં ૫, (એ પાંચ કારણ મરણથી બચવાનાં છે.)

તેમજ ચોમાસામાં સાધુ સાધ્વીને વર્ષાકાળમાં (ચોમાસાને વિષે) વિહાર કરવો ન કલ્પે, પણ ઉપર કહ્યાં પાંચ કારણે ચોમાસામાં વિહાર કરવો કલ્પે. તેમાં પણ પ્રથમ "ભયં સિવા" કહેલ છે.

માટે ભય તો ૭ કહ્યા તેમાં મોટો ભય મરણનો ગણાય. માટે ત્રાસદાયક મરકી (પ્લેગ) પ્રમુખના ઉપદ્રવે, મરણના ભયથી ચોમાસામાં નાસવાથી ભગવંતની આજ્ઞાનો ભંગ નથી. તેમજ તેવા ભયવાળા સ્થળે નહિ જતા સંયમનો નિર્વાહ થાય તેમ કરવાને સાધુ સાધ્વીને ભગવંતની આજ્ઞાનો ભંગ થતો હોય એમ જણાતું નથી.

આઉખું તૂટતું નહિ માનનારાઓને મરણનો ભય હોવો ન જોઇએ. જો ન હોય તો મરકીના (પ્લેગના) ઉપદ્રવથી તેના ભયથી શા માટે નાસતા હશે ? જો મરણના ભયથી નાસતા હોય તો તેઓની માન્યતાનો ભંગ થયો ગણાય. કારણ કે આઉખું તૂટતું નથી છ બોલમા વધઘટ થતી નથી એમ બોલનારાઓને મરણનો ભય નજ હોવો જોઇએ. મરણનો ભય ન હોય તો મરકીના ઉપદ્રવથી ભય પામી નાસે પણ નહિ. એમ તો જોવામાં આવતું નથી. માટે અહો મહાનુભાવ ? ભગવંતના વચનને આગળ કરી આઉખું તૂટતું માનશો. મરણનો ભય રાખશો તો કોઇ વખત બચાવ પણ થાશે. સાધુ સાધવીને પણ મરણાદિકના ભયથી ચોમાસામાં પણ ગામ છોડીને ચાલ્યા જવાની ભગવંતે આજ્ઞા આપી છે, પણ એમ તો કહ્યું નથી કે હે ! મારા સાધુ સાધવીઓ ! તમારે મરણનો ભય રાખવો નહિ, આઉખું તૂટતું

નથી; છ બોલમાં કોઇ વધઘટ કરવા સમર્થ નથી, માટે તમારે મરણ સંબંધીનો કોઇ પ્રકારનો ભય રાખવો નહીં. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો વિચાર કરી મુનિઓને સમયાનુસાર વર્તવા ભગવંતનું ફરમાન છે. માટે વ્યવહાર નયની અપેક્ષાએ આઉખું તૂટવું માનવાવાળાને જેમ પોતાના મરણનો ભય પ્રાપ્ત થાય છે તેમ બીજા પ્રાણિઓ પણ એજ પ્રમાણે મરણના ભયથી ત્રાસ પામે છે, માટે જેમ પોતાનું તેમ ઇતર પ્રાણીઓનું રક્ષણ કરવું અને મરણના ભયથી બચાવવો.

પ્રશ્ન ૬૪—આઉખું તૂટવાનો તથા અકાળ મરણનો કેટલાક એવો અર્થ કરે છે કે-જેમ આંબાનાં ફળ પરિપકવ થયા હોય તોપણ તે વૃક્ષથી તૂટી હેઠે પડે તેને ફળ તૂટયું કહે છે તેમ આઉખું પરિપકવ થયે પણ મરવાથી આઉખું તૂટવું ગણાય છે. એટલે સ્વભાવે મરવું થાય તો આઉખું તૂટયું કહેવાતું નથી અને કોઇ ઉપક્રમથી મરવું થાય છે તો આઉખું તૂટયું કહે છે.

તેમજ અકાળ મરણ પણ, જે મરવાનો કાળ કે જે જે સમયમાં જેટલું જેટલું આઉખું કહ્યું છે, જેમકે આ કાળમાં સો વર્ષનું આઉખું ગણાય તે સો વર્ષે યા વૃદ્ધાવસ્થામાં મરે તો તે મરવાના કાળે મઓ કહેવાય, પણ બાલવયમાં કે યૌવન વયમાં મરે તો અકાળે મુઓ કહેવાય. વળી સ્વાભાવિક વાત, પીત, કફ આદિ રોગોથી ગમે તે અવસ્થામાં મરે તોપણ તે અકાળ મૃત્યુમાં ગણાતો નથી પણ કોઇ ઉપદ્રવથી તથા ઉપક્રમથી ગમે ત્યારે મરે તેનું અકાળ મૃત્યુ કહેવાય છે. તેથી તે ઓછે આઉખે મુઓ અથવા આઉખું તૂટયું કહેવાય નહિ. આઉખું તો પૂર્વે બાંધેલું તેટલુંજ ભોગવ્યું સમજાય.

ઉત્તર—એ વાત ખરી છે, પણ દીપકના દ્રષ્ટાંતે જેમ સેંકડા હજારો દીવા બળતા હોય તેમાં પવનનો ઝપાટો લાગવાથી તથા ઝાપટ મારવાથી જેમ દીપકનું બુઝાવાપણું થાય છે, તેમ આંબાના વૃક્ષને કોઇ માણસ ઝડેડે ત્યારે પાકાં અને કાચાં ફળ પરિપકવ અને અપરિપકવ મોરથી માંડી નાનાં મોટાં ફળને ખરી જવાપણું થાય છે, તથા પ્રચંડ વાયુના વાવાઝોડાથી પણ વૃક્ષને ઝડેડી ફળાદિકને ખેરવી પાડે છે. તે ન્યાયે ઠાણાંગજીમાં પણ સાત પ્રકારે આઉખું તૂટવાના ઠેકાણે કોઇ કોઇ ગ્રન્થમાં 'ભિજ્જઇ' એવો પણ પાઠ છે. એટલે એ સાત પ્રકારના ઉપક્રમે આઉખાને ઝડેડે છે. ઉદ્વર્તન રહિત કરે છે. તેમજ આઉખાની હદ સુધી સ્થીરતાપણે નહિ પહોંચતાં અંતરે મરવું થાય તેને શાસ્ત્રમાં અકાળ મૃત્યુ કહેલ છે.

એમ ઘણા સૂત્રના ન્યાયથી આઉખું તૂટવું સાબીત થાય છે. પ્ર
તો ઠાણાંગજીના ૭ મે ઠાણે સાત પ્રકારે આયુ ભેદાય છે. ૧–અંતગડ સૂત્ર
સ્થિતિનો ભેદ થયો કહ્યો છે. ૨–સૂયગડાંગ સૂત્રમાં આઉખું તૂટવું કહ્યું
૩–ઉત્તરાધ્યયનના ચોથા અધ્યયનમાં આઉખું તૂટયું સંધાતું નથી.
સાતમે અધ્યયને સંજ્ઞીનું આઉખું રૂંધાય છે ૫, તથા ૩૨ મા અધ્ય
ઇંદ્રિયના ગૃદ્ધિપણે અકાળે મૃત્યુ પામે છે ૬, પન્નવણાજી તથા ભગવતી
તથા ઠાણાંગજીમા સોપક્રમી તથા નિરૂપક્રમી એ બે આઉખાના ભેદ સ
સોપક્રમીને ઉપક્રમ લાગવાથી આઉખુ તૂટવું કહ્યું છે ૯, પન્નવણાજી સૂત્ર
છઘ બોલનો બધ આઠ આકર્ષએ આઉખા સાથે પડે છે તેમા ૪ આક
સુધી મંદ બંધ કહ્યો છે. ૧૦, ઠાણાંગજીમાં પ ચ પ્રકારના પ્રતિઘાત ક
છે. તેમાં સ્થિતિનો પ્રતિઘાત કહ્યો છે ૧૧, તથા બીજે ઠાણે નારકી દેવત
જેટલું આઉખું બાંધે તેટલુંજ પુરૂં પાળે (સંપૂર્ણ ભોગવે) અને મનુ
તિર્યંચનું આઉખું સંવર્તન થાય છે–સકેલાય છે. ૧૨, ત્રીજે ઠાણે અરિહ
ચક્રવર્તી બળદેવ, વાસુદેવ પુરૂં આઉખું ભોગવે, તે સિવાયનાને અધુ
આઉખું ભોગવવાનો–આઉખું તુટવાનો સંભવ છે. ૧૩, ઉત્તરાધ્યયનમાં ૩
મા અધ્યયને અકાળે મૃત્યુ પામે એટલે સ્થિતિની આગળ–સ્થિતિ પુરી થ
પહેલાં મૃત્યુ પામે કહ્યું છે. ૧૪, સુયગડાંગના ૧૩ મા અધ્યયને આઉખા
કાળને અતીક્રમાવે ઘાત કરે–આયુષ્યના કાળનું પ્રમાણુ ઘણું હોય તેને ઘટ
એમ કહ્યું છે. ૧૫, ભગવતીજીમાં નારકી દેવતાની ૪ ક્રિયા અને મનુ
તિર્યંચની પાંચ ક્રિયા કહી છે. (પ્રાણનો અતિપાત થાય છે માટે–મા
મરે છે માટે.) ૧૬, સુયગડાંગના બીજા અધ્યયને સો વર્ષનું આઉખું તરૂણ
વયમાં તૂટે એમ કહ્યું છે. ૧૭, ભગવતીજીમાં શતક ૧લે, ઉદ્દેશે ૮ મે મૃગ
બાણ લાગવાના અધિકારે છ મહિના પહેલાં મરે તો બાણ મારનારને પાંચ
ક્રિયા લાગે અને છ મહિના પછી મરે તો ૪ ક્રિયા લાગે તે બાણથી મુએ
ન કહેવાય. ૧૮, ઠાણાંગ ઠાણે ૨ જે મનુષ્ય તિર્યંચનું આઉખુ કાળ ઉપ
કહ્યું છે, અને દેવતા નારકીનું આઉખું ભવ ઉપર કહ્યું છે. ૧૯, ઠાણાંગ
આઉખું તૂટવા માટે દોરીના પુંચળાનો તથા અગ્નિ ભષ્મિક રોગીને ખોરાકને
ન્યાય આપ્યો છે. ૨૦, ઠાણાંગજીના મોટા ટબામાં શ્વાસોશ્વાસ ઉપર આઉખુ
કહ્યું છે. ૨૧, સ્વાનુભવ દર્પણમાં–પંડિત લાલને પણ શ્વાસોશ્વાસ ઉપ
આઉખું કહ્યું છે. ૨૨, જૈન ધર્મ પ્રકાશમાં સોપક્રમીને અકાળે મૃત્યુ થા
એમ કહ્યું છે. ૨૩, પ્રશ્ન વ્યાકરણ સૂત્રના પેલા આશ્રવદ્વારમાં, ઉપદ્રવ
આઉખા કર્મનો ભેદ થાય છે, તેનો નિહાડવો, ગળવાપણું, સંવર્તન–પ્રક

લાય છે. ૨૪, ભગવતીજીમાં સંજયા નિયંઠા અધિકારે આઉખા કર્મની ઉદીરણા કહી છે. ૨૫, દિગમ્બર મતમાં ભગવતી આરાધનમાં (ગોમટ્ટસારમાં) આ પ્રકારે આઉખું ઘટાય છે તથા અકાળે મરવાનું કહ્યું છે-તથા આઉખા કર્મ વગેરેની ઉદીરણા કહી છે. ૨૬, બીજા કર્મ ગ્રંથમાં આઉખા કર્મની ઉદીરણા અકાળ મરણવાળો કરે તે સોપક્રમી હોય અકાળ મરણ પ્રમતપણે હોય એમ કહ્યું છે. ૨૭, ધર્મસિંહ મુનિકૃત જીવઠાણા (ગુણઠાણા) માં નવમાં ગુણ ઠાણા સુધી આઉખા કર્મની ઉદીરણા કહી છે. ૨૮, ભગવતીજીના ભાષાન્તરમાં આકર્ષીને ઉદયમાં લાવવા તે ઉદીરણા કહેવાય છે. ૨૯, અકાળ મૃત્યુ અને એકેક મૃત્યુનો આયુર્વેદનો દાખલો ૩૦—ઠાણાંગજીમાં સાત ભયમાં મરણનો ભય કહ્યો છે. ૩૧—ઠાણાંગજીનાં પાંચમે ઠાણે ભયથી સાધુ નાસે એમ કહ્યું છે. ૩૨—આઉખુ તુટવાના આંબાના ન્યાય સાથે દીપકનો તથા ઠાણાંગ સૂત્રનો 'ઝિંઝઇ' ના પાઠનો દાખલો ૩૩—અને છેવટનો ૩૪ મો દાખલો ઘણે વખતે ઘણી મુદતે આયુષ્ય ભોગવવાનું હોય તે થોડી મુદતમાં ભોગવી પુરૂં કરે છે, તે નિચેના લખાણથી જાણવું.

"શ્રી ઉમાસ્વાતિ વાચક વિરચિતમ્" "તત્ત્વાર્થાધિગમ સૂત્રમ્" છપાવી પ્રસિદ્ધ કર્તા શ્રી જૈન શ્રેયસ્કર મંડળ મહેસાણા તરફથી સંવત ૧૯૭૨ માં છપાયું છે. તેના પાને ૩૬-૩૭ મેં કહ્યું છે કે—

औपपातिक चरम देहोत्तम पुरुषासङ्ख्येय वर्षायुषोऽनपवर्त्यायुषः॥


ઉપપાત જન્મવાળા- દેવ અને નારકો, ચરમ શરીરી (તદ ભવ મોક્ષગામી) ઉત્તમ પુરૂષ તિર્થંકર ચક્રવર્ત્યાદિ શલાકા પુરૂષ) અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચ (યુગલિક) એ સર્વ અનપવર્ત્ન (ઉપક્રમ લાગી ઘટે નહિ તેવા) આયુષ્યવાળા હોય છે.

દેવતા અને નારકી ઉપપાત જન્મવાળા છે. અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યો અને તિર્યંચો દેવકુરૂ, ઉત્તરકુરૂ, અંતરદ્વિપ વગેરે અકર્મ ભૂમિમાં અને કર્મ ભૂમિમાં અવસર્પિણીના પહેલા ત્રણ આરામાં અને ઉત્સર્પિણીના છેલ્લા ત્રણ આરામાં ઉપજે છે. અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચો અઢીદ્વીપમાં ઉપજે છે. ઉપપાત જન્મ અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા નિરૂપક્રમી છે. આ ચરમ દેહવાળાને ઉપક્રમ લાગે છે પણ તેનું આયુષ્ય ઘટતું નથી

બાકીના એટલે ઔપપાતિક, અસંખ્યેય વર્ષવાળા, ઉત્તમ પુરૂષ અને ચરમ દેહવાળા સિવાયના તિર્યંચ અને મનુષ્યો સોપક્રમી અને

નિરોપક્રમી છે. જે અપવર્તન આયુષ્યવાળા છે તેનું આયુષ્ય વિષ, શસ્ત્ર, અગ્નિ, કાંટા, જળ, શૂળી વગેરેથી ઘટે છે. અપવર્તન થાય એટલે થોડા કાળમાં યાવત્ અંતર્મુહૂર્ત કાળમાં કર્મ ફળનો અનુભવ થાય છે. ઉપક્રમ તે અપવર્તનનું નિમિત કારણ છે.

જેમ છુટા વેરેલા ઘાસના તરણા અનુક્રમે બાળવાથી વધારે વખત લાગે અને એકત્ર કરી સળગાવે તો તરત સળગી જાય. અથવા ભીનું લુગડું ભેગું રાખ્યાથી ઘણી વારે સુકાય અને પહોળું કરે તો તુરંત સુકાય તેની પેઠે ઘણે વખતે આયુષ્ય ભોગવવાનું હતું તે ક્ષણવારમાં ભોગવી પુરૂં કરે છે પણ ભોગવવાનું બાકી રહેતું નથી.



પ્રશ્ન ૬૫—જે પ્રકારે પ્રાણીને મરવું હોય તે તો કેવલી જાણે છે તો પછી આઉખું તુટવું શાનું ગણાય?

ઉત્તર—કેવલીએ જ્યારે આઉખાના સંબંધમાં સોપક્રમી અને નિરોપક્રમીની વ્યાખ્યા કહી છે તેનો કાંઇક હેતુ હોવો જોઇએ.

પ્રશ્ન ૬૬—તેનો હેતુ તો એ કે કેટલાક જીવ ઉપક્રમ સહિત મરે છે અને કેટલાક જીવઉપક્રમ વિના મરે છે માટે સોપક્રમી અને નિરોપક્રમી એ બે પ્રકારના મરણ કહ્યા તેમાં આઉખુ તુટવાનો સંબંધ કેવી રીતે લાગુ થાય?

ઉત્તર—તો પછી ભગવંતને આઉખુ તુટવાના કારણો શા માટે જણાવવા જોઇએ? માટે એમ જાણો જે આઉખુ તુટવું અને નહિ તુટવું એ બન્ને બાબત તો કેવલીને પ્રકાશીત છે. નિરોપક્રમી પુરે આઉખે મરવાનો છે અને સોપક્રમીને અમુક ઉપક્રમ લાગવાથી અમુક વખતે મરવાનો છે ને અમુક કાળનો ભેદ થવાનો છે તે પણ કેવલી જાણે છે. માટે નિશ્ચય નયે દ્રવ્ય ક્ષેત્ર અને ભાવ તો પુરા ભોગવે અને વ્યવહાર નયે કાળનું ઘટવાપણું થાય છે એ ઉપરથી આઉખુ તુટવાનું પૂર્વે કહેલા સૂત્રના ૩૪ દાખલાથી સિદ્ધ થાય છે. તત્ત્વ કેવલી ગમ્ય. ॥

પ્રશ્ન ૬૭—કોઇ કહે કે-પારાધીએ હાથમાં પંખી લઇ જ્ઞાનીને તેનું આઉખુ પુછતા જ્ઞાની એમ કહે કે તેનું આઉખુ તારા હાથમાં છે. (એટલે તેનું આઉખુ લાંબુ કહે તો તરત મારી નાખે, અને આઉખુ નથી એમ

કહે તો ઉડાડી મુકે) એટલે આઉખુ તૂટવાનો સ્વભાવ તેના હાથમાં છે, તે જીવાડે તો જીવે અને મારે તો મરે માટે કેવલી તેનું આઉખુ તેના હાથમાં કહે તેમ સંભવે કે કેમ ?

ઉત્તર—આવા કેટલાક વાકય અતિ પ્રશ્ન રૂપ થાય તે સૂત્રને બાધ કરતા થાય છે. એટલે સૂત્રમાં એવી વાત નથી પણ આઉખુ તૂટતું થાય છે, એમ સૂત્રના ન્યાયથી સાબીત થાય છે, પરંતુ ઉપરની વાત લોક ભાષામાં વપરાય છે એ વ્યવહાર ભાષા છે. પણ જ્ઞાની પુરૂષના જાણવામાં આવે અને તે કહે તે અન્યથા થાયજ નહિ. માટે ઉપરની વાત પ્રમાણ ભૂત નથી. કેવલી કહે કે એનું આઉખુ લાંબુ છે તો પારાધીથી તે જીવ કદા કાળે મરેજ નહિ. કેવલીને એય ભાવે તો બોલે, નહિ તો મૌન સાધે, આઉખા સંબંધીમાં સોપક્રમી અને નિરોપક્રમી બેય ભાવ કેવલી જાણે છે, અને છદ્મસ્થનો તે વહેવાર પોહચતો નથી માટે વેહવાર ભાષાએ આઉખું તૂટતું માનવું તે સૂત્રના ન્યાયે ઠીક લાગે છે.

પ્રશ્ન ૯૮—કોઈ કહે કે—જીવ કોઈનો માર્યો મરતો નથી. જીવ તો અખંડ અવિનાશી છે. જો એમ હોય તો પછી જીવ, કોઈનો માર્યો કેમ મરે ? અને તેનુ પાપ પણ કયાંથી લાગે ?

ઉત્તર—નિશ્ચય નયે જીવ કોઈનો માર્યો મરતો નથી તે વાત સત્ય છે પણ વ્યવહારથી તેના પ્રાણ પર્યાયની હાનીયે તેના વિનાશે જીવનો પણ વિનાશ થયો કહેવાય, અને શાસ્ત્રકાર પણ પ્રાણની હાનીનુંજ પાપ કહે છે. અને વ્રતમાં પણ પ્રાણના અતિપાતનું વેરમણ—પ્રાણના થતા વિનાશથી નિવર્તવું અર્થાત્ પ્રાણીના પ્રાણના અતિપાતનું લાગેલું પાપ તેની આલોચના કરવાનું કહ્યું છે પણ જીવના અતિપાતનું કહ્યું નથી, અને જીવનો અતિપાત થતો પણ નથી. પ્રાણનો અતિપાત થાય છે માટે શાસ્ત્રકાર તેના વિનાશે તેના વિયોગે હિંસા માને છે. કહ્યું છે કે—પચેંદ્રીયાણિ ત્રીવિધંબલંચ, ઉશ્વાસ નિશ્વાસ મથાનદાયુ; પ્રાણાદશૈતે ભગવદ્ભિરુક્તા, સ્તેષાં વિયોગી કરણં તુ હિંસા ॥૧॥ એટલે પાંચ ઈંદ્રિના પાંચ પ્રાણ, ત્રણ બળ (મનબળ, વચન બળ ને કાયબળ), ઉંચો શ્વાસ ને નિચો શ્વાસ, ને આઉખું. એ દશ પ્રાણ ભગવંતે કહ્યા છે. તેનો વિયોગ કરવો અર્થાત્ નાશ કરવો તેને ભગવંતે હિંસા કહી છે.

માટે જીવના પ્રાણ પ્રજા, એ જીવની રૂપી ગણાય છે અને તેના વિનાશે જીવનો—પ્રાણીનો વિનાશ કહેવાય છે. માટે જીવને આઉખા પ્રાણથી

જૂદો પાડવાં દયે પ્રાણુનો નાશ થાય છે માટે તેનું પાપ પ્રાણુના અતિપાત રૂપ લાગવાનું ભગવંતે કહ્યું છે. ભગવતીજીમાં કહ્યું છે કે-પ્રાણુના ધરવાવાળાને પ્રાણી કહી , એટલે સિદ્ધના જીવ વિના સંસારી તમામ જીવ પ્રાણુના ધરવાવાળા છે માટે પ્રાણી કહીને બોલાવ્યા છે, અને ગયા કાળે હતાં, વર્તમાન કાળે છે અને આગમિય કાળે હોયે માટે ભૂત કહીને બોલાવેલ છે, અને આઉખા કર્મે કરીને જીવે છે માટે જીવ કહીએ, તેમજ સુખ દુઃખનો જાણ માટે સત્વ કહીએ, એટલે શાસ્ત્રમાં જીવને અનેક નામે બોલાવેલ છે પણ તમામ જીવનો સંબંધ આઉખા કર્મની સાથે રહેલ છે અને આઉખાના વિનાશે જીવનો વિનાશ મનાય છે તેનેજ શાસ્ત્રકાર પાપ કહે છે.

પ્રશ્ન ૬૯—આયુષ્યની હદ જાણવાનું કાંઇ ચિન્હ હશે ખરૂં ?

ઉત્તર—છે, સાંભળો-અતી ગરજે ન વરજે નહિ, રવી ન ખડે ધાર; હાથી દીસે થંભા જીસો, તો હંસા ચાલણહાર, ૧. શિવતપત હૃદયપુની, હસ્તપદ શીતળ હોય; એહલચ્છન કાલનપર, તાકું જીવન કોય ૨.

આયુષ્યની હદ જાણવાને માટે થી કાળજ્ઞાનનો વિચાર લખીએ છીએ. ॥ મેષ સંક્રાંતિના દશ દીન જાતે સૂર્ય મંડળ જોવું. તે દીને તપેલા મધ્યે તેલ નાખીને સૂર્ય માથે આવે ત્યારે મધ્યાને-બપોરે જોવું. તે પ્રકાર લખ્યો છે. ॥

દક્ષણ દીશે ખાંડો દીશે તો માસ ૬ જીવે,
પશ્ચિમ દીશે ખાંડો દીશે તો માસ ૩ જીવે,
પુર્વ દીશે ખાંડો દીશે તો માસ ૧ જીવે.
ઉત્તર દીશે ખાંડો દીશે તો માસ ૨ જીવે.
વચે સૂર્ય ખાંડો દીશે તો તે તરત મરે.
સંપૂર્ણ દીશે તો વર્ષ ૧ સુધી ક્ષેમકુશળ રહે.
તે માટે મેષ સંક્રાંતિના દીન ૧૦ જાતે જોવું.

એમ વરસો વરસ જોવું તો પોતાનું મૃત્યુ આપ જાણે-પોતાને પોતાનું મૃત્યુ સુઝે સહી. એ તે કાળજ્ઞાન વીચાર કેવલીનો ભાંખેલ છે. ॥ એમ ગ્રંથકાર લખે છે. ॥

પ્રશ્ન ૭૦—આઉખએણું, ઠીઇખએણું, અને ભવખએણું એ ત્રણ બોલ સૂત્રમાં કહ્યા છે તેનો શું અર્થ થાય છે ?

ઉત્તર—આઉખુ પૂર્વ ભવે જે વખતે બાંધ્યું છે તે વખતથી આવતા ભવનું આઉખુ ગણાય. કેમકે આત્મ પ્રદેશે બંધ પડતી વખતથી આવતા

ભવના આઉખા સુધીના દલીયા મેળવેલા છે તેમાંથી ક્ષય થતો જાય તે આઉખએણું અને સ્થિતી તો જે ભવનું આઉખુ બાંધ્યું છે તે ભવમાં ઉપજવા જવા માંડ્યું ત્યાંથી જે કાળ ભોગવવામાં આવે અને જે ગતિમાં જેટલો કાળ રહે તે સ્થિતિ કહેવાય તેનો ક્ષય તે ઠીઇખએણું, અને ભવ પુરો થાય તે ભવખએણું.

પ્રશ્ન ૭૧—આઉખુ કેટલા પ્રકારે ભોગવાય છે?

ઉત્તર—આઉખુ બે પ્રકારે ભોગવાય છે. એક પ્રદેશ ઉદય, બીજું વિપાક ઉદય. જ્યાં સુધી વીપાક ઉદયમાં ન આવ્યું હોય ત્યાં સુધી આઉખુ પ્રદેશ ઉદયમાં ભોગવાય છે.

આવતા ભવના આઉખાનો બંધ પડયા પછીથી—અબાધાની હદ પુરી થતાંજ પ્રદેશ ઉદયમાં ભોગવે. તદ્ભવ રૂપ ઉદય આવ્યું તે વીપાક ઉદય [illegible] કહેવાય.

પ્રશ્ન ૭૨—આઠ કર્મમાં સાત કર્મનો અબાધા ચાલ્યો છે, પણ આઉખા કર્મનો અબાધા કેટલો સમજવો?

ઉત્તર—જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટો પૂર્વક્રોડીનો ભાગ ત્રીજો અબાધા કાળ જાણ. કેમકે પૂર્વક્રોડીના આઉખાવાળાએ પાછલા ત્રીજા ભાગે આવતા ભવનું આઉખુ બાંધ્યુ છે માટે પૂર્વ ક્રોડીનો ત્રીજો ભાગ પુરો થયે આવતા ભવનું આઉખુ ઉદય આવવાનું છે માટે ઉત્કૃષ્ટો અબાધા કાળ આઉખા કર્મનો પૂર્વ ક્રોડીનો ત્રીજો ભાગ જાણવો.

પ્રશ્ન ૭૩—ભગવતીજીના [illegible] શતકે, ઉદેશે ૩ જે, [illegible] એવો પાઠ છે તેનો અર્થ શું અને તેમાં શું કહ્યું છે?

ઉત્તર—એ પાઠમાં અબાધા સંબંધીની હકીકત છે. તેમાં અબાધાનો [illegible], [illegible] કર્મનો ઉદય, અને તે નહિ તે [illegible], એટલે કર્મના બંધના અને ઉદયનો આંતરો તે અબાધા.

[illegible]

અન્તર્દિતો રહે તે ભણી તે ત્રણ હજાર વરસ ઉણા ૩૦ સાગરોપમ કોડાકોડી માન હુઇ.

અનેરા કહે અબાધા ત્રણ હજાર વરસ અને બાધા કાળ ૩૦ સાગરોપમ કોડાકોડ રૂપ તે બિહું પણ કર્મની સ્થિતિનાં કાળ અને તે અબાધા કાળ વર્જીને કર્મ નિષેક કાળ હુઇ. ઇમ અનેરા કર્મને વિષે પણ અબાધા કાળ કહેવો. આ વિષે પાંચમાં કર્મ ગ્રંથમાં પણ કહ્યું છે કે-બાંધેલું કર્મ જ્યાં લગે પોતાનો વિપાક દેખાડે નહિ, તેને અબાધા કહીએ તથા અબાધા કાળ પછી કર્મને વેદવાને સમયે બહુ અને તેથી વળી દ્વિતીય સમયે હીન, તૃતીય સમયે ઘણું હીન એમ કર્મદળ વેદવા સન્મુખ જે દળ રચના વિશેષ તેને નિષેક કહીયે (એમ ૨૭ મી ગાથાના અર્થમાં કહ્યું છે.)

વળી ૩૨ મી ગાથાના અર્થમાં પણ કહ્યું છે કે—જે મૂળ પ્રકૃતિની તથા ઉત્તર પ્રકૃતિની જેટલી કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય તે પ્રકૃતિને તેટલા શત વર્ષનો અબાધા કાળ હોય. એટલા બાંધ્યા પછી પણ એટલા કાળ લગે તે કર્મ ઉદય ન આવે, તેને અબાધા કાળ કહીએ. તથા પોત પોતાને અબાધા કાળે હીન જે કર્મ સ્થિતિ, તે કર્મનો નિષેક કહેતાં યોગ્ય કાળ હોય. નિષેક તે કર્મ ઉદય કાળે પ્રથમ બહુ પ્રદેશાગ્ર સામટો ઉદય આવે અને પછી સમય સમય હીન હીનતર થાય, યાવત્ કર્મની સ્થિતિ તે છે. હવે સમયે અત્યંતમ ઉદય હોય. એને નિષેક કહીએ.

પ્રશ્ન ૭૪—પ્રદેશ કર્મ અને અનુભાવ કર્મ તે શું ?

ઉત્તર—ઠાણાંગઠાણે ૨ જે ઉદેશે ૩ જે, બાબુવાળા છાપેલ પાને ૬૯ મે, કહ્યું છે કે—

दुविहे कम्मे प० तं० पदेस कम्मे चेव अणुभाव कम्मे चेव.

टीकाः—दुविहे कम्मे इत्यादि ॥ प्रदेशा एव पुद्गलाएवयस्य वेद्यते न यथा यद्योऽसस्तत्प्रदेश मात्रतया वेद्य कर्म प्रदेशकर्म यस्यतु अनुभवो यथाबद्धरसो वेद्यते तदनुभावतो वेद्य कर्मानुभाव कर्म्मेति ॥ अथ भाषा—

બે પ્રકારે કર્મ છે તે કહે છે. પ્રદેશ કર્મ પુદ્ગલ દીજ વેદે. બીજું અનુભાવ કર્મ કર્મનો રસ ભોગવીએ.

તથા પ્રદેશ બંધ અને અનુભાગ બંધ તે-થી પન્નવણાજીમાં ઉર આઉખા સાથે ૭ બોલનો બંધ થાય છે તેમાં પ્રદેશબંધ અનુભાગબંધ

કહ્યો છે. (એટલે બંધ થવાવાળા કર્મોની સંખ્યાના નિર્ણયને પ્રદેશબં
કહે છે, અને ફળ દેવાની શકિતની હીનાધિકતાને અનુભાગ બંધ કહે છે.

તે વિષે ભગવતીજી શતક ૧ લે–ઉદેશે ૪ થે કહ્યું છે કે—

से नूणं भंते ! नेरइयस्स वा तिरिक्ख जोणियस्स वा मणुस्सस्स वा देवस्स
जे कडेपावे कम्मे णत्थि तस्स अवेइत्ता मोक्खो ? हंता गोयमा ! नेरइयस्स वा तिरि
मणुस्स देवस्स वा जाव मोक्खो । से केणठेणं भंते ! एवं वुच्चइ नेरइयस्स वा जा
मोक्खो, एवं खलुमए ! गोयमा ! दुविहे कम्मे पणत्ते तंजहा पएस कम्मेय अणु
भाग कम्मेय, तत्थणं जं तं पएसकम्मंतं नियमा वेदेइ, तत्थणं जं तं अणुभाग क
तं अत्थे गइयं वेदेइ, अत्थे गइयं नो वेदेइ. ઇત્યાદિક અધિકાર છે.

અહાં કહ્યું છે કે–ચાર ગતિના જીવે કીધા કર્મ તે ભોગવ્યા વિના
છુટે નહિ. તે કર્મ બે પ્રકારે કહ્યા છે, તે પ્રદેશકર્મ અને અનુભાગ
કર્મ. તે વિષે ભાષા માંહે કહ્યું છે કે–તિહાં પૂર્વોક્ત બે પક્ષ માટે જે તે
પ્રદેશ કર્મ તે નિશ્ચયસ્યૂં જિસા કર્મ કીધા છે તિસા વેદે, તિહાં પૂર્વોક્ત
બે પક્ષ માટે જે તે અનુભાગ કર્મ છે, તે કર્મ પ્રતે કેટલાએક તથા રૂપ
વેદે, કેટલાએક તથા રૂપ ન વેદે.

ઇહાં એજ અધિકારે કહ્યું છે કે—

[illegible] अरहया सुयमेयं अरहया विणायमेयं अरहया इमं कम्मं अयंजीव
[illegible] वेयणाए वेयइस्सइ, इमं कम्मं अयं जीवे उवक्कमियाए वेयणा
वेयइस्सइ, अहा कम्म अहा णिगरणं जहाजहा तं भगवया दिठं तहातहा तं विप
[illegible], सेतेणठेणं गोयमा ! नेरइयस्सवा जाव मोक्खो. ॥

અર્થ—કર્મ વેદવાના પ્રકાર અરિહંત જાણે ઇત્યાદિ–એ કર્મ બે
જીવ, કર્મ અને જીવ હેતુ કેવળીને પ્રત્યક્ષ છે. અભ્યુપગમ પ્રવજ્યા [illegible]
કરી બ્રહ્મચર્ય ભૂમિશયન કેશ લોચનાદિકનો અંગીકાર, તિહાં [illegible] તે
અભ્યુપગમકી તિહાં કરી વેદના વેદશે, અથવા એ જીવ એ કર્મ સ્વયમેવ
કર્મ ઉદય આવ્યા વેદશે, ઉપક્રમ કરીને કર્મ વેદનો પાક તિહાં હુવે તે
ઔપક્રમકી, પછી ઉદય આવ્યે. અથવા ઉદીરણા કર્યું કરી ઉદય આવ્યા
[illegible] તે વેદના વેદશે, યથાકર્મ [illegible] જિમ કર્મ
[illegible] તિમ, જિમ કર્મનાં દેશ કાલાદિ અન્યથા ન થાય જિમ દેશ
કાલાદિ [illegible] છે. જિમ જિમ તે કર્મ [illegible] છે, તિમ
તિમ [illegible]

હે ગૌતમ? નારકીને યાવત્ દેવતાને કીધા કર્મ વિના ભોગવ્યા મોક્ષ નહીં છુટિયો નહીં, ઇત્યર્થ.

આનો પરમાર્થ એ છે કે-દરેક જીવે બાંધેલાં કર્મ ભોગવ્યા વિના છુટે નહિ. કોઇ જીવ જેવો કર્મ બાંધ્યો તેવોજ તથા રૂપ ભોગવે અને કોઇ જીવ જપ તપાદિ કે પણ પૂર્વકૃત કર્મને ભોગવી લીએ એ સર્વ કેવલીને જાણ્યું વર્તે છે.

પ્રશ્ન ૭૫—દરેક જીવ સમે સમે આઉખા કર્મ વરજીને સાત કર્મનો બંધ કરે છે. તો આઉખા કર્મનો બંધ આખી જીંદગીમા એક વખત હોય છે માટે તેના બંધનો કાળ કેટલો?

ઉત્તર—ભગવતી શતક ૬ ઠે, ઉદ્દેશે ૩ જે, બાબુવાળા છાપેલ પાને ૩૯૩ મે, ટીકા તથા ભાષામાં કહ્યું છે કે—આઉખા કર્મનો બંધકાળ જઘન્ય અંતરમુહૂર્ત્તનો કહ્યો છે—તથા પન્નવણાજીના ૩જા પદમાં ૧૪ બોલના અલ્પાબોધમાં છેવટમાં આઉખાના બંધનો કાળ અંતર્મુહૂર્ત્તનો કહ્યો છે.

પ્રશ્ન ૭૬—ભગવતીજી શતક ૮ મે, ઉદ્દેશે ૯ મે કહ્યું છે કે-કાર્મણ શરીર પ્રયોગબંધ, દેશબંધ હોય સર્વ બંધ ન હોય અનાદીપણું માટે તેમાં કહ્યું છે કે આઉખા કર્મના દેશબંધક સર્વથી થોડા અને અબંધક સંખેજગુણા તેનું શું કારણ? જીવ તો અનંતા છે.

ઉત્તર—નિગોદના જીવ અનંતા છે અને તેનું આઉખુ પણ અંતર્મુહૂર્ત્તનું છે, અને આઉખાનો બંધકાળ પણ અંતર્મુહૂર્ત્તનો કહ્યો છે માટે તેથી અબંધગા સંખ્યાતગુણા હોય. બીજા જીવ સિદ્ધ વિના અસંખ્યાતા છે તે અને સિદ્ધના જીવ ભેળવતા પણ નિગોદના જીવ અનંતગુણા છે માટે સર્વ જીવ આસરી પણ આઉખા કર્મના બંધ કરતા અબંધકનો થોક સંખ્યાત ગુણો અધિક હોય અને પ્રાયે આ અધિકાર નીગોદ આશ્રી સંભવે છે.

પ્રશ્ન ૭૭—જીવ નરક ગતિનું આઉખુ બાંધી નરક ગતિમાં જાય છે તેનું શું કારણ?

ઉત્તર—જીવ નરક ગતિમાં જવા જેવાં કામો કરે તેથી તે નરક ગતિનું આઉખુ બાંધે અને નરક ગતિમાં જાય. તે મહારંભ કરવાથી, ચક્રવૃતી પ્રમુખની રીધી ભોગવવામાં મહામુર્છિત, મહાપરિગ્રહ સહીત તેમાં આસક્ત, વ્રત પચખાણ રહીત, અનંતાનુબંધી કષાયનો ઉદયવાન, પંચેંદ્રી જીવની હિંસા નીશંકપણે કરે, મદીરા પીએ, માંસ ખાવે, ચોરી કરે, જુઠો બોલે, પરસ્ત્રી ભોગવે, વેશ્યાગમન કરે, શીકાર કરે, કૃતઘ્ની હોવે, વિશ્વાસઘાતી હોવે,

મિત્રદ્રોહી હોવે, ગુરૂ-સાધુપર દ્રોહ કરે, ઉતસુત્રપરૂપે, મિથ્યા મતનો મહીમા વધારે, કૃષ્ણ નીલકાપોતલેશાના અશુભ-મલીન પ્રણામવાળા જીવ નરકનું આઉખુ બાંધી નરક ગતિમાં જાય.

પ્રશ્ન ૭૮—તિર્યંચ ગતિના આઉખાનો બંધ કેવી રીતે પડે છે?

ઉત્તર—જેનું ગુઢ હૃદય હોય એટલે જેના કપટની કોઇને ખબર ન પડે, ધુર્ત હોય, મુખે મીઠું મીઠું બોલે, હૃદયમાં કાતરણી રાખે, જુઠા દુષણ પ્રકાશે, માયા સહિત જુઠું બોલે, આર્તધ્યાની આલોકને અર્થે તપ ક્રિયા કરે, પોતાની પુજા મહીમા નષ્ટ હોવાના ભયથી પોતાના કુકર્મ ગુરૂ વાદિકની આગળ પ્રકાશે નહિ, જુઠું બોલે, ઓછું દેવે અધીકું લેવે, ગુણીજન ઉપર ઇર્ષા કરે, કૃષ્ણાદિ ત્રણ મધ્યમ લેશાવાળા જીવ તિર્યંચ ગતિનું આયુષ્ય બાંધે, અને તિર્યંચ ગતિમાં જઇ ઉપજે.

પ્રશ્ન ૭૯—મનુષ્ય ગતિમાં જવાના આઉખાનો બંધ કેવી રીતે ને શા કારણથી હોય ?

ઉત્તર—મીથ્યાત્વ કષાય જેને સ્વભાવે મંદોદય હોય, સુપાત્ર કુપાત્રની પરીક્ષા વિના વિશેષ યશ કિર્તિની વાંછા રહીત દાન દેવે, સ્વભાવે દાન દેવાની તીવ્ર રૂચી હોવે, ક્ષમા, આર્જવ, માર્દવ, દયા, સત્ય, સરલતા. મનશુદ્ધી આદિ મધ્યમ ગુણમાંવર્તિ, સતસંગ અને ગુણાનુરાગી હોવે, દેવ ગુરૂની ભક્તિ કરવાવાળો કાપોત લેશાના પરીણામવાળા મનુષ્ય તિર્યંચાદિ મનુષ્યાયુ બાંધી મનુષ્ય ગતિમાં જઈ ઉપજે.

પ્રશ્ન ૮૦—દેવતાનું આયુષ્ય બાંધવાના કારણો કયા કયા હોય છે અને કોણ કોણ બાંધે છે ?

ઉત્તર—અવ્રતી સમ્યક દ્રષ્ટી મનુષ્ય તિર્યંચ, દેવતાનું આયુ બાંધે. સુમિત્રના સંયોગથી, ધર્મની રૂચીવાળા, દેશ વીરતી; સરાગ સંયમી દેવાયુ બાંધે એટલે વેમાનીકનું આઉખું બાંધે. બાળતપ, અર્થાત્ દુઃખ ગર્ભિત, મોહગર્ભિત, વૈરાગે કરી, દુષ્કર કષ્ટ, પંચાગ્નિ સાધન રસપરીત્યાગ આદિ અનેક પ્રકારનાં અજ્ઞાન તપ કરવાથી, નીંદા સહીત અત્યંત રોષ તથા અહંકારથી તપ કરે તે અસુરાદિક દેવતાનું આયુ બાંધે, તથા અકામ નીર્જરા અજાણપણે ભુખ તૃષા શીત ઉષ્ણ રોગાદી કષ્ટ સહન કરવાથી સ્ત્રી ન મળ્યે શીયળ પાળે, વિષયની પ્રાપ્તિના અભાવથી વિષય ન સેવે, ઇત્યાદિ અકામ નીર્જરાએ તથા બાળમરણ અર્થાત્ જળમાં ડુબી મરે, અગ્નીમાં બળી મરે, ઝંપાપાત ખાઇ મરે, ઇત્યાદિ મરણે મરતાં શુભ પરિણામની વર્તિએ

તો વ્યંતર દેવતાનું આયુષ્ય બાંધે, આચાર્યાદિકની અવજ્ઞા કરે, સાધુ દિની હેલણાં નિંદા કરે, અવર્ણવાદ બોલે, ગુરૂવાદિકથી કપટ ભાવે વર્તે યાદિક દૃષ્ટ પરિણામે કિલ્બીષ દેવતાનું આઉખું બાંધે. તથા મિથ્યાદ્રષ્ટીના ણની પ્રશંસા કરે, મિથ્યાત્વનો મહીમા વધારે, અજ્ઞાન તપ કરે અત્યંત ક્રોધી હોવે તો પરમાધામીનું આયુષ્ય બાંધે.

પ્રશ્ન ૮૧—જીવે અહિંયાં પરભવનું આઉખું બાંધ્યું તે જીવ મરી ભવે જાય છે તેને સામી ગતિમાં લઇ જનાર કોણ? અને તે કેવી રીતે મી ગતિમાં જાય?

ઉત્તર—ગતિ નામ કર્મના ઉદયથી જીવે આઉખા સાથે નરકાદિક જે ગતિના પર્યાય મેળવેલા હોય તે પર્યાય પામે ત્યારે નરકાદિક નામ હેવામા આવે. જ્યારે જીવ મરે ત્યારે આયુકર્મ મુખ્યપણે અને ગતી- મ કર્મ સહચારી હોય છે. જ્યારે જીવને આંહીથી ચવવાનું થાય ત્યારે ગતિમાં જવું હોય તે ગતિની અનુપુર્વિનું આકર્ષણ કરી લઇ જાય છે ારે તે જીવ તેજ ગતિ નામ અને આયુ કર્મને વશ હોવાથી જહાં ઉત્પન્ન વું હોય ત્યાં તે સ્થાનકે પ્હોંચે છે જેમ દોરાવાળી સુઈને ચમક પાષાણ ાકર્ષણ કરે ત્યારે સુઇ ચમક પાષાણની તરફ ખેંચાઇને આવે અને દોરો ણ સુઇની સાથેજ આવે. એ ન્યાયે નરકાદિક ગતિઓના સ્થાનક ચમકપાષાણ માન છે. આઉકર્મ તથા ગતિ નામકર્મ લોહની સુઇ સમાન છે. જીવ ારા સમાન વચે પ્રોયા હોવાથી પરભવમાં જીવને આયુ તથા ગતિ નામકર્મ ઇ જાય છે. જેવી જેવી ગતિ નામ કર્મના જીવે બંધ કર્યા છે શુભ વા શુભ તેવી ગતિમાં જીવ તેજ કર્મના ઉદયથી ત્યાં જઇ રહે છે.

પ્રશ્ન ૮૨—અહીંયાં કોઇ કેઈ એવી કલ્પના કરે છે કે-પાપી જીવોને મ, અને ધર્મી જીવોને સ્વર્ગના દૂત મુવા પછી લઇ જાય છે તથા જનક ઢ ફીરસ્તા જીવોને લઈ જાય છે. આમ દરેક મતવાળા બોલે છે તેનું કેમ?

ઉત્તર—તે સર્વ મિથ્યા કલ્પના છે, કેમકે જ્યારે યમ તથા સ્વર્ગના ત ફીરસ્તા મરતા હશે ત્યારે તેને કોણ લઇ જાતા હશે? અને જીવ તો જગતમાં એક સાથે અનંતા મરે છે, જન્મે છે. તે સર્વને લઈ જવાવાળા ેટલા યમ ક્યાંથી લાવતા હશે અને એટલા ફીરસ્તા ક્યાં રહેતા હશે? જીવ આ સ્થુલ શરીરમાંથી નીકળ્યા પછી કોઇના હાથમાં આવતો નથી વાસ્તે પુર્વોક્ત કલ્પના જેણે સર્વજ્ઞના શાસ્ત્ર સાંભળ્યા નથી તેવાએજ રેલ છે. તે વાસ્તે મુખ્ય આયુકર્મ તથા ગતિનામકર્મના ઉદયથી જીવ પરભવમાં જાય છે. એમ અનંત જ્ઞાની કહી ગયા છે.

પ્રશ્ન ૮૩—ઉત્કૃષ્ટો આઉખો મનુષ્યણી બાંધે કે નહિ? અને બાંધે તો કઇ ગતિનું બાંધે?

ઉત્તર—પન્નવણાજી છાસઠ હજાર પદ ૨૩ મું કર્મ પ્રકૃતીને અધિકારે આઉખા કર્મના ભેદમાં કહ્યું છે કે—અનુત્તર વિમાનનું ૩૩ સાગરોપમનું ઉત્કૃષ્ટું આઉખું મનુષ્યણી બાંધી શકે પણ નરકનું ઉત્કૃષ્ટું તે ત્રીસ સાગરનું આઉખું ન બાંધે, સાતમી નરકે ન જાય માટે.

પ્રશ્ન ૮૪—પ્રત્યેક અને સાધારણ વનસ્પતિના બીજકમાં એમ જણાય છે કે–પ્રત્યેક વનસ્પતિના બીજકમાં પ્રત્યકજ જીવ આવી ઉપજે અને સાધારણના બીજકમાં એકી સાથે અનંતા જીવ આવી ઉપજે તો પછી પૂર્વોક્ત કથન પ્રમાણે પ્રત્યકમાં અનંતાનો ભાંગો કેમ લાભે?

ઉત્તર—આ સંબંધીની હકીકત પ્રથમના નવ પ્રકારના પ્રશ્નોત્તરમાં ખુલાસાવાર દાખલા દલીલોથી લખાઈ ગઇ છે. પરંતુ આ ચાલતા પ્રશ્નનો ખુલાસો એજ છે કે–પ્રત્યેકનું બીજ વાવવાથી પ્રથમ એક જીવ આવીને ઉત્પન્ન થાય અને પછી તેની નિશ્રાયે જગન્ય એક બે ને ત્રણ ઉત્કૃષ્ટા સંખ્યાતા અસંખ્યાતા ને અનંતા જીવ ઉત્પન્ન થાય તેથી પ્રત્યેક મિશ્રિત અનંત કાય ઉત્પન્ન થવાનું શાસ્ત્રમાં કહ્યું છે, અને સાધારણમાં બીજકનો જીવ તો એકજ છે પણ ઉત્પત્તી વખતે અનંતા જીવનો થોક આવી ઉપજે. પછે તેની નિશ્રાયે બીજા જગન્ય એક બે ત્રણ ઉત્કૃષ્ટા સંખ્યાતા અસંખ્યાતા ને અનંતા જીવ આવી ઉપજે. તમામ વનસ્પતિને માટે ઉગતા અંકુર અને નીકળતી ટીશીઓને માટે પન્નવણાજીમાં અનંત જીવમય કહેલ છે. માટે પ્રત્યેક અને સાધારણ એ બંન્નેમાં અનંત જીવનો ભાંગો લાભવો સંભવે છે.

પ્રશ્ન ૮૫—કેટલાક કહે છે કે સાધારણ વનસ્પતિ (કંદમૂળાદિક) માં અનંતા જીવ રહ્યા છે માટે તેનું ભક્ષણ કરવામાં પ્રત્યેક વનસ્પતિથી વધારે પાપ લાગે છે. અને કેટલાક એમ પણ કહે છે કે સાધારણ કરતા પ્રત્યેક વનસ્પતિના આરંભમાં વધારે પાપ છે. કારણ કે તેને પકવવામાં અગ્નિ પ્રમુખનો વિશેષ આરંભ કરવો પડે છે. તેમજ હરેક પ્રકારના હરીકાયના શાકના આરંભ કરતા કંદોળાદિકના શાકમાં અપકાય તથા અગ્નિકાય વગેરેનો વધારે આરંભ પ્રત્યક્ષ થયો જોઇએ. માટે હરીકાય (વનસ્પતિકાય)ના શાકમાં વધારે આરંભનો સંભવ રહે છે તેથી તેમાં પાપનો વધારે સંભવ કેટલાક માને છે તેનું કેમ?

ઉત્તર—તે તો પોતપોતાની માન્યતાનો ભ્રમ છે. શાસ્ત્રના ન્યાય પ્રમાણે તો જેમાં વિશેષ જીવની હિંસા થાય તેમાં વધારે પાપ અને થોડા

જીવની હિંસા તેમાં થોડું પાપ. અને બીજી રીતે શાસ્ત્રથી એમ પણ જણાય છે કે-જેમાં જીવની રાશી વધારે હોય છે તેમાં રસ પણ વધારે હોય છે, અને રસવાળી ચીજ જીભને સ્વાદિષ્ટ વધારે લાગે છે, એવી ચીજ ઉપર જીવનું ગૃદ્ધીપણું થવા સાથ મુર્છાભાવથી ભોગવવામાં આવે તો પાપનો નિત્રડબંધ થાય છે અને ગૃદ્ધીપણા રહિત અમુર્છાભાવે ભોગવવામાં આવે તો પાપનો મંદ બંધ થાય છે. સુયગડાંગ સૂત્રમાં પણ કહ્યું છે કે-કોઇ સાધુ આધાકર્માદિ સદોષ આહાર કરતો કર્મે કરી લેપાય છે એવો સંકલ્પ અનેરા પુરૂષે કોઇએ કરવો નહિ તેમજ નિર્દોષ આહાર કરતો કર્મે નથી લેપાતો એવો પણ સંકલ્પ છદ્મસ્થને કરવો ઘટતો નથી. એવો અભિપ્રાય આપવાને છદ્મસ્થનો વહેવાર પહોંચનો નથી. તેનું કારણ કે-કોઇ સાધુ ગાઢાગાઢ કારણે અર્થાત્ અનિવાર્ય કારણે કોઇ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવના સ્વરૂપને જાણનાર ગીતાર્થ કાર્યાકાર્યનો વિચાર કરીને કદી સદોષઆહાર અગૃદ્ધીપણે અમુર્છિત ભાવે ભોગવે તો તે કર્મે કરી લેપાય નહીં, અને શુદ્ધ નિર્દોષ આહાર લાવી ગૃદ્ધીપણે મુર્છાભાવે સાધુ આહાર કરે તો કર્મે કરી લેપાય છે એમ સૂત્ર કરતા જણાવે છે એ ન્યાયે ઇંદ્રિયોને વશ પડેલાં પાંચે ઇંદ્રિયોના વિષય સુખમાં આશક્ત એવા પ્રાણીઓને મુર્છાભાવે ગૃદ્ધીપણે વર્તતા વિશેષ પાપકર્મ લાગવાનો સંભવ છે. સંસારમાં રહેલા પ્રાણી પણ અમુર્છાભાવે અગૃદ્ધીપણે જહા લુબ્ધ તહા મુતં એટલે જેવું લાધ્યું તેવું ભોગવે તેમાં આશક્ત રહે નહિ તો તે જીવ કર્મે કરી લેપાતા નથી.

પ્રશ્ન ૮૬—દેવસી, રાઇસી, પક્ષી, ચોમાસી ને સંવત્સરી, એ પાંચ પ્રતિક્રમણ કરવાનું શું કારણ ?

ઉત્તર—પ્રથમ તો એ કે-દિવસમાં અજાણપણે કાંઇ પણ લાગેલું પાપ તે સાંજના પ્રતિક્રમણમાં આલોચવાથી છુટે છે. અને રાત્રિમાં અજાણપણે યા સ્વપ્ન પ્રમુખમાં લાગેલું પાપ તે પ્રભાતના પ્રતિક્રમણમાં આલોચવાથી તે પાપથી મુક્ત થવાય છે એ પ્રમાણે પાંચે પ્રતિક્રમણનું સમજવું.

વળી બીજી રીતે-સ્વંજ્જળની ચોકડી ટાળવાને માટે એટલે સ્વંજ્જળનો કષાય ઉદય થયો હોય તે પાપ ટાળવાને માટે દિવસ તથા રાત્રિનું પ્રતિક્રમણ છે.

પ્રત્યાખ્યાનની ચોકડી ટાળવાને માટે પક્ષીનું પ્રતિક્રમણ છે. અપ્રત્યાખ્યાનની ચોકડી ટાળવાને માટે ચોમાસી પ્રતિક્રમણ છે અને અનંતાનુબંધીની ચોકડી ટાળવાને માટે સંવત્સરી પ્રતિક્રમણ કરવાનું છે. એટલે, સંજ્જળની ચોકડી ટાળવાથી કેવળજ્ઞાન-કેવળપદ પ્રાપ્ત થાય છેઃ-પ્રત્યાખ્યાનની ચોકડી

ટાળવાથી સાધુપણું નિર્મળ થાય છે-અપ્રત્યાખ્યાનની ચોકડી ટાળવાથી શ્રાવક ધર્મ નિર્મળ થાય છે. અને અનંતાનુબંધીની ચોકડી ટાળવાથી સમકિત નિર્મળ થાય છે, અને એ હદ ઓળંગવાથી મિથ્યાત્વ પ્રાપ્ત થાય છે.

આનો પરમાર્થ એ છે કે-બાર મહિને સંવત્સરી પ્રતિક્રમણ કરી વેર વિરોધને ક્ષમાવે નહિ તો એમ માનવું જે આ જીવને અનંતાનુબંધીનો ઉદય છે. તેથી સમકિતનો નાશ થવા સાથ નરક ગતિના આઉખાનો બંધ પડે છે.-એ પ્રમાણે ચાર મહિને ચોમાસી પ્રતિક્રમણ કરી, વેર વિરોધને ખમાવે નહિ તો શ્રાવક ધર્મનો નાશ થવા સાથ તિર્યંચ ગતિના આઉખાનો બંધ પડે છે-તેમજ પક્ષીએ પક્ષીએ પ્રતિક્રમણ કરી વેર વિરોધને ટાળે નહિ, ખમાવે નહિ તો સાધુ ધર્મનો નાશ થવા સાથ મનુષ્ય ગતિના આઉખાનો બંધ પડે છે, અને દિવસ તથા રાત્રિનું પ્રતિક્રમણ કરી વેર વિરોધને ટાળે નહિ, ખમાવે નહિ તો કેવળજ્ઞાન અટકે છે. માટે પાંચે પ્રતિક્રમણ કરવાથી આત્માને મહા લાભ થાય છે.

પ્રશ્ન ૮૭—સામાયિકના પાંચ અતિચાર છે તેમાં પ્રથમના ૩ નો અર્થ તો સુગમ છે. સમજાય તેવો છે પણ ચોથા પાંચમાનો અર્થ શું?

ઉત્તર—ચોથો અતિચાર "સામાઇયસ્સ સઇ અકરણયાએ" એટલે સામાયિક મેં કીધી કે નથી કીધી તે ઉપયોગ કામ ન રાખ્યો હોય (એટલે તેમ ઉપયોગ રહ્યો ન હોય) તથા પાંચમો અતિચાર "સામાઇયસ્સ અણવટ્ઠિયસ્સ કરણયાએ" એ તે ઉપયોગ વિના સામાયિક પુરૂં થયા વિના પારી લેવું, અથવા સામાયિકમાં ગરબડ કર્મ કરી મન, વચન, કાયાનો સ્થિર ભાવ ન રહે. (એ પ્રમાણે હરીભદ્રસૂરીની ચોપડીમાં અર્થ છે)

[illegible] પણ અર્થ કરે છે કે-[illegible] સામાયિક ન કરે [illegible] અને સામાયિકનો કાળ પુરો ન થયો [illegible] "[illegible] પ્રકાશના" પુસ્તક [illegible] ૧૬ [illegible] ચોથા અતિચારનો અર્થ [illegible] કે-સામાયિક લીધેલાને માટે અતિચાર કહ્યા છે [illegible] માટે [illegible] માન્યું નથી. [illegible]

પ્રશ્ન ૮૮—[illegible] અતિચાર [illegible] પ્રતિક્રમણ [illegible]

ઉત્તર—વ્રતવાળાને તો અવશ્ય બે ટંકના પ્રતિક્રમણ કરી અતિચાર દોષ ટાળવાજ જોઇએ અને તે સિવાયનાને પણ પ્રતિક્રમણ કરવાની જરૂર છે. કારણ કે—તેને કોઇપણ પ્રકારનાં પચ્ચખાણ હોય તેમાં જાણપણે કે અજાણપણે દોષ લાગેલો હોય તે ટાળવો જોઇએ. વળી વ્રત વિના પ્રતિક્રમણ કરવા કરાવવાવાળાને કદાપી સ્પર્શના ન હોય તોપણ તેને સદહણા પ્રરૂપણા રૂપ ધર્મ સાચવી શકાય. માટે વ્રત વિનાને પ્રતિક્રમણ કરી સદહણા પ્રરૂપણા શુદ્ધ કરવાની જરૂર છે. અને જેને હંમેશાં પ્રતિક્રમણ કરવાની ટેવ હોય તેને કોઇ વખત વ્રત આદરવાની પણ ઇચ્છા થાય તે વખતે તેની સ્પર્શના પણ શુદ્ધ થાય છે. માટે શ્રાવક ધર્મમાં ઉત્પન્ન થયેલાએ સામાયિક અને પ્રતિક્રમણ તો અવશ્ય કરવાજ જોઇએ.

પ્રશ્ન ૮૯—જેનું શરીરબળ નિર્બળ થઇ ગયું હોય તેને આત્મ કલ્યાણ શી રીત કરવું ?

ઉત્તર—તેના માટે અધ્યાત્મ પરીક્ષામાં પાને ૧૭૩ મે કહ્યું છે કે—

देहबले जइए दई सहवि, मणोधिइ बलेण जइ अत्थं; तिसिओ पत्ताडभावे, करेग किंपो जलं पिबई. ॥ १७३ ॥

અર્થ:—જો રોગાદિકે કરી શરીર નિર્બળ થઇ ગયું હોય તો મન બુદ્ધયાદિકના બળે કરીને યોગ ધારણ કરવો. જેમ પુરૂષને જ્યારે તૃષા લાગે છે ત્યારે તેની પાસે જો પાણી પીવાનું પાત્ર ન હોય તો હાથે કરી પાણી પીએ છે, પણ તરસ્યો રહેતો નથી. તેમ તથાવિધ કાળબળ ન છતાં પણ જેને મોક્ષની અભિલાષા હોય તેણે મનોબળે કરી યોગ માર્ગને વિષે પ્રવૃત્તિ કરવી.

દશાશ્રુતસ્કંધ સૂત્રમાં શ્રાવકની પડિમાના અધિકારે પડિમા અંગીકાર કરવાનો કાળ જઘન્ય ૧, ૨, ૩, દિનનો કહ્યો છે. તેનો હેતુ પણ એજ જણાય છે કે પોતાનું આયુષ્ય નજીક આવ્યું જાણીને છેવટની સ્થિતિએ પણ મન બુદ્ધયાદિકના બળે કરીને અગ્યાર પડિમા માંહેલી ગમે તે પડિમા (પ્રતિજ્ઞા) ધારણ કરી એકાદ દિવસમાં પણ આત્મકલ્યાણ કરવું હોય તો તેમ બની શકે છે. એનું નામ પણ યોગ માર્ગને વિષે પ્રવૃત્તિ કરી કહેવાય એમ ઉપરના ન્યાયથી સાબીત થાય છે.

પ્રશ્ન ૯૦—જે પુરૂષ બળનાં સમયનો શોચનાએ કરી બળ સહિત આ બળ રહિત સમયમાં ભવિષ્ય કાળ ઉપર ભરોસો રાખી આળસ કરીને બેસી રહે અને એમ કહે કે 'આગળપર વૃદ્ધપણામાં ધર્મ કરશું' એમ કેટલાકને બોલતા સાંભળીએ છીએ તેનું કેમ ?

ઉત્તર—એ વિષે અધ્યાત્મ પરીક્ષામાં શ્લોક ૧૭૪-૧૭૫ માં કહ્યું છે કે-चल कालसो अणा ए, अलसा चिठंति जे अकयपुन्ना; ते पछिंता वि लहुलोंके, सुहं अपावंता ॥१७४॥ जह णाम कोइ पुरिसो, ण धनम्हा णि धणो विउज्झर्द; मोहाइयहुणाए, सो पुण सोयइ अप्पाणं ॥१७५॥

અર્થ—જે પુરૂષ એવી શોચના કરે કે, હમણા મારામાં બળ નથી, માટે આગળ ધર્માચરણ કરીશ. અથવા હમણાં મારે અવસર નથી, માટે આગળ જતાં ધર્માચરણ કરીશ. એમ જાણીને આળસ કરીને બેસી રહે તે અકૃત પુણ્ય થકા આગળ ઘણી પ્રાર્થના કર્યાથી પણ પુણ્ય વિના સુખને પામે નહિ, ત્યારે ઘણો શોચ કરે છે. જેમ કોઇ નિર્ધન પુરૂષ પ્રથમ આળસ કરીને ધન અર્જવાને ઉદ્યમ ન કરે ને પછી ખાલી ઇચ્છા કરીને ધન વિના દુઃખને પામે છે ત્યારે પોતાના આત્માને વિષે ઘણોજ શોચ કરે છે માટે પ્રાપ્ત થયેલો (અવસર અને) ધર્મ મૂકીને આગળ ધર્મની પ્રાર્થના કરીએ તે ખાલી પ્રાર્થના કહેવાય. (એવા જીવો સમય-અવસર આવે ધર્માચરણ ન કરે વાયદા કરી-યા આળસ કરી બેસી રહે તે અંત સમયે યા પરભવે અતિ દુઃખ પામે છે. વૃદ્ધપણાનો વાયદો તદન નકામોજ છે તેમાં તો ઉપાધીઓ આવી નડે છે માટે તે વાયદો નકામો છે.)

માટે ભગવંત મહાવીરે કહ્યું છે કે—जरा जाव न पीडेइ, वाही जाव न वड्ढइ; जाविंदिया न हायंति, ताव धम्मं समायरे ॥ दश. अ. ८ मे-गा. ३६ मी.

અર્થઃ—જ્યાં સુધી આ શરીરને જરાએ પીડા કરી નથી, જ્યાં સુધી શરીરમાં વ્યાધિ વૃદ્ધિને પામી નથી, જ્યાં સુધી કોઇપણ ઇંદ્રિની હાની થઇ નથી ત્યાં સુધીમાં હે આત્મા જેટલું થાય તેટલું ધર્મનું સેવન કર.

આનો પરમાર્થ એ છે કે—જરા, વ્યાધી અને ઇંદ્રિઓની હાની એ ધર્માચરણને વ્યાઘાત કરનાર છે. માટે તે પ્રાપ્ત થયાં પહેલાં આત્મકલ્યાણને માટે ધર્માચરણમાં ઘડી પળભાર પણ આળસ કરવી નહિ, પ્રમાદ કરવો નહીં.

પ્રશ્ન ૬૧—કોઇ કહે કે-પાપની નિંદા કરવાથી અર્થાત્ મિચ્છામિ દુક્કડં દેવાથી પાપ ટળે છે, ત્યારે વિશેષ અનુષ્ઠાન કરવાનું કારણ શું?

ઉત્તર—આ વિષે અધ્યાત્મ પરીક્ષામાં શ્લોક ૧૭૬ માં કહ્યું છે કે-जं दुक्कडं [illegible] तं चेव, जि सेवए पुणो पावं; तस्स [illegible] निरत्था, [illegible] निरत्थं. ॥१७६॥

અર્થ:-જે પાપ કરી મિછામિ દુક્કડં દઇને ફરી પાપ કરે, તેની પાપનિંદા મિથ્યા છે. કેમકે જેવું બોલીએ તેવું પાળીએ નહિ તો તેજ મિથ્યાત્વ છે ઇતિ.

(આનો પરમાર્થ એ છે કે-પાપની નિંદા કરવાથી એટલે પોતે કરેલ પાપને આત્મ સાક્ષીએ પ્રગટ કરી તેની નિંદા કરવાથી અથવા જ્ઞાની પુરૂષોની સાક્ષીએ ચોખા હૃદયથી આલોચના સાથે મિછામિ દુક્કડં દેવાથી પાપનું નિવર્તન થાય છે. તે પાપનો કચરો હૃદયથી દૂર થયા પછી વિશેષ ધર્માનુષ્ઠાન કરવાથી વિશેષ આત્માને ફળદાયક થાય છે. જેમ રોગી માણસને પ્રથમ રેચ આપી કોઠો સાફ કરી પરેજી સાથે દવા કરવાથી રોગનો નાશ થાય છે તેમ જાણપણે થયેલા પાપથી નિવર્તવાને તે પાપથી દૂર થવાને ગુરૂ સમક્ષ આલોચના કરી પ્રાયશ્ચિત લેવાથી તે પાપ દૂર થાય છે, અને અજ્ઞાનપણે અજાણપણે થયેલા પાપને દૂર કરવાને માટે ભગવંતે મિછામિ દુક્કડંની કાઢી બતાવી છે. ખરા અંતઃકરણથી માત્ર મિછામિ દુક્કડં દેવાથી પાપનું ટળવાપણું થવા સાથ આત્મ નિર્મળ થાય છે.)

પ્રશ્ન ૯૨—" મિછામિ દુક્કડં " એ શબ્દનો અર્થ શું ?

ઉત્તર—અધ્યાત્મ પરીક્ષામાં કહ્યું છે કે—મિ કહેતાં કાયાથી તથા ભાવથી મૃદુ થઇ, છા કહેતાં અસંયમરૂપ દોષનું આછાદન કરીને, મિ કહેતાં ચારિત્રની મર્યાદામાં રહ્યો થકો, દુ કહેતાં દુષ્કૃત કાર્યનો કરનાર જે આત્મા તેને હું નિંદું છું, ક કહેતાં મેં જે પાપ કર્યાં છે તેનું, ડં કહેતાં ઉપશમ પામીને ઉલ્લંઘન કરૂં છું. એવો અર્થ જાણીને મિછામિ દુક્કડં દીધા પછી ફરી પાપ ન કરવું તે પાપની સાચી નિંદા કહેવાય છે.

પ્રશ્ન ૯૩—શ્રાવકને પ્રતિક્રમણમાં શ્રમણ સૂત્ર કહેવું કે નહિ ?

ઉત્તર—હાલમાં જે જે સાધુ તથા શ્રાવકના પ્રતિક્રમણની અનુક્રમણીકા ચાલે છે તે પ્રમાણે એકેનું સૂત્ર સાથે મળશે નહિ. અને અનુક્રમે સૂત્રો તો આવશ્યક થકીજ મળશે. હવે જ્યારે શ્રાવકને બીજા સૂત્ર ભણવાં બાધક નથી ત્યારે શ્રમણ સૂત્ર ભણવાને બાધક હોયજ શાનો ? અર્થાત્ પડિક્રમણમાં શ્રાવકને શ્રમણ સૂત્ર કહેતાં બાધક નથી.

પ્રશ્ન ૯૪—ત્યારે કોઇ કહે કે-શ્રમણ સૂત્ર તો સાધુનુંજ છે તે શ્રાવકને કેમ કહેવાય ? શ્રાવકને કોઇ ઠેકાણે શ્રમણ કહ્યા નથી. તો સાધુના સૂત્ર શ્રાવકને શા ઉપયોગના ?

ઉત્તર—શ્રમણ સૂત્ર સાધુનું છે. તે વાત ખરી છે, પણ શ્રાવકને તે સૂત્ર પ્રતિક્રમણમાં ભણવાની આવશ્યકતા હોય એમ પણ જણાય છે. કારણ કે દશાશ્રુતસ્કંધ સૂત્રમાં પડિમાધારી શ્રાવકને શ્રમણભૂયા કહ્યા છે. એટલે જેવો ધર્મ શ્રમણ નીર્ગ્રંથનો કહ્યો છે તેવોજ ધર્મ પડિમાધારી શ્રાવકનો કહ્યો છે. ને તે સાધુની પેઠે અવશ્ય બે ટંકના પડિકમણા કરે છે તેમાં શ્રમણ સૂત્ર કહેવાનો સંભવ છે, કારણ કે–શ્રમણ સૂત્રના પાંચ પાઠ છે તેમાં પહેલા પાઠમાં રાત્રિને વિષે સ્વપ્ન લાધ્યું હોય તેનું પ્રાયશ્ચિત ટાળવું તે શ્રાવકનું અવશ્ય કાર્ય છે માટે પેલો પાઠ શ્રાવકને અવશ્ય કહેવો જોઈએ. ૧ બીજા પાઠમાં ગોચરી (ભિક્ષાચરી) ના દોષ લાગ્યા હોય તે આલોવવાનું છે તો પડિમાધારી શ્રાવક પણ બેંતાળીસ દોષ રહિત સાધુની પેઠેજ ભિક્ષાચરી કરે છે. માટે તે પાઠનો શ્રાવકને અવશ્ય ખપ પડેજ ૨. ત્રીજા પાઠમાં સઝાય તથા પડીલેખણા કરતા દોષ લાગ્યા હોય તે આલોવવાના છે, તેમાં પણ શ્રાવકને સઝાય તથા પડિલેખણા હંમેશાં કરવાનો સંભવ છે. તેથી ત્રીજો પાઠ પણ પ્રતિક્રમણમાં કહેવાની જરૂર પડેજ ૩. ચોથા પાઠમાં એક બોલથી માંડી ૩૩ બોલની સમજણ કહી છે, તેમાં કેટલાએક સાધુને જાણવાજોગ આદરવાજોગ ને છાંડવાજોગ છે. તેમજ શ્રાવકને પણ જાણવા આદરવાને છાંડવાજોગ છે. અને વીશ અશાતના ટાળવી કહી છે. તે પણ સાધુને શ્રાવક બંન્નેને અશાતના ટાળવાની જરૂર છે. વળી જ્ઞાનના અતિચાર પણ ચોથા પાઠમાં ટાળવા કહ્યા છે તો સાધુ અને શ્રાવકને બન્નેને ચોથા આવશ્યકમાં શરૂઆતમાંજ સરખી રીતે ટાળવા કહ્યા છે. માટે ચોથો પાઠ તો શ્રાવકને અવશ્ય ભણવોજ જોઈએ, એટલે પ્રતિક્રમણમાં તે પાઠ અવશ્ય કહેવો જોઈએ ૪. પાંચમાં પાઠમાં ચોવીસ તિર્થંકરના પ્રરૂપ્યા ધર્મનું મહાત્મ તથા ધર્મની ઓળખાણ તથા મુનીનો ધર્મની અને મુનીની ઓળખાણ બતાવી છે. તે સાધુની પેઠે શ્રાવકને પણ અવશ્ય જાણવુંજ જોઈએ ૫.

પ્રશ્ન ૯૫—ત્યારે કોઈ કહે કે–પડિમાધારી શ્રાવકને તો તે પ્રમાણે (સાધુની પેઠે શ્રમણ સૂત્ર સહિત) પ્રતિક્રમણ કરવું તે ઠીક. પણ પોષામાં શ્રમણ સૂત્ર કહેવાની શી જરૂર છે?

ઉત્તર—પોષાની કરણી પણ તેવીજ છે. ફક્ત આહાર કરવો નથી બાકીની વર્તણુક પડિમાધારીની પેઠેજ છે. પોષાવાળાને પણ વખતે શરીરના પ્રયોગે ભિક્ષાચરી કરી પાણી પ્રમુખ લાવવું પડે છે. માટે પોષાવાળાને પણ શ્રમણ સૂત્ર કહેવાની આવશ્યકતા છે.

પ્રશ્ન ૯૬—ત્યારે કોઇ કહે કે-પડિમા અંગીકાર કરી નથી, પોષો પણ કર્યો નથી ને વ્રત પણ આદર્યાં નથી માટે તેને નિત્ય પ્રતિક્રમણમાં શ્રમણ સૂત્ર શા માટે કહેવું જોઇએ ?

ઉત્તર—પોષો, પડિમા કે વ્રત વિના શ્રમણ સૂત્ર કહેવું નહિ તો પછી પડિક્કમણું પણ શાને માટે કરવું જોઇએ? પડિક્કમણું તો વ્રતના અતિચાર આલોવવાનું છે. વ્રત નહિ તો અતિચાર શાના ? ને આલોવવું શું ? માટે દેવાનુપ્રિય ! શ્રાવકને સદ્દહણા પરૂપણા ને ફરસના એ ત્રણે બોલની શુદ્ધતા કરવી, તથાપિ ફરસના બની ન શકે તો સદ્દહણા, પરૂપણા તો શુદ્ધ રાખવી તે શ્રાવકનો ધર્મ છે.

દાખલા તરીકે—હંમેશાં સંથારો કરવો પડતો નથી, પણ પડિક્કમણામાં હંમેશાં સંથારાનો પાઠ ભણવો પડે છે. તે સંથારાની સદ્દહણા પરૂપણા શુદ્ધ કરવા માટે છે ને સંથારો તો કરસે ત્યારે ફરસના શુદ્ધ કહેવાય.

દાખલા તરીકે—શ્રાવકને હંમેશાં દશમું વ્રત કે પોષો કરવો પડતો નથી તથા સાધુને દાન દેવાનો પણ હંમેશાં વખત મળતો નથી, તોપણ પ્રતિક્રમણમાં તે વ્રતની આલોચના કરવી પડે છે. વળી જેમ સાધુને બન્ને ટંકનાં પ્રતિક્રમણમાં રાત્રિ ભોજનના દોષો આલોવવાની જરૂરીયાત હોવી ન જોઇએ એ તો માત્ર પ્રભાતનાજ પ્રતિક્રમણમાંજ તે વ્રતમાં લાગેલા દોષો તથા સ્વપ્નાંતરમાં રાત્રિ ભોજનનો દોષ લાગ્યો હોય તે આલોવવાની જરૂર પડે, તથાપિ બન્ને ટંકનાં પ્રતિક્રમણમાં સાધુને છઠું વ્રત રાત્રિ ભોજનનું પરિપાટીએ કહેવું પડે છે. તેમજ શ્રાવકને પરિપાટીએ પડિક્કમણામાં કહેલા વ્રતાદિક તથા સંથારાનો પાઠ તથા શ્રમણ સૂત્ર વગેરે કહેવાને કોઇ જાતનો બાધક નથી. કદાપિ કોઇ પ્રસંગોપાત કોઇ વખત શ્રમણ સૂત્ર ન કહે તો પણ પડિક્કમણાને વાંધો આવતો હોય એમ પણ બનવા સંભવ નથી. પણ પડિમાધારી કે પોસાવાળાને તો અવશ્ય શ્રમણ સૂત્ર કહેવાની જરૂર છે.

પ્રશ્ન ૯૭—કોઇ દેવતાની માનતા માને તેને સમકિત કહીએ કે નહિ ?

ઉત્તર—માનતા બે પ્રકારની ચાલે છે. એક લૌકિક દેવની, બીજી લોકોત્તર દેવની, તેમાં લોકોત્તર દેવની માનતાના બે ભેદ છે. કોઇ સંસાર સુખની લાલસાએ દેવ ગુરૂ કે ધર્મની માનતા માને તેને સમકિતની મલીનતા થવા સંભવ છે, અને કોઇ સંસાર સુખથી મુક્ત થવા નિમિત્તે માનતા માને જેમકે અનાથી મુનિની પેરે હું આ રોગથી મુક્ત થાઉં તો મુનિપણું અંગીકાર કરૂં, અર્થાત્ સંસારનો ત્યાગ કરૂં, આ માનતા સમકિતને નિર્મળ

કરે છે. હવે લૌકિક દેવને માટે ભગવતીજી, ઉપાસક દશાંગ, સૂયગડાંગ પ્રમુખ ઘણાં સૂત્રમાં કહ્યું છે કે-કોઇ દેવની સાહાય્ય શ્રાવકને ઇચ્છવી નહીં. નિગ્રંથ પ્રવચનથી કોઇ દેવ ચળાવવા આવે અને અનેક પ્રકારના ઉપસર્ગ, પરીસહ ઉત્પન્ન થયે પણ ચળે નહીં એમ કહ્યું છે. પણ માનતા કરવાથી સમકિતનો નાશ થાય એમ કહ્યું નથી, પણ સમકિતની મલીનતા થવા સંભવ છે. ઉપાસક દશાંગ વગેરે સૂત્રમાં આણંદાદિકના અધિકારે વ્રત આદરતાં છ છીંડીનો આગાર રાખ્યો છે તેમાં દેવતા, દેવી, ગોત્રજ, સુરધન પ્રમુખ દેવની કુલાચારે નમસ્કારાદિક માનતા પુત્રાદિક અર્થે કરતાં સમકિતને હાનિ કર્તા સમજાતું નથી, પણ મલીનતા થવા સંભવ છે. તેજ પડિમા અંગીકાર કરનાર શ્રાવક પ્રથમ સમકિતની શુદ્ધતા કરવા છ છીંડીનો આગાર બંધ પાડે છે. એટલે મોક્ષ અર્થે, ધર્મ અર્થે, તરણતારણ અર્થે, જન્મ મરણના ફેરા મુકાવવા અર્થે કરે તો સમકિતની ખામી લાગે.

પ્રશ્ન ૯૮—ક્ષાયક સમકિતીને માટે ઉપરના અભિપ્રાયનું શું સમજવું?

ઉત્તર—તેમાં એટલું સમજવાનું છે કે-જ્યાં આગાર, કે કારણ વગેરે બારીઓ મૂકવામાં આવે તેટલી સમકિતમાં મલીનતા સમજવી. એ મલીનતા ક્ષાયક સમકિતવાળાને હોય નહિ એ વાત ચોકસ છે. તે એમ માને છે કે સુખ દુઃખ આદિ કોઇ દેવા સમર્થ નથી. દરેક જીવ પોતપોતાનાં પૂર્વકૃત કર્મ પ્રમાણે સુખ દુઃખ ભોગવે છે. દેવતા અને દેવીઓ પણ પોતપોતાનાં પૂર્વકૃત કર્મના સંચિત પ્રમાણે ફળ ભોગવે છે, તો તે કોને સુખી કે દુઃખી કરવા સમર્થ છે? મનુષ્યમાં અનેક જાતની ભ્રમણાઓ વાસ કરી રહેલ છે, અને તે ભ્રમણા દેવી દેવતાઓને નામે આખી દુનિયામાં ફેલાણી છે કે-તે એટલે સુધી કે જ્યાં જેને રહેવાનું સ્થાન કે આદર મળે નહિ ત્યાં પણ ઉંડી જડો નાખી પોતાનું કરી માની બેઠી છે, એ પ્રતાપ બધો ભ્રમિતાચાર્યોની પકડાવેલી વા વળગાડેલી ભ્રમણાનોજ છે. તેઓ જેમ જેમ ભ્રમણામાં ઉતરતા ગયા, અને પોતાની મતલબ સાધવા સેવકોને પણ ઉતારતા ગયા. એજ ધર્મ અને સમકિતની શિથિલતા-મલીનતાનું ચિન્હ છે. તે ક્ષાયક સમકિતીને હોયજ નહિ.

પ્રશ્ન ૯૯—સામાયિક તથા પોષો પારતી વખતે ઇરિયાવહી પડિક્કમવી કે નહીં?

ઉત્તર—ભગવતીજી શતક ૧૨ મે, ઉદ્દેશે ૧ લે, શંખજીને તેડવા માટે પોખલીજી પોષધ શાળામાં આવ્યા છે ત્યાં પોષધ શાળામાં પ્રવેશ કરી પ્રથમ પેઠા પછી ઇરિયાવહી પડિક્કમી છે. ને પછી શંખજીને બોલાવ્યા

છે. તે અપેક્ષાએ વ્રત ઉચરતાં પહેલાં એક ઇરિયાવહી ધર્મ સ્થાનમાં પ્રવેશ કરવાની એટલે શ્રાવક જ્યારે ગામમાંથી ધર્મસ્થાનકે આવે ત્યારે ઇરિયાવહી પડિક્કમવાનો તત્કાળે રિવાજ હતો એમ સૂત્રથી નિર્ણય થાય છે. ને જો વ્રત ઉચર્યું હોય તો બીજી ઇરિયાવહી વ્રત આદરવાની પડિક્કમે એમ સમજાય છે. હવે જેમ વ્રત આદરતાં ઇરિયાવહી પડિક્કમે તેમજ સામાયિકાદિ વ્રત પારતાં પણ ઇરિયાવહી પડિક્કમવી તે ઠીક લાગે છે. કારણ કે સામાયિકમાં હાલવું ચાલવું પડે છે. વળી કયાની ચપળતાને લીધે ચલણ ગુણુથી વખતે કોઇ જીવની વિરાધના થઇ હોય તે પાપનું નિવારણ કરવા ઇરિયાવહી પડિક્કમવી તે ઠીક છે.

પ્રશ્ન ૧૦૦—ચોવીસથ્થો એટલે શું ?

ઉત્તર—ચોવીસથ્થો તેના બે ભેદ છે. એટલે તેની વિધિ બે પ્રકારની છે. પ્રતિક્રમણમાં બીજા આવશ્યકમાં લોગસ્સ કહેવાથી, ચોવીશ જિન સ્તવન રૂપ ચોવીસથ્થો થયો કહેવાય, અને બીજી રીતે ઇરિયાવહી પડિક્કમવાની રીતે પણ ઇરિયાવહીને બદલે ચાર લોગસ્સનો કાઉસગ્ગ કરવો આ બીજી વિધિનો ચોવીસથ્થો જ્યારે કરે ત્યારે થાય. ચાર લોગસ્સનો કાઉસગ્ગ કર્યા બાદ ત્રણ નમોત્થુણં કહેવા સુધીમાં ચોવીસથ્થો કહેવાય છે.

પ્રશ્ન ૧૦૫—બારમું વ્રત શ્રાવકે સાધુને આહારાદિક વોરાવવા સંબંધીનું છે. તે કલ્પ તો દિવસના ભાગનો છે. તો તેના અતિચાર આલોવવા ને દિવસના પ્રતિક્રમણમાં તે વ્રત કહેવાની જરૂર પડે. પણ રાત્રિના પ્રતિક્રમણમાં બારમું વ્રત કે તેના અતિચાર આલોવવાની શી જરૂર ?

ઉત્તર—શ્રાવક, પ્રતિક્રમણમાં રાઇસી (રાત્રિનું) પ્રતિક્રમણ કરતાં બારમું વ્રત અને તેના અતિચાર આલોવે છે તે ફક્ત સદ્દહણા પરૂપણા રૂપ છે. ફરસના તો દિવસે અશનાદિક પ્રતિલાભે-વોરાવે ત્યારેજ થઇ કહેવાય જેમકે પોષો અથવા સંથારો કર્યો નથી, પણ તેનો પાઠ પરિપાટીએ અને તેના અતિચાર હંમેશાં બેય ટંકના પ્રતિક્રમણમાં આલોવવારૂપ કહેવામાં આવે છે તે સદ્દહણા પરૂપણા રૂપ છે ને ફરસના રૂપ તો જ્યારે ફરસે ત્યારે થશે. તેમ બારમા વ્રતનું સમજવું છે.

પ્રશ્ન ૧૦૨—અઢાર ભાર વનસ્પતિનું માન કેવી રીતે કહેવામાં આવે છે ?

ઉત્તર—પાંડવનું ઉત્તર ચરિત્ર પ્રકરણ ત્રીજું પૃષ્ઠ ૧૩૩ મે-અઢાર ભાર વનસ્પતિનું માન નીચે પ્રમાણે કહ્યું છે. (૨૦૨૧૭૪૦૦૦ વીશ કરોડ

એકવીશ લાખ ચુમોતેર હજાર. એટલા મણુનો એક ભાર) એવા ૪ ચાર ભાર ફળતી, ચાર ભાર નહીં ફળતી, ચાર ભાર કાંટાવાળી અને છ ભાર વેલી મળી અઢાર ભાર વનસ્પતિ કહી છે.

પ્રશ્ન ૧૦૩—પોષધનો અર્થ શું ?

ઉત્તર—શ્રાદ્ધવિધિ ગ્રંથમાં પૃષ્ટ ૪૨૩ મે કહ્યું છે કે પોષ એટલે ધર્મની પુષ્ટીને, ધ એટલે ધારણ કરે તે પોષધ કહેવાય છે.

એટલે ધર્મની પુષ્ટી કરવાનાં જે જે સાધનો હોય તે વડે કરીને આત્માને પોષવો તેનું નામ પોષધ કહેવાય છે.

પ્રશ્ન ૧૦૪—ઉપવાસનો અર્થ શું ?

ઉત્તર—ઉપ નામ ઉપરાંઠું થાવું, શાથી ? પાપથી; વાસ નામ આત્મામાં આત્મિક ગુણુનો વાસ કરવો. આનું નામ ઉપવાસ કહેવાય છે.

કહ્યું છે કે—उपावर्तस्तु पापेभ्यो, वासस चैव गुणैः सहः; उपवास स विज्ञेय, सर्व भोग विवर्जितं. ॥१॥

અર્થઃ—ઉપ-એટલે પાપને વિષે અવર્તવું-પાપથી અળગું થાવું. પાપથી નિવર્તવું, અને વાસ એટલે આત્માનાં જે ગુણો તેનો આત્મામાં વાસ કરવો, આનું નામ ઉપવાસ. તે ઉપવાસ વિજ્ઞાન સહિત અને સર્વ ભોગથી વર્જિત હોય એવો ઉપવાસ તે શુદ્ધ અને ખરો ઉપવાસ કહેવાય છે.

પ્રશ્ન ૧૦૫—બંને ટંકનાં પ્રતિક્રમણુ તથા પચ્ચખાણુ કરવાનો કાળ કઇ વખતે ગણાય ?

ઉત્તર—સવાર તથા સાંજના બન્ને વખતના સંધ્યા સમયમાં પ્રતિક્રમણુનો કાળ લેવો અને તેને અંતે પચ્ચખાણુ કરવાનો કાળ ગણાય. હવે બંને વખતની સંધ્યાની સમજણુ નીચે પ્રમાણે છે.

શ્રાદ્ધવિધિ ગ્રંથમાં પૃષ્ટ ૧૧૯મે—કહ્યું છે કે-સંપૂર્ણ નક્ષત્રો નિસ્તેજ થયે છતેજ સૂર્યબિંબનો અર્ધો ઉદય થાય ત્યાં સુધી પ્રભાત સંધ્યાનો સમય કહેવાય છે. સૂર્યબિંબના અર્ધા અસ્તથી માંડી બે ત્રણુ નક્ષત્રો આકાશમાં ન દેખાય, ત્યાં સુધી સાયં સંધ્યાનો સમય જાણુવો.

આ બન્ને સંધ્યા પ્રતિક્રમણુના કાળની છે, છતાં પ્રસંગોપાત વધારે ઓછો કાળ લેવામાં આવે તો પણુ છેવટ આવશ્યક તો પચ્ચખાણુ કરવાના કાળેજ થવો જોઇએ. અર્થાત્ પચ્ચખાણુ તો પચ્ચખાણુ કરવાના કાળેજ થાય.

પ્રશ્ન ૧૦૬—રાત્રિમાં ખરાબ સ્વપ્ન લાધ્યું હોય તો તેનું નિવારણ શી રીતે કરવું?

ઉત્તર—નિદ્રા લઈ ઉઠતાંજ પ્રથમ નવકાર મંત્ર ગણવો. પછી ધર્મ જાગરિકા કરવી, એટલે પાછલી રાતે વિચાર કરવો. તે આ રીતે હું કોણ અને મારી જાતિ કઇ? કુળ કયું? દેવ કોણ? ગુરૂ કયા? ધર્મ કયો? વગેરે આત્માના ગુણો અને ધર્મ સંબંધીની ચિંતવણા કરવી.

ધર્મ જાગરિકા કરી રહ્યા પછી પ્રતિક્રમણ કરી રાગાદિમય કુસ્વપ્ન દ્વેષાદિમય દુઃસ્વપ્ન તથા માઠા ફળનું સૂચક સ્વપ્ન એ ત્રણેમાં પહેલાના પરિહારને અર્થે એકસો આઠ શ્વસોશ્વાસનો કાઉસગ્ગ કરવો, અને બાકીના પરિહારને અર્થે સો શ્વાસોશ્વાસનો કાઉસગ્ગ કરવો. વ્યવહાર ભાષ્યમાં કહ્યું છે કે—(સ્વપ્નમાં) મૈથુન (સ્ત્રી સંભોગ) પોતે કર્યું હોય તો સત્તાવીશ શ્લોકનો (એકસો આઠ શ્વાસોશ્વાસનો) કાઉસગ્ગ કરવો. તથા ચાર લોગસ્સનો તથા દશ વૈકાલિક સૂત્રના ચોથા અધ્યયનમાં કહેલાં પંચમહાવ્રત ચિંતવવાં, અથવા સ્વાધ્યાયરૂપ ગમે તે પચીશ શ્લોક ગણવા.

કોઇ વખતે મોહનીય કર્મના ઉદયથી સ્ત્રીસેવારૂપ કુસ્વપ્ન આવે તો સેજ વખતે ઉઠી ઇરિયાવહી પૂર્વક પ્રતિક્રમણ કરી એકસો આઠ શ્વાસોશ્વાસનો કાઉસગ્ગ કરવો.

જે પુરૂષ સવારમાં ઉઠીને જિન ભગવાનનું ધ્યાન અથવા સ્તુતિ કરે, કિંવા પાંચ નવકાર ગણે તેનું દુઃસ્વપ્ન ફોગટ થાય. (એમ શ્રાદ્ધવિધિ ગ્રંથમાં કહ્યું છે)

ઠાણાંગ સૂત્રના ૬ ઠ્ઠે ઠાણે છ પ્રકારનાં પ્રતિક્રમણ કહ્યાં છે તેમાં સ્વપ્ન આવવાવાળાને માટે આઉલ માઉલાદિકનું પ્રતિક્રમણ કહ્યું છે. એટલે સ્વપ્નમાંથી જાગેલા પુરૂષે ઉઠીને તરતજ શ્રમણ સૂત્રના પહેલા પાઠની આલોચના સહિત ઇરિયાવહી પડિક્કમવી અને સ્ત્રીયાદિ વિપર્યાસ સ્વપ્ન આવ્યું હોય તો વૃધ્ધવાકય પ્રમાણે ઉપર કહ્યા પ્રમાણે ઇરિયાવહી પડિક્કમી ચાર લોગસ્સનો કાઉસગ્ગ કરવો. આમ કરવાથી ખરાબ અને દુષ્ટ સ્વપ્નનું ફળ બેસી શકતું નથી.

પ્રશ્ન ૧૦૭—શિષ્ય-આપે શ્રાદ્ધવિધિ ગ્રંથનો દાખલો આપ્યો તો શ્રાદ્ધવિધિનો અર્થ શું ?

ઉત્તર—શ્રા૦ નામ શ્રાવક ધ૦ નામ ધર્મ એટલે શ્રાવક ધર્મ તેની વિધિ તે શ્રાદ્ધવિધિ.

પ્રશ્ન ૧૦૮—શ્રાવકનો અર્થ શું ?

ઉત્તર— શ્રા નામ શ્રદ્ધા વ નામ વિવેક ક નામ ક્રિયા-કરણી આ ત્રણે ગુણ સહિત હોય તેને શ્રાવક કહેવામાં આવે છે. અથવા સાવક એટલે સા નામ સાચું અને વક નામ વાકય એટલે સત્ય વાકય બોલવાવાળાને શ્રાવક કહીએ.

ઇતિ શ્રી પરમપૂજ્ય શ્રી ગોપાલજી સ્વામી. તત્ શિષ્ય મુનિ શ્રી મોહનલાલજી કૃત શ્રી "પ્રશ્નોત્તર મોહનમાળા" ભાગ ચોથો સમાપ્તઃ॥





પરમ પૂજ્યશ્રી ગોપાલજી સ્વામી તત્ શિષ્ય

મુનિશ્રી મોહનલાલજી કૃત.

શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા

ભાગ ૫ મો.



શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા.



ભાગ ૫ મો.

પ્રશ્ન ૧—ધર્મ ઉપદેશ વ્યાખ્યાન સાંભળવા મળેલા સર્વે સાંભળનારાઓ બધા એકજ પ્રકૃતિના-એકજ સ્વભાવના હોય કે [illegible] વાર્તાનો બોધ બધા એક સરખી રીતે ગ્રહણ કરી શકે ખરા કે?

ઉત્તર—"વીતરાગ બોધ" અથવા નિષ્પક્ષપાત સત્યોનું [illegible] ઉપદેશકો મારફત અને ચોપડીઓ તથા છાપખાનાં મારફત સંખ્યાબંધ [illegible] રીતે રજુ થયા છતાં દુનિયાનો આટલો મોટો ભાગ હજુ અજ્ઞાન [illegible] અને એમની "વીતરાગ બોધ" ના સંબંધમાં એંચાએંચી કેમ ચાલી [illegible] છે, એ એક સ્વાભાવિક પ્રશ્ન છે. તેમજ એ પ્રશ્ન કાંઇ સર્વ જ્ઞાની [illegible] [illegible] નહોતો. પ્રશ્ન ઉત્પન્ન થયા પહેલાંજ તેઓશ્રીએ "શ્રી નંદી સૂત્ર" માં તેનો ખુલાસો કરી રાખ્યો છે.

પ્રશ્ન ૨—શિષ્ય-નંદીજી સૂત્રમાં શ્રોતા માટે શો ખુલાસો કર્યો [illegible] તે કૃપા કરી જણાવશો?

ઉત્તર—[illegible], સાંભળો. એ સૂત્રમાં એક ગાથા છે, જેમાં [illegible] [illegible] [illegible] બતાવ્યા છે. આ ગાથા એમ સૂચવે છે કે, [illegible] [illegible] [illegible] [illegible] પૂર્વ કર્મ અનુસાર મળેલી બુદ્ધિના પ્રતાપે એકજ [illegible] [illegible], [illegible] [illegible] [illegible] છે અને સમજે છે. સ્વાતિ નક્ષત્રમાં પડેલું પાણી [illegible] [illegible] [illegible] પડવાથી મહા મૂલ્યવાન મોતીનું રૂપ ધારણ કરે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પડી [illegible] થઇ જાય છે, [illegible] [illegible] [illegible] પડી [illegible] પામે છે. તેમજ વળી તેજ [illegible] [illegible] [illegible] [illegible] પડી મોતી નહિ તો મોતીની નકલ [illegible]

[illegible] ૧૪ પ્રકારના શ્રોતાઓના મનમાં એકજ [illegible] [illegible] [illegible] છે, [illegible] [illegible] [illegible] પામવા જેવું નથી, [illegible] [illegible] [illegible] [illegible] નથી.

[illegible] [illegible] [illegible] પ્રાકૃત ભાષા અને ૧૪ પ્રકારના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] -વાંચનારને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible] ૧૪ પ્રકારના [illegible] —

સૈલઘન ૧, કુંભ ૨, ચારણી ૩, પરિપુણ ૪, હંસ ૫, મહિસ ૬, મિસેવ ૭, મસગ ૮, જલો ૯, બિરાલી ૧૦, જાહા ૧૧, ગાયો ૧૨, ભેરિ ૧૩, આહેરી ૧૪. ॥૧॥

અર્થ:—એકેક શ્રોતા કેવા હોય છે કે-૧. સૈલઘનવત્ પત્થર ઉપર ભારેમાં ભારે ગણાતો "પુષ્કર સંવર્તક" મેઘ મુશળધારા સાત અહોરાત્રિ પડે તોપણ પત્થર પલળે નહિ, એ દૃષ્ટાંતે કેટલાક શ્રોતાઓને ઉત્તમોત્તમ ગુરૂનો બોધ મળવા છતાં તેઓ બીલકુલ ભીંજાતા નથી. (જ્યારે કાળી અને ઠરાળ ભૂમિ સમાન કેટલાક જીવો થોડા વરસાદરૂપ ઉપદેશને પણ શીઘ્ર ગ્રહણ કરી લે છે.)

૨. કુંભવત્-કોઇ કુંભ અથવા ઘડો તળેથી કાણો, કોઇ પડખેથી કાણો, કોઇ કાંઠા રહિત અને કોઇ સંપૂર્ણ હોય છે. તળેથી કાણો ઘડો જ્યાં સુધી આડો હાથ રાખીએ અગર જમીન સાથે બરાબર ચોંટેલો રાખીએ ત્યાં સુધી તેમાં પાણી રહી શકે છે, અને આધાર દૂર થતાં તરતજ પાણી વહી જાય છે. તેમજ કેટલાક શ્રોતામાં, ઉપદેશક પાસે હોય ત્યાં સુધી અસર રહે છે, પણ ઉપદેશક જુદા પડયા કે તેની સાથેજ ચાલ્યું જાય છે પડખે કાણા ઘડામાં થોડુંક પાણી રહે છે અને કાંઠા રહિત ઘડામાં તેથી વધારે પાણી રહી શકે છે. પરંતુ પૂરેપૂરૂં જળ તો અખંડ ઘડામાંજ રહી શકે છે. તેમજ વળી તે જળ અવાજ પણ કરતું નથી, છલકાતું પણ નથી.

એવીજ રીતે કેટલાક શ્રોતા પૂર્ણ ઉપદેશ ગ્રહણ કરે છે; સંપૂર્ણ ઘડાની અંદરનાં સર્વ પુદ્ગલો જેમ જળથી શિતળ બને છે તેમ તેવા શ્રોતાના અંતરમાં રગે રગે ઉપદેશ લાગી જાય છે, અને તેઓ છલકાઇ જતા નથી; લ કરતા નથી; પરંતુ બીજાની તૃષા મટાડે છે, નિર્મળ કરે છે અને આપે છે.

વળી પણ ઘડાના ઘણા પ્રકાર છે. કોઇ ઘડો અંદરથી સુવાસિત ધીદાર) દ્રવ્યથી લીંપેલો અથવા બનેલો હોય તો તેની અંદરનું જળ ગંધીદાર બનશે; અને જો અંદરથી દુર્ગંધી પદાર્થથી લીંપેલો કે હશે તો જળ પણ તેવુંજ થવાનું વળી કાચો કુંભ હશે તો ફસી પડશે અર્થાત્ ગળીને ફૂટી જશે અને પરિપક્વ હશે તો હશે. એજ પ્રમાણે શ્રોતાના સ્વભાવ સંબંધમાં સમજવું.

૩. ચારણીવત્ :—ચારણીમાં પાણી નાખીએ તો તેમાંનાં સંખ્યાબંધ છિદ્રો વાટે તે નીકળી જાય છે. તેમજ મોહ, મત્સર, પ્રમાદ, આદિ છિદ્રોવાળા શ્રોતાઓનાં હૃદયમાં રેડાતો સર્વ ઉપદેશ એ છિદ્રો વાટે તત્ક્ષણ વહી જાય છે.

૪. સુગૃહીના માળાવત્ :—વિચીક્ષણ પ્રકારના ઘર અથવા માળા બાંધવા માટે પ્રખ્યાત થયેલી સુગૃહી અથવા સુઘરીના માળામાં ઘી વગેરે ગાળી શકાય છે; અર્થાત્ ચોખ્ખું ઘી તેમાંથી વહી જાય છે; અને તૃણ ઘાસ, કીટો, કચરો આદિ ચીજોને પકડી રાખે છે. તેવીજ રીતે એવા પણ શ્રોતાઓ છે કે જેઓ ઉપદેશનો ઉત્તમ ભાગ વહી જવા દે છે અને તેનો કચરોજ ગ્રહણ કરે છે.

૫. હંસવત્ :—સુગૃહીના માળાથી ઉલટું કામ હંસ કરે છે. પાણીથી મિશ્ર કરેલા દૂધમાંથી દૂધનેજ તે જુદું પાડી પીએ છે. તેમજ ઉત્તમ શ્રોતાઓ ઉપદેશકના શબ્દોમાં રહેલું તત્ત્વ ખેંચવા સાથેજ પોતાનું કર્તવ્ય છે, એમ માને છે.

૬. મહિષીવત:—મહિષી એટલે ભેંસ જ્યારે પાણી પીવા તળાવમાં જાય છે ત્યારે તો પહેલાં મસ્તક, શીંગડાં અને પગવડે પાણી ડોળી નાખે છે, પછી મળમૂત્ર કરે છે. ત્યારપછી તેજ જળ પીએ છે. પોતે નિર્મળ પાણી પી શકે નહિ અને બીજાના પીવાના પાણીને પણ નિર્મળ રહેવા દે નહિ. એવીજ રીતે કેટલાક જીવો ખરા ઉપદેશને ડોળી નાખે છે અને તે ડોળેલું પોતે ગ્રહણ કરે છે અને બીજાને પણ તેમજ કરવા કહે છે. ઘણીએ મસ્તાની ભેંસોએ સૂત્રોના શુદ્ધ જળને અંધશ્રદ્ધારૂપી શીંગડાથી તથા એકાન્તવાદના ચરણવડે ડોળી કાદવમિશ્ર કરી નાખ્યું છે. એવું પાણી પીનારા આ ભાજનો પણ મસ્તાની ભેંસોની પેઠે શુદ્ધ ઉપદેશકને ધક્કો મારી પજવતા જોઈએ છીએ.

૭. બકરીવત્ :—ભેંસથી ઉલટા સ્વભાવની બકરી કિનારે ઉભી ઉભી નિર્મળ જળ પીએ છે. તેમજ તે બીજાને પીવાના પાણીને ડોળી પણ નાખતી નથી. મસ્તાની ભેંસો તોફાનને લીધે ઘણા જનોનું લક્ષ ખેંચે, અને આ નિરપરાધી, ગરીબડી, સીધે રસ્તે જનારી બકરીઓ કાંઈ ધમધુમ ન કરતી હોવાથી જનસમાજની દૃષ્ટિ ખેંચી શકે નહિ એમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી. સજ્જનો તો શુભ જળને પીવાનો ખપ કરનારી બકરીઓની એટલી બધી પ્રશંસા કરે છે કે "અક્કલ બડી કે ભેંસ" એવી એક કહેતી થઈ પડી છે. ઉપરના ન્યાય પ્રમાણે કેટલાક શ્રોતાઓ ઘણી બકરીની પેઠે

નિર્મળ જળરૂપ એકદૃષ્ટે-એક ચિત્તે (ભેંસા ડોળ કર્યા વિના) ઉપદે
ધર્મને સાંભળી હૃદયમાં ગ્રહણ કરી લે છે.

૮. મસકવત્—મસગ અથવા મસો-જુંવો જેના શરીર ઉપ
બેસે છે તેને ચોંટે છે તેનું રૂધીર પીએ છે, તેમ કેટલાક શ્રોતાઓ ઉપદેશક
નેજ હેરાન પાડે છે, પજવે છે અને નુકશાન પહોંચાડે છે, અથવા મશક
એટલે પાણી ભરવાની ચામડાની મસક તેમાં પવન અથવા પાણી ભરવાથી
દમદોર થાય છે. પણ ઉધી પડવાથી તેના પડખાં બેસી જાય છે. તેમજ
કેટલાક શ્રોતાઓ જ્ઞાનથી ફુલી જાય છે, પણ જરા ધક્કા ખાવાથી ખાલી
ખમ થઈ જાય છે.

૯. જળોવત્—જળો જેના શરીરપર ચોંટે છે તેનું ગુડદાલ લોહી
પી જાય છે અને તેથી લોહીનો વિકાર દૂર થાય છે, તેમજ કેટલાક શ્રોતાઓ
પ્રથમ તો ઉપદેશકને શંકાઓ પૂછીને ઘણી તકલીફ આપે છે ખરા, પરંતુ
આખરે જ્ઞાનનો સદુપયોગ કરી તકલીફને સફળ કરે છે.

૧૦. બિલાડીવત્—બિલાડીનો સ્વભાવ છે કે, શીકા ઉપર દુધનું
ભાજન હોય તો તે ભાજનને ભોંય ઉપર નાંખી દૂધ ઢોળીને પછી તે ચાટે
છે, અર્થાત્ તે પૂરૂં દૂધ પી શકતી નથી, પણ અંશજ માત્ર તેના ભાગમાં
આવે છે. તેમ કેટલાક શ્રોતાઓ ઉપદેશક પાસેથી સીધી રીતે પૂરૂં જ્ઞાન
મેળવે નહિ, કારણ કે પૂછવા જવાથી પોતાનું માન ઓછું થાય, પણ બીજાને
અપાતા ઉપદેશમાંથી કિંચિત ગ્રહણ કરે અને એવા ગુંટણીયા જ્ઞાનથી
જ્ઞાની બને.

૧૧. સેલોવત્—સેલો અથવા નોળીયો પ્રથમ માતાને ધાવી પછી
વેગળો જઈ રમી રમી દુધ પચાવે અને ફરીથી ધાવે અને પચાવે, એ
પ્રમાણે રૂચતું રૂચતું દુધ પીએ અને પુષ્ટ થાય તે એટલે સુધી કે જબરા
સર્પનું પણ માન ગાળે. તેમજ કેટલાક મનુષ્યો શક્તિ મુજબ થોડે થોડે
ઉપદેશ શ્રવણ કરીને તે ઉપર મનન અને નિદિધ્યાસનની કસરત લે અને
પછી આગળ ઉપદેશ શ્રવણ કરે. એમ વિશેષ ને વિશેષ જ્ઞાન મેળવતા
જાય અને છેવટે જ્ઞાનમાં એટલા મજબુત થાય કે મિથ્યાત્વી
લોકોનું માન મુકાવે.

૧૨. ગોવત્—એક રાજાએ કોઈ બ્રાહ્મણ કુટુંબને એક ગાય દાનમાં
આપી. પરંતુ તે બ્રાહ્મણ આળસુ ને બેદરકાર હોવાથી તે ગાયની સાર
સંભાળ તેણે અગર તેના કુટુંબે રાખી નહિ. કુટુંબનો દરેક માણસ એમ

સમજતો કે, દૂધ નીકળશે તો આખું ઘર પીશે તો મારે તેને ચારો નીરવા વગેરેનો શ્રમ શા માટે ઉઠાવવો જોઇએ ? એમ કોઇએ પોતાના માથે લેખ રાખ્યું નહિ. છેવટે એ ગાય પ્રાણ રહિત થઇ. અત્રે રાજા એ તીર્થંકર મહારાજ તથા આચાર્ય; ગાય તે સાધુ તથા શાસ્ત્રો, અને બ્રાહ્મણ તે જગતના ભવ્ય પ્રાણીઓ તેમના હિતાર્થે જ્ઞાનરૂપી દૂધ આપનારી ગાય તે સાધુઓ અને સૂત્રો મળવા છતાં, તેમની વૈયાવચ્ચ-વિનય ભક્તિ બરાબર ન થવાથી જ્ઞાનની આવક પણ કમી થઇ જાય છે.

૧૩. ભેરીવત્—ભેરીવાળો માણસ પોતાના માલીકના હુકમ મુજબ ઢંઢેરો વગાડે છે. અર્થાત્ માલીકનો હુકમ ભેરીદ્વારા જગતને જાહેર કરે છે. તેમ કેટલાક શ્રોતાઓ ઉપદેશકનો બોધ શ્રવણ કરીને પછી તેજ પ્રમાણે બીજાને બોધે છે.

૧૪. આહીરવત્—ભરવાડ ગાયની સેવા ભક્તિ કરે છે, નવરાવે છે, ખવરાવે છે, અને બદલામાં તેને ગાય દૂધ આપે છે, કે જે વડે તે હૃષ્ટપુષ્ટ થાય છે. તેવીજ રીતે કેટલાક શ્રોતાઓ જ્ઞાન આપનારા ત્યાગી તથા સંસારી ઉપદેશકો તેમજ પુસ્તકો સૂત્રનો વિનય કરે છે, તેનું રક્ષણ કરે છે, એટલે ત્યાગી ઉપદેશકને આહારાદિ આપે તથા વિનય ભક્તિ કરે, સંસારી ઉપદેશકને માન પાન તથા જોઇતી મદદ આપે; અને જે પુસ્તકથી પોતાને જ્ઞાન મળે તે પુસ્તકનો બહોળો પ્રચાર કરે. આ પ્રમાણે પોતે ઉપદેશકનો વિનય કરે અને બદલામાં તેમની પાસેથી જ્ઞાન મેળવી આત્મિક પુષ્ટિ પામે.

એ ૧૪ પ્રકારના શ્રોતામાં ૫ મો હંસવત્, ૭ મો બકરીવત્, ૯ મો જળોવત્, ૧૧ મો સેલીવત્, ૧૩ મો ભેરીવત્, ૧૪ મો આહીરવત્. એ ૬ શ્રોતાઓ ઉપદેશ શ્રવણ કરવા અને જ્ઞાન મેળવવાને લાયક છે.

૨ જો કુંભવત્ કહ્યો તેમાં પૂર્ણ ઘડા જેવા શ્રોતા ઉપદેશને લાયક જાણવા અને કુટેલા ઘડા જેવા નાલાયક જાણવા.

બાકીના ૭ શ્રોતાઓ ઉપદેશ શ્રવણ કરવા અથવા જ્ઞાન મેળવવાને લાયક નથી. એ ૧૪ પ્રકારના શ્રોતાનું સ્વરૂપ કહ્યું.

પ્રશ્ન ૪—શ્રોતામાં કેટલા ગુણો અને કેવા કેવા પ્રકારના ગુણો હોવા જોઇએ ?

ઉત્તર—શ્રોતાઓમાં ૧૪ પ્રકારના ગુણો અવશ્ય હોવા જોઇએ. તે આ છે—૧ ભક્તિવંત, ૨ મીઠાબોલો, ૩ ગર્વ રહિત, ૪ સાંભળવાપર રૂચી વાળા, ૫ ચંચળતા રહિત એકાગ્ર ચિત્તે સાંભળે અને ધારે, ૬ જેવું સાંભળે

તેવું પ્રગટ અક્ષરે કહે, ૭ પ્રશ્નનો જાણ, ૮ ઘણાં શાસ્ત્ર સાંભળેલાંનો રહસ્ય જાણે, ૯ ધર્મ કાર્યે આળસુ ન હોય, ૧૦ ધર્મ સાંભળતાં નિદ્રા ન આવે, ૧૧ બુદ્ધિવંત હોય, ૧૨ દાતારરૂપ ગુણ હોય, ૧૩ જેની પાસેથી ધર્મકથા સાંભળે તેના પાછળથી ઘણા ગુણ બોલે, ૧૪ કોઇની નિંદા ન કરે, તથા કોઈની સાથે તાણખેંચ વાદવિવાદ ન કરે. એ ૧૪ ગુણ ઉપદેશ સાંભળનારા શ્રોતાઓમાં હોવા જોઇએ.

પ્રશ્ન ૫—વક્તા કેવા ગુણવાળા અને કેટલા પ્રકારના હોવા જોઇએ ?

ઉત્તર—વક્તા ૧૪ પ્રકારના એટલે ૧૪ ગુણવાળા હોવા જોઈએ તે સાંભળો—

૧ પ્રથ્ર વ્યાકરણોક્ત, ૧૬ બોલનો જાણ પંડિત હોય, ૨ શાસ્ત્રાર્થ વિચારી જાણે, ૩ વાણીમાં મિઠાશ હોય, ૪ પ્રસ્તાવ અવસર ઓળખે, ૫ સત્ય બોલે, ૬ સાંભળનારના સંદેહનો છેદ કરે, ૭ બહુશાસ્ત્રવેત્તા ગીતાર્થ ઉપયોગી હોય, ૮. અર્થને વિસ્તારી તથા સંવરી જાણે તેવો હોય, ૯ વ્યાકરણ રહિત છતાં કંઠની ભાષામાં પણ અપભ્રંશ ન બોલે, ૧૦ વાણીએ કરી સભાજનોને રંજન કરે-રીઝ પમાડે, ૧૧ પ્રશ્નાર્થ ગ્રાહક, ૧૨ અહંકાર રહિત, ૧૩ ધર્મવંત, ૧૪ સંતોષી.

એ ૧૪ બોલનો ધણી વક્તા જાણવો.

પ્રશ્ન ૬—સૂત્રોક્ત ઉપદેશ કરવાવાળામાં કેવા ગુણ હોવા જોઇએ ?

ઉત્તર—સૂયગડાંગ શ્રુતસ્કંધ ૧ લે, અધ્યયન ૧૪ મે, ગાથા ૧૮ મી થી ૨૭ મી સુધીમાં કહ્યું છે કે-૪૨ બોલવાળો સૂત્રના જ્ઞાનનો ઉપદેશ કરી શકે. તે બોલ નીચે પ્રમાણે જાણવા.

૧. ગુરૂકુલવાસી, ગુરૂ પાસેથી પ્રાપ્ત થયેલા જ્ઞાનનો સદુપયોગ કરવા માટે અન્ય જનોને ધર્મ પ્રકાશે.

૨. તત્વના જાણ તે કર્મના અંતના કરનાર થાય.

૩. ધર્મના પ્રકાશક તે પોતાને તથા પારકાને સંસારના પારગામી થાય.

૪. સમ્યક્ગોપી પુરૂષ પૂર્વાપર કોઇને વિરોધ ન પડે તેમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, જાણીને પોતાના તથા પરના આત્માને સમાધિ પ્રાપ્ત થાય બન્નેના આત્માને હિત થાય તેવી રીતે સત્ય ધર્મનો પ્રકાશ કરે ૧.

૫. સૂત્રાર્થને છાવરે નહિ, ઢાંકે નહિ, પરના શાસ્ત્રને લુપે નહિ

નિંદે નહિ, દુઃખવે નહિ, અથવા પોતાના અભિમાને કરી પોતાને ઉંચો ઠરાવે નહિ—ડાહે નહિ, અને અન્યના ગુણોને હસે નહિ, વિડંબના કરે નહિ

૬. ઉપદેશદ્વારા માન ન સેવે, અહંકાર ન કરે, પોતાની કીર્તિ પ્રસારે નહિ. તથા હું બહુશ્રુત છું, બધાં શાસ્ત્રોનો જાણ છું એમ પણ ન કરે.

૭. પોતાને પ્રજ્ઞાવંત જાણીને—હું પ્રજ્ઞાવંત છું એમ માનીને પરને પરિહાસ-ઉપહાસ ન કરે, એટલે અજાણની હાંસી ન કરે, અર્થાત્ હાસ્ય વચન ન બોલે.

૮. કોઈને આશીર્વાદનાં વચન ન બોલે, ખુશામત ન કરે કે તમે તો બહુ ધનવાન હો, બહુ પુત્રવાન હો, દીર્ઘાયુષ્યવાન હો, પુણ્યવાન હો ઇત્યાદિ વચન ન બોલે. ૨.

૯. પ્રાણીની હિંસાની શંકાએ સાવદ્ય વચન ન બોલે-ભાખે [illegible] કરે.

૧૦—નિંદા મંત્રે કરી સંયમને તથા આપને નિઃસાર ન કરે

૧૧ ધર્મનો પ્રરૂપક-ઉપદેશક સાધુ તે ધર્મનો પ્રકાશ કરતો થકો [illegible] પરની નમસ્કારના આગની ઇચ્છા કરે નહિ. [illegible]

૧૨ [illegible] નહિ તથા [illegible] નહિ. ૩.

૧૩ [illegible] ન કરે [illegible] ન કરે, [illegible] ન કરે, [illegible]

૧૪ [illegible]

૧૫ [illegible]

૧૬ [illegible]

૧૭ [illegible]

૧૮. આકુળવ્યાકુળ રહિત તથા કષાય રહિત ધર્મકથા કહે ૪.

૧૯. સાધુ સૂત્ર અર્થને વિષે નિઃશંકિત છતો શંકા રાખે જે રખે મને ગર્વ થાય.

૨૦. જે રીતે હું જાણું છું તે રીતે બીજો કોઇ જાણનો નથી એમ ન કહે.

૨૧. ઉપદેશમાં એકાંતવાદ ટાળે, સ્યાદ્વાદ વચન બોલે.

૨૨. સિદ્ધાંતનો સર્વ પ્રથક્ પ્રથક્ અર્થ વેંચીને વ્યાખ્યા કરે.

૨૩. ધર્મકથા અવસરે બે ભાષા બોલે. (સત્ય ભાષા અને વ્યવહાર ભાષા એ બે ભાષા બોલે.)

૨૪. રાજા અને રાંકે પૂછયો થકો પ્રજ્ઞાવંત સાધુ બન્નેને સમભાવે ધર્મ કહે. ૫

૨૫. ધર્મકથાના સાંભળનારા બધા સરખી બુદ્ધિવાળા હોતા નથી. કોઇ સમજી શકે, કોઇ ન પણ સમજી શકે, તેવા શ્રોતાઓને મધુર ભાષા કરી સમ્યક્ સમજાવે-સત્ય માર્ગ દેખાડે.

૨૬. કોઇ અકુસળજુ અથવા કોઇ સૂત્રાર્થને સમજી ન શકે ને આડું અવળું પૂછે તો તેની ભાષાને અવહેલે નહિ તથા તેને તિરસ્કારે નહિ તથા તેની ભાષાને નિંદે નહિ. સમ્યક્ પ્રકારે સમજાવે.

૨૭. થોડો સૂત્રાર્થ થોડા કાળ સુધી કહે પણ વ્યાકરણ તર્કે કરી ઘણો કાળ સુધી આકુળતા કરી વિસ્તારે નહિ. ૬.

૨૮. અત્યંત વિષમ અર્થ હોય તો તે સમ્યક્ પ્રકારે વિસ્તારીને બોલે. જેમ શ્રોતા પુરૂષ સુખે સમજે તેમ પ્રતિપૂર્ણ ભાષાએ કરી બોલે,

૨૯. ગુરૂની સમીપે સાંભળીને, સમ્યક્ પ્રકારે અર્થ દેખીને, ભલી રીતે અર્થને વિચારીને, આજ્ઞા વિશુદ્ધ વચન પ્રયોજે,

૩૦. ઉત્સર્ગ અને અપવાદ માર્ગને દર્શાવનારી એવી શુદ્ધ વાણી કહેતો થકો ઉપદેશક સાધુ પાપનો વિવેક કરે. એટલે પોતાના તથા શ્રોતાના પાપનો પરિહાર એટલે ત્યાગ થાય તેવો ઉપદેશ કરે. ૭.

૩૧. શ્રી તીર્થંકરાદિકે જેમ વચન કહ્યાં છે, તેમજ ભલી રીતે શીખે, તેમજ પાળે, તેમજ સુખથી ભાખે એટલે પ્રકાશે.

૩૨. ઉપદેશની મર્યાદા ઉલ્લંઘે નહિ, એટલે સાવદ્ય વચન બોલે નહિ.

૩૩. સમ્યગદૃષ્ટિવંત તે પોતાનું સમ્યગ્દર્શન લુસાય નહિ તેવી રીતે પ્રરૂપણા કરે.

૩૪. શ્રી તીર્થંકર ભાષિત સમાધિમાર્ગ બોલી જાણે તે પુરૂષ ઉપદેશ દેવાને લાયક હોય. ૮.

૩૫. આગમાર્થ કહેતો થકો લુસે નહિ એટલે અપશબ્દ બોલી સૂત્રાર્થ દુઃખવે નહિ.

૩૬. પ્રચ્છન્ન ભાષી ન થાય એટલે સૂત્રાર્થ ગોપવે નહિ; સૂત્રનો ભલો અર્થ પ્રકાશે.

૩૭. છકાયનો રક્ષપાળ એવો સાધુ સૂત્ર અર્થ અન્યથા ન કરે.

૩૮. ગુરૂની ભકિત આલોચીને બોલે; પણ ગુરૂની અભકિત થાય તેમ ન બોલે.

૩૯. જે રીતે ગુરૂ સમીપે શ્રુતને સાંભળ્યું હોય તે રીતેજ અર્થ બોલે. ૯.

૪૦. ઉપધ્યાનથી (તપશ્ચર્યા કરી) શ્રુતજ્ઞાન ગુરૂગમ્યથી મેળવેલું હોય તે અવસર દેખી શુદ્ધ સૂત્રાર્થનો પ્રકાશ કરી શકે.

૪૧. જેવો ધર્મ સમ્યક્ જાણે તેવો અંગીકાર કરે અને શ્રી વીતરાગની આજ્ઞા મળે તેમ ધર્મ ભાખે પણ વીતરાગની આજ્ઞા વિરૂદ્ધ ન બોલે.

૪૨. આદેય વચન એટલે સમસ્ત લોકને ગ્રાહ્ય—માન્ય વચન બોલે.

ઉપર કહેલા ૪૨ બોલને વિષે કુશળ નિપુણ તથા વ્યકત સ્પષ્ટ તે અવિમાસ્યો ન કરે તે સાધુ શ્રી વીતરાગ પ્રણીત સૂધો સમાધિ ધર્મમાર્ગ ભાખવાને યોગ્ય થાય એમ કહ્યું છે. ૧૦.

એ ૧૦ ગાથાએ કરી ઉપદેશ દેવા યોગ્ય સાધુ જણાવ્યા

પ્રશ્ન ૭—શુદ્ધ ઉપદેશ કોણ દઇ શકે ?

ઉત્તર—સૂયગડાંગ શ્રુતસ્કંધ ૧ લે, અધ્યયન ૧૧ મે, ગાથા ૨૪ મી એ કહ્યું છે કે—

આય ગુત્તે સયાદંતે, છિન્નસોए अणासवे;
ते धम्म सुद्ध मक्खाति, पडिपुन्न मणालिसं ॥२४॥

અર્થ—આય-આત્મા જેનો ગુપ્ત છે તે આત્મ ગુપ્ત કહીએ, તથા સદા-સદાદંત એટલે સર્વ કાળ પાંચે ઇંદ્રિયોનો દમનાર, સંવર કરનાર, અર્થાત્ પાંચે ઇંદ્રિયોને ગોપવનાર, છિન્ન—જેણે સંસારના સ્રોત છેદ્યા છે

એટલે સંસાર વધવાનાં કારણો બંધ પાડયાં છે, अणा—અનાશ્રવ એટલે પ્રાણાતિપાતાદિક આશ્રવ રહિત, ક્ષેયમ્મ—એવો જે હોય તે શુદ્ધ ધર્મ એટલે 'શુદ્ધોધર્મ' કહે, અર્થાત્ ઉપરોક્ત ગુણવાળો જે પુરૂષ હોય તે શુદ્ધ ધર્મની પ્રરૂપણા કરી શકે. શુદ્ધ ઉપદેશ દઇ શકે. તે કેવો ધર્મ પ્રકાશે ? તો કે, पडिपुन्नं—પ્રતિપૂર્ણ સર્વવિરતિરૂપ તથા अणा—અણુઆલિસં એટલે જેમાં કોઇપણ પ્રકારનો દોષ નથી એવો નિરૂપમ ધર્મ એટલે અન્ય દર્શનીઓના કોઇપણ શાસ્ત્રમાં એવો ધર્મ કહ્યો નથી એવો ઉપમારહિત ધર્મ, તેનો પ્રકાશ ઉપર કહેલા ગુણવાળો કરી શકે, અર્થાત્ મોક્ષમાર્ગરૂપ શુદ્ધ ઉપદેશ દઇ શકે.

પ્રશ્ન ૮—શ્રોતાઓને સૂત્ર સાંભળવાથી શો લાભ મળે ?

ઉત્તર—દશવૈકાલિક સૂત્ર અધ્યયન ૪ થે—ગાથા ૧૧ મીએ કહ્યું છે કે—

सोचा जाणइ कल्लाणं, सोचा जाणइ पावगं;
उभयं पि जाणइ सोचा, जं सेयं तं समायरे. ॥११॥

અર્થ—સાંભળવાથી કલ્યાણ અને પાપ એ બન્ને જાણવામાં આવે છે. તે શ્રોતાઓ બન્નેને એટલે કલ્યાણ શબ્દે ધર્મ અને પુણ્ય, તથા પાપ એ બન્નેને જાણીને તેમાં આત્માને જે શ્રેય ભાસે તે સમાચરે—આદરે. અર્થાત્ આત્માને શ્રેયકારી પાપ કદી હોય નહિ. આત્માને શ્રેયકર્તા તો કલ્યાણકારી ધર્મ અથવા પુણ્યજ આ ભવ અને પરભવ સદાય કામ હોય છે, માટે આત્માર્થી શ્રોતાઓ તો કલ્યાણના રસ્તાનેજ સ્વીકાર કરે.

તેજ સ્વરૂપ જણાવવાને માટે ભગવતીજી શતક બીજે, ઉદ્દેશે પાંચમે કહ્યું છે કે—તથારૂપના શ્રમણ માહણની પર્યુપાસના—સેવા ભક્તિ કરતાં થકાં શું ફળ ઉપજાવે ? એ પ્રશ્નના ઉત્તરમાં ભગવંતે શ્રવણાદિક ૧૦ બોલની પ્રાપ્તિ કહી છે.

પ્રશ્ન ૯—શિષ્ય—તે કયા ૧૦ બોલની પ્રાપ્તિ કહી છે તે જણાવશો ?

ઉત્તર—હાજી, સાંભળો, सवणे नाणे य विनाणे, पच्चखाणे य संजमे; अण्ह पइएतवेचेव, वोदाणे अकिरिया सिद्धि. ॥१॥

અર્થ—તથારૂપના શ્રમણ માહણની સેવા પર્યુપાસના કરવાથી સવણફલા—સિદ્ધાંત શ્રવણફળ ૧. શ્રવણે કિં ફળે ? નાણફલા સિદ્ધાંતથી જીવ અજીવાદિક નવે પદાર્થનું એટલે ધર્મ, અધર્મ, પુણ્ય, પાપ વગેરેનું જ્ઞાન થાય. ૨. અને જ્ઞાનથી વિજ્ઞાન થાય—એટલે આ કર્તવ્ય મારે કરવા

યોગ્ય છે, આ કરવા યોગ્ય નથી; એવું વિશેષે જ્ઞાન થાય. ૩. અને વિજ્ઞાનથી પચ્ચખાણ થાય—એટલે જેને કૃત્યાકૃત્યનું વિજ્ઞાન થયું તે અકૃત્યનો ત્યાગ કરે, પચ્ચખાણ કરે, ૪. પચ્ચખાણ કર્યા તેને સંયમ થયો, ૫. અને સંયમથી અણુઆશ્રવ થાય છે એટલે આવતા પાપનો પ્રવાહ બંધ પડે છે, ૬. અણુઆશ્રવથી તપ થાય છે. इच्छा निरुद्धोतवो. ૭. તપથી નિશ્ચે કર્મનો નાશ થાય છે, ૮. કર્મનો નાશ થવાથી અક્રિયાપણું થાય છે, ૯. અને અક્રિયપણું થયું એટલે સિદ્ધ ગતિ પ્રાપ્ત થાય છે, અર્થાત્ મોક્ષફળ મળે છે, ૧૦.

એ પ્રમાણે શ્રોતાઓએ શુદ્ધ ભાવે શ્રમણ માહણની સેવા પર્યુપાસના કરવાથી સિદ્ધાંત શ્રવણફળ અને સિદ્ધાંત સાંભળવાથી જાવત મોક્ષફળની પ્રાપ્તિ કહી છે.

પ્રશ્ન ૧૦—શ્રમણોપાસક કેટલાં પ્રકારના અને કેવા ગુણવાળા હોય તે સૂત્રના આધારથી જણાવશો?

ઉત્તર—સાંભળો. ઠાણાંગ ઠાણે ૪ થે—ઉદ્દેશે ૩ જે—ચાર ચારના બે ચોકે આઠ પ્રકારના શ્રમણોપાસક એટલે શ્રમણ નામ સાધુના ઉપાસક નામ ઉપાસના એટલે સેવા ભક્તિના કરનારા એવા શ્રાવક કહ્યા છે.

પ્રશ્ન ૧૧—આઠ પ્રકારના શ્રાવક અને તેમના ગુણ સૂત્રપાઠથી જણાવશો?

ઉત્તર—હાજી, સાંભળો, ઉપર કહેલા ઠાણાંગ સૂત્રનો પાઠ—चत्तारि समणोवासगा प० तं० अम्मापिइ समाणे १. भाई समाणे २. मित्त समाणे ३. सवत्ति समाणे ४.

અર્થ—च–ચાર પ્રકારના શ્રાવક પરૂપ્યા તે કહે છે—

(૧) એકેક શ્રાવક કેવા છે? તો કે ण–માતા પિતા સમાન–જેમ માતાપિતા બાળકનું રક્ષણ કરે, સાર સંભાળ કરે, તેમ એક એક શ્રાવક સાધુના કોઇપણ ઉપકાર વિના એકાંત વાત્સલ્યતાનો કરણહાર એટલે રક્ષણનો કરણહાર હોય.

(૨) મા-ભાઇ સરખો–તે એક એક શ્રાવક બાંધવની પેરે એટલે બાંધવ જેમ સંસાર વ્યવહારના કાર્ય પ્રસંગે અલ્પ પ્રેમ ધરાવે; કદાચિત કાંઇ એક કટુ વચન બોલે પણ કાર્ય ઉપજયે અત્યંત વાત્સલ્યકારી હોય; તેમ શ્રાવક સાધુ પ્રત્યે ધર્મવ્યવહારમાં ભિન્નતાને લઇને કોઇ અલ્પ પ્રેમ

ધરાવે પણ આપદ આવ્યે સહાયભૂત થઇ રક્ષણ કરે. હૃદયપ્રેમથી ધર્મબુદ્ધિએ વાત્સલ્યકારી હોય.

(૩) મિ—મિત્ર સમાન. મિત્રના અનેક ભેદ છે. તાળીયા, ગાળીયા ને તાળીયા એ ત્રણ તો નિષેધવા યોગ્ય છે, અને ચોથા સંકટસાંકળીયા તે આપદ આવ્યે ઉપકારના અભાવે પણ રક્ષણ કરવા ઉભો રહે, સહાયતા કરે. કાર્તિક શેઠના જીવને કોણિકના જીવે સહાયતા કરી તેમ એક એક શ્રાવક સાધુ પ્રત્યે પ્રથમના ત્રણ મિત્રવત્ મીઠું મીઠું બોલી ખોટો પ્રેમ ધરાવે, અવસર આવ્યે વિમુખ થઇ ઉભો રહે—ઉલટો થઇ ફસાવવાને પ્રયત્ન કરે, અને સંકટસાંકળીઆ સમાન તે સાધુ થકી ઉપકાર વચનાદિકના અભાવે કદી પ્રેમ ટળી જાય; પણ સાધુને અપવાદ આવ્યે-સંકટ આવ્યે ન્યારો—અળગો રહે નહિ. રક્ષાકારી થઇ સમાધિ ઉપજાવે.

(૪) સવત્તિસમાણે—શોક્યસમાન—જેમ શોક્ય પોતાની કહેવાતી શોક્ય બેન પ્રત્યે ઇર્ષાને વશ થઇ દુર્ગુણ બોલે, સરપા નરપા જોવે, ખોટાં આળો નાખે, તેને દુઃખી કરવાના ઉપાયો મેળવે, ધણીની પાસે સાચી ખોટી વાતો કરી તેનું માન ભંગ કરે. તેમ એક એક શ્રાવક સાધુ પ્રત્યે શોક્ય સમાન વરતીને સાધુના અવગુણજ જોવે, સાધુ પ્રત્યે દ્વેષદ્રષ્ટિએજ જોવે, દ્રષ્ટિમાં ઇર્ષા રાખે, છિદ્ર ગવેષે, અપવાદ બોલે, નિંદાવચન બોલે, આળા ચાંદા ગોતે, ખોટી આળો નાખે, સાચી ખોટી વાતો બનાવી જેમ સાધુનું માન ભંગ થાય તેવી રીતે વર્તે, ઉપકાર કાંઇ ન કરે તે શ્રાવક શોક્ય સરખો જાણવો. એ પ્રથમ ચોક જાણવો.

હવે બીજો ચોક કહે છે. चत्तारि समणोवासगा प० तं० अद्दागसमाणे १ पडागसमाणे २. खाणुसमाणे ३. खरकंटयसमाणे ४.॥

વળી ચાર પ્રકારના શ્રમણોપાસક શ્રાવક પ્રરૂપ્યા તે કહે છે :—

(૫) ૧. એકેક શ્રાવક કેવા હોય કે अद्दागसमाणे તે અરિસા સરખો. જેમ અરિસામાં છેટા હુકડાભાર જેવા દેખાડીએ તેવા દેખાય. તેમ સાધુ ઉત્સર્ગ અપવાદ ભાવ જેવા પ્રરૂપે તેવા તહેત્ કરીને પડિવજ્જે. સાધુનાં વચન સર્વ નિઃશંકપણે સ્વીકારે—અંગીકાર કરે.

(૬) ૨. એકેક શ્રાવક કેવા છે કે પડાગસમાણે—પતાકા સમાન જે દિશાનો વાયરો હોય તેથી અપુઠી ચાલે, વિચિત્ર વાયરે વિચિત્ર ચાલે જેમ ધ્વજ પતાકા વાયરાથી અપુઠી-પુંઠ દઇને ચાલે, આડી. અવળી રોલાય; તેમ સાધુઓની વિચિત્ર દેશનારૂપ વાયરે કરીને શ્રોતા શ્રાવકોનાં

એકેકનાં મન ડોલાયમાન થાય, પણ સાર અંસારનો વિચાર કરે નહિ. ઉપદેશમાંથી સાર ગ્રહે નહિ. પોતે અવળો છતો સાધુમાંથી તથા ઉપદેશમાંથી દોષ કાઢે, પછી અપુઠો આડો ચાલે. આડું આડું બોલે – वंकवंकगच्छइ વાંકોવાંકો ચાલે. વિમુખપણે વર્તે એવા શ્રાવક પતાકા સમાન કહ્યા.

(૭) ૩. खाणुसमाणे તે ખીલા સમાન—એકેક શ્રાવક કેવા હોય કે, ખીલા સમાન એટલે ખીંતા સમાન. સાધુ સાથે પોતાનું ગીતાર્થપણું જણાવવાને વચને વચને કદાગ્રહ કરે. હું કહું છું તે ખરૂં. મારો ખિંતે નાખ્યો ખસે નહિ. અર્થાત્ સાધુને ખપ્ટ પાડવા પોતાના વચનની પક્કડ કરે. એવા શ્રાવકોને ખીલા સમાન કહ્યા છે; તે દેશનાને અયોગ્ય હોય.

(૮) ૪. खरकंटयसमाणे તે ખર નામ આકરા કાંટાસમાન, એટલે જેમ શૂળાદિક પગમાં પેઠી ખટકે અથવા બંબુલના વૃક્ષે લુગડું વળગ્યું તે ફાટયા વિના છૂટે નહિ. વિછોડણહાર હાથે પણ વિંધાય. અથવા એકેક કાંટો શરીરમાં પેઠો ખટકે અને નિકળ્યા પછી પણ ખટકે, એકેક કાંટો શરીરને વિષે પેઠો થકો શરીરને સેડવી સેડવીને નીકળે તેમ એકેક શ્રાવક નિ:કેવળ પોતાનો કદાગ્રહ ન છાંડે, અને ગુરૂને (સાધુને) દુષ્ટ વચનરૂપ કાંટે કરી વિંધે. ગુરૂ સાધુ સુવચને કરી અથવા ઉપદેશદ્વારાએ કરી સદ્બોધ આપી સમજાવે તોપણ મુખમાંથી ખરસમાન ભાષા કાઢી વિટંબના કરે, અથવા એવા વાકય કાઢે કે, સાધુને કાનમાં હૃદયબાણુ જેવાં વા આકરા કાંટાસમાન ખટકે એવા શ્રાવકને ભગવંતે ખર કાંટાસમાન કહ્યા છે.

એ બે ચોકે શ્રમણોપાસક શ્રાવકના આઠ બોલ કહ્યા તેમાં પહેલો બોલ અત્યંત પ્રશંસનીય, માતા પિતાની પેઠે રક્ષણ કરનાર, અને બીજો બાંધવસમાન તે પણ સારો પ્રશંસનીય બાંધવની પેઠે રક્ષણ કરે. ત્રીજો મિત્રવત્ તેમાં ત્રણ પ્રકારના મિત્ર સરખા તજવા યોગ્ય. સંરક્ષણીય મિત્ર સરખો શ્રાવક સારો પ્રશંસનીય અને ચોથો શોકયસમાન શ્રાવક તદન નિષેધમાં નિષેધ છે. એ ચાર પ્રકારના શ્રાવક તો વસવા આશ્રી કહ્યા. અને ચાર બોલ ઉપદેશ આશ્રી એટલે શ્રોતા શ્રાવક ચાર પ્રકારના કહ્યા તેમાં અરિસાસમાન શ્રાવક એક પ્રશંસનીય બાકીના ત્રણ પ્રકારના શ્રાવક અપ્રશંસનીય.

આમાં એજ ધડો લેવાનો છે કે શ્રાવકો પણ કેવી કેવી પ્રકૃતિના હોય છે તેપણ સાધુએ જાણવા જોઇએ.

પ્રશ્ન ૧૨—અહિંયાં સૂત્રપાઠે બન્ને ચોકે શ્રમણોપાસક કહ્યા તો સૂત્રમાં શ્રમણોપાસકના ગુણો અને તેમનું સ્વરૂપ તો અલૌકિક અદ્ભુત વાંચવામાં આવે છે, છતાં આ ઠાણાંગજીમાં કહ્યા પ્રમાણેના અપ્રશંસનીય તદાકાળે સંભવે ખરા ?

ઉત્તર.—એ તો પંચમઆરાના વાંકા ને જડ આશ્રી કહ્યા છે અત્યારે કેટલાક શ્રાવક એવું નામ ધરાવે છે ખરા, પણ જ્યાં જોઇએ ત્યાં કુસંપી, કલેશી, ઈર્ષાખોર, છિદ્રગવેષી, ખટપટી, સાધુ સાધ્વીના દ્વેષી, મોટા ગુમાનના ધરાવાળા બગધ્યાનીઓ, ધર્મના દ્વેષી, માયાવી, વિશ્વાસઘાતી, કૂડ્રાગ્રહીઓ, પ્રપંચીઓ, જેવા શ્રમણ તેવા ઉપાસકો આ કાળમાં વિરાધકપણે ઉત્પન્ન થયેલા એવા જીવો, સાધુના શોકયસમાન, પતાકાવત્, ખીલાવત્, ખર કાંટા જેવા ભગવંતે ઉત્પન્ન થવાના જાણેલા, પ્રકાશેલા છે. તેજ પ્રમાણે આપણે નજરે જોઇએ છીએ. માટે શાસ્ત્રમાં કહેલા શ્રાવકના ૨૧ ગુણ સાહેના ગુણવાળા એ શ્રાવક નથી.

પ્રશ્ન ૧૩—શ્રાવકના ૨૧ ગુણ કહ્યા તેનું રહસ્ય જણાવશો ?

ઉત્તર—હાજી, સાંભળો, શ્રાવકના ૨૧ ગુણની ચોપાઇ—સરસ્વતિ ચરણ નમાવું શીશ, શ્રાવકના ગુણ ગઉં એકવીશ. પહેલે બોલે લજ્જા ધરે, બીજે બોલે દયા આદરે ૧, આનંદકારી પરસન ચિત્ત ૩, આગમ વચન વિશ્વાસી નિત ૪, ઢાંકે વળી પરાયા દોષ ૫, પર ઉપકારી સહજ સંતોષ ૭, (૨) સૌમ્ય નજર સમદ્રષ્ટે જુવે ૮, અવગુણ ઢાંકી ગુણજ લીએ ૯, બોલે મધુર વચને ઇષ્ટ ૧૦, દીર્ઘ વિચારી હોય ગરીષ્ટ ૧૧, ૩ ચાલે નિત્ય ભલી પેરે સદા ૧૨, નિર્મળ બુદ્ધિ વસાવે હૃદા ૧૩, દીપે ગુણ ન વિસારે જેહ ૧૪, ધર્મ દયા લયલીનો તેહ ૧૫, ૪ નહિ દીન ન હું સુખ અહંકાર ૧૬, નવિ લોપે કુળ આચાર ૧૭, વહે જીન દર્શન સંજતિ ૧૮, ન ચલે રૂપ્યપરે સમકિત ૧૯, પાપકર્મનો મારગ તજે ૨૦. જિનની આજ્ઞા મનમાં ભજે ૨૧, એ એકવીશે બોલ પ્રમાણ, ધન્ય ધન્ય શ્રાવક તેહ સુજાણ. ૬ એ ૨૧ ગુણ શ્રાવકના કહ્યા.

પ્રશ્ન ૧૪—આ તો તમે મહાવીરના શ્રાવકની વાત કરી. આ કાળના શ્રાવકના ગુણ કેવા હોય ? તે તો જણાવો ?

ઉત્તર—આ કાળના શ્રાવકના ગુણ પણ આવાજ હોવા જોઇએ, પણ તે તો કોઇ ઠેકાણે ગોત્યા હાથ આવતા નથી, પણ જ્યાં જોવામાં આવે છે ત્યાં ઉલટાજ ગુણવાળા જોવામાં આવે છે. આત્માર્થી હલુકર્મી જીવ કોઇ

કોઇ નીકળી આવે ખરા, પણ બહુધાં તો કુસંપી ને કલેશીજ આ કાળમાં પેદા થયા હોય એમ જણાય છે. તેથી આત્માને ખેદ થાય છે કે-આવા શ્રાવકોપર શાસન કેવી રીતે ચાલશે કે જે નાવમાં બેઠા હોય તેનાજ ખીલા અને પાટીયાં તોડે, હે મહાવીર પરમાત્મા! તારા શ્રાવક આવા ન હોય, ન હોય, ન હોય. તારા શાસનમાં ઉત્પન્ન થયેલા અને તને દેવપણે માનનારા અગમ્યાનીઓ તારા શાસનને અને નામને કલંકિત કરનારાના હૃદયમાં હે દેવ! એવી પ્રેરણા કર કે તેઓમાં તારા સ્વીકારેલા શ્રાવકોના ગુણો પ્રગટે અને શાસનના વાત્સલ્યકારી થાય અને પોતાના આત્માને આરાધ્ય પદ મેળવી સદ્‌ગતિને પ્રાપ્ત થાય એવી પરમાત્મા પ્રત્યે ખરા અંતઃકરણની પ્રાર્થના છે.

પ્રશ્ન ૧૫—પંચમ કાળના શ્રાવકનું સ્વરૂપ તો યથાતથ્ય ઉપર કહ્યા પ્રમાણેજ જણાય છે તો સાધુને માટે શું સમજવું?

ઉત્તર—સાધુને આહાર તો તેવાજ શ્રાવકના ઘરનો ભોગવવામાં આવે છે, માટે કહેવત પ્રમાણે આહાર પ્રમાણે ઓડકાર. જેવો આહાર તેવો ઓડકાર એ કહેવત ખોટી નથી. જેવી શ્રાવકની વૃત્તિ-જેવી શ્રાવકની વર્તણુક તેવીજ પોતાના માનેલા સાધુની પ્રવૃત્તિ. શ્રાવક ખટપટી હોય તો તેમને આશ્રી સાધુ પણ તેજ પ્રમાણે વર્તે તેમાં નવાઇ નહિ. જેમ ભાયો અંદરે. અંદરની ખટપટો કરી અંદરો અંદર ભેદ પાડવાના-કુસંપ પાડવાના પ્રયત્નો કરે છે, તેમ સાધુઓ પણ અંદરો અંદર ભેદ પાડનારા કુસંપ [illegible] મલીન હૃદયવાળા ભગવંતે જાણેલા હોવાથી તેમને માટે ભગવંતે [illegible] શિક્ષા બતાવેલી છે.

પ્રશ્ન ૧૬—કેવા પ્રકારના સાધુને કેવા પ્રકારની શિક્ષા બતાવી છે તે [illegible] જણાવશો?

ઉત્તર—[illegible], ઠાણાંગ સૂત્ર ઠાણે ૫ મે, ઉદ્દેશે ૧ લે કહ્યું છે કે-

[illegible]

[illegible]

[illegible]

પા-પારંચિય-પારાંચિત દશમું પ્રાયશ્ચિત દેતાં-લિંગ ફેરવીને માંહે લેતાં ના ભગવંતની આજ્ઞા અતિક્રમે નહિ-એમ કરતાં આજ્ઞા ઉલ્લંઘે નહિ. (એ પદેશનો અધિકાર છે) તં તે કહે છે. કું૦ કુલ તે વડા આચાર્યના શિષ્ય એક નામે ઓળખાતા સંપ્રદાયમાં તેની સાથે વસતાં થકાં કુ૦-ભે૦-તેહજ કુળમાં ભેદ પાડે-ફાંટા પાડે-માંહોમાંહે કલહ ઉપજાવે કરી ભેદ પાડવા ભણી અ. મ-સાવધાન થાય ૧. ગ-ગણ તે બે આચાર્યનો સંઘાડો ભેગો છે તેમાં વસતાં થકાં ગ-તેજ ગણમાં ભે-ભેદ પાડવા ભણી અ. મ-ઉઠે-સાવધાન થાય. ૨.

આનો પરમાર્થ એ છે કે—પ્રંપાડામાં રહી અંદરોઅંદર છુપી રીતે એક બીજાને ફીટાડી અંદરોઅંદર કલેશ જગાવે, એક બીજામા ભેદ પાડે, ફાંટા પાડે, એક બીજાનાં મન જુદાં કરે. પડે ભલો ગણાવા ન્યારો રહે. અંદરખાને એક બીજાને ઉશ્કેરે, ચડાવે, શ્રાવકોમાં ભલો ગણાવા ખુશામત સહિત, માયા સહિત અલિક વચન બોલી પોતે નિર્દોષ રહે અને સુથકની પેઠે કુંડી કુંડીને કરડવાની પેઠે જે વાસમાં રહ્યો હોય તેની અંદર છુપી રીતે ભેદ પાડે, તેવાઓને માટે પારાંચિત-પ્રાયશ્ચિતના બે બોલ કહ્યા.

ત્રીજે બોલે હિંસ પેહિ એટલે હિંસાનો દેખનાર. હિંસાનો ગવેષણુ-હાર સાધ્વાદિકને મારવાની ગવેષણા કરે, ઘાત દિવસ હણવાની બુદ્ધિએ મહંત પુરૂષની હિંસાનો અર્થી મલિન પરિણામે ચિંતવણા કરે. ૩.

ચોથે બોલે છિદ્ર પેહિ એટલે આગલાને હેલવા નિંદવાની બુદ્ધિએ છિદ્ર જોવે. જો કાંઇ છિદ્ર જોવામાં આવે તો રજનું ગજ અને ગજનો મેરૂ કરે, સાચી ખોટી વાતો કરી ફજેતના ફાળકે ચડાવે. ૪.

પાંચમે બોલે અભિખણં ૨ પસિણાય ગુરૂને ખોટા પાડવાને ખષ્ટ પાડવાની બુદ્ધિએ આડા અવળા પ્રશ્ન વારંવાર પૂછે. ૫ એ પ્રકારે કરીને સાધુ, દશમા પારાંચિત-પ્રાયશ્ચિતનો સેવણહાર થાય. તેને શુદ્ધ કરવા ગુરૂ તેને પારાંચિત કરે તો તે આજ્ઞાને અતિક્રમે નહિ એમ ભગવંતે કહ્યુ છે.

પ્રશ્ન ૧૭—પારાંચિત દોષના સેવનારાઓને શો દંડ આવે અને તે શુદ્ધ કેવી રીતે થાય ?

ઉત્તર—શ્રી ઠાણાંગજીમાં ૧૦ મે ઠાણે ૧૦ પ્રકારનાં પ્રાયશ્ચિત કહ્યાં છે તેમાં આ પારાંચિત નામનું પ્રાયશ્ચિત ૧૦ મું કહ્યું છે. આ છેવટનું મોટું પ્રાયશ્ચિત કહ્યુ છે. આ દોષના સેવવાવાળાને શાસ્ત્રના નિયમ પ્રમાણે

યા વૃદ્ધ વાક્યો પ્રમાણે યા સાંભળવા પ્રમાણે સાધુના વેશે મેઢે મુહપત્તિ અને માથે ફટકો બંધાવી જઘન્ય ૧, ૨, ૩, દિવસ રાખી ઉત્કૃષ્ટ ૧૨ વર્ષ રાખી ફરી દીક્ષા આપે, અને પોતે પણ એમ કહે કે મને પારાંચિત ને ભિક્ષા આપશો. પારાંચિત આર્યાને શુંઢડીનું માથાબંધણું બંધાવે આમ કરવાથી પારાંચિત દોષવાળો શુદ્ધ થાય છે.

પ્રશ્ન ૧૮—આવા દોષવાળાને એટલે પારાંચિત દોષવાળાને ઉપર કહ્યા પ્રમાણે શુદ્ધ કરવાની ક્રિયા કેમ કોઇ ઠેકાણે જોવામાં આવતી નથી? ઠાણાંગજીમાં કહેલા પાંચ પ્રકારના પારાંચિત દોષના સેવવાવાળા સાધુ આર્યાઓ તો બહુધાએ જોવામાં આવે છે. છતાં તેને શુદ્ધ કરવાની ક્રિયા શાસ્ત્રના ન્યાય પ્રમાણે જોવામાં આવતી નથી તેનું શું કારણ?

ઉત્તર—તેનું કારણ તો માત્ર પક્ષાપક્ષનુંજ હોય એમ જણાય છે પારાંચિત દોષના સેવવાવાળા પ્રાયે બળવાન પક્ષને લઇને નિડર અને બળવાન બને છે, તેથી ઉદ્ધતાઇમાં આવી નિઃશંકપણે જેમ આવે તેમ વર્તે. અંધશ્રધ્ધાવાળી દુનિયા, આશાલુબ્ધ દુનિયા, રાગદ્વેષ અને મારાતારાની ખટપટમાં ફસાયેલી દુનિયાની સત્તાતળે તાબેદારની માફક પોતાનો મતલબ સાધવાને હા ભાઇ હા, ના ભણવાવાળા ખુશામતીઆઓ ગમે તેવી રીતે વર્તે; પરંતુ રાગી અવગુણ ના ગણે, એ ન્યાયે પોતાનું ઢાંકવું, પરનું ઉઘાડું સમતાને માન અને અણગમતાપર દ્વેષ, પારાંચિત દોષના સેવવાવાળા, પક્ષના મુખે પેસી ઉઠી ખટપટો ઉઠાવી નિંદાખોર અને છિદ્રગવેષીઓને પક્ષમાં રાખી, સંપ્રદાયમાં મોટી ફાટફુટ પાડી, અધિકારી, ઉપકારી અને સેવાભક્તિ કરવાવાળા હિતચિંતકને સવળો બદલો આપવાને બદલે, ઉલટો બદલો આપવાના પ્રપંચો રચી, ચારે તીર્થમાં ભેદ પાડવાવાળા મનમાની મોજે નિરંકુશપણે મ્હાલે તેને કોણ કહેવા સમર્થ છે? આનો મૂળ હેતુ તો એજ કે કે-દુનિયામાં સ્વાર્થ છે તે એક જાતની જાળ છે. કોઇને હીરાની આશા કે કોઇને ધનની ઇચ્છા, કોઇને કોઇ પ્રકારની આશા અને કોઇને કોઇ પ્રકારની ઇચ્છા, એવા અનેક પ્રકારના પ્રતિબંધોને લઇને લોકોને પણ દોષદ્રષ્ટિએ જોવાતું નથી અને ઉલટું આવુંજ વાતાવરણ થાય ત્યાં કોણ શુદ્ધિ કોણ કરી શકે?

પ્રશ્ન ૧૯—એવા પારાંચિત દોષવાળા કલહકારી ચારે તીર્થમાં ભેદ પડાવનારા કદિ આ ભવમાં ફાવી જાય, પરંતુ પરભવને માટે શાસ્ત્રકાર શું ફરમાવે છે વારુ?

ઉત્તર—તે વિષે ભગવંતે ખુલ્લા શબ્દોમાં કહ્યું છે કે—તેવાઓ મહા મોહનીય કર્મના બાંધવાવાળા જાણવા. જુઓ દશાશ્રુતસ્કંધ અધ્યયન ૯ મું, ગાથા ૩૦ મી—जेकेयाद्दिकरणाइ, संपउज पुणो पुणो; सव तियाणिभेयाणं महामोहं पकुव्वई. ૨૦.

અર્થ—જે કોઇ અધિકરણ એટલે કર્મબંધનો હેતુરૂપ કષાય ઉત્પન્ન થાય તેવાં વાકયો વારંવાર પ્રયોજે એટલે સામા માણસને હસાવાને અને તેને ઝનુન લાવવાને વારંવાર ઉદીરણા કરે અને અંદરો અંદર ખટપટ અને કલેશ ઉત્પન્ન કરી ચારે તીર્થમાં ભેદ પાડે-ફાંટા પાડે તે મહા મોહનીયકર્મ બાંધે.

પ્રશ્ન ૨૦—મહામોહનીય કર્મનો બંધ કોણ બાંધે અને કેટલા કાળની સ્થિતિનો હોય?

ઉત્તર—મહામોહનીયકર્મનો બંધ જેને મિથ્યાત્વ મોહનીયનો એટલે ગાઢ મિથ્યાત્વ મોહનીયનો ઉદય હોય તે ઉત્કૃષ્ટ ૭૦ ક્રોડાક્રોડ સાગરોપમની સ્થિતિએ બંધ પાડે. એટલે ત્યાં સુધી સમકિતની પ્રાપ્તિ થઇ શકે નહિ.

આનો પરમાર્થ એ છે કે—ગાઢ કષાયના ઉદયે કરી ધર્મમાર્ગમાં એટલે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકામાં અંદરો અંદર કલેશ ઉત્પન્ન કરી અંદરો અંદર ભેદ પાડી-ફાંટા પાડી મોટી અશાંતિ ઉત્પન્ન કરનાર, અથવા કોઇની નિંદા હિલણા કરવા કરાવવારૂપ છિદ્રો જોવા-છિદ્રો ઉઘાડવ-પ્રકાશવા રૂપ ઉપદેશ આપવો, આક્ષેપ વચન બોલવાં; પોતાનો છાંદો ઢાકી, પરના છતા અછતા દોષ પ્રગટ કરવાનોજ બોધ આપનાર તે પોતાના આત્માને કલુષિત કરી અન્યને કલેશમાં ઉતારનાર, સરળ માર્ગમાં ભેદ પાડનાર, મહામલીન આત્માના ધણી તે મહામોહનીય કર્મ બાંધે અને બીજાઓને પણ તેવાજ રસ્તે ચડાવી અધોગતિમાં હડસેલે.

માટે ભગવંત મહાવીરનું ફરમાન છે કે-અહો ! ભવ્ય જીવો ! તમે ન્યાય અને સરળ માર્ગ મૂકીને અથવા સમકિત ધર્મ અને ચારિત્ર ધર્મ મૂકીને તમે મહામોહનીય કર્મના બંધમાં ફસાશો નહિ, અને કોઇના દોષ જોવાની કે છિદ્ર ગવેષવાની બુદ્ધિ આપનારની પાપજાળમાં પણ ફસાશો નહિ, અને તેવું ભણતર પણ ભણશો નહિ કે જેથી પોતાનો આત્મા કર્મે કરીને ભારે થાય.

જે છિદ્રગવેષી હોય છે તે પરની નિંદામાં પણ ઉતરે છે, એટલે પરની નિંદા પણ કરે છે; તેથી ઝબર દોષને પાત્ર થાય છે. અને નિંદાના કરવાવાળાને પણ ભગવંતે માઠાં ફળ કહ્યાં છે, માટે આત્માને કલુષિત નહિ

કરવા, કોઇનાં છિદ્ર પ્રકાશવાં નહિ, અને કોઇની નિંદા કરવી નહિ એમ ભગવંતનું ફરમાન છે.

પ્રશ્ન ૨૧—છિદ્ર જોવાવાળાને મહામોહનીય કર્મનો બંધ કહ્યો તે સૂત્રથી જણાયો પણ નિંદા કરવાવાળાને ભગવંતે સૂત્રમાં શું ફરમાન કર્યું છે તે સૂત્રપાઠથી જણાવશો ?

ઉત્તર—હાજી, સાંભળો, સૂયગડાંગ શ્રુતસ્કંધ ૧ લે, અધ્યયન ૨ જે, ઉદ્દેશે ૨ જે, ગા. ૧લી ૨જી બાજૂવાળા છાપેલ પાને ૧૧૮ મે કહ્યું છે કે—तयसं च जहाई सेरयं, इति संखाय मुणीण मज्जई; गोयन्नतरेण माहणे अहसेय करी अनेसिइंखणी ॥१॥ जे परमवई परंजणं,, संसारे परिवत्तई महं; अदुइं खणियाउ पाविया, इति संखाय मुणी णमज्जई ॥२॥

અર્થ:—तयसंचके० તે, जहाइ—કે—જહા, જેમ સર્પ પોતાની ત્વચા જે કાંચળી તે પરિહરવા યોગ્ય જાણીને છાડે, सेरयंकै—તેમ એ સાધુ છે, તે. રજની પેરે અષ્ટ પ્રકારનાં કર્મને છાંડે, એતાવતા કષાય ન કરે. કેમકે કષાયને અભાવે કર્મ પોતાની મેળે છંડાશે. इतिसंखाय मुणीके—એવી રીતે જાણીને ચારિત્રીઓ. णमइज्झइके—મદ એટલે અહંકાર કરે નહીં, તે મદનું કારણ દેખાડે છે. गोके—કાશ્યપાદિક ગોત્રે કરી (એટલે ઉચ ગોત્રે કરી) અથવા यन्नतरेण કે—અનેરા કુળરૂપાદિક મદ તેને પામીને ઉત્કર્ષ–માન ન કરે એવો. माहणेके—સાધુ તે જેમ પોતાથકી મદ ન કરે તેમ अनेतिक અનેરોની પણ, अहसेय करी कै—અશ્રેયકારી એવી જે, इखणी के—નિંદા તે પણ ન કરે. ॥૧॥ હવે પરનિંદાના દોષ કહે છે. जे. કે—જે કોઇ અવિવેકી પુરૂષ, परंजणके—અનેરા લોકને (અન્ય જનોને) परमवइके—પરાભવ કરે એટલે અવહેલના કરે તે પુરૂષ, संसारे परिवत्तई महंके—સંસાર માંહે અત્યંત પરિભ્રમણ કરે. अदुके—અથ જે કારણે. इंखणियाउके—પરનિંદા તે, पावियाके—એવી પાપણી છે કે જે સ્વસ્થાનકથકી અધોસ્થાનકે જીવને પાડે. इतिसंखायके એવું જાણીને એટલે પરનિંદાને દોષરૂપ જાણીને, मुणीके મુનીશ્વર જે છે, તે જાતિ, કુળ, શ્રુત, તપાદિકને વિષે, णमज्जईके મદ ન કરે, એટલે હું ઉત્તમ છું. એ મ્હારા થકી અમુક હીન છે. એવો પોતાનો ઉત્કર્ષ ન કરે. (અર્થાત્ પોતે મદે ચઢી પરની નિંદા ન કરે).

અહિંયાં ભગવંત તે પારકી નિંદા કરે; અને પારકી નિંદા તે મહા પાપણી અધોગતિને આપનારી કહી.

પ્રશ્ન ૨૨—શ્રી ઠાણાંગજીમાં કહેલા પાપાંચિત દોષવાળા કકડ-કારી-ભેદના પાડનારા નિંદક છિદ્રગવેષીનો આત્મા કેવો હોય અને તેને સૂત્રમાં કેવા નામથી બોલાવ્યા છે?

ઉત્તર—દશાશ્રુત સ્કંધમાં એવાઓને અસમાધિયા કહીને બોલાવ્યા છે. સાંભળો દશાશ્રુત સ્કંધ અધ્યયન ૧લે–અસમાધિ ઉત્પન્ન થવાનાં વીશ સ્થાનક કહ્યાં છે. તેમાં બોલ ૮મે संजलणकोहणे બોલ ૯મે पिट्ठिमंसिएयाविभवंति + + બોલ ૧૧મો नवाइं अहिगरणाइं अणुप्पन्नाइं. उप्पाइत्ताभवइ.— બોલ ૧૨મો पोराणाइं अहिगरणाइं खमीयविओसवियाइं पुणोउदीरित्ताभवंति + + બોલ ૧૬મો भेदकरे, झंझकरे. બોલ ૧૭મો कलहकरे બોલ ૧૮મો असमाहिकारए.

આટલા બોલે કકડ-કલેશ કરી ભેદ પાડી નિંદક-છિદ્ર ગવેષીને અસમાધિના ઉત્પન્ન કરાવવાવાળા કહ્યા છે. તે પાપાંચિત દોષ અને મહા-મોહનીયના સ્થાનકને પુષ્ટિકર્તા છે.

પ્રશ્ન ૨૩—ઉપર કહેલા બોલનો અર્થ સર્વ સમજી શકે તેવી રીતે જણાવો તો વધારે સમજણી પડે કે જેથી ઘણા જીવોને વિશેષ લાભ થાય.

ઉત્તર—સાંભળો બોલ ૮મો–संजलणकोहणे એટલે વરંવાર ક્રોધ પ્રકૃતિએ જળવે કરી ક્રોધ ઉતરેજ નહિ, ક્રોધાદિક ધમધમાયમાન રહે. તેણે કરી પોતાના આત્માને અને પરના આત્માને સંતાપ ઉપજાવે, તેણે કરી અધિક આકરપણે બોલે, એજ આત્માને અસમાધિનું કારણ. એવા જીવોને તિર્યંચ સર્પાદિકની ગતિના આઉખાનો બંધ પડે.

પ્રશ્ન ૨૪.—૯મા પિટ્ઠિમંસ નો અર્થ શું?

ઉત્તર—સાંભળો. બોલ ૯મો. पिट्ठिमंसिएयाविभवंति એટલે પરપુંઠે અવર્ણવાદનો બોલનાર, નિંદાનો કારણદાર હોય તે અસમાધિયો. પરપુંઠે કોઈની નિંદા કરવો મર્મ ઉઘાડતો પોતાના અપયશ પામે અને ઉપજેલાં સર્વને નિંદનીક હોય એ નિંદા અવર્ણવાદની અસમાધિનું કારણ.

પ્રશ્ન ૨૫—કેટલાક કહે છે કે આપણે જેમ જેમ પરનિંદા કરીએ તેમ તેમ સામા માણસનો સુધારો થાય આપણે નિંદા કરવી. કારણ માણસ સુધરે તેનો લાભ આપણને મળે માટે પાપની નિંદા કરવાનું કામ બોલે છે તેનું કેમ?

ઉત્તર.—એ માનવું ભૂલભરેલું છે. જો નિંદાજ કરવાથી દુનિયા સુધરતી હોય તો પછી શાસ્ત્રકારને તેનાં આઠાં ફળ શા માટે મૂકવાં પડે! ભગવંતે પાપનાં ૧૮ સ્થાનક બતાવ્યાં છે. તેમાં ૧૫મું સ્થાનક નિંદાનું કહ્યું છે તેને તમે કેવી રીતે રદ કરી શકશો? સૂયગડાંગ સૂત્રમાં ભગવંતે પરનિંદાને મહાપાપણી કહી છે અને તેનું ફળ સંસારમાં પરિભ્રમણ કરવાનું કહ્યું છે. તેમાં તે લાભ કયાંથી હોય? નિંદા કરવાથી લાભ માનવો અને બીજાઓને તેમ ઠસાવવું એ તો મહા અજ્ઞાનતાનું કારણ છે. પરનિંદા દ્વેષ વિના થતી નથી. નિંદાનું મૂળ કષાય છે, કષાય વડેજ નિંદા કરવાની બુદ્ધિ થાય છે. નિંદા કરવાથી ગુણ માનનારાની બુદ્ધિ શરીરે વિષ્ટા ચુંથી પવિત્ર માનવા જેવી સમજવી. ભગવંતે તો ખુલ્લા શબ્દોમાં કહ્યું છે કે નિંદા કરવી તે પુંઠનો માંસ ખાવાસમાન છે. પુંઠના માંસનો અર્થ વિષ્ટા થાય છે. તો નિંદા કરવી અને વિષ્ટા ખાવી એ બંને બરાબર છે. માટે જેવું વિષ્ટામાં પવિત્રપણું તેવો નિંદા કરવાથી થતો ગુણ માનવો. ઉત્તરાધ્યયનના ૩૬મા અધ્યયનમાં કહ્યું છે કે :—

माईअवण्णवाई, किव्विसियंभावण कुणइ मायावइ અને અવર્ણવાદ એટલે નિંદાનો બોલનારો તે કિલ્વીષોની ભાવનાનો કરનારો સમજવો. એટલે માયા કરનાર અને નિંદા કરનારની ભાવના ચંડાળની ભાવના બરાબર કહી, માટે નિંદા કરવામાં ગુણ માનનારાઓની બુદ્ધિ પણ એવાજ પ્રકારની સમજવી.

નિંદા કરી માણસને સુધારવાનું ધારવા કરતાં તેના કોઇપણ ગુણોને આગળ કરી અથવા માતા પિતાની બુદ્ધિએ કે બાંધવની બુદ્ધિએ તથા મિત્રપણાની બુદ્ધિએ મધુર વચને કરી હિત શિખામણ આપવાથી તે સુધરવાનો હશે તો તરત સુધરશે. નિંદા કરવાથી ઉલટો તમારો શત્રુ બનશે. તમે તેનો એકાદ દોષ મૂકશો તો તે તમારા છતા કે અણછતા અનેક દોષો ખુલ્લા મૂકશે. તેથી બન્નેના આત્માને મ્હોટી નુકસાનીમાં ઉતરવાનો પ્રસંગ આવે. આટલું તો સૌ કોઇ સમજી શકે છે કે પારકા પાયખાના (સંડાસ જાજરૂ) સુધારવા કરતાં પોતાનું ઘર સુધારવું તે વધારે ઉચિત ગણાય છે. પરની લાભ હાનિની ચિંતા કરવા કરતાં પોતાની નુકસાનીનો વિચાર કરવો જોઇએ કે મારે કેટલું ખાધખાતું છે. એક કેવળી ભગવાન સિવાય દરેક જીવ દોષનેજ પાત્ર છે. કોઇમાં ઘણા તો કોઇમાં થોડા ગુણદોષ હોવાનો સંભવ છે. દુનિયા સુધરશે યા નહિ સુધરે તો હે આત્મન્! તને લાભ કે હાનિ નથી, પણ જો તારો આત્મા પરદોષ જોવામાં કે પારકી નિંદાની ખટપટમાં ગુંચવાશે તો તને ભારે નુકસાની છે. માટે

હે આત્મન્ ! તું પરદોષ જોવાની ટેવ પાડવા કરતાં તારા પોતાના આત્માના દોષો જોવાની ટેવ પાડવા શીખ. પરની નિંદા કરવા કરતાં આત્માની નિંદા કર. એક કવિએ કહ્યું છે કે:–તુજે પરાઇ કયાપરી, તું અપની નિવેડ; તેરી નાવ દરિયાવમેં, તુજે નહિ ત્યું એડ. ૧. નારાયણ નિજ હૈયેમેં, અપના દોષ નિહાળ; તા પીછે તું ઓરકા, અવગુન ભલે સંભાળ ૨. આપે સમજી સુધરીએ, દુનિયા નહિ સુધરાય, પગે પગરખા પહેરીયે, પૃથ્વી નહિ મઢાય. ૩ વળી સૂત્ર પણ એ જણાવે છે કે આચારે અધિકો કહ્યો, નિંદક નિન્હવ જાણ, પંચમ અંગે ભાંખીઓ, છે પહેલે ગુણઠાણ ૧ અને ભગવંત મહાવીરે પણ પોતાના સાધુઓને બચાવવા માટે પરનિંદા, છિદ્ર-અન્વેષી વગેરે પણાના મહાન્ દોષો સેવવાવાળાને મોટામાં મોટું ૧૦મું પ્રાયશ્ચિત કહ્યું છે. તે એવા મહાન્ દોષથી ન્યારા રહેવાને માટેજ છે. જેની નિંદા કરવામાં આવે તે માણસ જો પોતાના આત્માના વિચારમાં આવે તોજ સુધરે. કદિ ન સુધરે તો તેના આત્માને અહિત છે, પણ એટલું તો ધ્યાનમાં રાખવું કે નિંદા કરનારનો આત્મા તો અવશ્યમેવ કર્મે કરીને ભારેજ થવાનો એ સિદ્ધાંત વાકય છે. અને અહિંયા નવમા બોલમાં પણ પૂઠી માંસ તે પુંઠનો માંસ ખાવા સાથ મોટી અસમાધિનો અધિકારી કહ્યો છે.

પ્રશ્ન ૨૬—૧૧ મા ૧૨ મા બોલનો શો અર્થ છે, તે વિસ્તારથી જણાવશો ?

ઉત્તર—બોલ ૧૧ માં કહ્યું છે કે:–नवाइं अहिगरणाइं अणुप्पन्नाइं उप्पाइत्ता भवइ એટલે જ્યાં કલેશ ઉત્પન્ન થવાનો સંભવ નથી વા જે ઠેકાણે કલેશ નથી ત્યાં નવા નવા કલેશાદિ ઉત્પન્ન કરે તેને અસમાધિયો કહ્યો છે. નવા કલેશને ઉપજાવે તે ઘણા જીવને દુઃખદાયી હોય તેણે કરી અશાતા-વેદનીય કર્મ ૩૦ ક્રોડાક્રોડી સાગરનું ઉત્કૃષ્ટી સ્થિતિનું બાંધે, તે જીવ જ્યાં ઉપજે ત્યાં ઘણી અશાતા પામે તે નવા કલેશ ઉત્પન્ન કરવારૂપ અસમાધિનું ફળ.

૧૨ મા બોલમાં કહ્યું છે કે–पोराणाइं अहिगरणाइं खामीअविउसवियाइं उदीरित्ता भवइ ૧૨ એટલે પાછલા કલેશાદિક ખપાવીને ઉપશમાવ્યા હોય ને ફરીને ઉદેરે તે અસમાધિયો હોય. પાછલા કલેશાદિક ઉદેરે તે મહાદુષ્ટ પરિણામ આવે ત્યારે એવી બુદ્ધિ થાય. ઉપશમાવેલા કલેશને ફરી ઉદેરે ત્યારે કલેશ અધિક વૃદ્ધિને પામે, ઘણાનો નિકાલો પામે, પોતાની પ્રતીત

ખોવે, જ્યાં ઉપજે ત્યાં આશા ભંગ થાય, ચિકણાં કર્મ બાંધે એ અપ્રસિદ્ધિનું ફળ.

પ્રશ્ન ૨૭—ઉપશમાવેલા ક્લેશને, ફરી ઉદેરી કલેશ જગવવાનું એવાં સબળ કારણો શું મળી આવે છે કે જેથી પોતાને અને પરને અશાંતિ ઉત્પન્ન થાય, તેવી રીતે જીવો કેમ વર્તતા હશે?

ઉત્તર—એમાં અનેક કારણો હોય એમ જણાય છે.

૧ પહેલું કારણ એ કે માણસો અંદરો અંદરની ખટપટથી કંટાળીને; મુંઝાઈને, અકળાઈને ઘણા કાળના કલેશને ઉપશમાવવા સમાધાન ઉપર આવેલા હોવાના સબબે આંખો આડા કાન કરી કલેશને ઉપશમાવેલો હોય તે ઘણો કાળ ટકી ન શકે.

૨ બીજું કારણ એ કે કલેશનો અપવાદ પોતાના માથે આવેલ હોય તે ટાળવાને માટે સમાધાની કરી કલેશ ઉપશમાવે.

૩ ત્રીજું કારણ એ કે અંતરમાં કપટ રાખી દુનિયાના દેખાવ માટે દેખાવનો કલેશ ઉપશમાવે.

૪ ચોથું કારણ એ કે સામાને ફસાવવાને માટે દિખાવ ઉપરથી કલેશનો ઉપશાંત જણાવે અને વખત આવ્યે બુરું કરવા ચુકે નહિ અને ફરી કલેશ કરવાની ઉત્પત્તિનો પ્રયત્ન કરે.

૫ પાંચમું કારણ એ કે પોતાનો સ્વાર્થ સાધવા કલેશનો ઉપશાંત કરે અને સ્વાર્થ પૂરો થયે મળ સ્થિતિએ યા તો એથી અધિક સ્થિતિએ કલેશ ઉત્પન્ન કરે.

૬ છઠું કારણ એ કે કલેશનો ઉપશાંત કરતી વખતે એકાદ બે [illegible] મૂકી, ફરી નવા હોય તેના પ્રેમભાવના આકર્ષિત થયેલા ઉપશાંતને ફરી [illegible] વખત પણ આવે.

૭ સાતમું કારણ એ કે [illegible] કલેશીઓની [illegible] [illegible], ફુઆ, ભમરી, [illegible] વગેરે જેવો [illegible] [illegible] કરી [illegible] તેના શરીર [illegible] કલેશીઓ પોતાની [illegible] બુદ્ધિવાળા [illegible] [illegible] કલેશને [illegible] [illegible]

૮ [illegible]

કાપી. તેમ હંસની બુદ્ધિએ જીવિતદાન આપવાવાળા સંતજનોને આપદમાં નાખવારૂપ કષ્ટ દેવા યા અપવાદમાં નાખવા યા ઇજતને હાનિ પહોંચાડવારૂપ પાંખો કાપવાવાળા કૃતઘ્ની ઉંદર જેવા પોતાની મતલબ સાધી દુષ્ટજનોની બુદ્ધિએ ચાલવાવાળા ઉપશાંત પામેલા કલેશને ફરી ઉદેરી મહાન્ કલેશને પુનરપિ જન્મ આપી ઉપકારીનો ઉપકાર ઓળવી, ઉપકારને બદલે અપકાર કરનારા સજ્જન જનોને દુઃખ દેનારા પજવનારા કૃતઘ્નીઓ પણ આ દુનિયામાં હોય છે.

૯ નવમું કારણ એ કે એકેક જીવ એવા હોય છે કે જેને એકાદ બે કલેશ વિના ઉંઘ આવેજ નહિ, એક બે કલેશ તો ઓસીકે બાંધેલાજ હોય. અને કેટલાક તો વંશ પરંપરાથી જાણે વારસો મેળવીને આવ્યા હોયની કે જન્મ લેતાંજ અરે માતાના ઉદરમાથીજ કલેશ સાથે લઇ જન્મ લીધો હોય એવા પણ પ્રદર્શિત થાય છે. અને કેટલાક કલેશીઆ તો જ્યાં જ્યાં પગલાં ધરે, જ્યાં જ્યાં ભાગ્યશાળી (!) ની પધરામણી થાય ત્યાં ત્યાં કલેશ અને કુસંપ સિવાય બીજું કાંઇ હોયજ નહિ કદી બહાર કલેશનો અવકાશ ન મળે તો છેવટ ઘરમાં પણ કલેશ જગવે ત્યારે તેનો આત્મા ખુશી થાય. એવાઓ પણ જનસમાજમાં માનપાન પામેલા હોવાને લીધે ઉંટ વૈદની પેઠે પાડાને રોગ ને પખાલને ડામ દેવા જેવા ઇન્સાફો કરીને પોતાની સફળતા માને તેવા પ્રાણીઓ પુનઃ પુનઃ અપિ કલેશના જન્મદાતા થાય છે.

ઇત્યાદિક ઘણાં કારણો વડે ઉપશમાવેલા કલેશને ફરી ઉદેરીને મહા કલેશરૂપ અસમાધિના કુંડમાં ઉતરતા જોઇએ છીએ. એટલેથી નહિ અટકતાં ચારે તીર્થમાં ભેદ પાડવા માટે ખોટા ઝગડા કરી, કલેશ કરી, અસમાધિ પ્રાપ્ત કરનારા જીવો પણ આ દુનિયામાં મોટા અપયશને પાત્ર થાય છે! નિંદાય છે અને પરભવે પણ માઠી ગતિના અધિકારી થાય છે. એમ શાસ્ત્ર ન્યાયથી સિદ્ધ થાય છે.

પ્રશ્ન ૨૮—૨૦ અસમાધિ માંહેના ૧૬-૧૭-૧૮ બોલમાં શું કહ્યું છે તે જણાવશો?

ઉત્તર—સાંભળો ૧૬ મા બોલમાં કહ્યું છે કે-ભેદકરે ઝંઝકરે બોલ ૧૭ મો કલહકરે બોલ ૧૮ મો અસમાહિ કારણ એટલે ભેદ પાડવાનો અર્થ એ કે માંહોમાંહિ જુદ પાડે, એટલે એકને કાંઇ સમજાવે બીજાને કાંઇ સમજાવે. એક બીજાના સ્નેહમાં, મેળાપમાં પ્રેમપ્રીતિમાં ભેદ પાડે, જુદ પાડે,

આ વાત જાહેરમાં આવે ત્યારે ખોટા ઝગડા કરે. ભેદ પાડતો, ઝંઝ કરતો એટલે એ ટા ઝગડા કરતો જિન માર્ગની હીલણા કરે, વર્ધમાન માર્ગ થકી મન ઉતરાવે, સંયમમાં ભેદ પાડી સંયમથી પાડે, તથા સંયમ દીક્ષા લેનારના વૈરાગ્યમાં ભેદ પાડી ભંગ કરે, સંયમી ગુરૂ ઉપરથી શ્રદ્ધા ઉઠાડી દીક્ષા લેનારનું મન ફેરવે. બીજા પાસે દીક્ષા લેવાનો આગ્રહ કરે. અંદરો અંદર ભેદ પાડી ઝગડા કરાવી કલહકરે માંહો માંહિ કલેશ કરે ને કરાવે. પોતે કલેશ કરતો બીજાઓને કલેશમાં ઉતારી ઘણાને કલેશરૂપી દાવાનળ લગાડે. એવા જીવ હોય તે અસમાહિકારણ પોતાના જીવને અસમાધિ ઉપજાવે, ઉપાપલો ઉપજાવે. તેણે કરી આર્ત, રૂદ્ર ધ્યાન ઉપજે, મહા મલિન પ્રણામે વર્તે. આ ત્રણે બોલના સહચારીપણે વર્તતા જીવને ઠાણાંગમાં પાંચમે ઠાણે કહેલા પારાંચિત નામના ૧૦ મા પ્રાયશ્ચિતના સેવવાવાળા અને દશાશ્રુતસ્કંધ સૂત્રમાં કહ્યા પ્રમાણે મહા મોહનીય કર્મનો ઉત્કૃષ્ટો ૭૦ કોડા કોડી સાગરોપમની સ્થિતિનો બંધ પાડવા સાથ સમકિત ધર્મ અને ચારિત્ર ધર્મની હાનિ કહી છે. અર્થાત્ પૂર્વોક્ત દોષના સેવવાવાળા જીવને મહા મોહનીય કર્મના ઉદયે ૭૦ કોડા કોડી સાગરોપમ સુધી સમકિતની પ્રાપ્તિ થાય નહિ, એમ જૈન સિદ્ધાંત સૂચવે છે.

પ્રશ્ન ૨૯—સમકિત કેટલા પ્રકારનાં છે?

ઉત્તર—સમકિત પાંચ પ્રકારનાં છે:-૧ સાસ્વાદાન, ૨ ઉપશમ, ૩ ક્ષયોપશમ, ૪ ક્ષાયક ને ૫ વેદક એ પાંચ.

પ્રશ્ન ૩૦—પાંચ સમકિતનું સ્વરૂપ શું?

ઉત્તર—શ્રીમદ્ રાજચંદ્ર બીજી આવૃત્તિ પાને ૪૨૮ મે કહ્યું છે કે નિજ સ્વભાવ જ્ઞાનમાં કેવળ ઉપયોગે તન્મયાકાર સહજ સ્વભાવે નિર્વિકલ્પપણે આત્મા પરિણમે તે સમ્યકત્વ છે.

નિરંતર તે પ્રતીતિ વર્ત્યા કરે તો તેને ક્ષાયક સમ્યકત્વ કહીએ છીએ.

ક્વચિત્ મંદ, ક્વચિત્ તીવ્ર, ક્વચિત્ વિસર્જન, ક્વચિત્ સ્મરણરૂપ એમ પ્રતીતિ રહે તેને ક્ષયોપશમ સમ્યકત્વ કહીએ છીએ.

તે પ્રતીતિને સત્તાગત આવરણ ઉદય આવ્યાં નથી ત્યાંસુધી ઉપશમ સમ્યકત્વ કહીએ છીએ.

આત્માને આવરણ ઉદય આવે ત્યારે પ્રતીતિથી પડી જાય તેને સાસ્વાદાન સમ્યકત્વ કહીએ છીએ.

અત્યંત પ્રતીતિ થવાના યોગમાં સત્તાગત અલ્પ પુદ્‌ગલનું વેદવું જ્યાં રહ્યું છે તેને વેદક સમ્યકત્વ કહીએ છીએ.

કેવળ સ્વભાવપરિણામી જ્ઞાન તે કેવળજ્ઞાન છે.

પ્રશ્ન ૩૧—આ જીવને પ્રથમ સમકિતની પ્રાપ્તિ ક્યારે થાય અને પાંચ માંહેનું પહેલું સમકિત કયું આવે ?

ઉત્તર—જે જીવને પૂર્વે કદી સમકિત લાધ્યું નથી, પ્રાપ્ત થયું નથી તે જીવને અકામનિર્જરાએ કાળ લબ્ધિથી આઉખા વિના ૭ કર્મની સ્થિતિ એક કોડા કોડ સાગરોપમ પલ્યોપમને અસંખ્યાતમે ભાગે ઉણી રહી. એટલે સાતેય કર્મ ભોગવતાં શેષ એક કોડાકોડ સાગરોપમ ઉણી સ્થિતિએ વર્તતાં કર્મ હળવાં થવાથી, તથા વળી જીવ ૭ કર્મની આગમીય કાળની સ્થિતિ બાંધે તે પણ એક કોડા કોડ સાગરની માંહીજ બાંધે. આઉખા કર્મનો બંધ તો એક ભવમાં એકજવાર પડે તે પણ ઉત્કૃષ્ટી ૩૩ સાગરોપમની સ્થિતિએ પડે તેની સ્થિતિ થોડી છે, માટે ૭ કર્મ એક કોડાકોડ સાગરની સ્થિતિની અંદર રહે ત્યારે જીવના પરિણામ નિર્મળ થાય. એટલે મિથ્યાત્વ મોહનીય કર્મનાં પુદ્‌ગલ વેગળાં કરે. જેમ તળાવનો બેવાળ પવનના જોરથી ફાટી વેગળો થાય તેમ મિથ્યાત્વ મોહનીય કર્મની વર્ગણા એવી સ્થિતિનાં કારણ ભળી પાતળી પડે. શુદ્ધ અધ્યવસાયના જોરથી કાંઇક ઢળતી થાય. પછી જ્યારે નિજ સ્વભાવથી જીવની શુદ્ધ દૃષ્ટિ થાય ત્યારે સદ્‌ગુરુનો સંજોગ મળે. ઉપદેશથી પુદ્‌ગલ અનિત્ય જાણી નિજસ્વભાવ પ્રગટાવે તે ઉપશમ સમ્યકત્વ કહીએ. તે વેળા મિથ્યાત્વનાં પુદ્‌ગલ રસ દઇ શકે નહિ. ઉદયમાં નથી પણ સત્તામાં છે. જેમ પાણી કર્દમે કરી ડોળું છે તે પાણી કતક ફળાદિ દ્રવ્યે કરી નિર્મળ કરે, કર્દમ હેઠો બેસે. પણ કર્દમરૂપ મેલ છતો છે તે પાણી હલાવ્યાં વળી ડોળો થાય. તે દૃષ્ટાંતે મિથ્યાત્વરૂપ કર્દમ અને આત્મારૂપ પાણી ભેળાં થઇ રહ્યાં છે, તેને શુદ્ધ પરિણામથી તથા ઉપશમભાવરૂપ ફળના જોગે મિથ્યાત્વરૂપ કર્દમથી આત્મા ભિન્ન થાય. પણ અંતર્મુહુર્તને આંતરે વળી મિથ્યાત્વ વર્ગણા સત્તામાં છતી છે તે ઉદય આવશે, માટે ઉપશમ સમકિત કહીએ, અનાદિ મિથ્યાત્વ તુટે ત્યારે ઉપશમ સમ્યકત્વ સંભવે છે. ઉપશમભાવમાં સાત પ્રકૃતિ ઉપશમાવે, પણ ઉદયમાં નથી, સત્તામાં છે. અનંતાનુબંધી ચોક (૪) દર્શન મોહનીય ત્રિક (૩) એ સાત પ્રકૃતિ ઉપશમાવે તો ઉપશમ સમ્યકત્વ પ્રગટે. ઇતિ.

પ્રશ્ન ૩૨—ક્ષયોપશમ સમકિત તે કોને કહીએ ?

ઉત્તર—જે પૂર્વે ૭ પ્રકૃતિ કહી તે માંહેની ૬ પ્રકૃતિ પ્રદેશ ઉદયમાં છે, પણ વિપાક ઉદયમાં નથી; અને સમ્યકત્વ મોહનીય વિપાક ઉદયમાં પણ છે. તે ક્ષયોપશમ સમકિતનું દૃષ્ટાંત કહે છે. જેમ વૃદ્ધ પુરૂષ જરા-જીર્ણપણાથી લાકડી હાથમાં ગ્રહે પણ ગાઢી પકડી ન શકે તેમ હાથથી છોડે પણ નહિ. તેમ ક્ષયોપશમ સમ્યકત્વધારી જીવ દેવ, ગુરૂ, ધર્મની સદ્દહણા ગ્રહે, પણ સમકિત મોહનીયના ઉદયે દેવ, ગુરૂ, ધર્મની સેવાથી ઈહ લોકના ફળની આશા કરે. જેમ શાંતિનાથના સ્મરણથી રોગાદિકની શાંતિ ચાહે. તે સમ્યકત્વમાં વ્યામોહપણાથી સમકિતમાં વ્યામોહનો ઉદય તેજ મિથ્યાત્વ મોહનીયનો કિંચિત્ ઉદય. તેનાથી પુદ્ગલિક સુખની તૃષ્ણા ઉદયમાં છે, તે પુદ્ગલ તૃષ્ણારૂપ સમ્યકત્વનો મળ છે તે મોહનીયની વર્ગણા માંહેનો અંશ છે. યથા દ્રષ્ટાંતે જેમ નીલનું રંગેલું વસ્ત્ર હતું તે ધોયું ત્યારે ઉજ્વળ થયું પણ તે વસ્ત્રમાં નીલની છાંયા પડે. તેમ મિથ્યાત્વરૂપ મળ તે સમ્યકત્વ જ્ઞાનરૂપ પાણીએ ધોયો, પણ લગારેક મળનો અંશ રહ્યો. જે મિથ્યાત્વ મોહનીયની વર્ગણા ઉદયાવળીમાં આવી તેનો ક્ષય કર્યો, અને જે વર્ગણા મિથ્યાત્વની રહી તેનો વિપાક ઉદય તે ઉપશમભાવે છે. તે ક્ષયોપશમ સમકિતનું સ્વરૂપ સમજવું.

પ્રશ્ન ૩૩—સાસ્વાદાન સમકિતનું સ્વરૂપ કહેશો ?

ઉત્તર—જે ઉપશમ તથા ક્ષયોપશમમાં વર્તતા અનંતાનુબંધીનો ઉદય નહોતો તે અનંતાનુબંધી કષાયનો ઉદય થયો, અને મિથ્યાત્વનો ઉદય છ આવલિકા પછી નિયમા હશેજ, પણ વર્તમાન સમયે થયો નથી; પરંતુ અનંતાનુબંધી કષાય મિથ્યાત્વની સહચારિણી છે, તેના ઉદયથી સમકિતથી પડવા લાગ્યો, અને મિથ્યાત્વનો ઉદય નહોતો તે થશેજ; પણ અંતરાલ વર્તમાન કાળે સમ્યકત્વનો સ્વાદ લગારેક રહે, પણ છ આવલિકા કાળ પ્રમાણ પછી અવશ્ય મિથ્યાત્વનો ઉદય થશે. તે સમ્યકત્વથી પડતી વેળા સાસ્વાદાન સમકિત કહીએ.

પ્રશ્ન ૩૪—વેદક સમકિત કોને કહીએ ?

ઉત્તર—જે ક્ષયોપશમ સમકિતથી ક્ષાયક સમકિત પડિવર્જતાં ક્ષયોપશમ સમકિતના અંત સમયે સમકિત મોહનીય વેદીને આગલે સમયે ક્ષયોપશમ છે તે ક્ષયોપશમ સમકિતના અંત સમયથી આગલે સમયે ક્ષાયક સમકિતનું આગમન છે. ક્ષાયક સમકિતના આગમનનો અનંતર સમય તે વેદક સમકિત કહીએ. તે વેદક સમકિત ક્ષાયક સમકિતનોજ અંશ છે. પણ

કાળ પર્યાયના ભેદથી ભિન્નપણે કહ્યો. તે ક્ષાયક સમકિતના પ્રથમ સમયથી અનંતર સમયને વેદક સમકિત કહીએ.

પ્રશ્ન ૩૫—ક્ષાયક સમકિત કોને કહીએ ?

ઉત્તર—જે પૂર્વોક્ત ૭ પ્રકૃતિ કહી તે મૂળથીજ ખપાવી, આત્માથી સર્વથા પ્રકારે ૭ પ્રકૃતિ અળગી કીધી, ત્યારે અનંત નિર્મળ સર્વ દોષ રહિત, અત્યંત વિશુદ્ધ ક્ષાયક સમકિત પ્રગટ થાય. તે ક્ષાયક સમકિત કહીએ.

પ્રશ્ન ૩૬—પાંચે સમકિતની સ્થિતિ કેટલી ?

ઉત્તર—ઉપશમ સમકિતની સ્થિતિ જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની ૧. સાસ્વાદાનની જઘન્ય ઉત્કૃષ્ટી છ આવલિકાની ૨. ક્ષયોપશમની જઘન્ય અંતર્મુહૂર્ત–ઉત્કૃષ્ટી ૬૬ સાગરોપમ ઝાઝેરી ૩. વેદક સમકિતની જ ઉ એક સમયની ૪. ક્ષાયક સમકિતની સાદિએ અપર્યવસીયે ૫ એ પ્રમાણે પાંચે સમકિતની સ્થિતિ જાણવી.

પ્રશ્ન ૩૭—એક જીવને સર્વ ભવ આશ્રી કેટલીવાર સમકિત આવે ?

ઉત્તર—૧ સાસ્વાદાન, ૨ ઉપશમ. એ બે પાંચવાર આવે. ૩ ક્ષયોપશમ અસંખ્યાતીવાર આવે ૪. વેદક ૫. ક્ષાયક એ બે એકવાર આવે

પ્રશ્ન ૩૮—એ પાંચ સમકિત કયે ૨ ગુણઠાણે લાભે ?

ઉત્તર—૧-૩ ગુણઠાણે સમકિત નથી. બીજે ગુણઠાણે ૧ સાસ્વાદાન લાભે. ૪ થી ૭ મા ગુણઠાણા સુધી ૪ સમકિત લાભે (સાસ્વાદાન વર્જીને) ૮ થી ૧૧ મા ગુણઠાણા સુધી બે સમકિત, ૧ ઉપશમ, ૨ ક્ષાયક. અહિં કોઈ ૮ મે ૯ મે ગુણઠાણે ક્ષયોપશમ સુદ્ધાં ત્રણ પણ કહે છે. પરંતુ સંભવ તો બેનોજ છે. કારણ કે ૨૧ મા સમવાયગે નિયટ્ટિ બદર ગુણઠાણાવાળો મોહનીય કર્મની ૭ મૂળ પ્રકૃતિનો ક્ષય કરે તેને ૨૧ પ્રકૃતિ સત્તાએ હોય અહિં જો તે ક્ષપક શ્રેણીએ ચડે તો ૨૧ પ્રકૃતિને ખપાવતો જાય, ને ઉપશમ શ્રેણીએ ચડે તો ૧૧ મા ગુણઠાણા સુધી ઉપશમાવતો ચડે પણ ૯ માંથી ક્ષય ઉપશમ કરવાનો સંભવ નથી. તત્ત્વ કેવળીગમ્ય. ૧૨-૧૩-૧૪ માએ ૩ ગુણઠાણે ૧ ક્ષાયક સમકિત હોય.

પ્રશ્ન ૩૯—જીવને સમકિતની પ્રાપ્તિ થતાં શું શું પદાર્થ આત્મીક કરે છે ?

ઉત્તર—અનંતાનુબંધી ૧ ક્રોધ. ૨ માન, ૩ માયા; ૪ લોભ. ૫ સમકિત મોહનીય, ૬ મિથ્યાત્વ મોહનીય, ૭ મિશ્રમોહનીય એ સાત પ્રકૃતિ

અનાદિની આત્માની સાથે સહચારી છે, જેથી સમકિતનો ગુણ પ્રગટ થવા દે નહિ, અને તે પ્રકૃતિ ખસે ત્યારે સમકિત પ્રગટે.

પ્રશ્ન ૪૦—અનંતાનુબંધીની ચોકડીનું સ્વરૂપ શું, અને તેમાં શું શું ગુણ હોવાથી અનંતાનુબંધી કહીએ ?

ઉત્તર—વિદ્વાન પુરુષો આ માટે એમ જણાવે છે કે—જે કષાયાદિ પરિણામથી અનંત સંસારનો સંબંધ થાય તે કષાય પરિણામને જિન પ્રવચનમાં અનંતાનુબંધીની સંજ્ઞા કહી છે, તે કષાય તન્મયપણે અપ્રશસ્ત (માઠા) ભાવે તીવ્રોપયોગે આત્માની પ્રવૃત્તિ છે ત્યાં અનંતાનુબંધીનો સંભવ છે. મુખ્ય કરીને અહિં કહ્યા છે તે સ્થાનકે કષાયનો વિશેષ સંભવ છે. બીજી રીતે સત્યદેવ, સદ્‌ગુરૂ ને સદ્ધર્મનો જે પ્રકારે દ્રોહ થાય, અવજ્ઞા થાય, તથા વિમુખભાવ થાય એ આદિ પ્રવૃત્તિથી તેમજ અસત્યદેવ, અસદ્‌ગુરૂ તથા અસદ્ધર્મનો જે પ્રકારે આગ્રહ થાય તે સંબંધી કૃત કૃત્યતા માન્ય થાય એ આદિ પ્રવૃત્તિથી પ્રવર્તતાં અનંતાનુબંધી કષાય સંભવે છે. અથવા જ્ઞાનીના વચનમાં સ્ત્રી, પુત્રાદિ ભાવોને જે મર્યાદા પછી ઈચ્છતાં નિર્ધ્વંસ પરિણામ કહ્યા છે તે પરિણામે પ્રવર્તતાં પણ અનંતાનુબંધી હોવા યોગ્ય છે. સંક્ષેપમાં અનંતાનુબંધી કષાયની વ્યાખ્યા એ પ્રમાણે જણાય છે. જ્યાં ભોગાદિને વિષે તીવ્રતન્મયપણે પ્રવૃત્ત થાય ત્યાં જ્ઞાની, અજ્ઞાનીનો કાંઇ અંકુશ સંભવે નહિ, નિર્ભયપણે ભોગપ્રવૃત્તિ સંભવે. જે નિર્ધ્વંસ પરિણામ કહ્યા છે. તેવા પરિણામ વર્તે ત્યાં પણ અનંતાનુબંધી સંભવે છે. તેમજ મનમાં એમ માને જે હુંજ સમજું છું, મને બાધ નથી એવાને એવા ભ્રમમાં રહે, અને ભોગથી નિવૃત્તિ ઘટે છે, અને વળી કાંઇ પણ પુરૂષાર્થ કરે તો થઇ શકવા યોગ્ય છતાં પણ મિથ્યા જ્ઞાનથી જ્ઞાનદશા માની ભોગાદિકમાં પ્રવૃત્તિ કરે ત્યાં પણ અનંતાનુબંધી સંભવે છે. વળી અનંતાનુબંધી કષાયને ઉદયે જીવિત પર્યંત ધર્મ દ્વેષ જાય નહિ, એ અનંતાનુબંધીની કષાયના ઉદયનો સ્વભાવ, એજ એનો ગુણ અને એજ એનું સ્વરૂપ

પ્રશ્ન ૪૧—મિથ્યાત્વ મોહનીય કોને કહીએ ?

ઉત્તર—મિથ્યાત્વ મોહનીય તે મિથ્યાત્વની કરણી, ઉદાસીનતાદિ થવા ન દે તથા મિથ્યાત્વ મોહનીયના ઉદયે વસ્તુ પદાર્થનું યથા સ્વરૂપ સમજે નહિ. કુગુરૂ, કુદેવ, કુધર્મની રૂચી હોય; શુદ્ધ દેવ, ગુરૂ, ધર્મ અને શાસ્ત્ર સમજે નહિ. યથાર્થની પેઠે મિથ્યાત્વનાં શાસ્ત્ર પણ સમજે નહિ. મિથ્યાત્વ મોહનીયનું દૃષ્ટાંત અનુભરતી કમોદવત્.

પ્રશ્ન ૪૨—મિશ્ર મોહનીય કોને કહેવી ?

ઉત્તર—મિશ્રમોહનીયના ઉદયે સાચી ને જૂઠી શ્રદ્ધાને ભ્રમ ઉપજાવે બન્ને સરખાં સર્દહે, પરંતુ શુદ્ધ ઓળખાણ કરવા ન દે. સંશયવત્ મિશ્ર મોહનીયનું દ્રષ્ટાંત અરધી ક્મોદવત્-તંદુલને ફોતરાં બન્ને મિશ્રિત.

પ્રશ્ન ૪૩—સમ્યક્ત્વ મોહનીય તે શું ?

ઉત્તર—સમ્યક્ત્વ મોહનીયને ઉદયે શુદ્ધ સમ્યક્ત્વ ઉજ્વળ થવા ન દે. દેવ, ગુરૂ, ધર્મ અને શાસ્ત્રને વિષે શંકા ઉપજે. તે સમ્યક્ત્વમાં વ્યામોહ ભ્રમ ઉપજાવે. જેમ ભગવતીજી શ. ૧ લે, ઉ. ૩ જે ગૌતમ સ્વામીએ પૂછ્યું કે-કહ્યું ભંતે કંખા મોહણીજ્જં કમ્મં વેદેઇ ? ગોયમા ! નાણું નાણ તરાયે, દંસણું દંસણુંતરાયે ઇત્યાદિ વચનથી સમ્યક્ત્વ મોહનીયનો ઉદય છે, તે સમકિતમાં મેલ-ક્ષાયક સમકિત પામવા ન દે ઇત્યર્થઃ સમકિત મોહનીયનું દ્રષ્ટાંત ભરડેલી ક્મોદ ઝાટકી ફોતરાથી તંદુલ અળગા કરે. પરંતુ તંદુલ છડયા વિના તેજહીણ દીસે. એ દ્રષ્ટાંતે સમકિત મોહનીય જાણવું.

પ્રશ્ન ૪૪—મિથ્યાત્વ મોહનીય, મિશ્રમોહનીય ને સમકિત મોહનીય એ વિષે બીજી રીતે કાંઇ છે ખરૂં ?

ઉત્તર—સાંભળો, શ્રીમદ્ રાજચંદ્ર-વર્ષ ૨૯ મું પૃષ્ટ ૫૬૩ તથા બીજી આવૃત્તિ પાને ૪૧૭ મે-છેવટે કહેલ છે કે-સત્પુરૂષો મળ્યે જીવને તે બતાવે છે કે તું જે વિચાર કર્યા વિના કર્યે જાય છે તેમાં કલ્યાણ નથી. છતાં તે કરવા માટે દુરાગ્રહ રાખે, ઉન્માર્ગને મોક્ષમાર્ગ માને, અને મોક્ષમાર્ગને ઉન્માર્ગ માને તે મિથ્યાત્વ મોહનીય. ઉન્માર્ગથી મોક્ષ થાય નહિ, માટે માર્ગ બીજો હોવો જોઇએ એવો જે ભાવ ત મિશ્રમોહનીય. આત્મા આ હશે ? તેવું જ્ઞાન થાય તે 'સમ્યક્ત્વ મોહનીય' આત્મા છે તેવો નિશ્ચય થાય તે 'સમ્યક્ત્વ'.

પ્રશ્ન ૪૫—પૂર્વે કહેલી ૭ પ્રકૃતિ દૂર થયે કયો ગુણ ઉપજે ?

ઉત્તર—અનંતાનુબંધીનો ચોક (૪), અને દર્શનમોહનીયની ત્રિક (૩) એ ૭ પ્રકૃતિના ઉપશમ હોય તો ઉપશમ સમકિત પ્રગટે. એ ૭ પ્રકૃતિના ઉદયનો ક્ષય હોય ને સત્તામાં રહી તેનો ઉપશમ હોય તો ક્ષયો-પશમ સમકિત પ્રગટે. અને એ ૭ પ્રકૃતિનો સર્વથા ક્ષય હોય તો ક્ષાયક સમકિત પ્રગટે.

પ્રશ્ન ૪૬—ઉદયભાવ તે કોને કહીએ?

ઉત્તર—જે ૮ કર્મના ઉદયથી જીવના નિજ ભાવ પલટીને અનેરા પણે ભાવ પરિણમે. યથા દ્રષ્ટાંતે જેમ ધતુરો ખાવાથી શ્વેત વસ્તુ પીળી દીસે તેમજ મનુષ્યની દ્રષ્ટિ પલટે. તેમ કર્મના ઉદયથી જીવના ભાવ તે કર્મ રૂપ પણે પરિણમે. જો કે આ જીવ સિદ્ધ સમાન શુદ્ધ છે, પરંતુ કર્મના ઉદયથી ૨૩ ભેદ પામે તેણે કરી સંસાર રૂપપણે જીવના ભાવ પરિણમે. જેમ સો[illegible] દ્રવ્યની એક ધાતુ છે તે ગરીગર અને અગ્નિના પ્રયોગે ન્યારા ન્યારા આભૂષણ રૂપે પરિણમે તેમ જીવ દ્રવ્યની સત્તા એકજ છે તે ૮ કર્મના ઉદયે ન્યારાં ન્યારાં રૂપ ધરે. જેમ ગુળ, ખાંડ, વસ્તુ એક પણ કરીઇ અને અગ્નિના પ્રયોગે ગુણથીને પરિણામ રસ, વર્ણ અને આકારે ન્યારા ન્યારા ભિન્નપણે પરિણમે તેમ ૮ કર્મના ઉદયથી જીવના ઔદયિકભાવ ભિન્ન ભિન્ન થાય. જેમ કે મનુષ્ય, અહંદેવ, અહંસ્ત્રી, અહંપુરુષ, અહંકૃપણ, અહંગોર, અહંશ્યામ, અહંદુઃખ, ઇત્યાદિ કર્મ રૂપપણે પરિણમે, તે ઉદયભાવ કહીએ.

પ્રશ્ન ૪૭—ઉપશમભાવ તે કોને કહીએ?

ઉત્તર—જ્ઞાન, દર્શનાદિ શુદ્ધ ઉપયોગથી મોહનીય કર્મને ઉપ[illegible] મોહનીયનો ઉદય ન હોય. પરંતુ મોહનીય કર્મ સત્તામાં છે, [illegible] જેમ રાખથી અગ્નિ ઢાંકી હોય વસ્તુનું દહન ન કરે પણ [illegible] અગ્નિ પ્રગટ થાય. તેમ [illegible] શુદ્ધ ઉપયોગથી મોહનીય કર્મનો અનુદય છે, [illegible] મોહનીય કર્મનો ઉદય થાય. શુદ્ધ જ્ઞાન દર્શનથી [illegible] ઉપશમ સમ્યક્ત્વ પ્રગટ થાય, અને ચારિત્ર મો[illegible] ઉપશમ ચારિત્ર પ્રગટ થાય [illegible] મોહનીયનો [illegible] અને ચારિત્ર મોહનીયનો ઉદય [illegible] મોહનીયનો ઉદય નથી. તેમ [illegible] ઉપશમભાવ કહીએ.

પ્રશ્ન ૪૮—[illegible] તે કોને કહીએ?

[illegible]

કર્મ સર્વ ખપાવ્યે સંપૂર્ણ કેવળ જ્ઞાન પ્રગટે તેમ જે જે કર્મ ખપે તેજ ગુણની લબ્ધિ પ્રગટે. તેને ક્ષાયકભાવ કહીએ.

પ્રશ્ન ૪૯—ક્ષાયકભાવ ને ક્ષાયક સમકિતમા શો તફાવત? અને તેમા ગુણસ્થાન શી રીતે લાભે?

ઉત્તર—ક્ષાયકભાવ તે આત્મિક ગુણના પરિણામની ધારા, અને ક્ષાયક સમકિત તે આત્માનો મૂળ ગુણ. એટલે સાત પ્રકૃતિના ક્ષય થવાથી આત્માનો મૂળ ગુણ પ્રગટ થયો ત ક્ષાયક સમકિત, અને તેની રમણતામા અવસ્થિત ભાવે રહેવું ને ક્ષાયકભાવ. તે બન્ને ચોથા ગુણસ્થાનકથીજ પ્રગટ થાય છે. શાખ મોટા ગુણઠાણાની. વળી કોઇ ક્ષાયક સમકેત ચોથા ગુણઠાણે અને ક્ષાયકભાવ આઠમા ગુણઠાણે ક્ષપક શ્રેણીવાળાનેજ કહે છે. વળી કોઇ અગ્યારમે ગુણઠાણેથીજ ક્ષાયક સમકિત અને ક્ષાયક ભાવ માને છે. અને વળી કોઇ ૧૨ મા ગુણઠાણેથીજ ક્ષાયકભાવ માને છે. તત્ત્વકેવળીગમ્ય.

પ્રશ્ન ૫૦—ક્ષયોપશમભાવ તે શું?

ઉત્તર—જે ઘાતીયાં કર્મ ઉદયાવલિમાં આવ્યાં તે નિર્જરારૂપે ખપાવ્યા, શેષ કર્મ બાકી રહ્યાં તે પણ પાતળાં કીધાં. જેમ ગાઢા અભ્ર પડવાથી સૂર્યનું સર્વ તેજ છવાઇ જાય, પછી જેમ જેમ અભ્રપડળ પાતળા થાય તેમ તેમ સૂર્ય તેજ વધતું જાય. તે ન્યાયે જીવના આત્મ પ્રદેશથી ઘાતીયાં કર્મની વરગણાની નિર્જરા થાય તેમ તેમ જીવના પ્રદેશ ઉજ્વળ થાય. અને ઘાતીયાં ચાર કર્મનો ક્ષયોપશમ થાય છે, પણ અઘાતી ચાર કર્મનો ક્ષયોપશમ ન થાય તેને ક્ષયોપશમભાવ કહીએ.

પ્રશ્ન ૫૧—પારિણામિક ભાવ કોને કહીએ?

ઉત્તર—જે જીવ અજીવના પરિણામ પરિણમે તે પારિણામિકભાવ. તેના બે ભેદ. સાદિ પરિણામ અને અનાદિ પરિણામ ૨. તેમા સાદિ પરિણામ તે જીવના પરિણામ, ગતિ ૪, ઇંદ્રિય ૫, કષાય ૪, લેશ્યા ૬, જ્ઞાન ૮, દર્શન ૩, જોગ ૩, ઉપયોગ ૭, ચારિત્ર ૫, વેદ ૩. પણે પરિણમે ત જીવ પરિણામના ૪૩ બોલ શ્રી પન્નવણાના ૧૩ મા પદમાં કહ્યા છે. તે સાદિ પરિણામ પલટે તેને કહીએ. અને અનાદિ પરિણામે પરિણમ્યા તે પરિણામ પલટે નહિ. તે જીવ પરિણામ, ભવ્ય પરિણામ, અભવ્ય પરિણામ એ ત્રણના સ્વભાવ છે તે અનાદિ પરિણામ જીવના કહીએ હવે અજીવ પરિણામના ૧૦ બોલ. ૧ બંધન પરિણામ, ૨ ગતિ, ૩ સંઠાણ, ૪ ભેદ, ૫

વર્ણ, ૬ ગંધ, ૭ રસ, ૮ સ્પર્શ, ૯ અગુરૂલઘુ, ૧૦ શબ્દએ દશ બોલ અજીવ પરિણામના જાણવા. ઇતિ પારિણામિક ભાવ.

પ્રશ્ન પર—સન્નિવાઈ ભાવ કોને કહીએ?

ઉત્તર—જે ભાવ સાથે ભાવ મળે ત્યારે સમીપ હોય. જેમ દહીં ને ખાંડ મળીને એકરસ નીપજે, તેમ બન્ને ભાવો મળી દ્વિકસંયોગી ભાંગો નીપજે. એમ ત્રણ ભાવ મળી ત્રિક સંયોગી ભાંગો નીપજે. ચાર ભાવ મળી ચોક સંજોગી ભાંગો નીપજે. પંચ ભાવ મળી પંચ સંજોગી ભાંગો નીપજે એ સંબંધી સવિસ્તર અધિકાર અનુયોગદ્વારથી જાણવો. તે સન્નિવાઈભાવ કહીએ.

પ્રશ્ન પ૩—ઉદયભાવના ભેદ કેટલા?

ઉત્તર—ઉદયભાવના બે ભેદ ૧ ઉદય, ૨ ઉદય નિષ્પન્ન. આઠ કર્મ જીવને ઉદય આવે તે ઉદય ૧ અને આઠ કર્મના ઉદયથી જીવના પરિણામ અંતરંગ પામે તે ઉદયનિષ્પન્ન ૨. તેના પણ બે ભેદ છે. ૧ જીવ ઉદયનિષ્પન્ન, ૨ અજીવ ઉદયનિષ્પન્ન. જીવ ઉદયનિષ્પન્નના ૩૩ બોલ તે ગતિ ૪, જાત ૬. લેશ્યા ૬. કષાય ૪, વેદ ૩, એવં ૨૩. અસંજ્ઞીપણું ૨૪, અજ્ઞાનીપણું ૨૫, મિથ્યાત્વીપણું ૨૬, અવિરતિપણું ૨૭, આહારકપણું ૨૮, સંસારીપણું ૨૯, છદ્મસ્થપણું ૩૦, સજોગીપણું ૩૧, અકેવલીપણું ૩૨, અસિદ્ધપણું ૩૩, એવં ૩૩ બોલ. જીવ ઉદયનિષ્પન્નના અને અજીવ ઉદયનિષ્પન્ન તે વર્ણ ૫, ગંધ ૨, રસ ૫, ફરસ ૮, શરીર ૫, નાં પ્રયોગ પુદ્ગલ તે અજીવ ઉદયનિષ્પન્નના ૨૫ બોલ એ ઉદયભાવના બે ભેદ

પ્રશ્ન ૫૪—ઉપશમભાવના કેટલા ભેદ?

ઉત્તર—ઉપશમભાવના બે ભેદ. ઉપશમ ૧, ઉપશમ નિષ્પન્ન ૨ ઉપશમ તે એક મોહનીય કર્મનો. સાત કર્મ ઉપશમાવ્યા ઉપશમે નહિ મોહનીયનો ઉપશમ તેજ ઉપશમ ૧, અને ઉપશમ નિષ્પન્નના બે ભેદ ૧ ઉપશમ સમકિત, ૨ ઉપશમ ચારિત્ર. દર્શન મોહનીય ઉપશમાવે તો ઉપશમ સમકિત પામે, અને ચારિત્ર મોહનીય ઉપશમાવે તો ઉપશમ ચારિત્ર પામે. ઇતિ ઉપશમભાવના ભેદ.

પ્રશ્ન ૫૫—ક્ષાયકભાવના કેટલા ભેદ?

ઉત્તર—ક્ષાયકભાવના બે ભેદ. ક્ષાયક ૧, ક્ષાયકનિષ્પન્ન ૨, ક્ષાયક [illegible] [illegible] નિષ્પન્ન [illegible] પ્રકૃતિ [illegible] કર્મની પ્રકૃતિ અનુક્રમે ખપાવે [illegible] નિષ્પન્ન [illegible] થઈ અનંતજ્ઞાની ૪, થઈ [illegible]

૪. એમ અનુક્રમે ક્ષય કરે તે ક્ષાયક. અને ક્ષાયક નિષ્પન્નના ૯ બોલ તે દર્શન મોહનીય ક્ષપાવ્યા ક્ષાયક સમ્યક્ત્વ પામે ૧. ચારિત્ર મોહનીય ક્ષપાવ્યા ક્ષાયક ચારિત્ર પામે ૨. જ્ઞાનાવરણીય ક્ષપાવ્યા કેવળજ્ઞાન પામે ૩. દર્શનાવરણીય ક્ષપાવ્યા કેવળદર્શન પામે ૪. અંતરાયકર્મ ક્ષપાવ્યા પાંચ લબ્ધિ પ્રગટ થાય; ક્ષાયક દાન લદ્ધિ ૧, ક્ષાયક લાભ લદ્ધિ ૨, ક્ષાયક ભોગ લદ્ધિ ૩. ક્ષાયક ઉપભોગ લદ્ધિ ૪. ક્ષાયક વીર્ય લદ્ધિ ૫. એવં ૯ બોલ ક્ષાયકથી નીપજે. બીજી પ્રકૃતિ ક્ષપણથી નિજસ્વભાવ પ્રગટે તે ૯ બોલમાં ગર્ભિત. થાય. ઇતિ ક્ષાયકભાવના ભેદ.

પ્રશ્ન ૫૬—ક્ષયોપશમભાવના કેટલા ભેદ ?

ઉત્તર—ક્ષયોપશમભાવના બે ભેદ. ક્ષયોપશમ ૧, ક્ષયોપશમનિષ્પન્ન ૨. ક્ષયોપશમ ૪ ઘાતીયાં કર્મનો થાય. તે ૪ ઘાતીયાં કર્મના ક્ષયોપશમથી ૩૨ બોલ પામે. જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી ૮ બોલ પામે. પહેલાં ૪ જ્ઞાન ૩ અજ્ઞાન એવં ૭ આચારાંગાદિ સૂત્રનું જાણવું ૮. એવં ૮ દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી ૮ બોલ પામે પહેલાં ૩ દર્શન ચક્ષુ આદિ, અને શ્રોતેંદ્રિયાદિ પાંચ ઇંદ્રિયનું જાણપણું એવં ૮. મોહનીય કર્મના ક્ષયોપશમથી ૮ બોલ પામે, સમ્યક્ત્વાદિ ૩ દ્રષ્ટિ, પહેલા ૪ ચારિત્ર, અને દેશવિરતિ શ્રાવકપણું ૮ એવં ૮. અંતરાય કર્મના ક્ષયોપશમથી ૮ બોલ પામે. ક્ષયોપશમ દાનલદ્ધિ ૧, ક્ષયોપશમ લાભ લદ્ધિ ૨, ક્ષયોપશમ ભોગલદ્ધિ ૩, ક્ષયોપશમ ઉપભોગ લદ્ધિ ૪, ક્ષયોપશમ વીર્યલદ્ધિ ૫, બાળ વીર્યલદ્ધિ ૬, પંડિત વીર્ય લદ્ધિ ૭, બાળ પંડિત વીર્ય લદ્ધિ ૮. ઇતિ ક્ષયોપશમ ભાવના ૩૨ બોલ કહ્યા. ઇતિ ક્ષયોપશમ ભાવના ભેદ.

પ્રશ્ન ૫૭—પારિણામિક ભાવના કેટલા ભેદ ?

ઉત્તર.—પારિણામિક ભાવના બે ભેદ. જીવ પરિણામ ૧. અજીવ પરિણામ ૨. તેમાં જીવ પરિણામના ૧૦ પ્રકાર કહ્યા. તેના બોલ ૪૩. તે ૫૧મા પ્રશ્નમાં કહ્યા છે તે સર્વ અહિંયાં લેવા. એ જીવ પરિણામ ૧.

હવે અજીવ પરિણામના ૧૦ પ્રકાર તેના બોલ ૩૭ થાય. તેમાં પહેલો બંધ પરિણામ તેના ૨ ભેદ, ૧ સ્નિગ્ધ બંધ પરિણામ ૨ રૂક્ષ બંધ પરિણામ. બીજો ગતિ પરિણામ તેના ૨ ભેદ ફુસમાન ગતિ ૧. અફુસમાનગતિ ૨ ત્રીજો સંઠાણ પરિણામ તેના પરિમંડળાદિ (૫) ભેદ. ચોથો ભેદ પરિણામ. તેના (૫) ભેદ ખંડભેદ પરિણામ, જાવત્ ઉત્કારિકા ભેદ પરિણામ. પાંચમો વર્ણ પરિણામ તેના કાળાદિક (૫) વર્ણ. છઠ્ઠો

ગંધ પરિણામ તેના સુરભિગંધાદિ (૨) ભેદ. સાતમો રસ પરિણામ તેના તિક્ત રસાદિ (૫) રસ. આઠમો સ્પર્શ પરિણામ તેના કર્કશાદિ (૮) ભેદ નવમો અગુરૂ લઘુ પરિણામ તેનો (૧) ભેદ. દશમો શબ્દ પરિણામ તેના (૨) ભેદ. સુરભિશબ્દ પરિણામ ૧, દુરભિશબ્દ પરિણામ ૨ એ અજીવ પરિણામના ૩૭ બોલ કહ્યા. શાખ પન્નવણા પદ ૧૩ માની.

વળી ભગવતીજીમાં બે પ્રકારના પારિણામિક ભાવ કહ્યા છે. ૧ સાદિપારિણામિક ૨ અનાદિ પારિણામિક સાદિ વિણસે, અનાદિ વિણસે નહિ સાદિપારિણામિકના અનેક ભેદ છે. જુની સુરામદિરા, જુનો ગોળ, તંદુલ એ આદિ ૩૭ બોલ ભગવતીજીમાં છે. અનાદિ પારિણામિક ભાવના ૧૦ બોલ ધર્માસ્તિકાય ૧ અધર્માસ્તિકાય ૨ આકાશા ૦-૩ પુદ્ ૦-૪ જીવ ૦-૫ કાળ ૦-૬ લોક ૦-૭ અલોક ૦-૮ ભવ્ય ૦-૯ અભવ્ય ૦-૧૦. એ ૧૦ બોલ અનાદિ પરિણામના કહ્યા. ઇતિ પારિણામિક ભાવ.

પ્રશ્ન ૫૮—સન્નિવાઇ ભાવના કેટલા ભેદ?

ઉત્તર—સન્નિવાઇ ભાવના ૨૬ ભાંગા થાય. તેમાં બે ભાવ મિલ્યા દ્વિક સંજોગીના ૧૦ ભંગા નિપજે. અને ત્રણ ભાવ મિલ્યા ત્રિક સંજોગીના ૧૦ ભંગા નીપજે, અને ચાર ભાવ મિલ્યા ચોક સંજોગીના ૫ ભાંગા નીપજે, અને પાંચ ભાવ મિલ્યા પાંચ સંજોગીનો ૧ ભાંગો નીપજે. એવં ૨૬ ભાંગા સન્નિવાઇ ભાવના જાણવા. ઇતિ સન્નિવાઇ ભાવ.

પ્રશ્ન ૫૯—છ ભાવમાં ગુણઠાણાં કયાં કયાં લાભે?

ઉત્તર—પહેલે ગુણઠાણે, બીજે ગુણ૦ ત્રીજે ગુણ૦ ૩ ભાવ ને ૧-૪ ૫ મો. ૪ થે, ૫ મે, ૬ ઠ્ઠે, ૭ મે, ૮ મે, ૯ મે, ૧૦ મે, ૧૧ મે એ આઠ ગુણઠાણે પાચ ભાવ. ૧૨ મે ગુણઠાણે ૪ ભાવ. ઉપશમ ટળ્યો. ૧૩ મે, ૧૪ મે ગુણઠાણે ૩ ભાવ, ઉપશમ, ક્ષયોપશમ એ બે ટળ્યા. સિદ્ધમાં ૨ ભાવ ક્ષાયક ૧, ને પારિણામિક ૨.

પ્રશ્ન ૬૦—ક્ષયોપશમ સમકિત અને ક્ષયોપશમ ભાવમાં શો તફાવત?

ઉત્તર—ક્ષયોપશમ સમકિત તો ૪ થા ગુણઠાણાથીજ હોય તે સાત મા ગુણઠાણા સુધી લાભે અને ક્ષયોપશમ ભાવ તો ૧લાથી તે ૧૨મા ગુણ૦ સુધી છે. એટલે ક્ષયોપશમ સમકિત તો સમદ્રષ્ટિનેજ હોય. અને ક્ષયોપશમ ભાવ તો સમદ્રષ્ટિને મિથ્યા દ્રષ્ટિ બેઉનેહોય. જેમકે ક્ષયોપશમ ભાવ તો ૪ ઘાતીયાં કર્મની વરગણાને દેશથી નિર્જરે તેને કહીએ. એટલે દેશથી નિર્જરા સમદ્રષ્ટિ, મિથ્યાદ્રષ્ટિ એ બન્નેને હોય છે. જેમ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન

ધ્ત્યાદિક ક્ષયોપશમ ભાવે છે. તેમ મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન પણ ક્ષયોપશમ ભાવે છે. તે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જ્ઞાન. અજ્ઞાન બન્ને હોય.

પ્રશ્ન ૬૧.—તો જ્ઞાન, અજ્ઞાનમાં ભેદ કયો ?

ઉત્તર.—જે જીવને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ પણ હોય અને મિથ્યાત્વનો ક્ષયોપશમ પણ હોય તેને મતિજ્ઞાન હોય, અને જે જીવને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય અને મિથ્યાત્વનો ઉદય હોય તેને મતિ અજ્ઞાન હોય. તેમજ ક્ષયોપશમ દાણલદ્ધિ પ્રમુખ પણ જાણવા. અંતરાયકર્મનો પણ ક્ષયોપશમ હોય, અને મિથ્યાત્વ મોહનીયનો પણ ક્ષયોપશમ હોય તો શુદ્ધ દાણલદ્ધિ હોય અને અંતરાય કર્મનો ક્ષયોપશમ હોય અને મિથ્યાત્વનો ઉદય હોય તો અશુદ્ધ દાણ લદ્ધિ હોય એમ વિચારતા ક્ષયોપશમભાવ બેઉને હોય છે. તથા કોઇ પ્રકરણમાં ક્ષયોપશમ લબ્ધિના ૫ ભેદ કહ્યા છે. ક્ષયોપશમ લબ્ધિ ૧, વિશુદ્ધતા લબ્ધિ ૨, દર્શના લબ્ધિ ૩, પ્રયોગલબ્ધિ ૪. કરણલબ્ધિ ૫ એ ૫ લબ્ધિનો અર્થ નીચેના ૫ પ્રશ્નથી જાણવો

પ્રશ્ન ૬૧.—પ્રથમ ક્ષયોપશમ લબ્ધિ કોને કહીએ ?

ઉત્તર.—જેમ જીવ નિગોદમાં જન્મ મરણ કરે છે તે મોહનીય કર્મને વશે, પરંતુ અવધકાર થયો ત્યાંથી મોહનીય કર્મની વર્ગણા કંઇક પાતળી થઇ તદા પૃથ્વ્યાદિક પાચ સ્થાવરમા આવ્યો. પછી થોડી ઘણી વર્ગણા પાતળી પડે ત્યારે ત્રસપણું પામે. તે બેઇંદ્રિય થયો. ત્યાર પછી બીજી વર્ગણા ઘટે તો તેઇંદ્રિયપણું પામે. એમજ ચૌરેંદ્રિય. અસંજ્ઞી પચેંદ્રિયપણું પામે. પછી કાંઇક વર્ગણા ઘટી ત્યારે સંજ્ઞીપંચેંદ્રિય-તિર્યંચ,. નારકી, દેવ, મનુષ્યપણું પામે. એમજ જેમ જેમ જીવ ઉજ્વળ થાય તેમ તેમ ઉચપણું પામે. ઇતિ ક્ષયોપશમ લબ્ધિ ૧.

પ્રશ્ન ૬૩—બીજી વિશુદ્ધતા લબ્ધિ તે કોને કહીએ ?

ઉત્તર—જે ક્ષયોપશમ લબ્ધિથી વિશેષ નિર્મળપણું પામે. :તે જીવ સમકિત વિના પણ સ્વભાવે નિર્મળ બુદ્ધિવંત હોય. તેથી કરી અરિહંત દેવનો પણ કોઇ વખત ભક્ત થાય, અથવા દાન પણ આપે, આર્જવ પરિણામ પણ કોઇ વાર થાય, જિનવાણી પણ સાંભળી, અનેરાને શુદ્ધ ઉપદેશ પણ દીધો, નરક તિર્યંચનાં દુઃખ સાંભળી કંપાયમાન પણ થયો, તપ જપ પણ ઘણીવાર કર્યા, પણ પુદ્દગલિક સુખ અને આત્મિક સુખના ભેદ સમજ્યો નહિ. દેવ, ગુરૂ, ધર્મ જિનવાણીનો ભેદ સમજ્યો નહિ. ગહીલવત્ થઇને

કેવળચર્યા પાળી તપાગરણ કર્યું તેથી વિશુદ્ધ થઇને નવગ્રૈવેક સુધી જાય તે વિશુદ્ધ લબ્ધિ કહીએ ?

પ્રશ્ન ૬૪—ત્રીજી ઉપદેશના લબ્ધિ તે કોને કહીએ ?

ઉત્તર—જેણે શ્રી તીર્થંકરજીની વાણી, તથા ગણધરજીની તથા સામાન્ય કેવળીની વાણી સુણી. તથા સાધુ શ્રાવકની વાણી સુણતાં સુણતાં શ્રી જૈન ધર્મની રુચી ઉપજે તે હૃદયમાં ભેદે. ફરી પાછો પડે, પાછી રૂચિ ઉતરે તે અર્ધપુદ્‌ગલિક હોય. તે ઉપદેશના લબ્ધિ ૩.

પ્રશ્ન ૬૫—ચોથી પ્રયોગ લબ્ધિ તે કોને કહીએ ?

ઉત્તર—સમ્યકત્વ વિના કોઇ જીવ દ્રવ્ય સંયમ પાળે, પંચ મહાવ્રત પાળે, ૨૨ પરિસહ સહે, શ્રાવકનાં ૧૨ વ્રત પાળે, તે દ્રવ્ય સંયમથી આઠ કર્મની વર્ગણા અનંતી ક્ષય થઇ, થોડી રહી, નિર્જરા કરી. પણ પુદ્‌ગલિક સુખથી મન ઉભગ્યો નથી તેથી કરી ફરી સંસારમાં રઝળે. જમાલી નિન્હવ વત્–ઇતિ પ્રયોગ લબ્ધિ ૪.

પ્રશ્ન ૬૬—પાંચમી કરણ લબ્ધિ તે શું ?

ઉત્તર—જે વારે જીવની કાળલબ્ધિ તે ભવસ્થિતિ પાકે ત્યારે જીવને મિથ્યાત્વરૂપ ગંઠીભેદ થાય, ત્યારે ત્રણ કરણ કરે. પ્રથમ અંતોકરણ ૧, બીજું અપૂર્વકરણ ૨, ત્રીજું નિવૃત્તિકરણ ૩. એ ત્રણ કરણનો વિસ્તાર પ્રશ્નથી જાણવો.

પ્રશ્ન ૬૭—અધોકરણ તે શું ?

ઉત્તર—આઉખા વિના સાત કર્મની સ્થિતિ એક કોડાકોડ સાગર રહે ત્યારે અંતોકરણ કરે. ત્યારે મિથ્યાત્વ અને સમ્યકત્વના પરિણામ બરોબર કરે. અંતર્મુહૂર્તની સ્થિતિ મિથ્યાત્વ મોહનીયની રહે. પછી સમકિત ફરસવા યોગ્ય થયો જેમ કરસણી ધરતી સમારીને બી વાવવા યોગ્ય કરે, પણ બી વાવ્યું નથી. તેમ મિથ્યાત્વરૂપ કંટક દૂર કરીને ભાવરૂપ ધરતી સમારી, પણ સમ્યકત્વરૂપ બી વાવ્યું નથી, તે અંતોકરણ કહીએ. એ કરણ અભવ્યને પણ હોય છે. તેની અંતર્મુહૂર્તની સ્થિતિ છે પછી કાં તો બીજા કરણમાં આવે કે કાં તો પાછો પડે. એ કરણલબ્ધિનું પ્રથમ અંતોકરણ કહ્યું ૧.

પ્રશ્ન ૬૮—અપૂર્વકરણ કોને કહીએ ?

ઉત્તર—જે આત્માના પરિણામ એવા કદિ ઉજ્વળ નહોતા થયા તેવા ઉજ્વળ પરિણામ કરે. તે ઉજ્વળ પરિણામે વર્તતાં અપૂર્વભાવ થતો જાય એ બીજું અપૂર્વકરણ. ૨.

પ્રશ્ન ૬૯—નિવૃતિકરણ તે કોને કહીએ ?

ઉત્તર—જે આત્માના પરિણામે કરીને ઇંદ્રિયના મનોજ્ઞ વિષયસુખરૂપ પુદ્ગલિક સુખથી પરિણામ ઉપડે ઉભગે, પુદ્ગલિકસુખથી મન નિવર્તાવે તે નિવૃત્તિકરણ ૩.

એ ૩ કરણ પ્રાપ્ત થયે ચોથે ગુણસ્થાને આવે તે મિથ્યાત્વ ભેદીને સમ્યકત્વવંત થાય. એ પાંચ લબ્ધિ ક્ષયોપશમભાવે જાણવી.

પ્રશ્ન ૭૦—પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનનુ શું લક્ષણ ?

ઉત્તર—જે જીવને (૫) પ્રકૃતિનો ઉદય છે, મિથ્યાત્વ મોહનીય ૧, અનંતાનુબંધી ક્રોધ ૨, માન ૩, માયા ૪, લોભ ૫, એ પાંચ પ્રકૃતિનો ઉદય છે. તેણે કરી જીવને કુગુરૂ, કુદેવ, કુધર્મ, સેવવાની રૂચિ ઉપજે, તથા મુંઢપણે પ્રથલપણાથી ગહીલવત્ થઈને તત્વાતત્વની ઓળખાણ ન કરે, અને જે પાંચ પ્રકૃતિના ઉદયે કરી જીવાદિક ૯ પદાર્થને વિપરીતપણે જાણે તે ૧૦ પ્રકારના મિથ્યાત્વ સેવે. જીવે અજીવસન્ના ૧, અજીવે જીવસન્ના ૨, ધમ્મે અધમ્મસન્ના ૩, અધમ્મે ધમ્મસન્ના ૪, સાહુ અસાહુસન્ના ૫, અસાહુ સાહુસન્ના ૬, મગ્ગે ઉમગ્ગસન્ના ૭, ઉમગ્ગે મગ્ગસન્ના ૮, મુત્તી અમુત્તી સન્ના ૯, અમુત્તી મુત્તીસન્ના ૧૦. એવી સન્ના પ્રગટે છે તે જીવને પ્રથમ ગુણસ્થાનક જાણવું

પ્રશ્ન ૭૧—પહેલું મિથ્યાત્વ ગુણસ્થાન શું દ્રષ્ટાંતે કરી જાણવું ?

ઉત્તર—જેમ જ્વરવ્યાપક મનુષ્યને અન્નની અરૂચિ, તેમ મિથ્યાત્વ મોહનીયકર્મના ઉદયે કરી, શ્રી જિનપ્રણિત ધર્મની અરૂચિ હોય. તથા ધતુરો ખાવાથી શ્વેત વસ્તુ પીળી દેખાય, તેમ મિથ્યાત્વના ઉદયે પુદ્ગલિક સુખ જે પાંચ ઇંદ્રિયના મનોજ્ઞ પુદ્ગલનાં સંજોગરૂપ સુખ તે સુખ કરી માને, અને આત્મિકસુખ જે બાધા પીડા રહિત આત્માના આનંદરૂપ સુખ તે સુખને અનુભવે નહિ. મિથ્યાત્વને ઉદયે લક્ષ્મી, પુત્ર, કલત્રને નિમિત્તે કુગુરૂ, કુદેવ, કુધર્મને સેવે. મંત્રાદિકે દુષ્ટ દેવતાના જાપ હોમાદિ કરે. તથા સ્વ-શરીરની પીડા ટાલણ ભણી સુવર્ણ દાન, ગોદાન પ્રમુખ કરે, નવ ગ્રહના જાપ કરે, પુતળાં કરાવે. ઈત્યાદિ વિપરીત બુદ્ધિ ઉપજે. તે લક્ષણથી મિથ્યાત્વ ગુણસ્થાન જાણવું. તે મિથ્યાત્વ પાંચ પ્રકારનાં છે. અભિગ્રહિક ૧, અનાભિ-ગ્રહિક ૨, અભિનિવેષિક ૩, અણાભોગ ૪, સંશયિક ૫. એ પાંચે મિથ્યાત્વનો અર્થ નીચેના પ્રશ્નથી જાણવો.

પ્રશ્ન ૭૨—પહેલું અભિગ્રહિક મિથ્યાત્વ કોને કહીએ?

ઉત્તર—જે હઠ કરીને સદ્ગુરૂના વચનની ઓળખાણ ન કરે. રખે મારી સદ્દહણા ડગે એમ ધારી સદ્ગુરૂની સંગત પણ ન કરે. શ્રી જિનપ્રણિત ધર્મ પણ ન સાંભળે. હઠ તાણે, લોહવાણીયાની પેરે ગાઢી પકડે. તેને અભિગ્રહિક મિથ્યાત્વ કહીએ ૧.

પ્રશ્ન ૭૩—બીજું અનાભિગ્રહિક મિથ્યાત્વ કોને કહીએ?

ઉત્તર—તે હઠગ્રાહી તો નથી, પણ શ્રી જિનધર્મ ઓળખવાની બુદ્ધિ નહિ. મૂઢ સ્વભાવથી પરીક્ષા ન કરી શકે. જેમ કડછી ક્ષીરાદિ ખટરસમાં ફરે પણ જડપણાથી સ્વાદ ન પરખે. તેમ મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયે તત્ત્વાતત્ત્વ, દેવ, કુદેવ, સુગુરૂ, કુગુરૂ, ધર્માધર્મ, ભક્ષ્યાભક્ષ્ય, નિજગુણ પર ગુણ, ઇત્યાદિનો બોધ ન હોય. સામગ્રીના અભાવે તેને અનાભિગ્રહિક મિથ્યાત્વ કહીએ ૨.

પ્રશ્ન ૭૪—ત્રીજું અભિનિવેષિક મિથ્યાત્વ કોને કહીએ?

ઉત્તર—જે વેષ પાલટે નહિ, અને મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયે ઉત્સૂત્ર બોલે. પછી તે વચનનો પક્ષ ઝાલીને તેને મળતાં મળતાં ઘણાં વચન ઉત્થાપે. તે જમાળી નિન્હવવત્. તેને અભિનિવેષિક મિથ્યાત્વ કહીએ ૩.

પ્રશ્ન ૭૫—ચોથું અણાભોગ મિથ્યાત્વ કોને કહીએ?

ઉત્તર—એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરેંદ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય ૫. એ સર્વને અણાભોગ મિથ્યાત્વ તો હોયજ તે સમકિતના સ્વરૂપને જાણતા નથી. તથા સંજ્ઞીને પણ હોય કે જેને સમકિતનો ઉપયોગ નથી. એટલે સમકિત અણઓળખવાનો સ્વભાવ છે જેને તેને અણાભોગ મિથ્યાત્વ કહીએ ૪.

પ્રશ્ન ૭૬—પાંચમું સંશયિક મિથ્યાત્વ કોને કહીએ?

ઉત્તર—જે જિન વચનમાં શંકા આણે, પુણ્ય પાપનાં ફળ છે કે નહી? તથા પાખંડીનો આડંબર દેખી ચિંતવે કે એની પૂજા માનતા ઘણી થાય છે, ઘણા લોકો સેવે છે, માટે એમાં પણ કાંઇક ધર્મ હશે. તથા તીર્થ યાત્રા વગેરેથી મોક્ષની આશા રાખે, તેને સંશય મિથ્યાત્વ કહીએ ૫.

એ પૂર્વોક્ત (૫) મિથ્યાત્વનો ઉદય છે જેને, તેને મિથ્યાત્વ ગુણસ્થાનક જાણવું. તે મિથ્યાત્વ ત્રણ પ્રકારનું છે. તેમાં એક અણાઇએ અપજ્જવસીયે તે મિથ્યાત્વની આદિ નથી. અંત પણ નથી તે અભવ્ય જીવનું મિથ્યાત્વ ૧, બીજું અણાઇએ સપજ્જવસીએ, તેની આદિ નથી પણ અંત

છે. તે ભવ્ય જીવનું મિથ્યાત્વ ૨, ત્રીજું સાદિએ સપજ્જવસીએ, તેની આદિ પણ છે, અને અંત પણ છે. તે મિથ્યાત્વ અનાદિનું હતું તે ગંઠીભેદ થઈને પ્રથમ ઉપશમ સમકિત પ્રગટ થઇ પછી ક્ષયોપશમ સમ્યકત્વ પ્રગટે. તે સમય મિથ્યાત્વનો ઉદય નથી. પણ સત્તામાં મિથ્યાત્વ વર્ગણાનાં પુદગલ આત્મા સંઘાતે લોલીભુત છે. જેમ છારમાં અગ્નિ ઢાંકી તેમ ઉપશમ તથા ક્ષયોપશમભાવથી મિથ્યાત્વરૂપ અગ્નિ ઢાંકી પણ જે મિથ્યાત્વ વર્ગણાનાં પુદગલ સત્તામાં છે, તેની સ્થિતિ પૂરી થયે ઉદયાવળીમા આવે ત્યારે ઉપશમ ભાવ દૂર હોય. વળી મિથ્યાત્વનો ઉદય થયો તે સમય મિથ્યાત્વની આદિ થઇ. અને અંતે અંત પણ હરોજ. અર્ધપુદ્ગલમાં ફરી સમ્યક્ત્વ પામી મોક્ષ હોશે તે માટે. ઇતિ પ્રથમ ગુણસ્થાન લક્ષણ ૧.

પ્રશ્ન ૭૭—બીજું સાસ્વાદાન ગુણસ્થાનનું શું લક્ષણ ?

ઉત્તર—જે ચોથા ગુણસ્થાનવર્તિ જીવ, ક્ષયોપશમ તથા ઉપશમ સમકિતી, તેને અનંતાનુબંધીના કષાયના ચોકનો ઉદય થયો. તેના બહુલપણાથી સમ્યક્ત્વથી ભ્રષ્ટ થવા લાગ્યો તેથી ચોથા ગુણસ્થાનથી ખરી પડયો. તે જીવ પરિણામથી મિથ્યાત્વ ગુણસ્થાન ભણી આવવા લાગ્યો. પણ મિથ્યાત્વ ગુણસ્થાને પહોંચ્યો નથી, અને મિથ્યાત્વનો ઉદય થયો નથી. પણ મિથ્યાત્વની સહચારિણી અનંતાનુબંધી કષાય તેનો ઉદય થયો તે ષટ્આવલિકા પ્રમાણ લગી સમકિતનો લગારેક સ્વાદ રહે તે સાસ્વાદાન ગુણસ્થાન જાણવું.

પ્રશ્ન ૭૮—બીજું સાસ્વાદાન ગુણસ્થાન શું દ્રષ્ટાંતે કરી જાણવું ?

ઉત્તર—જેમ પ્રાસાદના શિખરપર કોઇ પુરૂષ ચડયો, પછી હેઠે જોતાં તમ્મર અર્થાત્ ચકરી આવી, ત્યાંથી પડયો પણ ધરતીએ પહોંચ્યો નથી, વચ્ચે અંતરાળે કાળ થોડો રહે, તેમ કોઇ જીવ ઉપશમ તથા ક્ષયોપશમ સમકિતરૂપ મહેલે ચડયો, પરંતુ હાયમાન પરિણામ થયે પડયો, પણ મિથ્યાત્વરૂપ ધરતીએ પહોંચ્યો નથી. અંતરાળવર્તિ સાસ્વાદાન ગુણસ્થાન ૬ આવલિકા પ્રમાણ સમ્યક્ત્વનો સ્વાદ રહે. પછી મિથ્યાત્વમાં આવે તથા જેમ આંબો ડાળથી તૂટયો, પણ ધરતીએ આવ્યો નથી, તેમ જીવ સમકિત રૂપ ડાળથી તૂટયો પણ મિથ્યાત્વરૂપ ધરતીએ આવી પહોંચ્યો નથી, તથા જેમ ઘંટાનો શબ્દ પ્રથમ ઘોર ગંભીર થાય પછી ઘટતાં ઘટતાં લગારેક રહે તેમ સમ્યક્ત્વ રહે. તથા કોઇ પુરૂષ ખીર ખાંડનું ભોજન કરી વમ્યો તે વારે લગારેક સ્વાદ રહ્યો. તેમ સમકિતથી પડતાં પડતાં લગારિક સમ્યક્ત્વનો અંશ રહ્યો તે બીજે ગુણસ્થાને ચોથાથી પડે તે આવે. પણ પહે-

હાથી બીજે ન આવે. ચોથાથી પહેલે જતાં કોઇક બીજે આવે, પણ સર્વે ન આવે. ઇતિ દ્વિતીય ગુણસ્થાન લક્ષણ.

પ્રશ્ન ૭૯—ત્રીજા મિશ્ર ગુણસ્થાનનું શું લક્ષણ?

ઉત્તર—શ્રીજિન ધર્મ એટલે સમકિત ધર્મ અને મિથ્યાત્વ ધર્મ એ બન્ને સરખા સદ્દહે, મિશ્રભાવ રહે. જેમ દહીં ને સાકરના સંયોગે શિખંડ રૂપ રસાંતર નીપજે, તેમ સમ્યકત્વ અને મિથ્યાત્વના સંયોગે મિશ્ર ગુણસ્થાન લક્ષણું. તે પહેલા ગુણસ્થાનથી ચોથે ગુણસ્થાને ચડતાં મિથ્યાત્વના પ્રદેશ હાયમાન થાય અને સમ્યકત્વના પ્રયોગ વર્દ્ધમાન થાય; તદંતરાલે અંતર્મુહૂર્ત પ્રમાણ મિશ્ર ગુણસ્થાન ફરસે. સાચી અને જુઠી શ્રદ્ધા સરખી સદ્દહે ઇતિ તૃતીય ગુણસ્થાન લક્ષણ.

પ્રશ્ન ૮૦—ચોથા અવિરતિ સમદ્રષ્ટિ ગુણસ્થાનનું શું લક્ષણ?

ઉત્તર—વ્રત પચ્ચખાણ જેને નથી તેને અવિરતિ કહીએ. પણ સમ્યકત્વ દ્રષ્ટિ એ આત્માનો અનુભવરસ પ્રગટ થયો છે જેને તે નિજ સ્વરૂપ ભ્રાંતિ હેય. જ્ઞેય ઉપાદેયનું જ્ઞાન છે જેને તે જીવ વ્રત પચ્ચખાણનો અભિલાષ કરે પણ કરી ન શકે. તે શા કારણથી? તે કહે છે અપ્રત્યાખ્યાન મોહનીનો ઉદય છે તે ભાંગી કરી ન શકે જે અપ્રત્યાખ્યાન મોહનીય, [illegible] છે તેજ અવ્રત છે. તે અવ્રતના ઉદયથી વ્રત પચ્ચખાણ કરી ન શકે. પણ શુદ્ધ સમ્યકત્વ આરાધે તેને ચોથુ ગુણસ્થાન જાણવું તેના [illegible] નિયમ કહે છે. ઉપશમ સમકિતનો ૧, ક્ષયોપશમ સમકિતનો ૨, ક્ષાયક સમકિતનો ૩. સાત પ્રકૃતિ ખપાવે તો ક્ષાયક સમ્યકત્વનો નિયમ [illegible] તે પાછો ક્યારે ન પડે. અને સાત પ્રકૃતિને ઉપશમાવે તો ઉપશમ સમ્યકત્વનો નિયમ [illegible] તે સમ્યકત્વથી પાછો પડવાનો અભાવ છે [illegible] જાય, અને ક્ષાયક સમ્યકત્વમાં પણ જાય, અને ૬ પ્રકૃતિ [illegible] મિશ્ર સમકિત મોહનીનો ઉદય હોય તો ક્ષયોપશમ મોહનીનો [illegible] ૬ પ્રકૃતિ વિપાક ઉદયમાં ન હોય, પ્રદેશ ઉદયમાં હોય [illegible] મોહનીય વિપાક ઉદયમાં હોય તો ક્ષયોપશમ સમકિત કહીએ [illegible] સમકિતના ત્રીજા ભેદ થયા છે, તે ગુણસ્થાનક [illegible] તે સાત પ્રકૃતિ કઇ? અનંતાનુબંધી ચોક, ત્રણ [illegible] પ્રકૃતિનો ઉદય ન હોય ત્યારે ચોથે ગુણસ્થાને આવે. [illegible] ન બાંધે. ૧ નરક, ૨ તિર્યંચ, ૩ ભવનપતિ, ૪ વ્યંતર, ૫ જ્યોતિષી, ૬ સ્ત્રી, ૭ નપુંસક. એ ૭ નું આયુષ્ય ન બાંધે

સમકિતી મનુષ્ય તિર્યંચ એક વૈમાનિકનું આયુષ્ય બાંધે, અને સમકિતી દેવતા નારકી એક મનુષ્યનું આયુષ્ય બાંધે. ઇતિ ચતુર્થ ગુણસ્થાન લક્ષણ.

પ્રશ્ન ૮૧—પાંચમા દેશ વિરતિ ગુણસ્થાનનું શું લક્ષણ ?

ઉત્તર—છકાયમાં એક ત્રસકાયની હિંસાના ત્યાગી તે દેશવિરતિ કહીએ. તે ત્રસકાયની હિંસા બે પ્રકારની: એક આરંભની હિંસા તેના તે ત્યાગી નહિ, બીજી સંકલ્પની હિંસા તેના બે ભેદ, એક આપરાધી હિંસા તેના ત્યાગી નહિ બીજી નિરપરાધી હિંસા તેના બે ભેદ. એક તો અજાણ કોટી હિંસા તે અજાણપણે અણઉપયોગથી હિંસા થાય તેના ત્યાગી નહિ. બીજી આકોટીને હણવાની બુદ્ધિએ ઉપયોગ સહિત હણે તેની હિંસના ત્યાગી છે. તેનાં ૩ નિવાસ તે ૧૧ પ્રકૃતિ માંહેની ૭ ઉપશમે ૪ નો ક્ષયોપશમ તે ક્ષયકનો નિવાસ. ૭ ઉપશમાવે ૪ નો ક્ષયોપશમ તે ઉપશમનો નિવાસ ૧૦ નો ક્ષાયક તથા ઉપશમ તથા ૧ સમ્યકત્વ મોહનીયનો ઉદય તે ક્ષયોપશમનો નિવાસ તે ૧૦ પ્રકૃતિ પ્રદેશ ઉદયમાં ને સમ્યકત્વ મોહનીય વિપાકમાં તે ૭ પ્રકૃતિ પૂર્વવત ને અપ્રત્યાખ્યાનિ ચોક એ ૧૧ પ્રકૃતિનો ઉદય ન હોય ત્યારે દેશવિરતિપણું પ્રગટ થાય, તે પચ્ચખાણ લીધાં શુદ્ધ પાળે ઇતિ પંચમ ગુણસ્થાન લક્ષણ

પ્રશ્ન ૮૨—સાધુજીને વીશ વસાની દયા કહી અને શ્રાવકને સવા વસાની દયા કહી તે શી રીતે ?

ઉત્તર—સાધુજીને સર્વથા પ્રાણીના વધનો ત્યાગ છે, માટે પૂરેપૂરી વીશ વસાની દયા કહેવાય, અને શ્રાવકને સવા વસાની દયા ને કેટલીક અવસ્થાના સંયોગ છે. ને કેટલોક ત્યાગ નથી ને તેમાં પણ સવા વસાની દયાની સમજણ નીચે પ્રમાણે છે પ્રાણીનો વધ બે પ્રકારનો એક સ્થૂલ જીવનો, બીજો સૂક્ષ્મ જીવનો. સ્થૂલ જીવ તે બેઇંદ્રિયાદિક ત્રસ જીવ જાણવા, અને સૂક્ષ્મ તે બાદર એકેંદ્રિયાદિક સ્થાવર જીવ જાણવા પણ સૂક્ષ્મ નામ કર્મોદયને વિષે વર્તતા એવા એકેંદ્રિય અહિંયાં ન લેવા, કેમકે તેમનો શસ્ત્રાદિક પ્રયોગે કરી વધ થતો નથી એ કારણ માટે. હવે ગૃહસ્થને સ્થૂલ પ્રાણી વધથી નિવૃત્તિ હોય, પણ સૂક્ષ્મ જીવના વધ થકી નિવૃત્તિ થઈ શકે નહિ કેમકે ભૂ જળાદિકના વધે કરીનેજ તેમને પચનાદિક (રાંધવા વગેરે) વ્યવહાર કાર્યની પ્રવૃત્તિ છે. એ કારણ માટે, એ પ્રકારે સ્થાવર જીવની હિંસા થવાએ કરીને એટલે નિયમ રહિત પણે કરીને વીશ વસા માંહેથી દશ વસા ગયા અને દશ વસા રહ્યા. તે માંહેથી વિશેષ કેવી રીતે દયાને વાસ્તે નિયમ કરેલા હોય તે કે સ્થૂલ પ્રાણીનો વધ કરે તે બે પ્રકારનો. તેમાં એક સંકલ્પ થકી

ઉત્પન્ન થયેલો, અને બીજો આરંભ થકી ઉત્પન્ન થયેલો. તેમાં સંકલ્પ થકી ઉત્પન્ન થયેલો તે આ જીવને હું મારૂં એ પ્રકારે મનના સંકલ્પ થકી થાય છે. અને બીજો કૃષી કર્મ તે ગૃહાદિક આરંભને વિષે પ્રવર્તવા થકી થાય છે. તે બન્ને મધ્યે ગૃહસ્થ સંકલ્પ થકી ઉત્પન્ન થયેલો એવો સ્થૂલ પ્રાણીનો વધ તે થકી નિવૃત્તિ પામે છે. પણ આરંભ થકી થયેલો પ્રાણીનો વધ તે થકી નિવૃત્તિ પામી શકતો નથી, એટલે તેનો ત્યાગ કરી શકતો નથી. કેમકે તે વિના તેના શરીર તથા કુટુંબાદિકનો નિર્વાહ ન થઈ શકે. એ કારણ માટે તે શ્રાવક વ્રત અંગીકાર કરતી વખતે એવો વિચાર રાખે છે કે, સંકલ્પીને કોઇ જીવને મારૂં નહીં, અને આરંભ કરતી વખતે જતના કરૂં એવી રીતે વ્રત ગ્રહણ કરે છે. એ પ્રમાણે આરંભથી ઉત્પન્ન થયેલી જે હિંસા તેનો નિયમ ન કરવે કરીને દશ વસા મધ્યેથી પાંચ વસા ગયા અને પાંચ વસા રહ્યા વળી તેની મધ્યે વિશેષ દેખાડીએ છીએ. નિયમ કરેલો એવો જે સંકલ્પ તે થકી ઉત્પન્ન થયેલો જે વધ તે બે પ્રકારે છે. એક અપરાધ બીજો નિરપરાધ. તેની મધ્યે અપરાધ સહિત એવા ચોર તેને શત્રાદિકને સંકલ્પીને પણ બંધ પ્રત્યે ન વર્જે, અને નિરપરાધનો તો સંકલ્પીને બંધ ન કરે. એટલે અપરાધી પુરૂષોનો બંધ કરવાનો વા વધ કરવાનો ત્યાગ ગૃહસ્થથી થઇ શકતો નથી, અને નિરપરાધના બંધનો ત્યાગ થઈ શકે છે, એ કારણ માટે અપરાધ સહિત હિંસાના અનિયમે કરીને પાંચ વસા મધ્યેથી અઢી વસા ગયા, અને અઢી વસા રહ્યા. વળી નિયમ કરેલો નિરપરાધનો જે વધ તે પણ બે પ્રકારે છે. તેમાં એક સાપેક્ષ, અને બીજો નિરપેક્ષ તેની મધ્યે અપેક્ષા સહિત એટલે આશંકા સહિત એટલે શંકાનું સ્થાનક અને તેથી વિપરીત તે નિરપેક્ષ તેની મધ્યે શ્રાવક સાપેક્ષ હિંસા ન વર્જે, એટલે તેનો ત્યાગ નથી કરી શકતો, અને નિરપેક્ષ હિંસા વર્જે છે, એટલે ત્યાગ કરે છે તેનું તાત્પર્ય એ છે કે કોઇક રાજ્યના અધિકારી પુરૂષે બાર વ્રત અંગીકાર કર્યાં છે. તોપણ પોતાના મર્મના જાણવા થકી શંકાનું સ્થાનક એવો કોઇ પુરૂષ નિરપરાધી એટલે અપરાધ રહિત છે. તોપણ તેના વધ પ્રત્યે નિષેધ ન કરે. એટલે કોઇક પુરૂષ પોતના મર્મ પ્રત્યે જાણે છે અને નિરપરાધી છે. તોપણ પોતાના મનમાં એવી શંકા ધરી કે આ પુરૂષ મારી વાત રાજાને કહી દેશે તો મને મોટું વિઘ્ન આવી પડશે. એવું જાણીને તેને કોઇ વખત રાજા કેદ કરતો હોય તો પોતે જોઈ રહે પણ તેનો નિષેધ કરે નહિ. કેમકે પોતાને ધર્મના વિઘ્નની બીક છે, માટે એ રીતે સાપેક્ષ હિંસા ન વર્જવે કરીને અઢી વસામાંથી સવા વસો ગયો, અને સવા વસો રહ્યો. એ રીતે શ્રાવકને સવા વસાની દયા હોય.

પ્રશ્ન ૮૩—તિર્યંચ મનુષ્ય અને દેવતામાં જવાવાળાને મરતી વખતે કઇ પ્રકૃતિનો ઉદય હોય? અને કદિ સમકિતથી પડે તો કઇ પ્રકૃતિના ઉદયથી પડે?

ઉત્તર—ઠાણાંગજીના ૪ થે ઠાણે, ઉદ્દેશે ૨-૩ જે કહ્યું છે કે—નરકમાં જવાવાળાને અનંતાનુબંધીની ચોકડીનો ઉદય હોય. તેમ તિર્યંચમાં જવાવાળાને મરતી વખતે અપ્રત્યાખ્યાનીની ચોકડીનો ઉદય હોય, અને મનુષ્યમાં જવાવાળાને પ્રત્યાખ્યાનીની ચોકડીનો ઉદય હોય. તેમજ દેવતામાં જવાવાળાને સંજ્વળની ચોકડીનો ઉદય હોય એટલે જે જે પ્રકૃતિના ક્ષયોપશમથી જે જે ગુણ પ્રગટયો હતો તે તે પ્રકૃતિનો ઉદય થવાથી ચડેલી ડીગ્રી-ગુણથી પડવાપણું થાય. જેમકે અનંતાનુબંધીની ચોકડી ખપવાથી સમકિતની પ્રાપ્તિ થાય, પણ તેજ ચોકડીનો તીવ્ર ઉદય થવાથી સમકિતનો નાશ થાય અને મરીને નરક ગતિમાં જાય. તેમજ અપ્રત્યાખ્યાનીની ચોકડી ખસવાથી શ્રાવક પણું પામે, અને તે ચોકડીના ઉદયથી શ્રાવકપણાથી-પાંચમા ગુણસ્થાનથી પડે, અને તે ચોકડીમાં કાળ કરે તો મરીને તિર્યંચમાં જાય, અને પ્રત્યાખ્યાનીની ચોકડી ખસે ત્યારે સાધુપણું—છઠ્ઠું ગુણસ્થાન પ્રાપ્ત થાય—અને તેજ પ્રકૃતિનો ઉદય થાય તો સાધુપણાથી (છઠ્ઠા ગુણસ્થાનથી) પડે, અને તે ચોકડીમાં કાળ કરે તો મરીને મનુષ્ય ગતિમાં જાય અને સંજ્વળની ચોકડીનું ખસવાપણું થાય ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય, અને તે ચોકડીનો ઉદય થાય તો કેવળજ્ઞાન અટકે, અને તે ચોકડીમાં કાળ કરે તો મરીને દેવતા થાય. એ તો ચારિત્ર ગુણની વૃદ્ધિહાનિનું ફળ કહ્યું.

પરંતુ સમકિતથી પડવાવાળા તિર્યંચ, મનુષ્ય અને દેવતામાં જવાવાળાને અનંતાનુબંધીની ચોકડીના ઉદયની જરૂર જણાતી નથી. પણ તેને તો સમકિત મોહનીયનો તીવ્ર ઉદય થવાથી ઉપશમ અથવા ક્ષયોપશમ સમકિતથી પડવાપણું થાય તેમાં પહેલા ગુણઠાણે જવાવાળાને તે ભૂમિને પ્રાપ્ત થવાના સમયે અનંતાનુબંધીની ચોકડીનો ઉદય થાય છે, અને સાસ્વાદાન સમકિત પામેલાને પણ તેની સ્થિતિની હદમાં અનંતાનુબંધીનો ઉદય થયા બાદ મિથ્યાત્વ પ્રાપ્ત થતું હોય એમ જણાય છે. પણ પાંચમા—છઠ્ઠા ગુણઠાણાથી પડવાવાળાને તો પ્રથમ ચારિત્ર મોહનીયના ઉદયથી પડવાપણું થાય છે.

અર્થાત્ છઠ્ઠા ગુણઠાણાથી નીચેના ગુણઠાણાવાળાને પડવું થાય અને મિથ્યાત્વ મોહનીયનો ઉદય થાય તો પાધરો પહેલેજ ગુણઠાણે જાય, અને બીજી પ્રકૃતિઓનો ઉદય થાય તો જેવી પ્રકૃતિનો ઉદય તેવી માર્ગણાએ

ત્રીજે અને સાતમે ગુણઠાણે એક સમકિત મોહનીયનો ઉદય જણાય છે, અને આઠમેથી ઉપર દર્શનમોહનીયનો ઉદય નથી. માત્ર ચારિત્રમોહનીયનોજ ઉદય છે.

પ્રશ્ન ૮૪—પાંચમા છઠ્ઠા ગુણઠાણાવાળાને અપ્રત્યાખ્યાની તથા પ્રત્યાખ્યાની ચોકડીનો ઉદય થવાથી તિર્યંચ મનુષ્યના આયુષ્યનો બંધ પડે એમ કહ્યું અને ભગવતીજી શતક ૩૦ મે—મનુષ્ય, તિર્યંચ સમકિતી તે વૈમાનિકનોજ બંધ પાડે અને વૈમાનિકમાંજ ઉપજે તે કેમ? કારણ કે, ઉક્ત ચોકડીનો ઉદય થયો પણ સમકિત તો છેજ. માટે તે મનુષ્ય તિર્યંચમાં કેમ જાય?

ઉત્તર—ઠાણાંગ ઠાણે ૪ થે કહ્યું છે કે—અનંતાનુબંધી કષાયમાં મરે તો નરકે જાય. એમ અપ્રત્યાખ્યાની કષાયમાં મરે તો તિર્યંચમાં જાય, અને પચ્ચખાણાવરણીય કષાયમાં મરે તો મનુષ્યમાં જાય અને સંજ્વલના કષાયમાં મરે તોજ દેવગતિમાં જાય. માટે જાણવું જે સમકિતી જીવ સંજ્વલનાં કષાયમાંજ દેવગતિનો બંધ પાડે પણ બાકીની બાર કષાયમાં દેવગતિનો બંધ પાડે નહિ, અને મરે પણ નહિ. બાર કષાયમાં બંધ પાડનાર યા મરનાર સમકિતી નથી એમ જાણવું. માટે સમકિતી જીવ ૪–૫–૬ ઠ્ઠા ગુણઠાણાવાળા નિયમા સંજ્વલના કષાયમાં મરે અને દેવલોકમાંજ ઉપજે, માટે ભગવતીજીમાં ૩૦ મા શતકમાં કહ્યું જે મનુષ્ય તિર્યંચ સમકિતી વૈમાનિકમાં ઉપજે તે સત્ય છે.

પ્રશ્ન ૮૫—તો પછી કેટલાક કહે છે કે—ક્ષાયક સમકિતી મરી નરકે જાય છે, શ્રેણિક, કૃષ્ણવત્ તેનું કેમ?

ઉત્તર—એ વાત સંભવતી નથી. ઉપરના લખાણથી ચોક્કસ એમ સમજાય છે કે—ક્ષાયક સમકિતવાળો મરીને નરકે જાય નહિ. કેમકે નરકે જવાવાળાને અનંતાનુબંધીના કષાયમાંજ બંધ પડે છે, ને તે કષાયમાંજ મરે છે. માટે ક્ષાયક સમકિતવાળાને અનંતાનુબંધીની ચોકડી તો છેજ નહિ તેનો ક્ષય કરવાથી ક્ષાયક સમકિત પ્રગટ થયું છે, માટે તે ચોકડીનો ઉદય નથી તો તેને નરકનો બંધ પણ નથી. એમ તમામ ચોકડીમાં જાણવું

પ્રશ્ન ૮૬—મિથ્યાત્વ મોહનીય પાપમાં કહી છે તો સમકિત મોહનીય અને સમા મિથ્યાત્વ મોહનીય કયા તત્વમાં ભળે?

ઉત્તર—સમકિત સંવર તત્વના ઘરનું છે, અને મોહનીય મિથ્યાત્વના ઘરનું છે, અને મિથ્યાત્વ પાપતત્વમાં છે, એટલે સમકિત મોહનીય અને

સમા મિથ્યાત્વ મોહનીય એ પણ મોહનીય કર્મનો ઉદય છે. તે ખસવાથી સમકિતની પ્રાપ્તિ થાય છે, અને જ્યાં સુધી તેનો ઉદય કે સત્તામાં હોય, એટલે ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય તેનો ન હોય ત્યાં સુધી તે પાપતત્વમાં ભળે ઝેરમિશ્રિત દૂધપાક પણ ઝેરરૂપજ ગણાય. જ્યાં સુધી સમકિતમાં મોહનીયનો ઉદય હોય ત્યાં સુધી સમકિત નિર્મળ થતા દે નહિ, અને મોહનીયના વિશેષ ઉદયથી સમકિતથી પડવાપણું પણ થાય છે, અને સમા મિથ્યાત્વ મોહનીયમાં વિશેષે કરીને મિથ્યાત્વનું પ્રધાનપણું છે, તે પણ મોહનીય સહિત મિથ્યાત્વની પ્રબળતાને લઇને સમકિતનો અંશ ઓછો હોવાથી તેની ભૂમિકા મિથ્યાત્વનાજ ઘરની સૂત્રમાં ગણી છે, માટે તે બન્ને પાપતત્વમાંજ ગણાય.

જેટલો ભાગ સમકિતનો તેટલો જીવને સંવર છે બાકી મિથ્યાત્વ અને મોહનીયને લઇને મિથ્યાત્વના પ્રધાનપણાથી પાપતત્વમાં ગણાય. સમવાયાંગ સૂત્રમાં કહ્યા પ્રમાણે તમામ ભવ્ય જીવને સમકિત મોહનીય અને સમા મિથ્યાત્વ મોહનીય સત્તામાં છે, પણ જ્યાં સુધી ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થયું નથી ત્યાં સુધી તે જીવને પહેલા ગુણઠાણાથી અલગ ગણ્યો નથી, અને કેટલાક જીવ સમકિત મોહનીય અને મિશ્રમોહનીયની સત્તાવાળા હોવા છતાં પણ અનાદિ અનંત મિથ્યાત્વવાળા સૂત્રમાં કહ્યા છે, માટે એ બન્ને મોહનીય પાપતત્વમાંજ ગણાય.

પ્રશ્ન ૮૭—૧૧ મું ગુણસ્થાન આઉખાના અબંધકનું છે. ને તે ગુણઠાણે મરે તો અનુત્તર વિમાને જાય તેનું શું કારણ?

ઉત્તર—છઠ્ઠે તથા સાતમે ગુણઠાણે અનુત્તર વિમાનના આઉખાનો બંધ કર્યો છે. તે પરિણામની ધારાએ ચડી ૧૧ મા ગુણઠાણા સુધી જાય ને ત્યાં કાળ કરે તો, અનુત્તર વિમાનમાં ઉપજે.

પ્રશ્ન ૮૮—તો પછી ૧૧ મા ગુણઠાણા સુધી પરિણામની ધારાએ ચડયો તેને શો લાભ થયો?

ઉત્તર—અનેક કર્મની નિર્જરા થઇ તે અપૂર્વ લાભ પ્રાપ્ત થયો. ૨૮ મોહનીય કર્મની પ્રકૃતિને ઉપશમાવવી તે કાંઇ ઓછો લાભ નથી. અનુત્તર વિમાનમાં રહ્યાં થકાં પણ ઉપશાંતમોહી હોય છે, અને ત્યાંથી ચવ્યા કરા પણ બે કાજ કાળમાં મોક્ષ થશે એ મોટો લાભ

પ્રશ્ન ૮૯—આત્મા સિદ્ધ સમાન છે. એવું માનનારનું એમ કહેવું છે કે—જીવના મુખ્ય આઠ રૂચક પ્રદેશ જે છે તે નિશ્ચય નયથી અજર અમર

અભવ્ય સર્વના સિદ્ધ સમાન છે. માટે સર્વ જીવની સત્તા એક સરખીજ છે. કેમકે એ ૮ પ્રદેશને બીલકુલ કર્મ લાગતાં નથી. તે શ્રી આચારાંગ સૂત્રની શ્રી શીલંગાચાર્ય કૃત ટીકાના લોકવિજયાધ્યયને પ્રથમોદ્દેશકે [illegible] છે. ત્યાંથી સવિસ્તરપણે જોવું. એમ આગમસારમાં કહ્યું છે તે કેમ?

ઉત્તર—આ સંબંધી પહેલા ભાગમાં ઘણું કહેવાઈ ગયું છે. ટીકાકાર કે ગ્રંથકાર પોતપોતાના મગજ પ્રમાણે (શ્રદ્ધા પ્રમાણે) લખી જાય, પણ જે વાત સિદ્ધાંત કબૂલ કરે તે સત્ય કહેવાય. જો ભવ્ય તથા અભવ્યના ૮ રૂચક પ્રદેશ નિશ્ચય નયથી સિદ્ધ સમાન માનીએ, અને સર્વ જીવની સત્તા સરખીજ માનીએ અને ૮ પ્રદેશને બીલકુલ કર્મ લાગતાં નથી. અને તે નિરાવરણ માનીએ તો ભવ્ય જીવની પેઠે અભવ્યને પણ કોઈ કાળે સર્વ આત્મપ્રદેશ નિર્મળ થવા જોઈએ, અને તે પણ મોક્ષ જવા જોઈએ

પ્રશ્ન ૬૦—અહિંયાં કોઈ એમ કહે કે—અભવ્યને કર્મ ચીકણાં છે. અને અભવ્યમાં પરાવર્ત ધર્મ નથી. તેથી તે સિદ્ધ થતા નથી, માટે તેનો સ્વભાવ છે જે મોક્ષ જવુંજ નથી, અને ભવ્ય જીવમાં પરાવર્ત ધર્મ છે. માટે કારણ સામગ્રી મળ્યે પલટણ પામે, ગુણશ્રેણીએ ચઢી મોક્ષ કરી સિદ્ધ થાય. એમ કહે છે તેનું કેમ?

ઉત્તર—જ્યારે નિશ્ચય નયથી ભવ્ય અભવ્યને સિદ્ધનું સમાનપણું છે. તો નિશ્ચય નયે કોઈ વખત તે ઉંચ દરજ્જાને પામે આઠ પ્રદેશ નિરાવરણ છે તો બીજા પ્રદેશનું કોઈ વખત આવરણ ખસવું થાય. માટે કોઈનું એમ કહેવું છે કે—ભવ્ય જીવના આઠ રૂચક પ્રદેશ ઉઘાડા છે, અને અભવ્ય જીવના આઠ સર્વથા ઢંકેલાજ છે—આવરેલાજ છે, માટે તેને કોઈ કાળે મોક્ષ થાય નહિ. એ વાત પણ કલ્પિત છે. સૂત્રના ન્યાયે તે વાત માન્ય નથી. હવે અભવ્ય જીવને મોક્ષ ન થવાનું કોઈ સબળ કારણ હોવું જોઈએ અને તે પણ સિદ્ધાંતથી આશ્રિત થાય તોજ કબૂલ થાય તેમ છે. સિદ્ધાંતના [illegible] જે વસ્તુ સત્તામાં હોય તે કોઈ વખત પ્રગટ થાય પણ તેવી સત્તા [illegible] હોય જ નહિ તે વસ્તુ ક્યાંથી પ્રાપ્ત થાય? માટે ભવ્ય જીવને મોક્ષ પ્રાપ્ત થાય અને અભવ્યને ન થાય તેનું કારણ ઉપર કહેલા તમામ કારણથી બીજુંજ [illegible] હોવું જોઈએ, તે કારણ એ કે—સમવાયાંગ સૂત્રમાં ૨૬ મા સમવાય[illegible] કહ્યું છે કે અભવ્ય જીવને મોહનીય કર્મની ૨૬ પ્રકૃતિ સત્તામાં છે [illegible] ૨૮ માંથી સમકિત મોહનીય ૧, અને મિશ્રમોહનીય ૧. એ બે પ્રકૃતિ [illegible] છે એ બે પ્રકૃતિ અભવીને નથી, અને ૨૭ મા સમવાયાંગે ભવ્ય [illegible]ને ૨૮ મોહનીય કર્મની પ્રકૃતિ સત્તામાં કહી છે એ ઉપરથી એમ સિદ્ધ

થાય છે કે—અભવીની પાસે મૂળબીજ સમકિતના પર્યવ નથી તો મોક્ષ ક્યાંથી થાય ? અર્થાત્ નજ હોય. માટે ભવી જીવ અને અભવી જીવમાં સમકિત મોહનીય અને મિશ્રમોહનીયનો તફાવત છે, તે દિવસ અને રાત્રિ જેટલો તફાવત સમજવો. અથવા કૃષ્ણપક્ષી અને શુકલપક્ષી જેટલો તફાવત સમજવો. એટલે ભવ્ય જીવ તો કોઇ વખત કૃષ્ણપક્ષીનો શુકલપક્ષી થાય પણ અભવી જીવ તો કોઇ કાળે શુકલપક્ષી થવાનોજ નથી તેને સમકિતની પ્રાપ્તિ કોઇપણ કાળે થવાનીજ નથી. એ વાતની ભગવતી સૂત્ર સાક્ષી આપે છે. માટે અભવી અને સિદ્ધ સત્તાએ સરખા છેજ નહિ, અને ભવી તથા અભવી જીવના ૮ રૂચક પ્રદેશ પણ અબંધક નિરાવરણ છેજ નહિ, એ વાત સિદ્ધાંતના ઘણા દાખલાથી નિર્ણય થાય છે.

પ્રશ્ન ૯૧—જીવના ૮ રૂચક પ્રદેશ કેવા સ્વરૂપમાં છે ને તે કહેવાનો વિશેષ શું છે ?

ઉત્તર—જીવના અસંખ્યાતા પ્રદેશમા મધ્ય ભાગે ૮ રૂચક પ્રદેશ છે, અને ૮ રૂચક પ્રદેશને સંલગ્ન અસંખ્યાતા પ્રદેશ છે તે ૮ થી જુદા નથી પણ ૮ સિવાયના સકોચ વિકાસ થાય છે ને ૮ તો સદાકાળ તેવાને તેવાજ મધ્ય ભાગે રહે છે. તે પણ ચાર ઉપર ને ચાર હેઠે. ત્રણ ત્રણને જોડે અનાદિ બંધ છે. એમ ભગવતીજીના ૮ મા શતકના ૯ મા ઉદ્દેશે મદ્રાસ છપાએલા (બાબુવાળા) પાને ૬૫૬-૫૭ મે કહેલ છે તે સૂત્રપાઠઃ—

से किं तं पयोग बंधे २. तिविहे पणत्ते, तंजहा—अणाइएवा अपज्जवसिएवा । साइएवा अपज्जवसिए, साइएवा सपज्जवसिए । तत्थणं जे से अणाइए अपज्जवसिए सेणं अट्ठण्हं जीवमज्झपएसाणं तत्थविणं तिण्ह २ अणाइए अपज्जवसिए सेसाणं साइए तत्थणं जे से साइए अपज्जवसिए से णं सिद्धाणं.

અહિંયાં જીવના ૮ મધ્ય રૂચક પ્રદેશ ત્રણ ત્રણનો અનાદિ અપજ્જવસિય બંધ કહ્યો છે, બાકીના (અસંખ્ય પ્રદેશનો) સાદિ સપજ્જવસિય બંધ કહ્યો, અને સિદ્ધનો સાદિ અપજ્જવસિય બંધ છે. એ પ્રમાણે ત્રણ પ્રકારે પ્રયોગબંધ કહ્યો છે, તે આત્માના પ્રદેશ આશ્રી કહેલ છે. (અહિં કર્મની કે શરીરની વિવક્ષા નથી.)

પ્રશ્ન ૯૨—વિગ્રહગતિ અને અવિગ્રહગતિના સંબંધમાં પડેલા આગમમાં ઉત્તરના પ્રશ્નમાં કહ્યું છે કે—અવિગ્રહગતિવાળા દેશથી કંપે છે, અને વિગ્રહગતિવાળા સર્વથી કંપે છે. તેમ ટીકાકાર તથા ભાષ્યવાળાનું લખવું એમ છે કે—અવિગ્રહગતિવાળા દેશથી કંપે છે તેનું કારણ એમ સમજવું કે—દેહસ્થ

રહેલા જીવને મારણાંતિક સમુદ્‌ઘાત વર્ણતે ઉત્પત્તિસ્થાનકે જતાં ઇલિકાગતિએ દેશથી કંપે, અને કંદુક નામ દડાની પેઠે ગતિવાળા સર્વથી કંપે છે. એ વિષે શું સમજવું?

ઉત્તર—બે પ્રકારનાં મરણ કહ્યાં છે, તેમાં એક સમોહીયા મરણ અને બીજું અસમોહીયા મરણ તેમાં સમોહીયા મરણવાળા મારણાંતિક સમુદ્‌ઘાત કરે છે. તેના પ્રદેશ કીડીની લાળની પેઠે અથવા ઇલિકા ગતિએ દેહસ્થ રહી ઉત્પત્તિ સ્થાનક ફરસે તેને દેશથી કંપવાપણું થાય, અને દડાની પેઠે ઉત્પત્તિ સ્થાનક ફરસે તેને સર્વથી કંપવાપણું થાય. એમ ભગવતીજીની ટીકા તથા ભાષ્યમાં કહ્યું છે. તેમજ ભગવતીજી શતક ૩૨ મે ઉદ્દેશે ૧ લે-કહ્યું છે કે-

અનંતર ઉત્પન્ન થવાવાળા જીવની ગતિ ઠેકતાં ઉત્પન્ન થવાની કહી છે. આ ઉપરથી એમ જણાય છે કે-અવિગ્રહગતિવાળાનેજ સમોહિયા મરણ એટલે સમુદ્‌ઘાત સહિત મરવાપણું થાય છે, અને તેની ઇલિકાગતિ તથા દડાની પેઠે ઠેકતાં ઉત્પન્ન થવાની ગતિ સંભવે છે. અને કંદુકના ભડાકાની પેઠે અસમોહીયામરણવાળાની અવિગ્રહગતિ અને વિગ્રહગતિ બન્ને હોય એમ જણાય છે.

તેમજ ભગવતીજી શતક ૩૪ મે ઉદ્દેશે પહેલે કહ્યું છે કે સાત શ્રેણીના અધિકારમાં પ્રથમ ઉજુઆયા ગતિમાં એક સમયની વક્રગતિ કહી છે એ ઉપરથી એમ જણાય છે કે-ઋજુગતિ તો એક સમયની હોય છે, છતાં તેને વિગ્રહગતિ કહી તે અપેક્ષાએ પણ સર્વ કંપ ઠરે. એટલે એક પ્રતરથી બીજે પ્રતર ઉત્પન્ન થવાવાળાને ઋજુઆયા એટલે સમશ્રેણીએ દૂર પ્રદેશે જઇને એક પ્રતરથી બીજા અન્તરેન્દ્રગતા પ્રતરે ઉત્પન્ન થાય તેને પણ સૂત્રકારે એક સમયની વિગ્રહગતિ કહી છે, અને ઋજુગતિ પણ કહી છે. માટે સિદ્ધાંતની અનેક ઘટના છે, કેવળી ભગવંતનું અનંતું જ્ઞાન છે. જેવા ભાવ ભાખ્યા તેવું પરૂપ્યું, તો એકતરફી ખેંચીને કોઇ શબ્દનો હઠાગ્રહ કરવો નહિ. અને જ્યાં સુધી સૂત્ર પુરાવો આપે ત્યાં સુધી સૂત્રથી નિર્ણય કરવો, તેમ છતાં ન સમજાય તો તરકેવળીગમ્ય કહી અનંત જ્ઞાનીએ જે ભાવ ભાખ્યા તે સત્ય કહી વિરમવું.

પ્રશ્ન ૯૩—આઠ મધ્યમ આત્મ પ્રદેશ વર્જીને બાકીના અસંખ્ય આત્મ પ્રદેશે કાર્મણ શરીરના યોગે કર્મના દળનો જે બંધ થાય છે તે પ્રદેશબંધ કહેવાય છે તે અંજન ચૈજનાદિ જીવના પ્રદેશને એ ચૈતનીય આદિ કર્મથી માંડી અષ્ટવિધ કર્મનો બંધ થાય છે. એમ આચારાંગના ટીકાકારનું કહેવું છે તેનું કેમ?

ઉત્તર—ભગવતીજીમાં કહેલા જીવના એજન વેજનાદિ અધિકારને અને પ્રયોગબંધના અધિકારને કાંઇ સંબંધ જણાતો નથી. એજનવેજનાદિ અધિકાર ત્રીજા શતકમાં પ્રમતાદિ આશ્રી કહેલ છે, અને પ્રયોગબંધ તો ૮ મા શતકના ૯ મા ઉદ્દેશે આત્મ પ્રદેશનો, અને અજીવ (રૂપી અરૂપી) નો પોતપોતાનો સર્વનો બંધ જુદો જુદો કહ્યો છે. એટલે જીવના આત્મ પ્રદેશનો ત્રણ પ્રકારે બંધ કહ્યો છે તેમ અજીવના સંબંધમાં પણ કેટલાકનો અનાદિબંધ કહ્યો છે, કેટલાકનો સાદિબંધ કહ્યો છે. કાર્મણ શરીરનો સાદિ બંધ કહ્યો છે તે જીવની સાથે રહેલા કાર્મણ શરીરના સાથે સમયે સમયે કર્મના દળનો જે બંધ થાય છે તે કાર્મણ પ્રયોગ બંધ સાદય–આદિ સહિત કહ્યો છે. એટલે જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ૭૦ કોડાકોડ સાગરોપમનો બંધ હોવાને લીધે સાદિ–આદિ સહિત બંધ કહ્યો છે. તે દરેક શરીરના તથા કર્મનાં પુદ્‌ગલના દળના બંધ આશ્રી કહેલ છે, અને તે કર્મ પુદ્‌ગલના દળનો આત્મ પ્રદેશે થતો બંધ તે તો સર્વેણંસર્વં–સર્વ આત્મ પ્રદેશે, કાર્મણ યોગે ગ્રહણ કરેલ કર્મનાં દળનો સર્વનો બંધ થાય છે, તેમા મધ્ય ૮ રૂચક પ્રદેશને જુદા પાડયા નથી, એટલે સર્વ આત્મ પ્રદેશે બંધ થાય છે. અને સર્વ આત્મપ્રદેશ ચળ પણ છે એટલે કંપે છે. વગેરે સવિસ્તર અધિકાર પ્રથમ ભાગમાંથી તથા પ્રથમ કહેલા થાલના પ્રશ્નોથી સમજી લેવા.

પ્રશ્ન ૯૪—જીવના આઠ રૂચક પ્રદેશ કેટલા આકાશપ્રદેશ અવગાહીને રહેલા છે?

ઉત્તર—ભગવતીજી શતક ૨૫ મે ઉદ્દેશે ૪ થે, પૂરૂં થતા, બાબુવાળા છાપેલ પાને ૧૭૨૧ મે કહ્યું છે કે—

कइण भंते ! जीवत्थिकायस्स मज्झ पदेसा पसंता । गोयमा ! अठ जीवत्थिकायस्स मज्झ पदेसा पसंता । एएसिणं भंते ! अठ्ठ जीवत्थिकायस्स मज्झपदेसा कइसु आगास पदेसेसु उगाढा होति ? गोयमा ! जहन्नेणं एक्कंसिवा दोहिंवा, तिहिंवा, चउहिंवा, पंचहिंवा, छहिंवा, उक्कोसेणं अठसुणे नेवणं सत्तसु.

અર્થ—હે ભગવંત ! જીવાસ્તિકાયના મધ્ય પ્રદેશ કેટલા કહ્યા છે ? તેના ઉત્તરમાં ભગવંત કહે છે કે–હે ગૈતમ ! જીવાસ્તિકાયના ૮ મધ્ય પ્રદેશ કહ્યા છે ગૈતમ કહે છે ભગવંત ! આપે જીવાસ્તિકાયના ૮ મધ્ય પ્રદેશ કહ્યા તે કેટલા આકાશપ્રદેશ અવગાહીને રહ્યા છે ? ભગવંત કહે છે ગૈતમ ! જઘન્ય એક, અથવા બે, અથવા ત્રણ, અથવા ચાર, અથવા પાંચ, અથવા છ અને ઉત્કૃષ્ટ ૮, પણ સાત ઉપર તો નહિંજ.

આનો પરમાર્થ એ છે કે આત્માના ૮ રૂચક પ્રદેશ જઘન્ય ૧-૨-૩-૪-૫-૬ અને ઉત્કૃષ્ટ ૮ આકાશ પ્રદેશ ઉપર અવગાહીને રહે પણ ૭ આકાશ પ્રદેશ અવગાહીને તે ઉપર રહે નહિ, એવો સદ્ભાવ છે.

પ્રશ્ન ૯૫—જીવના ૮ રૂચક પ્રદેશ કહ્યા છે તે પ્રમાણે બીજા કોઈ દ્રવ્યના છે કે એકલા જીવનેજ માટે કહ્યા છે ?

ઉત્તર—ઠાણાંગ ઠાણે ૮ મે ધર્માસ્તિકાય ૧, અધર્માસ્તિકાય ૨, આકાશાસ્તિકાય ૩ અને જીવ ૪. એ ચારેના આઠ આઠ મધ્ય પ્રદેશ કહ્યા છે.

પ્રશ્ન ૯૬—જીવના આઠ પ્રદેશ. ૪ ઉપર ને ૪ હેઠે. ત્રણ ત્રણને જોડે રહ્યા છે તે પ્રમાણે ધર્માસ્તિકાયાદિકના આઠ મધ્યમ પ્રદેશ છે કે બીજી રીતે ?

ઉત્તર—જીવની પેઠે હોવાનો સંભવ નથી. પણ ૪ ઉપર ને ૪ હેઠે એમ ૮ પ્રદેશ હોવા જોઈએ કારણ કે—એ બે પ્રદેશની શ્રેણી પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ એમ ચારે દિશાએ ચાલી છે અને વિદિશીમાં એક એક પ્રદેશની શ્રેણી કહી છે. એ ઉપરથી જીવની પેઠે ત્રણ ત્રણને જોડે ૮ રૂચક પ્રદેશ જણાતા નથી.

પ્રશ્ન ૯૭—સમુદ્ઘાત એટલે શું ?

ઉત્તર—સમુદ્ઘાત એટલે સમ્-ઉદ્-ઘાત એ પદચ્છેદ થાય. સમ્ એટલે આત્મપ્રદેશની સાથે જે જે કર્મપુદ્ગલનાં દળ એક એક પણે ખીર નીરની પેઠે એક રૂપે મળીને રહ્યા છે તે, તેને ઉદ્ એટલે ઉદીરણા કરી ઉદયાવળીમાં લાવી, તેને ઘાત એટલે ભોગવી દૂર કરે, નાશ કરે, ઘાત કરે તે સમુદ્ઘાત કહેવાય. જેમકે વેદનીય સમુદ્ઘાત તે આત્મપ્રદેશની સાથે ઘણે દૂર વેદનીય કર્મના દળ અમુક સ્થિતિના બાંધી રહેલાં છે. હવે ઉદયમાં આવ્યા, તથી તેની ઉદીરણા કરીને વેદનીય કર્મને ઉદયમાં લાવે, આવીને ઉદય [illegible] તે વખતે આત્મપ્રદેશ અને વેદનીય કર્મનાં પુદ્ગલ [illegible] તેથી [illegible] તે વખતે [illegible] પ્રમાણ તીવ્ર વેદનીય ને ભોગવણ અને તેથી તે કર્મપુદ્ગલનો નાશ થાય તેનું નામ વેદનીય સમુદ્ઘાત કહેવાય.

અને મારણાંતિક સમુદ્ઘાત તે મરણને અંતે (આઉખું અંતર્મુહૂર્ત રહે) [illegible] તે [illegible] ઉત્પન્ન થઈ [illegible] તેનું નામ મારણાંતિક સમુદ્ઘાત કહેવાય.

પ્રશ્ન ૯૮—કેવળસમુદ્ઘાત એટલે શું ?

ઉત્તર—સંપૂર્ણ આખા લોક પ્રમાણે આત્મપ્રદેશ બહાર કાઢે તે કેવળસમુદ્ઘાત કહેવાય.

પ્રશ્ન ૯૯—લોક પ્રમાણે આત્મપ્રદેશ બહાર કાઢવાનું કારણ શું ? તેનો કાળ કેટલો ? અને તે કોણ કાઢે ?

ઉત્તર—કેવળસમુદ્ઘાત કરીને કેવળી, વેદનીય આદિ કર્મનાં પુદ્ગલ ઝાટકે. એ સમુદ્ઘાત ૮ સમયની સ્થિતિનો હોય. તે પહેલે સમય દંડ કરે (શરીર પ્રમાણે રહેલા આત્મપ્રદેશને બહાર કાઢે.) ઉર્ધ્વ, અધો પોતાના શરીર પ્રમાણે લોકના અંત સુધી આત્મપ્રદેશને બહાર કાઢે, તે દંડ કર્યો કહેવાય.

બીજે સમય કપાટ કરે, એટલે દંડને પૂર્વ, પશ્ચિમ દંડના વિસ્તાર પ્રમાણે પૂર્વ તરફ હૈયાના, પશ્ચિમ તરફ વાંસાના આત્મ પ્રદેશને લોકાંત સુધી કપાટની પેઠે પૂરે.

ત્રીજે સમય દક્ષિણ, ઉત્તર, બેઉ પાસાના પ્રદેશે કરી લોકાંત સુધી મંથાણું કરે.

ચોથે સમય મંથાણુંનાં આંતરાં પૂરે, એટલે સર્વ લોક આત્મપ્રદેશે પૂરાણો.

પાંચમે સમય મંથાણુંનો અંતર સાહરે. છઠ્ઠે સમય મંથાણું સાહરે. સાતમે સમય કપાટ સાહરે. આઠમે સમય દંડ સાહરે. શરીર પ્રમાણે પાછા હતા તેમ આત્મપ્રદેશ ગોઠવાય.

પ્રશ્ન ૧૦૦—૮ સમયમાં કયા કયા જોગ પ્રવર્તે ?

ઉત્તર—૧ લે ને ૮ મે સમય ઉદારિક ને કાર્મણનો મિશ્ર તે ઉદારિક મિશ્ર જોગ પ્રવર્તે. ૩-૪-૫ મે સમય કાર્મણ શરીરનો વ્યાપાર પ્રયોજે એટલે કાર્મણકાય જોગ પ્રવર્તે.

પ્રશ્ન ૧૦૧—૮ સમયમાં કેવળ સમુદ્ઘાત કરે એવો પાઠ છે તો કરતાં તો અસંખ્યાતા સમય લાગે તે ૮ સમયમાં કેવી રીતે કરે ?

ઉત્તર—કેવળીને કેવળજ્ઞાનના જાણપણા થકી દરેક સમયની વાત જાણી વર્તે છે. તેથી કેવળસમુદ્ઘાત કરતા પહેલાં અંતર્મુહૂર્ત કાળમાં પ્રથમ આવર્જીકરણ કરે, એટલે વેદનીય આદિ કર્મ ઉદીરવાનો વ્યાપાર કરે, અર્થાત્

વેદનીય, નામ, ગોત્રકર્મની ઘાતરૂપ ઉદીરણા કરે, ત્યારપછી સમુદ્ઘાત કરે તે ૮ સમયમાં આટોપી લે. તે સર્વ જ્ઞાને કરી જાણ્યું વર્તે છે. માટે કર્મ ૨૦૬ વપરાયો હોય એમ જણાય છે. શાખ છવીસ હજારા ઠાણાંગના ઠાણે ૭ મા તથા ૮ માની.

પ્રશ્ન ૧૦૨—કેવળસમુદ્ઘાત કરી થાય કે સ્વભાવે થાય?

ઉત્તર—સ્વભાવે થાય છે, કારણ કે, તેની આઠ સમયની સ્થિતિ છે, અને કરવામાં અસંખ્યાતા સમય લાગે, માટે સ્વભાવે થાય. સાખ પન્નવણાજીના ૩૬ મા પદની.

પ્રશ્ન ૧૦૩—કેવળસમુદ્ઘાત કોણ કરે? તીર્થંકર કરે કે અનેરા?

ઉત્તર—કેવળસમુદ્ઘાત તીર્થંકર સિવાયના સામાન્ય કેવળીને થાય છે તે પણ કેવળ જ્ઞાન ઉત્પન્ન થયા પછી આયુષ્યની હદ છ મહિનાની અંદર હોય અને વેદનીય કર્મની સ્થિતિ વધારે હોય તેને આઊખાની બરાબર કરવા કેવળ નામ આખા લોક પ્રમાણે આત્મપ્રદેશનો ઉદ્ઘાત થાય છે અને વધારાનાં વેદનીય કર્મનાં પરમાણુને નિર્જરી નાખે છે.

પ્રશ્ન ૧૦૪—આવજીકરણ એટલે શું?

ઉત્તર—આવજીકરણ આત્માને મોક્ષ સામો કરે, નિર્જરા વિશેષે કરવાને વેદનીય કર્મને ઉદીરવાં છે માટે આવજીકરણ કહીએ. તે કેવળીનેજ હોય. અર્થાત્ જેને કેવળસમુદ્ઘાત કરવો હોય તેને અંતર્મુહૂર્ત આગાઉ આવર્જીકરણ હોય. એમ શ્વેતાંબર મતના શાસ્ત્ર ઉપરથી નિર્ણય થાય છે.

પ્રશ્ન ૧૦૫—આ વિષે દિગંબર મતના શાસ્ત્રમાં શું કહ્યું છે? તેમાં કેવળસમુદ્ઘાત કોણ કરે? ક્યારે કરે? ને શા માટે કરે? તે જણાવશો?

ઉત્તર—સાંભળો, દિગંબર મતનો ભગવતી આરાધના ગ્રંથ પાને ૬૨૫-૬૨૬ મેં ગાથા ૫-૯-૧૧ માં કહ્યું છે કે - उक्कस्सएण छम्मासाउग-सेसंमि केवलिजादा, वच्चंति समुग्धादं, सेसा भज्जा समुग्धादे ॥ ५ ॥

અર્થ—જે ઉત્કૃષ્ટપણે કરી છ મહિના આયુકા અવશેષ રહ્યા કેવળી ભયે, તે નિયમ તેં સમુદ્ઘાતકું પ્રાપ્ત હોય હૈં. અર જિનકુંને આયુકા છહ મહિના તેં અધિક અવશેષ રહે કેવળ જ્ઞાન ઉપજ્યા તે સમુદ્ઘાતમેં ભજનીય હૈં-સમુદ્ઘાત હોય વા નહિ હોય. આયુકી સ્થિતિનો અંતર્મુહૂર્ત અવશેષ રહી જાય અર વેદનીય નામ ગોત્રકી સ્થિતિ અધિક રહી જાય તો કે તો તીન કર્મનીકી સ્થિતિકું આયુસમાન કરનેકું નિયમ તેં સમુદ્ઘાત

હોય હૈ. અર જાકે તિન કર્મકી સ્થિતિ આયુકે સમાન હોઇ, સો સમુદ્ઘાત નહિ કરે હૈ.

उलसं वंसत्थं, निरोहि इं जहलहु विणिज्जइ, संवेडिंय तुगतरेषा, तहेव कम्मं पिणादहं ॥८॥

અર્થ—જૈસે આલે વસ્ત્રકું પસારિ છિટા કરી દે, તહિ શિઘ્રહિ સુકી જાય હૈ, તૈસેં સમેટિ ઇકઠ્ઠા કીયા આલા વસ્ત્ર નહિ સુકે હૈ—બહુત કાલમેં કમ તેં સૂકે હૈ. તૈસેં કર્મકું સમુદ્ઘાતકે અવસરમેં છૂટે પ્રદેશનીકી વાર દેવને તેં શીઘ્રકી નિર્જરે હૈ અર સમુદ્ઘાત વિના કમ તે બહુત કાલમેં નિર્જરે હૈ, ઐસા જાનને યોગ્ય હૈ.

चउहि समयेहि दंडक, वाडप्पदर जगपुरणा णिवहा; कमसो करे दिस्वेव, णियति चउहि समयेहिं ॥ ११ ॥

અર્થ—જો ખડા સમુદ્ઘાત કરે, તાકે એક સમયમેં આત્મા કે પ્રદેશ દેહ તેં નીચે વા ઉપરી દંડકે આકાર દ્વાદશ અંગુલ પ્રમાણ મોટા ઘનરૂપ નિકસિ, અર નિચલા વાતવલય તેં લેર ઉપરલા વાતવલયકે અભ્યંતર તઈ વાતવલયકી મોટાઇ કરિ કે ઊન ચૌદહ રાજુ લંબા અર દ્વાદશ અંગુલ મોટા ઐસા એક સમય વિષે દંડાકાર કરે. બહુરિ જો બેઠના કે સમુદ્ઘાત હોય, તો અપને દેહ તેં તિગુણા મોટા અર નિચે ઉપરિ વાતવલય રહિત લોક પ્રમાણ દંડાકાર અપને આત્માકે પ્રદેશનિકું કરે. બહુરિ દુજે સમય જે દંડાકાર આત્મ પ્રદેશ છે તેઇ કપાટકે આકાર વાતવલયનિકું છોડિ કોર કરે. પૂર્વ સન્મુખ હોય તો દક્ષિણ, ઉત્તર કપાટ કરે. અર ઉત્તર સન્મુખ હોય તો પૂર્વ પશ્ચિમ કપાટ કરે. ખડા કે દ્વાદશ અંગુલ મોટા કપાટ હોય. બહુરિ તિજે સમય વિષે આત્માકે પ્રદેશ વાતવલય વિના સમય વિષે આત્માકે પ્રદેશ વાતવલય વિના સમસ્ત લોકમેં પ્રતરરૂપ વ્યાપ્ત હોય, સો પ્રતર સમુદ્ઘાત હૈ. બહુરિ ચૌથે સમયમેં વાતવલય સહિત સમસ્ત લોકને ચાલીસ રાજુ પ્રમાણ લોકમેં ઘનરૂપ આત્માકે પ્રદેશ વ્યાપ્ત હોય, સો લોક પૂરણ હૈ. ઐસેં ચ્યારિ સમયનિ કરિ દંડ કપાટ પ્રતર લોક પૂરણરૂપ આત્મા પ્રદેશનિકું અનુક્રમ કરિ કરે. અર બહુરિ ચ્યારિ સમયનિ અનુક્રમ તે સમુદ્ઘાતકું નિવૃત્તિ કરે. પંચમ સમયમેં પ્રતરરૂપ, છઠે સમયમેં કપાટરૂપ, સાતમે સમયમેં દંડરૂપ, આઠમે સમયમેં મૂલદેહપ્રમાણ હોય, ઐસેં કરે કોર કર્મનિકી સ્થિતિકું આયુકી સ્થિતિ સમાન કરે.

ઐસેં સમુદ્ઘાતકે પ્રભાવ તેં નામ, ગોત્ર, વેદનીય કર્મકું આયુ-કર્મકી અંતર્મુહૂર્તકી સ્થિતિ બાકી રહી થી તિસ સમાન કરિ અર અઠાર હજાર શીલકે ભેદનિકા સ્વામીપણાંને પ્રાપ્ત હોઇ અર તીહાં પાછે મન, વચન; કાયકે દ્વારેં આત્મપ્રદેશનિકા હલન ચલન થા તિસ્કું રોકે ॥ ઇતિ કેવળ સમુદ્ઘાત સમાપ્ત:॥

પ્રશ્ન ૧૦૬.—આત્મ પ્રદેશનું વીર્ય ઓછું વધતું સમજવું કે કેમ? અને કર્મલેપ સરખો કહેવો કે કેમ?

ઉત્તર—જે ક્રિયાને નજીક આત્મ પ્રદેશ હોય તેમાં વીર્ય સ્કુરણા વધારે હોય છે. જેમ લેવામાં હાથના વીર્યની સ્કુરણા વધારે હોય છે, અને ચાલવામાં પગના વીર્યની સ્કુરણા વધારે હોય છે અને કર્મ લેપ સરખો કહેવો.

પ્રશ્ન ૧૦૭—સિદ્ધમાં દ્રવ્ય ગુણ પર્યાય તે શું?

ઉત્તર.—સિદ્ધ પોતે દ્રવ્ય, જ્ઞાન, દર્શન તે ગુણ, અને જ્ઞાન દર્શને કરી રૂપી અરૂપી પદાર્થને જાણ્યા દેખ્યા તે પર્યાય.

પ્રશ્ન ૧૦૮—સિદ્ધમાં અગુરૂ લઘુ પર્યાય કહી છે તે શી રીતે?

ઉત્તર.—સિદ્ધના જ્ઞાન દર્શનના ઉપયોગરૂપ તખ્તામાં લોકાલોકમાં રહેલા અનંતા રૂપી અરૂપી દ્રવ્યોની છાંયા પડે, અર્થાત્ ભાસ થાય તે અગુરૂ લઘુ પર્યાય કહેવાય. અહિંયાં કોઇ એમ કહે કે અરૂપીની પર્યાય અરૂપી હોય માટે આ પર્યાય અરૂપી કેમ ઠરે? તેના ઉત્તરમાં દાખલા તરીકે, જેમ તખ્તામાં જે પદાર્થની છાંયા ભાસ પડે છે, અર્થાત પ્રતિબિંબ પડે છે તેનાં પુદ્ગલો તો પ્રયોગસા મિસસા ને વિસસા હોય છે, પણ તખ્તામાં પડેલું પ્રતિબિંબ તે તો વિસસા પુદ્ગળનુંજ હોય છે. તે ન્યાયે સિદ્ધના જ્ઞાનદર્શનના ઉપયોગમાં લોકાલોકના સ્વરૂપનો પડેલો ભાસ પડેલું પ્રતિબિંબ તેની પર્યાય અરૂપીને અગુરૂ લઘુ છે. રૂપીમાં રૂપી છાંયા પડે અને અરૂપીમાં અરૂપી છાંયા પડે. જો કે બન્ને છાંયા છે તો અગુરૂ લઘુ પણ પર્યાય આથી રૂપીની રૂપીપર્યાય અને અરૂપીની અરૂપીપર્યાય કહેવાય.

ઇતિ શ્રી પરમપૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી. તત્ શિષ્ય મુનિ શ્રી મોહનલાલજી કૃત શ્રી "પ્રશ્નોત્તર મોહનમાળા" પાંચમો ભાગ સમાપ્ત:॥





પરમ પૂજ્યશ્રી ગોપાલજી સ્વામી તત શિષ્ય

મુનિશ્રી મોહનલાલજી કૃત.

શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા

ભાગ ૬ ઠ્ઠો.



શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા.



ભાગ ૬ ઠ્ઠો.

પ્રશ્ન ૧—પુદ્દગલ કેટલા પ્રકારનાં ?

ઉત્તર—પુદ્દગલ ત્રણ પ્રકારનાં.

પ્રશ્ન ૨—ત્રણ પ્રકાર કયા કયા ?

ઉત્તર—પ્રયોગસા, મિસસા, ને વિસસા.

પ્રશ્ન ૩—પ્રયોગસા એટલે ?

ઉત્તર—જીવે પ્રયોગવડે કરીને એટલે પ્રકર્ષે યોગ વડે કરીને જે પુદ્દગલોને ગ્રહણ કર્યાં તે પુદ્દગલ પ્રયોગસા કહેવાય.

પ્રશ્ન ૪—મિસસા એટલે શું ?

ઉત્તર—જે પુદ્દગલ જીવે મૂકેલાં તેમાં બીજાં પુદ્દગલો ભળે એટલે તે પુદ્દગલો મિસસા કહેવાણાં.

પ્રશ્ન ૫—વિસસા પુદ્દગલ કોને કહેવાં ?

ઉત્તર—જે પુદ્દગલો એક પરમાણુથી માંડીને અનંત પ્રદેશી ખંધ ઉપલા બે જાતના પુદ્દગલોથી અલાયદાજ એટલે નથી પ્રયોગસામાં કે નથી મિસસામાં એવાં પુદ્દગલો છુટાં હોય કે જથાબંધ હોય તે વિસસા પુદ્દગલ કહેવાય.

જીવે ગ્રહ્યા તે પ્રયોગસા, મુકયા મિસસા જાણ;
સ્વભાવે મળ્યા તે વિસસા, ભાખ ગયા ભગવાન. ૧

પ્રશ્ન ૬—પરમાણુ એટલે શું ?

ઉત્તર—પરમ નામ ઉત્કૃષ્ટામાં ઉત્કૃષ્ટું, અણુ નામ ઝીણું બારીક અદૃશ્ય સૂક્ષ્મમાં સૂક્ષ્મ અર્થાત્ એકના બે ભાગ ન થાય એવું ઝીણામાં ઝીણું તેને પરમાણુ કહેવામાં આવે છે.

પ્રશ્ન ૭—પુદ્દગલ એટલે શું ?

ઉત્તર—પુદ્ નામ પુરાવું, અને ગળ નામ ગળવું, બીખરાવું એટલે પુરાવું અને જુદું પડવું એનું નામ પુદ્દગલ કહેવામાં આવે છે.

પ્રશ્ન ૮—પરમાણુ અને પુદ્ગળ આ બન્નેનો એકજ અર્થ છે કે બે વસ્તુ જુદી છે?

ઉત્તર—આ બન્નેનો એકજ અર્થ છે એટલે તે એકજ નામથી ઓળખાય છે. તેને સૂત્રમાં પરમાણુ પુદ્ગળના નામથીજ બોલાવેલ છે.

પ્રશ્ન ૯—એવાં ઝીણામાં ઝીણાં પુદ્ગળ કયાં કે જે પરમાણુ પુદ્ગળના નામથી ઓળખાય છે?

ઉત્તર—વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ. આ ચારે પુદ્ગલ છે. તે બારીકમાં બારીક હોવાથી પરમાણુના નામે ઓળખાય છે.

પ્રશ્ન ૧૦—વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ તે તો આપણે નજરે જોઇ શકીએ છીએ યા જાણી શકીએ છીએ તેને બારીક કેવી રીતે ગણવા?

ઉત્તર—જે આપણે દેખીએ છીએ તે પરમાણુ નહીં, પણ તે તો અનંત પ્રદેશી ખંધ છે, એટલે અનંત ને અનંતગુણા કરીએ તેટલા પરમાણુઓ એકઠા મળી વર્ણાદિપણે બનેલો જે ખંધ, તે ખંધ આપણા જોવામાં આવે છે તેનું નામ ખંધ કહેવાય છે, તેના પણ અનેક ભેદ હોય છે.

પ્રશ્ન ૧૧—તે ભેદ કેવી રીતનાં હોય છે અને પરમાણુપુદ્ગલનું સ્વરૂપ પણ કેવું હોય છે તે પણ જણાવશો?

ઉત્તર—પાંચ વર્ણમાંનો એક વર્ણ, બે ગંધમાંનો એક ગંધ, પાંચ રસમાંનો એક રસ અને આઠ સ્પર્શમાંના બે સ્પર્શ. એટલે એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શ તે પણ બારીકમાં બારીક, ઝીણામાં ઝીણા સૂક્ષ્મમાં સૂક્ષ્મ. એ પાંચેનું એકત્વપણું મળીને જે બનેલો પદાર્થ તેને સૂત્રમાં અનંત જ્ઞાનીએ પરમાણુપુદ્ગલના નામે ઓળખાવેલ છે. તે છદ્મસ્થના જોવામાં આવે નહિ. અનંતજ્ઞાનીના પ્રકાશેલા જ્ઞાનથી જાણી શકાય, પણ દેખી શકાય નહિ. એવા પરમાણુઆના પણ અનંત ભેદ છે.

પ્રશ્ન ૧૨—વળી પરમાણુઆના અનંત ભેદ કેવી રીતે છે તે તો જણાવો?

ઉત્તર—એકેક પરમાણુ એક ગુણ કાળો, એક ગુણ નીલો, એક ગુણ પીળો, એક ગુણ રાતો અને એક ગુણ ધોળો એમ એકેક વર્ણવાળા એવા અનંત પરમાણુઆ છે. એમ દિગુણ કાળા આદિ જુદા જુદા વર્ણનાં એટલે પાંચે વર્ણના જુદા જુદા અનંતા પરમાણુઆ છે. એમ એકેક ગુણે ચડતા સંખ્યાત ગુણ, અસંખ્યાત ગુણ અને અનંત ગુણ કાળા આદિ પાંચે વર્ણના જુદા જુદા અનંતા અનંતા પરમાણુઆ છે.

તેવી રીતે એકેક વર્ણની સાથે એકેક ગુણ ગંધ, રસ ને સ્પર્શ સહિત પરમાણુઓ જાણવા. એમ ચડતાં દ્વિગુણા, ત્રિગુણાથી માંડી યાવત્ સંખ્યાતગુણા, અસંખ્યાતગુણા ને અનંતગુણા, ગંધ, રસ ને સ્પર્શ પણ જાણવા. એક એક ગુણ કાળાની સાથે દ્વિગુણ, ગંધ, રસ ને સ્પર્શના ભાંગા તેમજ દરેક વર્ણાદિકના ગુણાધિકે દરેક ગંધાદિકના ગુણાધિકની અધિકતાના ભાંગા મેળવતાં અનંતા અનંતા ભાંગા થાય એવા એકેક પરમાણુ, અનંત અનંત ભેદવાળા અનંતા અનંતા પરમાણુ આ લોકમાં રહ્યા છે.

પરમાણુપુદ્ગલ જે કહેવામાં આવે છે તે કાંઇ બીજી વસ્તુ નથી. માત્ર વર્ણ, ગંધ, રસ અને સ્પર્શનો મળેલો શાશ્વતો બારીકમાં બારીક ભેળા પુદ્ગલના પિંડને પરમાણુપુદ્ગલ કહેવામાં આવે છે. જે જે પ્રકારના પરમાણુઓ હોય છે. તે અનાદિ સિદ્ધ છે. પોતપોતાના સ્વરૂપમાં નિત્ય છે, શાશ્વતા છે, ધ્રુવપદે ત્રણે કાળમાં એકજ સ્વરૂપે અખંડ રહેનારા છે, તેનો બીજો ભેદ થતો નથી અને તે અપ્રદેશીના નામે ઓળખાય છે.

આ સિવાયના દ્વિપ્રદેશી ખંધ, ત્રિપ્રદેશી ખંધ, એમ ચડતા આંક યાવત્ સંખ્યાત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશી અને અનંત પ્રદેશી ખંધ પણ અનંતા છે, એટલે બે પરમાણુઆના જોટાથી માંડીને યાવત્ અનંત પરમાણુઆ મળેલા એવા પણ ધ્રુવપદે રહેલા શાશ્વતા અનંતા ખંધ છે.

અનંતા પરમાણુઓ મળીને જે ખંધ બનેલો છે તે સૂક્ષ્મ અનંત પ્રદેશી ખંધ કહેવામાં આવે છે, તે પણ આપણી દ્રષ્ટિવડે દેખી શકાય નહિ. સૂક્ષ્મ અનંત પ્રદેશી ખંધ અનંતા ભેગા થાય ત્યારે એક બાદર પ્રદેશી ખંધ [illegible] એવા અનંત બાદરપ્રદેશી ખંધ ભેગા થાય ત્યારે બાદર અનંત પ્રદેશી ખંધ કહેવામાં આવે. તેનું સ્વરૂપ બાંકળ ચાંદરણાંની અંદર જે ઝીણા [illegible] જોવામાં આવે છે, તેમાં બારીકમાં બારીક રજકણ [illegible] અનંત પ્રદેશી ખંધની શાસ્ત્રમાં ગણના કરી છે. જેમ જેમ બાદર અનંત પ્રદેશીના ખંધો મળતા જાય તેમ તેમ પુદ્ગલનું સ્વરૂપ પ્રત્યક્ષ [illegible] આ પ્રમાણે પુદ્ગલોની ઘટના રહી છે.

[illegible] બે સમજવાનો છે કે—જે જે પરમાણુઓ [illegible] [illegible] ત્યારે તે તે ખંધના સ્વરૂપનો [illegible], અને જ્યારે ખંધ છૂટા પડે ત્યારે પોતપોતાના મૂળ સ્વરૂપનો [illegible] તેમાં [illegible] ફેરફાર થાય નહિ.

પ્રશ્ન ૧૨—[illegible] કેટલાકનું એમ માનવું છે કે—[illegible] [illegible] કહ્યું છે કે—[illegible] પુદ્ગલ [illegible] શાશ્વતો છે અને

વર્ણ, ગંધ, રસ ને સ્પર્શના પર્યવે કરી અશાશ્વતો કહ્યો છે. તો એ અપેક્ષાએ પરમાણુઆની પર્યાય જે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ ફરે છે પાલટે છે. એટલે એક ગુણ કાળાદિ પરમાણુઓ હતો તે અનંત ગુણ કાળાદિ થાય અને અનંત ગુણ કાળો હતો તે એક ગુણ કાલાદિ થાય. માટે પર્યાવનું પાલટવાપણું થાય છે. તો શું તે પરમાણુપુદ્ગલના મૂળ દ્રવ્યના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પાલટે ખરા ? એક ટળી બીજા થાય ખરા ?

ઉત્તર—જો એમ થાય તો પરમાણુઆનું પરમાણુઆ પણું ટળી જાય. પરમાણુઓ કાંઇ વસ્તુ કે પદાર્થ નથી. વર્ણ, ગંધ, રસ, સ્પર્શરૂપ પુદ્ગલનો જે બારીકમાં બારીક પિંડ તેનું નામ પરમાણુઓ છે. એજ દ્રવ્ય છે એટલે એજ વર્ણાદિ વસ્તુનોજ દ્રવ્ય છે.

એ દ્રવ્ય તો શાશ્વતો છે. તેમાં કાંઇ ફેરફાર હાનિ વૃદ્ધિ કે વધઘટ થાય નહિ. પણ તે પરમાણુઓ જ્યારે ખંધમાં મળી જાય ત્યારે સામા દ્રવ્યની પર્યાયની અધિકતાને લઇને પરમાણુઆની પર્યાય ગૌણતામાં ગણાવાથી તેની પર્યાય પાલટી કહેવાય. ખંધમાં મળી જવાથી જેમ અત્યારે તે પરમાણુઓ નથી, તેમ તેની પર્યાય નથી. પણ જ્ઞાની પુરૂષે તો મૂળ વર્ણાદિક દ્રવ્યનો જે પરમાણુઓ છે તે તો દ્રવ્યથી શાશ્વતોજ કહ્યો છે, પણ બીજામાં મળી જવાથી તેની પર્યાય બદલાઇ ગઇ, તેનું સ્વરૂપ બદલાઇ ગયું માટે અશાશ્વતો કહ્યો. દાખલા તરીકે જીવ દ્રવ્ય તો શાશ્વતો છે. અને તેની મૂળ પર્યાય અસંખ્યાતા પ્રદેશ સહિત જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ભગવતીજીમાં કહી છે, પણ તે જ્યારે ગત્યંતરની પર્યાયમાં મળી જાય છે ત્યારે તે જીવ તે રૂપનોજ ગણાય છે. નારકીમાં જાય તો નારકીનો જીવ ગણાય છે, નિગોદમાં જાય તો નિગોદનો જીવ ગણાય છે. અજ્ઞાનતાનાં પર્યવો મળવાથી—અજ્ઞાનતાને લઇને અજ્ઞાની કહેવાય છે, મિથ્યાદ્રષ્ટિને લઇને મિથ્યાત્વી કહેવાય છે. એટલે ગત્યંતરની ઋદ્ધિના પર્યાયની અધિકતાને લઇને જીવના મૂળ પર્યાય ગૌણતામાં રહ્યા હિસાબમાં ગણાના નથી. તે જીવ જ્યારે તે તે ગતિથી જુદો પડી પોતાના મૂળ સ્વરૂપમાં આવે છે ત્યારે જે તેની મૂળ પર્યાય હોય તેજ પર્યાયરૂપ તે જીવ ગણાય છે. એજ ન્યાયે પરમાણુઆનું પણ જાણવું. જેમ જીવ દ્રવ્ય શાશ્વતો છે તેમ પરમાણુઓ પણ શાશ્વતો છે. જીવના મૂળ પર્યાય જેમ શાશ્વતા છે તેમ પરમાણુઆના મૂળ પર્યાય પણ શાશ્વતા છે.

પન્નવણાના પાંચમા પર્યવપદમાં કહ્યું છે કે-પરમાણુપુદ્ગલ એક ગુણ કાળાની સામે એક ગુણ કાળાની પૃચ્છા કરતાં દ્રવ્ય થકી તુલ્ય, વર્ણ થકી

તુલ્ય અને ગંધ, રસ, સ્પર્શે આશ્રી છઠાણવડીયો કહ્યો છે. એટલે સુવર્ણ સુવર્ણવાળાને સરખે વર્ણે તુલ્ય, અન્યત્ર વર્ણ સાથે છઠાણવડીયો કહ્યો છે. એમ દ્વિપ્રદેશી વગેરે ભાંગાનો વિચાર કરતાં મૂળ દ્રવ્યની પર્યાય પાલટે નથી. પણ બીજા દ્રવ્ય સાથે મળી જવાથી વિજાતીની અપેક્ષાએ પર્યાયનું પાલટવું થાય છે, પણ જે દ્રવ્ય (જે પરમાણુઓ) બીજા દ્રવ્ય સાથે મળેલ તે જુદા પડે ત્યારે જે તેની મૂળ પર્યાય હતી તે પર્યાય સહિતજ જુદો પડે, તેમાં ફેરફાર થાય નહિ.

પ્રશ્ન ૧૪—પુદ્ગલ સંબંધી દ્રવ્ય, ગુણ, ને પર્યાય કોને કહીએ?

ઉત્તર—અહિંયાં પુદ્ગલ સંબંધીની પૃચ્છા છે, માટે એક પરમાણુથી માંડી અનંત પ્રદેશી ખંધને પુદ્ગલ કહીને બોલાવ્યા છે. તેના દ્રવ્ય, ગુણ ને પર્યાય ઉત્તરાધ્યયનના ૨૮મા અધ્યયનમાં નીચે પ્રમાણે કહેલ છે.

गुणाणं आसओ दव्वं, एग दव्वऽसिया गुणा;
लक्खणं पज्जवाणं तु, उभओ अस्सिया भवे. ६.

અર્થ—વર્ણાદિકનો (વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિકનો) આશ્રય તે દ્રવ્ય, એક દ્રવ્યને વિષે અનેક વર્ણાદિ ગુણ હોય, અને ત્રીજો બોલ જે પર્યાય તેનું લક્ષણ જે જુના પર્યાય તથા નવા પર્યાય એ. (૨) પર્યાય તે, અથવા ગુણ અને પર્યાય એ બે. દ્રવ્યને આશ્રી હોય. અથવા પર્યાય જે તે દ્રવ્ય અને ગુણને આશ્રી હોય.

અનંત જિન દવ્વાનિ, આઠમી ગાથામાં પુદ્ગલના અનંતા દ્રવ્ય કહ્યાં છે. હવે પુદ્ગલનું લક્ષણ કહે છે.

सद्दंऽधयार उज्जोय, पहा छाया तवेइया;
वन्न गंध रस फासा, पोग्गलाणं तु लक्खणं. १२

અર્થ—શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, આતપ, વર્ણ, ગંધ, રસ સ્પર્શ. એ સર્વ પુદ્ગલનું લક્ષણ છે. અર્થાત્ એ લક્ષણે પુદ્ગલ ઓળખે [illegible] ને પુદ્ગલની પર્યાય ઓળખાવે છે.—

एगत्तं च पुहत्तं च, संखा संठाणमेव च;
संजोगा य विभागा य, पज्जवाणं तु लक्खणं. १३.

અર્થ—[illegible] કહ્યા જે પુદ્ગલ તેનું એકપણું માનવું. એમાં [illegible] [illegible] [illegible] થવું. પરમાણુઓમાંથી સંખ્યામાં જવું. (જેવી કે દ્વિપ્રદેશી ત્રિ પ્રદેશી એમ સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશી બંધ [illegible] [illegible]

કેહેવાય) વાટલા પ્રમુખ સંસ્થાનનું મળવું, તેમજ વર્ણેવર્ણ, ગંધેગંધ, રસે-રસ ને ફરસેફરસનું (એમ ઘણા-વર્ણાદિકનું) એક બીજામાં મળવું તે સંજોગ ને મળેલા વર્ણાદિકનો વિજોગ થવો-જુદું થવું તે વિભાગ. એટલાં લક્ષણે પર્યાયનું સ્વરૂપ જાણવું.

એ પુદ્ગલ સંબંધીના દ્રવ્ય, ગુણ ને પર્યાયનું સ્વરૂપ કહ્યું. તે ઉપર વિચાર કરતાં મૂળ દ્રવ્યથી ગુણ અને પર્યાય જુદા નથી. જેમ સાકરનું ગળપણ અને તેનો વર્ણ જુદાં નથી તેમ સાકર તો દ્રવ્ય, ગળપણ તેનો ગુણ ને વર્ણ તેની પર્યાય પણ સાકરને પાણીમાં લાલ રંગ નાંખ્યો તેથી લાલ પાણી થયું. પરંતુ લાલ રંગના પરમાણુઓની બહુલતાએ અને સાકરના પરમાણુઓ શ્વેત રંગના હતા તે ગૌણતાએ રહી લાલ રંગનું સાકરનું પાણી ગણાયું. પણ સાયન્સવાળા રસાયણશાસ્ત્રીઓ લાલ રંગના મળેલા પરમાણુઓને (પુદ્ગલોને) જુદા પાડી મૂળ સાકરના દ્રવ્યોને સાકરરૂપે જુદી પાડે છે. તેમ પરમાણુઓનું પણ તેવીજ રીતે જાણવું. મૂળ દ્રવ્યના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તો તેમના તેમજ રહે, બીજા દ્રવ્યમાં મળવાથી પાલટણ ગુણ થાય અને જુદા પડે ત્યારે મૂળ સ્વરૂપેજ હોય અર્થાત્ મૂળ દ્રવ્યની પર્યાય જુદી પડતી નથી.

પ્રશ્ન ૧૫—માથાના કેશ કાળા હોય તે ધોળા કેમ થાય છે ? એ ઉપરથી એમ જણાય છે કે કાળા વર્ણની પર્યાય હતી તે પર્યાય પાલટીને શ્વેત વર્ણની પર્યાય થઇ ગઇ. એ ઉપરથી પરમાણુઓની પર્યાય પલટાનો સંભવ રહે છે.

ઉત્તર—આ વાતનો વિચાર કરશો તો તરતજ સમજાશે કે-પ્રથમ કાળા પરમાણુઓના મળવાથી કાળા કેશ હતા તે કાળાન્તરે કાળા પરમાણુઓનું ખસવાપણું થતું ગયું અને ધોળા પરમાણુઓ મળતા ગયા તેથી કાળા ટળી ધોળા કેશ થયા, તેથી કેશની પર્યાય પાલટી ગણાય, પણ પુદ્ગલની પર્યાય તો મૂળ દ્રવ્યની હતી, તેમની તેમજ રહે. તેના માટે ઉત્તરાધ્યયનના ૨૮ મા અધ્યયનની ૧૩ મી ગાથાના પહેલા અને ત્રીજા પદનો વિચાર કરશો તો તરત સમજાઇ આવશે.

વિશેષ સમજુતીને માટે સાંભળો-ભગવતીજી શતક ૧૮ મે ઉદ્દેશે ૬ ઠ્ઠે તથા શતક ૨૦ મે, ઉદ્દેશે ૫ મે પરમાણુપુદ્ગલમાં ૧ વર્ણ, ૧ ગંધ, ૧ રસ, ૨ સ્પર્શ કહ્યા છે. (તે મૂળ દ્રવ્યના તો તદ્રુપભાવેજ રહે)

તેમજ વળી, ભગવતીજી શતક ૧૪ મે, ઉદ્દેશે ૭ મે છ.પેજ (બાબુ વાળા) પાને ૧૧૮૧ મે કહ્યું છે કે-પરમાણુ પોગલે પરમાણુ પોગલસ્સ દવ્વઓ

तुल्ले, परमाणु पोग्गले परमाणु पोग्गलवइरित्तस्स दव्वओ णो तुल्ले -एगगुण [illegible]
पोग्गले एगगुणकालयस्स भावओ तुल्ले, एगगुणकालए पोग्गले एगगुण[illegible]
यस्स पोग्गलस्स भावओ णो तुल्ले

એમ યાવત્ અનંત ગુણ કાળા આશ્રી પણ કહ્યું છે. તેમજ [illegible] રાતા, પીળા, ધોળા વગેરે ગંધ, રસ, સ્પર્શને પણ કહેલ છે

તેમજ ભગવતીજી શતક ૧૨ મે-ઉદ્દેશે ૧૦ મે પરમાણુપુગલને [illegible] કહ્યું છે કે-આપણા પર્યાયની અપેક્ષાએ આત્મા, પરપર્યાયની અપેક્ષાએ [illegible] આત્મા, બેઉની અપેક્ષાએ અવક્તવ્ય. એટલે એ આત્મા, એ [illegible] એમ ન કહી શકીએ.

તેમજ ભગવતીજી શતક ૨૫ મે, ઉદ્દેશે ૪ થે, [illegible] પાને ૧૯૬૬ મે પરમાણુપુગલ અનંતા કહ્યા છે. યાવત્ અનંત પ્રદેશી [illegible] અનંતા કહ્યા છે. તેમજ એક ગુણ કાળા અનંતા કહ્યા. તેમ યાવત્ અનંત ગુણ [illegible] પણ અનંતા કહ્યા છે. વગેરે અધિકાર છે.

ઉપરના લખાણનો વિચાર કરતાં પરમાણુપુગલ [illegible] તો [illegible] વર્ણ, ગંધ, રસ, સ્પર્શના હોય તે તેજ સ્વભાવે સદા કાળ [illegible] માટે [illegible] તુલ્ય કહ્યા છે, અને તેથી વ્યતિરિક્ત હોય તેને [illegible] નહિ. તેમજ એક ગુણ કાળા પરમાણુપુગલને પણ [illegible] [illegible] તુલ્ય કહ્યા છે, અને વ્યતિરિક્તને આશ્રી તુલ્ય [illegible] નહિ. કારણ કે તે પોતાની પર્યાયથી ઉતરી પર્યાય છે માટે.

[illegible] માટે પરમાણુપુગલને સ્વપર્યાય માટે આત્મા કહ્યો છે અને [illegible] અપેક્ષાએ આત્મા ગણેલો નથી.

[illegible]

નહિ, પણ જે પોતાની મૂળ પર્યાય હોય તેજ લઈને નીકળે. [illegible]
પરમાણુઆનું પણ સમજવું. પરમાણુઓ બીજામાં મળે ત્યારે [illegible]
પર્યાયને લઈને દ્રવ્યાર્થે શાશ્વતો અને પર પર્યાયને લઈને પર્યાયાર્થે [illegible]
તો કહ્યો. આપણી પર્યાયની અપેક્ષાએ આત્મા કહ્યો છે, અને પરપ[illegible]
અપેક્ષાએ આત્મા ન કહ્યો. એ ન્યાય સત્ય છે

પ્રશ્ન ૧૬—કેટલાક એમ કહે છે કે પરમાણુ પુદ્ગળ એક [illegible]
કાળો હોય તે દ્વિગુણ કાળો થાય યાવત્ અનંત ગુણ કાળો પણ [illegible]
અને અનંત ગુણ કાળો હોય તે અસંખ્ય ગુણ કે સંખ્યાત ગુણ યાવત્ [illegible]
ગુણ કાળો પણ થાય. તેમ એક ગુણ કાળાથી અનંત ગુણ કાળા સુધી[illegible]
સ્થિતિ જઘન્ય એક સમયની અને ઉત્કૃષ્ટી અસંખ્યાતા કાળની ભગવતી[illegible]
શતક ૫મે ઉદ્દેશે ૭મે કહી છે. તે ઉપરથી વર્ણાદિ પર્યાયનું પલટવું સિ[illegible]
થાય છે, ને ભગવતીજીના ૧૪મા શતકમાં ૪થા ઉદ્દેશે પણ એજ કહ્યું [illegible]
કે પરમાણુ પુદ્ગળ દ્રવ્યથી શાશ્વતો, અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શના
પર્યાયે અશાશ્વતો, માટે તેની પર્યાય પલટવી જોઇએ.

ઉત્તર—આ બાબતમાં બે મત પડે છે. એક પક્ષવાળા પરમાણુ-
આની પર્યાય પાલટવી કહે છે, ત્યારે બીજો પક્ષ કહે છે કે મૂળ પર્યાય
પાલટે નહિ, આ બન્ને પક્ષનો વિચાર કરતાં સૂત્રના ન્યાયે બીજો પક્ષ
બળવાન જણાય છે. પ્રથમનું લખાણ પણ બીજા પક્ષને બળવાન કરનારૂં
છે. પ્રથમ પક્ષવાળાનું જે કહેવું છે તે ઓઘીક કહેવું છે, કે ભગવતીજીના
૧૪મા શતકના ચોથા ઉદ્દેશામાં કહ્યા પ્રમાણે પરમાણુ એ દ્રવ્યથી શાશ્વતો
અને વર્ણાદિક પર્યાયે કરી અશાશ્વતો તેમજ પાંચમે શતકે ઉદ્દેશે સાતમે
કહ્યા પ્રમાણે એક ગુણ કાળો જઘન્ય એક સમય રહે ઉત્કૃષ્ટ અસંખ્યાતો
કાળ રહે, એમ યાવત્ અનંતગુણ કાળા સુધીનું કહ્યું. એટલે એક ગુણ
કાળો પરમાણુઓ ઘણામાં ઘણો અસંખ્યાતો કાળ રહી પછી દ્વિગુણ કાળો
કે યાવત્ અનંત ગુણ કાળો થાય. એમ પહેલા પક્ષનું બોલવું થતાં સમે
બીજો પક્ષ ઉત્તર આપે છે કે—

પરમાણુપુદ્ગલ પરમાણુપણે તો શાશ્વતો છે. એટલે એક પરમાણુમાં
એક વર્ણ, એક ગંધ, એક રસ, બે ફરસ, (કાં સ્નિગ્ધ હોય કે કાં રૂક્ષ
હોય બેમાંથી એક હોય. કાં શીત કે કાં ઉષ્ણ એ બેમાંથી એક હોય. એટલે
સ્પર્શ બે.) હવે જે વર્ણાદિકનો મૂળ પરમાણુઓ હોય તેજ દ્રવ્ય ઘડી
શાશ્વતો સદાકાળ તેજ રૂપે રહે અને બીજા વર્ણાદિકમાં એટલે સ્કંધમાં
મળે ત્યારે તેની પર્યાય પાલટે તે આશ્રી અશાશ્વતો કહ્યો છે, એમ [illegible]

શતકના ૪ થા ઉદ્દેશાની ટીકામાં બાબુવાળા છાપેલ પાને ૧૧૯૭ મે કહ્યું છે અને પાંચમા શતકના ૭ મે ઉદ્દેશે એક ગુણ કાળો જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાતો કાળ રહે એમ કહ્યું તે પણ કાળ આશ્રી તેજ રૂપે રહેવા આશ્રી કહ્યું છે, પછી અવશ્ય ખંધના વર્ણાદિકમાં મળી જાય. જે પરમાણુઆની મૂળ દ્રવ્યની જે મૂળ પર્યાય છે તે જો કોઇ પાલટતી માને તો તેને પૂછીએ કે-તેની તમામ પર્યાય ખસી જાય તો તે પર્યાય ક્યાં ગઇ! અને એક ગુણ કાળો આદિ એક ગુણ ગંધ, રસ, ફરસ. ખસી જવાથી પરમાણુઓ કેવા સ્વરૂપે છે? તે જણાવશો? અને જો તેમ ન બને એમ કોઇ કહે તો કહેવું કે-તો પછી તેની પર્યાય કેવી રીતે પાલટે? ત્યારે કોઇ એમ કહે કે-પરમાણુઓ બીજા ખંધમાં મળે ત્યારે વર્ણાદિક પર્યાય પાલટે, એક ગુણ કાળો તે જાવત્ અનંત ગુણ કાળો થાય. અનંત ગુણ કાળો ટળી એક ગુણ કાળો થાય. એટલે પરમાણુઆની પર્યાય બીજામાં મળી જાય અથવા બીજાની પર્યાય પરમાણુઆમાં આવે. એમ કોઇ બોલે તો કહેવું કે-પન્નવણાના પર્યવ પદમાં એક ગુણ કાળા પરમાણુઆની સામે એક ગુણ કાળા પરમાણુઆની પૃચ્છામાં તુલ્ય કહ્યા છે. અને શિવાયની પૃચ્છામાં છ ઠાણવડીયો કહેલ છે. તેમ દ્વિપ્રદેશી ખંધથી માંડી અનંત પ્રદેશી ખંધની દરેક પુદગલની પૃચ્છામાં એક ગુણથી માંડી અનંત ગુણ સુધીના વર્ણ, ગંધ, રસ, સ્પર્શની પૃચ્છામાં સરખાપણે તુલ્ય હોય, અને વિપર્યાસે છઠાણવડીયો કહેલ છે. એ ઉપરથી મૂળ દ્રવ્યનો પરમાણુઓ અને તેની મૂળ પર્યાય તો શાશ્વતીજ હોય તે કેવી રીતે પાલટે? પરમાણુઓ વસ્તુ શું છે? ને વર્ણાદિ વસ્તુ શું છે? તે પણ જાણવું જોઇએ. વર્ણાદિ વિનાનો પરમાણુઓ કદિ હોઇ શકે ખરો? અને પરમાણુઆ વિના વર્ણાદિ હોય ખરા? જો પરમાણુઆથી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ખસી જાય તો પછી પરમાણુઓ કેવા સ્વરૂપે રહ્યા? પરમાણુઆમાંથી ખસેલાં વર્ણાદિક બીજાં દ્રવ્યોમાં ન ભળે ત્યાં સુધી તે કોના આધારે રહ્યા? આટલો વિચાર લક્ષમાં રાખી, પરમાણુઆનું સ્વરૂપ સમજીને સમજણીપૂર્વક વિચાર કરવામાં આવશે તો તુરત પોતે સમજી શકશે કે પરમાણુઆની મૂળ પર્યાય પાલટે નહી.

પ્રશ્ન ૧૭—કેટલાક કહે છે કે પરમાણુઓ તો શાશ્વતોજ છે, પણ તેની પર્યાય શાશ્વતી સમજાતી નથી. પર્યાયની સ્થિતિ જઘન્ય ૧ સમયથી ઉત્કૃષ્ટી અસંખ્યાતા કાળની કહી છે. તો છેવટે અસંખ્યાતા કાળે તો જરૂર તેની પર્યાય ખસી જાય અર્થાત પાલટેજ. પર્યાયને એક બીજી પર્યાયમાં પ્રણમવાનો મળી જવાનો સ્વભાવ છે માટે એક બીજામાં મળી જાય.

વળી કેટલાક એમ પણ કહે છે કે, પરમાણુઆની અંદર એકજ વર્ણાદિ પર્યાય ન હોય. જ્યાં મુખ્યત્વે જે વર્ણાદિ હોય તેમાં ગૌણતાએ અનેરા વર્ણાદિ પણ હોય એટલે એક વર્ણાદિ પર્યાય પાલટે એટલે બીજી પ્રકાશમાં આવે. એમ પર્યાય પાલટવાનાં સંબંધમાં અનેક તર્ક સાંભળવામાં આવે છે તેનું કેમ ?

ઉત્તર—એ તો સૌ સૌના મગજની વાતો છે. જેમ જેની કલ્પનામાં આવે તેમ કહે. પણ આપણે એટલું તો જાણીએ છીએ કે પરમાણુ અને પર્યાય કાંઇ જુદો પદાર્થ નથી. પર્યાય મળીને પરમાણુઓ છે અને પરમાણુઓ એ પર્યાયનો મળેલો એક બારીકમાં બારીક ઝીણામાં ઝીણો એકના બે ભાગ ન થાય તેવો એક પદાર્થ છે. તે માત્ર ૧ વર્ણ ૧ ગંધ ૧ રસ ને બે સ્પર્શનોજ બનેલો છે કે જે શાશ્વતો પરમાણુઆના નામથી ઓળખાય છે અને જે વર્ણાદિક પાંચ છે તે પર્યાયના નામથી ઓળખાય છે. એટલે ભગવતીજીના ૧૪ મા શતકમાં કહ્યા પ્રમાણે પરમાણુ દ્રવ્યથી શાશ્વતો કહ્યા અને વર્ણાદિક પર્યાયથી અશાશ્વતો કહ્યા, તે મૂળ પર્યાય આશ્રી નહિ પણ અન્ય પુદ્‌ગલોમાં મળી જાય તે તેની પર્યાય કહેવાય એટલે ત્યાં ના વર્ણ ગંધ, રસ, સ્પર્શમાં મળી જવાથી પરમાણુઆપણું ટળી ગયું તે આશ્રી અશાશ્વતો. એટલે દ્રવ્ય તે પોતાનો મૂળ સ્વભાવ જે વર્ણ, ગંધ, રસ, સ્પર્શનો હોય તે, અને પર્યાય તે પોતા સાથે બીજા પરમાણુઆનું મળવાપણું અને પોતાનું બીજામાં ભળવાપણું, તે પર્યાયનો પાલટણ ગુણ થવાથી તે અશાશ્વતો અને તેની સ્થિતિ પણ કહી છે.

જેમ પરમાણુઓ જો કે છે તો શાશ્વતા પણ તેની સ્થિતિ જઘન્ય ૧ સમયની ને ઉત્કૃષ્ટી અસંખ્યાતા કાળની કહી તેનું શું કારણ ? શું તે એક સમયમાં કે અસંખ્યાતા કાળમાં નષ્ટ થઇ જવાનો ? તે જરા વિચાર કરવો. હવે તે મૂળ પાઠ દેખાડીએ છીએ.

ભગવતીજી શતક ૫ મે, ઉદ્દેશે ૭ મે બાબુવાળા છાપેલ પાને ૩૫૬ મે તથા ૩૫૭ મે કહ્યું છે કે—

परमाणु पोग्गलेणं भंते ! कालओ केवं चिरं होइ ? गोयमा ! जहण्णेणं एगं समयं उक्कोसेणं असंखेज्जं कालं

અહિંયાં પરમાણુપુદ્‌ગલનો કાળ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાતો કાળ કહ્યો. તો શું તે પરમાણુઓ અસંખ્યાતા કાળે નષ્ટ થઇ જાય ? એમ તો કદી બને નહિ. પણ પરમાણુઆનો પરમાણુપણે રહે તો

જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાતો કાળ રહે. પછી અવશ્ય ખંધમાં મળી જાય. કાં તો દ્વિપ્રદેશી ખંધ થાય કે યાવત્ અનંત પ્રદેશી ખંધમાં મળી જાય. એટલે પરમાણુઓ પરમાણુઆપણે અત્યારે નથી માટે તેની સ્થિતિ કહી.

એજ ન્યાયે ભગવતીજીમાં આ ચાલતા અધિકારે એક ગુણ કાળાથી યાવત્ અનંત ગુણ કાળા સુધીની સ્થિતિ જઘન્ય એક સમયની અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા કાળની જાણવી.

ટીકામાં પણ કહ્યું છે કે— तत्र परमाणु इत्यादि द्रव्यचिंता ॥ उक्कोसं असंखेज्जं कालंति ॥ असंख्येय कालात्परतः पुद्गलानामेकरूपेण स्थित्यभाव॥

અથ ભાષા—પરમાણુપુદ્ગલ હે ભગવન્ ? કાળથી કેટલો કાળ રહે? ઇતિ પ્રશ્ન. ઉત્તર–હે ગૌતમ ! જઘન્ય થકી એક સમય ઉત્કૃષ્ટ થકી અસંખ્યાતો કાળ જેહ ભણી અસંખ્યાતા કાળથી ઉપરાંત પુદ્ગલને એકરૂપે કરી સ્થિતિનો અભાવ છે.

તેમજ પાને ૩૫૮ મે કહ્યું છે કે—જે પરમાણુઓ ખંધમાં મળ્યો હતો તે પાછો પરમાણુપણે આવતાં કેટલો કાળ લાગે ? તેના ઉત્તરમાં પણ એજ પ્રમાણે કહ્યું છે કે—જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાતો કાળ તે કેવો કહ્યું છે કે-પરમાણુપુદ્ગલ સ્કંધને મળી વળી કેટલે કાળે પરમાણુ હોય ? ઇતિ પ્રશ્ન. ઉત્તરમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! જઘન્ય થકી એક સમય, ઉત્કૃષ્ટથી અસંખ્યાતો કાળ.

અહિંયાં તો ખુલ્લું કહ્યું છે કે—ભગવંતે પરમાણુઆની સ્થિતિ કહી પણ પરમાણુઓનો નાશ કહ્યો નથી. તેમજ એક ગુણ કાળાદિ વર્ણ [illegible] વર્ણ પર્યાયના પરમાણુની પેઠેજ સ્થિતિ કહી. એટલે બીજામાં મળી જવાથી અથવા તદ્રૂપ રહેતા આવી સ્થિતિ કહી છે. એટલે અસંખ્યાતા કાળથી વધારે જે જે ભાવનો—જે જે વર્ણાદિ પર્યાયનો પરમાણુઓ હોય, તે પ્રમાણે પરમાણુપણે રહે નહિ. એટલે બીજામાં મળી જાય, અને તે પણ અસંખ્યાતા કાળથી વધારે રહી શકે નહિ, એટલે એવા સ્વરૂપે એવી પર્યાય [illegible] તેવીજ [illegible] એમાં કાંઈ ન્યૂનાધિકપણું થતું નથી. એમ ભગવતીજીના કથનથી નિર્ણય થાય છે.

પરમાણુ [illegible] તો સ્કંધમાં મળી જવાને લીધેજ કહેલ છે. એટલે જે પરમાણુ દ્રવ્યરૂપે મૂળ સ્વભાવ વર્ણાદિ પર્યાયનો હોય તે તે [illegible] રહે તે [illegible], અને બીજા સ્કંધમાં મળી જવાથી [illegible]

માણુઆની બહુલતાને લઇને પૃચ્છા સમયના પરમાણુઆની ગૌણતાએ તેનું વર્ણાદિકનું પ્રકાશપણું નથી માટે પર્યાયનું પાલટવાપણું ગણાય એટલે પર-પર્યાયને લઇને પરમાણુઓ પર્યાયથી અશાશ્વતો કહ્યા. પણ મૂળ સત્તાએ તો પરમાણુઓ દ્રવ્ય જે જે વર્ણાદિકનો હોય તેવોજ સમજવો. એટલે પર-સ્વભાવે પરમાણુઆનો પાલટણ ગુણ કહ્યો છે, અને સ્વસ્વભાવે પરમાણુઓ પોતાનો મૂળ સ્વભાવ મૂકે નહિ એ વાત ન્યાયપૂર્વક છે

પ્રશ્ન ૧૮—આ વિષે કોઇ પંકાતા અને પ્રખ્યાત વિદ્વાન્ પુરૂષ તથા પૂર્વાચાર્યનો શો અભિપ્રાય પડે છે ?

ઉત્તર—મહાન્ પંડિત શિરોમણી પરમ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામીના મુખ થકી સાંભળ્યું છે કે-પરમાણુની મૂળ પર્યાય પાલટની નથી.

તેમજ પુદ્ગલો માટે પૂર્વાચાર્ય " ઉમા સ્વાતિ વાચક " પોતાના બનાવેલા " તત્ત્વાર્થાધિગમ સૂત્રમ્ " માં કહી ગયા છે કે—

પાને ૬૪ મે—संख्येयासंख्येयाश्च पुद्गलानाम्. પુદ્ગલોના પ્રદેશો સંખ્યેય, અસંખ્યેય અને અનંત છે

નાણોઃ—પરમાણુના પ્રદેશો હોતા નથી.

પાને ૬૭ મે—स्पर्श रस गन्ध वर्णवन्त पुद्गलाः—સ્પર્શ, રસ, ગંધ અને વર્ણવાળા પુદ્ગલો છે

પાને ૭૦ મે—तद्भावाव्ययं नित्यम्—જે તે સ્વરૂપથી નાશ ન પામે તે નિત્ય છે.

अर्पिता नार्पितासिद्धेः—પદાર્થોની સિદ્ધિ વ્યવહારનય અને નિશ્ચયનય વડે કરીને થાય છે.

ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એ ત્રણ રૂપ સત્ અને નિત્ય એ બન્ને મુખ્ય અને ગૌણ ભેદથી સિદ્ધ છે. જેમકે-દ્રવ્યરૂપથી મુખ્ય કરીને અને પર્યાયરૂપથી ગૌણ કરીને પદાર્થ દ્રવ્યરૂપ કહેવાય છે.

આ ઉપરના લખાણથી એમ નિશ્ચય થાય છે કે-પરમાણુ અને તેની મૂળ પર્યાય તો ધ્રૌવ્યપણે સિદ્ધ છે. પણ ઉત્પાદ અને વ્યય એટલે એકપણે મળવું વા જુદું થવું, તેમાં મુખ્યપણે રહેલા દ્રવ્યની પર્યાયમાં અનેક પરમાણુની પર્યાયનો ગૌણતાએ લોપ થાય છે. એટલે વ્યવહારનયે તે પર-માણુ અને તેની મૂળ પર્યાયની ગૌણતાએ અને દ્રવ્યની પર્યાયના મુખ્યત્વે પરમાણુઓ દ્રવ્યરૂપે ગણાવાથી તે અને તેની પર્યાયનો નાશ કહેલ પણ

નિશ્ચયનયથી તો જે દ્રવ્ય, જે પદાર્થ, જે પરમાણુ જે જે સ્વરૂપે (મૂળ પર્યાયે) જે જે ભાવે હોય તે નિત્ય છે. ધ્રૌવ્ય છે. અર્થાત્ પરમાણુની મૂળ પર્યાય નિશ્ચયનયે પાલટતી નથી.

પ્રશ્ન ૧૯—આ વિષે દિગંબર મતનો શો અભિપ્રાય છે તે જણાવશો?

ઉત્તર—હાજી, સાંભળો, "દિગંબર જૈન" એ નામનું માસિક પત્ર, વર્ષ ૧૫ મું, અંક ૯ મો, સંવત્ ૧૯૭૮ના આષાઢ માસના અંકમાં "ષટ્ દ્રવ્યકી આવશ્યકતા ઔર સિદ્ધ' એ નામના લેખમા પૃષ્ટ ૧૧ મે લખ્યું છે કે—

સબસેં છોટેમેં છોટે પુદ્ગલ અણુકો જિસકા ફિર ખંડ નહીં હો સકે ઉસે બુદ્ધિસે વિચારો ઉસિકા નામ પરમાણુ હૈ, ઐસે પરમાણુ ભી સ્પર્શ, રસ, ગંધ, વર્ણવંત રહતે હૈં ક્યોંકિ કિસી વસ્તુ કે ગુણ કભી નષ્ટ નહીં હો સકતે? જબ કિ ઈન પરમાણુઓંમેં સ્નિગ્ધતા, રૂક્ષતા સદા સ્વાભાવિક રહતી હૈ તો વે એક દૂસરે મિલા કરતે હૈં ઔર દો, તીન, ચાર સંખ્યાત અસંખ્યાત અનંતકી સંખ્યામેં ભી મિલ જાતે હૈં એસી બન્ધરૂપ દશામેં ઉન્હેં સ્કંધ કહેતે હૈં। અબ આપ સોચ સકતે હૈં કિ પરમાણુકી અસલી પુદ્ગલ હૈ.

પાને ૧૨ મે—પદાર્થોંમેં ગુણ હોતે હૈં ઔર ગુણવાલી હૈં જો પદાર્થોંસે કભી અલહદા (અલગા) નહીં હોતા સદા સહભાવી રહેતે હૈં।

અતઃ અગ્નિકા ઉષ્ણતાકે સાથ, જીવકા જ્ઞાનકે સાથ જૈસા સમ્બન્ધ હૈ વૈસાહી ગુણ ગુણીકા સમ્બન્ધ હૈ. કભી ઐસા નહીં હો સકતા કિ અગ્નિકી ઉષ્ણતા તો આપ રકખે ઔર અગ્નિકો મેં અપને પાસ રાખું। ઈસી પ્રકાર યહ ભી નહી હો સકતા કિ આપકા જ્ઞાન મેરી પેટીમેં રખા રહે ઔર આપ ઘરપર બેઠે રહે। બસ! ઈસી પ્રકાર સ્પર્શ, રસ આદિ ગુણોંકા પુદ્ગલસે સમ્બન્ધ હૈ.

શ્રી સ્વામી કુંદકુન્દ મુનીંદ્રને કહા હૈ કિ। दव्वेण विणा ण गुणा, गुणेहि दव्वं विणा ण संभवदि। अव्वदिरित्तो भावो, दव्वगुणाणं हवदि तम्हा ॥

ભાવાર્થઃ—દ્રવ્યકે બિના ગુણ નહીં ઔર ગુણોંકે બિના દ્રવ્ય નહિ હોનેસે ઈસ લિયે દ્રવ્ય ઔર ગુણોંકા અવ્યતિરિક્ત ભાવ હૈ। કહનેકા અભિપ્રાય યહ હૈ કિ પુદ્ગલકે સ્પર્શ રસ આદિ ગુણ કભી નષ્ટ નહીં હોનેસે ઈસકે ઉસકા આગામી કાલમેં કાયમ રહના સ્પષ્ટ તથા સિદ્ધ હોતા હૈ। સ્પષ્ટ? પુદ્ગલ થે, હૈં, ઔર રહેંગે। ઈસી કારણ પુદ્ગલ પદાર્થ સત હૈ.

યહ વસ્તુકા વસ્તુત્વ હૈ । સૂત્રજીમેં કહા હૈ કિ સત્-ઉત્પાદ,વ્યય, ધ્રુવયુક્ત હોતા હૈ અર્થાત્ વસ્તુકી હાલતેં બદલતી હૈ પર વસ્તુ કાયમ રહતી હૈ

ઉપરના લખાણથી ચોકસ સિદ્ધ થાય છે કે—પરમાણુપુદ્ગલના વર્ણ, રસ, સ્પર્શ મૂળ સત્તાના જે હોય છે તે તેવાજ ભાવે-તેવાજ સ્વરૂપે રહે છે. તે બદલાતા નથી " स्वकं स्वभावं ण विजहंति " અર્થાત્ પોતાપણામા રહેલ પરમાણુઓનો સ્વભાવ બદલાતો નથી એ વાત સિદ્ધ છે.

પ્રશ્ન ૨૦—પુદ્ગલોનો ખંધરૂપે બધ કેવી રીતે થાય ?

ઉત્તર—" તત્ત્વાર્થાધિગમ સૂત્રમ્ " ૫ ને ૭૨ મે-स्निग्धरूक्षत्वाद्बंधः - સ્નિગ્ધતા અને રૂક્ષત્વ (ચીકાશ અને લુખાશ) વડે કરીને બધ થાય છે અર્થાત્ સ્નિગ્ધપુદ્ગલોનો લુખા પુદ્ગલ સાથે મળવાથી બંધ થાય છે

પ્રશ્ન ૨૧—પરમાણુપુદ્ગલની ગતિ કેવી રીતે હોય ?

ઉત્તર—ભગવતીજી શતક ૨૫ મું ઉદ્દેશો ૩ જો, બાબુવાળા છાપેલ પાને ૧૬૮૦ મે તેમાં ૭ શ્રેણી કહી છે તે એ રીતે કે-૧ રૂજુ, ૨ એક વંકા, ૩ દુવંકા, ૪ એક ખહા (પડખાભર), ૫ દુખહા, ૬ ચક્રવાલ, ૭ અર્ધ ચક્રવાલ તેમાંની પરમાણુપુદ્ગલ અનુસેઢી એટલે ઋજુ ગતિએ પ્રવર્તે અને દ્વિપ્રદેશીથી માંડી અનંત પ્રદેશીખંધ ત આણુનઢીને વિસેઢી એટ ગતિમા તે સાતે શ્રેણીયે પ્રવર્તે એમ કહ્યુ છે.

પ્રશ્ન ૨૨—પરમાણુની ગતિ થોડામાં થોડી કેટલા સમયની ?

ઉત્તર—ભગવતીજી શતક ૨૫ મે ઉદ્દેશે ૪ થે બાબુવાળા છાપેલા પાને ૧૭૧૬ તથા ૧૭૧૭ મે કહ્યું છે કે-પરમાણુપુદ્ગલને પોતાના સ્થાનકથી છૂટી પાછા પોતાના સ્થાનકે આવતાં આતરૂં પડે તો જઘન્ય ૧ સમયનું અને ઉત્કૃષ્ટું આવલિકાનો અસંખ્યાતો ભાગ કહ્યો, અને પરસ્થાનક આશ્રી જઘન્ય ૧ સમય, ઉત્કૃષ્ટું અસંખ્યાતા કાળનું આતરૂં પડે એ અપેક્ષાએ પરમાણુપુદ્ગલ સમશ્રેણીએ ૧ સમયમા ચૌદ રાજલોક ગતિ કરે.

પ્રશ્ન ૨૩—એક પરમાણુપુદ્ગલ એક સમયમા કેટલો જાય ? અને તે ખુલ્લા શબ્દમાં કયા સૂત્રમાં કહેલ છે ?

ઉત્તર—ઉપરના પ્રશ્નોત્તરમાં તેનો ખુલાસો થઇ ગયો છે. વિશેષ માટે ભગવતીજી શતક ૧૬ મે. ઉદ્દેશે ૮ મે, બાબુવાળા છાપેલ પાને ૧૩૩૪ ૩૫ મે કહ્યું છે કે-પરમાણુપુદ્ગલ એક સમયે ચૌદ રાજલોક ફરસે.

પ્રશ્ન ૨૪—પરમાણુપુદ્ગલ સમ શ્રેણીએ એક સમયની ગતિએ જતાં રસ્તામાં બીજો પરમાણુઓ સામો મળે તો કેમ થાય ?

ઉત્તર—એ વિષે ઠાણાંગજી સૂત્રમા સારો ખુલાસો આપ્યો છે તે સાંભળો-ઠાણાંગજીના ઠાણે ૩ જે, ઉદ્દેશે ૪ થે, કહ્યું છે કે—तिविहे पोग्गल पडिघाए प. तं. परमाणु पोग्गले परमाणु पोग्गलं पडिहणिज्जा १, लुक्खत्ताए पडिहणिज्जा २, लोगंतेवा पडिहणेज्जा ३.

અર્થ—ત્રણ પ્રકારે પુદ્ગલનો પ્રતિઘાત તે ગતિનો ખલાયો તે કહે છે-પરમાણુપુદ્ગલ તે પરમાણુપુદ્ગલને આખડયે ગતિ ખલાય ૧, લુખાપણે ગતિ ખલાય ૧, જેહવી ગતિ કરતો હતો તેહવી ન થાય ૨, લોકાંતે ધર્માસ્તિકાયાદિકના અભાવથી ગતિ ખલાય ૩. એ પુદ્ગલોનો પ્રતિઘાત કહ્યો. તેના ભાંગા નીચે પ્રમાણે કહે છે

૧ પહેલે ભાગે, પરમાણુઓ પરમાણુઆ સામો મળે તો દ્વિપ્રદેશી ખંધ થઈ જાય.

૨ બીજે ભાંગે, જેની ગતિ મંદ હોય તે સામા પરમાણુઆના ઠેલે પાછો વળે (જેણે વધારે ગતિ કરી હોય તે મંદ ગતિનો કહેવાય.)

૩ ત્રીજે ભાંગે, એક શ્રેણીમાં ઘણા પરમાણુઆ સમાય માટે સામ સામા પરમાણુઆને પડખે થઇને ચાલ્યા જાય તો પણ સમશ્રેણીએ જણાય, અને ચોથે ભાંગે, પરમાણુઓ પરમાણુઆને ભેદીને ચાલ્યો જાય. (એ સંભવતું નથી.)

પ્રશ્ન ૨૫—જીવને ચક્રવર્તીની પદવી પ્રાપ્ત થાય છે તે પૂર્વે સમકિત પ્રાપ્ત થયેલાનેજ થાય કે અનેરાને પણ થાય ?

ઉત્તર—ભગવતીજી શતક ૧૨ મે, ઉદ્દેશે ૯ મે નરદેવનું આંતરૂં જઘન્ય એક સાગર ઝાઝેરૂં-અને ઉત્કૃષ્ટું અનંત કાળનુ તે અર્ધ પુદ્ગલ પરાવર્તન કહ્યું છે ત્યાં અર્થકારનું કહેવું એમ છે કે-પ્રથમ ચક્રવર્તીપણું પામે તે સમકિતીજ પામે ને જેને દેશે ઉણો અર્ધ પુદ્ગલ પરાવર્તનહીજ સંસાર હુવે તેને ઉત્કૃષ્ટે આંતરે બીજીવાર ચક્રવર્તીપણું લાભે. ને પહેલી નરકે પણ ઉત્કૃષ્ટે આઉખે ઉપજે. ચક્ર પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જઘન્ય આંતરૂં એક સાગર ઝાઝેરૂં જાણવું.

પ્રશ્ન ૨૬—ચક્રવર્તિ મરીને કઇ ગતિમાં જાય ?

ઉત્તર—ચક્રવર્તિ પણામાં મરે તો નરકે જાય, અને દીક્ષા લે તો દેવલોકમાં તથા મોક્ષમાં જાય.

પ્રશ્ન ૨૭—કેટલાક કહે છે કે ચક્રવર્તિની બેજ ગતિ કહી છે તે કેમ ?

ઉત્તર—કઇ બે ગતિ કહી છે ?

પ્રશ્ન ૨૮—નરક, અને મોક્ષ ગતિ ઠાણાંગ, સૂત્રમાં કહી છે એમ સાંભળ્યું છે.

ઉત્તર—ઠાણાંગ સૂત્રમાં એ પ્રમાણે કોઇ ઠેકાણે જોવામાં આવતું નથી, પણ ચક્રવર્તિની ગતિ નરક તથા દેવતાની ઉત્કૃષ્ટ સ્થિતિ આશ્રી સાતમી નરક તથા સર્વાર્થસિદ્ધ વિમાનમાં જાય એમ કહ્યું છે. તે મૂળ પાઠથી જણાવીએ છીએ. ઠાણાંગ ઠાણે ૩ જે ઉદ્દેશે ૧ લે, બાબુવાળા છાપેલા પાને ૧૩૬ મે કહ્યું છે કે—

तओ लोगे णिस्सीला णिव्वया णिग्गुणा णिम्मेरा णिपच्चक्खाण पोसहोववासा कालमासे कालं किच्चा अहे सत्तमाए पुढवीए अप्पइठाणे णरए णेरइयत्ताए उववज्जंति तंजहा रायाणो मंडलिया जेय महारंभा कोडुंबी. ॥

ભાષા—અપ્રતિષ્ઠાન નરકાવાસમાં જે ઉપજે તે કહે છે. ત્રણ લોકને વિષે શીલ રહિત, વ્રત રહિત, ઉત્તર ગુણ તથા દાનાદિ ગુણ રહિત, મર્યાદા વિનયાદિ રહિત, નવકારશી પ્રમુખ પચ્ચખાણ રહિત, પોષધ ઉપવાસ રહિત એહવા કાળમાસે-કાળને અવસરે કાળ કરીને હેઠે સાતમી નરક પૃથ્વીમાં અપ્રતિષ્ઠાન નરકાવાસમાં નારકીપણે ઉપજે તે કહે છે.–રાજા ચક્રવર્તિ। મંડળીક બીજા રાજા। વળી મોટા આરંભના કરનાર કુટુંબી કુટુંબના ધણી।

હવે સર્વાર્થસિદ્ધમાં જે ઉપજે તે કહે છે.—

तओ होए सुसीला सुव्वया सगुणा सम्मेरा सपच्चक्खाण पोसहोववासा कालमासे कालं किच्चा सव्वठसिद्धे महाविमाणे देवत्ताए उववत्तारो भवंति तंजहा रायाणो परिचत्त काम भोगा. । सेणावई. । पसत्थारो. ॥

ભાષા:—ત્રણ લોકને વિષે શીલવંત, વ્રત પચ્ચખાણ સહિત, એટલે પાંચ મહાવ્રત સહિત, ગુણવંત, મર્યાદાવંત, પચ્ચખાણ સહિત, પોષધ ઉપવાસ સહિત, મરણાવસરે કાળ કરી સર્વાર્થસિદ્ધ મહા વિમાનમાં દેવતાપણે ઉપજે તે કહે છે. રાજા ચક્રવર્તિ પ્રમુખ કામ ભોગના છોડનાર. સેનાપતિ સૈન્ય નાયક. પ્રશસ્તાર ધર્મ શાસ્ત્રના જાણનાર.

ઉપરના અધિકાર ઉપરથી ચક્રવર્તિની દેવગતિ સિદ્ધ થાય છે, એટલે ચક્રવર્તિ ચક્રવર્તિપણામાં કાળ કરે તો નરકમાં જાય, અને ઉપરોક્ત ગુણ સહિત પાંચ મહાવ્રત અંગીકાર કરે તો દેવતામાં સર્વાર્થસિદ્ધ વિમાન સુધી જાય.

અને ભગવતીજીના ૧૨ મા શતકના ૯ મા ઉદ્દેશામાં નરદેવની (ચક્રવર્તિની) ગતિ સાત નરકનીજ કહી છે, અને દીક્ષા લે તો ધર્મ દેવમાં ભળે; અને ધર્મદેવની ગતિ વૈમાનિક દેવની તથા મોક્ષની કહી છે. તે ઉપરથી દેવતાની ગતિ પણ સાબિત થાય છે.

પ્રશ્ન ૨૯—ઉત્તરાધ્યયનના ૧૩ મા અધ્યયનની ૩૨ મી ગાથામાં બ્રહ્મદત્ત ચક્રીને ચિત્ત મુનિએ કહ્યું છે કે–"હે રાજન્! કામભોગ છાંડવાને તું સમર્થ હો તો આર્યકર્મ (ઉત્તમ કાર્ય) કર, ધર્મને વિષે દૃઢ રહીને સર્વ જીવ ઉપર અનુકમ્પા રાખ; તેમ કરવાથી આ મનુષ્ય દેહથી છુટયા પછી તું વૈક્રિય શરીરવાળો શક્તિવાન દેવતા થઇશ." એ પ્રમાણે ૩૨ મી ગાથામાં કહ્યું છે. તો ચક્રવર્તિપણામાં મરીને દેવતા થાય એમ ચિત્ત મુનિનું બોલવું થયું તો તેમ બને ખરૂં ? કારણ કે ભગવતીજી તો નરદેવની નરક ગતિજ કહે છે, માટે આ બે વાક્યમાં શું સમજવું ?

ઉત્તર—બન્ને વાક્ય સત્ય છે. ચિત્તમુનિનું વાક્ય વૃથા હોય નહિ. બન્ને વાક્યો જ્ઞાની પુરૂષોનાજ મુખમાંથી નીકળેલાં છે. પણ તેમાં રહસ્ય શું છે તે જાણવું જોઇએ.

પ્રશ્ન ૩૦—આ બન્ને વાક્યો અરસપરસ વિરૂદ્ધ છે તો બન્ને વાક્યો સત્ય કેવી રીતે હોઇ શકે ? તથા તેમાં શું રહસ્ય છે તે જણાવશો ?

ઉત્તર—નરદેવની ગતિ તો નરકનીજ હોય. પણ ચિત્તમુનિનું જે વાક્ય નીકળ્યું છે તેનો હેતુ એ છે કે–જ્યારે બ્રહ્મદત્તે કહ્યું કે "હે ચિત્ત મુનિ ! આ હું નિયાણાનું ફળ ભોગવું છું, તેથી ધર્મનો રસ્તો જાણું છું, છતાં કામભોગને વિષે આસક્ત રહું છું. કાદવમાં ખુનેલો હાથી કાંઠો જાણે છતાં જેમ નીકળી શકે નહિ; તેમ હું કામભોગમાં લુબ્ધ થયેલો સાધુ ધર્મ આદરી શકતો નથી." આ વાક્ય ઉપરથી ચિત્ત મુનિએ જણાવ્યું કે મરણ કાળ નજીક આવ્યે કામભોગ છાંડવા પડે છે. પરંતુ અત્યારે તું કામભોગ છાંડવા અસમર્થ હો તો આર્યકર્મ અંગીકાર કર. ધર્મને વિષે દૃઢ થઇ પ્રાણી જીવ ઉપર અનુકંપા કર કે જેથી વૈક્રિય શરીરવાળો દેવતા થઇશ."

બ્રહ્મદત્તનાં વાક્ય જે, હું ધર્મનો માર્ગ જાણું છું ઇત્યાદિ પરથી મુનિએ આર્ય કર્મ અંગીકાર કરવા આદિથી દેવગતિમાં જવા[illegible] તેનો હેતુ એ છે કે-મારા કહેવા પ્રમાણે જો રાજા વર્તે તો તેને સમ[illegible] પ્રાપ્તિ થાય તેવો સંભવ છે, અને જો સમકિત પામે તો અવશ્ય [illegible] છાંટે. માટે અત્યારે તેને સમકિતની પ્રાપ્તિનો ઉપાય બતાવવો. જો સ[illegible] પામે તો કામભોગ ઉપરથી મૂર્છા ઉતરે અને સાધુપણું અંગીકારથી [illegible] થય એવો નિયમ છે. ચક્રવર્તિ સમકિતી હોય યા જ્યારે સમકિત [illegible] થાય ત્યારબાદ થોડા ઘણા કાળે પણ સદ્ગુરુના યોગે અવશ્ય સંયમનો [illegible] કરે અને મોક્ષ તથા દેવગતિ પામે એ વાત નિશ્ચય છે. એવા હેતુ[illegible] ચિત્ત મુનિએ આર્ય કર્મ અંગીકાર કરવાનો બોધ કર્યો પણ નિયાણા[illegible] બળવાનપણાને લઇને તે વાત રૂચી નહિ અને કામભોગની અભિલા[illegible] મરીને સાતમી નરકે બ્રહ્મદત્ત ચક્રવર્તિ ગયો. ઇત્યર્થ —

પ્રશ્ન ૩૧—નિયાણાનું સ્વરૂપ જાણતા છતા ચિત્ત મુનિએ બ્રહ્મદત્તને બોધ કર્યો તેનું શું કારણ?

ઉત્તર—એ મુનિનો ધર્મ છે. નિયાણાવાળાને બોધ લાગે. પણ ઉત્કૃષ્ટ રસનું નિયાણું હોય તો તે મુનિનો બોધ સાંભળે પણ સર્વ [illegible] અંગીકાર કરી શકે નહિ. શાખ દશાશ્રુત સ્કંધના દશમા અધ્યયનની.

પ્રશ્ન ૩૨—ચક્રવર્તિ સમકિત પામી સમકિતમાં કાળ કરી દેવગતિને પામે કે નહિ?

ઉત્તર—સમકિત પામી ચક્રવર્તિની પદવીમાં ન મરે, અવશ્ય [illegible] લઇ ધર્મદેવની પદવીમાં મરે. નરદેવની પદવીમાં મરે તો [illegible] નરકેજ જાય.

પ્રશ્ન ૩૩—જેમ વાસુદેવને નરક ગતિનો બંધ [illegible] નની પ્રાપ્તિ થાય છે તેમ ચક્રવર્તિને શા માટે ન થાય?

ઉત્તર—ચક્રવર્તિને વાસુદેવની પેઠે સમકિત [illegible] કે-વાસુદેવ તો સર્વ નિયાણાકૃત હોય છે, અને મરીને નરકેજ [illegible] તેમ ચક્રવર્તિને ન હોય. ચક્રવર્તિ નિયાણાકૃત [illegible] નિયાણાકૃત અવશ્ય નરકેજ જાય, અને નિયાણા વિનાના [illegible] મુક્ત થઇ સંસાર તજી મુનિપણું અંગીકાર કરે તે [illegible] જાય, અને કામભોગને ન છોડે તે મરી નરકે જાય [illegible] કહેવાય.

પ્રશ્ન ૩૪—વાસુદેવ નિયાણકડા હોવાથી તે નરકે જાય છે. તેમ ચક્રવર્તિ પણ નિયાણકડા હોવાથી નરકે જાય છે, તો બન્નેની આગતિમાં તફાવત કેમ પડયો કે વાસુદેવની આગતિમાં પાંચ અનુત્તર વિમાન વર્જ્યાં છે અને ચક્રવર્તિને અનુત્તર વિમાન વર્જ્યાં નથી તેનું શું કારણ?

ઉત્તર—વાસુદેવ સર્વ નરકગામી હોય છે. સર્વ નિયાણકડા હોય છે, માટે અનુત્તર વિમાન વરજ્યા. તેમાંથી આવેલા નરકે ન જાય, માટે. અને ચક્રવર્તિ અનુત્તર વિમાનમાંથી આવેલ હોય તે નિદાનકૃત ન હોય અને નરકે પણ જાય નહિ. જો સર્વાર્થસિદ્ધમાંથી આવેલ હોય તો તેજ ભવે મોક્ષ જાય, અને ચાર અનુત્તર વિમાનમાંથી આવેલ હોય તો મોક્ષ જા અથવા દેવલોકમાં પણ જાય. શાખ ભગવતીજીની તથા ઠાણાંગજીની.

પ્રશ્ન ૩૫—પન્નવણા પદ ૨૦મે અંતક્રિયા પદમાં વાસુદેવ તથા સેનાપતિ વગેરેની આગતિમાં અનુત્તર વિમાન વર્જ્યાં છે તો સેનાપતિ મરીને નરકે કેમ ન જાય?

ઉત્તર—સેનાપતિ મરીને નરકેજ જાય એવો નિયમ નથી. ઠાણાંગજીના ૩ જે ઠાણે પેલા ઉદ્દેશે સેનાપતિની ગતિ સર્વાર્થસિદ્ધની પણ કહી છે. આ ઉપરથી એમ થાય છે કે કામભોગના ઉત્કૃષ્ટા રસના નિયાણા વાળા તથા નિદાન વિનાના કામ ભોગથી નિવૃત્તિને નહિ પામેલા, કામ ભોગને વિષે આસક્તિમાં મરણ પામીને નરકે જાય એમ ઠાણાંગજી જણાવે છે.

પ્રશ્ન ૩૬—કોઇ જીવ અનુત્તર વિમાનમાંથી ચવી અહિંયાં ચક્રવર્તિ થયો અને તે દીક્ષા ન લે તો તેની કઇ ગતિ થાય?

ઉત્તર—અનુત્તર વિમાનમાંથી આવેલ નરકે ન જાય એમ પન્નવણા પદ ૧૫મે ઉદ્દેશે ૨જે કહેલ છે. માટે અનુત્તર વિમાનમાંથી આવેલ ચક્રવર્તિ પદવી પામ્યા પછી અવશ્ય દીક્ષા લે. અને ધર્મદેવની ગતિ પ્રમાણે ગતિ કરે એકવાર અનુત્તર વિમાનમાં ગયેલ પ્રાણીને નરક ગતિમાં જવાનો બંધ પડતો નથી. એટલે પછી નિયમા નરકમાં ન જાય એમ પન્નવણાજી ૧૫મા પદમાં કહ્યું છે.

પ્રશ્ન ૩૭—એક જીવ ચક્રવર્તિની પદવી કેટલીવાર પામે?

ઉત્તર—જઘન્ય એક વાર; ઉત્કૃષ્ટ બે વાર પામે.

પ્રશ્ન ૩૮—એક વાર ચક્રવર્તિની પદવી પામ્યા પછી બીજીવાર તે પદવી પામતાં વચ્ચે આંતરૂં કેટલું પડે?

ઉત્તર—જઘન્ય આંતરૂં એક સાગર ઝાઝેરૂં અને ઉત્કૃષ્ટ આંતરૂં અર્ધ પુદ્‌ગળ પરાવર્તનનું નરદેવનું ભગવતીજીમાં કહ્યું છે.

પ્રશ્ન ૩૯—કોઇ એમ કહે કે ચક્રવર્તિનું આત્મબળ ઉત્કૃષ્ટ હોય માટે અવળું આત્મબળ ફેરવે તો સાતમી નરકે ૩૩ સાગરોપમની સ્થિતિએ ઉપજે: અને સવળું આત્મબળ ફેરવે તો મોક્ષ જાય, પણ દેવલોકમા તો જાયજ નહિ તેનું કેમ?

ઉત્તર—એ વાત મળે નહિ. જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ રસે અવળું કે સવળું આત્મબળ ફેરવાય છે. આ પ્રશ્ન ઉત્કૃષ્ટ રસનું છે જઘન્ય રસવાળો પહેલી નરકે એક સાગરને આઉખે ઉત્પન્ન થાય છે; તેમ દેવલોકમાં જાય તોપણ એક સાગરની સ્થિતિએ ઉત્પન્ન થાય. તેમ અવળુ આત્મબળ મધ્યમ રસે ફેરવનારો બીજી નરકથી છઠ્ઠી સુધી જાય. અને ઉત્કૃષ્ટા રસવાળો સાતમીએ ઉત્કૃષ્ટી સ્થિતિએ જાય અને સવળું આત્મબળ મધ્યમ રસે ફેરવનારો પહેલા દેવલોકમાં એક સાગર ઉપરાંતની સ્થિતિથી માંડી સર્વાર્થસિદ્ધ વિમાન સુધી જાય. અને ઉત્કૃષ્ટા રસે આત્મબળ ફેરવનારો મોક્ષે જાય, એવો સિદ્ધાંતનો ન્યાય છે

પ્રશ્ન ૪૦—ચક્રવર્તિ એક સાગર ઝાઝેરા આંતરે પાછા ચક્રવર્તિ થાય તો તે પહેલી નરકના નીકળ્યા ચક્રવર્તિ થાય છે, અને પહેલી નરકે ઉત્કૃષ્ટ આઉખુ એક સાગરનુ કહ્યું છે ને આંતરૂં એક સાગર ઝાઝેરૂં કહ્યુ તેનું શું કારણ?

ઉત્તર—એક સાગર તો પહેલી નરકનો લેવો. ઝાઝેરામાં કુમારપણું, મંડળિકપણું, જ્યાં સુધી ચક્ર રત્ન ઉત્પન્ન ન થાય ત્યાં સુધી ઝાઝેરામા ગણી એક સાગર ઝાઝેરૂં આતરૂં જાણવું.

પ્રશ્ન ૪૧—સનંતકુમાર ચક્રવર્તિ દેવલોકમાં ગયા છે કે મોક્ષ ગયા છે?

ઉત્તર—ટીકાકાર વગેરેની માન્યતા ત્રીજા દેવલોકે ગયાની છે, પણ તે વાત સંભવતી નથી; કારણકે ઠાણાંગજીના ચોથે ઠાણે, પહેલે ઉદ્દેશે ચાર અંતક્રિયાના સ્વામી કહ્યા છે, તેમા સનતકુમાર ચક્રવર્તિ કહેલ છે અને તેઓ મોક્ષ ગયા પણ કહ્યા છે જુઓ મૂળ પાઠ ચોથું ઠાણું મંડાન.જ પાને ૧૯૮મેથી કહ્યું છે કે—

ચાર અંતક્રિયામાંની પહેલી અંતક્રિયા અલ્પકર્મવંતને અલ્પ તપવંત ઘણો કાળ દીક્ષા પાળીને મોક્ષ ગયા તે ભરત ચક્રવર્તિ. ૧ બીજી

અંતક્રિયા મહાકર્મવંત, થોડા કાળની દીક્ષામાં આકરો તપ કરીને સિદ્ધ થયા. તે ગજસુકુમાલ ૨ ત્રીજી અંતક્રિયા મહાકર્મવંત જાવત્ બીજી અંતક્રિયાની પેઠે કહેવું. પણ એટલો વિશેષ ઘણા કાળની દીક્ષા પાળી, ઘણો કાળ મહાવેદના ભોગવી સિદ્ધ થયા તે સનંતકુમાર ચક્રવર્તિ ૩ ચોથી અંતક્રિયા અલ્પ કર્મવંત, તપ કર્યા વિના, વેદના ભોગવ્યા વિના થોડા કાળનો સંયમ ઉત્કૃષ્ટો પાળી સિદ્ધ થયા તે મરૂદેવા ભગવતી. ૪ એ ચાર અંતક્રિયા છેવટની ક્રિયા મોક્ષ જવાની કહી છે. તો ત્રીજી અંતક્રિયા સનંતકુમાર ચક્રવર્તિની કહી છે. તે તેજ ભવે મોક્ષ ગયા છે એવો ખુલ્લો પાઠ છે.

પ્રશ્ન ૪૨—પ્રથમ ઠાણાંગજીનો દાખલો ચક્રવર્તિને સર્વાર્થસિદ્ધ વિમાનની ગતિનો કહ્યો તે ઠીક પણ ત્યાં रायाणो એવો પાઠ છે. તો કોઇ ચક્રવર્તિનો ખુલ્લો પાઠ છે ? હોય તો બતાવો.

ઉત્તર—સાંભળો, સમવાયાંગજીમાં ૨૩ મા સમવાયમાં કહ્યું છે કે-બીજા તીર્થંકરથી માંડીને ૨૩ તીર્થંકર આગળના ભવે મંડલિક રાજા અને પહેલા ઋષભદેવ સ્વામી આગલા ભવે ચક્રવર્તિ હતા. તે સૂત્રપાઠ—जंबूद्दीवेणं दीवे इमीसे उसप्पिणीए तेवीसं तित्थंकरा पुव्व भवे मंडलिया रायाणो हुत्था तं. अजिय संभव जाव वद्धमाणेय उसभेण अरहा कोसलिए चक्कवट्टि हुत्था. ઋષભદેવ અરિહંત કોસલ દેશના ઉપન્યા તે પહેલા ભવે વજ્રનાભ ચક્રવર્તિ હતા.

આ પહેલાના અધિકારમાં કહ્યું છે કે-૨૩ તીર્થંકર પૂર્વે ૧૧ અંગ ભણેલા હતા, અને ઋષભદેવ અરિહંત આગળના વજ્રનાભ ચક્રવર્તિના ભવમાં ૧૪ પૂર્વી હતા. તે સૂત્રપાઠ—उसभेणं अरहा कोसलिए (पुव्वभवे) चोद्दस पुव्वि हुत्था.

તેજ સમવાયાંગ સૂત્રમાં તીર્થંકર ગંડિકામાં ચોવીશ તીર્થંકરનાં નામ કહ્યા પછી પૂર્વ ભવનાં નામ કહ્યાં છે. તેમાં પહેલા તીર્થંકર ઋષભદેવના પૂર્વ ભવે વજ્રનાભ કહેલ છે. તે પાઠ:—

चउवीसं तित्थंकराणं चउवीसं पुव्वभविया नामधेज्जा हुत्था तं. वइरनाभे.

એટલે પહેલા તીર્થંકર ઋષભદેવ સ્વામીનો પૂર્વનો ભવ મહું... ભવે વજ્રનાભ ચક્રવર્તિ મહાવિદેહ ક્ષેત્રે થયા. ત્યાં ચૌદ રત્ન ...

તીર્થંકર ગોત્ર બાંધ્યું, ત્યાંથી સર્વાર્થસિદ્ધે દેવતા થયા ત્યાંથી ચવીને આદિ
આદિનાથ તીર્થંકર થયા. એટલે આદિનાથના ભવ થકી મનુષ્યનો પૂર્વભ
વજ્રનાભ ચક્રવર્તિનો અને દેવતાનો વચ્ચે ગણતા ત્રીજો ભવ ગણવો.

પ્રશ્ન ૪૩—પન્નવણાજીના ૬ ઠ્ઠા પદમા આઉખાના બંધ સંબંધી ૩
ભેદ પાડ્યા છે. તેમા બે ભેદ નિરૂપક્રમીના અને એક ભેદ સોપક્રમીનો.
અહિંયાં સોપક્રમીના ભેદની જરૂર નથી પણ નિરૂપક્રમીના બે ભેદ કહ્યા
તેમાં દેવતા નારકી અને અસંખ્યાતા વર્ષના આઉખાવાળા મનુષ્ય તિર્ય
ચને આઉખાના અંતે છ મહિના બાકી રહે ત્યારે પરભવના આઉખાનો
બંધ પડે તે એક ભેદ, અને બીજો ભેદ કહ્યા તેમા કહ્યુ કે—સંખ્યાત
વર્ષના આયુષ્યવાળા મનુષ્ય તિર્યંચ આદિ દશ દંડકમા નિરૂપક્રમી હોય
તેને આઉખાના ત્રીજે ભાગે બંધ પડે તો ચક્રવર્તિ, બળદેવ, વાસુદેવ
વગેરે ઉત્તમ પુરૂષને આઉખાનો બંધ ક્યારે પડે ?

ઉત્તર—ઠાણાંગ સૂત્રના ૩ જે ઠાણે ચક્રવર્તિ, બળદેવ, વાસુદેવને
યથા આયુ પાળતા કહ્યા છે એટલે જેટલું આઉખુ બાંધ્યુ [illegible]
આઉખું પૂરૂં ભોગવે. એ અપેક્ષાએ ઠાણાંગ સૂત્રની ટીકાવાળાએ તથા ભગ
વતીજીના ૨૦ મા શતકની ટીકાવાળાએ ઉત્તમ પુરૂષ અને ચરમ શરીરીને
નિરૂપક્રમી કહ્યા છે. તે ઉપરથી એમ જણાય છે કે તેને આઉખાના ૩ જે
ભાગેજ બંધ પડે.

પ્રશ્ન ૪૪—જો ઉત્તમ પુરૂષને આઉખાને ૩ જે ભાગે બંધ પડે તો
ઋષભદેવ સ્વામીના છઠ્ઠે પૂર્વ ભવે વજ્રનાભ ચક્રવર્તીએ સર્વાર્થસિદ્ધ વિમા
નના આઉખાનો બંધ ક્યારે પાડ્યો ?

ઉત્તર—ઉપરોક્ત સૂત્રના ન્યાય પ્રમાણે તો આઉખાના ત્રીજે ભાગેજ
બંધ પડે. કારણ કે તે સંખ્યાતા વર્ષના આઉખાવાળા છે માટે તેને પન્ન
વણા સૂત્રમાં ત્રીજે ભાગે બંધ પડ્યો કહ્યો છે

પ્રશ્ન ૪૫—એ વાત બધી ખરી, પણ અહિંયા [illegible]
થાય છે કે વજ્રનાભ ચક્રવર્તિએ દીક્ષા ક્યારે લીધી અને સર્વાર્થસિદ્ધ
વિમાનનું આઉખું ક્યારે બાંધ્યું ? આઉખાનો બંધ તો ત્રીજે ભાગે પડે છે.
એટલે આઉખાના બે ભાગ ગયા પછી અને એક ભાગ બાકી રહે ત્યારે તેઓ
[illegible]માં આવતા ભવના આઉખાનો બંધ પાડ્યો તે વખતે તે [illegible]
સંસારમાં હતા ? અનુત્તર વિમાનનો બંધ સંસારમાં રહ્યાં પડે કે કેમ ?
[illegible]માં તો સાંભળ્યું કહ્યું છે કે—તેઓની અતિ નજીક [illegible]

મોક્ષ જાય કે દેવગતિમાં જાય. તો પછી ચક્રવર્તિપણામાં અનુત્તર વિમાનનું આઉખું કેવી રીતે બાંધ્યું ? દીક્ષાનો કાળ તો છેવટનો છે અને આઉખાનો બંધ કાળ તે પહેલાનો છે માટે આ વિષે શું સમજવું ?

ઉત્તર—આ પ્રશ્ન ઘણું ગહન છે. ચક્રવર્તિ ચક્રવર્તિપણામાં મરે તો અવશ્ય નરકે જાય એમ ભગવતીજીમાં કહ્યું છે એ વાત સત્ય છે. તેમજ ઉત્તમ પુરૂષ નિરૂપક્રમી હોવાથી તેના આઉખાનો બંધ ત્રીજે ભાગે પડે એ પણ પન્નવણા સૂત્રમાં વાક્ય છે અને જે ઠેકાણે નરદેવની ગતિ નરકની કહી છે તેજ અધિકારે સાધુની ગતિ મોક્ષની કે દેવલોકમાં અનુત્તરવિમાન સુધીની કહી છે. તો સાધુપણા સિવાય સર્વાર્થસિદ્ધ વિમાનનો બંધ ન પાડી શકે એ વાત પણ સિદ્ધ છે આ તમામ વાતને મોજૂદ રાખી આ પ્રશ્નનો ખુલાસો સૂત્રના ન્યાયથીજ થાય તોજ સૌ કોઇ કબૂલ કરી શકે.

ભગવતીજીના ૨૫ મા શતકમાં ૭ મે ઉદ્દેશે સંજયાને અધિકારે કહ્યું છે કે ગૃહસ્થલિંગમાં પરિહાર વિશુદ્ધ વરજીને ૪ ચારિત્ર લાભે, અને ૭ મે ગુણઠાણે પહેલાં ત્રણ ચારિત્ર લાભે હવે ચક્રવર્તિ ચક્રવર્તિપણામાં કાં પહેલે ગુણઠાણે હોય કે કાં ચોથે ગુણઠાણે હોય. ચોથા ગુણઠાણાવાળો અવશ્ય દીક્ષા લે, ચોથા ગુણઠાણાવાળાની માર્ગણા સાતમા ગુણઠાણા સુધીની કહી છે. તે પરિણામે કરી સાતમા ગુણઠાણા સુધી ચડે છે, અને સાતમું ગુણઠાણું અપ્રમત્તપણાનું છે અને ત્યાં આઉખાનો બંધ પણ કહ્યો છે. આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે-વજ્રનાભ ચક્રવર્તિને ચોથે ગુણઠાણે રહ્યા આઉખાના બંધ સમય સાતમા ગુણઠાણાની પરિણામની ધારાએ ચડેલાને સર્વાર્થસિદ્ધના દેવતાના આયુષ્યનો બંધ પડેલો અને ત્યારપછી કેટલેક કાળે દીક્ષા લઇ સાધુપણામાં કાળ કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉપજ્યા હોય એ વાત બંધ બેસે છે

પ્રશ્ન ૪૬—તો પછી સાધુપણામાં જપ, તપ, સંયમાદિક કરણી કરી તેનું ફળ ક્યાં ભોગવ્યું ?

ઉત્તર—સાધુપણામાં કરેલી કરણીથી તો તીર્થંકર નામ કર્મની ઉપરાજણ કરી અર્થાત્ તીર્થંકર ગોત્ર બાંધ્યું, પહેલા તીર્થંકર થયા.

પ્રશ્ન ૪૭—કેટલાક કહે છે કે-ચક્રવર્તિનું જઘન્ય આંતરૂં એક સાગર આઝેરૂં કહ્યું છે, તે પહેલી નરક આશ્રી લેવું નહિ કારણ કે સાધુપણામાં ચક્રવર્તિ પદની ઉપરાજણ થાય છે, માટે પ્રથમ ચક્રવર્તિપણે ઉત્પન્ન થયા પછી દીક્ષા લઇ ફરી ચક્રવર્તિની પદવી ઉપરાજી દેવલોકમાં એક સાગરોપમની

સ્થિતિ ભોગવી પાછી ચક્રવર્તિની પદવી થાય. તે આશ્રી એક સાગર ઝાઝેરું આંતરું કહ્યું છે.

ઉત્તર—એ વાત ઠીક છે, પણ અહિંયાં નરદેવનું આંતરું કહ્યું છે. ધર્મદેવનું કહ્યું નથી. સૂત્રમાં ધર્મદેવનું આંતરું જઘન્ય બે પલ્યોપમનું ઝાઝેરું કહ્યું છે. અને નરદેવનું આંતરું એક સાગર ઝાઝેરું કહ્યું છે એ ઉપરથી એમ જણાય છે કે નરદેવ નરદેવપણામાં મરી નરકમાં ઉપજે તો પહેલી નરકનાજ નીકળ્યા ચક્રવર્તિ થાય. માટે પહેલી નરકે એક સાગરોપમનું આઉખું ભોગવી ચક્રવર્તિપણે ઉપજે. ચક્ર ઉત્પન્ન થાય ત્યાં સુધીનું ઝાઝેરું આંતરું લેવું. આ વાત કાંઇક વધારે પ્રમાણવાળી જણાય છે

પ્રશ્ન ૪૮—તો પછી બીજીવારનાં ચક્રવર્તિના દળ કયાં મેળવ્યાં ? સાધુ સિવાયની ચક્રવર્તિની પદવીની ઉપરાજણ થઇ શકતી નથી, માટે ઉપરા ઉપર ચક્રવર્તિની પદવીમા વચ્ચે નરકનું આંતરું લાગુ પડતું નથી.

ઉત્તર—ઉપરાઉપર ચક્રવર્તિની પદવીના દળની ઉપરાજણ સાધુપણામાંજ મેળવેલી હોય છે, તેજ વચ્ચે પહેલી નરકે એક સાગરોપમનું આઉખુ ભોગવીને પદવીને પ્રાપ્ત થાય છે, દાખલા તરીકે–તાંદુલમચ્છ સાતમી નરકનો નીકળ્યો અંતર્મુહૂર્ત આઉખું ભોગવી પાછો સાતમી નરકે ઉત્કૃષ્ટી સ્થિતિએ ઉપજે તો તેણે નરકમાં ઉત્પન્ન થવાના ચાર બોલ માહેલું કયું મેળવ્યું છે ?

જો કે માત્ર મલિન પરિણામથી સાતમી નરકનો બંધ પડયો તે વાત ખરી છે, પણ અંતર્મુહૂર્તની સ્થિતિમાં સાતમી નરકે જાય તેમાં કર્મના ...ગના સંચય વિના તવા મલિન પરિણામ થઇ શકે નહિ, માટે જીવ પાસે ...કિકે–તરયાળે સાતમી નરકે ઉપજવાના દળ આત્મપ્રદેશની સાથે હોવાજ ...ઇએ. માટે પ્રથમ તે જીવે સાતમી નરકે બેગાર જવાના ૬૬ સાગરોપમની ...થતિનાં દળ એકી સાથે મેળવેલાં હોય તે જીવ પ્રથમ સાતમી નરકે ૩૩ ...ગરોપમનું આઉખું ભોગવી વચ્ચે તાંદુલમચ્છપણે અંતર્મુહૂર્તની સ્થિતિ ...વી પાછો સાતમી નરકે ઉત્કૃષ્ટી સ્થિતિએ ઉત્પન્ન થાય અને ૬૬ સાગ...ાનાં દળ પ્રથમ મેળવેલાં હતાં તે ભોગવી પૂરા કરે. એ ન્યાયે બે વારના ...ર્તિપણાનાં દળ પણ સાધુપણામાંજ મેળવેલાં ને વચ્ચે પહેલી નરકના ...કરી એક સાગરોપમને આંતરે ચક્રવર્તિની પદવી પામે તેમા વાંધો નથી.

પ્રશ્ન ૪૯—નરદેવ સર્વથી થોડા અને દેવાધિદેવ સંખ્યાત ગુણા ...ી કેમ મળે ? કારણ કે અઢીદ્વીપમાં ઉત્કૃષ્ટા ચક્રવર્તિ ૧૫૦ (કિંવ...

પચાસ) હોય અને તીર્થંકર દેવ ઉત્કૃષ્ટા ૧૭૦ હોય, અને સંખ્યાતગુણા કેમ કહ્યા ?

ઉત્તર—ભરત, ઇરવૃત આશ્રી સંખ્યાતગુણા, અને મહાવિદેહના ભેળવતાં વિશેષાહિક થાય છે.

પ્રશ્ન ૫૦—કેવળીને દેવાધિદેવમાં ગણવા કે ધર્મદેવમાં ગણવા ?

ઉત્તર—દેવાધિદેવમાં ન ગણાય. દેવાધિદેવની આગતિ ત્રીજી નરક સુધીની અને વૈમાનિક દેવની અને કેવળીની આગતિ તો ચારે ગતિની છે માટે તે ધર્મદેવમાં ગણાય. દેવાધિદેવની ગતિ એક મોક્ષનીજ છે અને ધર્મ દેવની ગતિ દેવલોકની અને મોક્ષની. માટે મોક્ષ જવાવાળા સામાન્ય કેવળી ધર્મદેવમાં ગણવા.

પ્રશ્ન ૫૧—ધર્મદેવની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને સંચિઠણા કાળ એક સમયનો કહ્યો તેનું શું કારણ ? અને સંચિઠણા એટલે શું ?

ઉત્તર—સ્થિતિ ચારિત્ર આશ્રી કહી છે. સામાયિક ચારિત્રની સ્થિતિ જઘન્યપણે અંતર્મુહૂર્તની કહી છે, અને સંચીઠણા તે ભાવ આશ્રી છે. એટલે ચોથા ગુણઠાણાવાળો ભાવ ચારિત્રે ચડે તો પાયરો ૭ મે ગુણઠાણે આવે ત્યાં જઘન્ય એક સમય રહીને કાં તો મરે કે કાં તો પાછો પડે. એક સમય ૭ મે ગુણઠાણે જઘન્ય સ્થિતિએ સાધુપણું ભોગવ્યું તે સંચીઠણા કાળ કહ્યો.

પ્રશ્ન ૫૨—છેદોપસ્થાપનીય ચારિત્ર એક ભવમાં જઘન્ય ૧, ૨, ૩ વાર અને ઉત્કૃષ્ટ ૧૨૦ વાર આવે તે કેમ ?

ઉત્તર—નિરતિચાર તો એક વખતજ આવે. સાતિચાર જઘન્ય ૩વાર કહ્યું તે મૂળ દોષ લાગવાથી ત્રણવાર ઉપર છેદ નથી, અને ઉત્તર દોષમાં અતિચાર લાગવાથી (એટલે મૂળના કારણના અતિચાર લાગવાથી) તેનું પ્રાયશ્ચિત છેદ રૂપે આપવામાં આવે તો એક ભવમાં ૧૨૦ વાર આવે ઉપરાંત નહિ. શાખ ભગવતીજી શતક ૨૫ મે, ઉદ્દેશે ૭ મે.

પ્રશ્ન ૫૩—સામાયિક ચારિત્રવાળા સાધુ છેદોપસ્થાપનીય ચારિત્ર અંગીકાર કરે તે તો ઠીક. કેશીસ્વામી ગૌતમ ભેગા મળ્યા તે આશ્રી પણ છેદોપસ્થાનીયવાળા પહેલા તીર્થંકરના સાધુ બીજા અજીતનાથ તીર્થંકરના શાસનમાં ભળે તે કેમ કરે ?

ઉત્તર—છેદોપસ્થાનીય ચારિત્ર છાંડી સામાયિક ચારિત્ર પડિવજે શાખ ભગવતીજી શતક ૨૫ મે, ઉદ્દેશે ૭ મે બાબુવાળા છાપેલ પાને ૧૭૮૨ મે દ્વાર ૨૫ મે કહ્યું છે કે—

छेदोवट्ठावणिय पुच्छा, गोयमा छेदोवट्ठावणिय संजय सं जहति सामाइयं संजमं वा परिहारविसुद्धिय संजमेवा सुहुमसंपराय संजमेवा असंजमेवा संजमासंजमेवा असंजमेवा उवसपज्जइ.

અર્થ—છેદોપસ્થાપનીય સાધુ, છેદોપસ્થાનીય ચારિત્ર તજતો થકો, સામાયિક ચારિત્ર, પરિહારવિશુદ્ધ ચારિત્ર, સૂક્ષ્મસંપરાય ચારિત્ર, તથા સંજમાસંજમ (દેશવિરતિ શ્રાવકપણું) તથા અસંજમ તે ચોથે ગુણઠાણે તથા અસંજમી દેવતાપણે પ્રાપ્ત થાય.

તથા ટીકામાં પણ એમ કહ્યું છે કે—

टीकाः–छेदोपस्थानीय संयतः छेदोपस्थानीय संयतत्वंत्यजन् सामायिकसंयतत्वं प्रतिपद्यते तथाहि देव तीर्थे साधु राजित स्वामी तीर्थे प्रतिपद्यमान·

ભાષામાં પણ એજ પ્રમાણે કહ્યું છે. એટલે ભાષામાં અને ટીકામાં કહ્યું છે કે-છેદોપસ્થાપનીય સંજતી તે છેદોપસ્થાપનીય ચારિત્ર તજીને સામાયિક ચારિત્રનું પ્રતિપાદન કરે તે આદિનાથ તીર્થંકરના સાધુ અજીતનાથના તીર્થમાં ભળે ત્યારે તેમની પ્રવૃત્તિ પ્રમાણે સ્વીકાર કરે.

આ ઉપરથી એમ જણાય છે કે-પહેલા તીર્થંકરના સાધુ બીજા તીર્થંકરના શાસનમાં ભળે ત્યારે સામાયિક ચારિત્ર આદરે.

પ્રશ્ન ૫૪—જથાખ્યાત ચારિત્ર છાંડતો શું પામે ?

ઉત્તર—જથાખ્યાત ચારિત્રના બે ભેદ છે. એક ઉપશમ કષાયનું ને બીજું ક્ષીણ કષાયનું. તેમાં ઉપશમ કષાય જથાખ્યાત ચારિત્ર છાંડતો સૂક્ષ્મ સંપરાયપણું પામે તથા અસંજની થાય-તથા સિધ્ધ થાય એટલે અગ્યારમા ગુણઠાણાવાળો હોય તે તેજ ગુણઠાણે કાળ કરે તો અનુત્તરવિમાને દેવતા થાય. તે અસંજતિ હોય, અને પડે તો ૧૦ મે ગુણઠાણે જાય. ત્યાથી ઉપશમવાળો પડે તો પહેલા ગુણઠાણા સુધી પણ જાય, અને દર્શનમોહનીયની ૭ પ્રકૃતિનો ક્ષય અને ચારિત્રમોહનીયની ૨૧ પ્રકૃતિનો ઉપશમવાળો ૧૧ મા ગુણઠાણાવાળો પડે તો ચોથે ગુણઠાણે અટકે એ બીજો ભેદ. અને ત્રીજે ભેદે સિદ્ધ થાય એટલે ૧૧ મા ગુણઠાણેથી ઉપશમ શ્રેણીએથી પડે તો દશમેથી નવમે અને ત્યાંથી આઠમે આવી પ્રથમ સાત પ્રકૃતિનો ક્ષય ન થયો હોય તો તેનો ક્ષય કરી ચારિત્રાવરણીયનો અનુક્રમે ક્ષય કરતા ક્ષપક શ્રેણીએ ચઢી ૯ મે, ૧૦ મે થઇ ૧૨ મે ગુણઠાણે અઠ્ઠાવીશે પ્રકૃતિનો

ક્ષય કરી ૧૩ મા ગુણઠાણે પહેલે સમયે કેવળજ્ઞાન પ્રગટ કરી ૧૪ મે ગુણ ઠાણે જઇ કાળ કરી સિદ્ધ થાય છે

ક્ષીણ કષાય જથાખ્યાત ચારિત્ર છાંડે તો મોક્ષેજ જાય. કારણ કે તે ચારિત્ર ૧૨ મે, ૧૩ મે, ૧૪ મે ગુણઠાણેજ હોય તે અપડવાઇ છે. માટે સિદ્ધજ થાય.

પ્રશ્ન ૫૫—ભગવતીજી શતક ૨૫ મે, ઉદ્દેશે ૭ મે સંજ્યાને અધિકારે દ્વાર ૨૮ મા આકરખા દ્વારમાં કહ્યું છે કે—પરિહારવિશુદ્ધ ચારિત્રીને એક ભવ આશ્રી જઘન્ય ૧ વાર, ઉત્કૃષ્ટ ૩ વાર આવે. અને ઘણા ભવ આશ્રી જઘન્ય બેવાર, ઉત્કૃષ્ટી સાત આકરખા કહી. તેના ભવ ત્રણ કહ્યા તે શી રીતે?

ઉત્તર—પરિહારવિશુદ્ધ ચારિત્ર, પહેલા છેલ્લા તીર્થંકરના વારામાં હોય. તે એક ભવમાં ૧ વાર અથવા ઉત્કૃષ્ટું ૩ વાર અંગીકાર કરે, તે મોટા આઉખાવાળા આશ્રી જણાય છે અને ઘણા ભવ આશ્રી જઘન્ય બે ને ઉત્કૃષ્ટી ૭ આકરખા કહી, તેના ૩ ભવ કહ્યા છે; એટલે ત્રણ ભવમાં ૭ વાર આવે ત્યાં અર્થકારે એમ કહ્યું છે કે, પહેલા ભવમાં ૩ વાર, બીજા ભવમાં ૩ વાર ને ત્રીજા ભવમાં એક વાર એમ ત્રણ ભવ કહ્યા. તે ઉપરાઉપર સલંગના ન લેવા. કારણ કે ઉપરાઉપરના લેતાં વચ્ચે બીજો ભવ દેવતાનો આવે, તેમાં ચારિત્ર હોય નહિ. માટે ત્રણે ભવ ઘણા ભવ આશ્રી મનુષ્યનાજ લેવા, કારણ કે પરિહારવિશુદ્ધ ચારિત્રનું આંતરૂં જઘન્ય અંતર્મુહૂર્તનું અને ઉત્કૃષ્ટું અર્ધપુદ્ગલનું તે ઘણા ભવ આશ્રી મનુષ્યના ત્રણ ભવમાં સાતવાર આવે પછી મોક્ષ જાય.

પ્રશ્ન ૫૬—સૂક્ષ્મસંપરાય અને જથાખ્યાત ચારિત્રમાં ભવ આશ્રી શી રીતે સમજવું?

ઉત્તર—તેમાં પણ ત્રણ ત્રણ ભવ કહ્યા છે, ને પણ મનુષ્યનાજ ભવ આશ્રી સમજવું. એટલે સૂક્ષ્મસંપરાય એક ભવ આશ્રી જઘન્ય ૧ વાર ને ઉત્કૃષ્ટું ૪ વાર આવે ને ઉપશમ શ્રેણીએ દશમે ગુણઠાણે ત્રણવાર ફરસીને પાછો આઠમે ગુણઠાણેથી ક્ષપક શ્રેણીએ ચઢી ચોથીવાર દશમું ગુણઠાણું ફરસી ૧૨ મે જાય. અપડિવાઇ થઇ મોક્ષ જાય.

બીજો ભેદ ઉપશમ શ્રેણીએ ચઢેલો ૧૧ મે ગુણઠાણે બેવાર જઇ ૧૦ મું ગુણઠાણું ૪ વાર ફરસે. એટલે બે વાર ચડતાં ને બે વાર પડતા. એમ ચાર વાર એક ભવમાં ફરસે તો કાળ કરી દેવલોકમા જાય.

અને ઘણા ભવ આશ્રી ૩ ભવમાં ૯ વાર કરે તો પહેલે ભવ ૪ બીજે ભવ ચારવાર અને ત્રીજે ભવ ૧ વાર કરી મોક્ષ જાય. તે પરિ વિશુદ્ધ ચારિત્રની પેઠે અર્ધપુદગળમાં ત્રણ ભવ મનુષ્યના લેવા.

અને જથાખ્યાત ચારિત્ર પણ એક ભવ આશ્રી જઘન્ય ૧ વાર આ અને ઉત્કૃષ્ટું ૨ વાર આવે. ઘણા ભવ તે ૩ ભવમાં ૫ વાર આવે. એટલે એક ભવમાં એકવાર તે ક્ષપક શ્રેણી આશ્રી અને બે વાર તે ઉપશમ શ્રેણીએ ૧૧ મે ગુણઠાણે બે વાર જઈ પાછો વળી આઠમે ગુણઠાણે જાય તે આશ્રી, અને ઘણા ભવ આશ્રી ત્રણ વાર મનુષ્યના ભવમાં બન્ને વાર ઉપશમ શ્રેણીએ ચડી બે મનુષ્ય ભવમાં ૪ વાર અગીઆરમા ગુણઠાણાને ફરસી ત્રીજા મનુષ્યના ભવમાં ક્ષપક શ્રેણીએ ચડી પાચમી વારનું જથાખ્યાત ચારિત્ર ફરસી મોક્ષે જાય. પણ ત્રણ ભવ અર્ધપુદગલની અંદરમાં ગમે ત્યારે કરે.

પ્રશ્ન ૫૭—ભગવતીજી શતક (૨૫) મે ઉદ્દેશે ૪થે-પરંપરા સિદ્ધને નિશ્ચલ કહ્યા અને અનંતર સિદ્ધને સર્વથા કંપે છે એમ કહ્યું, તેનું શું કારણ ?

ઉત્તર—સિદ્ધ ગતિને પ્રાપ્ત થવા વાટે વહેતાં સિદ્ધને અનંતર સિદ્ધ કહીએ તે સર્વથા કંપે છે. અને સિદ્ધપણે પ્રાપ્ત થયા તે પરંપરા સિદ્ધ અચળ છે.

પ્રશ્ન ૫૮—ભગવતીજી શતક (૨૫)મે-ઉદ્દેશે ૬ઠ્ઠે-૨૮મા આકરખા દ્વારમાં-નિયંઠાને પાંચ આકરખા કહી તે શી રીતે ?

ઉત્તર—પહેલે ભવે ઉપશમ શ્રેણી બે વાર કરી મરી અનુત્તર વિમાને જાય. ને ત્રીજે ભવે વળી નિયંઠો (નિયંઠો એટલે ૧૧મે-૧૨મે-ગુણઠાણે પ્રવર્તે તે) થઇ એટલે ૧૧મે ગુણઠાણે બે વાર ઉપશમ શ્રેણી કરીને ત્રીજી વાર ક્ષપક શ્રેણીએ ચડી સિદ્ધ થાય એટલે પહેલા વિકલ્પે આ પ્રમાણે ત્રણ ભવમાં પાંચ આકરખા થાય. અને બીજે વિકલ્પે અર્ધ પુદગલમાં ત્રણ વાર મનુષ્યના ભવમાં પ્રથમના બે ભવમાં બન્ને વાર અગ્યારમા ગુણઠાણે નિયંઠા પણે ફરસી, પછી, કાળ કરી ત્રીજા મનુષ્યના ભવમાં બારમે ગુણઠાણે નિયંઠાપણે અપડિવાઇ થાય તેજ ઉદ્દેશામાં નિયંઠાનું આંતરૂં ઉત્કૃષ્ટ અનંતા કાળનું કહ્યું છે, તે વિરાધક આશ્રી કહેલ છે અને તેજ અધિકારે નિયંઠો ઉપશમ શ્રેણી એક ભવમાં બે વાર કરે એમ કહ્યું

એ, તે ઉપરથી ઘણા ભવમાં બબ્બે વાર ૧૧મા ગુણઠાણે અને એક વાર ૧૨મા ગુણઠાણે નિયંઠા પણાની પાંચ આકરખા કરે.

પ્રશ્ન ૫૯—ભગવતીજી શતક (૨૫)મે-ઉદ્દેશે છઠે-નિયંઠા અધિકારે પુલાક નિયંઠાને ૩ સમુદ્‌ઘાત કહી. વેદનીય, કષાય, મારણાંતિક, ૩ તો અહિં પુલાકનું મરવું નથી ને મારણાંતિક સમુદ્‌ઘાત કેમ કહી ?

ઉત્તર—પુલાક નિયંઠે પ્રવર્તતાં મારણાંતિક સમુદ્‌ઘાત હોય. પછી સમુદ્‌ઘાતથી નિવર્તી કષાય કુશીલાદિક પામી મરે. એમ અર્થકારે કહ્યું છે

પ્રશ્ન ૬૦—પુલાકની ગતિ આઠમા દેવલોક સુધીની કહી છે. તે તે આશ્રી મરવા સંભવ છે તે કેમ ?

ઉત્તર—પુલાકપણામાં વર્તતાં આઠમા દેવલોકનો બંધ પાડે તે આશ્રી કહેલ છે. પણ પુલાકપણામાં મરે નહિ. અનેરા નિયંઠે મરી આઠમે દેવલોકે જાય ઇત્યર્થઃ—

પ્રશ્ન ૬૧—પુલાક નિયંઠાની ઘણા જીવ આશ્રી સ્થિતિ જઘન્ય એક સમયની ઉત્કૃષ્ટી અંતર્મુહૂર્તની કહી છે તે શી રીતે ?

ઉત્તર—પુલાકનિયંઠો અંતર્મુહૂર્તની સ્થિતિએ વર્તતાં એક સમય બાકી રહ્યો છે એવો એક જીવ છે ને બીજો જીવ પુલાકપણાને પ્રાપ્ત થયો. પ્રથમનો જીવ એક સમય રહીને અનેરા નિયંઠે પહોંચ્યો તે આશ્રી જાણવું.

પ્રશ્ન ૬૨—ભગવતીજી શતક ૨૫ મે, ઉદ્દેશે ૫ મે, ગયા કાળથી અનાગત કાળ એક સમય અધિક અને આવતા કાળથી ગયો કાળ એક સમય ઉણો રહ્યો તેનું શું કારણ ?

ઉત્તર—કાળની આદિ અંત નથી, માટે જ્ઞાની પુરુષોએ પૂછ્યા સમયનો વર્તમાન સમય (જ્યારે પૂછે ત્યારે) અનાગત કાળમાં ગણ્યા. વર્તમાનનો એક સમય અધિક કહ્યો; એ પણ અનાદિસિદ્ધ વસ્તુ છે

પ્રશ્ન ૬૩—ભગવતીજીમાં શતક ૨૫ મે, ઉદ્દેશે ૭ મે સંજયાના અધિકારે કહ્યું છે કે-દ્રવ્યલિંગ આશ્રી, સ્વલિંગમાં ૫ ચારિત્ર લાભે અને અન્યલિંગ ગૃહલિંગમાં પરિહારવિશુદ્ધ વરજી ૪ ચારિત્ર લાભે, અને ભાવલિંગ આશ્રી સ્વલિંગમાં પણ પાંચ ચરિત્ર લાભે, અન્યલિંગ ગૃહલિંગમાં એકે ચારિત્ર ન લાભે. એટલે સ્વલિંગમાં દ્રવ્યલિંગ આશ્રી અને ભાવલિંગ આશ્રી પાંચે ચારિત્ર કહ્યાં. અને અન્યલિંગ ગૃહલિંગમાં દ્રવ્યલિંગ આશ્રી ૪ ચારિત્ર અને ભાવલિંગમાં એકે ચારિત્ર નહિ. આ વિધિ શું સમજવું ?

ઉત્તર—દ્રવ્યલિંગ આશ્રી સ્વલિંગમાં પાંચે ચારિત્ર કહ્યાં તેના વિકલ્પ છે. એક તો એક ઉપશમ શ્રેણીથી પડતાં અને બીજો વિકલ્પ-અથોચાનો તથા અન્યલિંગ ગૃહલિંગને ભાવચારિત્રના બળે કેવળજ્ઞાન ઉત્પન્ન થયે વધારે આયુષ્ય હોવાથી જૈનલિંગ ધારણ કરે, તે તેને દ્રવ્યલિંગ છે, અને જૈનનો સ્વલિંગ છે. માટે દ્રવ્યલિંગ આશ્રી સ્વલિંગમાં પાંચે ચારિત્ર કહ્યાં, અને ભાવલિંગ આશ્રી સ્વલિંગમાં પાંચે ચારિત્ર લાભે તે સમકિત સહિત મૂળ સાધુના (જૈનના) લિંગે (વેશે) તો પાંચે ચારિત્ર હોય.

અને દ્રવ્યલિંગ આશ્રી અન્યલિંગ ગૃહલિંગ તે તેનો સ્વલિંગ છે પણ ...રથી સમકિત પ્રગટયે ૪ ચારિત્ર (પરિહારવિશુદ્ધ વરજી) પ્રાપ્ત થયે, ...લિંગ તે દ્રવ્યલિંગ કહ્યા—અને ભાવલિંગ આશ્રી સ્વલિંગમ. એટલે સાધુ ...માં તો પાંચે ચારિત્ર લાભે. એટલે સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર સહિત સાધુનો વેશ તે ભાવેથી સ્વલિંગ કહીએ. તેમાં પાંચે ચારિત્ર લાભે.

અને ભાવથી અન્યલિંગ ગૃહલિંગ તે તેના મનના મમત્વ સહિત, ...દૃષ્ટિ સહિત, કદાગ્રહ સહિત, લિંગમાં એકે ચારિત્ર નહિ. એટલે ...લિંગ અને ગૃહલિંગ તેના મતનો સ્વલિંગ છે. અને મિથ્યાદૃષ્ટિને લઈને ... કદાગ્રહને લઈને તેનો ભાવ લિંગ છે. માટે એકે ચારિત્ર ન હોય.

પ્રશ્ન ૬૪—અન્યલિંગ ગૃહલિંગમાં છેદોપસ્થાનીય ચારિત્ર કેવી રીતે લાભે?

ઉત્તર—કોઈ જૈનના સાધુપર રાજાદિકનો કોપ થયો હોય કે અમુક સાધુને પકડવો એમ સાધુના જાણવામાં આવવાથી સાધુએ વેશ બદલો કરી નાંખ્યો. અન્યલિંગ કે ગૃહલિંગ ધારણ કરી લીધો. એટલે ભાવથી સાધુપણું (ચારિત્ર) સાબીત રાખી દ્રવ્યથી અન્યલિંગ ગૃહલિંગ ધારણ કરી નીકળી જાય તે આશ્રી. અથવા રાજાએ કોઈ જૈન સાધુ ઉપર ફરજ પાડી કે અમુક મુદતમાં મારી હદ છોડી દેવી, તેટલી મુદતમાં હદ નહિ છોડી શકવાના કારણે રાજાના ભયને લઈને વેશ પાલટો કરે. સાધુપણાનો વેશ મૂકીને દ્રવ્યથી બીજો વેશ ધારણ કરે, ભાવથી મુનિપણું સાબીત રાખે તે આશ્રી છેદોપસ્થાપનીય ચારિત્ર લાભે. અર્થાત્ તને ચારે ચારિત્ર લાભે પણ એક પરિહારવિશુદ્ધ ચારિત્ર મુનિના વેશ વિના નજ હોય એવો જૈનશાસ્ત્રનો ન્યાય છે.

પ્રશ્ન ૬૫—ભ. શ. ૨૫ મે, ઉ. ૬ ઠ્ઠે નિગ્રંથ નિયંઠાને એકે સમુદ... નથી તો તેની (૧૧ મા ગુણઠાણાની) ગતિ અનુત્તર વિમાનની કહી ... મારણાંતિક સમુદ્દઘાત વિના કેમ મરે?

ઉત્તર—અસમોહિયા મરણે મરે તે સમુદ્ઘાત કર્યા વિના મરે તે આથી મારણાંતિક સમુદ્ઘાત ન હોય.

પ્રશ્ન ૬૬—પન્નવણાજીમાં આશાલીઆ નામનો જીવ સમૂર્છિમ પંચેંદ્રિય ધરતીમાં ઉત્પન્ન થાય છે તે ચક્રવર્તિ, વાસુદેવ, માંડલિક વગેરેના સ્કંધાવારમાં સમૂર્છિમ તિર્યંચ પંચેંદ્રિયપણે ઉત્પન્ન થાય છે. તે જમીન પોલી કરીને તેમાં કટકના કટકનો નાશ કરે છે. તે પ્રમાણે પન્નવણા માં કહ્યું છે. તે સંબંધી બીજો કોઇ દાખલો આપી સિદ્ધ કરી આપો તેમ છે?

ઉત્તર—હા, સાંભળો. સરસ્વતી નામનું માસિક ભાગ ૧૯ મો ખંડ ૨ જો જુલાઇ ૧૯૧૮ સંખ્યા ૧ પૂર્ણ સંખ્યા–૨૨૩ માં પૃષ્ઠ ૨૨ મે ... ૧ લે "પતંગ ઔર લકડી કે કીડે" એ નામના લેખમાં લખ્યું છે કે—

"પતંગ કે કીડે જિસી ગીમા તક હમારી આજ કલકી સેના કે ઉન સિપાહીયોંકે સમાન હૈ જિનકો હમ સેપર્સ ઔર માઇનર્સ કે નામ સે પુકારતે હૈં. જો પૃથ્વીકે ભીતર સુરંગ ખોદકર દૂર તક ચલે જાતે હૈં. [illegible]

[illegible]

છે, ત્યાં એક પુરૂષવેદ છે. તથા વિપાક સૂત્રમાં સિંહરથ રાજા મરીને સ્ત્રી થયેલ છે.

પ્રશ્ન ૬૮—અનુત્તર વિમાનના દેવતાઓ અંદરો અંદર કાંઇ વિચાર કે વાતચીત કરે કે કેમ?

ઉત્તર—એક બીજા મને કરીને વાતો કરે, વિચાર કરે. જેમ ભગવતીજીમાં કહ્યું છે કે અનુત્તર વિમાનના દેવતાને મનોદ્રવ્યની વર્ગણાની લબ્ધિ હોવાથી કેવળી ભગવંતને મને કરીને પ્રશ્ન પૂછે અને કેવળી પણ મને કરીને ઉત્તર આપે, તે મને કરીને ગ્રહણ કરે એમ કહ્યું છે. એ ઉપરથી અંદરો અંદર મને કરી અનુત્તર વિમાનના દેવતા વાત વિચાર કરે, પોતપોતાના મહેલમાં રહ્યાં થકાં વિચાર તથા વાતો કરવા સંભવ છે. તેની વિશેષ સાબીતી માટે જ્ઞાતાજી સૂત્રના અધ્યયન ૮ મે બાબુવાળા છાપેલા પાને ૮૪૩ મે તથા ૮૪૪ મે મલ્લિનાથ ભગવાનના અધિકારે કહ્યું છે કે:

ગાથાઃ—

— किंच तयं पम्हुट्ठं, जंच तया भो जयंत पवरंमि;
वुच्छा समय णिबद्धं, देवा तं संभरह जाइं. १.

टीका :—किंच तयं गाहा, किंमिति प्रश्ने, च इति वाक्यालंकारे, तयत् पम्हुट्ठं विस्मृतं जंचिवत् च इति वाक्यालंकारे, तदा-तस्मिन् काले भो इत्यामंत्रणे, जयंत पवरे जयंताभिधाने प्रवरे, अनुत्तर विमाने वुच्छत्ति, उषिता निवासं कृतवत समय निबद्धं, मनसा निबद्धं, संकेतं, यथा प्रतिबोधनीया वयं परस्परे णेति समय निबद्धं, वास द्विवैर्या, उपाता आविरता देवाः अनुत्तर सुराः संतः संबंध देवता वा देव संबंधिनीं संस्मरत जाति.

ભાષાઃ—ગાથા—કિંમિતિ પ્રશ્ને—ચંતિ વાક્યાલંકારે, તયંતને, જ ચં ચેતિ વાક્યાલંકારે, ત્યાં તે કાલને વિષે, ભો—ઇતિ આમંત્રણે, જયંત નામા પ્રવર પ્રધાન અનુત્તર વિમાનને વિષે વસ્યા રહ્યા સમય નિબદ્ધ૦ મને કરી નિબદ્ધ બાંધ્યો દીધો જે સંકેત જિમ તિમ અમ્હે પ્રતિબોધવા પરસ્પરે અથવા સમયનિબદ્ધ૦ સંઘાતે કરી જે કહી વાપી જાતિ જન્મ અવતાર પ્રતેં તુમ્હે સંભારો એમ કહ્યો કુમારી ઇહાં મલ્લી કુંવરીએ કહ્યો કે, આજથી ત્રીજે ભવે, પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રને વિષે સલિલાવતી વિજય વિષે વીતશોકા રાજધાનીને વિષે, મહાબલ પ્રમુખ આદિ દેઈ સાતે આપણે

ઉત્તર—અસમોહિયા મરણે મરે તે સમુઘાત કર્યા વિના મરે તે આવી મારણાંતિક સમુઘાત ન હોય.

પ્રશ્ન ૬૬—પન્નવણાજીમાં આસાલીઆ નામનો [illegible] પંચેંદ્રિય [illegible] ઉત્પન્ન થાય છે તે ચક્રવર્તિ, વાસુદેવ, માંડલિક વગેરે [illegible] સમુચ્છિમ તિર્યંચ પંચેંદ્રિયપણે ઉત્પન્ન થાય છે તે [illegible] [illegible] તેમાં [illegible] નાશ કરે છે. તે પ્રમાણે [illegible] [illegible] છે તે [illegible] સિદ્ધ કરી આપો તેમ છે.

ઉત્તર—[illegible] નામનું માસિક [illegible] સંખ્યા ૧ પૂર્ણ સંખ્યા-૨૨૨ માં પૃષ્ઠ [illegible] [illegible] એ નામના લેખમાં લખ્યું છે—

[illegible]

[illegible]

[illegible]

[illegible]

છે, ત્યાં એક પુરૂષવેદ છે. તથા વિપાક સૂત્રમાં સિંહરથ રાજા મરીને સ્ત્રી થયેલ છે.

પ્રશ્ન ૬૮—અનુત્તર વિમાનના દેવતાઓ અંદરો અંદર કાંઇ વિચાર કે વાતચીત કરે કે કેમ?

ઉત્તર—એક બીજા મને કરીને વાતો કરે, વિચાર કરે. જેમ ભગવતીજીમાં કહ્યું છે કે અનુત્તર વિમાનના દેવતાને મનોદ્રવ્યની વર્ગણાની લબ્ધિ હોવાથી કેવળી ભગવંતને મને કરીને પ્રશ્ન પૂછે અને કેવળી પણ મને કરીને ઉત્તર આપે, તે મને કરીને ગ્રહણ કરે એમ કહ્યું છે. એ ઉપરથી અંદરો અંદર મને કરી અનુત્તર વિમાનના દેવતા વાત વિચાર કરે, પોતપોતાના મહેલમાં રહ્યાં થકાં વિચાર તથા વાતો કરવા સંભવ છે. તેની વિશેષ સાબીતી માટે જ્ઞાતાજી સૂત્રના અધ્યયન ૮ મે બાબુવાળા છાપેલા પાને ૮૪૩ મે તથા ૮૪૪ મે મલ્લિનાથ ભગવાનના અધિકારે કહ્યું છે કેઃ

ગાથાઃ—

— किंच तयं पम्महु, जंच तया मो जयंत पवरंमि;
वुच्छा समय णिबद्धं, देवा तं संभरह जाइ. १.

टीका :—किंच तयं गाहा, किमिति प्रश्ने, च इति वाक्यालंकारे, तयतद् पम्हहं विस्मृतं जंविषत् च इति वाक्यालंकारे, तदा-तस्मिन् काले भो इत्यामंत्रणे, जयंत पवरे जयंताभिधाने प्रवरे, अनुत्तर विमाने वुच्छति, उषिता निवासं कृतवंत. समय निबद्धं, मनसा निबद्धं, संकेतं, यथा प्रतिबोधनीया वयं परस्परे गेति समय निबद्धं, वास हिवैर्षी, उपात्ता जातिस्ता देवाः अनुत्तर सुराः संतः कृतिम देवता या देव संबंधिनां संस्मरत जाति.

ભાષાઃ—ગાથા—કિંમિતિ પ્રશ્ને—ચેતિ વાક્યાલંકારે, તમંતસે, જં જે ચેતિ વાક્યાલંકારે, ત્યાં તે કાલને વિષે, ભો—ઇતિ આમંત્રણે, જયંત નામા પ્રવર પ્રધાન અનુત્તર વિમાનને વિષે વસતા હતા સમય નિબદ્ધં૦ મને કરી નિબદ્ધ બાંધ્યો દીધો જે સંકેત જિમ તિમ અમ્હે પ્રતિબોધવા માંહોમાંહે અથવા સમયનિબદ્ધં૦ સંધાતે કરી જે ગ્રહી રાખી જાતિ જન્મ અવતાર પ્રતેં તુમ્હે સંભારો ઇમ કહ્યા કુમારી. ઇહાં મલ્લી કુંવરીએ કહ્યો કે, આજથી ત્રીજે ભવે, પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રને વિષે સલિલાવતી વિજયને વિષે વીતશોકા રાજધાનીને વિષે, મહાબળ પ્રમુખ આદિ દેઇ સાતે આપણે પ્રિય બાળમિત્ર રાજન હતા. (વગેરે સ્પષ્ટ નય કરી આપણે અનુત્તર

ઉત્તર—અસમોહિયા મરણે મરે તે સમુદ્ઘાત કર્યાં વિના મરે. તે આથી મારણાંતિક સમુદ્ઘાત ન હોય.

પ્રશ્ન ૬૬—પન્નવણાજીમાં આશેલીઆ નામનો જીવ સમૂર્ચ્છિમ પચેંદ્રિય ધરતીમાં ઉત્પન્ન થાય છે તે ચક્રવર્તિ, વાસુદેવ, મંડલિક વગેરેના ખંડારવમાં સમૂર્ચ્છિમ તિર્યંચ પચેંદ્રિયપણે ઉત્પન્ન થાય છે. તે જમીન પોલી કરીને તેમાં કટકના કટકનો નાશ કરે છે. તે પ્રમાણે પહેલા પદમાં કહ્યું છે. તે સંબંધી બીજો કોઇ દાખલો આપી સિદ્ધ કરી આપો તેમ છે?

ઉત્તર—હા, સાંભળો. સરસ્વતી નામનું માસિક ભાગ ૧૯ મો ખંડ ૨ જો જુલાઇ ૧૯૧૮ સંખ્યા ૧ પૂર્ણ સંખ્યા-૨૨૩ માં પૃષ્ટ ૨૨ મે કોલમ ૧ લે "પત્થર ઔર લકડી કે કીડે" એ નામના લેખમાં લખ્યું છે કે—

"પત્થર કે કીડે કિસી સીમા તક હમારી આજ કલકી સેનાઓં કે ઉન સિપાહીયોંકે સમાન હૈ જિનકો હમ સેપર્સ ઔર માઇનર્સકે નામસે પુકારતે હૈં. જો પૃથ્વીકે ભીતર સુરંગ ખોદકર દૂર તક ચલે જાતે હૈં, જો અપને શત્રુઓંકે બડે બડે દ્રઢ ગઢોંકો ક્ષણમેં બાસીદસે ઉડા દેતે હૈ. ઔર અપને સિપાહીયોંકે બચાવકે લિએ પુસ્તે ઔર ખાઇયાં ઇત્યાદિ બનાતે હૈં. યે કીડે ભી અપને લગાતાર ઉદ્યોગ સેંકડે સેંકડે પત્થરોંકી તહોંમેં દૂર તક ચલે જાતે હૈં. વહાં અપને લિયે છોટી છોટી કોઠરીયાં બનાકર એકાન્તમેં ઇશ્વર ભજન સા કિયા કરતે હૈં. બહુધા સંગ મરમર ટુકરોંકે ભીતર, જિનકો સંગ તરાશ અપને લોહે કે ઓજારોસેં ભી બડી કઠીનતાસે કાટ પાતે હૈં. યે કીડે જીવિત નિકલતે હૈ. તબ લોગ ઇનકો દેખકર દંગ રહ જાતે હે, ઔર સમજતે હૈં કિ યે પત્થરહીમેં પેદા હોતે હૈં. પરંતુ યહ વિચાર ઠીક નહીં.

આ ઉપરનો લેખ દર્શનિક પૂરાવો આપવે કરી જૈન સિદ્ધાંતના શબ્દોને મજબુત કરે છે.

પ્રશ્ન ૬૭—સ્ત્રી વેદે મરી પુરૂષ વેદે ઉત્પન્ન થવાનો કોઇ સૂત્રનો દાખલો છે?

ઉત્તર—હા. જ્ઞાતાજી સૂત્રના ૧૪ મા અધ્યયનમાં પોટીલાના અધિકારે પોટીલા તેતલી પ્રધાનની સ્ત્રી સંયમ પામી મરીને પોટીલ દેવ થયેલ છે. તથા દશાશ્રુત સ્કંધના ૧૦ મા અધ્યયનમાં નિયાણાના અધિકારે સાધુ સ્ત્રીનું ને સાધ્વી પુરૂષનું નિયાણું કરી નવ ગ્રૈવેયકમાં ઉપજે એમ કહ્યું

છે, ત્યાં એક પુરૂષવેદ છે. તથા વિપાક સૂત્રમાં સિંહરથ રાજા મરીને સ્ત્રી થયેલ છે.

પ્રશ્ન ૬૮—અનુત્તર વિમાનના દેવતાઓ અંદરો અંદર કાંઇ વિચાર કે વાતચીત કરે કે કેમ?

ઉત્તર—એક બીજા મને કરીને વાતો કરે, વિચાર કરે. જેમ ભગવતીજીમાં કહ્યું છે કે અનુત્તર વિમાનના દેવતાને મનોદ્રવ્યની વર્ગણાની લબ્ધિ હોવાથી કેવળી ભગવંતને મને કરીને પ્રશ્ન પૂછે અને કેવળી પણ મને કરીને ઉત્તર આપે, તે મને કરીને ગ્રહણ કરે એમ કહ્યું છે. એ ઉપરથી અંદરો અંદર મને કરી અનુત્તર વિમાનના દેવતા વાત વિચાર કરે, પોતપોતાના મહેલમાં રહ્યાં થકાં વિચાર તથા વાતો કરવા સંભવ છે. તેની વિશેષ સાબીતી માટે જ્ઞાતાજી સૂત્રના અધ્યયન ૮ મે બાબુવાળા છાપેલા પાને ૮૪૩ મે તથા ૮૪૪ મે મલ્લિનાથ ભગવાનના અધિકારે કહ્યું છે કે:

ગાથાઃ—

— किंच तयं पम्हट्ठं, जंच तया भो जयंत पवरंमि;
वुच्छा समय णिबद्धं, देवा तं संभरह जाइ. १.

टीका :—किंच तयं गाहा, किमिति प्रश्ने, च इति वाक्यालंकारे, तयत् पम्हट्ठं विस्मृतं जंतिथत् च इति वाक्यालंकारे, तदा-तस्मिन् काले भो इत्यामंत्रणे, जयंत पवरे जयंताभिधाने प्रवरे, अनुत्तर विमाने वुच्छति, उषिता निवासं कृतवंत. समय निबद्धं, मनसा निबद्धं, संकेतं, यथा प्रतिबोधनीया वयं परस्परे गेनि सबद्ध निबद्धं, षाय हितैर्वा, उपाता अतिरता देवाः अनुत्तर सुराः संतः संतिम देवता वा देव संबंधिनी संस्मरत जाति.

ભાષાઃ—ગાથા—કિંમિતિ પ્રશ્ને—ચેતિ વાક્યાલંકારે, તમંતને, જ જં ચેતિ વાક્યાલંકારે, ત્યાં તે કાળને વિષે, ભો—ઇતિ આમંત્રણે, જયંત નામા પ્રવર પ્રધાન અનુત્તર વિમાનને વિષે વસતા રહ્યા સમય નિબદ્ધં૦ મને કરી નિબદ્ધ બાંધ્યો કીધો જે સંકેત જિમ તિમ અમ્હે પ્રતિબોધવા માંહોમાંહે અથવા સમયનિબદ્ધં૦ સંઘાતે કરી જે મહી લાધી જાતિ જન્મ અવતાર પ્રતે તુમ્હે સંભારો ઇમ કહ્યો કુમારી છતાં મલ્લી કુંવરીએ કહ્યો છે, આજથી ત્રીજે ભવે, પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રને વિષે સલિલાવતી વિજયને વિષે વીતશોકા રાજધાનીને વિષે, મહાબળ પ્રમુખ આદિ દેઇ સાતે આપણે મિત્ર બાળમિત્ર રાજા હતા. (વધેરે કષ્ટ તપ કરી આપણે અનુત્તર

વિમાનમાં ઉપન્યા. અને અનુત્તર વિમાનમાં મને કરી સંકેત કર્યો. કે આવતે ભવે અમને સંબોધજો. ઇત્યાદિ.)

આ ઉપરથી અનુત્તર વિમાનના દેવતા મને કરીને વાતો કરે છે. આલાપ સલાપ કરે છે એમ નિશ્ચય થયું.

પ્રશ્ન ૬૯—ભગવંત મહાવીરનો નિર્વાણ અઢાર દેશના રાજાએ કેમ જાણ્યો ?

ઉત્તર—કેટલાક કહે છે કે–અઢાર દેશના રાજા ચેડા કોણિકની લડાઇમાંથી પાછા વળ્યા તે વખતે વળતાં ભગવંતના દર્શનાર્થે પાવાપુરીએ આવ્યા ને બીજે દિવસે ભગવંતે બે દિવસનો સંથારો કર્યો. એટલે અઢાર દેશના રાજાઓ પણ છઠ્ઠ પોષા કરીને ત્યાં રહ્યા. એમ કેટલાકનું કહેવું છે. પણ તે વાત મળતી નથી, કારણ કે તે લડાઇને અને ભગવંતના નિર્વાણને આંતરૂં ઘણું છે, માટે તે સંબંધ મળે નહીં.

પ્રશ્ન ૭૦—ભગવંતના નિર્વાણને અને કોણિકની લડાઇને કેટલું આંતરૂં છે તે સિદ્ધાંતથી નિર્ણય થાય તેમ છે ?

ઉત્તર—કોણિકની લડાઇ તો ગોશાળાની હયાતિમાં થઇ છે, ગોશાળે આઠ બોલની પરૂપણા કરી છે. તેમાં કહ્યું છે કે; ચરમ તીર્થંકરને જ્યારે નિર્વાણ થાય ત્યારે આઠ ચરમ અવશ્ય થાય તેમાં ચરિમ સિંચાનક હસ્તિ અને મહાશીલાકંટક સંગ્રામ કહેલ છે. વગેરે આઠ વાનાં જિનના નિર્વાણ કાળે છુનનેજ હોય. માટે હું હવે નિર્વાણ થઇશ. એમ થાય તે પોતાના નિર્વાણ માટે આઠ બોલ પરૂપ્યા છે. તો ગોશાળાના કાળ સમય અને ભગવંત મહાવીરના નિર્વાણને ૧૬ વરસનું આંતરૂં છે. એમ ભગવતીજીના ૧૫ મા શતકમાં કહ્યું છે.

ગોશાળે ભગવંત ઉપર તેજુલેશ્યા મૂકીને કહ્યું કે હે, કાશ્યપ મારી તેજુલેશ્યાથી અત્યારે તો મુઓ નહિ, પણ આજથી છ મહિને મારી તેજુલેશ્યાથી તારૂં છદમસ્થપણામાં મૃત્યુ થશે. ત્યારે તેજ વખતે ભગવતે કહ્યું કે મારે હજુ કેવળદશામાં ગંધહસ્તીની પેરે ૧૬ વરસ વિચરવું છે આ ઉપરથી એમ જણાય છે કે–કોણિકની લડાઇ ગોશાળાની હયાતીમા થઇ છે તો ભગવંતના નિર્વાણને ૧૬ વરસ આસેરૂં આંતરૂં હોવું જોઇએ. તે નીચેના દાખલાથી વધારે સાબીત થશે.

કાળીઆદિ દશ રાણીઓએ કાળીવાદિક દશ કુમાર લડાઇમાંથી જીવતા આવશે કે કેમ ? તેની પૃચ્છા ભગવંત પાસે કરી, અને ભગવંતે

તરમાં કાળીયાદિક દશે કુમાર લડાઇમાં કામ આવી ગયા વગેરે સાંભળીને
દશે રાણીઓએ દીક્ષા લીધી. આઠ આઠ વરસ દીક્ષા પાળી. ભગવંતની
હયાતીમાં ઘણા પ્રકારની તપસ્યા કરી, અંતગડ કેવળી થઇ મોક્ષ ગયા. એ
ઉપરથી પણ લડાઇ ને ભગવંતના નિર્વાણ વચ્ચે આંતરૂં ઘણું પડ્યું છે.

બીજો સજ્જડ દાખલો એ છે કે જેના માટે લડાઈ થઇ તે વિહલ્લ
કુમાર–ચેલણાના દીકરાએ મહાવીર પાસે દીક્ષા લીધી અને બાર વરસ દીક્ષા
પાળી, મહાવીરની હયાતીમાં અનુત્તરવિમાને ગયા. એમ અનુત્તરોવવાઇ
સૂત્રમાં આઠમા અધ્યયનમાં કહેલ છે.

માટે અઢાર દેશના રાજા લડાઇમાંથી વળતાં ભગવંતના નિર્વાણ
વખતે આવી પહોંચ્યા એ સંબંધ મળતો નથી.

પ્રશ્ન ૭૧—તો અઢારે દેશના રાજા બે દિવસ અગાઉ નિર્વાણ ઉપર
શા આધારે આવી પહોંચ્યા કે છેવટનો વખત તેમના જાણવામાં આવ્યો?

ઉત્તર—સાંભળો–ગોશાળાને ૧૬ વરસ, અને શીયા અણગારને સાડા
પંદર વરસ ભગવંતે પોતાને વિચરવા આશ્રા કહ્યાં. તે ઉપરથી ઘણા લોકોએ
આ ભગવંતનું ચરમ ચોમાસું છે, એમ ગણતરીમાં લઇને અઢાર દેશના રાજા
વગેરે હાજર થયા.

પ્રશ્ન ૭૨—ભગવંતનો નિર્વાણ આસો વદ (સિદ્ધાંતમતે કાર્તિક વદ)
અમાવાસ્યાએજ થશે, એમ સૌ કોઇએ શા ઉપરથી જાણ્યું કે તેજ વખતે
અઢાર દેશના રાજા હાજર થયા?

ઉત્તર—આ ઉપરથી એમ નિશ્ચય થાય છે કે–ગોશાળાના હુમલા
વખતે ભગવંતનું ચોમાસું સાવત્થી નગરીમા હોવું જોઇએ. અને ભગવંત
ઉપર તેજુલેશ્યા પણ આસો વદી અમાસને રોજે મૂકેલી હોવી જોઇએ
અને ભગવંતનું વાક્ય ૧૬ વરસ પોતાને વિચરવાનું નીકળવાથી આસો વદ
અમાવાસે ૧૬ વરસ પૂરા થવાનાં એમ જાણીને આવ્યા. તથા બીજું કારણ,
સિદ્ધાંતના ન્યાયે પહેલા અને છેલ્લા તીર્થંકરનો નિર્વાણ ચાલતા આરાના
ત્રણ વરસ અને સાડાઆઠ મહિના બાકાત રહે ત્યારે થાય એમ અનાદિ
કાળની સ્થિતિ અવસર્પિણીકાળની ચાલી આવે છે. એટલે ત્રીજા આરાના
ત્રણ વરસ અને સાડાઆઠ માસ બાકાત રહે ત્યારે પહેલા તીર્થંકરનો નિર્વાણ
થાય, અને ચોથા આરાના ૩ વરસ અને સાડાઆઠ માસ રહે ત્યારે ચ[illegible]
તીર્થંકરનો નિર્વાણ થાય. એ અપેક્ષાએ (સિદ્ધાંતમતે કાર્તિક વદ અમાવ[illegible]
અને ચાલતા સમયના આસો વદ અમાવાસે) ભગવંત મહાવીર નિ[illegible]

વિમાનમાં ઉપન્યા. અને અનુત્તર વિમાનમાં મને કરી સંકેત કર્યો કે આવતે ભવે અમને સંબોધજો. ઇત્યાદિ.)

આ ઉપરથી અનુત્તર વિમાનના દેવતા મને કરીને વાતો કરે છે. આલાપ સલાપ કરે છે એમ નિશ્ચય થયું.

પ્રશ્ન ૬૯—ભગવંત મહાવીરનો નિર્વાણ અઢાર દેશના રાજાએ કેમ જાણ્યો ?

ઉત્તર—કેટલાક કહે છે કે–અઢાર દેશના રાજા ચેડા કોણિકની લડાઇમાંથી પાછા વળ્યા તે વખતે વળતાં ભગવંતના દર્શનાર્થે પાવાપુરીએ આવ્યા ને બીજે દિવસે ભગવંતે બે દિવસનો સંથારો કર્યો. એટલે અઢાર દેશના રાજાઓ પણ છઠ્ઠ પોષા કરીને ત્યાં રહ્યા. એમ કેટલાકનું કહેવું છે. પણ તે વાત મળતી નથી, કારણ કે તે લડાઇને અને ભગવંતના નિર્વાણને આંતરૂં ઘણું છે, માટે તે સંબંધ મળે નહીં.

પ્રશ્ન ૭૦—ભગવંતના નિર્વાણને અને કોણિકની લડાઇને કેટલું આંતરૂં છે તે સિદ્ધાંતથી નિર્ણય થાય તેમ છે ?

ઉત્તર—કોણિકની લડાઇ તો ગોશાળાની હયાતિમાં થઇ છે, ગોશાળે આઠ બોલની પરૂપણા કરી છે. તેમાં કહ્યું છે કે; ચરમ તીર્થંકરને જ્યારે નિર્વાણ થાય ત્યારે આઠ ચરમ અવશ્ય થાય તેમાં ચરિમ સિંચાનક હસ્તિ અને મહાશીલાકંટક સંગ્રામ કહેલ છે. વગેરે આઠ વાનાં જિનના નિર્વાણ કાળે છેનનેજ હોય. માટે હું હવે નિર્વાણ થઇશ. એમ થાય તે પોતાના નિર્વાણ માટે આઠ બોલ પરૂપ્યા છે. તો ગોશાળાના કાળ સમય અને ભગવંત મહાવીરના નિર્વાણને ૧૬ વરસનું આંતરૂં છે. એમ ભગવતીજીના ૧૫ મા શતકમા કહ્યું છે.

ગોશાળે ભગવંત ઉપર તેજુલેશ્યા મૂકીને કહ્યું કે હે, કાસવા મારી તેજુલેશ્યાથી અત્યારે તો મુઓ નહિ, પણ આજથી છ મહિને મારી તેજુલેશ્યાથી તારૂં છદ્મસ્થપણામાં મૃત્યુ થશે. ત્યારે તેજ વખતે ભગવંતે કહ્યું કે મારે હજુ કેવળદશામાં ગંધહસ્તીની પેરે ૧૬ વરસ વિચરવું છે આ ઉપરથી એમ જણાય છે કે-કોણિકની લડાઇ ગોશાળાની હયાતીમાં થઇ હોય તો ભગવંતના નિર્વાણને ૧૬ વરસ ઝાઝેરૂં આંતરૂં હોવું જોઇએ. તે નીચેના દાખલાથી વધારે સાબીત થશે.

કાળીઆદિ દશ રાણીઓએ કાળીયાદિક દશ કુમાર લડાઇમાંથી જીવતા આવશે કે કેમ ? તેવી પૃચ્છા ભગવંત પાસે કરી; અને ભગવંતે

ઉત્તરમાં કાળીયાદિક દશે કુમાર લડાઇમાં કામ આવી ગયા વગેરે સાંભળીને દશે રાણીઓએ દીક્ષા લીધી. આઠ-આઠ વરસ દીક્ષા પાળી. ભગવંતની હયાતીમાં ઘણા પ્રકારની તપસ્યા કરી, અંતગડ કેવળી થઇ મોક્ષ ગયા. એ ઉપરથી પણ લડાઇ ને ભગવંતના નિર્વાણ વચ્ચે આંતરૂં ઘણું પડયું છે.

બીજો સજ્જડ દાખલો એ છે કે જેના માટે લડાઈ થઇ તે વિહલ્લ કુમાર-ચેલણાના દીકરાએ મહાવીર પાસે દીક્ષા લીધી અને બાર વરસ દીક્ષા પાળી, મહાવીરની હયાતીમાં અનુત્તરવિમાને ગયા. એમ અનુત્તરોવવાઇ સૂત્રમાં આઠમા અધ્યયનમાં કહેલ છે.

માટે અઢાર દેશના રાજા લડાઇમાંથી વળતાં ભગવંતના નિર્વાણ વખતે આવી પહોંચ્યા એ સંબંધ મળતો નથી.

પ્રશ્ન ૭૧—તો અઢારે દેશના રાજા બે દિવસ અગાઉ નિર્વાણ ઉપર શા આધારે આવી પહોંચ્યા કે છેવટનો વખત તેમના જાણવામાં આવ્યો ?

ઉત્તર—સાંભળો-ગોશાળાને ૧૬ વરસ, અને શીયા અણગારને સાડા પંદર વરસ ભગવંતે પોતાને વિચરવા આશ્રી કહ્યાં. તે ઉપરથી ઘણા લોકોએ આ ભગવંતનું ચરમ ચોમાસું છે, એમ ગણતરીમાં લઇને અઢાર દેશના રાજા વગેરે હાજર થયા.

પ્રશ્ન ૭૨—ભગવંતનો નિર્વાણ આશો વદ (સિદ્ધાંતમતે કાર્તિક વદ) અમાવાસ્યાએજ થશે, એમ સૌ કોઇએ શા ઉપરથી જાણ્યું કે તેજ વખતે અઢાર દેશના રાજા હાજર થયા ?

ઉત્તર—આ ઉપરથી એમ નિશ્ચય થાય છે કે-ગોશાળાના હુમલા વખતે ભગવંતનું ચોમાસું સાવથી નગરીમાં હોવું જોઇએ. અને ભગવંત ઉપર તેજુલેશ્યા પણ આશો વદી અમાસને રોજે મૂકેલી હોવી જોઇએ. અને ભગવંતનું વાકય ૧૬ વરસ પોતાને વિચરવાનું નીકળવાથી આશો વદ અમાવાસે ૧૬ વરસ પૂરાં થવાનાં એમ જાણીને આવ્યા. તથા બીજું કરણ, સિદ્ધાંતના ન્યાયે પહેલા અને છેલ્લા તીર્થંકરનો નિર્વાણ ચાલતા આરાના ત્રણ વરસ અને સાડાઆઠ મહિના બકાત રહે ત્યારે થાય એમ અનાદિ કાળની સ્થિતિ અવસર્પિણીકાળની ચાલી આવે છે. એટલે ત્રીજા આરાના ત્રણ વરસ અને સાડાઆઠ માસ બકાત રહે ત્યારે પહેલા તીર્થંકરનો નિર્વાણ થાય, અને ચોથા આરાનાં ૩ વરસ અને સાડાઆઠ-માસ રહે ત્યારે ચરમ તીર્થંકરનો નિર્વાણ થાય. એ અપેક્ષાએ સિદ્ધાંતમતે કાર્તિક વદ અમાવાસે (અને ચાલતા-સમયના આસો વદ અમાવાસે) ભગવંત મહાવીર નિર્વાણ

થયા. ત્યાંથી ચોથા આરાનાં ૩ વરસ અને સાડાઆઠ માસ બાકી રહ્યા એમ જાણવાથી અઢાર દેશના રાજા બે દિવસ અગાઉ પાવાપુરીએ ભગવંતની હજુરમાં દાખલ થયા.

પ્રશ્ન ૭૩—ગોશાળાને મહાવીર સાથે મળવું, તેનો દીક્ષાકાળ કેટલો અને મરણ ક્યારે પામ્યો ? તે સવિસ્તર જણાવશો ?

ઉત્તર—શ્રી મહાવીર દેવે ૩૦ વરસ ગૃહવાસમાં રહી દીક્ષા લીધી અને મહાવીરનું બીજું ચોમાસું રાજગ્રહી નગરીમાં પૂરૂં થયે ગોશાળો મળ્યો.

મહાવીરના દીક્ષાના ૮ વરસે ગોશાળો ૬ વરસ ભેગો રહી જુદો પડ્યો.

મહાવીરનાં દીક્ષાના ૧૦ વર્ષે—ગોશાળો પાર્શ્વનાથના પડિવાઇ થયેલ છ દિશાચરાને મળી તેની પાસેથી (પૂર્વના જ્ઞાનમાંથી) લાભ, અલાભ સુખ—દુઃખ, જીવવું—મરવું. એ છ બોલનું જ્ઞાન મેળવી, બે વર્ષ તપ કરી તેજુલેશ્યા ઉત્પન્ન કરી ૮ વર્ષ છદ્મસ્થનાં ગણી જિન નામ ધરાવ્યું.

મહાવીરના છદ્મસ્તનાં ૧૨ વર્ષ પૂરાં થયે. ગોશાળો બે વર્ષ અગાઉથી કેવળપણાનું નામ ધરાવતો.

એટલે મહાવીરને કેવળજ્ઞાન ઉત્પન્ન થયે જિનપદ ધારણ કર્યા પહેલા ગોશાળો બે વરસ અગાઉથી હું ચરમ જિન છું એવું નામ ધરાવતો

મહાવીરના કેવળપદના ૧૪ વર્ષે અને ગોશાળાના ૧૬ વર્ષે સાવથી નગરીમાં બન્ને ચોમાસું હોવાથી મહાવીર ઉપર ગોશાળે તેજુલેશ્યાનો હુમલો કર્યો, અને તેજ તેજુલેશ્યાના પરાભવે પોતે પોતાનીજ તેજુલેશ્યાથી કાળ ધર્મ પામ્યો.

ગોશાળો કાળધર્મ પામ્યો એ વખતમાં મહાવીરની પ્રવર્જ્યાનાં ૨૬ વરસ અને ગોશાળાની પ્રવર્જ્યાનાં ૨૪ વરસ પૂરાં થયાં.

બાકીનાં ૧૬ વરસ મહાવીર કેવળપદમાં વિચરી ૩૦ વરસ કેવળ પદનાં અને ૪૨ વરસ પ્રવર્જ્યાનાં ભોગવી ૭૨ વર્ષે નિર્વાણ થયા.

પ્રશ્ન ૭૪—ગોશાળાનું સર્વ આઉખું કેટલું ?

ઉત્તર—તે કોઇ ઠેકાણેથી મળી આવતું નથી, પરંતુ તેની પ્રવર્જ્યાનો ૨૪ વર્ષનો મેળ ભગવતીજીના ૧૫ મા શતકથી તથા ઉપાસક દશાંગના ભાષાંતરમાં ડેસ્ક સાહેબે અન્ય ગ્રંથોથી મેળવણી કરી છે, પણ સર્વ આયુષ્યનો મેળ તેને પણ મળી આવ્યો નથી. પણ અનુમાન કલ્પનાએ કોઇ ૩૬ વર્ષની ઉમરે કાળ કર્યો કહે છે. એટલે ૧૨ વર્ષની ઉમર પછી

ગોશાળો મહાવીરને મળ્યો અને તેમના શિષ્યપણે વર્ત્યો; એમ કોઇનું કહેવું છે. પણ બહુ વિચાર કરતાં એમ તો જણાય છે કે–તે છોટી ઉમરવીજ ચપળ, ચાલાક, વાચાળ અને મજબુત મનવાળો હોવાથી ઉછરતી વયમાં ઉદ્ધતાઇને લઇને તેનાં કાર્યકર્મ ઉપરથી તેની ઠરેલી વય નથી. આ ઉપરથી ૪૦ વરસથી વધારે ઉમર જણાતી નથી. પછી કોઇ ગ્રંથમાંથી મળી આવે તે ખરૂં.

પ્રશ્ન ૭૫—તીર્થંકર નામકર્મની ઉપરાજણ કરેલ હોય તે જીવને તીર્થંકર નામકર્મ ઉદય આવ્યું કયારે કહેવાય ?

ઉત્તર—જે કર્મને ઉદયે તીર્થંકરપણું પામે, ત્રિલોકને વિષે પૂજનિક થાય તે કેવળજ્ઞાન ઉપજ્યા પછી તીર્થંકર નામકર્મ પ્રગટ થાય. શાખ પન્નવણાજી છાસઠ હજારૂં, પદ ૨૩ મું, કર્મપ્રકૃતિના અધિકારે નામકર્મના ભેદમાં કહેલ છે.

પ્રશ્ન ૭૬—તીર્થંકર નામકર્મની સ્થિતિ પન્નવણા પદ ૨૩ મે, ઉદ્દેશે ૨ જે, જઘન્ય ને ઉત્કૃષ્ટી અંતોકોડાકોડ સાગરોપમની કહી છે. તો જ્ઞાતાજીમાં ત્રીજે ભવે મલ્લિનાથના જીવે તીર્થંકરગોત્ર બાંધ્યું તે કેમ ?

ઉત્તર—તીર્થંકર નામકર્મનાં દળ મેળવવામાં આવે તો એક કોડાકોડી સાગરોપમની અંદરનાં મેળવવામાં આવે. પણ તેનો નિબંધ તો તીર્થંકર-પદ પ્રાપ્ત થવાના અગાઉના ત્રીજે ભવેજ પડે. કદાપિ અંતોકોડાકોડીમાં તીર્થંકર નામકર્મનાં દળ મેળવેલાં ન હોય તો અગાઉના ત્રીજે ભવે તો અવશ્ય મેળવવા સંભવ છે. તે પણ અંતોકોડાકોડીમાંજ ગણાય આનો પરમાર્થ એ છે કે–કોડાકોડી સાગરોપમથી વધારે કાળ, સંસારનો રહ્યા હોય તેવા જીવોને તીર્થંકર નામકર્મનાં દળ મેળવવાને આત્મબળ શક્તિવાન થતો નથી, એટલાજ માટે તીર્થંકર નામકર્મ મેળવવાનો કાળ કોડાકોડી સાગરોપમની અંદરનો ગમે ત્યારે મેળવે તેનું નામ અંતોકોડાકોડી કહેવાય.

પ્રશ્ન ૭૭—કેટલાક કહે છે કે–ભગવંત મહાવીર સ્વામીના ગર્ભનું સાહરણ થયું નથી તે કેમ ?

ઉત્તર—સિદ્ધાંત નહિ માનવાવાળા કદિ એવું વાકય બોલતા હોય તો ભલે. સિદ્ધાંતના માનવાવાળા તો તે વાકયને કબુલ નહિ કરે કારણ કે સૂત્રમાં એક ઠેકાણે નહિ પણ અનેક ઠેકાણે અનેક દાખલે મહાવીરના ગર્ભનું સાહરણ થવાનું સિદ્ધ થાય છે તે નીચેના દાખલાથી જાણવામાં આવશે સાંભળો—

૧. દાખલો પહેલો–આચારાંગ સૂત્ર શ્રુતસ્કંધ ૨ જે, અધ્યયન ૧૬ મે, અંદરતાં મહાવીર સ્વામીનાં પંચ હસ્તુત્તરા હોત્યા કહ્યા. એટલે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં પાંચ કલ્યાણક થયાં. તેમાં ગર્ભાઓ ગર્ભં સાહરીએ એવો પાઠ મૂકયો છે. અને વળી મૂળ પાઠમાં પણ કહ્યું છે કે–દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષી થકી મહાવીર સ્વામીનો ગર્ભ સાહરીને ત્રિશલા દેવી ક્ષત્રિયાણીની કુક્ષીને વિષે હરિણગમેષી દેવે મૂકયો

૨. દાખલો બીજો–ભગવતીજી શતક ૯ મે, ઉદ્દેશે ૩૩ મે શ્રમણ મહાવીર દેવને દેખીને દેવાનંદાજીને પાનો ચડયો, તે વખતે ગૌતમ સ્વામીએ પૂછયું અને ભગવંતે કહ્યું છે કે–હે ગૌતમ ! એ તો મારી અમ્માં–દેવી કુક્ષીને વિષે સાડીબ્યાશી રાત્રિ રહ્યો છું. તો વિચારો કે–તેજ ભવની વાત છે તો પાનો ચડયો અને ભગવંતે મારી માતા કહી.

૩. દાખલો ત્રીજો–સમવાયાંગજીમાં કહ્યું કે–પોટીલના ભવથી છઠ્ઠો ભવ મહાવીરનો છે. તે છ ભવની મેળવણી કરતા પહેલો ભવ પોટીલનો ૧, બીજો ભવ આઠમા દેવલોકે સર્વાર્થસિદ્ધ વિમાને (આઠમા દેવલોકે એવું વિમાનનું નામ છે) ૨, ત્રીજો ભવ નંદ રાજાનો ૩, ચોથો ભવ દશમા દેવલોકનો ૪, પાંચમો ભવ દેવાનંદાજીની કુંખે ઉપજ્યા, અને છઠ્ઠો ભવ ત્રિશલારાણીની કુખેથી અવતર્યાં ૬, એ લેખે મહાવીરના ગર્ભનું સાહરણ થયું નક્કી થાય છે.

૪. દાખલો ચોથો–દશાશ્રુત સ્કંધ સૂત્ર અધ્યયન ૮ મે, ભગવંતનો ગર્ભ સાહરણ કર્યાનો અધિકાર છે. ગર્ભાઓ ગર્ભ સાહરિએ એવો પાઠ છે

૫. દાખલો પાંચમો–ઠાણાંગજીના ૧૦ મે ઠાણે, દશ અચ્છેરાં ભેગાં કહ્યાં છે. તેમાં ગર્ભ સાહરણનું એવો પાઠ છે.

ઉપરના પાંચ દાખલે ભગવંત મહાવીર દેવના ગર્ભનું સાહરણ થયું છે, એમ સૂત્રપાઠથી નિશ્ચય થાય છે. છતાં એથી ઉલટું બોલવું [illegible] અને ભગવંતની આશાતના કરવા જેવું થાય થાય છે કે નહિ [illegible] અંગીકાર કરનાર વિચાર કરશે.

પ્રશ્ન ૭૮—મહાવીર સ્વામીના ગર્ભનું સાહરણ હરિણગમેષી દેવે [illegible] કર્યું ?

ઉત્તર—કલ્પસૂત્ર. [illegible] [illegible] [illegible] કહી છે [illegible] આવી છે. તે આ પ્રમાણે છે.

પવિસો દ્વારદ્વારે, નિર્ગમો નાભિમંડલે; સૂરીશ્રા વીરજીવોવં, દ્વારેણા દરિદેતતઃ ૧

આમાં એમ જણાવે છે કે—શક્રેંદ્ર મહારાજના આદેશથી હરિણ ગમેષીદેવે, મહાવીર સ્વામીનો ગર્ભ નાભિમંડળથી સાહરીને, જન્મદ્વારે એ મુકયો.

પ્રશ્ન ૭૯—ભગવતીજીના શતક ૫ મે-ઉદ્દેશે ૪ થે-ગર્ભના સાહરણ સંબંધીના ધારાગી કહી છે; તેમાં કહ્યું છે કે-ગર્ભ થકી ગર્ભનું સાહરણ થાય કે ગર્ભ થકી જોનીનું સાહરણ થાય કે જોની થકી ગર્ભનું સાહરણ થાય કે જોની થકી જોનીનું સાહરણ થાય? તેના ઉત્તરમા ભગવંતે જોની થકી ગર્ભનું સાહરણ થાય એ એકજ બોલની હા કહી, ત્રણ બોલની ના કહી. અને આચારાંગજીના બીજા શ્રુત સ્કંધના ૧૬ મા અધ્યયનમા ભગવંતના ગર્ભ સંહર્યો ત્યાં ગભાઓ ગર્ભ સાહરણ એવો પાઠ મૂકયો અને કલ્પ સૂત્રમાં નાભિથકી ગર્ભને સંહર્યો-કાઢયો એમ કહ્યું તેનુ શું સમજવું?

ઉત્તર—ભગવતીજીમાં જ્યાં હરણગમેષી દેવની શક્તિ વર્ણવેલી છે ત્યાં તો એમ પણ કહ્યું છે કે—નખાગ્ર નખના અગ્રભાગ જેટલા છિદ્રમાંથી તથા રોમરાય એટલે એક રૂંવાડા જેટલા છિદ્રમાંથી ગર્ભને ખરોખંડ કરીને કાઢે તો પણ તે ગર્ભને બાધા-પીડા થવા દે નહિ, એટલી શક્તિ તે દેવમાં રહી છે. પણ ગર્ભનું સાહરણ કરવાનું કામ તો જોણીયં ગભં સાહરઇ એ પાઠને અનુસરી આચારાંગના પાઠનો વિચાર કરતા ગભાઓ ગભં સાહરઇનો અર્થ ગર્ભ થકી ગર્ભને સાહર્યો કરીએ તો ભગવતીજીના પાઠને બાધ લાગે. માટે એનો અર્થ એમ થાય છે કે—એક ઉદર થકી સંહરીને બીજા ઉદરને વિષે મૂકયો. એટલે મહાવીરનો ગર્ભ એક ઉદર થકી બીજા ઉદરે મૂકયો. અને કલ્પસૂત્રમાં કહ્યા પ્રમાણે નાભિ થકી ગર્ભ સંહરવામાં આવે તો અખંડ ગર્ભ નીકળે નહિ અને તીર્થંકરના ગર્ભનું ખંડન થાય નહિ. આ ઉપરથી એમ નિશ્ચય થાય છે કે— કલ્પ સૂત્રમા કહેલી ગાથાનું બીજું પદ નાભિ થકી ગર્ભ સાહરવાનું ભગવતીથી વિરૂદ્ધ પડે છે. માટે ભગવતીજીમા કહ્યા પ્રમાણે જોણીઆ ગભં સાહરઇ જોની થકી ગર્ભને સાહર્યો. એટલે મહાવીરનો ગર્ભ એક ઉદરથી બીજે ઉદરે અખંડપણે સાહરીને મૂકયો એટલે ગ્રહણ કરીને મૂકયો તે, જન્મદ્વારાએજ સાહરણ કર્યો એ વાત ન્યાયપૂર્વક છે.

પ્રશ્ન ૮૦—ભગવંતે ગર્ભમાં અભિગ્રહ કર્યો ત્યારે ગર્ભ કેવડો હતો?

૧. દાખલો પહેલો-આચારાંગ સૂત્ર શ્રુતસ્કંધ ૨ જે, અધ્યયન ૧૬ મે, મંડાતાં મહાવીર સ્વામીનાં પંચ હત્થુત્તરા હોત્થા કહ્યા. એટલે ઉત્તરાફાલ્ગુણી નક્ષત્રમાં પાંચ કલ્યાણક થયાં. તેમાં ગબ્ભાઓ ગબ્ભં સાહરીએ એવો પાઠ મૂકયો છે. અને વળી મૂળ પાઠમાં પણ કહ્યું છે કે-દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષી થકી મહાવીર સ્વામીનો ગર્ભ સાહરીને ત્રિશલા દેવી ક્ષત્રિયાણીની કુક્ષીને વિષે હરિણગમેષી દેવે મૂકયો

૨. દાખલો બીજો-ભગવતીજી શતક ૯ મે, ઉદ્દેશે ૩૩ મે ભગવંત મહાવીર દેવને દેખીને દેવાનંદાજીને પાનો ચડયો, તે વખતે ગૌતમ સ્વામીએ પૂછયું અને ભગવંતે કહ્યું છે કે-હે ગૌતમ ! એ તો મોરી અમ્માં-તેમની કુક્ષીને વિષે સાડીબ્યાશી રાત્રિ રહ્યો છું. તો વિચારો કે-તેજ ભવની માતા છે તો પાનો ચડયો અને ભગવંતે મારી માતા કહી.

૩. દાખલો ત્રીજો-સમવાયાગજીમાં કહ્યું કે-પોટીલના ભવથી છઠ્ઠો ભવ મહાવીરનો છે. તે છ ભવની મેળવણી કરતાં પહેલો ભવ પોટીલનો ૧, બીજો ભવ આઠમા દેવલોકે સર્વાર્થસિદ્ધ વિમાને (આઠમા દેવલોકે એવું વિમાનનું નામ છે) ૨, ત્રીજો ભવ નંદ રાજાનો ૩, ચોથો ભવ દશમા દેવલોકનો ૪, પાંચમો ભવ દેવાનંદાજીની કુંખે ઉપજ્યા, અને છઠ્ઠો ભવ ત્રિશલારાણીની કુંખેથી અવતર્યા ૬, એ લેખે મહાવીરના ગર્ભનું સાહરણ થયું સાબીત થાય છે.

૪. દાખલો ચોથો-દશાશ્રુત સ્કંધ સૂત્ર અધ્યયન ૮ મે, ભગવંતને ગર્ભ સાહરણ કર્યાનો અધિકાર છે. गब्भाओ गब्भं साहरिए એવો પાઠ છે.

૫. દાખલો પાંચમો-ઠાણાંગજીના ૧૦ મે ઠાણે, દશ પ્રકારના અછેરાં કહ્યાં છે. તેમાં ગબ્ભં સાહરણં એવો પાઠ છે.

ઉપરના પાંચ દાખલે ભગવંત મહાવીર દેવના ગર્ભનું સાહરણ થયું છે, એમ સૂત્રપાઠથી નિર્ણય થાય છે. છતાં એથી ઉલટું બોલવું તે સૂત્ર અને ભગવંતની આશાતના લાગવા જેવું વાકય થાય છે કે નહિ તેનો વિચાર એવો ઉચ્ચાર કરનારાએજ કરવો.

પ્રશ્ન ૭૮—મહાવીર સ્વામીના ગર્ભનું સાહરણ હરિણગમેષી દેવે કેવી રીતે કર્યું ?

ઉત્તર—કલ્પસૂત્રમાં એક શ્લોકરૂપેજ ગાથા કહી છે તે વાંચવામાં આવી છે. તે આ પ્રમાણે છે.

મારેઇ દસદસારે, નિયંસો નાભિમંડલે; ગુડીસાસીરગીવાવં, હરિણા
હરિણેગમ: ૧

આમાં એમ જણાવે છે કે—શક્રેંદ્ર મહારાજના આદેશથી હરિણૈગમેષિ દેવે, મહાવીર સ્વામીનો ગર્ભ નાભિમંડળથી સાહરીને, જન્મદ્વારે મૂક્યો.

પ્રશ્ન ૭૯—ભગવતીજીના શતક ૫ મે-ઉદ્દેશે ૪ થે-ગર્ભના સાહરણ સંબંધીના પ્રશ્નમાં કહી છે તેમાં કહ્યું છે કે-ગર્ભ થકી ગર્ભનું સાહરણ થાય કે ગર્ભ થકી યોનીનું સાહરણ થાય કે યોની થકી ગર્ભનું સાહરણ થાય કે યોની થકી યોનીનું સાહરણ થાય? તેના ઉત્તરમાં ભગવંતે યોની થકી ગર્ભનું સાહરણ થાય એ એક બોલની હા કહી, ત્રણ બોલની ના કહી. અને આચારાંગજીના બીજા શ્રુત સ્કંધના ૧૬ મા અધ્યયનમાં ભગવંતનો ગર્ભ સંહર્યો ત્યાં કલાકાર ગર્ભ સાહરણ એવો પદ મૂક્યો અને કલ્પસૂત્રમાં નાભિથકી ગર્ભને સંહર્યો-સાહર્યો એમ કહ્યું તેનું શું સમજવું?

ઉત્તર—ભગવતીજીમાં જ્યાં હરણગમેષી દેવની શક્તિ વર્ણવેલી છે ત્યાં તો એમ પણ કહ્યું છે કે—નખાગ્ર નખના અગ્રભાગ જેટલા છિદ્રમાંથી તથા રોમરાય એટલે એક રૂંવાડા જેટલા છિદ્રમાંથી ગર્ભને ખરોખંડ કરીને કાઢે તો પણ તે ગર્ભને બાધા-પીડા થવા દે નહિ, એટલી શક્તિ તે દેવમા કહી છે. પણ ગર્ભનું સાહરણ કરવાનું કામ તો જોણીયં ગર્ભ સાહરઇ એ પાઠને અનુસરી આચારાંગના પાઠનો વિચાર કરતાં ગભાઓ ગભ સાહરઇનો અર્થ ગર્ભ થકી ગર્ભને સાહર્યો કરીએ તો ભગવતીજીના પાઠને ધક્કો લાગે માટે એનો અર્થ એમ થાય છે કે-એક ઉદર થકી સંહરીને બીજા ઉદરને વિષે મૂક્યો. એટલે મહાવીરનો ગર્ભ એક ઉદર થકી બીજા ઉદરે મૂક્યો. અને કલ્પસૂત્રમાં કહ્યા પ્રમાણે નાભિ થકી ગર્ભ સંહરવામાં આવે તો અખંડ ગર્ભ નીકળે નહિ અને તીર્થંકરના ગર્ભનું ખંડન થાય નહિ. આ ઉપરથી એમ નિશ્ચય થાય છે કે- કલ્પ સૂત્રમા કહેલી ગાથાનું બીજું પદ નાભિ થકી ગર્ભ સાહરવાનું ભગવતીથી વિરૂદ્ધ પડે છે. માટે ભગવતીજીમા કહ્યા પ્રમાણે જોણીઆ ગર્ભ સાહરઇ જોની થકી ગર્ભને સાહર્યો. એટલે મહાવીરનો ગર્ભ એક ઉદરથી બીજે ઉદરે અખંડપણે સાહરીને મૂક્યો એટલે ગ્રહણ કરીને મૂક્યો તે, જન્મદ્વારાએજ સાહરણ કર્યો એ વાત ન્યાયપૂર્વક છે.

પ્રશ્ન ૮૦—ભગવંતે ગર્ભમાં અભિગ્રહ કર્યો ત્યારે ગર્ભ કેટલા હતો?

ઉત્તર—કલ્પસૂત્રમાં આ વિષેની એક ગાથા વાંચવામાં આવી છે તે આ પ્રમાણે છે.

अह सत्तमि मासे, गम्भत्थो चेव अभिगहं गिन्हे; नाहं समणो होहं, अम्म पियरे जीवतेहिं. ॥ १ ॥

અહિંયાં ગ્રંથકાર કહે છે કે-મહાવીરનો ગર્ભ સાત માસનો હતો ત્યારે એવો અભિગ્રહ કર્યો કે માતા પિતા જ્યાંસુધી જીવે ત્યાંસુધી મારે દીક્ષા લેવી નહીં.

પ્રશ્ન ૮૧—સૂત્રમાં ભગવંત મહાવીરને નાયપુત્તે કહીને બોલાવ્યા છે, તેનો અર્થ કેટલાક એમ કરે છે કે-મહાવીરના પિતા શ્રાવક ધર્મ પાળે છે, પાર્શ્વનાથ ભગવાનના શાસનના શ્રાવક છે, માટે તે જ્ઞાની હોવાથી જ્ઞાતપુત્ર કહીને બોલાવ્યા છે તે કેમ ?

ઉત્તર—પન્નવણાજી છાસઠ હજારૂં-પન્નવણા પદ પહેલામાં આર્ય વંશનાં નામ કહ્યાં છે; તેમાં જ્ઞાત વંશ લખેલ છે. એટલે જ્ઞાત કુળનો ક્ષત્રી વંશપરંપરાનો ચાલ્યો આવે છે. તે કુળમાં તે વંશમાં તે સિદ્ધાર્થ રાજા ઉત્પન્ન થયા છે, તેથી ભગવંતને નાયપુત્તે જ્ઞાતપુત્ર કહીને બોલાવ્યા છે.

પ્રશ્ન ૮૨—તીર્થંકર જન્મ્યા પછી તેમની માતાને સંતાન થાય કે નહિં?

ઉત્તર—હા, થાય. સાખ જ્ઞાતાજીના અધ્યયન ૮ મે મલ્લિનાથ ભગવાન પછી મલ્લિદિનકુમાર થયા તે પાઠ—

तत्थणं महिलाए कुंभस्सपुत्ते पभावइए देवीए अंतए मल्लीए अनुमग्ग जायए मल्लीदीन्नए नामं कुमारे जाव जुवरायावि होत्था.

આ ઉપરના પાઠ ઉપરથી એમ નિશ્ચય થાય છે કે-તીર્થંકરને જન્મ થયા પછી તેમની માતાને સંતાન થવું હોય તો થાય ખરૂં. જેમ મલ્લિનાથ ભગવાનની પછી પ્રભાવતી રાણીને મલ્લિદીનકુમારનો જન્મ થયો.

પ્રશ્ન ૮૩—કેટલાક કહે છે કે-રહનેમીએ નેમીશ્વર ભગવાન પહેલાં દીક્ષા લીધી છે તે કેમ ?

ઉત્તર—તે વાત સંભવે નહીં. કારણ કે-રહનેમીએ નેમીશ્વર ભગવાનની સાથે દીક્ષા લીધી છે. નેમનાથ ભેગા હજાર પુરૂષે દીક્ષા લીધી છે તેમાં સમુદ્રવિજયના દીકરા ૨૮ નો દીક્ષા લેવાનો અધિકાર છે. વળી નેમનાથના વરસીદાનના એક વરસના કાળમાં રહનેમી રાજેમતી પાસે જતા

આવવાના કારણથી તેમના ઉપર મોહભાવ પ્રગટેલો, તે ગુફામાં પ્રગટ ઉદય થયો. એ ઉપરથી નેમનાથની સાથે દીક્ષા લીધેલી સંભવે છે.

પ્રશ્ન ૮૪—રાજેમતીએ નેમનાથને કેવળ ઉત્પન્ન થયા પછી દીક્ષા લીધી છે કે તે પહેલાં ?

ઉત્તર—નેમનાથને કેવળ ઉત્પન્ન થયા પછી સંભવે છે. કારણ કે—નેમનાથને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું ત્યારે ચારે તીર્થની સ્થાપના કરી છે. તેમની વડી ચેલી જક્ષણી આર્યાજી કહેલ છે. તે ઉપરથી નેમનાથને કેવળ ઉત્પન્ન થયા પછી રાજુલે દીક્ષા લીધી છે.

પ્રશ્ન ૮૫—ત્યારે કોઇ કહે કે—તો પછી વર્ષાઋતુ ક્યાંથી હોય ?

ઉત્તર—નેમનાથે શ્રાવણ સુદી ૫ મે દીક્ષા લીધી ત્યાંથી ત્રણ મહિના ને ૧૦ દિવસનો ચોમાસાનો કાળ બકાત છે. અને ભગવંત નેમનાથને ૫૪ દિવસે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું તો ૪૬ દિવસનો ચોમાસાનો કાળ બકાત હોવાથી ચાલતા આસો માસમાં વર્ષાદ હોય છે, માટે રાજુલ દીક્ષા લઇ નેમનાથ ભગવંતને વાંદવા જતાં રસ્તામાં વરસાદ થયો અને ગુફામાં ચીવર સૂકવવા ગયાં વગેરે કાંઇ વિરૂદ્ધ પડે તેમ નથી.

પ્રશ્ન ૮૬—શ્રી સમવાયાંગજીમાં શ્રી મલ્લિનાથ ભગવાનને ૫૭૦૦ મનઃપર્યવજ્ઞાની કહ્યા અને શ્રી જ્ઞાતાજીમાં ૮૦૦ કહ્યા તેનું શું કારણ ?

ઉત્તર—શ્રી સમવાયાંગજીમાં મલ્લિનાથ ભગવાનને ૫૭૦૦ મનઃપર્યવજ્ઞાની કહ્યા તે ઋજુમતી અને વિપુલમતી બન્નેને સમચ્ચે મનઃપર્યવજ્ઞાની કહ્યા, અને જ્ઞાતા સૂત્રમાં ૮૦૦ કહ્યા તે એકલા વિપુલમતીના કહ્યા હોય એમ સંભવે છે.

પ્રશ્ન ૮૭—શ્રી સમવાયાંગજીમાં મલ્લિનાથ ભગવાનને ૫૯૦૦ અવધિજ્ઞાની કહ્યા અને જ્ઞાતાજીમાં ૨૦૦૦ અવધિજ્ઞાની કહ્યા તેનું કારણ શું ?

ઉત્તર—સમવાયાંગજીમાં ઓગણસાઠસેં અવધિજ્ઞાની કહ્યા તે સમચ્ચે ભેદના જાણવા અને જ્ઞાતાજીમાં બે હજાર અવધિજ્ઞાની કહ્યા તે વિશેષ અવધિજ્ઞાનવાળા જાણવા.

પ્રશ્ન ૮૮—શ્રી જ્ઞાતાજીમાં શ્રી કૃષ્ણ મહારાજને ૩૨૦૦૦ સ્ત્રી કહી, અને શ્રી અંતગડ સૂત્રમાં ૧૬૦૦૦ કહી તેનું શું કારણ ?

ઉત્તર—શ્રી જ્ઞાતાજી સૂત્રમાં બત્રીસ હજાર સ્ત્રી શ્રીકૃષ્ણ મહારાજને કહી ત્યાં મહિલા એવો પાઠ છે, તેથી રાજપુત્રી અથવા મોટસાહુકાર સામા-

ઉત્તર—કલ્પસૂત્રમાં આ વિષેની એક ગાથા વાંચવામાં આવી છે તે આ પ્રમાણે છે.

अह सत्तमि मासे, गभ्मत्थो चेव अभिगहं गिन्हे; नाहं समणो होहं, अम्म पियरे जीवंतेहिं. ॥ १ ॥

અહિંયાં ગ્રંથકાર કહે છે કે-મહાવીરનો ગર્ભ સાત માસનો હતે ત્યારે એવો અભિગ્રહ કર્યો કે માતા પિતા જ્યાંસુધી જીવે ત્યાંસુધી મારે દીક્ષા લેવી નહીં.

પ્રશ્ન ૮૧—સૂત્રમાં ભગવંત મહાવીરને नायपुत्ते કહીને બોલાવ્યા છે તેનો અર્થ કેટલાક એમ કરે છે કે-મહાવીરના પિતા શ્રાવક ધર્મ પરે છે પાર્શ્વનાથ ભગવાનના શાસનના શ્રાવક છે, માટે તે જ્ઞાની હોવાથી જ્ઞાતપુત્ર કહીને બોલાવ્યા છે તે કેમ?

ઉત્તર—પન્નવણાજી છાસઠ હજારૂં-પન્નવણા પદ પહેલામાં આર્ય વંશનાં નામ કહ્યાં છે; તેમાં જ્ઞાત વંશ લખેલ છે. એટલે જ્ઞાત કુળનો કરો વંશપરંપરાનો ચાલ્યો આવે છે. તે કુળમાં તે વંશમાં તે સિદ્ધાર્થ રાજા ઉત્પન્ન થયા છે, તેથી ભગવંતને નાયપુત્તે જ્ઞાતપુત્ર કહીને બોલાવ્યા છે.

પ્રશ્ન ૮૨—તીર્થંકર જન્મ્યા પછી તેમની માતાને સંતાન થાય કે નહિ?

ઉત્તર—હા, થાય. સાખ જ્ઞાતાજીના અધ્યયન ૮ મે મલ્લિનાથ ભગવાન પછી મલ્લિદિનકુમાર થયા તે પાઠ—

तत्यणं मल्लिाए कुंभरसतुसे पमावइए देवीए अंतए मल्लीए अणुवत्त जायए मल्लीदीनए नामं कुमारे जाव जुवरायावि होत्था.

આ ઉપરના પાઠ ઉપરથી એમ નિશ્ચય થાય છે કે-તીર્થંકરનો જન્મ થયા પછી તેમની માતાને સંતાન થયું હોય તો થાય ખરું. જેમ મલ્લિનાથ ભગવાનની પછી પ્રભાવતી રાણીને મલ્લિદીનકુમારનો જન્મ થયો.

પ્રશ્ન ૮૩—કેટલાક કહે છે કે-રહનેમીએ નેમીશ્વર ભગવાન પહેલાં દીક્ષા લીધી છે તે કેમ?

ઉત્તર—તે વાત સંભવે નહીં. કારણ કે-રહનેમીએ નેમીશ્વર ભગવાનની સાથે દીક્ષા લીધી છે. નેમનાથ એક હજાર પુરૂષે દીક્ષા લીધી છે તેમાં સમુદ્રવિજયના દીકરા ૨૮ નો દીક્ષા લેવાનો અધિકાર છે. વળી નેમનાથનું વરસીદાનના એક વરસના કાળમાં રહનેમી રાજેમતી પાસે ગયા

આવવાના કારણથી તેમના ઉપર મોહભાવ પ્રગટેલો, તે ગુફામાં પ્રગટ ઉદય થયો. એ ઉપરથી નેમનાથની સાથે દીક્ષા લીધેલી સંભવે છે.

પ્રશ્ન ૮૪—રાજેમતીએ નેમનાથને કેવળ ઉત્પન્ન થયા પછી દીક્ષા લીધી છે કે તે પહેલાં?

ઉત્તર—નેમનાથને કેવળ ઉત્પન્ન થયા પછી સંભવે છે. કારણ કે—નેમનાથને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું ત્યારે ચારે તીર્થની સ્થાપના કરી છે. તેમની વડી ચેલી જક્ષણી આર્યાજી કહેલ છે. તે ઉપરથી નેમનાથને કેવળ ઉત્પન્ન થયા પછી રાજુલે દીક્ષા લીધી છે.

પ્રશ્ન ૮૫—ત્યારે કોઇ કહે કે—તો પછી વર્ષાઋતુ ક્યાંથી હોય?

ઉત્તર—નેમનાથે શ્રાવણ શુદી ૫ મે દીક્ષા લીધી ત્યાંથી ત્રણ મહિના ને ૧૦ દિવસનો ચોમાસાનો કાળ બાકાત છે. અને ભગવંત નેમનાથને ૫૪ દિવસે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું તો ૪૬ દિવસનો ચોમાસાનો કાળ બાકાત હોવાથી ચાલતા આસો માસમાં વર્ષાદ હોય છે, માટે રાજુલ દીક્ષા લઇ નેમનાથ ભગવંતને વાંદવા જતાં રસ્તામાં વરસાદ થયો અને ગુફામાં ચીવર સૂકવવા ગયાં વગેરે કાંઇ વિરૂદ્ધ પડે તેમ નથી.

પ્રશ્ન ૮૬—શ્રી સમવાયાંગજીમાં શ્રી મલ્લિનાથ ભગવાનને ૫૭૦૦ મનઃપર્યવજ્ઞાની કહ્યા અને શ્રી જ્ઞાતાજીમા ૮૦૦ કહ્યા તેનું શું કારણ?

ઉત્તર—શ્રી સમવાયાંગજીમાં મલ્લિનાથ ભગવાનને ૫૭૦૦ મનઃપર્યવજ્ઞાની કહ્યા તે ઋજુમતી અને વિપુલમતી મળીને સમચ્ચે મનઃપર્યવજ્ઞાની કહ્યા, અને જ્ઞાતા સૂત્રમાં ૮૦૦ કહ્યા તે એકલા વિપુલમતીના કહ્યા હોય એમ સંભવે છે.

પ્રશ્ન ૮૭—શ્રી સમવાયાંગજીમાં મલ્લિનાથ ભગવાનને ૫૯૦૦ અવધિજ્ઞાની કહ્યા અને જ્ઞાતાજીમાં ૨૦૦૦ અવધિજ્ઞાની કહ્યા તેનું કારણ શું?

ઉત્તર—સમવાયાંગજીમાં ઓગણસાઠસેં અવધિજ્ઞાની કહ્યા તે સમચ્ચે ભેદના જાણવા અને જ્ઞાતાજીમાં બે હજાર અવધિજ્ઞાની કહ્યા તે વિશેષ અવધિજ્ઞાનવાળા જાણવા.

પ્રશ્ન ૮૮—શ્રી જ્ઞાતાજીમાં શ્રી કૃષ્ણ મહારાજને ૩૨૦૦૦ સ્ત્રી કહી, અને શ્રી અંતગડ સૂત્રમાં ૧૬૦૦૦ કહી તેનું શું કારણ?

ઉત્તર—શ્રી જ્ઞાતાજી સૂત્રમાં બત્રીસ હજાર શ્રી શ્રીકૃષ્ણ મહારાજને કહી ત્યાં મહિલા એવો પાઠ છે, તેથી રાજપુત્રી અથવા શેઠસાહુકાર સામા-

નિક રાજા વગેરેની પુત્રીઓ સર્વ જાણવી અને અંતગડ સૂત્રમાં શ્રીકૃષ્ણ મહારાજને સોળ હજાર સ્ત્રીઓ કહી, ત્યાં દેવી એવો પાઠ છે; તે ઉપરથી મોટા રાજાની પુત્રીઓ જાણવી.

પ્રશ્ન ૮૯—શ્રી રાયપસેણી સૂત્રમાં કેશીકુમાર શ્રમણને ૪ જ્ઞાન કહ્યાં તે કેશી સ્વામી અને ઉત્તરાધ્યયનના ૨૩ મા અધ્યયનમાં કેશી કુમાર શ્રમણને ૩ જ્ઞાન કહ્યાં. તે બન્ને કેશી સ્વામી જુદા કે એક?

ઉત્તર—તે બન્ને કેશી સ્વામી જુદા જાણવા. કારણ કે ચાર જ્ઞાનવાળા કેશી કુમારે રાજા પ્રદેશી પાસે ચાર મહાવ્રતરૂપ ધર્મ પરૂપ્યો છે, અને ત્રણ જ્ઞાનવાળા કેશી કુમાર તે શ્રી ગૌતમ સ્વામી ભેગા મળ્યા. માટે બન્ને જુદા છે.

પ્રશ્ન ૯૦—ત્યારે કોઇ કહે કે-ગૌતમ સ્વામી ભેગા મળ્યા પછી કેશી સ્વામીને ચોથું જ્ઞાન ઉપન્યું હોય અને પછી પ્રદેશી રાજાને બુઝવ્યા હોય તો ના કેમ કહેવાય?

ઉત્તર—જો ગૌતમ સ્વામી ભેગા મળ્યા પછી કેશી સ્વામીએ પ્રદેશી રાજાને ઉપદેશ દીધો હોય તો પાંચ મહાવ્રતરૂપ ધર્મ પ્રરૂપત, પણ ત્યાં તો ચાર મહાવ્રતરૂપ ધર્મ પરૂપ્યો છે. માટે બન્ને કેશી કુમાર જુદા જાણવા.

પ્રશ્ન ૯૧—ગૌતમ સ્વામી અને કેશી સ્વામી બન્ને પાંચસેં પાંચસેં શિષ્યોના પરિવારે સાવથી નગરીએ પધાર્યાં અને બન્નેનો મેળાપ થયો તો બન્નેમાં મોટા કોણ સમજવા?

ઉત્તર—દીક્ષાએ તો કેશી સ્વામી મોટા સંભવે છે. પણ પદવીએ મોટા ગૌતમ સ્વામી છે. કારણ કે-કેશી સ્વામી આચાર્ય પદવીના ધણી છે, અને ગૌતમ સ્વામી ગણધર પદવીના ધણી છે. વળી કેશી સ્વામી ૧૧ અંગના જાણ અને ત્રણ જ્ઞાનના ધણી છે, અને ગૌતમ સ્વામી ૧૨ અંગના જાણ અને ૪ જ્ઞાનના ધણી છે. માટે ગૌતમ સ્વામી જ્ઞાને અને પદવીએ મોટા છે.

પ્રશ્ન ૯૨—જો ગૌતમ સ્વામી જ્ઞાને અને પદવીએ મોટા છે તો કેશી સ્વામીના સન્મુખ કોષ્ટક બાગમાંથી તંદુક બાગમાં કેમ ગયા?

ઉત્તર—ગૌતમ સ્વામી કેશી સ્વામીના સન્મુખ ગયા તેનાં બે કારણ છે. એક તો એ કે-કેશી સ્વામી દીક્ષાએ મોટા છે, એમ જાણી અને બીજું કારણ પાર્શ્વનાથ ભગવાન મહાવીર સ્વામી પહેલાં તીર્થંકર થયા છે [illegible]

મોટા ગયા છે, તેમના શાસનના આ પુરૂષ અધિકારી છે; માટે તેમનું કુળ મોટું છે. એમ ૨૩ મા અધ્યયનમાં કહેલ છે, માટે ગૌતમ સ્વામી સન્મુખ ગયા છે.

પ્રશ્ન ૯૩—કેશી સ્વામીને દીક્ષાએ મોટા ગણવા પણ તે તો સામાયિક ચારિત્રિયા છે, અને ગૌતમ સ્વામી છેદોપસ્થાપનીય ચારિત્રિયા છે. તો બે જણાએ સાથે દીક્ષા લીધી હોય તેમા એકને છેદોપસ્થાપનીય ચારિત્ર સાત દિવસે અંગીકાર કરાવ્યું હોય અને બીજાને છ મહિને અદરાવવાનું હોય તો તે સામાયિક ચારિત્રિયા કરતા છેદોપસ્થાપનીય સાત દિવસે આદરેલો મોટો ગણાય. સામાયિકચારિત્રિયો તેમને નમસ્કાર કરે. તો તે હિસાબે ગૌતમ સ્વામી મોટા ગણાય અને તમે કેશી સ્વામીને મોટા કેમ ગણ્યા ?

ઉત્તર—વચલા ૨૨ તીર્થંકરના વારામા છેદોપસ્થાપનીય ચારિત્ર આદરવાનો વ્યવહાર નથી અને છેલ્લા તીર્થંકરના શાસનમાં છેદોપસ્થાપનીય ચારિત્ર જઘન્ય ૭ દિવસે મધ્યમ ૪ માસે, અને ઉત્કૃષ્ટ ૬ માસે આદરવાનો વ્યવહાર છે દીક્ષા લેતાં પ્રથમ સર્વ તીર્થંકરના શાસનના સાધુને સામાયિકચારિત્રજ આદરવામાં આવે. માટે દરેક શાસનના બંધારણ પ્રમાણે વર્તતાં ન્યૂનાધિક પણું નથી. માટે કેશી સ્વામી સામાયિકચારિત્રવાળા હોવા છતાં તેમના શાસનમાં તે પુરૂષ અધિકારી હોવાથી ગૌતમ સ્વામીએ તેમનું વડીલપણું જાહેર કર્યું છે અને પોતે ચલાવીને સામા ગયા.

પ્રશ્ન ૯૪—કેશી સ્વામી મોટા છે એવો કોઇ દાખલો સૂત્રથી મળી આવે તેમ છે ?

ઉત્તર—હા, છે, સાંભળો, કેશી સ્વામી જાણે છે કે ગૌતમ, ગણધર પદવીના ધણી છે, માટે મારાથી વિશેષ જ્ઞાનવાળા છે, તો તેમને પૂછીને મારો તથા શિષ્યોનો તથા પ્રખદાનો સંશય ટાળવો એ વિનયધર્મ છે. એમ ધારી કેશી સ્વામી બોલ્યા કે–પુચ્છામિ તે મહાભાગા ! હે મહા ભાગ્યના ધણી ! મારે કાંઇ પૂછવાનું છે તે પૂછું ? ત્યારે ગૌતમ સ્વામીએ કહ્યું કે– पुच्छ भंते जहिच्छंते હે ભંતે ! હે પૂજ્ય ! જે આપની ઇચ્છા હોય તે પૂછો. આ બન્ને શબ્દ ઉપરથી નિશ્ચય થયું કે–કેશી સ્વામી મોટા છે અને ગૌતમ સ્વામી નાના છે.

પ્રશ્ન ૯૫—કેશી સ્વામી ગૌતમ સ્વામી સાથે એટલે મહાવીરના શાસનમાં ભળ્યા ત્યારે બેમા મોટું કોણ રહ્યું ? અને આહારાદિકની સમાચારીનું શી રીતે થયું ?

ઉત્તર—કેશી સ્વામીએ તમામ પ્રશ્નોના ઉત્તર ગૌતમ સ્વામીનાં મુખેથી સાંભળ્યા બાદ ૨૩ મા અધ્યયનની ૮૬ અને ૮૭ મી ગાથામાં કહ્યું છે કે કેશી સ્વામીનો તમામ સંશય ગૌતમ સ્વામીએ છેદ્યા બાદ ઘોર પરાક્રમના ધણી એવા કેશી સ્વામી તે પોતે ઉભા થઇ ગૌતમ સ્વામીને નમસ્કાર કરી ગૌતમ સ્વામીની પાસે પાંચ મહાવ્રતરૂપ ધર્મ અંગીકાર કર્યો અને સુપસીલ સમુક્કારિસો સૂત્ર એટલે પ્રરૂપણા અને શીલ એટલે આચાર સરખો કર્યો. અર્થાત્ મહાવીરના શાસનમાં કેશી સ્વામી ભળ્યા અને મહાવીર શાસનની પ્રવૃત્તિ પ્રમાણે પોતાની પ્રવૃત્તિ ચલાવી અને આહાર પાણીની સમાચારી પણ સરખી કરી.

પ્રશ્ન ૯૬—અહિંયાં કોઇ કહે કે કેશી સ્વામીએ છેદોપસ્થાપની ચારિત્ર અંગીકાર કર્યું કે કેમ? અને જો અંગીકાર કર્યું હોય તો તેનો કાળ તો જઘન્ય ૭ દિવસનો ને ઉત્કૃષ્ટો ૬ મહિનાનોજ કહ્યો છે તો તેથી ઉપરાંત છેદોપસ્થાપનીય અદરાવાનો કાળ નથી તેનું શું સમજવું?

ઉત્તર—એ તો પહેલા છેલ્લા તીર્થંકરના સાધુ સામાયિક ચારિત્રવાળા હોય, તેના માટે જઘન્ય ૭ દિવસ અને ઉત્કૃષ્ટા ૬ મહિને છેદોપસ્થાપનીય ચારિત્ર અદરાવવાનો નિયમ છે પણ શાસનના ભેદે એ નિયમ હોય એમ જણાતું નથી. પાર્શ્વનાથ ભગવાનના સાધુ મહાવીર દેવના શાસનમાં જ્યારે ભળે ત્યારે છેદોપસ્થાપનીય ચારિત્ર અદરે. અને મહાવીર ભગવાનના સાધુ અજીતનાથ તીર્થંકરના શાસનમાં ભળે ત્યારે તે છેદોપસ્થાપનીય ચારિત્રની પ્રવૃત્તિ બંધ પાડી સામાયિક ચારિત્રની પ્રવૃત્તિનો સ્વીકાર કરે. એમ અનાદિ કાળની સ્થિતિ ચાલી આવે છે કે અન્ય તીર્થંકરના સાધુ પાછળના તીર્થંકરના શાસનમાં આવી ભળે અને તેમની પ્રવૃત્તિ પ્રમાણે પ્રવર્તે એવો સદાનો નિયમ છે.

પ્રશ્ન ૯૭—આગલા તીર્થંકરના સાધુને પાછળના તીર્થંકરના શાસનમાં અવશ્ય ભળવું જોઇએ. તેનું શું કારણ? અને ન ભળે તો [illegible] શું દોષ?

ઉત્તર—દરેક તીર્થંકરનું એકજ શાસન હોવું જોઇએ, [illegible] શાસનની [illegible] ત્યાં [illegible] થવાને [illegible] બીજાના [illegible] માટે [illegible] બીજાના [illegible] એટલે [illegible] તીર્થંકર [illegible]

સમકિતની મલીનતા થાય. વળી એમ પણ સંભવે છે કે તીર્થંકર માતાના ઉદરમાં આવ્યા પહેલાંજ આગલા તીર્થંકરના શાસનમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થવું બંધ પડે છે અને જ્યાં સુધી તીર્થંકર જન્મ્યા બાદ દીક્ષા લઈ કેવળ જ્ઞાન ઉત્પન્ન થયા પછી ચાર તીર્થની સ્થાપના કરે અને તેમના શાસનમાં ભળે ત્યારે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય. જ્યાં સુધી ન ભળે ત્યા સુધી આગલા શાસનમાં કેવળજ્ઞાન અટકે છે.

દાખલા તરીકે-પાર્શ્વનાથ ભગવાનના સાધુ ગંગીઆ અણગાર મહા વિદ્વાન્ હોવા છતા તીર્થંકર માટે શંકાશીલ હતા કે ગોશાળો તીર્થંકર ખરો કે મહાવીર ખરા? એક ક્ષેત્રે એક સમયે બે તીર્થંકર હોય નહિ. જો કે ગોશાળા માટે તેને બહુમાન હતુ નહિ. કારણ કે પાર્શ્વનાથના પડવાઇ થયેલા દિગચાર્યો તેની પાસે કાયમ રહેતા હતા અને તેનાથીજ તેનું માહાત્મ્ય વધ્યું હતુ, એમ તે જાણતા હતા. પણ મહાવીરને માટે પરીક્ષા કરવાની જરૂર છે, એમ વિચારી મહાવીર પાસે આવ્યા અને ઉભ્યાથી વંદણા નમસ્કાર કર્યા વિના ઉભા રહ્યા. મહાવીરના એક હજાર ને આઠ ઉત્તમ લક્ષણ શરીર સંબંધી પોતે જાણતા છતાં એમ માનતા કે-"જિનપદ નહિ શરીરમેં, જિનપદ ચૈતન્ય માંય; તીર્થંકરપદ કાંઇ શરીરથી સિદ્ધ થતું નથી, પણ જ્ઞાનથી સિદ્ધ થાય છે. માટે પાર્શ્વનાથ ભગવાને પ્રરૂપેલા જીવની ઉત્પત્તિના ભાંગા જો પ્રકાશે તો તે કેવળી સિવાય બીજો પ્રકાશી શકે નહિ અને હું જે જાણું છું તે પાર્શ્વનાથ ભગવાનના કહ્યાથી જાણું છું. આ બધો અભિપ્રાય મહાવીર દેવે જાણીને ગંગીયા અણગારની શંકાનું સમાધાન કરી બતાવ્યું. ભગવંતને વાંદી ભગવંતના શાસનમાં ભળ્યા અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ ગયા.

આવા હેતુથી આગલા તીર્થંકરના શાસનના સાધુ વર્તમાન તીર્થંકરના શાસનમાં ભળે અને ચાલતા શાસનની પ્રવૃત્તિ પ્રમાણે વર્તે એવો સદાકાળનો નિયમ છે.

પ્રશ્ન ૯૮—શ્રી ભગવતીજીના પહેલા શતકના બીજે ઉદ્દેશે વિરાધક સંજમી જઘન્ય ભવનપતિમાં જાય અને ઉત્કૃષ્ટ સુધર્મ દેવલોકે જાય એમ કહ્યું છે છતાં જ્ઞાતાજી સૂત્રમાં સુકુમાલિકા વિરાધક સંજમી ઇશાન (બીજા) દેવલોકમાં ગઇ તેનું શું કારણ?

ઉત્તર—તે દેશથી વિરાધક છે અને ભદ્રિક પ્રણામી છે, માટે બીજા દેવલોકે ગઇ.

પ્રશ્ન ૯૯—શ્રી ઉવવાઇ સૂત્રમાં કહ્યું કે તાપસ ઉત્કૃષ્ટ જ્યોતિષી સુધી જાય અને શ્રી ભગવતીજીમાં ૧૪ બોલમાં પણ એમજ કહ્યું છે, અને તામલીતાપસ ઇશાનેંદ્ર થયા તેનું શું કારણ ?

ઉત્તર—તામલીતાપસ તપસ્યા કરવાથી તાપસ કહેવાણો પણ તે તેંતાળીસ જાતના તાપસ માંહિલો નથી અને તે તામલી તાપસ પ્રણામ પ્રવર્જ્યાવાળો છે તેથી ઇશાનેંદ્ર થયો.

પ્રશ્ન ૧૦૦—શ્રી ભગવતીજીમાં કહ્યું જે શ્રાવક હોય તે કર્માદાનના ત્રિવિધે ત્રિવિધે પચ્ચખાણ કરે, તેમ છતાં શ્રીઉપાસક દશાંગ સૂત્રમાં શ્રી આણંદજી શ્રાવકે હળ મોકળાં રાખ્યાં અને કુંભાર શ્રાવકે (શકડાળે) નીંભાડા મોકળા રાખ્યા તેનું કેમ?

ઉત્તર—આ વિષે ત્રીજા ભાગમાં સારી રીતે ખુલાસો આપવામાં આવ્યો છે. જે શ્રાવકને ઘેર કર્માદાન માંહેલો વેપાર ન હોય તો તે કર્માદાન માહેલો કસબ ન કરે અને ઉપર લખેલા બન્ને શ્રાવકને ઘરે હળ તથા નીંભાડાનો ધંધો હતો તેટલો આગાર રાખી બાકીના કર્માદાનના પચ્ચખાણ કર્યા છે.

પ્રશ્ન ૧૦૧—શ્રી પન્નવણાજી સૂત્રમાં વેદનીય કર્મની સ્થિતિ ૧૨ મુહૂર્ત કહી છે અને શ્રી ઉત્તરાધ્યયનમાં અંતર્મુહૂર્તની કહી છે તે કેમ?

ઉત્તર—શ્રી પન્નવણાજીમાં સંપરાય ક્રિયાના બંધ આશ્રી શાતાવેદનીયની સ્થિતિ જઘન્ય ૧૨ મુહૂર્તની કહી છે અને ઇરિયાવહીના બંધ આશ્રી જઘન્ય સ્થિતિ શાતાવેદનીયની બે સમયની કહી છે. તે લેખે શ્રી ઉત્તરાધ્યયનમાં વેદનીય કર્મની સ્થિતિ અંતર્મુહૂર્તની કહી તે બે સમયની અપેક્ષાએ જાણવી; કારણકે મુહૂર્તની અંદરનો તે માટે અંતર્મુહૂર્ત માટે બે સમયરૂપ અંતર્મુહૂર્ત જાણવી

પ્રશ્ન ૧૦૨—શ્રી જંબુદ્વીપપન્નતિમા કહ્યું છે કે નંદનવન પ૦૦ જોજનનું છે. તેમાં ૧૦૦૦ એક હજાર જોજનના બલકુટ મૂળે પડેલો છે તે કેમ?

ઉત્તર—શાશ્વતા ભાવે નંદનવનમાંહી સમાય. જેટલો નંદનવનમાંહી સમાણો તેટલો કુટ નંદનવનમાં અને બાકી વધ્યો તે બહાર રહ્યો.

પ્રશ્ન ૧૦૩—શ્રી પન્નવણાજી સૂત્રમાં કહ્યું જે બાદર તઉકાય આ મનુષ્ય ક્ષેત્રમાંજ હોય અને ઉત્તરાધ્યયનના ૧૯મા અધ્યયનમાં નરકમાં અગ્ન કહી તેનું કેમ?

ઉત્તર—બાદર અગ્નિકાય તો અઢી દ્વીપમાંજ છે. તે સિવાય બાહર બીજે ઠેકાણે નથી, અને ઉત્તરાધ્યયનના ૧૯ મા અધ્યયનમાં અગ્નિ દેવતાની વિકુર્વેલી અચેત પુદ્ગલની જાણવી, પણ અગ્નિકાયરૂપ હિ.

પ્રશ્ન ૧૦૪—તેજ ઉત્તરાધ્યયનના ૧૯ મા અધ્યયનમાં કહ્યું છે કે-મી નારકીના શરીરમાંથી માંસ કાપીને ખવરાવે છે, અને બીજા નારકીને હાડ, માંસ, રૂધિર નથી એમ કહ્યુ છે તેનું કેમ ?

ઉત્તર—નારકીનું શરીર એકાંત અશુદ્ધ પુદ્ગલનુંજ બનેલું હોય છે ને છેદીને તેને ખવરાવે માટે તે માંસ, રૂધિર સમાન કહેવાય

પ્રશ્ન ૧૦૫—આ ચાલતા ભાગમાં પ્રશ્ન ૨૦ મે સ્નિગ્ધના અને ટે બંધ થાય છે. તેના બંધનું સ્વરૂપ કેવી રીતે કહ્યું છે ?

ઉત્તર—તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં, પાને ૭૧ મે, સ્નિગ્ધ પુદ્ગલોનો ગલ સાથે મળવાથી બંધ થાય છે પણ न जघन्य गुणानाम् । એક ંશ) વાળા સ્નિગ્ધ, રૂક્ષ પુદ્ગલોનો બંધ થતો નથી

ण साम्ये सदृशानाम् । ગુણની સમાનતા હોતે છતે પણ સદૃશ નનાં) પુદ્ગલોનો બંધ થતો નથી. એટલે સમાન ગુણવાળા સ્નિગ્ધ ા સ્નિગ્ધપુદ્ગલ સાથે, અને રૂક્ષનો તેવા રૂક્ષ પુદ્ગલ સાથે બંધ ી.

धिकादि गुणानां तु । દ્વિગુણ આદિ અધિક ગુણવાળા એક જાતના ા બંધ થાય છે.

न्धे समाधिकौ पारिणामिकौ । બંધ થયે છતે સમાન ગુણવાળાનો ગુણ પરિણામ અને હીનગુણનો અધિક ગુણ પરિણામ થાય છે.

गुणपर्यायवद् द्रव्यम् । ગુણ અને પર્યાયવાળું દ્રવ્ય છે એટલે ગુણ ર્યિ જેને હોય તે દ્રવ્ય.

આનો પરમાર્થ એમ છે કે-સ્નિગ્ધ એટલે ચીગટા અને રૂક્ષ ખા એ બંને પુદ્ગલ મળવાથી બંધ થાય છે, પણ એક ગુણ અને લુખાનો બંધ થતો નથી. દ્વિગુણથી માંડી ચડતા નો બંધ થાય. પણ લુખે લુખાનો ને ચોપડયે ચોપડયાનો તો નથી. ચીગટા અને લુખા પરમાણુનો જે બંધ થયો હોય છે તે ન ગુણવાળા હોય તો સમાનપણે પરિણમે, અને ન્યૂનાધિક હોય ગુણવાળો અધિક ગુણવાળા સાથે મળવાથી અધિક ગુણ પણે

પરિણમે. પરંતુ જે પરમાણુઓ જે દ્રવ્ય, જે ગુણ અને જે પર્યાયવાળે હોય છે, તેના ગુણ અને પર્યાયવાળો દ્રવ્ય કહેવાય છે, એટલે મૂળ પરમાણુઓ તો મૂળ ગુણ અને પર્યાયવાળોજ હોય છે, તે તો સદાકાળ એકરૂપેજ હોય છે.

પ્રશ્ન ૧૦૬—શ્રાવકનું પ્રતિક્રમણ પુરૂં થયા બાદ પાછળ કહેવામાં આવે છે કે–૮૨ બોલનું પ્રતિક્રમણ ૧૨૪ દોષ ટાળીને કરવું. એમ કહ્યું છે તો ૮૨ બોલ કયા ?

ઉત્તર—૧ મિથ્યાત્વનું પ્રતિક્રમણ–તે (૨૫) પ્રકારનાં મિથ્યાત–૨ અવ્રતનું પ્રતિક્રમણ તે–અવ્રત (૧૨) પ્રકારની, પંચ મહાવ્રતના ૫, પંચ ઈંદ્રિયોના વિષયના ૫, રાત્રિ ભોજનનો ૧, અને મનનો ૧, એ પ્રમાણે મળીને અવ્રતના (૧૨) બોલ થાય છે. (આ બોલ ઘણું કરી સાધુને લાગુ થાય છે, અને શ્રાવકને માટે કહેલા ૧૨ વ્રત માંહેલી અવ્રતહોય છે) ૩ પ્રમાદનું પ્રતિક્રમણ તે–મદ ૧, વિષય ૨, કષાય ૩, નિંદા યા નિદ્રા૪, અને વિકથા ૫ એ પ્રમાણે પ્રમાદના ૫ બોલ.—૪ કષાયનું પ્રતિક્રમણ તે–(૨૫) બોલ કષાયના.—

૫ અશુભ જોગનું પ્રતિક્રમણ તે–૪ મનના, ૪ વચનનાં, ને ૭ કાયાના મળી (૧૫) જોગ તે અશુભ જોગનું પ્રતિક્રમણ કહેવાય. એટલે મિથ્યાત્વના (૨૫) અવ્રતના (૧૨) પ્રમાદના (૫) કષાયના (૨૫) ને અશુભ જોગના (૧૫) મળી કુલ ૮૨ બોલ થયા.

પ્રશ્ન ૧૦૭—૧૨૪ દોષ ટાળીને પ્રતિક્રમણ કરવું કહ્યું તે દોષ કયા?

ઉત્તર—નવાણું અતિચાર માંહેથી જ્ઞાનના ચૌદ અતિચાર વરજીને બાકીના ૮૫ રહ્યા તે.

૮. જ્ઞાનાચારના તે એ કે. ૧ બત્રીશે જાતની અસઝાય વરજીને વખતસર ભણવું, ૨ વિનય સહિત ભણવું, ૩ જ્ઞાનનો આદર સત્કાર કરી ભણવું, ૪ ઉપધ્યાન સહિત (સૂત્ર શીખવાને જે જે તપ કરવો કહ્યો છે તે તે કરીને) ભણવું, ૫ ઉપકારીનો ગુણ ભૂલવો નહિ, ૬ શુદ્ધ ઉચ્ચાર સહિત ભણવું, ૭ અર્થ સહિત ભણવું ૮ પાઠ અર્થ ઇત્યાદિ શુદ્ધ ભણવું. આ આઠ આચાર પ્રમાણે દોષ ટાળીને વર્તવાથી જ્ઞાનની વૃદ્ધિ થાય છે માટે જ્ઞાનાચારના આઠ દોષ ટાળવા.

૮ દર્શનાચારના એટલે દર્શનના આચારના દોષ, વર્જવા તે એ કે ૧ જિનભાષિતમાં શંકા ન રાખવી; ૨ કંખા-રહિત એટલે અન્ય-

મતની વાંછા ન કરવી, ૩ કરણીના ફળનો સદેહ ન રાખવો, ૪ મતના આડંબર દેખી મુંઝાવું નહિ અમૂઢદ્રષ્ટિપણે રહેવું. ૫ ઉપક ગુણ દીપાવવા, ૬ ધર્મથી પડતાને લથડતાને સ્થિર કરવો, ૭ ચ ર તી યથાયોગ્ય વાત્સલ્યતા મદદ કરવી, ૮ જૈન માર્ગનો મહિમા નિરવદ્ય પરિણમાવવો.

૮ ચારિત્રાચારના એટલે ચારિત્રના આચારના દોષ વર્જવા તે એ ૫ પાંચ સમિતિ, ૩ ત્રણ ગુપ્તિ. એ ૮ને વિષે આત્માને અશુભ જોગ નિવર્તાવવા અને શુભ જોગમાં પ્રવર્તાવવા તે ચારિત્રાચાર તેના દોષ ટાળવા.

૧૨ અવ્રતના દોષ ટાળવા તે. ૫ પહેલા પાંચ મહાવ્રતના, પાંચ ઈંદ્રિયોના વિષયના, નિવૃત્તિ[illegible] અને ૧ મન મળી બાર થયા. (પૂર્વવત્)

૩ વીર્યના તે આત્મશક્તિના દોષ ટાળવા તે ૧ ધર્મકાર્ય વિષે બળ ગોપવવું નહિ, ધર્મકાર્ય કરવું તે ઉપયોગ સહિત કરવું. અને ૩ યથા શક્તિ મુજબ ક્રિયાનું અનુષ્ઠાન કરવું.

એ સર્વ મળીને કુલ ૧૨૪ પ્રકારના દોષ ટાળીને સાધુ અને શ્રાવકે પ્રતિક્રમણ કરવું.

પ્રશ્ન ૧૦૮—સતી, શીલવંતી, શીયળવંતી અને બ્રહ્મચારિણીમાં શો ફરક?

ઉત્તર—સત્ય પ્રતિજ્ઞા પાળે તે સતી એટલે પતિવ્રતા ધર્મ પાળે તે સતી ૧

રૂડા આચાર પાળે તે શીલવતી. ૨

પોતાના પતિ સિવાય અબ્રહ્મનો ત્યાગ અને પતિની મર્યાદા સહિત રૂડા આચાર પાળે તે શીયળવતી. ૩

સર્વથા અબ્રહ્મનો ત્યાગ કરે એટલે બ્રહ્મચર્ય વ્રત ધારણ કરે તે બ્રહ્મચારિણી. ૪.

અને બાળપણાથીજ બ્રહ્મચર્ય પાળે તેને બાળબ્રહ્મચારિણી કહેવામાં આવે છે. ૫.

ઈતિ શ્રી પરમપૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી તત્ શિષ્ય જૈન મુનિ શ્રી મોહનલાલજી કૃત શ્રી "પ્રશ્નોત્તર મોહનમાળા" છઠ્ઠો ભાગ સમાપ્ત: ॥





પરમ પૂજ્યશ્રી ગોપાલજી સ્વામી તત શિ

મુનિશ્રી મોહનલાલજી કૃત,



શ્રી પ્રશ્નોત્તર મોહનમાળ

ભાગ ૭ મો.



શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા.



ભાગ ૭ મો.



પ્રશ્ન ૧—શ્રી જીવાભિગમ સુત્રમાં જુગલીયાંને દશ જાતનાં કલ્પવૃક્ષ ભોગોપભોગપણે કાયમ કામ આવે છે એમ કહ્યું છે. તો તે કલ્પવૃક્ષ સચેત છે કે અચેત? અને જો તે સચેત છે તો પાંચ સ્થાવર કાય માંહેલી કઇ કાયનાં છે? અને જો તે અચેત છે તો કયા પુદ્ગલનાં છે?

ઉત્તર—જુગલિયાનાં દશ જાતનાં કલ્પવૃક્ષ કહ્યાં તે સચેત છે, વનસ્પતિ કાય છે, ને તે ઉદારિક પુદ્ગલ છે.

પ્રશ્ન ૨—કલ્પવૃક્ષ વિસસા પુદ્ગલનાં કહ્યાં છે તે કેમ?

ઉત્તર—વિસસા પુદ્ગલનાં કહ્યાં નથી, પણ વિસસા કહ્યાં છે. તેનું કારણ કે—તે સ્વાભાવિક ઉગ્યાં છે, એટલે કોઇનાં વાવ્યાં ઉગ્યાં નથી અને ભગવતીજીમાં કહેલાં ત્રણ જાતના પુદ્ગલ માંહેલા પ્રયોગસા પુદ્ગલ છે. પણ સ્વાભાવિક વાવ્યા વિના પોતાની મેળે ઉગ્યા છે, માટે વિસસા કહ્યા છે

પ્રશ્ન ૩—જુગલિયાં આહાર શાનો કરે?

ઉત્તર—કેટલાક કહે છે કે જુગલિયાને જ્યારે આહારની ઇચ્છા થાય ત્યારે ઇચ્છા પ્રમાણે વસ્તુની પ્રાપ્તિ કલ્પવૃક્ષ પાસેથી થઇ આવે. પણ એ વાત બંધ બેસતી નથી. કારણ કે—જંબુદ્વીપ પન્નત્તિમાં કહ્યું છે કે—પુઢવી પુપ્ફ ફલાહારાણં ते मणुया पन्नत्ता—અર્થાત્ તો એમ કહ્યું કે—તે જુગલિયાં મનુષ્ય પૃથ્વી, પુષ્પ અને ફળનો આહાર કરે છે, એમ સૂત્ર શાખ આપે છે. ત્યારે કેટલાક ઉપરના પાઠ ઉપરથી એમ પણ કહે છે કે—પુઢવી આશ્રિત રહેલાં—પૃથ્વીથી ઉત્પન્ન થયેલાં વૃક્ષના ફળ ફુલનો આહાર કરે છે. કેટલાક કહે છે કે—જુગલિયાંને જેવી ઇચ્છા થાય તેવા આહાર કલ્પવૃક્ષ આપે છે. એટલે પૃથ્વી ફળ ફુલના પુદ્ગલ તે આહારપણે પરગમે છે ને પુદ્ગલ તેને માટે બીજવા કહ્યા છે તેનો આહાર જુગલિયાં કરે છે.

આ પ્રશ્નોત્તરનું સ્તવમાં આવ્યા આશયમાં, આગમાના ૦ ૧૧ અને ૨૩૨ સિ, ઉત્કૃષ્ટ કેટલુંક મનુષ્ય વનને [illegible] આકારના અનુસાર અવસ્થાન સ્વાભાવી—ઇત્યાદિ જે ગ્રંથમાં કહ્યું છે કે—अणुसमयसमयोवेनाति न

ફલાન્યાદારો વેશ. તથા ભાષામાં પણ કહ્યું છે કે-અમૃત સરીખો ક[illegible] એહવા ફળનો આહાર છે જેહનો-અર્થાત્ અમૃતમય સરખા ફળનો [illegible] કરે છે.

પ્રશ્ન ૪—કલ્પવૃક્ષ જુગલીયાને ઇચ્છા થાય ત્યારે [illegible] આવે કે કેમ?

ઉત્તર—જીવાભિગમ સૂત્રમાં તો એમ કહ્યું છે કે [illegible] ઘણાં વૃક્ષ છે એટલે દશે પ્રકારનાં વૃક્ષ ઘણાજ છે [illegible] કાળની સ્થિતિનાં હોય એમ જણાય છે પણ [illegible] તેથી તેને વિસસા કહ્યા છે

પ્રશ્ન ૫—શ્રી જીવાભિગમ સૂત્રમાં કહ્યું છે કે લવણ સમુદ્રમાં [illegible] વૃદ્ધિને માટે કહ્યું છે કે જંબુદ્વીપની જગતીના કાંઠાથી લવણ સમુદ્રમાં [illegible] ત્યારે જળની વૃદ્ધિને માટે '૯૫' પ્રદેશે ૧૬ પ્રદેશની ઉંચાઈ અને ૧ [illegible] ની નીચાઈ કહી છે. એમ વાલાગ્ર, લીખ, જુ, જવ, આંગુલ, વેંત, હાથ, ધનુષ્ય, ગાઉ, જોજન, ૯૫ હજાર જોજન જઈએ ત્યારે ૧૬ હજાર જોજનનો ઉંચા અને ૧૦ હજાર જોજનનો જાડો (પહોળો) દગમાળો [illegible] લવણ સમુદ્રનો મધ્ય ભાગે [illegible] ઉંચા કહ્યા છે [illegible] જળની વૃદ્ધિ ગણીએ તો વેલંધર અનુવેલંધર નામના [illegible] જોજન ઉંચા કહ્યા છે તે જગા બહાર રહી રીતે [illegible] ૪૨ હજાર જોજન જતાં તે પર્વત આવે છે તે [illegible] ગણતાં તે ઠેકાણે જળની વૃદ્ધિ ૭૦૭૩ જોજન અને [illegible] થાય એટલે એક હજાર જોજને જળવૃદ્ધિ ૧૬૮ જોજન [illegible] લગની થાય. એ હિસાબે તે પર્વત પાણીમાં [illegible] થાય માટે [illegible] જાણવું?

ઉત્તર—એ ગણતરી ૧૬ હજાર જોજનનો દગમાળો [illegible] કહેલ હોય એમ જણાય છે [illegible] [illegible] લવણ સમુદ્રમાં [illegible] [illegible] [illegible]

પ્રશ્ન ૬—લવણ સમુદ્રનું પાણી એક હજાર જોજને કેટલું ઉચું થો, અને પંચાણું હજાર જોજને કેટલું ઉચું ચડે ? તે સહેલાઇથી સમજાય તેમ બતાવશો ?

ઉત્તર—જગતીથી ૫૦૦ જોજન જઇએ ત્યારે ૫૦૦ જોજનનો પહોળો ત્રીજો અંતરદ્વીપ આવે તે જંબુદ્વીપ તરફ સાડાત્રણ જોજન ને ૬૫ કળા ૯૫ ની એટલો દેખાય છે અને લવણ સમુદ્ર તરફ કોશ (?) દેખાય છે. એ લેખે પાંચસેં જોજને ૩ જોજન ને ૬૫ પંચાણુંઆ ભાગ પાણીની વૃદ્ધિ થઇ તેને બમણા કરતાં ૭ જોજનને ૩૫ ભાગ એક હજાર જોજન જતાં પાણી ચડે. તેને ૯૫ એ ગણતાં ૭૦૦ જોજનનો પાણીનો ચડાવ પંચાણું હજાર જોજને થાય એમ જંબુદ્વીપપન્નત્તિના યંત્રમાં તથા વીરંજય ક્ષેત્રસમાસમા કહેલ છે.

પ્રશ્ન ૭—જેમ ઉપર ગ્રંથના દાખલાથી જણાવ્યું તેમ કોઇ સૂત્ર દાખલાથી સમજાય તેમ છે ?

ઉત્તર—હા, સાભળો, જીવાભિગમ સૂત્રમાં ગૌતમદ્વીપો ૧૨ હજાર જોજનનો લાંબો પહોળો કહ્યો છે. તે લવણ સમુદ્રમાં ૧૨ હજાર જોજન જઇએ ત્યારે આવે છે. તે દ્વીપો જગતી તરફ ૮૮॥ સાડીઅડયાસી જોજન ને ૯૫ યા ૪૦ ભાગ દેખાય છે ને લવણ સમુદ્ર તરફ ૦॥ અર્ધો જોજન દેખાય છે. એટલે ૧૨ હજાર જોજનમાં પાણીનો ચડાવ ૮૮ અડયાસી જોજન ને પંચાણુંયા ૪૦ ભાગ થયો. એ લેખે સૂત્રન ન્યાયથી એક હજાર જોજને ૭ જોજન ને પંચાણુંયા ૩૫ ભાગની જળવૃદ્ધિ થાય છે. એ હિસાબે લવણ સમુદ્રમાં ૯૫ હજાર જોજન જઇએ ત્યારે ૭૦૦ સાતસેં જોજનની જળની વૃદ્ધિ થાય છે. તે વાત ન્યાયપૂર્વક સારી જણાય છે.

ઉપર કહેલ ગૌતમદ્વીપનો અધિકાર બાબુવાળા છાપેલા જીવાભિગમના પાને ૭૨૭ મે કહેલ છે

વળી તેજ જીવાભિગમના પાને ૭૪૯ મે ટીકાકારે લવણ સમુદ્રના પાણીની ઉંચાઇ પંચાણું હજાર જોજને ૭૦૦ જોજનની કહી છે.

પ્રશ્ન ૮—વેલંધર, અનુવેલંધર નાગરાજાના પર્વત લવણ સમુદ્રના જલ થકી બહાર બન્ને તરફ કેટલા દેખાય છે ?

ઉત્તર—તે પર્વત ૧૭૨૧ જોજનના ઉંચા છે. જગતી થકી ૪૨ હજાર જોજન લવણ સમુદ્રમાં જઇએ ત્યારે તે પર્વત આવે છે. તે ઉપર પ્રમાણે ૧૭૨૧ જોજન ઉંચા છે. ૧૦૨૨ જોજન મુળે પહોળા છે.

જોજન શિખરે ઉપરે પહોળા છે. જંબુદ્વીપની દિશે ૯૬૯ જોજન ને ૯૫
૪૦ ભાગ જળથી બહાર દેખાય છે, અને લવણના ડગમાલા તરફ પેલી
એટલે પર્વતના પેલે છેડે ૯૬૨ જોજનને ૯૫ યા ૭૭ ભાગ એટલા પા
ઉપર પર્વત દેખાયછે એ ઉપરથી બેંતાળીશ હજાર જોજને જલવૃદ્ધિ ૩૦
જોજન ને ૯૫ યા ૪૫ ભાગ એટલી થાય, અને તે ઠેકાણે જળનું ઉંડાઈપણ
૪૨ હજાર જોજને ૪૪૮ જોજન ને ૯૫ યા ૧૦ ભાગ એટલું જળ ઉંડું છે
પંચાણું હજારે એક હજારની ઉંડાઈ ॥ અપેક્ષાએ બેંતાળીશ હજારે એટલું
જળ ઉંડું છે

હવે જળવૃદ્ધિ અને જળનું ઉંડાઈપણું એ બે એકઠા કરીએ ત્યારે
૭૫૧ જોજન ન ૯૫ યા ૫૫ ભાગ એકત્ર જમા થાય, તે ૧૭૨૧ જોજન
પર્વત ઉંચા છે, તેમાંથી એકત્ર જળનો ભાગ બાદ કરતા ૯૬૯ જોજન ને
૯૫ યા ૪૦ ભાગ એટલો જંબુદ્વીપથી જતા વેલંધર અનુવેલંધર
પર્વત પાણીથી બહાર ઉંચા છેડે દેખાતા છે. તે ઠેકાણે પર્વતનો વિસ્તાર
કેટલો છે તે કહે છે ૭૬૦ જોજનને ૯૫ યા ૮૦ ભાગ એટલો પર્વતનો વિસ્તાર
છે, હવે એટલા વિસ્તારે જળવૃદ્ધિ કેટલી થઇ તે કહે છે. ૫ જોજન ને ૫૮
ભાગ એટલી માંહેલી દિશિએ જળવૃદ્ધિ છે. તે જળ થકી પર્વતનું ઉંચપણું
૯૬૯ જોજન ને પંચાણુંયા ૪૦ ભાગ, તે માંહેથી પાય જોજન ને અઠાવન
ભાગ બાદ કરીએ તે વારે ૯૬૩ જોજન ઉપર પંચાણુંયા ૭૭ ભાગ, એટલો
લવણ સમુદ્રની શિખા દિશિથી જોતા તે પર્વત ઉંચા છે.

(આ અધિકાર પ્રકરણ રત્નાકર પાને ૨૭૫ મે, લઘુક્ષેત્રસમાસ
પ્રકરણમાં છે.)

એ પ્રમાણે લવણ સમુદ્રમાં રહેલા વેલંધર, અનુવેલંધર નાગરાજાના
પર્વત જળ થકી બહાર રહ્યા છે.

પ્રશ્ન ૯—લવણ સમુદ્રના પાણીની ઉંચાઇ નીચાઇની ગણતરી શી
રીતે છે?

ઉત્તર—લવણ સમુદ્ર મધ્યે પંચાણું હજાર જોજન જ્યાં સાત
જોજનની જળવૃદ્ધિ છે. તો બેંતાળીસ હજાર જોજન જઇએ ત્યાં વેલંધર
પર્વત છે. તે સ્થાનકે કેટલી જળવૃદ્ધિ હોય? તે જાણવાની રીતી બતાવે
છે. અહિયાં પ્રથમ શ્રેણી ૯૫૦૦૦ ની, બીજી ૭૦૦ ની, ત્રીજી શ્રેણી ૪૨૦૦૦ની
એવી આંકની ૩ શ્રેણી માંડીએ એ ત્રણ આંકની રાશી માંડયા પછી તે રાશી
કરવી, તે આવી રીતે કે-વચમાંની જે ૭૦૦ ની શ્રેણી તેને છેલ્લી ૪૨૦૦૦

ની શ્રેણીએ ગુણીએ તે વારે ૨૯૪૦૦૦૦૦ એ ક્રોડ ને ચોરાણું લાખ થાય પછી પહેલી શ્રેણી જે ૯૫૦૦૦ ની છે તેની સાથે ભાગ વહેંચીએ તે વારે ૩૦૯ જોજન ઉપર એક જોજનના ૯૫ ભાગ કરીએ તે માંહિલા ૪૫ ભાગ આવે. એ રીતે સમભૂતળે જંબુદ્વીપ જોતાં બેંતાળીશ હજાર જોજને એટલી જળવૃદ્ધિ થાય.

હવે જળની ઉંડાઇપણાની ગણતરી. લવણ સમુદ્રમાં ૯૫ હજાર જોજને એક હજાર જોજન જળની ઉંડાઇ છે એટલે સમુદ્ર ઉંડો છે. તો બેંતાળીશ હજાર જોજને કેટલો ઉંડો છે ? તેનું ગણિત આવી રીતે કરવું કે-બેંતાળીશ હજાર જોજનને એક હજારને આંકે ગુણીએ તે વારે ચાર ક્રોડ ને વીશ લાખ થાય. ૪૨૦૦૦૦૦૦ તેને ૯૫૦૦૦ ભાગે વહેંચીએ તે વારે ૪૪૨ જોજન ને ઉપર ૯૫ યા ૧૦ ભાગ એટલો સમુદ્ર ઉંડો છે અર્થાત બેંતાળીશ હજાર જોજન જઇએ ત્યારે એટલો ઉંડો થાય.

પ્રશ્ન ૧૦—લવણ સમુદ્રમાં એક હજાર જોજને જળવૃદ્ધિ કેટલી ? અને ઉંડો કેટલો ?

ઉત્તર—હજાર જોજને જળની વૃદ્ધિ ૭ જોજન ને ૯૫ યા ૩૫ ભાગ એટલું પાણી ચડે. અને ૧૦ દશ જોજન ને ૯૫ યા ૫૦ ભાગ એટલું પાણી ઉંડું હોય.

પ્રશ્ન ૧૧—લવણ સમુદ્રમાં જોજન જોજનનાં ખાંડવાં કેટલાં સમાય ?

ઉત્તર—દશ કોડાકોડ ખાંડવાં સમાય. દશ કોડાકોડ પલ્યોપમે એક સાગરોપમ થાય. એ ન્યાયે જોજન જોજનના દશ કોડાકોડી ખાંડવાં લવણ સમુદ્રમાં સમાવાથી જ્ઞાની પુરૂષોએ સાગરની ઉપમા આપી છે.

પ્રશ્ન ૧૨—લવણ સમુદ્રમાં જંબુદ્વીપ જેવડાં ખાડવાં કેટલાં સમાય ?

ઉત્તર—૨૪ સમાય. કેમકે પૂર્વથી પશ્ચિમ સુધીના લવણ સમુદ્રની હદ સુધીમાં જંબુદ્વીપ જેવડાં ૫ ખાંડવાં થાય, તેનો વર્ગ કરીએ. એટલે પાંચ ને પાંચ ગુણા કરતાં ૨૫ થાય. તેમાંથી એક જંબુદ્વીપ બાદ કરતાં ૨૪ થયા. એટલે લવણ સમુદ્રમાં જંબુદ્વીપ જેવડાં ખાંડવાં ૨૪ સમાણાં એમ ગણિતથી જણાય છે.

પ્રશ્ન ૧૩—લવણ સમુદ્રનાં જ્યોતિષ્ય મંડળ જળમાં ચાર કરે છે કે જળ બહાર ?

ઉત્તર—આ સંબંધી કેટલાક એમ કહે છે કે-જ્યોતિષ્યમંડળનાં વૈમાન દગફાળ ફલનાં છે, તેથી તે વૈમાન પાણીમાં ચાલે છે તો પણ તેને

પાણીનો વાંધો આવતો નથી, પાણીના બે ભાગ પાડી વચ્ચે વૈમાન ચાલ્યાં જાય છે. આ વાત બંધ બેસતી નથી, કારણ કે સૂત્રમાં કહ્યું છે કે–લવણ સમુદ્રમાં જ્યોતિષ્ય મંડળ તપ્યા, તપે છે ને તપશે, એ લેખે જળમાં ચાલવાનું સાબીત થતું નથી, અને જ્યોતિષ્ય મડળને જળમા ચાલવાનો અવકાશ રહે તેમ નથી. કારણ કે–સમભૂતળ થકી જ્યોતિષ્ય મંડળ ૭૯૦ જોજન ઉંચા ચાર કરે છે, અને લવણ સમુદ્રમા જ્યા જ્યોતિષ્ય મંડળને ચાર કરવાનું છે ત્યાં જળની વૃદ્ધિ સમભૂતળથી ઘણામા ઘણી ૭૦૦ જોજન નીજ હોય છે એથી વધારે નથી. માટે લવણ સમુદ્રના જ્યોતિષ્ય મંડળને બન્ને પડખે પંચાણું હજાર જોજનમાં પાણીથી ઉપર છવટે ૯૦ જોજનને આંતરે રહીને ચાલવાની ગતિ છે. એટલે જળને ને જ્યોતિષ્ય મડળને કાંઇપણ સબંધ નથી.

પ્રશ્ન ૧૪—લવણ સમુદ્રમા વચ્ચે દશ હજાર જોજનનો પહોળો અને સોળ હજાર જોજનનો ઉંચો ડગમાલો પાણીનો રહ્યો છે, તેમા જ્યોતિષ્ય મંડળ કેવી રીતે ચાર કરતા હશે અર્થાત્ ચાલતા હશે?

ઉત્તર—લવણ સમુદ્રમાં વચ્ચેના ૧૦ હજાર જોજનના ડગમાલામાં જ્યોતિષ્ય મંડળ છેજ નહિ. ડગમાલાની બન્ને બાજુમાં પંચાણું પંચાણું હજાર જોજનની હદમાંજ જ્યોતિષ્ય મંડળ ચાર કરે છે. તે પણ જળની ઉપર ઘણે છેટે રહ્યા ચાર કરે છે, અને ડગમાલાને અને જ્યોતિષ્ય મંડળને તો કાંઇપણ સંબંધ છેજ નહિં. તેની બન્ને બાજુએ ૧૧૨૧ અગ્યારસેં એકવીશ જોજન છેટે રહ્યા ચાર કરે છે.

પ્રશ્ન ૧૫—લવણ સમુદ્રમાં ડગમાલાથી ૧૧૨૧ જોજન છેટે રહી જ્યોતિષ્ય મંડળ ચાર કરે છે એવો કોઇ સૂત્રનો ન્યાય છે ખરો?

ઉત્તર—હાજી, સાંભળો, જ્યોતિષ્ય મંડળના ચાર આશ્રી આંતરૂં પડે તો વ્યાઘાત સહિત આંતરૂં જઘન્ય ૨૬૬ જોજનનું અને ઉત્કૃષ્ટું ૧૨૨૪૨ જોજનનું કહ્યુ છે, તે મેરૂ પર્વત ૧૦ હજાર જોજનનો જાડો છે. તેનાથી ૧૧૨૧ જોજન છેટે રહીને જ્યોતિષ્ય મંડળ જંબુદ્વીપમા ચાર કરે છે. તથા લવણ સમુદ્રનો ડગમાળો સોળ હજાર જોજનનો ઉંચો છે ને ૧૦ હજાર જોજનનો જાડો છે તેનાથી પણ ૧૧૨૧ જોજનને છેટે રહીને જ્યોતિષ્ય મંડળ લવણ સમુદ્રમાં ચાર કરે છે, તે આવ્યા તે વ્યાઘાતને લઇને ૧૨૨૪૨ જોજનનું ઉત્કૃષ્ટું આતરૂં કહ્યુ છે. સાખ જંબુદ્વીપ પનત્તિ તથા જ્યોતિષચક્રની. જઘન્ય આંતરૂં ૨૬૬ જોજનનું કહ્યું. તેનો ખુલાસો હવેના પ્રશ્નથી જાણવો.

પ્રશ્ન ૧૬—તારાવિમાનને નિર્વ્યાઘાત અને વ્યાઘાત સહિત આંતરૂં પડે કહ્યું છે તે શી રીતે ?

ઉત્તર—તારાવિમાનને નિર્વ્યાઘાત આંતરૂં પડે તો, તારા તારાને જઘન્ય પાંચસેં ધનુષ્યને ઉત્કૃષ્ટું બબ્બે ગાઉનું, અને વ્યાઘાત સહિત આંતરૂં પડે તો જઘન્ય ૨૬૬ જોજનનું ઉત્કૃષ્ટું ૧૨૨૪૨ જોજનનું તે એ રીતે કે-ધરતી થકી ૭૯૦ જોજન ઉંચા જઇએ ત્યારે તારામંડળ આવે અને જંબુદ્વીપમાં નિષઢ નીલવંત પર્વત ૪૦૦ જોજનના ઉંચા છે તેના ઉપર ૫૦૦ જોજનના ઉંચા કુટ છે. તે મૂળે ૫૦૦ જોજનના પહોળા છે, વચ્ચે ૩૧૫ જોજનના ને ઉપરે ૨૫૦ જોજનના પહોળા છે. તેનાથી આઠ આઠ જોજન તારામંડળ છેટે ચાર કરીને ચાલે છે. એ અપેક્ષાએ ૨૬૬ જોજનનું જઘન્ય આંતરૂં કહ્યું.

પ્રશ્ન ૧૭—સમભૂતળથી તારામંડળનો પ્રારંભ થતાં કુટનું દળ તેથી સનધે ૩૦૫ જોજન છે. અને વ્યાઘાત સહિત આંતરૂં ૨૬૬ જોજન કહ્યું માટે ત્યાં કેવી રીતે ચાર કરી શકે ?

ઉત્તર—મધ્યમ ભાગે ગણતાં ત્રણસેં પાંચ જોજનથી વધારે આંતરૂં ગણવું. ને તેનાથી છેટે રહી ચાર કરે એમ જણાય છે. અને ઉત્કૃષ્ટું આંતરૂં મેરૂ અને ડગમાળા આશ્રી જાણવું. બન્નેથી ૧૧ સેં ૨૧ જોજન છેટે જ્યોતિષ્ય મંડળ ચાર કરે છે, એટલે બેફેરનું આંતરૂં ગણતાં ૨૨૪૨ જોજન થાય. અને ૧૦ હજાર જોજનનું દળ મેરૂ તથા ડગમાળાનું ગણતાં ૧૨૨૪૨ જોજનનું આંતરૂં જાણવું. શાખ જંબુદ્વીપ પન્નત્તિની

પ્રશ્ન ૧૮—નક્ષત્રનાં માંડલાં ૮ આઠ કહ્યાં તે ચંદ્રમાનાં ૧૫ માંડલાં માં સમાયાં છે. ચંદ્રમાના માંડલાંને આંતરૂં ૩૫ પાંત્રીશ જોજન ને ઉપર એક જોજનના ૬૧ યા ૩૦ ભાગ અને એકસઠીયા માંહેલા ૧ ભાગના ૭ ભાગ કરીએ તેને ચુરણીયા ભાગ કહેવાય તેવા ૪ ચુરણીયા ભાગનું ચંદ્રમાના માંડલે માંડલાનું આંતરૂં કહ્યું, અને નક્ષત્રનાં માંડલાને બબ્બે જોજનનું આંતરૂં કહ્યું છે. તો ચંદ્રમાનાં ૧૫ માંડલાંમાં નક્ષત્રનાં ૮ માંડલાં કેવી રીતે સમાણાં ?

ઉત્તર—ચંદ્રમાના અમુક અમુક માંડલે અમુક અમુક નક્ષત્ર કહ્યાં છે. નક્ષત્રનાં માંડલાંને બબ્બે જોજનનું આંતરૂં હોય એમ જણાય છે. વિશેષ સમજુતી માટે લીંબડી સંપ્રદાયના હીરાજી મહારાજ કૃત લોક પ્રકાશમાં

જ્યોતિષ્ય મંડળ સંબંધી હકીકતમાંથી વિશેષ બીના મળી અ
જ્યોતિષ ચક્રમાંથી પણ ખુલાસો મળી આવશે.

પ્રશ્ન ૧૯—મેરૂ પર્વત થકી તથા અલોક થકી જ્યોતિષ્ય
કેટલે છેટે રહીને ચાર કરે છે?

ઉત્તર—જીવાભિગમ સૂત્રમાં કહ્યું છે કે—મેરૂ પર્વતથી અગ્યાર
એકવીશ (૧૧૨૧) જોજન છેટે રહીને ચાર કરે છે અને અલોકથી ૧
જોજન છેટે લોકમાં જ્યોતિષ્ય મંડળ સ્થિર છે.

અને સંગ્રહણીમા પણ એમજ કહ્યું છે કે—इक्कारस जोयणसय, इ
सिक्कारसाहीया कमसो; मेरु अलोगावाहिं, जोइस चक्कं चरइ ठाइ ५१.

એટલે મેરૂથી ૧૧૨૧ અને અલોકની અંદર લોકને છેટે ૧૧૧
જોજન છેટે છે જ્યોતિષ્ય મંડલ ચરે છે ને સ્થિર છે એટલે મેરૂ થ
૧૧૨૧ જોજન છેટે રહી ચાર કરે છે અને લોકને અંતે અલોકની અંદર
અલોક થકી ૧૧૧૧ જોજન છેટે જ્યોતિષ્ય મંડળ સ્થિર કહ્યા છે

પ્રશ્ન ૨૦—એક તરફ અસંખ્યાતા દ્વીપ સમુદ્ર અને બીજી તરફ
કે સ્વયંભૂરમણ સમુદ્ર તે બેમાં વધારે જગ્યા કોણે રોકી?

ઉત્તર—સ્વયંભૂરમણ સમુદ્રે ત્રણ લાખ જોજન વધારે જગ્યા રોકી કેમકે
સમશ્રેણીએ દોરી ભરતાં ૧ લાખ જોજન જમીન જંબુદ્વીપે રોકી ને ૪
લાખ જોજન લવણ સમુદ્રે રોકી. એમાં ત્રણ લાખ જોજનનો વધારો થયો
એમ ધાતકી ખંડે આઠ લાખ જોજન જગ્યા રોકી તેમ વચ્ચે લવણ સમુદ્રે
તથા જંબુદ્વીપે મળી ૫ લાખ જોજન જગ્યા રોકી. તથા ધાતકી ખંડથી
૩ લાખ જોજન જગ્યા વધી. એમ સરવાળા સમશ્રેણીએ [illegible] સ્વયં
ભૂરમણ સમુદ્રમાં ત્રણ લાખ જોજનનો વધારો થયો એટલે સર્વ દ્વીપ
સમુદ્રથી સ્વયંભૂરમણ સમુદ્રે ત્રણ લાખ જોજન જગ્યા વધારે રોકી સાખ
જીવાભિગમ તથા સંગ્રહણીની.

પ્રશ્ન ૨૧—કેટલા દ્વીપ સમુદ્રમાં કેટલા સર્વનું [illegible] [illegible] [illegible]
કહ્યું?

ઉત્તર—પ્રથમ ધાતકી ખંડથી [illegible] કરવું એટલે કાલોદધિ સમુદ્રના
ચંદ્ર સૂર્ય લાવવા હોય તો ધાતકી ખંડના ચંદ્ર સૂર્યને ત્રણ ગુણા કરવા
એટલે ૧૨ તેના ૩૬ થયા ને તેમાં લવણ સમુદ્રના તથા જંબુદ્વીપના ચંદ્ર
ના અને ૬ જંબુદ્વીપના મેળવતાં ૪૨ ચંદ્ર સૂર્ય કાલોદધિ સમુદ્રના થયા
થતાં જેટલા થાય તેટલા કાલોદધિ સમુદ્રના જાણવા એટલે [illegible] [illegible]

તેમજ પુષ્કર દ્વીપના ગણવા હોય ત્યારે કાળોદધિના ત્રણ ગુણા કરી ધાતકી ખંડ, લવણ સમુદ્રને જંબુદ્વીપના ભેળવતાં પુષ્કરદ્વીપના થાય. એટલે કાળોદધિના ૪૨ તેને ત્રણ ગુણા કરતાં ૧૨૬ થાય, ભેગા ધાતકી ખંડના ૧૨ લવણ સમુદ્રના ૪ ને જંબુદ્વીપના ૨ ભેળવતાં ૧૪૪ ચંદ્ર સૂર્ય પુષ્કર દ્વીપના જાણવા, એમજ જે દ્વીપ સમુદ્રની પૃચ્છા હોય તેહના પહેલાના ત્રણ ગુણા કરી તેની અંદર પ્રથમની પેઠે પાછળના ભેળવતાં જેટલા થાય તેટલા તે દ્વીપ સમુદ્રના જાણવા. શાખ જીવાભિગમ તથા સંગ્રહણીની.

પ્રશ્ન ૨૨—છપન અંતરદ્વીપા જે છે તેમાં એકેક દાઢા ઉપર સાત સાત અંતરદ્વીપા કહ્યા છે તેને કેટલાક ગજદંતા આકારે કહે છે અને કેટલાક એમ કહે છે કે દાઢા ઉપર અધર દ્વીપાના રહેનારા એમ કહેલ છે. એટલે તે દાઢા શું અધર ચુલહિમવંતમાંથી નીકળીને ચાલી કે કેમ? વળી દાઢા તો મૂળમાં સાંકડી ને ઉપર પહોળી હોય છે. ને અહિં તો ગજ (હાથી) ના દાંતનો આકાર બતાવે છે માટે તે વિષે શું સમજવું?

ઉત્તર—જીવાભિગમ સૂત્રની ત્રીજી પડિવૃત્તિમાં તથા પન્નવણાજી બાબુવાળા છાપેલ પાને પ૬ મે, ટીકામા કહ્યું છે કે-ચુલહિમવંત પર્વતના ચરમાંતથી તથા શિખરી પર્વતના ચરમાંતથી એકેક દિશે દ્વે દ્વે ગજદંતાકારે દંષ્ટ્રે વિનિર્ગતે બે બે ગજદંતા આકારે દાઢાઓ નીકળી છે. તે હેઠે મૂળમાંથી ચાલી છે. નીકળતાં સાંકડી છેડે જતાં પહોળી તેમાં આંતરે આંતરે દ્વીપ નીકળ્યા છે. વચ્ચે વચ્ચે આંતરામાં પાણી રહેલ છે. અને તે દાઢા પણ પાણી ઉપર ચાલી છે. તે દાઢામાંથીજ દ્વીપા નીકળ્યા છે. તે દ્વીપા ઉપર જુગલિયાં મનુષ્ય રહે છે, માટે અંતરદ્વીપાનાં મનુષ્ય કહ્યાં. તે દાઢા જેમ જેમ આગળ ચાલી તેમ તેમ પહોળી પડતી ગઇ અને ગજદંતના આકારે કામઠ બની ગઇ એટલે એક દ્વીપાથી બીજા દ્વીપાને જેટલું આંતરૂં તેટલુંજ જગતીથી દ્વીપાને આંતરૂં થાય છે. એમ દરેક દ્વીપાને જાણવું.

પ્રશ્ન ૨૩—લવણ સમુદ્રમા પાતાળ કળશામા ત્રણ ભાગ કર્યા તેમાં હેઠલા એકેકા ભાગમા વાયરો, અને બીજા વચલા ભાગમાં વાયરો ને પાણી બન્ને, ત્રીજા ઉપલા ભાગમા પાણી, એમ ત્રણે ભાગ જુદા જુદા કહ્યા તેમ વચલા ભાગમા વાયરો ને પાણી શી રીતે રહ્યા?

ઉત્તર—આમાં વિકલ્પ ઘણા બંધબેસે છે, તેમા


૧ પ્રથમ એ કે-વચલા ભાગના બે ભાગ કરવા તે પણ દેશથી ... તેમ એક ભાગમાં વાયરો અને બે એક ભાગમા પાણી

૨. બીજા વિકલ્પે—હેઠે વાયરો ને ઉપર પાણી
૩. ત્રીજે વિકલ્પે—હેઠે પાણી ને ઉપર વાયરો


આમ ૩ વિકલ્પ થયા. તેમાં બીજા વિકલ્પનો વિચાર કરતાં ૧ લાખ જોજનનો પાતાળ કળશો કહ્યો છે. તેમાં ૩૩ હજાર જોજન ને એક ત્રાહીયો ભાગ એટલે એક હજાર જોજનનો ત્રીજો ભાગ એટલામાં, હેઠે એકલો વાયરો રહ્યો છે. ને બીજા વચલા ભાગમા જ્યારે હેઠે વાયરો ને ઉપર પાણી હોય ત્યારે અર્ધા કળશામાં વાયરો અને અર્ધ ભાગમાં પાણી થયું તો પછી ત્રણ ભાગ કરવાનું કારણ રહ્યું નહીં માટે એ વાત બંધબેસતી નથી.

અને ત્રીજે વિકલ્પે કહ્યા પ્રમાણે હેઠે પાણી ને ઉપર વાયરો હોય તો હેઠલા ત્રીજા ભાગમાં વાયરો કહ્યો છે. તે વાયરો કંપવાથી વચલા ત્રીજા ભાગમાં હેઠેનું પાણી તો કંપે-ઉછળે પણ તે પાણીના કંપવાથી વાયરો કંપે નહિ તો પછી ઉપલા ત્રીજા ભાગમાં રહેલું પાણી શી રીતે કંપે, ને ડગ માળાના પાણીનું ઉછળવું શી રીતે થાય? માટે તે વાત પણ સંભવે નહીં. વળી બીજો વાંધો એ આવે કે વાયરા ઉપર પાણી તો રહે એમ ભગવતી-જીમાં મસકનું દ્રષ્ટાંત આપ્યું છે તે સૂત્રનો ન્યાય પણ પાણી ઉપર વાયરો રહે નહીં. એમ કેટલાક ન્યાય જોતાં તો પ્રથમ પહેલો વિકલ્પ કહ્યા પ્રમાણે કાંઈક ઠીક લાગે છે. એટલે હેઠલો ત્રીજો ભાગ આખો ને વચલો ત્રીજો ભાગ ઉંચાઈમાં અર્ધો એટલે હેઠેથી ઉંચાઈપણે છાસઠ હજાર જોજન ને બે ત્રાહીયા ભાગ દેઢ ભાગમા સલંગ વાયરો હોય અને વચલા ત્રીજા ભાગના અર્ધામાં સલંગ ઉંચાઈપણે ને ઉપલા ત્રીજા ભાગમાં આખામાં મળી દેઢીયા છાસઠ હજાર જોજનને બે ત્રાહીયા ભાગમાં પાણી એમ જણાય છે.

આ પહેલા વિકલ્પ



જ છે.



૪ ચોથો વિકલ્પ પણ આ ચિત્ર પ્રમાણે હોવા સંભવ છે.

પ્રશ્ન ૬૪—સિદ્ધાંતમાં, આઠમ, ચૌદશ, ને પાખીનું માહાત્મ્ય કહ્યું ત્યા વગેરે ધર્મ કરણી કરવાને તેજ તિથિ કહી તેનું શું કારણ?

ઉત્તર—તે તિથિએ ડગમાલાનો ભરતી ઓટ આવે છે. એટલે લવણ સમુદ્રમાં દશ હજાર જોજનનો જાડો અને ૧૬ હજાર જોજનનો ઉંચો મધ્ય ભાગે ડગમાળો છે, તેમાં ચાર દિશિએ લાખ લાખ જોજનના ઉંડા ને પહોળા ચાર પાતાળ કળશા છે. તેમાંથી પવનના જોરે પાણી ઉછળીને ડગમાળાના શિખરે ચડે છે. હમેશાં આ પ્રમાણે બે વખત ભરતી ઓટ થયાં કરે છે તેમાં આઠમ ચૌદશ પાખીએ ડગમાળાનું વિશેષ ઉછળવાપણું થવાનો સંભવ છે. તે ઉપરથી ગૌતમ સ્વામીએ ભગવંતને પ્રશ્ન કર્યું છે કે-તે ડગમાળા ... મારી જંબુદ્વીપને કેમ બોળતો નથી ? તેના ઉત્તરમાં ભગવંતે ... કે-ઉત્તમ પુરૂષો તથા ચાર તીર્થ વગેરેનાં પુણ્યને લીધે બોળતો નથી. ... જીવાભિગમ સૂત્રમાં કહ્યું છે. એ ઉપરથી તે તિથિએ ધર્મ કરણી ... કહી હોય તો ના નહીં.

પ્રશ્ન ૨૫—શાસ્ત્રમાં આઠમ ચૌદશ ને પાખી (પૂનેમ કે અમા વાસ્યા) એ ત્રણજ તિથિ ધર્મકરણીને માટે કહી છે. છતાં છપરથી ... બીજ, પાંચમ, આઠમ, અગ્યારશ, ચૌદશ ને પાખી એ છ તિથિ પાળવાનું શું કારણ ?

ઉત્તર—ચારે તીર્થને માટે, દરેક તિથિ ધર્મકરણીને માટે ખુલ્લીજ છે, પણ પોષા ઉપવાસાદિ હમેશાં બની શકતા નથી. માટે ભગ વંતે સાત સાત દિવસને આંતરે પોષો ઉપવાસ અવશ્ય કરવાની ... બતાવી છે. તેમાં પણ અનેક હેતુઓ સમાયેલા છે

૧. એક તો એ કે, પોતાની ઇંદ્રિયો વશમાં રહે

૨. બીજો ગુણ, શરીર અને આહારાદિક ઉપરથી મૂર્છા ઉતરે તેમજ છય કાયના આરંભનો ત્યાગ થાય તેથી અનંતી નિર્જરા પ્રાપ્ત થાય

૩. ત્રીજો ગુણ, દેહ દુખ્ખં મહા ફલં. દેહને છતી શક્તિએ ... સહન કરવાથી દ્રવ્યે ને ભાવે મહા લાભદાયક થાય છે

૪. ચોથો ગુણ, વૈદક શાસ્ત્રના નિયમ પ્રમાણે ઉપવાસ કરવા ... અજીર્ણ અપચો વગેરે રોગોત્પતિ થતી અટકે છે અને થયેલ હોય તેને નાશ થાય છે.

૫. પાંચમો ગુણ, જેને ઉપવાસાદિ કરવાની પ્રેકટીસ હોય તે કોઇ વખત રાજદ્વારી આફત આવી પડે તો તેને તેવી અશીઅત ... નડતી નથી. અને સમભાવથી તેવા પરિસહો સહન કરે તો ઘણી નિર્જરા થવા સાથ આવેલા કષ્ટનું ટુંકી મુદતમાં નિવારણ થાય છે. એમ દ્રવ્યે ને ભાવે મહા લાભ થાય છે.

હવે છપરબી પાળવાને માટે એવો સૂત્રમાં ખુલ્લો દાખલો નથી, પણ પૂર્વાચાર્યોએ ભવ્ય જીવોના હિતને માટે એ તિથિઓ ધર્મકરણીમા તથા ત્યાગ વૈરાગ્યમાં જોડવાને માટે પ્રતિપાદન કરેલ છે તેનો હેતુ એમ પણ જણાય છે કે—દરેક જીવને આવતા ભવના આઉખાનો બંધ ચાલતા ભવના આઉખાના ત્રીજે ભાગે પડે છે એમ આઉખાના અંત સુધી ત્રીજા યા ત્રીજાના ત્રીજા ભાગની છેવટ સુધીની ગણના કરી છે તે પણ ચાલતા માસની ગમે તે તિથિમા થાય. માટે દરેક તિથિ તો શાસ્ત્રના નિયમ પ્રમાણે વ્રત, નિયમ ત્યાગ, વૈરાગ્ય વાળીજ હોવી જોઇએ. એટલા માટે જ્ઞાની પુરૂષોએ નિત્ય નિયમની સંકલના કરી છે અને તે પ્રમાણે ન વર્તી શકે તેના માટે આઉખાના બંધના નિયમ પ્રમાણે તિથિઓમા પણ ત્રીજે ત્રીજે ભાગે બબ્બે દનીયા છોડી દઇને ત્રીજી તિથિએ એટલે બીજ, પાચમ, આઠમ, અગીયારશ અને ચૌદશ પાખી, (પુનમ અને અમાવાસ્યા ભારે હોવાથી તે પણ સાથે ગણી) એ તિથિઓમા વ્રત, નિયમ, પચ્ચખાણ, ત્યાગ વૈરાગ્ય વગેરે હોય અને આઉખાની હદ પૂરી થવાનો સમય તથા આઉખાનો બંધ પડવાનો સમય લાગુ થાય તો તે જીવનો સારી ગતિમાં જવાનો બંધ પડે અને તેની ગતિ પણ સુધરે. એવા હેતુથી છપરબીનું પ્રતિપાદન કર્યું હોય એમ જણાય છે,

પ્રશ્ન ૨૬—ભરત ક્ષેત્રમાં, માગધ, વરદામ, ને પ્રભાસ, એ ત્રણ તીર્થ કહ્યાં છે. તો આખા જંબુદ્વીપમાં કેટલાં તીર્થ હોય?

ઉત્તર—ભરત, ઇરવત, અને મહાવિદેહનાં મળી ત્રણ ત્રણ ગણતા ૧૦૨ થાય સાખ જંબુદ્વીપ પન્નત્તિની.

પ્રશ્ન ૨૭—ભરત ઇરવતનાં તીર્થ લવણ સમુદ્રમાં કહ્યાં છે તો મહાવિદેહનાં તીર્થ કયાં છે?

ઉત્તર—બત્રીશે વિજયનાં મળી ૯૬ તીર્થ તે સીતા સીતોદા નદીમા છે શાખ જંબુદ્વીપ પન્નત્તિની.

પ્રશ્ન ૨૮—જંબુદ્વીપ પન્નતિમાં કહ્યું કે ભરતચક્રવર્તિને ત્યાં છપ્પન અંતરદ્વીપા છે તે કયા?

ઉત્તર—જગતીની અંદર લવણ સમુદ્રની ખાડીમાં ભરતક્ષેત્રની હદમાં અંતરદ્વીપા છે, તે ચક્રવર્તિની હદમાં તેના સ્વાધીનના છે જુગલીયાના [illegible]ત અંતરદ્વીપા કહ્યા છે તે આ નહિ. જુગલીયાના તો જંબુદ્વીપ બહાર [illegible] સમુદ્રમાં છે અને આજે કહ્યા તે જગતીની અંદરના છે.

પ્રશ્ન ૨૯--જંબુદ્વીપ પન્નત્તિમાં નવનિધાન કહ્યાં તે નવે નોખાં નોખાં કે એકમાં નવેનો સમાવેશ થાય છે ?

ઉત્તર—ટીકાકારે નવે નોખાં નોખાં કહ્યાં છે ને દરેકનાં આડબાડ પઇડાં પણ કહ્યાં છે.

પ્રશ્ન ૩૦--નિધાનમાં કાંઇ વસ્તુ હશે કે ખાલી હશે?

ઉત્તર--સૂત્ર પાઠે રત્ને કરીને સહિત કહ્યા છે. ટીકાકાર એમ પણ કહે છે કે ચક્રવર્તિની ઇચ્છા પ્રમાણે વસ્તુ પ્રાપ્ત થાય છે, તથા નવેમાં કહેલી વિધિનાં પુસ્તકો છે. એટલે તમામ વસ્તુની ઉત્પત્તિનું સ્વરૂપ જાણવામાં આવે એવો અધિકાર છે.

પ્રશ્ન ૩૧—નવનિધાનનાં મુખ લક્ષ્મી ઘરના ભંડારમાં કહ્યાં તે શી રીતે રહ્યાં હશે ?

ઉત્તર—કેટલાક કહે છે કે-ચારે દિશે બબ્બે ને એક વચ્ચે એમ રહ્યા છે, એટલે નવેનાં મુખ લક્ષ્મી ઘરના ભંડારમાં છે. કેટલાક એમ પણ કહે છે કે-નવે સાંકળેલા રેલ્વેના ડબાની પેઠે છે. તેમાંના આગલા એક નિધાનનું મુખ લક્ષ્મી ઘરના ભંડારમાં છે. તેમાં ચક્રવર્તિ પ્રવેશ કરી એકથી બીજામાં ને બીજાથી ત્રીજામાં એમ અનુક્રમે નવે નિધાનમાં એક બીજામાંથી જાય છે. એકેક નિધાનને આગળ પાછળ મળી બબ્બે બારણાં હોય છે. એટલે એક બારણેથી અંદર પેસે ને બીજા બારણેથી બહાર નીકળે. બીજા નિધાનના બારણામાં પ્રવેશ કરે એમ જણાય છે. પણ ઘણાનો મત પ્રથમ પ્રમાણે હોય છે.

પ્રશ્ન ૩૨—નિધાન પ્રમાણ આંગુલના ૧૨ જોજનનું હોય તો ૪૮ હજાર ગાઉનું લાબું એકેક નિધાન હોવું જોઇએ તો નવે નિધાન મળીને ૪૩૨૦૦૦ ચાર લાખ બત્રીશ હજાર ગાઉ થાય તેનો પાર કયારે પામી શકે ?

ઉત્તર—કેટલાક એમ કહે છે કે-ચક્રવર્તિને હજારો દેવ સાન્નિધ્ય છે. માટે દેવ શક્તિએ- ગમે તેમ કરી શકે. વળી એમ પણ સંભવે છે કે-ચક્રવર્તિ રાજાને લાખ જોજનનું વૈક્રિય શરીર કરવાની શક્તિ છે, માટે નિધાનની ઉંચાઇ પ્રમાણાંગુલે આઠ જોજનની છે. તો ઉત્સેદ્ય આંગુલે બત્રીશ હજાર ગાઉ ઉંચું થાય. ને ચક્રવર્તિ પણ તેટલીજ તેની હદ પ્રમાણે જેટલી જોઇએ તેટલી કાયા વિકુર્વી તેજ પ્રમાણના પગલે ચાલે તો તેને નવ નિધાન ફરી વળતાં વાર લાગે નહીં એમ જણાય છે.

પ્રશ્ન ૩૩—જંબુદ્વીપ પન્નત્તિમાં કહ્યું છે કે-નવ નિધાન લક્ષ્મી ઘરના ભંડારમાં ઉત્પન્ન થયાં છે. ને વળી એમ પણ કહ્યું છે કે-નવે નિધાન તો

ચક્રવર્તિને ગંગા નદીને કાંઠે મળ્યાં છે, અને વિનીતા નગરીને બહાર રહ્યા છે. એવો સૂત્ર પાઠ છે માટે શું સમજવું ?

ઉત્તર—બન્ને વાત સત્ય છે દરેક ચક્રવર્તિને નવે નિધાન ગંગાના કાંઠે પ્રાપ્ત થાય છે, અને રહે પોતપોતાની નગરીની બહાર પણ તેનું મુખ લક્ષ્મી ઘરના ભંડારમાં હોવાથી ત્યાં તેની ઉત્પત્તિ થઇ એમ મનાય છે. દાખલા તરીકે—ચક્ર ગમે ત્યાં હોય અગર ગમે ત્યાંથી મળે પણ તેની ઉત્પત્તિ આયુધશાળામાંજ થઇ ગણાય છે. પ્રાપ્તિ ગમે ત્યાં થાય પણ જ્યાં જેનો નિવાસ ત્યાં તેની ઉત્પત્તિ ગણાય, એમ સંભવે છે.

પ્રશ્ન ૩૪—બ્રહ્મદત્ત ચક્રીને પૂર્વના ૬ ૭ ભવની વાત જાણવામાં આવી તે શા આધારે ?

ઉત્તર—કેટલાક કહે છે કે-અવધિજ્ઞાનથી. કેટલાક કહે છે કે—જાતિસ્મરણજ્ઞાનથી પણ તે વાત ન્યાયમાં આવતી નથી. કારણ કે તેને ચક્રવર્તિના ભવમાં સમકિત છેજ નહીં. અવધિજ્ઞાન હોય તો સમકિત હોવું જોઇએ ને તે અવશ્ય દીક્ષા લેત પણ તેમ બન્યું નથી. વળી જાતિસ્મરણનો પણ સંભવ નથી, કારણ કે જાતિસ્મરણજ્ઞાન થવાવાળાને પ્રથમ મોહનીય કર્મનો ઉપશાંત થાય છે. શાખ ઉત્તરાધ્યયનના નવમા અધ્યયનની પેલી ગાથાની उवसंतमोहणिज्जोसरइ पोराणीयंजायं १ બ્રહ્મદત્તને મોહનીયનો ઉદય છે માટે જાતિસ્મરણનો સંભવ નથી.

પ્રશ્ન ૩૫—તો ૭ ભવ શાથી જાણ્યા ?

ઉત્તર—કાગજ્ઞાનથી જાણ્યા હોય એમ સંભવે છે. નવનિધાનમા [illegible]કાગજ્ઞાન નામનું નિધાન છે તેમા પ્રવેશ કરે, અને પોતાની જાતિનો [illegible]ચાર કરે અથવા કાગજ્ઞાન જાણવાના તેમાં પુસ્તકો છે તેમા ઉપયોગ [illegible]વાથી પૂર્વ ભવના કેટલીક વાતો જાણવામાં આવે છે. તે ઉપરથી પ્રાય[illegible]ને ચિત્ત સાધેના પૂર્વ સહચારી ૭ ભવની વાત જાણવામા આવી હોય જણાય છે.

પ્રશ્ન ૩૬—ચક્રવર્તિ દેશ સાધવા જતાં તિમસ ગુફામાં ૪૯ માંડલા [illegible]રે છે તેમા એક ભીંતે ૨૪ અને બીજી ભીંતે ૨૫ જે મૂકિઓને આકારે [illegible]. દરેક ભીંતે માંડતાં માંડલને બન્ને જોજનનું અંતર કહ્યું છે ગુફા [illegible]થશે ૧૨ જોજનની પહોળી છે. આઠ જોજન ઉંચી છે ને ૫૦ જોજન [illegible]. વિચારો કે-એક ભીંતે એક મંડલું આલેખી બીજી ભીંતે બીજું [illegible]આલેખવા જતાં ૪૮ હજાર માઈ થાય એમ દરેક માંડલું આલેખતા

અડતાળીશ અડતાળીશ હજાર ગાઉ આવવું જવું પડે તો કુલ પંચરૂ૪૨૦૦૦ ગાઉને અનુમાન થાય તે ક્યારે આવેલી શકે ?

ઉત્તર—દેવશક્તિ અગાધ છે, પરંતુ વૈક્રિયશક્તિ લાખ જોજની છે. તેથી તે કાર્ય કરતાં વિલંબનો સંભવ રહેતો હોય એમ જણાતું નથી.

ચક્રવર્તિ રાજા લશ્કર સહિત તિમસ ગુફામાં પ્રવેશ કરતાં અંધારું અપેક્ષું ટાળવાને માટે બારણામાંથી મધ્ય ભાગે પ્રવેશ કરતાં હસ્તીપર બેઠા થકા મણિરત્ન હાથીના કુંભસ્થળે મૂકવાથી પ્રથમ પ્રવેશ કરતાં અંધારાનો નાશ થાય અને પ્રથમ પ્રકાશ રહેવાને માટે હસ્તી પર બેઠાં બેઠાં પૈ.નાલ હસ્તને લંબાવી બન્ને બાજુની ભીંતે કાંગણી રત્ન વડે કરી સૂર્ય જેવો પ્રકાશ આપે તેવા સૂર્યના જેવા માંડલાં આલેખે, દરેક ભીંતે માંડલ એક બીજાને અંતરે જોજનનું આંતરું હોય, અને આંતરાના મધ્ય ભાગે સામી [illegible] માંડલાં આલેખવાથી એક બીજાના તેજનું મળવાપણું થવાથી તિમસ ગુફામાં કાયમને માટે એટલે જ્યાં સુધી તે ચક્રવર્તિનું રાજ રહે, જ્યાં સુધી ચક્રવર્તિના લશ્કરને આવવા જવાપણું હોય, જ્યાં સુધી તિમસ ગુફાનું [illegible] ખુલ્લું રહે ત્યાં સુધી તે માંડલાં સૂર્યની માફક પ્રકાશ આપતા રહે, એવી ચક્રવર્તિના પુણ્યના પ્રકાશની ખુબી છે.

પ્રશ્ન ૧૭—શૌક માવડામાં માંકડો કેટલો ને ક્યાં હોય ?

ઉત્તર—માવડામાં માંકડો શૌક એક રાજનો રોગ છે તો [illegible] [illegible] જેને [illegible] શૌક રાજ છે

પ્રશ્ન ૧૮ [illegible] અજ્ઞાની આરાધના નામનો ગ્રંથ છે [illegible] લાખ જોજન [illegible] છે. તેનું કેમ ?

ઉત્તર [illegible] કહેલ હોય, [illegible]

[illegible]

[illegible] નથી.

[illegible]

ઉત્તર—સંગ્રહણીમાં કહ્યું છે કે-સાતમી નરક સાત રાજની છે ને ૮ જોજનનો ઘનોદધિ, ૬ જોજનનો ઘનવા ને ૨ જોજનનો તનવા છે એટલે સાતમી નરકના છેડાથી ત્રીઠા ૧૬ જોજન છેટે અલોક છે. તે અપેક્ષાએ સાતમી નરક સાતે રાજની બાદર પૃથ્વીની છે.

પ્રશ્ન ૪૦—પાચમું દેવલોક પાંચ રાજનું છે તેમાં બાદર પૃથ્વી કેટલામાં સમજવી ?

ઉત્તર—તેનો કોઇ ઠેકાણે ખુલાસો મળતો નથી, પણ કેઇ કહે છે કે-એકરાજમાં ત્રસનાડી પ્રમાણે (પહેલા બીજા દેવલોક પ્રમાણે) પન્નવણામાં બીજા સ્થાનપદમાં કહ્યું છે. (પણ તે વત જોઇને નિર્ણય કરવાની છે.) પણ સાતમી નરકની અપેક્ષાએ તો પાચમુ દેવલોક પણ પાંચ રાજમાં બાદર પૃથ્વીનું સમજાય છે અને ત્રસનાડી તો દેવલોકમા અને નરકમાં એકરાજની સરખીજ હોય તેના ફરતી બાદર પૃથ્વી હોવી જોઇએ તેનો વિશેષ ખુલાસો જોતાં—

ભગવતીજી શતક ૩૪ મે, ઉદ્દેશે ૧ લે, બાબુવાળા છાપેલ પાને ૧૮૭૮ મે અધોલોકના અધિકારે સાતમી નરકે લોકનાડી બહાર (ત્રસનાડી બહાર) બાદર પૃથ્વીકાય કહી છે. અને ઉર્ધ્વલોકમાં ત્રસનાડી બહારની ભલામણ અધોલોકની આપી છે આ ઉપરથી એમ જણાય છે કે સાતમી નરક સાતરાજની અને પાંચમુ દેવલોક પાંચરાજનું બાદર પૃથ્વીનું છે. તે સાત શ્રેણીએ ઉપજવાના અધિકારે કહેલ છે.

પ્રશ્ન ૪૧—એક જીવ સાતમી નરકના તળાથી છુટેલો તે ઉર્ધ્વલોકે સમશ્રેણીએ એક સમયે ચૌદ રાજલોકને અંતે જવાનો છે તે, અને એક જીવ ત્રીછા લોકમાંથી ચવેલો તે પણ ઉર્ધ્વલોકના ચરમાંતે સમશ્રેણીએ એક સમયે જવાનો છે અને એક જીવને નજીકમાજ ઉપજવાનું છે, તેનો પણ એક સમય થાય છે. તો તે સમયમાં તફાવત હોય કે ગતિમાં તફાવત હોય ?

ઉત્તર—સમય તો ત્રણેના સરખાજ હોય, પણ ગતિમાં તફાવત હોય એમ જણાય છે.

પ્રશ્ન ૪૨—સૂત્રમાં વૈમાનિકને દશ ચિન્હ કીધાં છે, અને સંગ્રહણીમાં બાર ચિન્હ કીધાં તેનું કેમ ?

ઉત્તર—સૂત્રમાં દશ કીધાં છે તે ઇંદ્ર આશ્રી સમજવાં, ઇંદ્ર દશ છે. માટે. અને સંગ્રહણીમાં બાર કીધાં છે તે બારે દેવલોકના વૈમાનની ધ્વજા

પ્રશ્ન ૫૦—વિરહદ્વારમાં જે જે ઠેકાણે વિરહકાળ કહ્યો છે તેમ
ર્થ શું ?

ઉત્તર—જે જે ગતિનો કે જે જે બોલનો વિરહકાળ કહ્યો છે તેનો
ાળ તે સ્થાનકમાંથી ચવી બીજી ગતિમાં જાય નહિ. અને બીજી ગતિ
માંથી તેમાં આવી ઉપજે નહિ. તેનું નામ વિરહ કહેવાય.

અને બીજો ભેદ એમ પણ જણાય છે કે—જે જીવ થોડા કાળની
સ્થિતિના હોય તે તમામ ચવી ગયે તેના વિરહના કાળ સુધીમાં કોઇ જીવ
આવી ઉત્પન્ન ન થાય તે પણ વિરહકાળ કહેવાય.

પ્રશ્ન ૫૧—સમૂર્છિમ મનુષ્યની સ્થિતિ અંતર્મુહૂર્તની છે ને તેનો
વિરહકાળ ૨૪ મુહૂર્તનો છે ને અવઠીયા કાળ ૪૮ મુહૂર્તનો છે. તો તે
વિષે શું સમજવું ?

ઉત્તર—આ સમુર્છિમ મનુષ્યનો વિરહકાળ બે પ્રકારનો છે. ભગવ-
તીજી શતક ૫ મે ઉદ્દેશે ૮ મે, સમૂર્છિમ મનુષ્યનો વિરહ ૨૪ મુહૂર્તનો
કહ્યો છે ને અવસ્થિત કાળ ૪૮ મુહૂર્તનો કહેલ છે. એટલે ૨૪ મુહૂર્ત
સુધી તેમાં ચવે ને તેમા ઉપજે. તેમાંથી બીજે જાય નહિ ને નવા બીજા
આવે નહિ એટલે જેટલા હોય તેટલાને તેટલા રહે. તે ૨૪ મુહૂર્તનો
વિરહકાળ અને ઉપરાતના ૨૪ મુહૂર્તમાં જેટલા ચવે તેટલા તે ઠેકાણે આવી
ઉપજે, સંખ્યાએ સરખા રહે, તેનું નામ અવઠીયા કાળ. એટલે ૪૮ મુહૂર્તનો
અવઠીયા કાળ એ પ્રમાણે કહ્યો.

અહિંયાં કોઇ થોકડાવાળા એમ કહે છે કે—સમૂર્છિમ મનુષ્ય ઉપરા
ઉપર ભવ કરે તો ૨૪ કરે. તે અંતર્મુહૂર્તના કરે, આમ કોઇ કેઇનું કહેવું
થાય છે. પણ આ વાત ન્યાયમાં આવતી નથી.

પ્રશ્ન ૫૨—ઉપરની વાત ન્યાયમાં નહિ આવવાનું શું કારણ છે?
ઉપર કહ્યા પ્રમાણે વિરહકાળમા કે અવસ્થિતકાળમાં કાંઇ વાધો આવે તેમ છે?

ઉત્તર—હા, જો ઉપર પ્રમાણે હોય તો ૨૪ મુહૂર્તના વિરહકાળમા
વાધો આવે છે. કેમકે, ભગવતીજી શતક ૨૪ મે, ઉદ્દેશે ૨૧ મે, ગમામાં
કહ્યા પ્રમાણે સમૂર્છિમ મનુષ્ય ઉપરાઉપર તેમાં ને તેમા ભવ કરે તો
ઉત્કૃષ્ટા ૮ ભવ કરે. એટલે આઠ અંતર્મુહૂર્ત તેમાંજ રહે પછી અવશ્ય
ગતિ બદલવી જોઇએ. તેમજ વળી ઉત્તરાધ્યયનના ૧૦ મા અધ્યયનમાં
સમયે મનુષ્યના ઉપરા ઉપર ભવ કરે તો સાત આઠ ભવ કરવા કહ્યા
વળી જીવાભિગમ સૂત્રમા જામનગરના છાપેલ પાને ૧૮૫ મે મૂળપાઠે સ

ર્છિમ મનુષ્યના પ્રત્યેક ભવ કરવા કહ્યું છે તો પ્રત્યેક ભવ તો સાત આ
ભવને વિશેષ લાગુ થાય છે. આ ઉપરથી એમ નિશ્ચય થાય છે કે-ર
મુહૂર્ત સુધી તેમાં ને તેમાં ઉત્પન્ન થવું લાગુ થતું નથી. માટે વિરહકાળ
૨૪ મુહૂર્તનો જુદો, અને અવડીયાકાળ ૪૮ મુહૂર્તનો જુદો જણાય
છે એટલે સમૂર્છિમ મનુષ્ય અંતમુહૂર્તનું આઉખું ભોગવીને અથવા ૮
ભવ પૂરા કરીને પૂછ્યા સમયના પ્રથમા તમામ જીવ ચવી ગયા અને
સમૂર્છિમ મનુષ્યનો વિરહ રહે તો ૨૪ મુહૂર્ત સુધીમા કોઇ જીવ ન પજે
આવી ઉત્પન્ન થાય નહિ એટલે સમૂર્છિમ મનુષ્ય વિનાનો ઉત્કૃષ્ટ કાળ ૨૪
મુહૂર્ત સુધીનો રહે શાખ પન્નવણાના છઠ્ઠા પદની

પ્રશ્ન ૫૩—પન્નવણાના ૬ ઠ્ઠા પદમા શું કહ્યું છે તે જણાવશો ?

ઉત્તર—શ્રી પન્નવણાના ૬ ઠ્ઠા વક્રી પદમાં કહ્યું છે કે-સમૂર્છિમ
મનુષ્યનો ઉત્પત્તિકાળ અને મરણકાળનો વિરહ ૨૪ ચોવીશ મુહૂર્તનો કહ્યા
છે. એટલે પૂછ્યા સમય જે સમૂર્છિમ મનુષ્યનો અસંખ્યાતનો થોક અન
મુહૂર્તની સ્થિતિએ ઉત્પન્ન થયો છે તે અંતર્મુહૂર્તે બધા ચવી જવાના અને
૨૩ મુહૂર્ત તે થાળી ઉત્પત્તિ વિનાનું ખાલી રહે ને પછી અસંખ્યાતનો
થોક ઉત્પન્ન થયો ત ૨૪ મુહૂર્ત થયો માટે ઉત્પત્તિનો વિરહકાળ ૨૪
મુહૂર્તનો થયો. હવે ૨૩ મુહૂર્તના અંતર પછી જે થોક ઉત્પન્ન થયો છે
તેના બીજા સમય એમ ત્રીજા સમય એમ ઉત્પન્ન થતા અંતર્મુહૂર્તનો કાળ
પૂરો થયે પ્રથમ ઉત્પન્ન થયેલા ૨૪ મુહૂર્તના આંતરે ચવવા એટલે ચવણ
કાળનો પણ ૨૪ મુહૂર્તનો વિરહકાળ થયો. આ પ્રમાણે ઉત્પત્તિ અને
ચવણનો ૨૪ મુહૂર્તનો વિરહકાળ સમજવો, અને તે ઉપરાંત ૪૮ મુહૂર્ત
સુધીમાં જેટલા જેટલા ચવે તેટલા તેટલા તેજ સમય અનેરી ઉત્પન્ન આવી
ઉપજે અર્થાત્ વરધાળે સરખાજ રહે. એવો કાળ રહેવો હોય તો ૪૮ મુહૂર્ત
સુધી ઉત્કૃષ્ટો કાળ રહે તેને અવડીયા કાળ શ્રી ભગવતીજીમાં કહેલ છે
આ ઉપરથી વિરહકાળ અને અવડીયાકાળ બન્ને જુદા કરે છે.

પ્રશ્ન ૫૪—સમૂર્છિમ મનુષ્યના ઉત્પત્તિકાળ અને ચવણકાળ ૨૪
મુહૂર્તના વિરહકાળમાં કાયમ સમૂર્છિમ મનુષ્ય હોયજ નહિ એવો ખુલાસો
સૂત્રપાઠથી મળી આવે તેમ છે ?

ઉત્તર—પન્નવણા પદ ૧૨ મે, શરીર પદમાં, તથા પદ ૧૬ મે,
પદમા, તથા પદ ૩૬ મે, સમુદ્ઘાત પદમાં સમૂર્છિમ મનુષ્યના વિરહ
સારો ખુલાસો નીકળી આવે છે. અહિંયા શરીર અને ઇંદ્રિય આ
આશ્રી વર્તમાન કાળે મનુષ્યમાં બીય અસંખ્યાત બીય અકંખ્યાતું

કહ્યા છે. એટલે કોઇ વખત પૂછયા સમય સમૂર્છિમ મનુષ્ય ન હોય ત્યારે ગીય સંખ્યાતા મનુષ્ય ગર્ભજ આશ્રી જાણવા અને ગર્ભજ ને સમૂર્છિમ બન્ને હોય ત્યારે ગીય અસંખ્યાતા જાણવા. આ પાઠ ઉપરથી સમૂર્છિમનો વખતે અભાવ જણાય છે.

ઇંદ્રિય પદમાં પણ કહ્યું છે કે-ગતકાળે મનુષ્યપણાની અનંતી ઇંદ્રિયે કરી, વર્તમાનકાળે સંખ્યાતી હોય અથવા અસંખ્યાતી હોય, આવતે કાળે કોઇ કરશે કોઇ નહિ કરે, કરશે તો સંખ્યાતી અસંખ્યાતી અને અનંતી. હવે વિચારો કે વર્તમાન કાળે પૂછયા સમયે વખતે સંખ્યાતી હોય અને વખતે અસંખ્યાતી હોય. હવે જ્યારે સંખ્યાતીજ હોય ત્યારે ગર્ભજ મનુષ્યજ હોય. તે વખતે એમ માનવાનું કે સમૂર્છિમનો વિરહ પડયો. તે વિરહમાં ૨૪ મુહૂર્ત સુધી સમૂર્છિમ મનુષ્યપણે કોઇ જીવ ઉત્પન્ન થાયજ નહિ. માટે તે બોલ અશાશ્વતો પણ કહ્યો છે.

પ્રશ્ન ૫૫—મનુષ્ય ક્ષેત્રમાં એટલે અઢીદ્વીપમાં એવો વખત કેમ આવે કે ૨૪ મુહૂર્ત સુધી સમૂર્છિમ મનુષ્ય ઉત્પન્ન નજ થાય? કારણું ઉચ્ચાર પાસવણાદિ ૧૪ સ્થાનક કે જે સમૂર્છિમની ઉત્પત્તિનાં સ્થાન કહ્યાં છે તેનો અભાવ કેમ હોય?

ઉત્તર—૧૪ સમૂર્ચ્છિમની ઉત્પત્તિના સ્થાનકનો અભાવ તો નજ હોય પણ સમૂર્ચ્છિમની ઉત્પત્તિનો વિરહ કહ્યો છે. માટે તેને ઉત્પત્તિનો અભાવ હોય. તેનું કારણ એમ જણાય છે કે આખા મનુષ્યક્ષેત્રમાં એટલો કાળ એવી જાતનો વાયરો વાય કે જેને લઇને તેમાં સમૂર્ચ્છિમ મનુષ્યની ઉત્પત્તિ થાયજ નહિ.

પ્રશ્ન ૫૬—અઠાણુ બોલનો અલ્પબહુત્વ કહ્યો છે તેમાં અશાશ્વત બોલ કેટલા?

ઉત્તર—૨૪ મો, ૯૫ મો ને ૯૭ મો, એ ત્રણ બોલ અશાશ્વતા છે તે એ રીતે કે—

૨૪ મો બોલ સમુચ્છિમ મનુષ્યનો, સમુચ્છિમ મનુષ્યનુ આઉખું અંતર્મુહૂર્તનું ને તેનો વિરહ કાલ ૨૪ મુહૂર્તનો. સાખ પન્નવણાના છઠ્ઠા પદની તથા પજરમા ઇંદ્રિયપદની.

૯૫ મો બોલ છદ્મસ્થનો, તે ૯૪ મા કષાયાના બોલથી વિશેષાધિક કહેલ છે, તે ૧૧ મા ૧૨ મા ગુણઠાણા આશ્રી. કારણ કે ૧૧ મા ૧૨ મા ગુણઠાણાની સ્થિતિ જઘન્ય ૧ સમયની ઉત્કૃષ્ટી અંતર્મુહૂર્તની અને આતરું

૬ માસનું. સાખ ભગવતી શતક ૨૫ મે-ઉદેશે ૬ ઠ્ઠે-નિગ્રંથ
આંતરૂં ૭ માસનું કહ્યું છે.

૯૭ મો બોલ—સંસારસ્થા વિશેષાહીયા, તે ૯૬ મો બોલ સ
કહ્યો તેથી સંસારસ્થા વિશેષાહીયા ને તેરમા ગુણઠાણા સુધી સજોગ
૧૪ મું ગુણઠાણું ભેળવતાં ત્યાંસુધી સંસારસ્થા ૯૭ મો બોલ તેની
એટલે ૧૪ મા ગુણઠાણાની સ્થિતિ પાંચ હ્રસ્વ અક્ષરની તેથી ૯૮ મે
સર્વ જીવ સિદ્ધના ભળવાથી વિશેષાહીયા કહ્યા, હવે જ્યારે છ મહિ
સિદ્ધનો વિરહ પડે ત્યારે ૧૪ મા ગુણઠાણાવાળા ન હોય તો તે
સંસારસ્થાનો અશાશ્વતો કહ્યો. એ પ્રમાણે અઠાણું બોલમાંના ૩
અશાશ્વતા કહ્યા.

પ્રશ્ન ૫૭—જીવના ૧૪ ભેદ કહ્યા છે. તેમાં ૧૩ મો ભેદ અશા
કહેલ છે તે શી રીતે ?

ઉત્તર—તેરમો ભેદ સંજ્ઞી પંચેંદ્રિયનો અપર્યાપ્તો છે તેની સ્થિ
અંતર્મુહૂર્તની છે ને તેનો વિરહકાળ ઉત્કૃષ્ટો ૧૨ મુહૂર્તનો છે. તો અં
મુહૂર્તમાં તમામ અપર્યાપ્તા મટી પર્યાપ્તા થઇ ગયા અથવા ચવી ગયા અ
વિરહ ૧૨ મુહૂર્તનો પડ્યો ત્યાં સુધી સંજ્ઞી પંચેંદ્રિયનો અપર્યાપ્તો નથ
માટે તે બોલ અશાશ્વતો કહ્યો.

પ્રશ્ન ૫૮—અકેવળી અને છદ્મસ્થમાં શો તફાવત ?

ઉત્તર—૧૧ મા ગુણઠાણા સુધી છદ્મસ્થ અને ૧૨ મા ગુણઠાણા
વાળા અકેવળી એટલે છદ્મસ્થથી અકેવળી વિશેષાહિયા કહેવાય.

પ્રશ્ન ૫૯—સંસાર પરિઅદૃગા અને અસિદ્ધમાં શો તફાવત ?

ઉત્તર—સંસાર પરિઅદૃગા ૧૧ મા ગુણઠાણા સુધી અને અસિદ્ધ
૧૪ ગુણઠાણા સુધી તેપણ વિશેષાહિયા કહેવા.

પ્રશ્ન ૬૦—કેવળીનું સાહરણ થાય કે નહિ ?

ઉત્તર—પ્રવચન સારોદ્ધારમાં બસેં ને એકસઠમા દ્વારમાં ગાથા
૪૩૩ મી તેમાં કહ્યું છે કે-ગાથા—

समणी मवगयवेयं परिहार पुलायमप्पमतं च ; चउदसपूव्वि आहार
गं च. नकयाइ संहरइ. छ १२ ॥

અર્થ—સાધવી ૧, અવેદી—નવમા ગુણસ્થાનકથી ઉપલા ગુણસ્થાનક
વાળા ૨, પરિહાર વિશુદ્ધ ચારિત્રવાળા ૩, પુલાકલબ્ધિવાળા

સંયતી-સાતમા ગુણસ્થાનથી ઉપલા ગુણસ્થાનવાળા ૫, ચૌદપૂર્વી ૬, અને આહારક શરીર ૭, એ સાત બોલનું કદી પણ સાહરણ ન થાય.

કેવળી અપ્રમાદી અને અપગત વેદવાળા છે માટે તેનું સાહરણ ન થાય અર્થાત્ કેવળીનું સાહરણ કોઇ કરી શકે નહિ.—ઉપર કહેલા સાત બોલમાંના એક પણ બોલનું સાહરણ કોઇ કરી શકે નહિ એ વાત સત્ય છે.

પ્રશ્ન ૬૧—ભગવતીજીના ૨૫ મા શતકમાં સંજયા નિયંઠાના અધિકારે-એક પરિહારવિશુદ્ધ ચારિત્ર અને પુલાકનિયંઠો વરજીને બાકીનાં ૪ ચારિત્ર અને ૫ નિયંઠાનું સાહરણ થવું કહ્યું છે તે કેમ?

ઉત્તર--તે વાત સત્ય છે. સંજયા અને નિયંઠાના અધિકારે કાળ આશ્રી અને ક્ષેત્રઆશ્રી જ્યાં પૃચ્છા કરી છે ત્યાં જન્મ અને છતા આશ્રી લાભતા હોય તેની હા અને ન લાભતા હોય તેની ના કહી છે. પણ જ્યાં ના કહી છે ત્યાં પણ સાહરણઆશ્રી પરિહારવિશુદ્ધ ચારિત્ર અને પુલાક નિયંઠો વરજીને બાકીનાં ૪ ચારિત્ર અને ૫ નિયંઠા લાભવા કહ્યા છે પણ તેનો પરમાર્થ એ છે કે-એ ચાર ચારિત્ર અને પાંચે નિયંઠાનું સાહરણ થાય એમ કહ્યું નથી, પરંતુ લાભવાઆશ્રી કહેલ છે. એટલે સામાયિક છેદોપસ્થાપનીય ચારિત્રવાળા તથા બકુશ પ્રતિસેવના નિયંઠાવાળાનું સાહરણ થઇ શકવા સંભવ છે. તે પણ છઠ્ઠા ગુણસ્થાનવાળા પ્રમાદી સાધુનું સાહરણ કરી અન્ય સ્થળે કોઇ દેવે મૂકયા બાદ પરિણામની ધારાએ ચડતાં યથાખ્યાત ચારિત્ર સહિત નિગ્રંથ સ્નાતકનિયંઠાનો ગુણ પ્રગટે અને ત્યાં કેવળજ્ઞાન પામી મોક્ષ પણ જાય, પરંતુ તેહનું સાહરણ કહેવાય નહિ. સાહરણ તો પ્રમત્તપણામાં એટલે પ્રમાદીનું અને સવેદીનુંજ થઇ શકે છે. સાહરણ થયા બાદ બીજા ગુણો પ્રગટ થવા સંભવ છે, તે ત્યાં સુધી કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી મોક્ષ જઇ શકે. એ પરિણામની ધારાની વાત છે.

સમુદ્રમાં પણ સિદ્ધ થાય છે તો તે પણ સાહરણ કરેલા પ્રમત્ત સંજતી સાધુને સમુદ્રમાં કોઇ દેવે ફેંકી દેતાં પરિણામની ધારાએ અંતગડ કેવળી થઇ સમુદ્રમાંથીજ મોક્ષ જાય એમ અઢીદ્વીપની અંદર ૪૫ લાખ જોજનની હદમાં ગમે તે સ્થળે સાહરણઆશ્રી છઠ્ઠા ગુણસ્થાનથી ઉપલા ગુણસ્થાનવાળા લભે ખરા, પણ સાહરણ તો છઠ્ઠા ગુણઠાણાવાળા પ્રમાદીનુંજ થવા સંભવ છે.

પ્રશ્ન ૬૨—જીવાભિગમ સૂત્રની બીજી પડિવૃત્તિમાં ત્રણ બોલમાં સ્ત્રીવેદઆશ્રી કહ્યું કે-ભરત ઇરવતમાં સ્ત્રીવેદની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ને ઉત્કૃષ્ટી ત્રણ પલ્યને દેશે ઉણી પૂર્વક્રોડી અધિક તે શી રીતે?

ઉત્તર—મહાવિદેહ ક્ષેત્રે પૂર્વક્રોડીની સ્થિતિએ ઉપજેલી સ્ત્રીને
વરસના આશરે કોઈએ સાહરણ કરીને ભરત તથા ઐરવતમાં મૂકી છે
વખતે તે ક્ષેત્રે સુષમ સુષમ સમય (પહેલો આરો) વર્તે છે. તે સ્ત્રી ત્યાં દેશે
ઉણું પૂર્વક્રોડી કાળ પૂરો કરી મૃત્યુ પામી ત્યાંજ ત્રણ પલ્યોપમની
સ્થિતિએ ઉપજે તે આશ્રી ત્રણ પલ્યોપમને દેશે ઉણી પૂર્વક્રોડી અધિક
સ્થિતિ કહી.

પ્રશ્ન ૬૩—અઢીદ્વીપ બહાર મનુષ્ય જન્મે મરે કે કેમ?

ઉત્તર—આગમવાળા છાપેલા જીવાભિગમ સૂત્ર પાને ૭૭૫ મે ટીકાકારે
તથા ભાષ્યવાળાએ કહ્યું છે કે-મનુષ્ય ક્ષેત્ર બહાર મનુષ્ય જન્મે મરે નહીં
કદાપિ દેવાધિક અપહરણ કરે તો પણ તેની બુદ્ધિ સ્વભાવે પાછો મનુષ્ય
ક્ષેત્રમાં લાવીને મૂકવાની થાય એમ કહ્યું છે.

પ્રશ્ન ૬૪—ઠાણાંગ ઠાણે ૧૦ મે, સિદ્ધની વિગ્રહગતિ કહી તેનું શું
કારણ?

ઉત્તર—સિદ્ધની તો સદાકાળ અવિગ્રહ ગતિજ કહી છે. મનુષ્ય
ક્ષેત્રમાં જે સિદ્ધ થાય તે સમશ્રેણીએજ સિદ્ધ થાય એમ સૂત્રમાં કહ્યું છે.
પણ ઠાણાંગજીના ૧૦ મે ઠાણે નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવના અને સિદ્ધ
એ પાંચેની અવિગ્રહગતિ અને વિગ્રહગતિ કહી. તેમાના ચાર બોલને માટે
બન્ને ગતિ ભગવતીજી વગેરે સૂત્રોમાં છે. પણ સિદ્ધને માટે વિગ્રહગતિ
દશમે ઠાણે કહી તેનો કાંઈક પણ હેતુ હોવો જોઈએ. આમ બહુ વિચાર
કરતાં સિદ્ધની, સિદ્ધક્ષેત્રથી કાંઈક અધિક ફરસના કહી છે તો અધિક ફરસના
ક્યારે થાય કે જ્યારે અઢીદ્વીપ બહાર સિદ્ધ થાય ત્યારે અધિક ફરસના
થઈ કહેવાય. આ ઉપરથી એમ કલ્પના થઈ શકે ખરી કે-કોઈ સાધુને દેવે
અપહરણ કરીને અઢીદ્વીપ બહાર મૂક્યા ત્યાં અંતગડકેવળી થઈ સિદ્ધ થાય.
પણ અઢીદ્વીપ બહાર સમશ્રેણીએ સિદ્ધક્ષેત્ર નથી. તેથી વિગ્રહગતિ કરી જે
સ્થળથી દેવે ઉપાડેલ તે સ્થળે આત્મપ્રદેશ આવી સમશ્રેણીએ સિદ્ધક્ષેત્રમાં
એક સમયમાં દાખલ થાય, એમ જો બને તોજ સિદ્ધની વિગ્રહગતિ અને
સિદ્ધની સિદ્ધક્ષેત્રથી કાંઈક અધિક ફરસના લાગુ થાય. આ વાત અસંભવિત
છતાં દશમા ઠાણાંગજીના પાઠ પ્રમાણે કદાકાળે બનતું હોય તો બને એમ
જ્ઞાનીએ તોજ સિદ્ધની વિગ્રહગતિનો પાઠ સાબિત રહે. તત્ત્વકેવળીગમ્ય.

પ્રશ્ન ૬૫—ઉદારિક ને ઉદારિકનો મિશ્ર, વૈક્રિય અને વૈક્રિયનો મિશ્ર,
આહારક ને આહારકનો મિશ્ર એટલે શું?

ઉત્તર—વાટે વહેતો જીવ ઉદારિક શરીરમાં ઉપજવા આવનારે જે
સમયે પ્રથમ આહાર કર્યો તે સમય કાર્મણ કાયજોગ પછી ઉદારિક મળતાં

ઉદારિકનો મિશ્ર અને શરીર પર્યાપ્તિ બાંધી એટલે ઉદારિક કહેવાય એમ વૈક્રિય અને આહારકનું જાણવું.–આહારકઆશ્રી ઉદારિકવાળો આહારક કરતાં ઉદારિકનો મિશ્ર જાણવો. આહારક મૂકી ઉદારિક થકતાં આહારકનો મિશ્ર જાણવો. શાખ પન્નવણાના ૧૬ મા પ્રયોગપદની.

તથા લીંબડી સંપ્રદાયના પૂજ્ય શ્રી હીરાજી મહારાજકૃત પન્નવણાના ગોટકામાં–૧૬ મા પ્રયોગપદમાં કહ્યું છે કે–ઉદારિક મિશ્ર શરીર કાયપ્રયોગ મનુષ્ય તિર્યંચનાં અપર્યાપ્તા અવસ્થાએ કાર્મણ શરીરે કરી મિશ્ર ઉદારિક હોય, તથા પહેલા ઉદારિકવાળો વૈક્રિય પ્રારંભના ઉદારિકના પ્રધાનપણા માટે ઉદારિકનો મિશ્ર કહીએ.

વૈક્રય મિશ્ર તે–દેવતા નારકીને અપર્યાપ્તા અવસ્થાએ કાર્મણ શરીરે કરી વૈક્રિય મિશ્ર હોય–અને મનુષ્ય તિર્યંચ ને વાયુકાયને વૈક્રિય શરીર કાર્ય કરીને વૈક્રય શરીર તજત, ઉદારિક થકતાં વૈક્રયના પ્રધાનપણા થકી વૈક્રયનો મિશ્ર કહીએ.

નારકી દેવતાને ભવધારણીમાંથી ઉત્તરવૈક્રિય કરતા તથા ઉત્તરવૈક્રિયમાંથી ભવધારણીમાં આવતાં વૈક્રયનો મિશ્ર કહેવાય. સદાકાળ આશ્રી.—

આહારકનો મિશ્ર તે આહારક શરીર છાંડતા ઉદારિકમાં આવતાં આહારક મિશ્ર હોય.

કાર્મણ કાયજોગ સર્વ જીવને ઉપજતાં પ્રથમ સમય આહાર લે ત્યારે હોય. શાખ પન્નવણાના ગોટકાની.

પ્રશ્ન ૬૬—સાતમા ગુણઠાણાથી માંડી ઉપરલા ગુણઠાણાવાળા નો સન્નાવઉતા છે, અને તે આહાર કરે છે, પરંતુ આહારની સંજ્ઞા નથી એમ કેમ કહી શકાય?

ઉત્તર—આહાર કરવાની સંજ્ઞા એટલે અભિલાષા નથી, તથાપિ આહાર કરે. જેમ રોગીને કડવી દવા પીવાની અભિલાષા નથી, પણ વેદનાની બહુલતાએ કડવું ઓસડ પીએ, તેમ દેહને લઈને ક્ષુધા વેદનીયના ઉદયથી કડવા ઓસડરૂપ આહારની ઇચ્છા વિના આહાર કરે તે નોસન્નાવઉતા કહેવાય.

પ્રશ્ન ૬૭—લેશ્યા પ્રણમ્યા પછી જીવ મરી કયારે પરભવમાં જાય?

ઉત્તર—ઉત્તરાધ્યયનના ૩૪ મા અધ્યયનની ૬૦ મી ગાથામાં કહ્યું છે કે—અંતોમુહુત્તંમિગએ, અંતોમુહુત્તંમિ સેસએ ચેવ; આયુષ્યના અંતે જે લેશ્યા આવે તેના પહેલા સમય તથા છેલ્લા સમય જીવને મરવું નથી. મરણ

પહેલાં અંતર્મુહૂર્ત અગાઉ જે લેશ્યા હોય તેના ત્રણ ભાગ કરવા, એ
અંતર્મુહૂર્ત લેશ્યા ગયે અને અંતર્મુહૂર્ત લેશ્યાના બાકી રહે લેશ્યા પ્રણ
થકે જીવ પરભવે જાય, એટલે લેશ્યાના મધ્ય ભાગમાં મરે. મનુષ્ય તિર્યં
ચમાં ઉત્પન્ન થયા પછી અંતર્મુહૂર્ત લેશ્યા પાકે અને ફેર । નારકીમ
તેજ લેશ્યા આખો ભવ પોતાની સ્થિતિ પ્રમાણે ભોગવે અને ત્યાંથી ચવી
પરભવ અંતર્મુહૂર્ત ભોગવે ને મૂળ અંતર્મુહૂર્તનો વધારો છે તેજ ભોગવે.
એટલા માટે નારકી દેવતાની સ્થિતિથી લેશ્યાની સ્થિતિ અંતર્મુહૂર્ત અધિક
કહી છે

પ્રશ્ન ૬૮—કેટલી લેશ્યાના નીકળ્યા તીર્થંકર થાય ?

ઉત્તર—પાંચ લેશ્યાના નીકળ્યા તીર્થંકર થાય એક પહેલી નહિ. તે
કેમ ? ત્રણ નરક પહેલી અને પહેલા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાન સુધીના
નીકળ્યા તીર્થંકર થાય. તો ત્રીજી નરક સુધીમાં કાપોત ને નીલ બે લેશ્યા
છે, અને પહેલા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાન સુધીમાં તેજુ પદ્મ અને શુક્લ
એ ત્રણ લેશ્યા છે. એ પાંચે લેશ્યાના નીકળ્યા તીર્થંકર થાય છે.

પ્રશ્ન ૬૯—પાંચ લેશ્યા શામાં લાભે ?

ઉત્તર—પાંચ લેશ્યા તીર્થંકરની આગતિમાં તથા ૩ જા, ૪ થા ને
૫ મા દેવલોકે ઉત્પન્ન થવાવાળા તિર્યંચના જઘન્ય ગમાવાળાને શુક્લ લેશ્યા
વરજીને પાંચ લેશ્યા હોય. આખા ભવમાં તે પાંચ લેશ્યા ફરસે.

પ્રશ્ન ૭૦—તીર્થંકર કેટલાં ગુણઠાણાં ફરસે ?

ઉત્તર—૧લું, ૨જું, ૩જું, ૫મું ને ૧૧મું એ ૫ ગુણઠાણાં ન ફરસે
બાકીનાં સર્વ ગુણઠાણાં તીર્થંકર ફરસે. શ્રીમદ્ રાજચંદ્ર પાને ૫૨૯ મે
૪ કહેલ છે તે ભૂલ છે. ૨જું ગુણઠાણું પણ ન ફરસે.

પ્રશ્ન ૭૧—દરેક તીર્થંકરના વખતમાં પ્રત્યેકબુદ્ધ કેટલા થાય ?

ઉત્તર—નંદીજી સૂત્રમાં કહ્યું છે કે દરેક તીર્થંકરના વખતમાં ચાર
બુદ્ધિવાળા જેટલા હોય તેટલા પ્રત્યેક બુદ્ધ કહ્યા છે.

પ્રશ્ન ૭૨—પાંચમા આરાને છેડે કેટલાં સૂત્ર રહેશે ?

ઉત્તર—કેટલાક કહે છે કે પાંચમા આરાને છેડે દશ વૈકાલિક
સૂત્રનાં પહેલાં ૪ અધ્યયન રહેશે. કેટલાક કહે છે કે દશવૈકાલિક ૧, આચા-
રાંગ ૨, આવશ્યક ૩; છેદસૂત્ર ૪ માહેલું ૧; એ ૪ સૂત્ર રહેશે. અને
…ીજીમાં બારઅંગની હુંડીના પ્રારંભમાં પર્યાયમાં કહ્યું છે કે—

આચારાંગ ૧, આવશ્યક ૨, દશવૈકાલિક ૩ અને ઉત્તરાધ્યયન ૪

એ ચાર સૂત્ર મુખ્ય માટે તીર્થંકરના તીર્થ સુધી પ્રવર્તે, વિચ્છેદ ન જાય મુખ્ય માટે સ્થિર રહે એમ કહ્યું છે.

પ્રશ્ન ૭૩—જંબુદ્વીપ પન્નતિમાં કહ્યું છે કે, પાંચમા આરાના ૩ ભાગ કરવા અને ત્રીજા ભાગમાં રાજનીતિ વગેરે કેટલાક બોલ વિચ્છેદ જાશે તે કેમ?

ઉત્તર—ક્રમેક્રમે તમામ બાબત ઓછી થાશે, પરંતુ છઠ્ઠો આરો બેસવા પહેલાં જ્યારે જે વસ્તુ વિચ્છેદ જાય તે ઉપલા ત્રીજા ભાગમાંજ ગણાય.

પ્રશ્ન ૭૪—ભગવતીજી શતક ૨૫માં ઉદ્દેશે ૭મે સંજ્યાના અધિકારે ઉપયોગદ્વારમાં સૂક્ષ્મ સંપરાય ચારિત્રમાં (૧૦ મે ગુણઠાણે) સાગારોવઉત્તે હોજ્જા, ણો અણાગારોવઉત્તે હોજ્જા. એક સાગાર ઉપયોગ કહ્યો. અણાગાર ઉપયોગની ના કહી તેનું શું કારણ? દશમા ગુણઠાણાની સ્થિતિ અંતર્મુહૂર્તની છે ને ઉપયોગ એકજ કહ્યો અને બીજાં ગુણઠાણાં અંતર્મુહૂર્તની સ્થિતિનાં કહ્યાં છે, તેમાં ઉપયોગ બે કહ્યા છે અને અહિંયાં એકજ કહેવાનું શું કારણ?

ઉત્તર—દર્શન ઉપયોગ વિના કોઇ જીવ નથી અને એક ૧૦મા ગુણઠાણેજ દર્શન ઉપયોગ નથી. તેનું કારણ દલપતના ૯૬મા પ્રશ્નમાં એમ જણાવે છે કે ૧૦મા ગુણઠાણાની સ્થિતિ જઘન્ય ને ઉત્કૃષ્ટી અંતર્મુહૂર્તની છે કાલ નિપટ થોડો છે. દર્શન છે પણ દર્શનનો ઉપયોગ નથી. તથા સૂક્ષ્મ સંપરાયનો સ્વભાવ માત્ર જ્ઞાન ઉપયોગનોજ છે, દર્શન ઉપયોગનો નથી એમ કહ્યું છે.

પ્રશ્ન ૭૫—ઉત્તરાધ્યયનના ૧૮મા અધ્યયનમાં સંજતી રાજઋષિનો અધિકાર છે તે સંજતી રાજઋષિ ક્યારે થયા?

ઉત્તર—સંજતીરાજર્ષિ શ્રી મહાવીર સ્વામીના વારે થયા છે. સાખ ઠાણાંગ ઠાણે ૮મે.

પ્રશ્ન ૭૬—રોગની ઉત્પતિ કેટલા કારણે થાય?

ઉત્તર—ઠાણાંગ ઠાણે ૯મે કહ્યું છે કે માણસને નવ પ્રકારે રોગ ઉત્પન્ન થાય છે તે એ કેઃ—

(૧) અતિ આસન કહેતાં ઘણું બેસી રહેવાથી, તથા ઘણું ખાવાથી.

(૨) અહિત આહાર કરવાથી, તથા અહિત બેસવાથી, એટલે જેથી શરીરને નુકશાન થાય તેવી ચીજ ખાવાથી તથા નુકસાન થાય તે પ્રમાણે બેસવાથી.

(૩) ઘણું સૂવાથી (૪) ઘણું જાગવાથી (૫) ઝાડો રોકવાથી (૬) પેસાબ રોકવાથી, (૭) ઘણું ચાલવાથી, (૮) પ્રતિકૂળ આહાર કરવાથી, (૯) પાંચેઇંદ્રિયનો હદ ઉપરાંતનો ઉપયોગ કરવાથી અર્થાત્ ઇંદ્રિય વિષયાસક્ત હોવાથી એ પ્રમાણે ૯ કારણે રોગની ઉત્પત્તિ થાય છે.

પ્રશ્ન ૭૭—શ્રાવક સૂત્ર ભણે કે કેમ?

ઉત્તર—શ્રી નંદીજીમાં શ્રમણોપાસકને "સુયપરિગ્ગહા" કહ્યા છે. માટે સૂત્ર ભણ્યા જણાય છે. એ અધિકાર નંદીજીમાં ઉપાસક દશાંગની હુંડીમાં છે. અને અંતગડની હુંડીમાં પણ સાધુને ભણવાના અધિકારે એવોજ પાઠ કહ્યો છે એ ઉપરથી શ્રાવકને સૂત્ર ભણવું સિદ્ધ થાય છે

સૂત્રના ન્યાયથી શ્રાવકને સૂત્ર ભણવાનો અધિકાર ગુરૂગમ્યથી અને ગુરૂએ ભણાવાનો અધિકાર પાત્ર પ્રમાણે હોવો જોઇએ.

પ્રશ્ન ૭૮—ઠાણાંગ ઠાણે ૩ જે, ઉદ્દેશે ૨ જે, ચંદ્રપન્નત્તિ અને સૂર્યપન્નત્તિને કાલિક સૂત્ર કહ્યાં અને નંદીજીમાં સૂર્યપન્નત્તિ ઉત્કાલિક કહ્યું તેનું શું કારણ?

ઉત્તર—સૂર્યપન્નત્તિની ઉપરની ગાથાઓ ઉત્કાલિક છે માટે નંદીજીમાં ઉત્કાલિક કહ્યું હોય અને ઉપરની ગાથા સિવાયનો અધિકાર ચંદ્રપન્નત્તિના સરખો છે. માટે કાલિક કહેલ હોય એમ જણાય છે

પ્રશ્ન ૭૯—તીર્થંકરના બાર ગુણ કહ્યા છે તેમાં અપાયાપગમ અતિશય કહ્યા છે તે શું?

ઉત્તર—અપાયાપગમ અતિશયનો અર્થ એમ જણાય્યો છે કે—સર્વ દોષ રહિત તથા સર્વ રોગ રહિત એમ કહેલ છે.

પ્રશ્ન ૮૦—પુંડરીકે એક હજાર વર્ષ ચારિત્ર પાળ્યું અને થોડા દિવસ રાજ ભોગવ્યું મરીને સાતમી નરકે ગયો તો સંજમ પાળ્યાનો લાભ મળશે કે નહિ? તેનું ફળ ક્યાં ભોગવશે?

ઉત્તર—એક હજાર વર્ષમાં સંજમ પાળી કર્મની નિર્જરા કરી હતી આત્મા કર્મથી હળવો થયો હતો પણ સંજમ મૂકી વિષયલુબ્ધ થવાથી આત્મા પાછો કર્મે કરી ભારે થયો તેથી નરકે ગયો અહિં ફળ દેવાનું કાંઇ નથી. ફળ તો કર્મની નિર્જરાનું હતું તે નષ્ટ થયું. દાખલા તરીકે જેમકે—નાવાની અંદરથી પાણી ઉલેચવાથી નાવા હલકી થઇ તેથી અધર રહે પણ તેજ નાવા પાછી પાણીએ ભરાય અને ભારે થાય તો તળે જઇને બેસે તે ન્યાયે પુંડરીકનું જાણવું.

પ્રશ્ન ૮૧—દેવતા સંબંધીની નારકીને કેટલી ક્રિયા લાગે?

ઉત્તર—દેવતા સંબંધીની નારકીને ૩-૪ ક્રિયા લાગે એમ પન્નવણા કહેલ છે.

પ્રશ્ન ૮૨—નારકી થકી દેવતાને પરિતાપ કેવી રીતે થાય કે દેવ સંબંધીની નારકીને પરિતાપની ક્રિયા લાગે ?

ઉત્તર—કોઇ પૂર્વલો વેરવાઇ દેવતા નારકીને દુઃખ દેવા ગયો હ અને તેને દુઃખ દેતાં નારકી ક્રોધાતુર ગરણીયો થઇ દેવતાને પ્રહાર કરે આશ્રી ૩-૪ ક્રિયા લાગવી કહી છે. શાખ પન્નવણાના ગોટકાના પદ ૨૨ ન

પ્રશ્ન ૮૩—સિદ્ધાંતમાં ઉદ્દેશ, સમુદ્દેશ ને અણુન્ના કહેલ છે તે શું

ઉત્તર—ગુરૂએ અધ્યયનાદિકનો ઉપદેશ કર્યો તે ઉદ્દેશ અને જે શિ સમજે તે સમુદ્દેશ અને અણુન્ના તે ગુરૂએ શિષ્યને આજ્ઞા આપી જે તમે ધાર્યું તેમ બીજાને ધરાવજો, તે અણુન્ના.

પ્રશ્ન ૮૪—ચાર પ્રકારે ધર્મ કથા કહી તે શી રીતે. તેનું નામ અ સ્વરૂપ શું ?

ઉત્તર—ચાર પ્રકારની ધર્મકથાનાં નામ-આક્ષેપિણી ૧, વિક્ષેપિણી ૨ નિર્વેદિની ૩, સંવેદિની ૪. તેનું સ્વરૂપ-જેણે કરીને તત્ત્વમાર્ગમાં પ્રવૃત્તિ હોય એવી કથા કરવામાં આવે તે આક્ષેપિણી ૧, જેણે કરી મિથ્યાત્વની નિવૃત્તિ હોય તેવી કથા તે વિક્ષેપિણી ૨, જેણે કરી મોક્ષની અભિલાષા હોય એવી કથા તે નિર્વેદિની ૩, જેણે કરી વૈરાગ્યની ભાવના હોય એવી કથા કરવામાં આવે તે સંવેદિની કથા કહીએ.

પ્રશ્ન ૮૫—નારકી દેવતાને આહારક, તૈજસ, કાર્મણની ઉત્કૃષ્ટી ૪ ક્રિયા કહી તે કેમ ?

ઉત્તર—નારકી દેવતાનાં પૂર્વકૃત શરીર વોસરાવ્યા વિનાનાં હોવાને લીધે તેનાં શરીરનાં પુદ્દગલને ફરસતાં આહારક તથા ઉદારિકને કીલામના થવાથી ૪ ક્રિયા લાગે. ઉદારિકને આશ્રી તૈજસ કાર્મણ રહ્યાં છે માટે તેની ૪ ક્રિયા કહી.

પ્રશ્ન ૮૬—ઉદ્દેશો, સમુદ્દેશો, અણુન્ન ને અણુયોગ એટલે શું ?

ઉત્તર—ઉદ્દેશો એટલે વાંચણી લેવી. સમુદ્દેશો એટલે ધારણા કરવી અણુન્ન એટલે વાંચણી દેવી. અણુયોગ એટલે ઉપદેશ દેવો. શાખ અનુયોગ દ્વારમાં શ્રુતજ્ઞાનના અધિકારે સૂત્ર મંડાતાં એ ૪ બોલ કહ્યા છે.

પ્રશ્ન ૮૭—ઠાણાંગ ઠાણે ૧૦ મે દશ પ્રકારની સંજ્ઞા કહી છે તેમાં ઓઘસંજ્ઞા અને લોકસંજ્ઞા કહી તે કોને કહેવી ?

ઉત્તર—બાબુવાળા છાપેલ ઠાણાંગ પાને ૫૭૧ મે કહ્યું છે કે-મતિજ્ઞાનાદિક આવરણનો ક્ષયોપશમ તેના શબ્દાર્થનો સામાન્ય અવબોધ એ

તે ઓઘસંજ્ઞા, તથા વિશેષ અવબોધ થયો તે લોકસંજ્ઞા ૧. બીજો ભેદ–દર્શનઉપયોગ તે ઓઘસંજ્ઞા, અને જ્ઞાન ઉપયોગ તે લોકસંજ્ઞા ૨. ત્રીજો ભેદ–સામાન્ય પ્રવૃત્તિ તે ઓઘસંજ્ઞા અને લોકદૃષ્ટિ તે લોકસંજ્ઞા.

પ્રશ્ન ૮૮—આરંભ, સારંભ ને સમારંભ એટલે શું ?

ઉત્તર—તત્ત્વાર્થાધિગમ સૂત્રમ્ માં પાને ૭૭ મે ફુટનોટમાં લખ્યું છે કે–संरंभः सकषाय, परितापनयाभवेत्समारम्भः; आरम्भः प्राणीवधः त्रिविधोयोग स्ततोज्ञेयः. સંકલ્પ મારવાનો વિચાર તે સંરંભ, પીડા ઉપજાવવી તે સમારંભ અને હિંસા કરવી તે આરંભ કહેવાય છે

પ્રશ્ન ૮૮—આરંભીયા ૧, પરિગ્ગહિયા ૨, માયાવત્તીયા ૩, અપચ્ચખાણવત્તીયા ૪, ને મિથ્યાદર્શનવત્તીયા ૫. એ પાંચ ક્રિયાનો અલ્પ બહુત્વ કેવી રીતે થાય ?

ઉત્તર—સર્વથી થોડા મિથ્યાદર્શનવત્તીયા ૧. એથી અપચ્ચખાણવત્તીયા વિસેસાહીયા ચોથા ગુણઠાણાવાળા વધ્યા ૨. તેથી પરિગ્ગહીયા વિસેસાહિયા પાંચમા ગુણઠાણાવાળા વધ્યા ૩. તેથી આરંભીયા ક્રિયાવાળા વિસેસાહિયા છઠ્ઠા ગુણઠાણાવાળા વધ્યા ૪. તેથી માયાવત્તીયા ક્રિયાવાળા વિસેસાહિયા છઠ્ઠાથી તે દશમા ગુણઠાણા સુધીના વધ્યા. ૫ ॥

પ્રશ્ન ૯૦—પાંચ શરીરનો અલ્પબહુત્વ શી રીતે ?

ઉત્તર—તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં પાને ૩૩ મેથી–औदारिक वैक्रियाहारक तैजसकार्मणानिशरीराणि, परं परंसूक्ष्मम् ॥ ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ. એ પાંચ પ્રકારનાં શરીરો છે. તે શરીરોમાં એક એકથી આગળ આગળનું સૂક્ષ્મ છે.

प्रदेशतोऽसङ्ख्येयगुणं प्राक्तैजसात्-अनन्तगुणेपरे । તૈજસ શરીરની પૂર્વનાં ત્રણ શરીરો પ્રદેશ વડે એક એકથી અસંખ્યાતગુણાં છે. તૈજસ અને કાર્મણ પૂર્વ પૂર્વથી અનંત અનંતગુણાં છે. એટલે ઔદારિકથી વૈક્રિયના પ્રદેશ અસંખ્યાતગુણા, વૈક્રિયથી આહારકના પ્રદેશ અસંખ્યાતગુણા અને આહારકની તૈજસના પ્રદેશ અનંતગુણા અને તૈજસથી કાર્મણના પ્રદેશ અનંતગુણા છે.

પ્રશ્ન ૯૧—તૈજસ અને કાર્મણ આ બે શરીર જીવ અને શરીર સાથે કેવી રીતે સંબંધ ધરાવે છે ?

ઉત્તર—તૈજસ અને કાર્મણ શરીર अप्रतिघाते એ બે પ્રતિઘાત (બાધા) રહિત છે અર્થાત્ લોકાન્ત સુધી જતાં આવતાં કોઈ પદાર્થ તેને રોકી શકતો નથી.

અનાદિ सम्बन्धे च—વળી તે બન્ને શરીરો જીવને અનાદિ કાળ-સંબંધવાળાં છે.

એક આચાર્ય એમ કહે છે કે કાર્મણ શરીરજ અનાદિ સંબંધવનું છે. તૈજસ શરીર તો લબ્ધિની અપેક્ષાએ છે, તે લબ્ધિ બધાને હોતી નથી નથી. ક્રોધવડે શાપ દેવાને અને પ્રસાદ વડે આશીર્વાદ દેવાને માટે સૂર્ય ચંદ્રની પ્રભાતુલ્ય તૈજસ શરીર છે.

(બીજા આચાર્ય એમ કહે છે કે—તૈજસ શરીર અને તેજુલેશ્યાની લબ્ધિ એ બન્ને જુદાં છે. તૈજસ શરીર, કાર્મણ શરીર ને સહચારી છે જીવે ગ્રહણ કરેલાં કર્મપુદ્ગલનાં દળને આત્મ પ્રદેશની સાથે એક રૂપે કરવાને જઠરારૂપ તૈજસ શરીર કામ આવે છે.)

सर्वस्य—એ બે શરીરો સર્વ સંસારી જીવોને હોય છે. तदादीनिभाज्यानि युगपदेकस्याऽऽचतुर्भ्यः—તે બે શરીરને આદિ લઇને ચાર સુધીનાં શરીરો એકી સાથે એક જીવને હોઇ શકે છે.

અર્થાત્ કોઇને તૈજસ, કાર્મણ; કોઇને તૈજસ, કાર્મણ અને ઔદારિક, કોઇને તૈજસ, કાર્મણ અને વૈક્રિય; કોઇને તૈજસ, કાર્મણ, ઔદારિક, વૈક્રિય; કોઇને તૈજસ, કાર્મણ, ઔદારિક, આહારક હોય; એક સાથે પાંચ ન હોય કેમકે આહારક વૈક્રિય એક સાથે હોય નહિ.

પ્રશ્ન ૯૨—કાર્મણ શરીર શું ઉપયોગમાં આવે છે?

ઉત્તર—તત્ત્વાર્થાધિગમમાં-શ્રી ઉમાસ્વાતિવાચક કહી ગયા છે કે-निरुपभोग मन्त्यम् છેલ્લું જે (કાર્મણ) શરીર તે ઉપભોગરહિત છે. તેનાથી સુખ દુઃખ ભોગવાતું નથી, કર્મબંધનિર્જરા પણ તે શરીર વડે થતાં નથી આદીના ઉપભોગ રહિત છે. ઇતિ.

આનો પરમાર્થ એ છે કે-કાર્મણ શરીરના યોગે તેના પ્રતિબંધે કરીને આત્મા રાગદ્વેષની પરિણતિએ કર્મ કરી લેવાનો છે અને આત્માજ કર્મનો કર્તા છે, આત્માજ કર્મનો ભોક્તા છે. [illegible] [illegible]; આ ઉત્તરાધ્યયનના મહાવાક્યને ધ્યાનમાં નહિ લેતા કેટલાક જીવો નામ ધરાવનારા અધ્યાત્મના ઢોંગમાં પડેલા એટલે માત્ર અધ્યાત્મની વાતો કરનારા તેમજ વેદાન્તમતના એકાંત શ્રોતાને આશ્રય કરી "नैनं छिन्दन्ति शस्त्राणि, नैनं दहति पावकः" ઇત્યાદિ વાક્યો વડે આત્માને કાંઇ લાગતું નથી, આત્માને કર્મનો બંધ થતો નથી અર્થાત્ આત્મા કર્મ કરી લેતો નથી આત્મા તો નિર્લેપ છે. કર્મને કર્મ લાગે છે, કર્મ, કર્મને વળગે છે

છે અર્થાત્ કાર્મણશરીર કર્મને ગ્રહે છે, કર્મનો બંધ કાર્મણશરીરનેજ થાય છે. આત્માને ને કર્મને કાંઇ સંબંધ છેજ નહિ

આ વાકય શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના તથા શ્રી ઉમાસ્વાતિવાચકના વાકયથી વિરૂદ્ધ કેમ ન ગણાય? તદ્દન વિરૂદ્ધ ગણાય.

કાર્મણશરીર એ કર્મનાં દળ છે. કષાયઆત્મા જોગઆત્માવડે કર્મના દળનું મળવાપણું થાય છે સકર્માને કર્મ લાગે છે. અકર્મા (સિદ્ધ) ને કર્મ લાગતાં નથી. अकम्मस्सववहारो न विज्जंति–આ આચારાંગ સૂત્રનું વેદવાકય છે. માટે કર્મ સહિત જીવનેજ કર્મ લાગે છે. સુખ–દુઃખ બંધ–મોક્ષ વગેરે સર્વ ક્રિયા સકર્મ આત્માનેજ છે. માટે કર્તા, ભોકતા ને મુકત પોતે આત્માજ છે.

પ્રશ્ન ૯૩—ઔદારિકાદિક પાંચ શરીરનું સ્વરૂપ શું?

ઉત્તર—સ્થૂલપુદ્ગલોનું બનેલું, ઉત્પન્ન થયા પછી તરતજ સમયે સમયે વધે, ઘટે, પરિણમે એવું, ગ્રહણ, છેદન, ભેદન અને દહન થઈ શકે એવું ઔદારિક શરીર છે.

નાનાનું મોટું, મોટાનું નાનું, એકનું અનેક, અનેકનું એક દશ્યનું અદશ્ય, અદશ્યનું દશ્ય, ભૂચરનું ખેચર, ખેચરનું ભૂચર, પ્રતિઘાતીનું અપ્રતિઘાતી, અપ્રતિઘાતીનું પ્રતિઘાતી ઇત્યાદિ રૂપે વિક્રિયા કરે તે વૈક્રિય શરીર. થોડા કાળને માટે જે ગ્રહણ કરાય તે આહારક.

તેજનો વિકાર, તેજમય, તેજપૂર્ણ અને શાપ કે અનુગ્રહના પ્રયોજનવાળું તે તૈજસ (અથવા જઠરરૂપ કર્મને પાચન કરનારૂં એવું તૈજસ.)

કર્મનો વિકાર, કર્મસ્વરૂપ, કર્મમય અને પોતાનું તથા બીજા શરીરનું આદિ કારણ ભુત તે કાર્મણ શરીર.

કારણ, વિષય, સ્વામી, પ્રયોજન, પ્રમાણ, પ્રદેશ સંખ્યા, અવગાહન સ્થિતિ અને અલ્પ બહુત્વ વડે કરીને ઉપરોકત પાંચ શરીરોમાં ભિન્નતા છે, (તત્વાર્થાધિગમ સૂત્રમ્)

પ્રશ્ન ૯૪—ઉદારિક શરીરને પ્રધાન પદ આપવામાં આવે છે તેનું કારણ શું?

ઉત્તર—ઉદારિક શરીર બીજાં શરીરોથી પ્રધાન છે આ શરીર વડે સમકિતની પ્રાપ્તિ; ચારિત્રની પ્રાપ્તિ સાથે તેનું સેવન કરવામાં તથા દેવ ગતિને તથા મોક્ષ ફળને પ્રાપ્ત કરવાને સહાયભૂત છે, આ શરીર વડે ઇચ્છિત ફળની પ્રાપ્તિ થાય છે. આત્માના ગુણોને પ્રગટાવે છે, માટે ઉદારિકને પ્રધાનપદ આપવામાં આવ્યું છે

પ્રશ્ન ૯૫—વૈક્રિયમાંથી વૈક્રિય થાય કે કેમ ?

ઉત્તર—થાય. કેમકે અઢીદ્વીપમાં એક સમયે ૨૦ વીશ તીર્થંકરનો જન્મ થાય એવું સૂત્રમાં કહ્યું છે. તો તેનો મહોત્સવ કરવા શક્રેંદ્ર આવે તે એક ઠેકાણે મૂળરૂપે જાય અને ૧૯ ઓગણીશ ઠેકાણે વૈક્રિય રૂપ જાય તે અને ભગવંતને ગૃહ્યા પછી દરેક ઈંદ્ર બીજાં ચાર ચાર રૂપ વૈક્રિય કરે માટે વૈક્રિયમાંથી વૈક્રિય થાય એવો સૂત્રનો ન્યાય છે.

પ્રશ્ન ૯૬—નરક તથા દેવતામાથી નીકળેલ મનુષ્ય જઘન્ય કેટલું આઉખું ભોગવે ? અને કેટલા આઉખાવાળો મનુષ્ય મરી નારકી તથા દેવતા થાય ?

ઉત્તર—દેવતા નારકીમાંથી નીકળેલ જઘન્ય પ્રત્યેક માસ તથા પ્રત્યેક વર્ષનું થોડામાં થોડું આઉખું ભોગવે અને અવઘેણા આશ્રી જઘન્ય પ્રત્યેક માસવાળાની પ્રત્યેક આંગુલની, અને પ્રત્યેક વર્ષવાળાની પ્રત્યેક હાથની અવઘેણા હોય અને ઉત્કૃષ્ટું પૂર્વક્રોડીનું આઉખું ભોગવે તેની અવઘેણા પાંચસે ધનુષ્યની હોય.

તેમજ પ્રત્યેક માસનું આઉખું ભોગવ્યા પહેલાં મરી કોઈ જીવ નરકે તથા દેવલોકમાં જાય નહિ

મનુષ્ય પ્રત્યેક માસનો મરે તો બીજા દેવલોક સુધી જાય અને નરક આશ્રી પહેલી નરક સુધી જાય અને તિર્યંચ અંતર્મુહૂર્તના આઉખાવાળો ૮ આઠમા દેવલોકે તથા સાતમી નરક સુધી જાય. શાખ ભગવતીજી શતક ૨૪ માનો.

પ્રશ્ન ૯૭—એક જીવ, એક પહોરમાં ચારે ગતિ ફરસે કે કેમ ? અને ફરસે તો કેવી રીતે ?

ઉત્તર—એક જીવ, એક પહોરમાં ચારે ગતિ ફરસે. તે એવી રીતે કે-દેવતામાંથી નીકળી તિર્યંચ થાય. ત્યાં અંતર્મુહૂર્ત રહી મરી મનુષ્ય થાય. ત્યાં અંતર્મુહૂર્ત રહી પાછો તિર્યંચ થાય, ત્યાં અંતર્મુહૂર્ત રહી નરકમાં જાય. એમ એક પહોરમાં ચારે ગતિ ફરસે.

પન્નવણામાં નારકી દેવતાનું આંતરું અંતર્મુહૂર્તનું કહ્યું છે તે તિર્યંચ આશ્રી જણાય છે, અને મનુષ્ય માટે નારકી દેવતામાં જવા આવવા આશ્રી જઘન્ય પ્રત્યેક માસ કહ્યા છે. માટે તિર્યંચ અંતર્મુહૂર્તની સ્થિતિએ મરી નરક તથા દેવતામાં જાય. શાખ દંડકપ્રકરણની. તથા બીજા પણ જાય.

પ્રશ્ન ૯૮—યુગલિયામાં વેદ બેજ છે અને જીવાભિગમમાં અકર્મભૂમિમાં ત્રણ વેદ કહ્યા તેનું શું કારણ ?

ઉત્તર—જુગલિયામાં વેદ બેજ છે; સ્ત્રી અને પુરૂષ. વેદ જે કહ્યો તે તો સમૂર્છિમ મનુષ્ય આશ્રી કહ્યો છે.

પ્રશ્ન ૯૯—મનુષ્યસંબંધી ત્રણે વેદનો કામાગ્નિનો વિષ

ઉત્તર—આબુવાળા છાપેલા જીવાભિગમમાં પાને ૧૫૦ ..રય ફુંફ અગ્નિસમાણેપણ્ણત્તે કહેલ છે. તેનો અર્થ ભાષ્યવાળાએ છે કે–હીડી તથા અડાયા છાણા તથા કાષ્ટની ધગધગતી અ સ્ત્રીનો કામાગ્નિ છે.

પુરૂષ વેદનો વિષય—વણદવગ્ગિ જાલસમાણે પણ્ણત્તે. પાને

ભાષા—મનુષ્યનો કામાગ્નિ દાવાનળની જ્વાળા સમાન એટલે આરંભ કાળે તીવ્ર કામાગ્નિનો દાહ હોય

નપુંસકવેદનો વિષય—મહાણગરદાહ સમાણે પણ્ણત્તે. એટલે મે રનો દાહ અગ્નિ સરખો ઘણા કાળ સુધી ધગધગતો રહે તેમ અવસ્થાએ કામાગ્નિ મટે નહિ. પાને ૧૯૭ મે.

મનુષ્યના કામાગ્નિથી સ્ત્રીનો કામાગ્નિ વિશેષ અને તીવ્ર હોય, છે, નપુંસકનો કામાગ્નિ વિશેષાવિશેષ અને અતિતીવ્ર કે જેને આપી જીંદગ ઉપશાંત થવા સંભવ નહિ.

પ્રશ્ન ૧૦૦—તિર્યંચ, મનુષ્ય અને દેવ. એ ત્રણની પુરૂષ થકી સ કેટલા ગુણી સૂત્રમાં કહી છે ?

ઉત્તર—જીવાભિગમ સૂત્રમાં ત્રણ બોલની બીજી પડિવત્તિમા પુરૂ તાં મૂળપાઠમાં તથા ટીકામા કહ્યું છે કે–તિર્યંચની સ્ત્રી તિર્યંચના પુરૂષ રતાં ત્રણ ગુણી અને ત્રણરૂપે અધિક–એમ મનુષ્યની સ્ત્રી પુરૂષ કરતા ત્તાવીશ ગુણી અને સત્તાવીશરૂપે અધિક–એમ દેવતાની સ્ત્રી દેવ પુરૂષ તાં બત્રીસ ગુણી ને બત્રીસરૂપે અધિક. એ પ્રમાણે છાપેલા આબુવાળા જીવાભિગમ પાને ૨૧૪ મે કહેલ છે.

પ્રશ્ન ૧૦૧—ઉપર કહ્યા પ્રમાણે મનુષ્યમા તો જોવામા આવતું નથી એમ ઘણા લોકો આશંકા કરે છે તેનું કેમ ?

ઉત્તર—ઉપરનું લખાણ આ એક ક્ષેત્રને માટે નથી. મનુષ્યને માટે તો અઢીદ્વીપ, કર્મભૂમિ, અકર્મભૂમિ અને તમામ મહાવિદેહની તમામ વિજયમાં વસનારાં મનુષ્યોને માટેની એ ગણના કરી છે અને તિર્યંચને માટે અસંખ્યાતાદ્વીપ સમુદ્રમાં રહેવાની વ્યાખ્યા કરી છે. તેમજ દેવતાને માટે પરિગ્રહિત કરતાં અપરિગ્રહિત દેવાંગનાની સંખ્યા

જ્ઞાની ગુરૂપે જ્ઞાને કરીને જેવું લોકનું સ્વરૂપ જાણ્યું તેવું પ્રકાશ્યું તેમાં કાંઇ શંકા કરવા જેવું નથી.

પ્રશ્ન ૧૦૨—જીવાભિગમમાં ત્રીજી પડિવત્તિમાં-બાબુવાળા છાપેલા પાને ૩૧૩ મે, ગાથા ૧૦ મીમાં કહ્યું છે કે-नेरइयाणुंप्पाउ उक्कोसं पंचजोयन सयाइं। આમાં શું જણાવે છે?

ઉત્તર—નારકીનો ઉપપાત-ઉંચો ઉછળવો ઉત્કૃષ્ટો પાંચસેં જોજનનો એ સાતમી નરકના નારકી આશ્રી અને પહેલી નરકે એક કોશ ઉંચા ઉછળે એમ જીવાભિગમના ભાષ્યમાં કહ્યું છે.

પ્રશ્ન ૧૦૩—નારકીનો સાતેનો એક દંડક અને દશ ભવનપતિના દશ દંડક કહ્યા તેનું શું કારણ?

ઉત્તર—દશે ભવનપતિમાં વચ્ચે નારકીના પ્રતર છે, માટે ભવનપતિના દંડક જુદા પાડવા પડયા.

પ્રશ્ન ૧૦૪—વાણવ્યંતરનાં નગર કયાં છે?

ઉત્તર—વાણવ્યંતરનાં નગર સમુદ્ર નીચે હોય નહિ, પરંતુ દ્વીપની નીચે હોય, અને તે લાખ જોજનથી વધારે ન હોય. તેના દાદરા જ્યાં નગર ત્યાં હોય.

પ્રશ્ન ૧૦૫—સૂત્રમાં સત્ય ભાષા કઇ કહી?

ઉત્તર—નિરવદ્ય ભાષા બોલવી તે. સાખ સૂયગડાંગના ૬ઠ્ઠા અધ્યયનની. सच्चेसु या अणवज्जं वयंति

પ્રશ્ન૧૦૬—દુનિયામાં દુઃખ શાનું છે?

ઉત્તર—મારાપણાનું જ્યાં મારાપણું ત્યાંજ દુઃખ છે.

પ્રશ્ન૧૦૭—દાનમાં શ્રેષ્ટ દાન કયું?

ઉત્તર—અભયદાન. શાખ સૂયગડાંગના ૬ ઠ્ઠા અધ્યયનની. दाणाणसेट्ठं अभयप्पयाणं.

પ્રશ્ન ૧૦૮—સકામ મરણ કેવી રીતે બની શકે?

ઉત્તર—જ્ઞાન, દર્શન, ચારિત્ર ને તપની આરાધનાથી તથા ત્રણ પ્રકારના સંથારાથી બની શકે છે.

ઇતિ શ્રી પરમપૂજ્ય શ્રી ગોપાલજી સ્વામી. તત્ શિષ્ય મુનિ શ્રી મોહનલાલજી કૃત શ્રી "પ્રશ્નોત્તર મોહનમાળા" સાતમો ભાગ સમાપ્તઃ ॥





પરમ પૂજ્યશ્રી ગોપાલજી સ્વામી તત શિષ્ય

મુનિશ્રી મોહનલાલજી કૃત.

શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા

ભાગ ૮ મો.



શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા.

ભાગ ૮ મો.

પ્રશ્ન ૧—શ્રી ભગવતીજીના બીજા શતકના પાંચમા ઉદ્દેશે, તુંગીયા નગરીના શ્રાવકે શ્રી પાર્શ્વનાથ ભગવાનના સંતાનીયાને પ્રશ્ન પૂછેલા તેના ઉત્તર પ્રત્યુત્તરમાં સાધુને દેવલોકની ઉત્પત્તિના સંબંધમાં पुव्वसंजमेणं. पुव्व तवेणं, આ બે શબ્દ મૂકેલ છે તો તેનો અર્થ શું ?

ઉત્તર—તેનો અર્થ તો ખુલ્લો છે કે પુવ્વસંજમેણં એટલે પૂર્વલો સંજમ અને પુવ્વતવેણં કેતાં પૂર્વલો તપ.

પ્રશ્ન ૨—પૂર્વલોસંજમ અને પૂર્વલોતપ તે કોને કહેવો ? આ ભવનો લેવો કે પરભવનો ?

ઉત્તર—અહિંયાં પરભવની પૃચ્છા નથી, માટે આ ભવનોજ લેવો.

પ્રશ્ન ૩—આ ભવનો પૂર્વલોસંજમ અને પૂર્વલોતપ કેવી રીતે ગણવો ?

ઉત્તર—પૂર્વ એટલે પહેલો, તેની અપેક્ષાએ પર એટલે પછીનો એટલે વ્યાકરણના મતે પૂર્વ અને પર-પહેલો અને બીજો અથવા પૂર્વ અને ઉત્તર એમ બે પક્ષ થયા. હવે પૂર્વસંજમ અને પૂર્વતપ એ બે શબ્દ મૂકવાનો હેતુ એ છે કે—

તુંગીયા નગરીના શ્રાવકે પાર્શ્વનાથ ભગવનના સંતાનીયાને પ્રશ્ન કર્યો કે—संजमेणं किं फले तवेणं किं फले ? સંજમનું શું ફળ ? તપનું શું ફળ ?

તેના ઉત્તરમા સ્થિવર ભગવંતે કહ્યું કે-સંજમેણું-સંજમનું અણુ આશ્રવ ફળ (નવાં કર્મને આવતાં રોકવાનું ફળ) અને તપનું વોદાણ ફળ તે તરથાળે (શિલિકે) રહેલા કર્મને ખપાવવાનું-નાશ કરવાનું ફળ. આ ઉત્તર સાંભળીને—

શ્રાવક બોલ્યા કે અહો પૂજ્ય ? જ્યારે સંજમે કરી નવાં આવતાં કર્મ રોકાય-બંધ પડે, અને તપે કરી જુનાં કર્મને ખપાવે, તોપછી શા માટે દેવા દેવલોકને વિષે ઉપજે ; એટલે દેવતા દેવલોકમાં શા માટે ઉપજે ? એ પ્રશ્ન કર્યો.

ત્યારે પાંચસેં મુનિમાં ચાર અણુગારે જુદી જુદી રીતે ઉત્તર આપ્યો કે, પૂવ્વતવેણું પૂવ્વસંજમેણું કમ્મિયાએ સંગીયાએ વળી ચારમાંથી એક મુનિ બોલ્યા કે હે આર્ય! એ ચાર બોલે કરી દેવા દેવલોકને વિષે ઉપજે. सच्चेणंएसमट्ठे नो चेवणं आयमाववत्तवया સાચો છે એ અર્થ—નહિ નિશ્ચે આત્મ ભાવની વ્યક્તવ્યતા એટલે દેવતામાં ઉત્પન્ન થવાના એ ચારજ કારણ છે. તેમાં આત્મભાવની વ્યક્તવ્યતા નથી એ અર્થ સાચો છે. આટલું કહેતાંજ શ્રાવક સમજી ગયા.

પ્રશ્ન ૪—હવે અહિયાં પ્રશ્ન તો પૂવ્વતવેણું અને પૂવ્વ સંજમેણુંનો છે, કારણ કે પશ્ચાત્‌ના બે બોલ કમીઆએ અને સંગીયાએનો અર્થ સુગમ છે માટે પૂછેલા પ્રશ્નનો ખુલાસો થવો જોઇએ.

ઉત્તર—સાંભળો. શ્રાવકે પૂછેલા પ્રશ્નનો ઉત્તર સાધુજીએ આપતાં, શ્રાવકે તર્ક કર્યો કે સંજમે કરી નવાં કર્મ આવતાં બંધ પડે અને તપે કરી જુનાં કર્મ ખપાવે તો સાધુ મોક્ષમાંજ જાય કારણ કે—સાધુની માત્ર બેજ ગતિ છે. દેવલોક અને મોક્ષની. સંજમ તપના અધિકારી પણ સાધુજ છે. વળી ધર્મદેવ તરીકે ગણાતા પણ સાધુજ છે, માટે દેવા શબ્દ કહીને બોલાવ્યા છે. બાકીના બીજા (સાધુ સિવાયના) દેવલોક જવાવાળા હોવાથી ભવિયદ્રવ્ય દેવ કહેવાય પણ ધર્મ દેવ કહેવાય નહીં. માટે પ્રશ્નના કરવાવાળા અને ઉત્તરના દેવાવાળાને એકજ અભિપ્રાય ધર્મદેવ સંબંધીનાજ હોવાથી તેની ગતિ તો મોક્ષનીજ હોવી જોઈએ. એવો શ્રાવકે ફરીથી કરેલા પ્રશ્નનો અભિપ્રાય સાધુએ જાણીને ધર્મદેવ દેવલોક કેમ જાય છે? તેનો ઉત્તર ચાર સાધુએ જુદા જુદા સ્વરૂપે આપ્યો, તેમા પ્રથમના બે બોલમા એમ જણાવ્યું કે—સંજમ બે પ્રકારના છેઃ પૂર્વ અને ઉત્તર (પ્રધાન) એટલે સરાગ સંજમ, અને વીતરાગ સંજમ. તેમાં સરાગ સંજમ દશમા ગુણઠાણા સુધી છે તે પૂર્વ કહેતાં પહેલો છે. તેની ગતિ દેવલોકનીજ છે. અને બીજો ઉત્તર એટલે પ્રધાન વીતરાગ સંજમ છે. તેના પણ બે ભેદ છે. પહેલો ઉપશાંત વીતરાગ સંજમ તે અગીયારમે ગુણઠાણે છે. તે ઉપશાંત હોવાથી સરાગને સત્તામા ગણીને પણ પૂર્વ સંજમમાં ગવેષી દેવલોકની ગતિ કહી છે. અને બીજો ક્ષીણ મોહ વીતરાગ સંજમ બારમા ગુણઠાણાથી ચૌદમા ગુણઠાણા સુધીનો કહ્યો છે તેની ગતિ મોક્ષનીજ હોય. માટે ધર્મદેવ સરાગ સંજમને લઇને દેવલોકમાંજ જાય છે, માટે તે પૂર્વનો સંજમ કહેવાય.

પ્રશ્ન ૫—પૂર્વનો સંજમ તો ઠીક જણાવ્યો, પણ હવે પૂર્વનો તપ કેવી રીતે ગણાય?

ઉત્તર—પૂર્વ તવંજ'—એટલે પૂર્વનો તપ. અહીંયાં તપના બે ભેદ છે. પૂર્વ અને પર, અથવા પૂર્વ અને ઉત્તર (પ્રધાન), અથવા પ્રથમે પછી-પહેલો ને બીજો—એમ બંન્ને ભેદ થાય છે. તથા સૂત્રમાં કહેલા બાહ્ય તપ અને અભ્યંતર તપ તેમાં બાહ્ય તપ તે પૂર્વ તપ છે તેથી ભવનું ઘટવાપણું અને ઘણાં કર્મની નિર્જરા થાય છે, પણ ગતિ તો દેવલોકનીજ છે. (ધના અણગાર વત્)

હવે અભ્યંતર તપના બે ભેદ, પૂર્વ અને ઉત્તર. પ્રાયશ્ચિત ૧ વિનય ૨ વૈયાવચ્ચ ૩ સજ્ઝાય ૪ અને કાઉસ્સર્ગ ૫ એ પાંચે ભેદ પૂર્વ તપના છે, તેથી કોઈ ગમે ભવનાં સંચેલાં કર્મ નિર્જરા થાય છે પણ ગતિ તો દેવલોકની. (મેઘકુમાર અણગાર વત્) આંખોનો આગાર રાખી પોતાનું શરીર સાધુનો વિનય વૈયાવચ્ચ અને ભગવંતની સમક્ષ અર્પણ કર્યું તોપણ ગતિ તો દેવલોકનીજ થઈ. એક ધ્યાન ઉત્તર તપમાં, તેના પણ બે ભેદ. એક ધર્મધ્યાન અને બીજુ શુકલધ્યાન. તેમાં ધર્મધ્યાન પૂર્વતપમાં અને શુકલધ્યાન ઉત્તર તપમાં. ધર્મધ્યાનથી ઘણાં કર્મની નિર્જરા સાથે ગતિ દેવલોકની અને શુકલ ધ્યાનના પણ બે ભેદ, એક ઉપશમ શ્રેણીનું શુકલધ્યાન, અને બીજુ ક્ષપક શ્રેણીનું શુકલધ્યાન. તેમાં:—

આઠમે ગુણઠાણે શુકલધ્યાનનો પહેલો પાયો પ્રગટે તે અગ્યારમે ગુણઠાણા સુધીના ઉપશમ શ્રેણીએ ચઢેલાની શુકલધ્યાનના પહેલા પાયાવાળાની ગતિ દેવલોકની હોય માટે ત્યાંસુધી પૂર્વ તપ ગણવો.

હવે આઠમે ગુણઠાણે (પ્રથમ સાત પ્રકૃતિનો ક્ષય થયો હોય તો ૧૭ સત્તર પ્રકૃતિનો ક્ષય કરી ૩ દર્શન મોહનીયની ને ૧૪ ચારિત્ર મોહનીયની કષાયની પ્રકૃતિનો ક્ષય કરી) ક્ષાયક ભાવ પ્રગટ કરી ક્ષપક શ્રેણીએ ચડવા માટે શુકલધ્યાનનો પહેલો પાયો (પહેલે પગથીએ) ચડી અઠ્ઠાવીસની મોહનીયની પ્રકૃતિઓને ખપાવતાં ખપાવતા ક્ષપક શ્રેણીએ ચડતાં બારમે ગુણઠાણે પહેલે સમય શુકલધ્યાનના બીજે પાયે (બીજે પગથીએ) મોહનીય કર્મની ૨૮ અઠ્ઠાવીશ પ્રકૃતિનો ક્ષય કરે. ત્યાં અંતર્મુહૂર્તની સ્થિતિમાં ક્ષાયક ભાવે ક્ષપક શ્રેણીએ ચડતાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ચાર ઘન ઘાતીકર્મનો ક્ષય કરી શુકલધ્યાનને ત્રીજે પાયે (ત્રીજે પગથીએ) ૧૩ તેરમા ગુણઠાણાના પહેલે સમય કેવળ જ્ઞાન ને કેવળ દર્શન પ્રગટ કરે. તેરમા ગુણઠાણાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની ને ઉત્કૃષ્ટી દેશે ઉણી પૂર્વ ક્રોડની ત્યાંસુધી અઘાતી કર્મને ખપાવવા શુકલ

ધ્યાનની રમણતામાં વિચરે ને સમય સમય તે ચાર અઘાતી કર્મ પાડતાં પાડતાં ચૌદમે ગુણઠાણે શુક્લધ્યાનના ચોથે પાયે (ચોથે ચઢી વેદનીય, આઉખું, નામ ને ગોત્ર એ ચાર અઘાતી કર્મનો સર્વ કરી મોક્ષ ગતિને પ્રાપ્ત થાય.

પ્રશ્ન ૬—શુક્લધ્યાનમાં પડિવાઈ અપડિવાઈપણાનો ભેદ હોય

ઉત્તર—સાતમા ગુણઠાણા સુધી ધર્મધ્યાનની પ્રવૃત્તિ રહી છે, અનેક ભેદ છે. પરંતુ શુક્લધ્યાનના માત્ર બેજ ભેદ છે. એક ઉ શ્રેણીનું શુક્લધ્યાન છે તેને પડવાનો સંભવ છે અને બીજું ક્ષપકશ્રે શુક્લધ્યાન તે અપડિવાઈજ હોય. અર્થાત્ શુક્લધ્યાનના પહેલે પાયે ક્ષ શ્રેણીએ ચડેલા જીવ અપડિવાઈજ હોય.

એટલે આઠમે ગુણઠાણેથી ક્ષપકશ્રેણીએ ચડેલો અભ્યન્તર તપન શુક્લધ્યાનના પહેલા પાયેથી ઉત્તરોત્તર ચડતાં નવમે, દશમે, બારમે, તેરમે, ચૌદમે ગુણસ્થાનકે પહોંચતાં સુધીમાં શુક્લધ્યાનનો બીજો, ત્રીજો અને ચોથો પાયો એટલે ક્ષપકશ્રેણીના શુક્લધ્યાનના ચારે પાયાનો અભ્યન્તર તપનો ધ્યાન માંહેલો જે ભેદ તે ઉત્તરતપ મોક્ષફળનેજ આપવાવાળો છે. તેનો એકજ ભેદ છે. તે પહેલાનો બાર માંહેલો ગમે તે તપ હોય પણ તે ક્ષપક શ્રેણીએ શુક્લધ્યાનના પાયાને પ્રાપ્ત થયેલાને તે પણ ઉત્તર તપના અધિકારી થઈ મોક્ષગતિનેજ પામે. તે સિવાયનો તપ તે પૂર્વ તપ છે. દેવલોકની ગતિનો આપનારો છે. ઇત્યર્થઃ—

પ્રશ્ન ૭—ઘણી વખત પૂર્વસંજમ અને પૂર્વતપ વિષે વ્યાખ્યા સાંભળીએ છીએ. તેમાં તો કોઈ કોઈ નિશ્ચય ને વ્યવહારની વાતો કરે છે. તેમજ કોઈ દ્રવ્યે અને ભાવથી સમજાવે છે. એટલે પૂર્વસંજમ અને પૂર્વ તપને કોઈ વ્યવહારસંજમ અને વ્યવહારતપ કહે છે. તથા દ્રવ્યસંજમ અને દ્રવ્યતપ કહી સમજાવે છે એટલે પૂર્વસંજમ અને તપનો અર્થ વ્યવહારથી અથવા દ્રવ્યથી કહી દેવલોકની ગતિ જણાવે છે, અને નિશ્ચય તથા ભાવથી સંજમ તપવાળાને દેવગતિ હોય નહિ, મોક્ષગતિ હોય એમ કેટલાક અર્થ કરે છે તે લાગુ થાય કે કેમ ?

ઉત્તર—બન્નેનું સ્વરૂપ જાણવું જોઈએ. હવે પ્રથમ અહિંયાં વ્યવહાર અને નિશ્ચય ચારિત્રનું સ્વરૂપ જણાવે છે. ઉત્તરાધ્યયનના ૨૮.મા અધ્યયનની ૫ મી ગાથાની પર્યાય ૨૫ દ્વારની છે. તેમાં પાને

. . સમકિત સહિત અંતરંગ ભાવે અઢાર પાપસ્થાનકના અમતનું વમ-ખવું તે નિશ્ચય ચારિત્ર કહીએ અને તે સહિત પાંચ મહાવ્રત, પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ પ્રમુખને વિષે પ્રવર્તવું તે શુદ્ધ વ્યવહાર ચારિત્ર. . .

નિશ્ચય વ્યવહાર તપનું સ્વરૂપ—સમકિત સહિત એવા ચારિત્રના રસને વિષે વીર્ય સહિત દ્રવ્ય આત્માનું તલ્લીનપણું તે ચારિત્ર આશ્રિત સદા સર્વદા નિશ્ચે તપ કહીએ, અને તેણે કરીને સહિત બાર પ્રકારે અનશનાદિક તપને વિષે એકાંત નિર્જરાને અર્થે પ્રવર્તવું તે શુદ્ધભાવ વ્યવહાર તપ જાણવો.

હવે દ્રવ્યભાવ ચારિત્ર તપ કહે છે. પાને ૩૦૬ મે ત્રસ સ્થાવર જીવના આરંભથી તથા સર્વ આશ્રવથી નિવર્ત્તવું તે દ્રવ્યથી ચારિત્ર કહીએ. સર્વ પદાર્થને વિષે મૂર્છાભાવ રહિતપણે વર્તે તે ભાવથી ચારિત્ર કહીએ.

સમકિત સહિત બાર પ્રકારના તપનું કરવું તે દ્રવ્યથી તપ કહીએ. એકાંત નિર્જરાને અર્થે તપ કરવો તે ભાવથી તપ કહીએ ઇતિ:—

ઉપર કહેલા નિશ્ચય વ્યવહાર, તથા દ્રવ્યભાવ ચારિત્ર અને તપ તો સમકિત સહિત સંજમ ગુણવાળાને માટે સરખી રીતે લાગુ કર્યા છે. તે તો છઠ્ઠા ગુણસ્થાનવાળા જીવોને સારી રીતે લાગુ થાય છે. અર્થાત્ અગીઆરમા ગુણઠાણાવાળા સુધીના જીવો પણ નિશ્ચય વ્યવહાર તથા દ્રવ્યભાવ ચારિત્ર અને તપના અધિકારી છે અને તેની ગતિ પણ દેવલોકનીજ હોય છે, માટે તે ચારે બોલ પૂર્વ સંજમ તપનેજ લાગુ થાય છે.

અને ઉત્તર સંજમ તપ તો ક્ષપકશ્રેણી અને અભ્યન્તર તપમાં ધ્યાનમાં પણ શુક્લધ્યાનના ચાર પાયાની શ્રેણીએ ચઢેલાનો અભ્યન્તર તપ તેજ તદભવ મોક્ષ ફળને આપે છે, તે વાત સૂત્રના ન્યાયે સર્વ જાણીતી છે.

પ્રશ્ન ૮—સ્થિવરજીએ પૂર્વે કહેલા ચાર બોલને અંતે કહ્યું છે કે

संजमं पुव्व मेतं नो चेवणं आयभाव वत्तव्वयाए.

એ પદમાં શું જણાવ્યું છે?

ઉત્તર—એ પદમાં એમ જણાવ્યું કે પાર્શ્વજિનની ભક્તિ તો પ્રાયે સિદ્ધગતિજ હોવી જોઈએ, છતાં દેવલોકમાં જાય તે પૂર્વના સંજમે કરી, પૂર્વના તપે કરી, તથા શેષ કર્મ રહેવાથી, અને પુગળના સંગે દેવ દેવીઓને પણ ઉપભોગ નો ભોગવવું આયખાને ભોગવવા એ અર્થ જાણે છે માટે દેવલોકમાં જવાની નિશ્ચે કરીને આત્મભાવની આકાંક્ષા નથી. આત્મા ઉત્કૃષ્ટ હોય તે મોક્ષ અભિલાષીજ અધિકારી છે. એમ તુંગી નગરીના શ્રાવકે

તો જળ ઉપરજ રહે. તેમ આત્મા આત્મભાવે તો મોક્ષજ જાય એ અર્થ સાચો છે. એમ સ્થિવરજીએ કહ્યું.

પ્રશ્ન ૯—પૂર્વદેવનો પૂર્વ સંજમ અને પૂર્વ તપ તે આત્મભાવનો નથી એવું કેમ કહેવાય? આત્માના ભાવ વિના સંજમ તપનું સેવન થઈ શક્તું નથી. આત્માનો ભાવ મળે ત્યારે તે બની શકે છે, માટે તે વાત તો બંધ બેસતી નથી.

ઉત્તર—એ વાત ખરી છે કે–સંજમતપ આત્મભાવનાજ છે, પણ સરાગ આત્મભાવનો નથી. તે તો કર્મ અને પુદ્ગલના ઘરનો છે માટે સંજમ અને તપની સાથે સરાગભાવ હોવાથી ભગવંતે સરાગસંજમ કહ્યો, તે વડે ક્ષપકશ્રેણીને શુકલધ્યાનનો પાયો પ્રાપ્ત ન થવાથી બન્નેને દેવલોકની ગતિ કહી, તે કર્મ અને પુદ્ગલના સંગને લઈનેજ કહેલ છે. જેમકે અનુત્તર વિમાનના દેવતાને ઉપશાંતમોહી કહ્યા છે, પણ ક્ષીણમોહી તો કહ્યા નથી. તેનું કારણ કે, ઉપશાંતપણે સેવેલા સંજમતપ પણ સરાગ સંજમમાંજ ગણ્યા છે, કારણ કે સત્તામાં રહેલા છે માટે. તેટલાજ માટે પાછળના બે બોલ જે કર્મ અને પુદ્ગલનો સંગ જોડયો પડયો છે, તે આત્મભાવનાનો નથી

પ્રશ્ન ૧૦—અહિંયાં કેટલાક એવો અર્થ કરે છે કે, સ્થિવરજીએ એમ કહ્યું કે, અમે જે આ ચાર બોલ દેવલોકની ઉત્પત્તિના કહ્યા તે અમારા આત્મભાવની વક્તવ્યતા નથી, એટલે અમે અમારી બુદ્ધિએ કહેતા નથી અર્થાત્ તીર્થંકરના કહ્યા પ્રમાણે કહીએ છીએ. એમ ટબાકાર પણ અર્થ કરી ગયા છે. અને તમે તો એથી બીજો અર્થ જણાવો છો તેનું શું કારણ?

ઉત્તર—છદ્મસ્થને માટે કદી એ અર્થ લાગુ પાડવો હોય તો પડે ખરો, પણ તીર્થંકર મહારાજને માટે એ સવાલ કેવી રીતે લાગુ થાય? તે જરા વિચાર કરવા જેવું છે, કારણ કે તુંગીયા નગરીના શ્રાવકે પાર્શ્વનાથ ભગવાનના સ્થિવરને પૂછેલા પ્રશ્નની વાત રાજગૃહી નગરીમાં પસાર થતાં ગૌતમ સ્વામીએ ગોચરી અર્થે ફરતાં તે વાત સાંભળીને ભગવંતની પાસે રજુ કરી તે સંબંધી ખુલાસો માગતાં ભગવંત મહાવીર દેવે એમ કહ્યું છે કે– अहं पुण गोयमा एवमाइक्खामि भासेमि पणवेमि परुवेमि, पूव्वतवेणं देवादेवलो एसु उववज्जंति, पूव्वसंजमेणं देवादेवलोएसु उववज्जंति, कम्मीयाए देवादेवलोएसु उववज्जंति, संगियाए देवादेवलोएसु उववज्जंति, पूव्वतवेणं, पूव्वसंजमेणं, कम्मियाए, संगीयाए, अज्जो देवा देवलोएसु उववज्जंति, सचेणं एसमठ्ठे, णो चेवणं आयभाववत्तवयाए।

હે ગૌતમ ! હું પણ એમ કહું છું, એમ ભાખું છું, એમ પ્રજ્ઞાપું છું, એમ પ્રરૂપું છું કે—પૂર્વ તપે કરી દેવા(ધર્મ દેવ–સાધુ) દેવલોકને વિષે ઉપજે છે. પૂર્વ સંજમે કરી સાધુ દેવલોકને વિષે ઉપજે છે. કર્મે કરી દેવા–સાધુ દેવલોકને વિષે ઉપજે છે. પુદ્‌ગલને સંગે દેવા–સાધુ દેવલોકને વિષે ઉપજે છે. પૂર્વ તપે કરી, પૂર્વ સંજમે કરી, કર્મે કરી, સંગે કરી હે આર્ય ! દેવા–ધર્મદેવ દેવલોકને વિષે ઉપજે છે. સાચો છે એ અર્થ નિશ્ચે કરી આત્મભાવની વક્તવ્યતા નથી.

ત્યાં પણ એજ પ્રમાણે પાઠ લેવાણ્યા છે તો શું ભગવંતે એમ કહ્યું કે મારા આત્મભાવની વક્તવ્યતાએ કહેતો નથી, એટલે હું ખરી બુદ્ધિએ કહેતો નથી, એમ તો કદી હોય નહિ. એ પ્રમાણે જો તીર્થંકર મહારાજ પોતે કહે તો પ્રથમનું પોતાનું વાક્ય જે, અહં પુણ ગોયમા એવમાઇક્ખામિ એ વાક્ય નિરર્થક કરે ? માટે એ અર્થ લાગુ થતો નથી. પણ સ્થવિરનું વાક્ય અને ભગવંતનું વાક્ય એકજ અર્થવાળું હોય તેજ તે પ્રમાણે કહેવાય. માટે બન્ને ઠેકાણે નીકળેલા વાક્યનો અર્થ સરખોજ અને બન્નેનો હેતુ પણ એકજ છે કે દેવલોકની ઉત્પત્તિને માટે એ ચાર બોલ કહ્યા તેજ છે. પણ આત્મભાવની વક્તવ્યતા નથી. આત્મભાવ આદિ તો [illegible] એ અર્થ સાચો છે. એ પ્રમાણે સ્થવિરનું અને ભગવંતનું એકજ વાક્ય છે અને પરમ પૂજ્ય શ્રીગોપાળજી સ્વામીના મુખથી પણ એજ પ્રમાણે અર્થ સમજ્યો છે, માટે એ વાત સત્ય લાગે છે. તત્ત્વ કેવળીગમ્ય.

પ્રશ્ન ૧૧—ભગવતીજીમાં કહ્યા પ્રમાણે [illegible] [illegible] [illegible] હું [illegible] ?

ઉત્તર—[illegible]

[illegible]

[illegible]

રહિત, અને નિઃશલ્ય (શલ્ય નિદાન–મિથ્યાત્વ અથવા માયા રહિત થવાથી જીવ અનાશ્રવ (આશ્રવ રહિત) બને છે. (૩)

નવાં કર્મ આવતાં અટકાવવાને ભગવંત મહાવીરે ઉપરનો પ્રયોગ બતાવ્યો. આ પ્રયોગ એવો છે કે–જેનું હમેશાં સેવન કરવાથી નવાં કર્મનો લેપ લાગતો નથી. આનું નામ સંયમ કહેવાય છે.

પ્રશ્ન ૧૨—સંયમનો અર્થ શું ?

ઉત્તર—સં અને યમ એટલે સમ્યક્ પ્રકારે આત્માને યમ નામ નિયમમાં રાખવો તેનું નામ સંયમ કહેવાય છે. ઉપર કહેલા સંયમોના ગુણો વડે નવાં કર્મ આવતાં અટકે છે. અર્થાત્ નવાં પાપકર્મોને અટકાવવાનું સાધન સંયમજ છે અને ઉપરની બે ગાથામાં કહેલા ગુણોનો સમાવેશ સંયમ શબ્દમાંજ થાય છે.

પ્રશ્ન ૧૩—નવાં આવતાં પાપકર્મોને અટકાવવાનું સાધન તો બરાબર બતાવ્યું, પણ પૂર્વે રાગદ્વેષે કરીને ઉપાર્જેલા કર્મો જે તરધાળે (શિલિકે) રહેલાં છે તેનો કેવી રીતે નાશ થાય ?

ઉત્તર—ઉત્તરાધ્યયનના ૩૦ મા અધ્યયનમાં પહેલીજ ગાથામાં પ્રથમ એજ જણાવ્યું છે કે–जहाउ पावगंकम्मं, रागदोस समज्जियं; खवेइ, तवसा भिक्खु तमेगग्गमणो सुणं ।

અર્થ:—રાગદ્વેષે કરીને ઉપાર્જેલાં પાપકર્મનો, સાધુ તપ વડે ક્ષય કરે છે તે એકાગ્ર મને સાંભળો. (૧)

હવે કેવી રીતે તપ વડે કર્મનો ક્ષય કરે છે તે જણાવવાને માટે દૃષ્ટાંત સહિત સિદ્ધાંત બે ગાથાથી જણાવે છે. તે એ રીતે કે–जहा महातलागस्स, संनिरुद्धे जलागमे, उस्सिंचणाए तवणाए. कम्मेणसोसणाभवे. ॥५॥ एवं तु संजयस्सावी, पावकम्मं निरासवे, भवकोडी संचियंकम्मं, तवसा निज्जरिज्जइ ।६।

અર્થ:—જેમ કોઇ મોટા તળાવનો પાણી આવવાનો માર્ગ રૂંધી રાખવાથી એટલે નવા પાણી આવવાનો ઠામ જે ગરનાળાદિક બંધ કરવાથી તથા તે તળાવમાં રહેલા પાણીને અરહટ્ટાદિકે, ઉલેચવાથી તથા સૂર્યના તાપે કરીને અનુક્રમે જેવી રીતે પાણી સોસાઇ જાય છે. તેવીજ રીતે જે સાધુ પૂર્વોક્ત પ્રકારે પાપકર્મને આવવાનો માર્ગ રૂંધે છે તો કોટી ભવમાં તેને લાગેલાં (સંચેલાં) કર્મનો તપ વડે કરીને ક્ષય કરી શકે છે. (૫-૬)

. . . એ પ્રમાણે ભગવતીજીમાં કહેલા સંજમ વડે આવતાં કર્મને રોકવાનું અને તપ વડે પૂર્વના તરથાલાના કર્મને ખપાવવાનું સ્વરૂપ જણાવ્યું. . .

પ્રશ્ન ૧૪—તપના ભેદ કેટલા ?

ઉત્તર—તપના અનેક ભેદ છે. સાંભળો, ધારો અને વિચારો ૧ અનશન, ૨ ઉણોદરી, ૩ ભિક્ષાચર્યા, ૪ રસત્યાગ, ૫ કાયક્લેશ, ૬ સંલીનતા, (એ છએ બાહ્ય તપ) ૭ પ્રાયશ્ચિત, ૮ વિનય, ૯ વૈયાવૃત્ય, ૧૦ સ્વાધ્યાય, ૧૧ ધ્યાન, ૧૨ કાયોત્સર્ગ (એ છ અભ્યંતર તપના મળી બાર ભેદ જિનોક્ત તપના જાણવા) ૧૩ ઉગ્રતપ, ૧૪ દિપ્તતપ, ૧૫ તપ્તતપ, ૧૬ મહાતપ, ૧૭ ઘોરતપ, ૧૮ લબ્ધિતપ, ૧૯ સ્વભાવી તપ, ૨૦ નિર્જરા તપ, ૨૧ સકામ તપ, ૨૨ અકામ તપ, ૨૩ જ્ઞાન તપ, ૨૪ અજ્ઞાનતપ, ૨૫ આશીતપ, ૨૬ નિરાશી તપ, ૨૭ નિદાન તપ, ૨૮ સ્વાર્થી તપ, ૨૯ કીર્તિતપ, ૩૦ સરાગી તપ, ૩૧ વેતાળી તપ, ૩૨ સરાપી તપ, ૩૩ ક્લેશી તપ, ૩૪ માયિ તપ, ૩૫ આસુરી ભાવના તપ.

એ પ્રમાણે ૩૫ પ્રકારનો તપ કહ્યો તેમાં કેટલીક તપ જિનરાજ દેવની આજ્ઞામાં છે અને કેટલીક આજ્ઞા બહાર છે.

પ્રશ્ન ૧૫—જિનોક્ત તપ કેટલા પ્રકારનો અને તેનું સ્વરૂપ શું ?

ઉત્તર—જિનોક્ત તપ ઉત્તરાધ્યયનના ૩૦ મા અધ્યયનમાં ૧૨ બાર પ્રકારે કહ્યો છે તે અને તેનું સ્વરૂપ નીચે પ્રમાણે જણાવેલ છે.

अणसणमूणोयरिया, भिक्खायरिया रसपरिच्चाओ; कायकिलेसो संलीणयाय, वज्झोतवोहोइ.॥८॥

અર્થઃ—(૧) અનશન એટલે ઉપવાસાદિક, (૨) ઉણોદરી એટલે ઓછું ખાવું તે, (૩) ભિક્ષાચર્યા એટલે ઘરોઘર ફરીને ભિક્ષાથી આહાર મેળવવો તે, (૪) રસત્યાગ એટલે સ્વાદિષ્ટ ખોરાકનો પરિત્યાગ કરવો તે, (૫) કાયકલેશ એટલે ટાઢ તડકો વગેરે સહન કરવો તે, (૬) સંલીનતા એટલે અંગ-ઉપાંગ (ઇંદ્રિયોને) સંકોચવાં તે. એ પ્રમાણે ૭ ભેદે બાહ્ય તપ કહ્યો છે.

પ્રશ્ન ૧૬—અભ્યંતર તપનું સ્વરૂપ ભગવંતે કેવા પ્રકારે જણાવ્યું છે ?

ઉત્તર—*पायच्छित्तंविणओ, वेयावच्चं तहेवसज्झाओ, झाणं विऊस्सग्गोविय, अभ्भिंतरओतवोहोइ. ॥३०॥*

અર્થ:—અભ્યંતર તપના છ ભેદ. (૧) પ્રાયશ્ચિત-ગુરૂ સમીપે પાપને આલોવવાં તે, (૨) વિનય-ગુરૂને આવતા જોઇને ઉભા થવું, હાથ જોડવા, તેમને આસન આપવું, તેમના ઉપર ભક્તિભાવ રાખવો અને ગુરૂના આદેશ પ્રમાણે વર્તવું, તે વિનય અભ્યંતર તપ કહેવાય છે. (૩) વૈયાવૃત્ય એટલે આચાર્યાદિની આહારાદિ દશ વિધે સેવા કરવી તે. (૪) સ્વાધ્યાય-પાંચ પ્રકારે સૂત્રની સજ્ઝાય કરવી તે. (૫) ધ્યાન એટલે આર્ત-રૌદ્રધ્યાન વર્જીને દ્રઢ ચિત્તથી ધર્મધ્યાન એને શુક્લધ્યાન ધરવું તે. (૬) ઉત્સર્ગ એટલે કાયોત્સર્ગ અથવા કાઉસગ્ગ-શયને આસને અને અભ્યુત્થાને (એટલે સૂતાં, બેસતાં, ઉઠતાં) જે સાધુ કાયાનો વ્યાપાર (હાલવું ચાલવું) ન કરે તે છઠ્ઠા પ્રકારનો કાયોત્સર્ગ-અભ્યંતર તપ કહેવાય—

પ્રશ્ન ૧૭—ઉપર કહેલા બે પ્રકારના તપથી શું ફળ પ્રાપ્ત થાય છે?

ઉત્તર—एवं तवंतुदुविहं, जेसम्मंआयरेमुणी; सेखिप्पंसव्व संसारा, विप्प-मुच्चइ पंडिए. ३७.

અર્થ:—જે મુનિ બન્ને પ્રકારના એટલે બાહ્ય અને અભ્યંતર તપ રૂડી રીતે આચરે તે ચતુર્ગતિ ભવભ્રમણમાંથી (સંસારમાંથી) શીઘ્રપણે મુક્ત થાય છે.

અહિંયાં જિનોક્ત બાર પ્રકારનો તપ (છ બાહ્ય અને છ અભ્યંતર તપ) ભગવતે મુક્તિના ફળને હેતે કહેલ છે. તો તે ફળદાયક કયારે થાય? કે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન સહિત પ્રાણીવધ, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન પરિગ્રહ અને રાત્રિભોજનથી વિરક્ત હોય; પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ (આઠ પ્રવચન) નો આરાધક હોય, કષાય રહિત, જીતેંદ્રિય, ગર્વ રહિત, નિઃશલ્ય, માયા (કપટ) અને નિયાણા રહિત હોય; તેવો તપ મોક્ષ ગતિના નિર્જરાના ફળને આપે છે.

પ્રશ્ન ૧૮—જ્ઞાની અને અજ્ઞાનીના તપમાં શો તફાવત?

ઉત્તર—" દિગમ્બર મતના " " સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા. " જૈન ગ્રંથ રત્નાકરસ્ય. રત્ન ૩ તીસરા વીર સંવત્ ૨૪૩૦ ઇસ્વીસન ૧૯૦૪ પ્રથમાવૃત્તિ પાને ૪૦ મે કહ્યું છે, કે-(જ્ઞાનીની તપસ્યા કેવા પ્રકારની હોય તે જણાવે છે) ગાથા-

द्वादशविधेन तपसा, निदानरहितस्य निर्जरा भवति, वैराग्यभावनातः, निरहङ्कारस्यज्ञानिनः ॥१०२॥

ભાવાર્થ—જો જ્ઞાની હોય તાકે બારહ પ્રકાર તપ કરી કર્મનીકી નિર્જરા હોય હૈ કૈસે જ્ઞાની કે હોય? જો નિદાન કહીયે ઇંદ્રિય વિષયનિકી ઇચ્છા તાકરી રહિત હોય. બહુરિ અહંકાર અભિમાન કરી રહિત હોય બહુરિ કાહેતેં નિર્જરા હોય? વૈરાગ્યભાવના જો સંસાર દેહ ભોગતેં વિરક્ત પરિણામતાતેં હોય.—

ભાવાર્થ—તપકરિ નિર્જરા હોય સો જ્ઞાન સહિત તપ કરે તાકે હોય.—અજ્ઞાન સહિત વિપર્યય તપ કરે તામેં હિંસાદિક હોય, ઐસે તપતેં ઉલટા કર્મકા બન્ધ હોય હૈ બહુરી તપ કરિ મદ કરે પરકૂં ન્યૂન ગિણે, કોઇ પૂજાદિક ન કરે. તાસૂં ક્રોધ કરે ઐસે તપતેં (કર્મકા) બન્ધહી હોય. ગર્વ રહિત તપતે નિર્જરા હોય. બહુરિ તપ કરી આલોક પરલોક વિષે ખ્યાતિ લાભ પૂજા ઇંદ્રિયનકે વિષયભોગ ચાહે, તાકે (કર્મ) બંધહી હોય. નિદાન રહિત તપતેં નિર્જરા હોય. બહુરિ સંસારદેહ ભોગ વિષે આસક્ત હોય તપ કરે, તાકા આશય શુદ્ધ હોય નાહિં, તાકે નિર્જરા ન હોય. વૈરાગ્ય ભાવનાહી તે, નિર્જરા હોય હૈ. ઐસા જાનના.

પાને ૪૪ મે કહ્યું છે કે નિર્જરા સ્વરૂપ "દોહા—પૂરવ બાંધેલ કર્મ જે, ક્ષરે તપોબળપાય; સો નિર્જરા કહાય હૈ ધારે તે શિવ જાય" ગૌતમાંદિક ઉત્કૃષ્ટી કરણીવાળાનો ઉગ્રતપ ૧, દીપ્તતપ ૨, તપ્તતપ ૩, મહાતપ ૪, અને ઘોરતપ ૫ કહેલ છે. તે તથા નિરાશીતપ, સકામતપ, લબ્ધિતપ અને સંભાવી તપ. એ તમામ તપનો ઉપર કહેલા બાર પ્રકારના તપમાં સમાવેશ થાય છે.

પ્રશ્ન ૧૯—કોઇ એમ કહે કે તપશ્ચર્યાદિ કષ્ટક્રિયા કરવાથી દેહને કષ્ટ પડે છે. તેથી આત્મા પણ દુઃખી થવો જોઇએ તે કેમ?

ઉત્તર—તપશ્ચર્યાદિ કરવાથી દેહને કષ્ટ થાય છે, પણ આત્મા દુઃખી થાય છે એમ કહેવાય નહિ. કેમકે—જે તપશ્ચર્યાદિ કરે છે તે આત્માના કલ્યાણને માટે કરે છે. અને તેમ કરવાથી તે આત્માને આનંદ માને છે. અને જ્ઞાની પુરૂષો એટલે સુધી કહે છે કે—देहदुःखं महाफलं જપ તપાદિ ક્રિયા વડે જે જે દેહને દુઃખ થાય છે તે મહાફળની પ્રાપ્તિને માટે છે.

જેમ કાચા દૂધનો કઠો કાઢવા તથા પયપાક (દૂધપાક) કરવા માટે દૂધ સહિત કડા ચુલા ઉપર ચડાવી હેઠે અગ્નિનું જોર કરવાથી જોકે કડાયાને તંપરા (દાઝવા) પણું તો થાય છે, પરંતુ તેને લીધે દૂધ કઠાઇને અમૃત જેવો સ્વાદ આપે છે. તેમ દેહરૂપ કડાયાને તપરૂપ અગ્નિએ દહન કર્યા

આત્મિક ગુણનો એકરસ થવાથી જ્ઞાની પુરૂષોને એવો આનંદરસ પ્રગટે છે, તે પકવાનના રસના સ્વાદ કરતાં પણ અસંખ્ય અનંતગુણો રસ પ્ર છે. દેહના રક્ષણના કરવાવાળાથી તપશ્ચર્યા થતી નથી અને તપસ્યા કરવાવા દેહની દરકાર કરતા નથી. જુઓ અણુત્તરોવવાઇ પ્રમુખ સૂત્રોને વિષે ધન અણગાર વગેરે મુનિઓનાં ચરિત્ર, કેવી અદ્ભુત તેઓની તપસ્યા, કેવ તેઓના કૃશ દેહ, અને કેવી ઉત્તમ ક્રિયાઓ કરી તેઓ ઉત્તમ ગતિને પામ્યા વગેરે અધિકાર શ્રવણ કરવાથી ખાત્રી થશે કે તપશ્ચર્યા કરવાથી દેહને કષ્ટ છે પણ આત્માને મહાસુખના ફળની પ્રાપ્તિ થાય છે.

પ્રશ્ન ૨૦—અન્ય મતના શાસ્ત્રમાં તપ વિષે કાંઇ કહ્યું છે?

ઉત્તર—જૈન ધર્મ સિવાય અન્ય મતના શાસ્ત્રમાં પણ ઉપવાસનું માહાત્મ્ય મોટું કહ્યું છે. શિવપુરાણના છત્રીશમા અધ્યયનમાં એક ઉપવાસથી માંડીને એક મહિના સુધીના ઉપવાસનાં ફળ વર્ણવ્યા છે, તેમાં કહ્યું છે કે તેઓ જમને ભાળતા નથી અને દેવલોક સ્વર્ગ તથા મોક્ષનાં સુખને પામે છે.

ઉત્તરાધ્યયનના ૨૮ મા અધ્યયનમાં મોક્ષ પ્રાપ્ત થવાનાં ૪ કારણ બતાવ્યાં તેમાંનું તપશ્ચર્યા પણ એક કારણ કહ્યું છે, અને તેજ અધ્યયનમાં કહ્યું છે કે—तवेणं परिसुज्झइ તપથી આત્મા વિશુદ્ધ થાય છે. દશવૈકાલિક સૂત્રમાં તપશ્ચર્યાથી કર્મની નિર્જરા થવાનું કહ્યું છે, અને વેદાન્તમાં પણ કહ્યું છે કે—તપસ્નાને કર્મહંતી તપરૂપ સ્નાનથી કર્મનો નાશ થાય છે. વગેરે કેટલાંક શાસ્ત્રોના ન્યાય જોતાં તપશ્ચર્યા છે તે ઉત્તમ છે અને ઉત્તમ ફળને આપનાર છે. એમ સિદ્ધ થાય છે.

માટે દેહને કષ્ટ થવા છતાં તપશ્ચર્યાદિ કરવું તે આત્માને ફાયદાકારક છે. તપશ્ચર્યાથી-ઇંદ્રિયો વશ થાય છે અને ઇંદ્રિયોના વિકારનું દહન થાય છે. વગેરે ઘણા આત્મિક ગુણોની વૃદ્ધિ થાય છે. એમ જાણી તપશ્ચર્યા કરવી. તપશ્ચર્યા કરવાથી પૂર્વકૃત નીબડ કર્મનો પણ નાશ થાય છે.

પ્રશ્ન ૨૧—સકામ-અકામ તપનું સ્વરૂપ શું?

ઉત્તર—ઉત્તરાધ્યયનના પહેલા અધ્યયનમાં ૧૬ મી ગાથામાં કહ્યું છે
—वरं मे अप्पा दन्तो, संजमेण तवेण य; माऽहं परेहिं दम्मन्तो, बन्धणेहिं वहेहि य ॥१६
[illegible]ામાં એમ જણાવે છે કે—હે આત્મન! હવે તારે પરના હાથે બંધનો
[illegible]ી દમાવું થાય. તેમ થવા કરતાં આત્માને સંયમ તપે કરીને દમે
[illegible]મ છે.
[illegible]ા

એટલે બીજા પ્રકારે દેહને દુઃખ દેવું યા બીજા તરફથી પ્રાપ્ત થયેલું દુઃખ સહન કરવું તેમ કરતાં જપ તપાદિ ઉત્તમ ક્રિયા (સકામક્રિયા) કરવાથી સકામ નિર્જરા થાય છે અને તેજ મુક્તિના ફળને આપે છે. માટે સકામ તપથી સકામ નિર્જરાના ખપી થવું કે જે તપ સફળતાને પામે.

અકામ તપ—અકામ નિર્જરા (અજ્ઞાન કષ્ટથી) જો કે દેવાદિકની ગતિ પામે છે, તોપણ પરિણામે સંસાર ફળની વૃદ્ધિ કરે છે. એમ ઉવવાઇ પ્રમુખ સૂત્રમાં કહ્યું છે.

ઇંદ્રિયોના વિષયાર્થે તથા પુત્ર કલત્રાદિક તથા ધનાદિ ઉપાર્જનાદિ કારણે જે જે પ્રકારે દેહને કષ્ટ સહન કરવામાં આવે છે તે પણ એકાંત સંસારની વૃદ્ધિનોજ હેતુ છે. એમ દરેક શાસ્ત્ર કહે છે, માટે તેમ નહિ કરતાં સમભાવી તપના ખપી થવું.

પ્રશ્ન ૨૨—સમભાવી તપ કેવી રીતે હોઇ શકે ?

ઉત્તર—સાંભળો દિગમ્બરી "સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા પાને ૧૯૨ મે કહ્યું છે કે—

इह परलोक सुखानां, निरपेक्षः यत्करोतिसममावः; विविधंकायक्लेशं, तपो धर्मः निर्मलः तस्य ॥४००

ભાવાર્થ:—જો મુનિ ઇસલોક પરલોકકે સુખકી અપેક્ષાસૂં રહીત હૂવા છતાં, બહુરી સુખ દુઃખ શત્રુ મિત્ર તૃણ કંચન નિંદા પ્રશંસા આદિ વિષે રાગદ્વેષ રહિત સમભાવી હૂવા છતાં અનેક પ્રકાર કાય કલેશ કરે હે તિસ મુનિકે નિર્મળ ધર્મ હોય હૈ.

ભાવાર્થ:—ચારિત્રકે અર્થ જો ઉદ્યમ અર ઉપયોગ કરે સો તપ કહ્યા હૈ તહાં કાય કલેશ સહિતહિ હોય હૈ. તાતે આત્માકી વિભાવ પરિણતિકા સંસ્કાર હોય હૈ તાકૂં મેટનેકા ઉદ્યમ કરે. અપને શુદ્ધ સ્વરૂપ ઉપયોગકૂં ચારિત્ર વિષે થાંભે, તહા બડાજોરસૂં થંભે હૈ. સો જોર કરના સોહિ તપ હૈ. સો બાહ્ય અભ્યંતર ભેદ તે બાર પ્રકાર કહા હૈ. સો સમભાવી તપ કહાતે હૈ. ઇતિ.

માટે મુક્તિના અભિલાષી જીવે જ્ઞાન સહિત સમભાવી જપ તપાદિ ઉત્તમ ક્રિયા કરી દેહ દમન કરવું કે જેથી આત્મિક ગુણની વૃદ્ધિ થાય અને પરમ પદની પ્રાપ્તિ થાય.

એ બધા પ્રકારના તપ જિનોક્ત જ્ઞાન સહિત નિર્જરાના અર્થે હોય તો મોક્ષ ફળને આપે છે. અન્યથા કર્મ બંધનો હેતુ થાય છે.

પ્રશ્ન ૨૩—એવા ક્યા પ્રકારના તપ હોય કે જેથી આત્મ[...] હાનિ થાય ?

ઉત્તર—જે તપ આત્માને નિર્મળ કરે છે, જે તપથી કર્મની નિ[...] થાય છે, જે તપ મોક્ષના ફળને આપે છે, એવો જિનોક્ત તપ પ્રાપ્ત [...] છતે તે વાતને ભૂલી જઇને ચિંતામણી રત્ન વડે કાગડાને ઉડાડવા જે[...] કરે છે, તેવા જીવોની દયા આવે છે કે તે બિચારા કષ્ટ તો ઘણું સહે છે પરંતુ ફળ તો કર્મ બંધનનુંજ પ્રાપ્ત થાય છે, અર્થાત્ સંસાર ફળને વધારે છે. માટે તપના કરવાવાળાએ નીચેની વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે—તપ રૂપી ધનને લુંટારા ઘણા છે. તે અન્ય સ્થળે નહિ પણ પોતાનીજ પાસે (પોતાનાજ હૃદયમા) વાસ કરીને રહેલા છે તેજ તમારા તપ રૂપી ઋદ્ધિને લુંટીને તમારા કરેલા તપના શુભ ફળનો વિનાશ કરશે, એટલુંજ નહિ પણ સંસાર ચક્રવાળમાં અનંતા જન્મ મરણના દુઃખમા ઢોળી પાડશે. આ ઉજળું ખડગ બીજાના નહિ પણ પોતાનાજ આત્માનો વિનાશ કરશે, માટે હે તપોધન! તમારા તપ રૂપી ધનને બચાવવા માટે નીચેના ચોરનો તમારા હૃદયમા વાસ થવા દેશો નહિ. સાંભળો, અજ્ઞાનતપ ૧ આશીતપ ૨ અકામતપ ૩ નિદાનતપ ૪ સ્વાર્થીતપ ૫ કીર્તિતપ ૬ સરાગીતપ ૭ વેતાળીતપ ૮ સશાપીતપ ૯ કલેશીતપ ૧૦ માયિતપ ૧૧ અને આસુરીભાવનાતપ ૧૨ આદિ તપો આત્માના ગુણની હાનિ કરનારા છે, માટે આવા પ્રકારના તપ કરી આત્માની ઋદ્ધિનો તથા સદ્ગતિનો નાશ કરશો નહિ :-

વાંચનારે ખ્યાલ કરવો કે આત્માને અહિતકર્તા તપનો સ્વીકાર નહિ કરતાં જે તપથી આત્માનું કલ્યાણ થાય છે અર્થાત આ ભવ અને પરભવમાં આરાધકપદ મળે તેવા તપના ઇચ્છક થવું.

પ્રશ્ન ૨૪—વેતાળી તપનું સ્વરૂપ શું ?

ઉત્તર—વેતાળી તપ તે, જેમ કોઇ મંત્ર વિદ્યાના પ્રયોગે કોઇ ઉપર મૂઠ પ્રમુખ નાખે તથા આગિયાદિક વિદ્યાથી પલીતો મુકી ગ્રામ પ્રમુખ બાળે તેમ જે કોઇ તપના પ્રયોગે પોતાના વેરી (દુશ્મન) ઉપર દ્વેષ ભાવ રાખી તેનું બુરૂં ચિંતવે, તેના ગ્રામ ગરાશ, જાન માલ કુળ કુટુંબ, પુત્રકલત્ર ધનાદિ વસ્તુનો ક્ષય ચિંતવે તેની હાનિ ચિંતવે. પરંતુ કાગતાડના ન્યાયે, કોઇના ભવિષ્યે કોઇને કોઇ પ્રકારની હાનિ થાય તો પોતાનું પરાક્રમ માને પોતાના તપનો પ્રભાવ માને જે મારા તપના પ્રભાવે એ બન્યું. એવા [...]ધ્યવસાયવાળાને મનુષ્ય હત્યા, સ્ત્રીહત્યા, બાળહત્યા, ગર્ભહત્યા, વગેરેનો [...] માથે ચટે છે. માટે તેનો વેતાળી તપ જાણવો.

ગોશાળે ભગવંત મહાવીર ઉપર તેજુલેશ્યા મુકી ભગવંતને કહ્યું કે હે કાશવા ! આ વખતે તું મુઓ નહિ, પણ મારી તેજુલેશ્યાના પ્રભાવે આજથી છ મહીને રીબાઇ રીબાઇને છદ્મસ્થપણે મરીશ. જેમ ગોશાળે ભગવંતના બે સાધુને બાળ્યા, અને ભગવંત ઉપર તેજુલેશ્યા મુકી વગેરે બધું પોતાની તેજુલેશ્યાનું પરાક્રમ માન્યું છે તેમ વૈતાળી તપવાળો પણ પોતાનું પરાક્રમ માને છે.

પ્રશ્ન ૨૫—આસુરી ભાવના તપ તે શું ?

ઉત્તર—આસુરી ભાવના તપ–આ તપ માટે દિગમ્બર મતનો ભગ વતી આરાધના ગ્રંથ તેના પાને ૭૭ મે કહ્યું છે કે—अणुबंधरोसविग्गह, संसततवो णिमित्त पडिसेवी; णिक्किवणिराणु तावी, आसुरीअंभावणं कुणदि।८८

અર્થઃ—બંધ્યા હૈ અન્યભવ પર્યંત ગમન કરનેવાલા રોષ જાકે ઐસા બહુરિ કલહ કરી સહિત હૈ તપ જાકે ઐસા, બહુરી નિમિત્તજ્ઞાન કરી ભોજન વસતિકાદિ જીવિકા કરનેવાલા ઐસા, બહુરી દયા રહિત નિર્દયી ઐસા, બહુરિ અતિ આતાપકા કરનેવાલા ઐસા, જો પુરૂષ સો આસુરી ભાવના (તપ) કરે હૈ.

ભાવાર્થઃ—જાકે વૈર દઢ હોય, અર કલહ સહિત તપ હોય, અર જ્યોતિષાદિક નિમિત્ત વિદ્યા કરી જીવિકા કરનેવાલા હોય, નિર્દયી હોય, પરજીવાકે પીડા કરનેવાલા હોય તાકે આસુરી ભાવના (તપ) હોય હૈ ઇતિ.

જે કોઇ તપસ્વી એવું નામ ધરાવી પોતાના તપના બળથી દરેક ઠેકાણે દરેક ગામમાં, દરેક નાત જાતમાં, દરેક કુટુંબમાં, દરેક ગચ્છમાં, દરેક સમાજમાં, દરેક ઘરમાં કલેશ જગાવે, કુસંપ કરે, તડાં પાડે, ફાંટા પાડે, અંદરોઅંદર વૈર વધારે, પોતે વૈરભાવમાં વર્તે, બીજા માણસોપર દઢ વૈર રાખે, અહર્નિશ મલીન પરિણામે વર્તે જે કયારે સામાનું બુરૂં કરી નાખું. પોતે કલેશ કરે બીજા માણસોને કલેશમાં જોડે, રાત દિવસ કલેશમાંજ આત્મા ધખધખતો રહે, પોતાની મુરાદ પાર ન પડે ત્યારે પોતાનું ધાર્યું કરવા માટે બીજા માણસોને આડું અવળું સમજાવવા કષાય અગ્નિએ પ્રજ્વલિત થયેલો આત્મા શરીરે કંપાયમાન થકો સાચી ખોટી વાતો કરી બાળજીવોને ભ્રમિત બનાવી અન્યજનો સાથે ગાઢો વૈર બાંધે, બંધાવે એવો કલેશ સહિત તપ કરે.

આશાતુષ્ણ જીવો પુત્રની, ધનની, યા શરીર આરોગ્ય વગેરેની આશાએ તેને મોટો તપસ્વી માની ઇચ્છા ફળીભૂત થવા ઉપાસના (સેવા

ભક્તિ) કરે. તેના સહચારી લોકો પણ એમ કહે કે
મહારાજશ્રીની આસ્તા રાખશો તો તમારું ધાર્યું કાર્ય
પણ બેસે કે તમારે ચિંતા કરવી નહિ. આસ્થા રાખ
એમ કહી જ્યોતિષ નિમિત્તાદિક વિદ્યા પ્રકારો અથવ
મંત્રી કરે, પોતાની માનતા મનાવે વગેરે ભ્રમણાઓમાં
પોતાને આધીન કરવા તથા પોતાનો રાગ વધારવા
વચનો કહે, દૈવયોગે સામાના પુણ્ય યોગથી ધારેલું ક
પેઠે પોતાનું પરાક્રમ ઠસાવે. એવા આશાતુબ્ધ ભક્તા
તિમાં જોડી પોતાના પક્ષની જમાવટ કરે. મજબૂ
માનેલા વિરોધીઓના શત્રુ બનાવી કલેશમાં ઉતારી
જગાવી ઘણા અંધ શ્રદ્ધાળુ ભક્તોને મોટી પીડામાં
વિકા ચલાવી ભવ પૂરો કરે. એવા નિર્દય પરિણામી
સમજનારા) જીવનો તપ તે આસુરી ભાવના તપ સ

પ્રશ્ન ૨૬—આશીતપ કોને કહેવામાં આવે છે

ઉત્તર—આશીતપના ત્રણ પ્રકાર છે. એટલે
તે કોઇ આલોકને અર્થે, કોઇ પરલોકને અર્થે, કોઇ
અર્થે, કોઇ ધનની ઇચ્છાએ તો કોઇ ખાવાની ઇચ્છાએ
ઇચ્છાએ તો કોઇ શારીરિક માનસિક દુઃખ ટાળવાની
તપસ્યા કરતાં એમ ચિંતવે જે મારા તપ જપનું ફળ
રાજા થાઉં, શેઠ સાહુકાર થાઉં, યા લબ્ધિ પ્રમુખ ઋદ્ધિ
અર્થો તપ કહ્યો છે.

બીજો પરલોક અર્થીતપ-તે ઇંદ્રાદિક મહર્દ્ધિક
વાંચ્છા કરે તે.

ત્રીજો કીર્તિતપ-તે પોતાની કીર્તિ, માન,
જશ, શોભા મહિમા વધારવાને માટે તથા પોતાની
જગતને પોતાના વચનમાં પ્રવર્તાવવાને માટે તેમજ કેશ

કીર્તિને માટે દુનિયામાં પૂજાવા માટે યા જાહેરાતમાં આવવાને માટે યા દબદબાદિ કરવા માટે માયિ (કપટ) વાળથી તપસ્યા કરનારનું તો કહેવુંજ શું ? અર્થાત્ આત્મકલ્યાણની તો આશાજ શી ? મનમાં કપટ રાખી તપસ્યાના કરનારને ભગવંતે અનંતાં જન્મ મરણ કહ્યાં છે.

પ્રશ્ન ૩૧—માયા (કપટ) સહિત તપસ્યાના કરનારને સૂત્રમાં શું ફળ કહ્યું છે તે સૂત્રપાઠથી જણાવશો ?

ઉત્તર—સાંભળો, સૂયગડાંગ સૂત્રના અધ્યયન ૨ જે, ઉદ્દેશે ૧ લે ગાથા ૯ મીમાં કહ્યું છે કે—

जइवियणिगणे किसेचरे, जइवियभुंजिय मासमंतसो;
जेइहमायाविमिज्जाई, आगंतागम्भायणंतसो. ॥९॥

અર્થ:—જે કોઈ અદ્યપિ દ્રવ્ય ભાવે નગ્ન (દ્રવ્યથી વસ્ત્ર રહિત ભાવથી નિષ્પરિગ્રહી) કૃશ દુર્બળ કીધું છે શરીર જેણે એવો પ્રવર્જ્યા આદરીને, દીક્ષા અંગીકાર કરીને વિચરે છે. વળી મારા માસખમણનાં પારણાં કરે એટલે માસને અંતે જમે, તથાપિ જે આ સંસારને વિષે માયા (કપટ) સહિત સંયોગ કરે, ઉપલક્ષણથી કષાયાદિક કરી યુક્ત હોય તે આગામી કાળે અનંત ગર્ભાદિક દુઃખ પામે એટલે અનંતો સંસાર પરિભ્રમણ કરે.

આજ ગાથાના આધારે, શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાયજીએ કહ્યું છે કે—

નગ્ન માસ ઉપવાસીયા સુણો સંતાજી,
શીત, લીએ કૃશઅંગ, ગુણવંતાજી,
ગર્ભ અનંતા પામશે, સુણો સંતાજી,
જો છે માયા રંગ, ગુણવંતાજી. ૧.

અહિંયાં તો નામ માત્ર [illegible] કરનારાને માયા (કપટ) કરવાથી અનંતા ગર્ભાવાસ (અનંતા જન્મ મરણ) ના દુઃખ ભોગવવાનું તીર્થંકર મહારાજે ફરમાવ્યું છે.

મલ્લિનાથ ભગવાનના જીવે પૂર્વ ભવે માયાચારથી માત્ર એક [illegible] આમ કરવાથી સ્ત્રીવેદનું કર્મ ઉપાર્જી તીર્થંકરપણે [illegible] ઉત્પન્ન થયા, તો પછી બીજાની વાત શાની [illegible] માયા [illegible] શી દશા થવાની ?

પ્રશ્ન ૩૨—[illegible] માયા સહિત તપસ્યા કરનારને શું ફળ ?

ઉત્તર—કીર્તિ અર્થે અને માયા સહિત તપ કરવાની ભગવતની ચોકખી મનાઇ છે તે સૂત્રથી જાણવામાં આવી ગયું છે. તેમજ

"દિગમ્બર મતનો ગ્રંથ" જૈન ગ્રંથ રત્નાકર રત્ન તીસરા સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા (અથધર્માનુપ્રેક્ષા) પાને ૧૮૦મે કહ્યું છે કે

यः पुनः कीर्तिनिमित्तं; माययामिष्टभिक्षालाभार्थं अल्पं भुक्ते भोऽयं तस्य, तपः निष्फलं द्वितीयं.

ભાષાર્થ—જો મુનિ કીર્તિકે નિમિત્તે તથા માયા કપટ કરી તથા મિષ્ટ ભોજન કે લાભ કે અર્થે અલ્પ ભોજન કરે હૈ તપકા નામ કહે હૈ તાકે તો દુસરા અવમોદર્ય તપ નિષ્ફલ હૈ

ભાવાર્થ—જોઐસા વિચારે અલ્પ ભોજન કીયેસૂ મેરી કીર્તિ હોયગી તથા કપટ કરી લોકકૂ ભુલાવા દે કાહુ પ્રયોજન સાધનેકે નિમિત્ત તથા યહ વિચારે જો થોડા ભોજન કિયે ભોજન મિષ્ટરસ સહિત મિલેગા ઐસે અભિપ્રાય તે ઉનોદર તપ કરે તો તાકે નિષ્ફલ હૈ. યહ તપ નાહી પાખંડ હૈ ઇ ત.

પ્રશ્ન ૩૩—કળિકાળના તપસ્વીનું સ્વરૂપ કેવું હોય ?

ઉત્તર—મોક્ષમાર્ગ પ્રકાશ-દિગમ્બરી પંડિત ટોડરમલજી કૃત ઔર ગુણભદ્રાચાર્ય કૃત આત્માનુશાસન વિષે પાને ૨૮૧ મે ઐસા કહા હૈ. कलौकाए तपस्विनः—એ કળીકાળને વિષે તપસ્વી ઇધર ઉપર ભયવાન હોકર ફીરતે હૈ તિસે તેનો તપ કહરૂપ હૈ,

પ્રશ્ન ૩૪—તપસ્વીના તપના લુંટારા કોણ છે ?

ઉત્તર—તપના લુંટારા માટે ઉપર કહેલા ગ્રંથમાં કહ્યું છે કેઃ—
वरंगार्हस्थमेवाद्य, तपसोभाविजन्मनः; स्वस्त्रीकटाक्षलुण्टाक, लोप्यवैराग्यसम्पदः ॥
એમાં એમ જણાવે છે કે-એ તપ કરતાં ગૃહસ્થપણું ભલું છે; કારણ કે તપના પ્રભાવથી સ્ત્રીયોનાં ટોળાં મળે, અને તેના કટાક્ષરૂપ લુંટારાથી વૈરાગ્ય રૂપ સંપદા લુંટાઇ જાય છે. એનો પરમાર્થ એ છે કે-તપ કોઇ ન જાણે તેમ કરવો ઉત્તમ છે. એમ જૈન ધર્મનો સિદ્ધાંત છે.

પ્રશ્ન ૩૫—ખરો તપ કયો કહેવાય છે ?

ઉત્તર—ઉપર કહેલા ગ્રંથના પાને ૩૫૧ માં કહ્યું છે કે-इच्छानिरोधस्तपः એટલે ઇચ્છાનો નિરોધ કરવો અર્થાત્ ત્યાગ કરવો તેજ તપ કહેવાય છે.

પ્રશ્ન ૩૬—શાસ્ત્રમાં તપ કેવો કરવો કહ્યો છે ?

(ऋतंतपः) યથાર્થ શુદ્ધ ભાવ, સત્ય માનવું, સત્ય બોલવું, સત્ય કરવું, મનને અધર્મમાં ન જવા દેવું, બાહ્યેંદ્રિયોને અન્યાયાચરણોમાં જતાથી રોકવી, અર્થાત્ શરીર ઇંદ્રિય અને મનથી શુભ કર્મોનાં આચરણ કરવાં, સત્ય શાસ્ત્રો ભણવાં ભણાવવાં, સૂત્રાનુસાર આચરણ કરવાં, આદિ ઉત્તમ ધર્મયુક્ત કર્મોનું નામ તપ છે. ધાતુને તપાવીને ચામડી બાળવી એ તપ નથી કહેવાતું. ઇતિ.

"ચાણાક્ય નીતિદર્પણ:" મા અધ્યાય ૩ જે શ્લોક ૯ મો તેમાં કહ્યું છે કે–क्षमारूपं तपस्विनाम् તપસ્વિ લોકો ક્ષમા ધારણ કરવાથીજ દીપે છે. અધ્યાય ૮ મે શ્લોક ૧૩ મો તેમાં કહ્યું છે કે–शांतितुल्यं तपोनास्ति આત્માને શાન્તિ સમાન તપ નથી. ઇતિ.

આત્મારામજી કૃત "જૈનતત્ત્વાદર્શ ચોથા પરિચ્છેદમાં પાને ૧૯૭ મે વ્યાસ મહાઋષિ કહે છે કે तपः पापविशुद्धयर्थं, ज्ञानंध्यानं च मुक्तिदं; તપ જે છે તે પાપની વિશુદ્ધિને અર્થે છે, એટલે પાપ ટાળવાને અર્થે છે. અને જ્ઞાન અને ધ્યાન તે મુક્તિ પદને આપે છે. (ઇતિ.)

ભારતાર્થ પ્રકાશ—શાન્તિ પર્વ ૧૨ મું સંવત ૧૯૪૪ માં છપા ુ છે તેના પાને ૧ લે કહ્યું છે કે મોક્ષને અર્થે તપરૂપ ધર્મ આચરનારને સ્વર્ગાદિક પણ મળે છે. અને સ્વર્ગાદિક ફળને માટે ધર્મ કરનારને અંત:કરણ શુદ્ધિદ્વારા જ્ઞાન પણ ઉપજે છે અને મોક્ષ પણ મળે છે. એ પ્રમાણે ધર્મની કોઇ ક્રિયા નિષ્ફળ જતી નથી. (ઇતિ.)

ભાગવત—એકાદશમ સ્કંધે અધ્યયન ૧૯ મો શ્લોક ૩૭ મે કહ્યું છે કે कामत्यागस्तपः સ્મૃતમ્ ચાંદ્રાયણાદિક કરવાં એ તપ નહીં પણ ભોગની ઉપેક્ષા કરવી એ તપ સમજવું. (ઇતિ)

એ પ્રમાણે સ્વમત અને અન્યમતના શાસ્ત્રમાં કહ્યું છે કે, જ્ઞાન સહિત તપ ફલદાયક છે.

પ્રશ્ન ૪૪—જિનોક્ત તપનું ફળ સૂત્રમાં કેવી રીતે કહ્યું છે?

ઉત્તર—ભગવતીજી શતક ૧૬ મે ઉદ્દેશે ૪ થે ભગવંતે કહ્યું છે કે જ્ઞાની પુરૂષો (શ્રમણ નિર્ગ્રંથ) ભગવંતની આજ્ઞાનુસાર માત્ર અન્નક્રિયામતા અન્ન વિના ક્રિયામના પામેલ અણગાર અન્ન મળવે આતુરતા રહિત આત્મવિચારમાં અમુક વખત થોડો સો વિલંબ કરી જમે અથવા એક વખત ઉણોદરી યા લઘુવૃત્તિ તપ કરે તો, સો વર્ષ સુધીના નારકીના જીવો નરકનાં દુ:ખ ભોગવી જેટલાં કર્મની નિર્જરા કરે છે, તેથી અધિક કર્મની નિર્જરા સંતોષથી આહાર કરનાર કરે છે. તેમજ એક ઉપવાસ કરવાદ્વારા

વર્ષથી અધિક નારકીનાં દુઃખથી નિર્જરા થાય છે. છઠ્ઠ (બે ઉપવાસ) કરવાવાળા લાખ વરસથી અધિક અને અઠમ (ત્રણ ઉપવાસ) કરવાવાળા ક્રોડ વરસ અને ચોલો કરવાવાળા ક્રોડાક્રોડી વર્ષનાં નારકીનાં દુઃખથી અધિક નિર્જરા કરે છે.

તો પછી અધમાસખમણ—માસખમણ આદિ તપસ્યાના કરવાવાળાને નિર્જરાનું તો કહેવુંજ શું ? અર્થાત્ અંતગડ સૂત્રમાં તપોબળથી કેવલજ્ઞાન પ્રાપ્તિ કરી મોક્ષ ગતિના ફળને મેળવેલા ઘણા મુનિઓનો અધિકાર છે તેમજ અણુત્તરોવવાઇ સૂત્રમાં ધના અણગાર પ્રમુખ ઘણા મુનિઓ અઘોર તપ કરી અણુતર વિમાનને પ્રાપ્ત થયેલાના અધિકારો ચાલેલા છે.

એ તમામ અધિકારનો મૂળ પાયો વિચારતાં પઢમંનાણં પછેદયા જ છે. દરેક સૂત્રમાં પ્રથમ જ્ઞાન મેળવી પછી તપસ્યા કરવાનો અધિકાર ચાલ્યો છે, માટે જ્ઞાન સહિત તપસ્યા ઉપર પ્રમાણે ફળને આપે છે એ વાત નિઃસંશય છે.

પ્રશ્ન ૪૫—અન્યમતના શાસ્ત્રમાં ઉપવાસ કેવા પ્રકારે કરવા કહેલ છે ?

ઉત્તર—શિવ પુરાણ અધ્યાય ૭૩ મે શિવરાત્રિનું મહાત્મ્ય વિશેષ કહેલ છે, તે શિવરાત્રિનો ઉપવાસ નિરાહાર નિર્જળો ને કામક્રોધ રહિત કરવો કહ્યો, અને વિષ્ણુ પુરાણમાં એકાદશીનું માહાત્મ્ય વિશેષ કહ્યું છે તેમાં એકાદશીનો ઉપવાસ એ પ્રકારે કરવો કહ્યો છે કે—अन्नपानं निद्रा कल शिज्जा न मैथुनं; व्यापारं विमर्दकं, असत्य दातण न धावनं. ॥१॥ एकादशी अहोरात्रि, अंबुत्यागी जेनराः लिप्यंति दशजन्मान्तरे, सुण हो राजा युधिष्ठिर ॥२॥

અર્થ:—એકાદશી વ્રત કેવું હોવું જોઇએ કે–તે દિવસે એવા પ્રકારનો ઉપવાસ કરવો કે–કોઇ જાતનું અન્ન કે કોઇ જાતનું પાન અને ફળની જાત ખાવી નહિ. તે દિવસે નિદ્રા કરવી નહિ, પલંગે સૂવું નહિ, મૈથુન સેવવું નહિ, વ્યાપાર કરવો નહિ, વિમર્દ કલેશ કજીઓ, કંકાસ કરવો નહિ, દાતણ કરાવવી નહિ, ને દિવસે અસત્ય બોલવું નહિ, દાતણ કરવું નહિ, મર્દન અભિષેકાદિ કરવું નહિ. આ પ્રકારે એકાદશી વ્રત દિવસ અને રાત્રિના ત્યાગ સહિત પાળનારાના તે મનુષ્ય દશ જન્માંતરમાં મોક્ષ ફળને પામે છે, અર્થાત્ દશ ભવમાં મુક્તિને પામે છે. એમ શ્રીકૃષ્ણ મહારાજે ધર્મરાજા પ્રત્યે કહ્યું છે.

વડતા મધ્ય પ્રકરણનું વચનામૃત ૮ તેના પાને ૪૨૮ મે એકાદશી વ્રત વિષે લખ્યું છે કે—

વળી ધર્મશાસ્ત્રમાં પણ એમ કહ્યું છે જે એકાદશીનું વ્રત કરવું તે
દિવસ કામ ક્રોધ લોભાદિક સંબંધી ભુંડા ઘાટ મનમાં થવા દેવા નહિ અને
દેહે કરીને કાંઈ ભુંડું આચરણ કરવું નહિ એમ શાસ્ત્રમાં વચન છે. અને
તેજ શાસ્ત્ર પ્રમાણેજ અમે પણ કરીએ છીએ જે એકાદશીને દિવસે કોર
લાંઘણ કરવી નહિ, અને એકાદશ ઇંદ્રિયોના આહારનો ત્યાગ કરે ત્યારે તે
એકાદશી સાચી ને તે વિના તો કોરલાપણું કહેવાય. અને જેમ પ્રાણને
અન્નનો આહાર છે તેમજ શ્રોત્રને શબ્દનો આહાર છે, અને ત્વચાને સ્પર્શનો
આહાર છે, ને નેત્રને રૂપનો આહાર છે, ને જીહ્વાને રસનો આહાર છે, ને
નાસિકાને ગંધનો આહાર છે, ને મનને સંકલ્પ વિકલ્પનો આહાર છે. એવી
એવી રીતે અગીઆરે ઇંદ્રિયોના જુદા જુદા આહાર છે તે સર્વે આહારનો
ત્યાગ કરે તેનું નામ એકાદશી વ્રત કહેવાય, પણ અગીઆરે ઇંદ્રિયો કુમાર્ગે
દોરે અને પોતપોતાના અન્નને ખાય તે એકાદશીનું વ્રત શાસ્ત્ર પ્રમાણે ન
કહેવાય માટે એકાદશીનું વ્રત કરવું ત્યારે તો અગીઆરે ઇંદ્રિયોને આહાર
કરવા દેવી નહિ એવું વ્રત પંદર દિવસમાં એકવાર આવે તે ખબરદાર
થઈને કરવું તો તેના ઉપર ભગવાન પ્રસન્ન થાય છે, તે વિના જે કોરલાપણું
તેણે કરીને ભગવાન પ્રસન્ન થતા નથી, અને શ્વેતદ્વીપમાં જે નિરન્નમુક્ત
કહેવાય છે તે તો સદાય એ વ્રત રાખે છે, કયારે પણ એ વ્રતનો ભંગ
થવા દેતા નથી, માટે નિરન્ન કહેવાય છે, અને આપણે પણ ઇચ્છા તો એમ
રાખવી જે જેવા શ્વેતદ્વીપમાં નિરન્નમુક્ત છે તેવુંજ થવું છે, પણ એ વાતમાં
હિંમત હારવી નહીં એવી રીતે જે હિંમત રાખીને જેવું મોરયે કહ્યું તેવું
એકાદશીનું વ્રત કરે અને ભગવાનની કથા કીર્તનાદિકને કરે ને સાંભળે ને
રાત્રિએ જાગરણ કરે તો તે વ્રત સાચું છે અને શાસ્ત્રમાં એનુંજ નામ
એકાદશી કહી છે. એટલી વાત કરીને શ્રીજી મહારાજ (સેવાનંદ સ્વામી)
મૌન રહ્યા ને સતે કીર્તન ગાવા માંડયાં. (ગ્રંથમાંથી કોપી કુ કોપી કરી છે)

એ પ્રમાણે દરેક ધર્મમાં દરેક શાસ્ત્રમાં ઉપવાસાદિક તપશ્ચર્યા કરવાનું
વિશેષ માહાત્મ્ય કહેલ છે

પ્રશ્ન ૪૬—તપશ્ચર્યાદિ શુભો પ્રાય થયે શુભોપર ગર્વધર કરે તેને
ફળ ?

ઉત્તર—અધ્યાત્મ કલ્પદ્રુમની બીજી આવૃત્તિ સંવત્ ૧૯૬૭ માં
છપાયેલ છે તેના પાને ૩૧૨ મે કહ્યું છે કે—

तपः क्रियावश्यक दान पूजनैः शिवंनगन्तागुणमत्सरीजनः अपथ्य भोजी-
मयो भवे, रसायनैरप्यतुलैर्यदातुरः १.

અર્થ—ગુણ ઉપર મત્સર કરનાર પ્રાણી તપશ્ચર્યા, આવશ્યક ક્રિયા દાન અને પૂજાથી મોક્ષ જતો નથી. જેમકે માંદો માણસ જો અપથ્ય ભોજન કરતો હોય તો પછી તે ગમે તેટલું રસાયણ ખાય તો પણ તે સાજો ન થાય.

ભાવાર્થ—જેવી રીતે પોતાનાં સુકૃત્યોની સ્તુતિ સાંભળવાની ઈચ્છા રાખવી એ ધર્મશુદ્ધિમાં મળરૂપ છે, તેવીજ રીતે પારકાના સારા ગુણો તરફ ઈર્ષા, અદેખાઈ કરવી એ પણ મળરૂપ છે. પારકો મત્સર કરનાર માણસ ગમે તેટલાં ધર્મકૃત્યો કરે, છઠ્ઠ અઠ્ઠમ કરે, યોગ ઉપધાન વહે પ્રતિક્રમણ પચ્ચખાણ વગેરે આવશ્યક કરે કે, પાંચ પ્રકારનાં દાન આપે, યા તો મહા આડમ્બરથી અષ્ટ, સતર, એકવીસ કે એકસો આઠ પ્રકારી પૂજાઓ રચાવે પણ તે મોક્ષે જશે નહીં. જેમ કોઈ માંદો માણસ કરી કરે નહિ (પરહેજી પાળે નહિ) અને ખાંડ, ખટાશ, વર્જ્ય હોય છતાં છાની રીતે ખાય, પછી તેને પંચામૃત પરપટી, વસંતમાલતી કે ગજવેલ ખવરાવે તો પણ લાભ થશે નહિ, તેવીજ રીતે તપ, ક્રિયા, દાન વગેરે રસાયણ છે, જો ગુણ તરફ મત્સરરૂપ અપથ્ય ભોજન લેવામાં આવે તો પછી શિવગમન રૂપ નિરોગીપણું આ જીવરૂપ વ્યાધિગ્રસ્ત પ્રાણીને પ્રાપ્ત થતું નથી. એ પ્રમાણે દૃષ્ટાંત દૃષ્ટાંતિક યોજના સમજવી

વળી તપસ્યાના પરિણામે દેવલોકનાં સુખ મળે એ શા કામનું ? આવશ્યક ક્રિયા કરીને પાછું તેજ કૃત્ય તે ભાવે ફરી ફરી કરવાના વમળમાં ફરવું પડે તે શા કામનું ? દાન આપ્યા પછી પાછું દાન લેવાનો વારો આવે તે શા કામનું ? અલબત, यादृशी क्रियातादृशा फलवती—એ સૂત્ર ખરેખરૂં છે પણ ઉપર જણાવ્યું છે તેમ મોક્ષે જનાર અને મોક્ષે જવાની ઈચ્છા રાખનારની નજરમાં એ લાભ બહુન અલ્પ છે, તેથી નિષ્ફળ છે એમ કહીએ તો પણ ખોટું ગણાય નહિ. હે ચેતન ! તું પર ગુણ અસહિષ્ણુતા તજી દે અને તેમ કરી તારા કર્મરૂપ રોગોને દૂર કર. (ઈતિ)

પ્રશ્ન ૪૩—તપશ્ચર્યાના કરનારે ઉપરની હકીકત ધ્યાનમાં નહિ રાખતાં કીર્તિ માટે તથા પોતાની પ્રશંસા પારકી નિંદા અને મત્સર આદિ વર્જી તપસ્યા કરનારને શું ફળ ?

ઉત્તર—स्वश्लाघा परनिंदा च, मत्सरोऽपरतापुणैः; अविवेकवशाविष, कान्तारं पातु मन्यवः ॥१॥

(ચોપાઇ.)

નિજ પરશંસ હીણા પરતણી, આણે મત્સર દ્વેષી ઘણી;
મુખથી બોલે આળપંપાળ, અધોગતિ જાએ તતકાળ. ૧.

લોકમાં કીર્તિ પ્રાપ્ત થઈ અને વાહ વાહના પોકાર પડાવ્યા તેથી શું વળ્યું? શું તેથી આત્મકલ્યાણ થઇ ગયું? આત્મકલ્યાણ તો પોતાની શ્લાઘા પરની નિંદા અને મત્સરભાવ દૂર કરી, કોઇ પ્રકારના દાવ વિના, નિષ્કપટપણે, સરલતાથી અને કોઇ પ્રકારની ખટપટમાં પડયા વિના, નિરાશી ભાવથી સૂત્રની શ્રદ્ધા સહિત જે તપસ્યા કરવામાં આવે તો જ તે તપ ફળીભૂત થાય છે.

પ્રશ્ન ૪૮—નિરાશી તપ શી રીતે કહેવાય છે?

ઉત્તર—જે તપ કરવામાં આવે તે તપસ્વીઓએ નિરાશીપણે (કોઇ પ્રકારની ઇચ્છા વિના), તપ કરવો તપનું ફળ માગવું નહિ, તપ કરી અભિમાન કરવું નહિ, સૂત્રમાં કહ્યા મુજબ નિદાન રહિત તપ કરવો તે નિરાશી તપ કહેવાય છે. નિરાશી તપ જ્ઞાનબળ વિના થાતો નથી, માટે ભગવંતે તમામ મુનિઓને પ્રથમ જ્ઞાન મેળવવાની ફરજ પાડી છે, અને જ્ઞાનથીજ સમાધિ પ્રાપ્ત થાય છે, માટે તપશ્ચર્યાના અભિલાષીઓને પ્રથમ જ્ઞાનની આવશ્યકતા છે.

પ્રશ્ન ૪૯—જ્ઞાન અને તપમાં પહેલી આવશ્યકતા કોની કોની છે?

ઉત્તર—ભગવંત મહાવીર દેવના હસ્તદીક્ષિત જે જે સૂત્રદ્વારા શાસ્ત્ર છે, તે તમામ મુનિઓને પહેલું જ્ઞાન મેળવ્યા પછી તપસ્યા કરવાનો અધિકાર ચાલ્યો છે, માટે પહેલું સૂત્રજ્ઞાન કરવું. અર્થાત્ સૂત્ર આખ્યાન ધર્મનું પહેલું પ્રતિપાદન કરવું. સૂત્ર આખ્યાત ધર્મથી જ્ઞાન વિનાનો તપ નિસ્તેજ સાગમી કર્યો એ પણ અર્થે નહિ. (ગોળે નહિ, ઘરે નહિ) એમ ઉત્તરાધ્યયનમાં કહ્યું છે.

પ્રશ્ન ૫૦—જ્ઞાનીઓને વિશેષ કયા તપની જરૂર છે?

ઉત્તર—સૂત્રમાં બે પ્રકારનાં તપ કહ્યાં છે. બાહ્ય અને અભ્યંતર. તેમાં જ્ઞાની પુરૂષો બાહ્ય તપને તો યથાશક્તિ અંગીકાર કરે છે, પણ અભ્યંતર તપનું સેવન તો નિરંતર કર્યા કરે.

બાહ્ય તપ અમુક કર્મોને ખપે કયે કરેલી પ્રતિજ્ઞાને અનુ પહોંચાડે ત્યારે ફળ આપે છે, અને અભ્યંતર તપ કોઇ કહે અલ્પ સમયે ઘણા ને આપે છે. તેમ જ્ઞાન ધ્યાન કરે આપી ઇચ્છીત [illegible]

ખપાવે તેથી અધિક, જ્ઞાની પુરૂષો એક શ્વાસોશ્વાસમાં કર્મ ખપાવે છે. માટે જ્ઞાની પુરૂષો કહી ગયા છે કે—

ज्ञानमेवबुधाः प्राहुः, कर्मणां तापनात्तपः,
तदभ्यंतरमेवेष्टं, बाह्यंतदुपबृंहकम्. १.

અર્થ—કર્મોનું જ્વલન કરવાથી જ્ઞાન એજ તપ છે. એમ તત્વજ્ઞો કહે છે, તેમાં અભ્યંતર તપજ ઇષ્ટ છે, બાહ્ય તપ તેને વધારનાર છે, માટે જ્ઞાન નિરપેક્ષ-અજ્ઞાન કાય કષ્ટરૂપ તપનો ત્યાગ કરવો કેમકે—

અનુભવને જાણ્યા વિના, સહે કષ્ટ કરી ત્યાગ;
સરપ તજે ભલે કાંચળી, તોડી નાગનો નાગ. ૧.

બહુ ક્રોડયો વરસે ખપે, કર્મ અજ્ઞાને જેહ;
જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કર્મ ખપાવે તેહ. ૨.

તપસ્વી એવું બિરૂદ ધરાવનારે એક વાત ખાસ કરીને ભૂલવી જોઇતી નથી, કે જ્યારે ઉત્તમ એવા મનુષ્ય દેહને પામીને તે દેહને દમન કરવાનેજ માટે મહાફળદાયક તપશ્ચર્યાને અંગીકાર કરી માયા કપટનું સાથે સેવન યા તો કોઇપણ પ્રકારની સંસારી ખટપટમાં ભાગ લેવો કે માનના ભીખારી થાવું એ અમૂલ્ય રત્નને ખોટી બદામ સાટે ફેંકી દેવા જેવું છે. એટલુંજ નહિ પણ શ્રી સૂયગડાંગ સૂત્રનું વાકય યાદ કરતાં અનંતા ગર્ભ પામવાનું ફલકું ફળ મળે છે, તો પછી કર્મ ક્ષયની (શુભ ફળની) તો આશાજ શી? માટે તપસ્વી લોકોએ એવી ભૂલવણીમાં ફસાવું નહિ.

પ્રશ્ન ૫૧—સાધુએ ગૃહસ્થ ઉપર મમત્વભાવ રાખવો કે સંસારી ખટપટમાં ઉતરવાથી શું ફળ પ્રાપ્ત થાય છે?

ઉત્તર—એ વિષે અધ્યાત્મ કલ્પદ્રુમમાં પાને ૪૦૮ મે કહ્યું છે કે—

द्धपद् गृहस्थेषुममत्वबुद्धिं, तदीयतप्त्या परितप्यमानः; अनिवृतांतः करणः सदास्वे, स्तैं तांव पार्पैर्भमिता भवेपी. ॥६॥

અર્થ—"ગૃહસ્થ ઉપર મમત્વબુદ્ધિ રાખવાથી અને તેઓના સુખ દુઃખની ચિંતાવડે તપવાથી તારૂં અંતઃકરણ સર્વદા વ્યાકુળ રહેશે, અને ત્યાગ અને તેઓના પાપથી તું સંસારમાં રખડયાં કરીશ."

ભાવાર્થ—આ મારા શ્રાવક છે. આ મારા ભક્તો છે એ મમત્વબુદ્ધિ છે, એ માનવું ગરલ છે, મોહને ઉત્પન્ન કરે છે અને એ બાબતો વારે વ્યાપાર કરાવે છે. તેથી વધારે થાય છે, ત્યારે અજ્ઞાનથી શ્રાવકોના સુખ

દુઃખથી તેવા યતિ (તપસ્વી) નું મન પ્રસન્ન થાય છે અથવા બળે છે, પરિણામે મનમાં કોઈ જાતની નિવૃત્તિ રહેતી નથી. સમતાનો છેડો આવનો જાય છે અને અનેક પ્રકારના સવધ ઉપદેશ કરતાં અને ગૃહસ્થના સહાય-કારક થતાં સાધુપણું નાશ પામે છે.

પાને ૪૦૯ માં કહ્યું છે કે-त्यक्त्वागृहंस्व परगेहचिंता, तप्तस्य कोनाम गुणस्तवर्षे ॥४७॥ પોતાનું ઘર તજીને પારકા ઘરની ચિંતાથી પરિતાપ પામતા હે ઋષિ! તને શો લાભ થવાનો છે. (ઇતિ)

આનો પરમાર્થ એ છે કે જેનું મન પોતાના કબજે નથી માત્ર શ્રાવકના આધારેજ પોતાનું જીવન ગાળે છે અને શ્રાવકનીજ રાગદ્વેષની બેડીમાં બંધાણા છે એવા પામર પ્રાણીઓ પોતાનું કલ્યાણ કેવી રીતે કરી શકે?

પ્રશ્ન પર—જપ, તપ, જ્ઞાન અને ક્રિયાનું ફળીભુતપણું ક્યારે થાય?

ઉત્તર—સાંભળો, "અધ્યાત્મ કલ્પદ્રુમ" પૂર્વાચાર્ય, મુનિસુંદર સુરિ કૃત તેના ભાષાંતરના પાને ૫૫ મે કહ્યું છે કે—

આખા ગ્રંથના મધ્યબિંદુરૂપ નવમો અધિકાર ચિત્તદમનનો આવે છે. ગમે તેટલી ક્રિયા કરવામાં આવે, ગમે તેટલું જ્ઞાન ભણવામાં આવે. ગમે તેટલી તપસ્યા કરવામાં આવે અને ગમે તેટલી યોગ સાધના કરવામાં આવે, પણ જ્યાં સુધી મનની અસ્થિરતા હોય, ચિત્ત આકુળવ્યાકુળ હોય, માનસિક ક્લેશ હોય ત્યાં સુધી સાધ્ય પ્રાપ્ત થઈ શકતું નથી, એ. ખાસ લક્ષમાં રાખવાનું છે. જ્ઞાનનો, તપનો અથવા ક્રિયાનો આધાર મનપર અંકુશ લાવવાનો હોવો જોઈએ.

એજ ગ્રંથમાં નવમા અધિકાર, ચિત્તદમન પાને ૨૧૯ મે કહ્યું છે કે—

रागद्वेषोयदिस्यातां, तपसाकिंप्रयोजनम् ; तावेवयदिनस्यातां, तपसाकिं प्रयोजनम् ।

અર્થ—જો રાગદ્વેષ હોય તો તપનું શું કામ છે? તેમજ જો તે ન હોય તો પછી પણ તપનું શું કામ છે? આ સર્વ હકીકતનો સાર એ છે કે મનને વશ રાખવાની બહુજ જરૂર છે.—

પ્રશ્ન ૫૩—મનશુદ્ધિ કરનારને શો ગુણ પ્રાપ્ત થાય છે?

ઉત્તર—હેમાચાર્ય કૃત યોગશાસ્ત્ર તેનું ભાષાંતર પ્રકાશ, ૪ થો પાને ૩૫૩ મે શ્લોક ૪૨ મે કહ્યું છે કે—

सत्यांहि मनसः शुद्धौ, संत्यसंतोपियद्गुणाः; संतोप्यसत्यांनोसंति, सैवकार्याबुधैस्ततः ॥४१॥

अर्थ—मनःशुद्धि होते छते नहि छतां एवा पण क्षांति आदिक गुणो थाय छे, अने मनशुद्धि न होते छते, ते गुणो होय, तोपण नथी लेखाता, माटे पंडित लोकोए ते मनशुद्धिज अंगीकार करवी.

प्रश्न ५४—कोइ अभिमानी अहंकारनो भरेलो एम कहे के अमारे मनशुद्धिनी कांइ जरूर नथी, अमे तो तपबळथीज मुक्ति मेळवशुं तेनुं केम ?

उत्तर—उपर कहेला योगशास्त्रना भाषांतरमां श्लोक ४२ मां कह्युं छे के—

मनःशुद्धिमबिभ्राणा, येतपस्यतिमुक्तये;
त्यक्त्वानावंभुजाभ्यांते, तितीर्षंति महार्णवं. ॥४२॥

अर्थ—हवे जे लोको एम माने छे के मनशुद्धिनी कांइ जरूर नथी, अमे तो तपबळथीज मुक्ति मेळवशुं तेओने माटे कहे छे. मनशुद्धिने नहि धारण करनारा एवा जे कदाग्रही माणसो मुक्ति माटे तपज कर्या करे छे; तेओ पासे रहेला नावने छोडीने पोताना हाथथीज महासागर तरवाने इच्छे छे.

प्रश्न ५५—कोइ मनशुद्धि विना मात्र ध्यानथीज कर्म क्षय करवा माने तेनुं केम ?

उत्तर—एज योगशास्त्रना भाषांतरमां श्लोक ४३, ४४ मां कह्युं छे के—

तपस्वीनोमनःशुद्धि, विना भूतस्यसर्वथा;
ध्यानंखलुमुधाचक्षु, विकलस्येवदर्पणः ॥ ४३ ॥
तदवश्यं मनः शुद्धिः, कर्तव्यासिद्धि मिच्छता;
तपः श्रुतयम प्रायः, किमन्यैःकायदंडनैः ॥ ४४ ॥

अर्थः—हवे मनःशुद्धिने तजीने जेओ केवळ ध्याननेज कर्मक्षयनुं कारण माने छे, तेओ प्रत्ये कहे छे के—एक लेश मात्र पण मनःशुद्धि विनाना एवा तपस्वीनुं ध्यान, खरेखर चक्षु विनाना माणसप्रत्ये जेम दर्पण तेम वृथा छे.

(जो के मनःशुद्धि विना ध्यान धरनारने तप अने ध्यानना बळथी एक नवमी ग्रैवेयक सुधी गति थाय छे, तो पण ते प्रासंगिक छे, पण कांइ मुख्यरूपे नथी; केमके उत्तम फळ तो मोक्षज छे.)

માટે મોક્ષને ઇચ્છતા એવા પ્રાણિએ, અવશ્ય મન શુદ્ધિ કરવી, બીજાં કાયાને કષ્ટરૂપ એવાં, તપ, આગમજ્ઞાન, નિયમ વગેરેથી શું વળવાનું છે?

પ્રશ્ન ૫૬—મનશુદ્ધિ કેવી રીતે થાય?

ઉત્તર—મનની મલીનતા દૂર કરે તો મન શુદ્ધિ થાય. મનની શુદ્ધિ ગુણાનુરાગ થયા સિવાય થતી નથી. જ્યાં સુધી દોષદૃષ્ટિ હોય છે ત્યાંસુધી જ્ઞાન ધ્યાનાદિ ફળીભુત થતાં નથી, દોષદૃષ્ટિમાં કષાયનો નિવાસ રહ્યો છે અને કષાય મનની મલિનતા હોય ત્યાંસુધી ગુણાનુરાગ પ્રગટ થતો નથી માટે "સદ્ગુરુ પ્રાપ્તિનો ઉપાય" તેમાં કહ્યું છે કે—

किं बहुणा भणिएणं, किंवा तविएणं किंवदाणेण; इक्कगुणाणुरायं, सिक्खह सुक्खाण कुलभवणं ॥

અર્થ—બહુ ભણવાથી અથવા બહુ તપ કરવાથી અથવા બહુ દાન દેવાથી શું થનાર છે? એકલા ગુણાનુરાગને શીખો કે જે સુખોનું (પાસ) ઉત્પત્તિ સ્થાન છે.

ગુણાનુરાગ કર્યા વગર આપણે ગમે તેટલું શીખીએ તોપણ તેથી કંઇ સિદ્ધિ થતી નથી.

ગુણાનુરાગ સિવાય બારે તપશ્ચર્યા કર્યાથી પણ કાંઈ સિદ્ધિ મળવી થી. કારણકે મનની મલિનતા ટાળ્યા સિવાય તપશ્ચર્યાનું ફળ મળી શકતું થી માટે કહેવામાં આવે છે કે—

"ક્રોધ ક્રોડ પૂરવતણો, તપ પામે છે નાશ" મતલબ કે ક્રોડ વર્ષ લગી કર્યો છતાં પણ જો મુહૂર્ત માત્ર ક્રોધ કરવામાં આવે તો તે સઘળું ળ થાય છે માટે ગુણાનુરાગ પૂર્વક જો થોડા પણ તપ કરવામાં તો તે મોટું ફળ આપે છે (ઇતિ)

ક્રોધ એ તપનું અજીર્ણ છે, માટે તેથી બહુજ સાવચેતીએ ચાલવું.

પ્રશ્ન ૫૭—અજીર્ણ કેટલા પ્રકારનાં છે?

ઉત્તર—અજીર્ણ ચાર પ્રકારના છે. નીતિ શાસ્ત્રમાં કહ્યું છે કે—

अजीर्णे तपसः क्रोधं ज्ञानाजीर्णे महंकृती परितापः क्रियाजीर्णे मनाजीर्णे

અર્થ—તપનું અજીર્ણ ક્રોધ છે, જ્ઞાનનું અજીર્ણ અહંકાર છે, દેહને પરિતાપ કરવો યા પરને પરિતાપ ઉપજાવવો તે ક્રિયાનું અજીર્ણ છે અને અપચાદિક વિસુચિકા થાય તે અન્નનું અજીર્ણ છે.

માટે વિશેષે કરીને મુનિઓને જણાવવાની જરૂર પડે છે કે હે મુનિઓ! હે તપસ્વી લોકો! હે જ્ઞાનીઓ! અહો આચારી ક્રિયાવાન મુનિઓ!! એક વાત ધ્યાનમાં રાખજો કે આપ જે જે ક્રિયાઓ કરો તેમાં રખે અજીર્ણ થઇ જાય એમ ખોરાક અધિક કે હદ ઉપરાંત ખાવાથી અજીર્ણ થાય છે અને તેથી અપચો થઇ જ્વર વગેરેની વ્યાધિ ઉત્પન્ન થાય છે, ને છેવટે ભયંકર રોગ અને મૃત્યુના છેડા સુધી પહોંચાડે છે. તેમ જ સદા દેહને પુરતું ધ્યાન રાખવાની જરૂર છે. માટે નીતિશાસ્ત્રમાં ચાર પ્રકારના અજીર્ણ જણાવી ગયા છે અને વિદ્વાન લોકો પણ એજ પ્રમાણે કહે છે કે

(ચોપાઇ).

ક્રોધ અજીર્ણ તપ નિર્ધાર, જ્ઞાન અજીર્ણ છે અહંકાર;
ક્રિયા અજીર્ણ પરની તાતી મુર્ખ અન્ન અજીર્ણ ભાતી ૧

દોહરો.

આચારે અભિમાન નહીં, તપસી નહીં [illegible],
ગર્વ નહિ [illegible] જ્ઞાનથી, તો જાણીએ [illegible] ૧

[illegible]

[illegible]

[illegible] ૧

[illegible]

ભગવંતને ક્ષમા ધારણ કરે, અને જ્ઞાની પુરૂષો કોમળતાને પકડે, તે આ પૃથ્વીને દીપાવનાર ઘરેણા સમાન છે.

પ્રશ્ન ૫૯—તપસ્યા કરી ગર્વ કરે તેને શું ફળ?

ઉત્તર—મનુસ્મૃતિ અધ્યાય ૪ થે શ્લોક ૨૩૬ મે કહ્યું છે કે—નવિસ્મયેત્ તપસાવદેત્ એટલે તપ કરીને ગર્વ કરવો નહિ.—

શ્લોક ૨૩૭મે કહ્યું છે કે—તપઃ ક્ષરતિ વિસ્મયાત્—એટલે ગર્વ કરવાથી તપ નિષ્ફળ થાય છે. વળી નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે—

> ગુણે ગર્વ ન કીજીએ, ગર્વે ગુણ ન ગણાય;
> પયસાકરમાં વિષ ભળે, તે પણ વિષ સમ થાય. ૧

માટે તપસ્વી લોકે કોઈપણ પ્રકારનો ગર્વ કે અભિમાન કરવો નહિ. કારણ કે તપનું ફળ મોટું છે. તો ગર્વ કરીને તે ફળનો શા માટે નાશ કરવો જોઈએ.

પ્રશ્ન ૬૦—જે ગર્વ કરી પરની નિંદા કરે તે માની અભિમાની અહંકારી હોય. મદે કરીને ગર્વિષ્ઠ હોય, પરની નિંદા હેલના કરે, પરને ખર પાડે, તેના છતા અછતા અવગુણ પ્રગટ કરી તેનો પરાભવ કરે, તેનું અપમાન કરે, એવાઓને શું ફળ મળે?

ઉત્તર—એવાઓને મહા માઠાં ફળ પ્રાપ્ત થાય છે એમ સૂયગડાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના બીજા અધ્યયને બાબુવાળા છાપેલા પાને ૬૮૯ મે કહેલ છે. વાંચો સૂત્રપાઠ.

अहावरे नवमे किरियाठाणे माणवत्तिएत्ति आहिज्जई से जहाणामए केइ पुरिसे जातिमएण वा, कुलमएण वा, बलमएण वा, रूवमएण वा, तवमएण वा, सुयमएण वा, लाभमएण वा, इस्सरियमएण वा पन्नामएण वा, अन्नतरेण वा, मयट्ठाणेणं मत्ते समाणे परं हीलेति, निंदेति, खिंसति, गरहति, परिभवइ, अवमण्णेति, इत्तरिए अयमंसि पुण विसिठे जाइ कुलबलाइ गुणोववेए एवं अप्पाणं समुक्कसे देहच्चुए कम्म बितिए अवसे पयाइ तं जहा गब्भाओ गब्भं, जम्माओ जम्मं, माराओ मारं, णरगाओ णरगं चंडे, थद्ध, चवले माणियावि भवइ एवंखलु तस्स तप्पत्तियं सावज्जंति आहिज्जइ दसमे किरियाठाणे माणवत्तिएत्ति आहिए. ॥१७॥

અર્થ—કોઈ પુરૂષ આઠ પ્રકારના મદે કરીને એટલે જાતિ, કુળ, બળ, રૂપ, તપ, સૂત્ર, લાભ, ઠકુરાઈ અને પ્રજ્ઞા વગેરે અનેરા (અભ્યાર્થિકાદિકના)

। મદનાં સ્થાનકે કરીને માતો છતો, બીજાની હેલના કરે, નિંદા કરે, ખ્રિંસા કરે ગર્હા કરે, પરાભવ કરે, અપમાન કરે, એ જાતિકુલાદિકે હીન છે. હું સર્વથી અધિક છું એમ પોતાના આત્માને ઉત્કર્ષે એટલે અહંકાર કરે (એટલે મારા જેવો કોઇ તપસ્વી નથી, મારા જેવો કોઇ જ્ઞાની નથી, મારા જેવો કોઈ આચારી નથી, દુનિયામાં કોઇ સાધુ નથી, હુંજ સાધુ છું. હુંજ આચારી છું, હુંજ જ્ઞાની છું, હુંજ તપસ્વી છું. (ઇત્યાદિ મદ કરનારને વિપાક દેખાડે છે.) તે પુરૂષ આ લોકમાંહે પણ નિંદા ગર્હાનું સ્થાનક થાય, અને પરલોકે પણ નિંદા અને ગર્હાનું સ્થાનક થાય. દેહાયુએ એટલે આ શરીર થકી ચવીને પરભવે કર્મદ્વિતીય એતાવતા કર્મને વશ વર્ત્તતો ચતુર્ગતિ સંસારમાંહે પરિભ્રમણ કરે, તે કહે છે. એક ગર્ભ થકી મરણ પામીને વળી બીજા ગર્ભમાંહે ઉપજે. એક જન્મ થકી બીજે જન્મ પામે, મરણ થકી મરણ પામે, નરક થકી નીકળીને વળી નરકાંતરે નરકમાં જઇને તીવ્ર દુઃખ ભોગવે, એટલે તે નરકમાંહેથી નીકળીને સિંહ મત્સ્યાદિક માંહે ઉત્પન્ન થાય, ફરી ત્યાંથી મરણ પામીને તીવ્રતર નરકાંતરે જાય. એતાવતા તે રૌદ્રઅહંકારી, સ્તબ્ધ, અનમ્રશીલ, ચપળ એવાં લક્ષણોયુક્ત તે અભિમાની પુરૂષ હોય એમ નિશ્ચે તેને તત્પ્રત્યયિક સાવદ્યકર્મ બંધાય, એ નવમો ક્રિયાસ્થાનક માન પ્રત્યયિક નામે કહ્યો. ॥૧૦॥

એ પ્રમાણે ગર્વિષ્ટ, મદવંત, અહંકારી નિંદાદિકના કરનારને માઠાં ફળ કહ્યાં.

પ્રશ્ન ૬૧—માયાવી સાધુને શું ફળ પ્રાપ્ત થાય?

ઉત્તર—તેજ સૂયગડાંગ સૂત્રના પહેલા શ્રુતસ્કંધના ૧૩મા અધ્યયનની ૪ થી ગાથાના ચોથા પદમાં કહ્યું છે કે–માયણિએમંતિ અણંત ઘાતં. માયાવી સાધુ આ સંસારને વિષે અનંતઘાત પામે. એટલે અનંત કાળ પર્યંત સંસારમાં પરિભ્રમણ કરે. કારણ કે પાંચમી ગાથામાં કહ્યું છે કે–માયાવી સાધુ અંતઃકરણમાં છુપી રીતે વેર રાખી માયાએ કૃત્રિમ ઉપશાંતપણું બતાવી – વઉસમિયંजेउदीरएज्जा : ઉપશમાવેલો એવો જે કલહ વળી તેને ઉદીરે તથા છઠ્ઠી ગાથામાં કહ્યું છે કે–જેવિग्गहिए अनायभासी, नसेसमेहोर अझंझपत्ते; જે કોઇ વિગ્રહ એટલે કલહકારી હોય તે યદ્યપિ ક્રિયા તો કરતો હોય તથાપિ તે ક્રિયાવિરહ એટલે શુદ્ધક્રિય થાય, તથા અન્યાયનો બોલનાર હોય

મારે મરે કરીને બાંધેલો નિરૂ, માયાવી, ઉપશમાવેલા કલહને ઉદીરનાર, ક્રિયાવિરહ કરનાર એટલે જ્ઞાનાદિ ઉત્તમ ક્રિયા કરીને ફરી

કલહ (વિગ્રહ) પ્રગટ કરનાર વગેરે દુષ્ટ આત્માઓને માટે અનંતકાળ પરિભ્રમણ કરવાનું એ સૂત્રકારે કહેલ છે.

પ્રશ્ન ૯૨—સાધુ આર્યા અને શ્રાવકમાં ભેદ પાડનાર અને છિદ્ર ગવેષી સાધુને શું ફળ?

ઉત્તર—ઠાણાંગજીના પાંચમે ઠાણે કહ્યું છે કે ચતુર્વિધ સંઘના અવર્ણવાદ બોલનાર દુર્લભબોધી જાણવા. તેમજ વિનય રહિત, ગુરૂનો દ્રોહી, માઠા મનનો ધણી, કઠોર વચનનો બોલવાવાળો, ભેગો રહી અંદરો અંદર ભેદનો પાડનારો, ખોટી સલાહો આપી અંદરો અંદર ફાટફુટ કરાવનારો છિદ્ર પ્રેક્ષી છિદ્ર ગવેષી એવા સાધુને માટે તેજ ઠાણાંગસૂત્રના પાંચમા ઠાણામાં પારાંચિત દોષનો ધણી કહ્યો છે એટલે ભગવંત કહે છે કે એવા દુષ્ટ સ્વભાવીને પારાંચિત કરતા આજ્ઞા અતિક્રમે નહિ

પ્રશ્ન ૯૩—મદ (ગર્વ) નહિ કરનારને શું ફળ?

ઉત્તર—આ આખા ગ્રંથનો સાર એ છે કે જ્ઞાનવાન કે તપસ્યાના કરવાવાળાએ ઉત્તમ ગુણ પ્રાપ્ત થયે છતે કોઇ પ્રકારનો મદ કે અહંકાર કરવો નહિ. અર્થાત્ માર્દવ ગુણને પ્રાપ્ત કરવો એજ ઉત્તમ મુનિનો ધર્મ છે. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા પાને ૧૫૭ મે કહ્યું છે કે—

उत्तमज्ञानप्रधानः उत्तम तपश्चरणकरणशीलः

अपिः आत्मानं यः हीलति, मार्दवरत्नमवेतुतस्य. ॥३९५॥

ભાવાર્થ—જો મુનિ ઉત્તમ જ્ઞાને કરીને પ્રધાન હોય, બહુરિ ઉત્તમ તપશ્ચરણ કરણેકા જાકા સ્વભાવ હોય તોઉ, જો અપને આત્માકૂ મદ રહીત કરે અનાદરરૂપ કરે તિસ મુનિકે માર્દવ નામા ધર્મ રત્ન હૈ ભાવાર્થ—સકલ શાસ્ત્રકા જાનનહારા પંડિત હોય તોઉ જ્ઞાનમદ ન કરે. યહ વિચારે જો મોતે બડે અવધિમનઃપર્યવ જ્ઞાની હૈં કેવળજ્ઞાની સર્વોત્કૃષ્ટ જ્ઞાની હૈ મૈં કહાંહો અલ્પજ્ઞ હો બહુરિ ઉત્તમ તપ કરે તોઉ તાકા મદ ન કરે. આપ સબ જાતિકુળબળ, વિદ્યા, ઐશ્વર્ય તપરૂપ આદિ કરી સર્વ તે બડે હૈ તોઉ પરકૃત અપમાનકૂં ભી સહેહૈ. તહા ગર્વ કરી કષાય ન ઉપજાવૈ તહાં ઉત્તમ માર્દવ ધર્મ હોય હૈ (ઇતિ)

પ્રશ્ન ૯૪—માર્દવપણું પ્રગટ કરવાથી શું ફળ મળે છે?

ઉત્તર—માર્દવપણું પ્રાપ્ત થવાથી સમાધિ ઉત્પન્ન થાય, માટે તપસ્યાના કરવાવાળાએ તપના ફળ જે કર્મનો ક્ષય, કર્મની નિર્જરા, કર્મથી હલવા થવાનો લાભ લેવો હોય તો માર્દવપણું પ્રગટ કરો, અને પૂર્વોક્ત કહેલા

બોલ જે તપનાં ગુણની હાની કરનારાં તેનો નાશ કરી એટલે તે દુર્ગુણોને હૃદયમાંથી દૂર કરો અને આત્માને સરળ બનાવો અને પછી જોઇ લો કે આત્માને સમાધિનો લાભ કેવો મળે છે, જેમ રોગી માણસ તે પ્રથમ રેચ (જુલાબ) લઇ પછી દવા કરવાથી રોગનો નાશ થાય છે અને દવા પણ લેખે લાગે છે, અને આત્માની તથા શરીરની સમાધિ થાય છે. તેમજ કર્મ રૂપી દરદનો નાશ કરવા, તપરૂપી દવાના કરવાવાળાએ ક્ષમા, શાન્તિ અને માર્દવ ગુણરૂપ ત્રિફળાનો રેચ લેવાથી કષાય અને ગર્વ આદિ મહામલીન રોગના જામેલા મળનું છૂટવાપણું થાય છે અને મહામાત્રા જે સમાધિરૂપી તપની દવા લેવાથી ઘણા ભવનાં લાગેલાં કર્મરૂપી મહાદરદ મહા રોગનો નાશ થવારૂપ નિર્જરા થાય છે, માટે કર્મની નિર્જરા કરવા ભગવંતે તપની સમાધિ કરવા કહેલ છે.

પ્રશ્ન ૬૫--તપની સમાધિ કેવી રીતે ને કેટલા પ્રકારે થાય છે?

ઉત્તર--દશવૈકાલિક સૂત્ર અધ્યયન ૯ મું, ઉદ્દેશો ૪ થો તેમાં ૧૬ પ્રકારની સમાધિ કહી છે તેમાં તપની સમાધિ ૪ પ્રકારે કહેવામાં આવી છે, તે એ પ્રકારે છે કે—

चउविहा खलु तवसमाही भवइ तंजहा नोइहलोगट्ठयाए तवमहीठिज्जा, नोपरलोगट्ठयाए तवमहीट्ठिज्जा, नोकित्तिवन्नसद्दसिलोगट्ठयाएतवमहिट्ठेज्जा, नन्नत्थ निज्जरट्ठयाएतवमहीठेज्जा, चउत्थं पयं भवइ भवय इत्थ सीलोगो (गाथा) विविहगुणतवोरए निच्चं, भवइ निरासएनिज्जरठिए, तवसाधुणइ पुराण पावगं, जुत्तो सयातवसमाहीए. એ સૂત્રપાઠ કહ્યો.

ભાવાર્થ:—નિશ્ચે ચારે પ્રકારે તપની સમાધિ હોય તે કહે છે. આ લોક-મનુષ્ય લોકનાં સુખ તથા લબ્ધિ પ્રમુખ પામવાને અર્થે તપ ન કરે.૧ પરલોક દેવલોકના કામ ભોગ પામવાને તપ ન કરે. ૨ કીર્તિ સર્વ દિશાએ વિસ્તરે તે કીર્ત, વર્ણ એક દિશાએ વિસ્તરે તે વર્ણ, અર્ધ દિશાએ વિસ્તરે તે શબ્દ અને તેજ સ્થાનકે બોલાય તે શ્લાઘા ૩ એમ જશ કીર્તિ ને શ્લાઘાને અર્થે તપ ન કરે. તો શેને અર્થે તપ કરે? એમ શિષ્યે પૂછયા થકાં—

ગુરૂ—એકાંત નિર્જરાને અર્થે એટલે એકાંત કર્મ ખપાવી મુક્તિ જવાને અર્થેજ તપ કરે. એ પ્રમાણે તપ સમાધિનાં ચાર પદ કહ્યાં. હવે એ ચારે પદનો શ્લોક (તેનો અર્થ) કહે છે. ઘણા પ્રકારના ગુણે કરીને સહિત સદા કાળ રક્ત થકો એવા તપને વિષે ઉદ્યમી થાય, અને આ લોક તથા પરલોકની ઇચ્છા રહિત (નિરાશી ભાવે) એકાંત નિર્જરાને

અર્થે તપ કરે. અને પૂર્વ ભવનાં કરેલાં પાપકર્મ તેને તપસ્યાએ કરીને ટાળે (ખપાવે) એ પ્રમાણે તપ સમાધિ એટલે તપને વિષે સમાધિ સહિત સદા કાળ વિચરે. એમ મહાવીર પરમાત્માનું ફરમાન છે.

પ્રશ્ન ૬૬—મૂળ ઉઘાડા કરવાથી શું ફળ મળે ?

ઉત્તર—શુભપણે સમાધિ સહિત તપશ્ચર્યા કરનારનું કોડ કલ્યાણ થાય છે. અર્થાત્ કોટી ભવનાં કરેલ (સંચેલા) કર્મનો ક્ષય કરે છે. એટલે નિરાશી ભાવે તપસ્યા કરવાવાળાને તો કોટી ભવના કરેલા પાપકર્મની નિર્જરા થાય છે. પરંતુ મોહને વશ પડેલા પ્રાણી, તપશ્ચર્યાદિ ઉત્તમોત્તમ મોક્ષ ફળદાયક એવા ગુણોને અંગીકાર કરી બીજા પાસે પોતાના ગુણોનાં ગીતો ગવરાવવાથી યા તો વાક્યો સાંભળીને આનંદ માનવાથી પોતાના ગુણરૂપ વૃક્ષના મૂળ ઉઘાડા કરવાથી તે વૃક્ષનો નાશ વહેલો થાય.

પ્રશ્ન ૬૭—એવું વર્ણન કયે ઠેકાણે કહ્યું છે કે બીજા આપણા ગુણો ગાય અને આપણે કાંઇક આનંદ માનીએ તેથી આપણા ગુણોની હાનિ થાય ?

ઉત્તર—આ વિષે પ્રથમ સૂયગડાંગ સૂત્રનો ન્યાય અપાઇ ગયેલ છે, વિશેષ જાણવા ઇચ્છતા હોય તો સાંભળો, અધ્યાત્મ કલ્પદ્રુમની પાંચમી આવૃત્તિ સંવત્ ૧૯૬૭ માં છપાયેલ છે તેના પાન ૩૧૧ મે કહ્યું છે કે—

જીવનો અનાદિ સ્વભાવ અભિમાન કરવાનો છે તે સાચી અને ખોટી કતરી રીતે શુભ કૃત્યોમાં પણ થઇ જાય છે અને તેનું કારણ વસ્તુસ્થિતિ તત્ત્વગવેષણા નહિ એજ છે. વિચાર કરતાં જણાય છે કે, વસ્તુસ્વરૂપ આથી ઉલટું જ છે, એક સુકૃત્ય કરવા પહેલા અથવા કરતી વખતે તેને ખાનગી રાખવાથી બહુ જાતના લાભ થાય છે, અભિમાન ન થઇ જાય તે બહુ મોટો લાભ છે. કારણ કે અભિમાનથી સુકૃત્યનું ફળ અદ્રશ્ય થઇ જાય છે [illegible] કીર્તિ લોપાય અથવા બહુ તો દેવગતિ મળે, પણ નિર્જરા થતી અટકે છે. એ ઉપરાંત શુભ સુકૃત્ય કરતી વખત અપૂર્વ માનસિક આનંદ થાય છે, આત્મસ્વરૂપમાં રમણ થાય છે અને ફરજ બજાવવાનો શુદ્ધ ખ્યાલ આવે છે એ સર્વ લાભો જુદાજ છે

પ્રશ્ન ૬૮—ઉપરના આગળના અધિકારમાં કહ્યું છે કે—સ્વગુણ પ્રકાશથી લાભ જરા પણ નથી, એમ કહેવાનું શું કારણ ?

ઉત્તર—મહાત્માને આ વિષે કંઇક કહેવાની જરૂર છે માટે જણાવે કહે છે કે—સ્તુતૈઃ શ્રુતૈર્વાપ્યપરૈર્નિરીક્ષિતૈ, ર્ગુણાસ્તવાત્મન્ સુકૃતૈર્ન કશ્ચન, ફલન્તિ નૈવ પ્રકટીકૃતૈર્ભુવો, દ્રુમા હિ મૂલૈર્નિપતન્ત્યપીશ્વરઃ ૧૦

અર્થ—"તારા ગુણો અથવા સુકૃત્યોની બીજા સ્તુતિ કરે અથવા સાંભળે, અથવા તારાં કામો બીજા જુએ, તેથી હે ચેતન! તને કાંઈપણ લાભ નથી. જેમકે ઝાડનાં મૂળ ઉઘાડાં કરી નાંખ્યાં હોય તો તેથી ઝાડ ફળતાં નથી, પણ ઉલટાં ઉખડી જઈને ભોંયપર પડે છે. (તેમજ સારાં કામો પણ ઉઘાડાં પડવાથી ભોંયે પડે છે)."

ભાવાર્થ—એક માણસે પૃથ્વી ઉપર સુંદર ઝાડ વાવ્યું અને તેને મીઠાં ફળ થશે એમ તેને લાગ્યું, તેથી તેનું મૂળ કેવું હશે તે જોવાની ઈચ્છા થઈ; આમ વિચારી બીજાને બતાવવા સારૂ તથા પોતાને જોવા સારૂ મૂળ ફરતાં જે માટી કચરો વગેરે હતાં તે દૂર કર્યાં અને મૂળ બધાએ જોયું પણ પરિણામ શું આવ્યું કે ફળ તો ન મળ્યું, પરંતુ ઝાડ પણ નાશ પામી ગયું.

આજ રીતે સારાં કામોનો યશ સારો બોલાશે એમ ધારી આ જીવ સુકૃત્ય રૂપ મૂળ બીજાને જોવા સારૂ ઉખેડી તેની ફરતી અપ્રસિદ્ધતા રૂપ માટી વગેરે હોય છે તે દૂર કરે છે; તેમ કરવાથી જો કે યશ તો બોલાય છે, પણ તેના ફળનો નાશ થાય છે અને સુકૃત્યના નાશથી તે પોતે પણ નાશ પામી જાય છે.

પાતે ઉપરમાં કહે છે કે વિચારશો તો છે પણ તેમજ પારકા મનુષ્યો આપણા ગુણો કે સારા કામની સ્તુતિ કરે તેમાં લાભ શો છે? તાત્પર્ય વિચાર કરતાં જણાય છે કે કીર્તિ કે માનની ઈચ્છા એ પણ અજ્ઞાન જન્ય છે, [illegible] [illegible] નથી, અને વિચિક્ષણ માણસો કદી તેની ઈચ્છા કરતા નથી [illegible] રીતે (સ્વાભાવિક) તે મળી જાય તો ભલે મળે, [illegible] તેની [illegible] [illegible] પોતાનું વર્ણન કરે એ શાંતિનેજ છાજતું નથી, અને [illegible] [illegible] દુનિયામાં બને છે પણ એમ કે જે એની પાછળ [illegible] [illegible] [illegible] [illegible] નથી અને ઉલટો પાછળ હેઠાનો કરીને આપે છે. [illegible] [illegible] [illegible] નાશ થાય છે અને ઘણી વાર ઉલટું અપમાન [illegible] છે. [illegible] [illegible] [illegible] અનુભવગમ્ય છે અને અવલોકન કરનાર તુરત [illegible] [illegible] [illegible] [illegible] (ઇતિ)

[illegible] [illegible] અને જ્ઞાનમાં વિશેષપણું કેમ?

[illegible] [illegible] [illegible] [illegible] કે અને જ્ઞાન [illegible] પૂર્ણ થયું [illegible] [illegible] [illegible] [illegible] નહિ. [illegible] [illegible] [illegible] પણ એમજ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] જરૂર નથી, [illegible] [illegible] પણ [illegible] [illegible]

થાય છે. એટલે જેમ જ્ઞાનવાદી તપનો નિષેધ કરે છે કે આવા તપ તો જીવે અનંતીવાર કર્યા પણ કાંઈ આત્માનું વળ્યું નહિ, તેમજ તપસ્યાના કરનારા પોતાના તપના અભિમાને કરીને જ્ઞાનને તુચ્છ માત્ર ગણી તપ વડેજ કર્મનો ક્ષય કરી મુક્તિ પદ લેશું. એટલેથી નહિ અટકતાં કોઈ કોઈ તપના મદથી પોતા સિવાય બીજાને લેખામાં નહિ ગણતા. માત્ર પુતળા સમાનજ માને. એવા અભિમાનીને જ્ઞાનની રૂચિ નહિ થવાથી તે જ્ઞાન અને જ્ઞાનીઓના અવર્ણવાદ બોલે ત્યાં સુધી કે જ્ઞાનના અભ્યાસક તથા ઉપદેશકોને ભાટ ચારણ વગેરેની ઉપમા આપી પોતાનાજ તપને વિશેષ માને છે. એમ બન્ને તરફના અવાજો નીકળતા સાંભળી બન્ને તરફનો વિચાર કરતાં એકાંત પક્ષે બન્નેનો મિથ્યાવાદ છે, બન્નેનાં ગર્વિષ્ઠ વચનો છે. જ્ઞાનવાનને જ્ઞાન તો અને તપસ્યાના કરવાવાળાને તપશ્ચર્યાનો જો કે ઘણો મોટો ગુણ છે, પરંતુ તેમાં કીર્તિ અને ગર્વ, અભિમાન વગેરે દુર્ગુણો ભળવાથી તેના ફળની (તેના ગુણની) નાસ્તિ થાય છે.

જૈનશાસ્ત્રમાં એકલા જ્ઞાન વડે મુક્તિ કહી નથી. મુક્તિ તો જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ ચાર વડે કહેલ છે, તેમાં પણ જ્ઞાનની અધિકતા જણાય છે. એમ કેટલાંક શાસ્ત્રથી નિર્ણય થાય છે.

મોક્ષ પામવાનાં ચાર દ્વાર કહ્યાં છે તેમાં જ્ઞાન એ મુખ્ય દરવાજો કહ્યો છે, જ્ઞાન વિના જપ તપાદિ સર્વ ક્રિયા નિષ્ફળ કહી છે. અને અજ્ઞાન તપથી જો કે મોટું મીઠું થાય તેથી શું વળ્યું ? માટે દરેક શાસ્ત્રમાં પહેલું જ્ઞાન મેળવ્યા બાદ તપશ્ચર્યા કરવાનું કહ્યું છે. એ ઉપરથી એમ જણાય છે કે પ્રથમ શાસ્ત્ર જ્ઞાન કરવું તેજ વિશેષ છે, અને દરેક શાસ્ત્રમાં સૂત્રજ્ઞાન વિશેષ બળવાન કહેલ છે.

પ્રશ્ન ૭૦—કોઈ એમ કહે કે જ્ઞાન તો માત્ર જાણવાને માટેજ છે પણ કર્મનો ક્ષય કરવાને માટે તો શાસ્ત્રમાં તપ કહ્યો છે. नाणेग जाणइभावं × × तवेण परिसुपइ જ્ઞાન વડી જાણે સકલ તપસ્યા ક્ષપન સ્વરૂપ એ ઉત્તરાધ્યયન સૂત્રનું વાક્ય છે તેનું કેમ ?

ઉત્તર—એ વાત સત્ય છે. પણ શ્રી ભગવતીજીમાં કહ્યું છે કે જીવ, અજીવ, ત્રસ, સ્થાવર. એ ચાર બોલો જાણ્યા વિના. પચ્ચખાણ કરે તેનાં દુપચ્ચખાણ, અને એ ચાર બોલનું જ્ઞાન થયે સુપચ્ચખાણ કહ્યાં છે. તો પચ્ચખાણ વિના તપ હોય નહિ માટે તપના કરનારને પહેલું જ્ઞાન હોવું જોઈએ. અને ઉત્તરાધ્યયનના ૨૮મા અધ્યયનમાં પણ એજ કહ્યું છે કે–

[illegible] કિન્તુ સાહિત્યનો ગુરુ નથી અને સાહિત્યના ગુરુ [illegible] [illegible] નથી. અહિંયાં તત્ત્વનો સમાવેશ સાહિત્યમાં કર્યો છે અને તેમ [illegible] છે કે [illegible] [illegible] [illegible] મૂળ હેતુ જ્ઞાન છે. [illegible] [illegible] જ્ઞાન [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે.

[illegible]

[illegible]

[illegible]

ભસ્મ કરી નાખે છે; તેમ વેદવેત્તા (શાસ્ત્રવેત્તા) પુરૂષ દાનરૂપી અગ્નિવડે સર્વ પાપોને બાળી નાખે છે.

ધર્મબિંદુ અધ્યાય બીજે પાને ૫૯ મે કહ્યું છે કે—

पापामयौषधंशास्त्रं, शास्त्रपुण्यनिबन्धनम्; चक्षुः सर्वत्रगंशास्त्रं, शास्त्रसर्वार्थसाधनम् १.

અર્થ—પાપરૂપ રોગનું ઔષધ શાસ્ત્ર છે શાસ્ત્ર તે જે પુણ્યનું નિબંધન કહેતાં કારણ છે. વળી શાસ્ત્ર જે તે સર્વ જગ્યાએ ગતિ કરતું એવું નેત્ર છે. એટલે આ નેત્રથી સર્વ દેખાતું નથી ને શાસ્ત્રરૂપ નેત્રથી સર્વ દેખાય છે, માટે સર્વ અર્થનું સાધન શાસ્ત્ર છે.

પ્રશ્ન ૭૩—શાસ્ત્રનો અનાદર કરનારને શું ફળ ?

ઉત્તર—ઉપરના ચાલતા અધિકારમાં કહ્યું છે કે—यस्यत्वनादरः शास्त्रे, तस्यश्रद्धादयोगुणा; उन्मत्तगुणतुल्यत्वा, न्नप्रशंसास्पदं सताम् २.

અર્થ—જેને શાસ્ત્રને વિષે અનાદર છે તેના શ્રદ્ધાદિક ગુણ જે તે ઉન્મત્ત પુરૂષના જે ગુણ તેને તુલ્ય છે એ હેતુ માટે, સત્ય પુરૂષને પ્રશંસા કરવાનું સ્થાનક નથી થતા. मलिनस्ययथात्यन्तं, जलंवस्त्रस्य शोधनम्; अन्तःकरणरत्नस्य, तथाशास्त्रंविदुर्बुधाः ३.

અર્થ—મલીન એવાં વસ્ત્રનું અત્યંત શોધન કરનાર જેમ જળ છે તેમ મલીન એવા અંતઃકરણરૂપ રત્નને શોધન કરનાર શાસ્ત્ર છે એમ પંડિત પુરૂષ કહે છે. (એ પ્રમાણે ધર્મબિંદુમાં કહ્યું છે)

માટે તપસ્યા કરનારને જો કે જ્ઞાનગુણ થોરો હોય છે, તોપણ તેમણે શાસ્ત્રનો અનાદર કરવો નહિ. તેમજ શાસ્ત્ર અને શાસ્ત્રના અભ્યાસકનું ઉપહાસ્ય પણ કરવું નહિ. કેમકે તેમ કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. એટલુંજ નહિ પણ તેમના અવર્ણવાદ બોલવાથી કિલ્બીષીપણું પ્રાપ્ત થાય છે એટલે ચંડાળ જાતિમાં ઉત્પન્ન થવાય છે. પછી પણ ઘણું ભાગે તો જીવ્હાની પ્રાપ્તિ થતી નથી ને કદાપિ જીવ્હા પ્રાપ્ત થાય તો તેનું બોલવું કનિષ્ટ હોવાને લીધે અપ્રિય હોવાથી તેની ભાષા કોઇને ગમે નહિ. ઇત્યાદિ ઘણા કનિષ્ટ ફળની પ્રાપ્તિ છે.

માટે ઉત્તમ એવા તપનો ગુણ જેને પ્રાપ્ત થયો છે, તેણે તો સદા કાળ જ્ઞાન તથા જ્ઞાની પુરૂષોનો અનાદર કરવો નહિ તેમજ તેમની અવહેલણા આશાતના પણ કરવી નહીં.

પ્રશ્ન ૬૫—જ્ઞાનની રમણુતા વિના જપતપાદિ ક્રિયા કરે તેને માટે શું સમજવું ?

ઉત્તર—પીતાંબરી હુકમ મુનિકૃત "શ્રી જ્ઞાનપ્રકાશ પ્રકરણ સંગ્રહ" નામનો ગ્રંથ તેમાં જ્ઞાનભૂષણમાં પાને ૯૫ મે કહ્યું છે કે—

જે મનુષ્ય એક કરોડ ઉપવાસ કરીને જેટલાં કર્મ નારકીમાં નિર્જરે એટલાં કર્મ જ્ઞાની એક શ્વાસ નીચો લેઈને ઉંચો મૂકે તેટલામાં તેટલાં કર્મ નિર્જરે એવું શ્રી વીર પરમાત્માએ વિવિહાપન્નત્તિમાં કહ્યું છે—

પાને ૧૨૭ મે જ્ઞાનની રમણુતા નથી અને વ્યવહાર માર્ગનું ક્રિયાકષ્ટાદિક તપ જપ કરે છે, તો તેથી લોક તેને તપસી કહે તથા વ્યવહારમાર્ગના ચાલવાવાળા પણ જાણે; લોક તેને ઘણું વખાણે પણ પરમાત્માએ તેને અધર્મી કહ્યા છે પણ ધર્મીમાં ગવેષ્યા નથી.

પ્રશ્ન ૭૫—સમભાવવિનાં તપસ્યા કરનારને શું ફળ ?

ઉત્તર—ઉપરોક્ત કહેલા ગ્રંથના પાને ૨૯૬ મે તથા ૨૯૭ મે કહ્યું છે કે તપસ્યા કરતાં આત્મવિજ્ઞાન રહિત કર્મનો નાશ ન કરે

જે કોઇ જીવ સમભાવ વિના રાગદ્વેષ પરિણતિનું ઉડાણ જાણ્યું નથી સ્થિર સ્વભાવ થયો નથી અને તીવ્ર આકરા તપ કરતો થકો કોડાનકોડી ભવ સુધી એવો તપ કરે અથવા કાયકલેશાદિક અનેક રીતના તપ કરે તોપણ કર્મ ખપે નહિ, એટલે અર્ધી ક્ષણમાં જ્ઞાનીને જેટલાં કર્મ ખપે તેટલાં તપ થકી ન ખપે, શા કારણ માટે ? જે એ તપ છે તે કર્મબંધ છે, પણ મુક્તિ હેતુ નથી.

વળી એજ ગ્રંથના પાને ૩૪૯ મે કહ્યું છે કે—જે કષ્ટક્રિયા આતાપના પ્રમુખ કરે છે તથા પંચમહાવ્રત ચોખાં પાળે છે, બેંતાળીસ દોષ રહિત આહારાદિ લે છે ઇત્યાદિક જે કષ્ટ કરે છે તેને કંઇ ફલ કારણી કહીએ નહિ. એ તો સાધના સાધ્ય છે, એ બાહ્ય જીવની કરણી છે; એ ક્રિયાતપ છે, તે દર્શનની ઓળખાણ આશ્રી તથા બાહ્ય જીવ છે, તેને ગણામાં ગણવા વાસ્તે છે માટે એ ક્રિયાતપ છે સામાન્ય છે, તે એ ક્રિયાવાળાને કંઇ ફળ હેતુ નહિ.

પ્રશ્ન ૭૬—કોઈ વંદણા નમસ્કાર કરે યા ન કરે તેના ઉપર સાધુએ કેવો ભાવ રાખવો જોઇએ ?

ઉત્તર—દશવૈકાલિક સૂત્રમાં અધ્યયન ૫ મે બીજા ઉદ્દેશની ૩૦ મી ગાથામાં કહ્યું છે કે,

जे न वंदे न सेकुप्पे, वंदीउ न समुक्कसे;
एव मंसेसमाणस्स, सामन्न मणुचिट्ठइ. ३०

અર્થઃ—ભગવંત મહાવીર દેવ કહે છે કે, હે મારા મુનિઓ! તમને કોઇ વંદણા નમસ્કાર ન કરે તો તમે તેમના ઉપર કોપ કરશો નહીં, અને વંદણાદિક કરે તેથી હર્ષવાન થશો નહીં, એમ બંનેને વિષે સમભાવ મનને વિષે માનતો થકો સાધુ તપસ્વી સંયમને વિષે સ્થિર રહે.

મુનિઓ! જો જો હો! નિર્માલ્ય એવા માન મરતબાના ભૂખ્યા થઇ વંદણા નમસ્કારાદિથી પૂજાવાને વિષે લુબ્ધ થતા નહીં, તેમાં ઘુંચાતા નહીં. કોઇ વંદણા નમસ્કાર ન કરે તો તેના ઉપર દ્વેષ કરતા નહીં. કોઇ વંદણાદિક કરે તો તેના ઉપર રાગદશા ધરાવતા નહીં. એ બંને કર્મ બંધનો હેતુ જાણી આત્મધર્મનો વિચાર કરવો.

પ્રશ્ન ૭૭—માન સન્માન પૂજા સત્કારના કામી થાય તેના માટે શું સમજવું?

ઉત્તર—તેના માટે દશ વૈકાલિક સૂત્રના પાંચમા અધ્યયનના બીજા ઉદ્દેશમાં ૩૫મી ગાથામાં કહ્યું છે કે,

पूयणट्ठा जसोकामी, माणसम्माणकामए;
बहु पसवइपावं, मायासल्लंच कुव्वइ. ३५

અર્થ—જે સાધુ તપસ્વી, પૂજા સત્કારનો અર્થી, જશનો કામી માન સન્માનનો કામી હોય; અને હમેશાં તેનેજ વિષે તેની વૃત્તિ રહેતી હોય તે ઘણા પાપનો પ્રસવ કરે છે એટલે ઘણા પાપનો વધારો કરે છે કેમકે તેના હૃદયમાં માયાશલ્યનો વાસ હોવાથી તે બાહ્યાભ્યંતર કોપે કરી પ્રજ્વલિત હોય છે.

તેમજ સૂયગડાંગસૂત્રના બીજા અધ્યયનની ૧૧ મી ગાથામાં કહ્યું છે કે,

महया पलिगोवजाणिया, जावीय वंदण पूयणो;
इहं; सुहुमे सल्लेदुरुद्धरे, विउमंतापजहेज्जसथवं ॥११॥

અર્થ—જે સાધુ વંદના પૂજના વાંછે તે મોટા કાદવમાં ખુતા સમાન એ કામ છે કેમકે જે થકી જીવને ગર્વ ઉત્પન્ન થાય તે અંતરંગ સૂક્ષ્મ તીક્ષ્ણ શલ્ય છે તે ઉદ્ધરતાં ઘણો દુર્લભ છે, તે માટે વિવેકી પુરૂષ વંદના પૂજા શ્લાઘાના પરિચયનો ત્યાગ કરે ઇત્યર્થઃ—

પ્રશ્ન ૭૮—ઉપરની ગાથાનો સવળો અર્થ નહિ લેતાં અવળો ઉપયોગ કરે તેનું શું સમજવું?

ઉત્તર—તેનો ઇન્સાફ તો ઉપરની ગાથાઓમાંથીજ નીકળી આવે છે. બીજે ઠેકાણે જોવા જવાની જરૂર પડે તેમ નથી. અવળો ઉપયોગ કરનારો પોતાની આપખુદીથી, અભિમાનને લઇને એટલે તપ આદિ ગુણોના પ્રભાવે દુનિયાએ માન્યો થકો, માન રૂપી માતંગે ચડયો થકો જે પૂજા સત્કાર માન સન્માનનો જશ કીર્તિનો લુબ્ધ થયેલો બીજાઓને પુતળા સમાન ગણી દુનિયામાં ઘણા અનર્થ કરે અને પોતાને પ્રાપ્ત થયેલ લક્ષ્મીને અવળે માર્ગે લુંટાવે તે પોતે પોતાનાજ આત્માનો શત્રુ બને છે. અને કુડ કપટ કસાર રૂપી કાદવમાં ખુંચે છે. અરે પોતાનાજ શસ્ત્ર વડે પોતાના આત્માનો વિનાશ કરે છે. અરે આ તો ઉજળું જગડગતું બે ધારૂં ખાર ખડગ પોતાનો અને પોતાના સંગતીઓનો વિનાશ કરે છે. ખટપટ, કુસંપ, કલેશ, વેર, વિરોધ, નિંદા, ઇર્ષ્યા અને રાગદ્વેષ રૂપી વમળમાં ઘોર બીજાઓને ભાર પાડી સંસાર રૂપી સમુદ્રના ચક્રાવાળમાં પડે છે. અર્થાત્ તે જો પોતાના આત્માનો ઉદ્ધાર કરી શકે નહિ, તો બીજાઓનો કેવી રીતે કરી શકે? કહ્યું છે કે

દોહરા.

[illegible] જગતને તારશું, આપ તરી સહુ સાથ;
નીર તણા પરવા વમળમાં, પડતી અવળી બાથ. ૧
આપ બચે પર બાચશે, ઉગશે ઉજમને રોગ;
એ નિશ્ચય કરી જાણીએ, હજી ન અંતર રોગ. ૨
[illegible] બીજીમાં, જે જન પડીઆ આપ;
તે પરને કેમ કાઢશે, ઉલટો કરે સંતાપ. ૩

[illegible] હે ભવ્ય જીવો! એવા દુર્બુદ્ધિને દૂર કરી, પોતાને પ્રાપ્ત થયેલાં [illegible] આત્માને [illegible] છે. [illegible] છે

પ્રશ્ન [illegible]—[illegible] આ કાળમાં [illegible] કેમ થતું નથી?

[illegible] કેમ [illegible] છે? [illegible] થતું [illegible] [illegible] કેવા [illegible] અને [illegible] અનેક [illegible] પ્રાપ્ત

આવી એમ ખાસ થઈ જણાય છે. અને આ કાળમાં દેહને ભસ્મ કરનારા તથા વિકટ તપશ્ચર્યાદિ કરનારા તથા શીતોષ્ણાદિ કાળે આતાપના લેનારા ઘણા જોવામાં આવે છે, છતાં તેઓને કોઇ પ્રકારની લબ્ધિ કે દેવ દર્શન વગેરે કાંઇ પણ પ્રાપ્ત થતું નથી તેનું શું કારણ ?

ઉત્તર—ગુરૂ—હે શિષ્ય ! તારૂં પ્રશ્ન ઘણુંજ ખુબી ભરેલુ છે પરંતુ તે વિષે હું તને સૂત્રના ન્યાયથી જણાવું તે સાંભળ આગળના સાધુઓ ઘણાજ સરળસ્વભાવી અને આત્માર્થી હતા જેથી સૂત્રોમાં તેમને पगइ भद्दयाए पगइ विणयाए पगइ मउए पगइ उवसंते साणुक्कोसीयाए अमच्छरियाए. એક તરફથી પ્રકૃતિના ભદ્રિક, પ્રકૃતિના વિનીત, પ્રકૃતિના સુકમાળ, સરળ, પ્રકૃતિના ઉપશાંત, અનુકંપાવંત, દયાળુ, મત્સર, અહંકાર અભિમાન રહિત એવા સ્વભાવવાળા—

બીજી તરફથી દશાશ્રુતસ્કંધ સૂત્રના પાંચમા અધ્યયનમા કહેલી ચોથી ગાથા પ્રમાણે વર્તણુંક ચલાવવાવાળાને દેવદર્શન થાય છ

પ્રશ્ન ૮૦—ઉપરનો પાઠ કયા સૂત્રમાં છે અને દશાશ્રુતસ્કંધમા શું કહ્યું છે તે જણાવશો ?

ઉત્તર—ઉપર કહેલો પાઠ ભગવતીજી વગેરે ઘણા સૂત્રોમા છે અને દશાશ્રુતસ્કંધમાં પાંચમા અધ્યયનમાં આ પ્રમાણે કહ્યુ છે. (ગાથા)

वंताहारस्स, विवित्तसयणासणं; अप्पाहारस्स दंतस्स देवाईसेइताइणो. ।४।

અર્થ—અંતપ્રાંત આહારનો કરનાર, પાપકર્મથી ઓહનાર, સ્ત્રી, પશુ, પંડગ (નપુંસક પાવર્ષાદિ) રહિત સ્થાનક પાટપાટલાદિ આસનો સેવનાર અર્થાત્ ચોખું બ્રહ્મચર્ય પાળનાર, અલ્પ આહારનો કરનાર, ઈંદ્રિયોનો દમનાર એવો હોય તેને દેવતા દર્શન દે છે.

અર્થાત્ આગળના ઉત્તમ પુરૂષો એવા સદ્ગુણોવાળા હતા કે તેઓની કહેલી તમામ કરણી ફળીભૂત થતી. તેનું મૂળ કારણ તો એજ છે કે તેઓ જે જે કરણી કરતા તે કાંઇ પણ પોતાના સ્વાર્થ વિના મોક્ષ પરમ ધર્મને એટલે મોક્ષ ફળનેજ હેતે એકાંત નિર્જરા અર્થે, નિરાશીભાવે કરતા તે પણ ખેદ રહિત આકુલિતપણે તથા સરલ અને મૃદુ પ્રકૃતિને લઈને લબ્ધ્યાદિ ગુણોની પ્રાપ્તિ અને દેવનાનું આવવું શીઘ્ર થતું.

પ્રશ્ન ૮૧—શું આ કાળમાં ઉપર કહ્યા પ્રમાણેના પ્રકૃતિ નહિ હોય?

ઉત્તર—નહિ હોય એમ કેમ કહી શકાય ? બહુરત્ના વસુંધરા. હજુ એ ઉત્તમ પુરૂષો પેદા થયા, થાય છે ને થશે. પંચમા આરાના છેડા સુધી

એકાવતારી જીવ હોવાનો સંભવ છે. પણ એવા સમદ્રષ્ટિ જીવ ભાગ્યેજ જોવામાં આવશે. વર્તમાન સમયનો વિચાર કરતાં જપતપાદિ ક્રિયાના કરવાવાળા નજરે પડે છે ખરા, પરંતુ તેમનું અંતઃકરણ ઉપર વર્ણવેલા ગુણોક્ત શુદ્ધ હોય એમ જણાતું નથી; ક્રિયા પ્રમાણે અંતઃકરણ શુદ્ધ હોય તો ફલીભૂત કેમ ન થાય? અવશ્ય થાય.

એક તુલસીદાસ નામના કવિએ કહ્યું છે કે—સબ ધન પત્થર કરી જાને, સબ સ્ત્રી માત સમાન; એટલું કર્યે પ્રભુ નહી મળે તો, તુલસીદાસ જમાન?

એ પ્રમાણે ધાત બનાવી તુલસીદાસ પોતાના ગુરૂ પાસે લઇ જ્યાં તેમના ગુરૂએ કહ્યું કે તારૂં જમાનપણું રહે તેમ નથી, કેમકે એવા તો દુનિયામાં ઘણા નીકળનારા જોવામાં આવે છે પણ દુર્લભ તો એ છે કે-સાંભળ—

સબ ધન તજ્યો સેહ હે, સેહ તજ્યો ત્રિયા નેહ;
પરનિંદા ને ઇર્ષા, તુલસી દુર્લભ તેહ. ૨.

પરાઇ નિંદા ને આપકી બડાઇ, પારકા સુખે દુઃખીયા અર્થાત્ કોઇનું ભલું સહન ન કરી શકે. તે ઇર્ષા—અદેખાઇ એટલે નિંદા ને ઇર્ષા તેણે આ દુનિયામાં ઉંડી જડ નાખી છે કે જેણે ત્યાગી તથા ભોગીનાં નામમાત્ર અંતઃકરણ મલીન કરી દીધા છે કે જેણે કરીને તેઓનાં સારા કૃત્યોનાં શુભ ફલ ભોગવવા દીધાજ નહિ. જુઓ તો ખરા કે એક સાધારણ માણસ ધર્મને વિષે કાંઇ પણ નહિ સમજતાં છતાં ફક્ત ભદ્રિક (સરલ) પ્રકૃતિને લઇને તેઓના આયુષ્યની વાતો, આગળથી કહી બતાવે છે ને તેઓના કહેવા પ્રમાણેજ આયુષ્યની હદ પુરી પડે છે તે પ્રમાણે વિકટ કષ્ટ સહન કરનાર કાંઇ પણ જાણે નહિ તે કેવી અજાયબી? અહિંયાં [illegible] કહેવું બને છે કે એવા આધ્યાત્મ જ્ઞાનની હાની થવાનું કારણ માત્ર [illegible], પરનિંદા ને ઇર્ષા એજ છે. એ પ્રમાણે જેની ટેવ હોય છે તે કદીપણ કે પરનિંદાથી દૂર થાતા નથી પણ શાસ્ત્રકાર તો ખુલ્લું કહે છે કે નિંદા તમામ શુભ કૃત્યોનો નાશ થાય છે. તો પછી 'કૈવલ્યજ્ઞાન' તો ક્યાંથી થાય? અને ઋદ્ધિની આશા હોયજ શાની?

પ્રશ્ન ૮૬—નિંદા, ઇર્ષા અને મત્સર આદીને સાંભળવાથી [illegible] ઉત્પન્ન શું ફળ પ્રાપ્ત થાય છે?

ઉત્તર—ધર્મવિચાર નામના પુસ્તકમાં પાને ૩૬ મે કહ્યું છે કે—ક્રોધ કરવાથી, અને પરનિંદા કરવાથી, જીવ અશુભ કર્મ ઉપાર્જન કરે છે

ઉપદેશમાળામાં કહ્યું છે કે—परदोसे जपंतो न लहइ. अत्थं जसं न पावइ; सुयणं-विकुणइसत्तुं, बंधइ कम्मंमहाघोरं. १.

ભાવાર્થ—ચેતન પારકાનાં દૂષણો કાઢનો છતો અર્થ કંઇ પામતો નથી અને પારકાના અપવાદ-દૂષણો બોલતો છતો યશકીર્તિ પામી શકતો નથી અને નિંદા કર્યાથી સજ્જન, મિત્રને પણ નિંદક પુરૂષ શત્રુ કરે છે, અને પરદોષ બોલતો છતો મહા ઘોરકર્મ બાંધે છે. વળી અદેખાઇ દ્વેષ વિના સંસારની કારણીભૂત એવી પારકાના દૂષણની કથા થતી નથી, એ માટે નિંદકપણું વર્જવું. માણસ ધારે છે કે પારકાના દૂષણ કાઢીશ એટલે મારી મોટાઇ થશે પણ જાણતો નથી કે-કોયલા ચાવ્યે લાલ મુખ કદી થાય નાહ. કાળુંજ મુખ થાય. તેમ પારકી નિંદાથી પોતાની મહત્તા ઓછી થાય છે, અને પરભવમાં દારૂણ દુ:ખ ભોગવવું પડે છે, માટે આત્મહિતાર્થી જીવે પરનાં દૂષણ કદી ઉચ્ચારવા નહિ. વળી જીવે માયા પણ કરવી નહિ. કપટથી હજારો વર્ષ સુધી ચારિત્ર પાળ્યું હોય છે તો પણ નિષ્ફળ થાય છે. માસ માસને અંતે પારણું કરે, અને લુખું અન્ન વોહરે પણ જો મનમાં કપટ છે તો તેથી અનંત વખત જન્મ મરણ થશે. ભૂમિશયન કરવું, કેશલુંચન કરવું તે પણ શું કરે છે. પણ માયાનો ત્યાગ કરવો દુષ્કર છે. (ઇતિ)

એટલે ગમે તેવી ક્રિયા કરે, ગમે તેવા તપ તપે પણ જ્યાં સુધી કપટ, નિંદા ને ઇર્ષાનો ત્યાગ નથી કર્યો ત્યાં સુધી તેની કરેલી તમામ ક્રિયા નિષ્ફળ થાય છે કે જેથી ઉત્તમલબ્ધિ કે દેવદર્શન વગેરે કાંઇપણ ચમત્કારી બાબત પ્રગટ થઇ શકતી નથી.

પ્રશ્ન ૮૩—સાધુને કેટલા પ્રકારની ભાષા અવશ્ય વર્જવી જોઇએ ?

ઉત્તર—પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં સંવરદ્વારમાં અધ્યયન બીજે કહ્યું છે કે સૂત્રપાઠ—

सर्वंपिवसंजमस्स उवरोहकारकं किंचिनवत्तव्वं, हिंसा, सावज्जंसंपउत्तं भेद-विकहंकारकं; अणत्थवायं, कलहकारकं अणज्जं, अववायविवादसंपउत्तं वेलंबउज्जं धेजबहुलं, निलज्जलोयगरहणिज्जं दुहिठं, दुसुयं, दुमुणियं, अप्पणो थवणा परेसुनिंदा.

અર્થ—સત્ય વચન હોય તોપણ, સંયમને બાધા ઉપજાવે તેવું વચન હોય તો અલ્પ માત્ર પણ બોલવા યોગ્ય નથી. તે કેવા પ્રકારનાં વચન કે હિંસાકારી વચન સાવદ્ય પાપ સહિત વચન, સંપ્રદાયમાં અંદરોઅંદર તથા જ્ઞાનાદિકને ભેદકારી વચન, ચાર પ્રકારની તથા સાત પ્રકારની વિકથારૂપ

વાર્તાનું વચન, અનર્થકારી વચન, કલેશ ઉત્પન્ન થાય તેવું વચન, અનાર્ય-નીપેરે વચન, અપવાદકારી વચન, વિવાદકારી વચન, વિવાદ વચન, વિટંબણાકારી વચન, દ્વેષકારી વચન, લજ્જા રહિત વચન, લોક નિંદે તેવું વચન, દુષ્ટ દીઠું તે વચન, દુષ્ટ સાંભળ્યું તે વચન, આ દુષ્ટ અજાણ પુરૂષ છે અથવા આ દુષ્ટ સાધુ છે, આપણી સ્તુતિ અને પરનિંદા ન બોલે અર્થાત્ એ કહેલી તમામ એવા પ્રકારની ભાષા સાધુને બોલવી કલ્પે નહિ.

પ્રશ્ન ૮૪—ઉપર વર્જેલી ભાષાને કદિ કોઇ સાધુ બોલે તો તેને ભગવંતે કેવો કહ્યો છે?

ઉત્તર—ભગવંતે જે ભાષા વરજી છે, જે વચન બોલવાનો નિષેધ કરેલ છે છતાં તેવા પ્રકારની ભાષા તેવા પ્રકારનાં વચનોનો બોલણહાર હોય તેના માટે ભગવંતે કહ્યું છે કે—

नसीमेहावीण, नसीधणो + + + नसीपीयधम्मो, नतंकुलीणो, नसिदाणपति, नतंसिसूरो, नतंपडिरूवो, नतंसिलद्धो, + + + नतंपंडियो; नबहुसुयो, नवियतंतवस्सी,

અર્થ—તે પુરૂષ બુદ્ધિવંત નહિ, સારરૂપ ધનનો લેણહાર નહિ તથા તે ધન્યવાદને પાત્ર નહિ, તે પ્રિયધર્મી નહિ, તે નિર્મળજાતિનો કુળવંત નહિ, તે દાતાર નહિ, તે શૂર નહિ, તે ભલો રૂપવંત (સારા વેષનો ધણી) નહિ, તે સૌભાગ્યવંત તે રૂડા આચારવાળો નહિ, તે પંડિત નહિ, + + + તે બહુ સૂત્રી નહિ, તે તપસ્વી પણ નહિ, અર્થાત્ તેને કોઇ પ્રકારે સદ્ગુણી કહેવો નહિ.

પ્રશ્ન ૮૫—ઉપરોક્ત (પૂર્વે કહેલા) વચનના બોલનારને કેવું ફળ હોય?

ઉત્તર—नयावीपरलोग, ननिछियमतिसी, ÷ ÷ ÷ सव्वकालंजातिकुलरूव, वाहीरोगेणवाविजंहोइ, वज्जणीजं, दुहओ; उवयारमतिक्कांत.

અર્થ—વળી તેજ સૂત્રમાં તેજ અધિકારે કહ્યું છે કે પૂર્વે વર્જેલા વચનના બોલનારને કેવાં ફળ હોય કે-આ ભવને વિષે નથી શ્રેયકારી મતિ જેની એવો, અને સર્વ કાળ વિવિધ પ્રકારના રોગે કરી આકુલ, અને પરભવને વિષે ભલી જાતિ, ભલું કુળ, ભલું રૂપ, શુભ ગનાયતી એટલાં વાનાં ન પામે એવા બેય પક્ષનો (આ ભવ અને પરભવનો) વર્જનિક તે પુરૂષ હોય.

પ્રશ્ન ૮૯—નિંદાના કરનારને કયા કયા દોષ લાગુ થાય છે? તે વ્રતનો આરાધક કહેવાય કે નહિ?

ઉત્તર—પ્રશ્નવ્યાકરણ સૂત્રના સંવરદ્વારના ત્રીજા અધ્યયનમાં નિંદકોને તેર દોષની પ્રાપ્તિ કહી છે, ને તે વ્રતનો આરાધક થતો નથી તે સૂત્ર પાઠથી જણાવીએ છીએ,

परपरीवाउ, परस्सदोसो । + – परस्सनासेइ, जंचमुरुयं दाणम्मय अंतराइयं, दाणविप्पणासो, पेसुणंचेव, मछरियं, + + + सद्करे झझकरे, कलहकरे, वैरकरे, विगहकरे, निघरोसी, सेसारोसए नाराहएवयमीणं.

અર્થ—પારકા અવર્ણવાદનો બોલનાર (નંદક) પારકા દોષનો પ્રગટ કરનાર ૧ ભલા દીપેલા દાનનો અંતરાય પાડનાર ૨, દાનનો નાશ કરનાર ૩ અનેરાની ચાડી કરનાર ૪, મત્છર ભાવ ધરનાર ૫ + + + આક્રોશ વચને બોલનાર ૬, ઝગડાનો કરનાર ૭. કલેશનો કરનાર ૮, વેરનો કરનાર ૯, વિગ્રહનો કરનાર ૧૦, અસમાધિનો કરનાર ૧૧, નિરંતર ગાઢ વેરનો વધારનાર ૧૨ નિરંતર સદાય રોષનો ધરનાર ૧૩ એવો પુરૂષ વ્રતને આરાધે નહિ. ઇતિ.

દશાશ્રુતસ્કંધ સૂત્રમાં નિંદા કરનારને મોટો અસમાધિયો અને પુંઠના માંસનો ખાનાર કહ્યો છે.

શાસ્ત્રના આધાર પ્રમાણે વિદ્વાન્ પુરૂષો કહે છે કે—

દોહરા.

નિંદક સરખો નહિ પાપીયો, તામેં તેરે દોષ;
દુજે સંવરે દેખ લો, દીનુવિધ ભાગે મોક્ષ. ૧.
સંજમ પાળે સિદ્ધ ભજે, શીયળ ન ખંડે રેખ;
તબલગ મુક્તિ ચેગની, જબલગ રાગ ને દ્વેષ ૨.

જ્યાં સુધી આત્મા નિર્મળ થયો નથી, પારકી ખટપટ મૂકી નથી, રાગદ્વેષથી ન્યારો થયો નથી, નિંદા, ક્રોધ, વેર, ઇર્ષા, મદ, મોહ, માયા, (કપટ) મત્સર, કુસંપ, કલેશ, વિશ્વાસઘાત, અને કૃતઘ્નપણું આદિ દુર્ગુણો ને દેશવટો દીધો નથી ત્યાં સુધી ગમે તેટલી ક્રિયા કરવામાં આવે, ગમે તેટલો આચાર પાળે, ગમે તેટલો તપ તપે ગમે તેવાં વ્રત, નિયમ, પચ્ચખાણ કરે કે ગમે તેવાં અંતપ્રાંત લુખા અને તુચ્છ આહાર કરે. અને કાયાને બાળીને ભસ્મ કરી નાખે પણ એ બધું છાર ઉપર લીંપણું છે.

માટે હે ભાગ્યવંતો! તમારી કરેલી કમાણીને લેખે લગાડવી હોય તો અંતરના દોષોને દૂર કરી તમારા હૃદયને નિર્મળ કરો. સમભાવ દશા ધારણ કરો. ક્ષાંત્યાદિક ઉત્તમ ગુણોને અંગીકાર કરો, પોતાના અને પરના આત્માને શાંત ભાવનાથી શુદ્ધ કરો. સંસારની ખટપટ અને સંસારીક કુકર્મોને દૂર કરી તે બંધનથી આત્માને મુક્ત કરી, દરેક ઠેકાણે શાંતિના ને બોધના બીજ રોપાવો કે જેથી તમારા અને અનેરા ઘણા જીવોનો ઉદ્ધાર થાય.

પ્રશ્ન ૮૭—નિંદાના કરનાર કેવી બુદ્ધિવાળા હોય છે?

ઉત્તર—સન્માર્ગ પ્રકાશમાં પાને ૪૧૯ મે કહ્યું છે કે—नवेत्ति यो यस्य गुणप्रकर्षं, स तस्य निन्दां सततं करोति; यथा किराती करिकुम्भजाता, मुक्ताः परित्यज्य बिभर्ति गुञ्जाः ॥ सू० मा० अ० ११। श्लो० १२॥

અર્થ—જે જેના ગુણ નહિ જાણતા હોય તેની નિંદા નિરંતર કરે, [illegible] ભીલ ગજમુક્તાઓ છોડ ગુંજાકા આર પહિન [illegible]

પ્રશ્ન ૮૮—આપની પ્રશંસા પરની નિંદાનું શું ફળ?

ઉત્તર—[illegible] મુનિ [illegible] પાને ૮૨ મે કહ્યું છે કે-[illegible]

[illegible]

[illegible]

સૂર્ય તપે ત્યાં સુધી તે ત્યા રહે છે. અર્થાત્ જેટલી ચંદ્ર સૂર્યની
હોય તેટલો કાળ વિશ્વાસઘાતી નરકમાં રહે

પ્રશ્ન ૯૦—કરેલા ઉપકારના ઓળવનાર અથવા ઉપકારના
અપકાર કરનાર કૃતઘ્નીને શું ફળ પ્રાપ્ત થાય ?

ઉત્તર—નીતિશાસ્ત્રમા કહું છે કે–मेरु नगस्यनभारा, नभारासम
कृतमस्यमहाभारा, महाभारा विश्वासघातकः ॥१॥

પૃથ્વી એમ કહે છે કે મને મેરૂ પર્વતનો ભાર નથી તેમ
સાત સમુદ્રનો ભ ર નથી, પરંતુ આ પૃથ્વીપર કૃતઘ્ની (કરેલા ઉપ
ઓળવનાર અથવા અવળો બદલો આપનાર), અને વિશ્વાસ ઘાતી તે
મારી પીઠપર બોજારૂપે થઇ પડે છે, તેનો મને મહા ભાર લાગે છે. આ
એવા પ્રાણીઓ આ દુનિયામા ભારભૂત છે

પ્રશ્ન ૯૧—કૃતઘ્ની કોણ હોઇ શકે ?

ઉત્તર—પાંડવનું ઉત્તર ચરિત્ર પ્રકરણ ત્રીજું પાને ૨૮ મે કહું છે કે
हीनेकुले मजातो भवति कुधीः कातरो भवति, उपकारिण्यपकर्तानभवति, भूविजा
जदन्य.—

અર્થ—જે માણસ નીચ કુળમાં જન્મ્યો હોય તે કુબુદ્ધિવાન અને
બીકણ થાય પરંતુ ઉપકાર કરનારનો જે અપકાર કરે તે જાર પિતાથી
ઉત્પન્ન થયેલા વિના બીજો હોતો નથી.

પ્રશ્ન ૯૨—ચાંડાલ કેટલા પ્રકારના ?

ઉત્તર—નીતિશાસ્ત્રમાં પાચ પ્રકારના ચાંડાળ કહ્યા છે તે એ કે શ્લોક—
कूटसाक्षी सुहृद्द्रोही, कृतघ्नदीर्घरोषण; चत्वारकर्मचाडालाः पंचमोजाति समव. १

અર્થ—ખોટી શાક્ષી પૂરનાર ૧, રૂડા હૃદયવાળા ઉપર દ્રોહ કરનાર
૨, કૃતઘ્ની ૩, લાંબો કાળ રોષ રાખનાર ૪, આ ચાર પ્રકારના કર્મ ચાંડાલ
તે કર્તવ્યે કરીને ચાંડાલપણું પામે છે અને પાંચમો ચાંડાળની જાતિમાં
ઉત્પન્ન થયેલ તે પણ ચાંડાળ કહેવાય છે

પ્રશ્ન ૯૩—ગુરૂ કે મિત્ર ઉપર દ્રોહ રાખનાર કૃતઘ્ની અને વિશ્વાસ-
ઘાતના કરનારને શુ ફળ ?

ઉત્તર—નીતિશાસ્ત્રમાં કહ્યુ છે કે–गुरु(मित्र)द्रोही कृतघ्नश्च, तथा विश्वास-
घातकः; सयातिनरकंघोर, यावत्चंद्र दिवकरौ. १.

અર્થ—ગુરૂ અથવા મિત્ર ઉપર દ્રોહ કરનાર, કૃતઘ્ની તથા વિશ્વાસ-
ઘાતી, આવા જે મનુષ્યો હોય છે તે મરીને ઘોર નરકમાં ઉત્પન્ન થાય છે,
અને જ્યા સુધી ચદ્ર સૂર્ય તપે ત્યાં સુધી તે નરકમાં મહા દુઃખ ભોગવે

સૂર્ય તપે ત્યાં સુધી તે ત્યાં રહે છે. અર્થાત્ જેટલી ચંદ્ર સૂર્યની સ્થિતિ હોય તેટલો કાળ વિશ્વાસઘાતી નરકમાં રહે.

પ્રશ્ન ૯૦—કરેલા ઉપકારના ઓળવનાર અથવા ઉપકારના બદલે અપકાર કરનાર કૃતઘ્નીને શું ફળ પ્રાપ્ત થાય ?

ઉત્તર—નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે–मेरु नगस्यनभारा, नभारासप्तसागरा, कृतघ्नस्यमहाभारा, महाभारा विश्वासघातका: ॥१॥

પૃથ્વી એમ કહે છે કે મને મેરૂ પર્વતનો ભાર નથી તેમ પણ સાત સમુદ્રનો ભાર નથી, પરંતુ આ પૃથ્વીપર કૃતઘ્ની (કરેલા ઉપકારને ઓળવનાર અથવા અવળો બદલો આપનાર), અને વિશ્વાસ ઘાતી તે બન્ને મારી પીઠપર બોજારૂપે થઇ પડે છે, તેનો મને મહા ભાર લાગે છે અર્થાત્ એવા પ્રાણીઓ આ દુનિયામાં ભારભૂત છે

પ્રશ્ન ૯૧—કૃતઘ્ની કોણ હોઇ શકે ?

ઉત્તર—પાંડવનું ઉત્તર ચરિત્ર પ્રકરણ ત્રીજું પાને ૨૮ મે કહ્યું છે કે–हीनेकुले प्रजातो भवति कुधी: कातरो भवति; उपकारिण्यपकर्तानभवति, मूविजार जदन्य.—

અર્થ—જે માણસ નીચ કુળમાં જન્મ્યો હોય તે કુબુદ્ધિવાન અને બીકણ થાય પરંતુ ઉપકાર કરનારનો જે અપકાર કરે તે જાર પિતાથી ઉત્પન્ન થયેલા વિના બીજો હોતો નથી.

પ્રશ્ન ૯૨—ચાંડાલ કેટલા પ્રકારના ?

ઉત્તર—નીતિશાસ્ત્રમાં પાંચ પ્રકારના ચાંડાળ કહ્યા છે તે એ કે શ્લોક–कूटसाक्षी सुहृद्द्रोही, कृतघ्नदीर्घरोषणं; चत्वारकर्मचांडाला: पंचमोजाति समरं. १

અર્થ—ખોટી શાક્ષી પૂરનાર ૧, રૂડા હૃદયવાળા ઉપર દ્રોહ કરનાર ૨, કૃતઘ્ની ૩, લાંબો કાળ રોષ રાખનાર ૪, આ ચાર પ્રકારના કર્મ ચાંડાલ તે કર્તવ્યે કરીને ચાંડાલપણું પામે છે અને પાંચમો ચાંડાળની જાતિમાં ઉત્પન્ન થયેલ તે પણ ચાંડાળ કહેવાય છે

પ્રશ્ન ૯૩—ગુરૂ કે મિત્ર ઉપર દ્રોહ રાખનાર કૃતઘ્ની અને વિશ્વાસઘાતના કરનારને શું ફળ ?

ઉત્તર—નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે–गुरु(मित्र)द्रोही कृतघ्नश्च, तथा विश्वासघातक:; सयातिनरकंघोरं, यावत्चंद्र दिवकरौ. १.

અર્થ—ગુરૂ અથવા મિત્ર ઉપર દ્રોહ કરનાર, કૃતઘ્ની તથા વિશ્વાસઘાતી, આવા જે મનુષ્યો હોય છે તે મરીને ઘોર નરકમાં ઉત્પન્ન થાય છે અને જ્યાં સુધી ચંદ્ર સૂર્ય તપે ત્યાં સુધી તે ત્યાં...

પ્રશ્ન ૯૪—ગુર્વાદિકથી માયા કપટ સેવનાર અને અવર્ણવાદ બોલનારને શું ફળ?

ઉત્તર—ઉત્તરાધ્યયનના ૩૬ મા અધ્યયનમાં કહ્યું છે કે-नाणस्सकेवलीणं, धम्मायरियस्ससंघसाहूणं; माई अवण्णवाई, किब्बिसियंभावणं कुणइ ।१६४ (વાડીલાલવાળા ઉત્તરાધ્યયનમાં)

અર્થ—જ્ઞાની, કેવળી, ધર્મગુરૂ, ધર્માચાર્ય, ધર્મ ઉપદેશના દેનાર ધર્મ પમાડનાર તથા ચતુર્વિધસંઘ અને સાધુ એટલા જણથી માઇલાવે વરતી કપટ રાખી તેમના અવર્ણવાદ બોલે-વાંકાંબોલે-નિંદા કરે, અપજશ બોલે તે કિલ્વીષીની ભાવના ભાવનારો કહીએ. એટલે તે મરીને કિલ્વીષી જાતના (ચાંડાલ જાતના) દેવતા થાય.

તે ઉપરાંત ભગવતીજીમાં કહ્યું છે કે—અનંતો સંસાર પરિભ્રમણ કરે.

અને નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે—ગુર્વાદિકનાં વાંકાં બોલી તેમના માનનો ભંગ કરે તેને વગર શસ્ત્રે પણ શસ્ત્રે કરી વધ કરવા જેટલો દોષ લાગે.

પ્રશ્ન ૯૫—એક પણ અક્ષરના દાતારને ગુરૂપદે ન માને તેને શું ફળ?

ઉત્તર—નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે-एकाक्षरपदातारं, सोपिगुरुनमन्यते; श्वानयोनिशतंगत्वा, चांडालोविचजायते. ॥१॥

અર્થ—એક પણ અક્ષરના દાતારને ગુરૂપદે ન માને તે શ્વાનની યોનિમા સો વાર ઉત્પન્ન થાય છે અને પછી વારંવાર ચાંડાલપણાને પામે છે.

પ્રશ્ન ૯૫—ગુરૂનો ત્યાગ કરનારને શું ફળ?

ઉત્તર—નીતિશાસ્ત્રમાં કહ્યું છે. કે-गुरुत्यागेभवेत् दुःखी, मंत्रत्यागेदरिद्रता, गुरुमंत्रपरित्यागो, मृत्योपिनरकंत्रजेत् . ॥१॥

અર્થ—ગુરૂનો ત્યાગ કરનાર તે દુઃખી થાય છે અને મંત્ર એટલે ભગવત્ સ્મરણનો ત્યાગ કરવાથી દારિદ્રપણું પ્રાપ્ત થાય છે. ગુરૂ અને મંત્ર બન્નેનો ત્યાગ કરનાર મરીને નરકમાં જાય છે

પ્રશ્ન ૯૭—અવિનીતનાં લક્ષણ શું? અને તે કેવાં ફળને પામે?

ઉત્તર—દશવૈકાલિક સૂત્રના ૯ મા અધ્યયનના પહેલા ઉદ્દેશામાં મંડાતાં પહેલી ગાથામાં કહ્યું છે કે-थंभावकोहावमयप्पमाया, गुरुस्सगासेविणयंनसिक्खे; सोचेवओ तस्स अभूइ भावो, फलंवकीयस्सवहायहोइ.

અર્થ—જે સાધુ અભિમાની હોય, ક્રોધી હોય, મદવંત હોય, અને પ્રમાદી હોય તે ગુરૂની પાસેથી વિનયથી જ્ઞાન લે નહિ. તે અભિમાની થકો ગુરૂ પ્રત્યે અભાવે વર્તે તેવાઓ વાંસના ફળની પેઠે વિનાશ પામે છે. અર્થાત જ્ઞાનનો નાશ થવા સાથ પોતાનું પતિત થવાપણું થાય છે. એટલે અભિમાની

જીવો ગુરૂ વિમુખી થકા દુર્ગતિને પામે છે. (આ અધ્યયનમાં વિનીત અ-વિનીતના ગુણદોષનું સ્વરૂપ સારી રીતે જણાવવામાં આવ્યું છે).

પ્રશ્ન ૯૮—વિનયમાં કેવા ગુણો રહ્યા છે ?

ઉત્તર—સાંભળો, શાસ્ત્રમાં કહ્યું છે કે-ગાથા—

विणयाओ जिणसासनमूलो, विणयाओ संजमोतवो, विणओ विप्पमुक्कस, कओधम्मो कओतवो. ॥१॥

અર્થ—વિનય જે છે તે જિન શાસનનું મૂળ છે, વિનય એજ સંયમ અને તપ છે જે પ્રાણી વિનયને મૂકે છે અર્થાત્ વિનયથી ઉપરાંઠો થાય છે તેને ચારિત્રરૂપ ધર્મ અને તપ શું કામનો છે ? વિનય ગુણ વિનાના એ સર્વે નિષ્ફળ છે માટે આત્માર્થી જીવે વિનય મૂકવો નહિ

પ્રશ્ન ૯૯—ઉપકારીનો ગુણ ઓશીંગણ ક્યારે થાય ?

ઉત્તર—ઠાંણાગઠાણે ૩ જે, ઉદ્દેશે ૧ લે કહ્યું છે કે-શેઠનો વાણોતર માતાપિતાનો પુત્ર અને ગુરૂનો શિષ્ય, પોતાનું શરીર સંપદા તમામ અર્પણ કરે આખી જીંદગી સુધી તોપણ ગુણ ઓશીંગણ થાય નહિ. તેના ઉપકારનો બદલો વળે નહિ; પરંતુ તેને સમકિત પમાડે, ધર્મ પમાડે. અને તેમનો અંતસમય સુધારી તેમના આત્માને શાંતિ પ્રાપ્ત કરે આરાધિકપદ પમાડે ત્યારે તે ગુણઓશીંગણ થયો કહેવાય.

પ્રશ્ન ૧૦૦—વૈડાલવૃત્તિવાળા મનુષ્યોની પ્રકૃતિઓ કેવા પ્રકારની હોય છે ?

ઉત્તર—નીતિશાસ્ત્રમાં જ્યાં પાખંડીઓનાં લક્ષણ જણાવ્યાં છે ત્યાં કહ્યું છે કે-धर्मध्वजीसदालुब्धः छाद्मिकोलोकदम्भकः ; वैडालवृतिकोज्ञेयो, हिंस्रसर्वाभीसन्धकः १.

અર્થ—(ધર્મધ્વજી) ધર્મ કંઇપણ ન કરે પરંતુ ધર્મને નામે લોકોને ઠગે (સદા લુબ્ધ) સર્વદા લોલે કરી યુક્ત (છાદ્મિક) કપટી (લોકદંભકઃ) સંસારી મનુષ્યની પાસે પોતાની બડાઇના ગપોડા માર્યા કરે, (હિંસ:) પ્રાણીઓનો ઘાતક અન્ય સાથે વૈરબુદ્ધિ રાખવાવાળો. (સર્વાભીસન્ધકઃ) સારા અને નરતા સર્વ સાથે મળતીયાપણું રાખે તેને (વૈડાલવ્રતીક) બિડાલ સમાન અર્થાત બિલાડી જેવી વૃત્તિવાળો ધૂર્ત અથવા નીચ સમજો ૧.

પ્રશ્ન ૧૦૧—બગવૃત્તિવાળા મનુષ્યોનું શું લક્ષણ ?

ઉત્તર—अधोदृष्टि नैष्कृतिकः, स्वार्थसाधनतत्परः ; शठोमिथ्या विनीतश्च, बकव्रतचरोनराः ॥१॥ .

અર્થ—(અધોદૃષ્ટિ:) પોતાની કીર્તિને માટે નીચે દૃષ્ટિ રાખે (નૈ-ષ્કૃતિકઃ) ઈર્ષ્યક કોઇએ તેનો કિંચિત્ પૈમાત્રાર અપરાધ કર્યો હોય તો

તેના બદલામાં સામાના પ્રાણ લેવા સુધી તત્પર થાય, (સ્વાર્થ
ચાહે કપટ અધર્મ વિશ્વાસઘાત કેમ ન હોય, પરંતુ પોતાનું
પોતાનું કાર્ય સાધવામાં ચતુર હોશિયાર (શઠઃ) ચાહે પોતાની
કાં ન હોય, પરંતુ હઠ કદી ન છોડે. (મિથ્યાવિનીતઃ) મૂંડ મૂં
ઉપરથી શીલ સંતોષ ને સાધુતાદિ બતાવે તેને (બકવ્રત) બગલા
નીચ સમજે, એવા એવાં લક્ષણોવાળા (નરાઃ) મનુષ્યો પાખંડી હો
તેનો વિશ્વાસ કે સેવા કદી કરવી નહિ. અર્થાત્ તેનો સંગ પણ ન
અને તેવાઓના વિશ્વાસે તો કદી પણ રહેવુંજ નહિ.

પ્રશ્ન ૧૦૨—અન્યાય અધર્મમાં ચાલવાવાળાને તેનો બદલો
મળતો નથી ?

ઉત્તર—એ તો આપણી સમજમાં ફેર છે આપણી દૃષ્ટિએ ન આ
તેથી એમ સમજવું નહિ કે અધર્મીને બદલો નથી મળતો. જેમ કોઇ બીજ
વાવવામાં આવે છે તેનું ફળ તેની મુદત પાકયે મળે, તેમ અન્ય અધર્મના
કરવાવાળાને તેનો બદલો તેના કર્મની મુદતે અવશ્ય મળે છે. ઉવવાઈ
સૂત્રમાં કહ્યું છે કે-सुचिणाकम्मा सुचिणफलाभवंति दुचिणाकम्मा दुचिणफला
भवंति. સુકૃતના કરવાવાળાને શુભ ફળ અને દુઃકૃતના કરવાવાળાને દુષ્ટ ફળ
હોય છે. ઉત્તરાધ્યયનના ચોથા અધ્યયનમાં કહ્યું છે કે-कडाणकम्माणनमोक्ख
अत्थि. કરેલાં કર્મનો આ ભવે કે પરભવે મુદત પાકયે ઉદય આવ્યે તેનાં
ફળ ભોગવ્યા વિના છૂટકો નથી. વળી નીતિશાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

नाधर्मश्चरितोलोके, सद्यः फलतिगौरीव; शनैरावर्त्तमानस्तु, कर्त्तुर्मूलानि-
कृन्तति. १

અર્થ—કરેલું અધર્મ નિષ્ફળ કદી હોતું નથી, પરંતુ જે સમય
અધર્મ કરે તેજ સમય તેનું ફળ મળતું નથી. તેણે કરીને અજ્ઞાની લોક
અધર્મથી ડરતા નથી તથાપિ નિશ્ચય જાણો કે તે અધર્માચરણ ધીરે ધીરે
અધર્મીના સુખોનાં મૂળોને કાપતું ચાલ્યું જાય છે.

अधर्मेणैधतेतावत्, ततोभद्राणिपश्यति; ततः सपत्नाञ्जयति, समूलस्तु
विनश्यति. २.

અર્થ—અધર્માત્મા મનુષ્યધર્મની મર્યાદા છોડી મિથ્યા ભાષણ, કપટ,
પાખંડ, રક્ષણ કરનારને વિટંબના, ધર્મશાસ્ત્રનું ખંડન તથા વિશ્વાસઘાતાદિ
કર્મોવડે ધનાદિ પદાર્થોએ પ્રથમ તો વૃદ્ધિ પામે પશ્ચાત્ ધનાદિ ઐશ્વર્યવડે
ભોજન, પાન, વસ્ત્ર, આભૂષણ, યાન, સ્થાન, માન, પ્રતિષ્ઠાદિ પ્રાપ્ત થાય છે.
અન્યાયથી શત્રુઓને પણ જીતે છે. પશ્ચાત્ શીઘ્ર નષ્ટ થઇ જાય છે. જેમ
મૂળમાંથી કાપેલું વૃક્ષ નાશ પામે છે તેમ અધર્મી પણ નાશ પામે છે.

પ્રશ્ન ૧૦૩—એક માણસે અધર્મથી પાપ કરી મેળવેલું ધન, તેના ભોક્તા તેના કુટુંબ વગેરે તે પાપના ભાગીદાર થાય કે કેમ?

ઉત્તર—જેણે પાપથી-અધર્મથી ધન મેળવ્યું છે તેમા જેની મન, વચન કે કાયાથી જેટલે જેટલે અંશે સમ્મતિ હોય તેવા પ્રકારના તે તે જીવ ભાગીદાર થાય છે પણ અધર્મથી કરેલા પાપનો બોજો તો પોતાનેજ માથે ચઢે છે. તેના ફળ તો પોતાનેજ ભોગવવા પડે છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ચોથા અધ્યયનની ૪ થી ગાથામા કહ્યું છે કે-

संसारमावन्न परस्स अट्ठा, साहारणं जंच करेइकम्मं; कम्मस्स ते तस्सउवेयकाले, नबंधवाबंधवयंउवेंति. ॥४॥

અર્થ—કોઇ મનુષ્ય સંસારને વિષે પોતાના (મિત્ર, પુત્ર, કલત્ર બાંધવાદિ) અર્થે અથવા પારકાને અર્થે કાંઇ કૃત્ય કરે છે તે કર્મફળના વિપાક સમયે (ફળ ભોગવવા ટાણે) સગા સગાપણું સાચવતા નથી પણ અળગા જઇને ઉભા રહે છે (અર્થાત્) પોતાની કર્મબંધનરૂપ કમાઇ જીવને પોતાનેજ ભોગવવી પડે છે.

તેમજ અન્યશાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

एकः प्रजायतेजन्तु, रेकएव प्रलीयते; एकोनु भुङक्ते सुकृत, मेक एव दुष्कृतम्. १. ॥ मनु० ४ ॥ २४० ॥

અર્થ—જુઓ એકલોજ જીવ જન્મ અને મરણને પ્રાપ્ત થાય છે. અને એક પોતેજ ધર્મનું ફળ જે સુખને અધર્મનું ફળ જે દુઃખ તેનો ભોક્તા થાય છે.

વળી મહાભારતે ઉદ્યોગ પ૦ પ્રજાગર પ૦ અધ્યાય ૩૨ મે કહ્યું છે કે—

एकः पापानिकुरुते, फलंभुङक्ते महाजनः; भोक्तारो विप्रमुच्यन्ते, कर्त्तादोषेणलिप्यते. १.

અર્થ—અહિંયાં સમજો કે કુટુંબમાં એક પુરૂષ પાપ કરીને પદાર્થ લાવે છે અને ઘણાં જન અર્થાત્ સર્વ કુટુંબ તેના ભોક્તા થાય છે, પરંતુ ભોગવવાવાળા દોષભાગીદાર થાતા નથી, પણ અધર્મના કરનાર પોતેજ દોષના ભાગી થાય છે.

પ્રશ્ન ૧૦૪—જે કુટુંબમાં કુસંપ-કલેશ હોય તે કુટુંબની શી દશા થાય?

ઉત્તર—તે વિષે નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે—

प्रतापोगोरवं पूजा, श्रीयशः सुखसंपदा; कुलेतावत्प्रवर्धन्ते, यावन्नोत्पद्यते कलि. १.

અર્થ—કુટુંબની અંદર જ્યાંસુધી કુસંપ કલેશ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી પ્રતાપ, મહત્તા, માન્યતા, લક્ષ્મી, કીર્તિ, સુખ અને સંપતિનો વધારો થાય છે. પરંતુ જ્યારથી કુસંપ પેદા થાય છે. ત્યારથીજ એ સાત વસ્તુઓ ક્ષય રોગની પેઠે ન્યૂનતાને ભજતી થોડા વખતમાં પ્રલય દશાને આધીન થાય છે.

कलितो आयते क्रोधः; क्रोधाद्द्वेषः प्रवर्द्धते; आत्मघात पराघात, स्ततो-गच्छत्यधोगतौ. ॥२॥

અર્થ—કુસંપથી ક્રોધાગ્નિ જાજ્વલ્યમાન થાય છે, તેથી દ્વેષની વૃદ્ધિ થાય છે. દ્વેષથી આત્મઘાત તેમજ બીજાનો વધ કરવામાં પ્રવૃત્તિ થાય છે. અને તેથીજ નરક ગતિમાં જાય છે.

પ્રશ્ન ૧૭૫—દુષ્ટ જનના સંગથી આત્માને શું ફળ પ્રાપ્ત થાય છે?

ઉત્તર—નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે—

શ્લોક.

कुसंगसंगदोषेण, साधवोयान्ति विक्रियां; एकरात्रिप्रसंगेन काष्ठघंटा विडंबना ॥१॥

અર્થ—કુસંગથી એવા દુષ્ટ જનના સંગથી સારા માણસોને વિક્રિયા [illegible] છે અને તેમાંથી વિક્રિય કેવા મોટી આપદામાં ઉતરવું થાય છે. [illegible] તરીકે, મોટી એવી ગાયને એક રાત્રિનો દુષ્ટ ગધેડાનો સંગ થવાથી [illegible] ડંગો પડ્યો અને મોટી વિટંબણામાં ભિખારી ગરીબી [illegible] થયું.

[illegible] ઉત્તર [illegible] પૃષ્ઠ ૨૮ મે શ્રીકૃષ્ણ [illegible] કહે છે કે—

[illegible], [illegible] दुष्टजनैः [illegible];

[illegible], [illegible] ?

[illegible]

[illegible] શ્લોકમાં કહ્યું છે કે [illegible]

[illegible]

[illegible]



પરમ પૂજ્યશ્રી ગોપાલજી સ્વામી નત શિષ્ય

મુનિશ્રી મોહનલાલજી કૃત.

શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા

ભાગ ૯મો.



શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા.

ભાગ ૯ મો.

પ્રશ્ન ૧—સાધુ તથા આર્યાને ચોમાસું તથા શેષકાળ રહ્યા પછી કેટલે કાળે પાછું તે સ્થળે આવવું કલ્પે ?

ઉત્તર—શ્રી આચારાંગ સૂત્રમાં બીજા શ્રુતસ્કંધે અધ્યયન બીજે, ઉદ્દેશે બીજે, બાબુવાળા છાપેલ પાને ૧૦૭ મે, શીતકાળ, તથા ઉષ્ણકાળ તથા વર્ષાકાળના ચાર માસ રહી એટલે શેષકાળ તથા ચોમાસું રહી પાછા બમણો કાળ બાહીર રહ્યા વિના તે સ્થળે પાછા આવે તો તેને ઉપસ્થાન ક્રિયાદોષ લાગે. તે સૂત્રપાઠથી તથા ભાષાર્થી જણાવીએ છીએ.

सेआगंतारे सुवा जेमवंतारो उउवहियंवा वासावासियंवाकप्पं उवातिणा वेचातं दुगुणा तुगुणेण अपरिहारिचा तत्थेवमुज्जो संवसंति अयमाउसो इतराउवठाण किरिया यावि भवति. ॥ ભાષામાં પણ કહ્યું છે કે—

માસ કલ્પ તથા ચોમાસું, રહી વળી અનેરે ઠામે માસ કલ્પ કરી બે તથા ત્રણ માસને અંતરે વણ કીધે વળી તે ઉપાશ્રયે વસે તો ઉપસ્થાન દોષ દુષ્ટ જાણવો તે માટે ત્યાં સાધુને રહેવું ન કલ્પે.

∴ અહિંયાં તો શેષ કાળ કે ચોમાસું રહી પછી બે ત્રણ માસ બહાર રહી ત્યાં આવવાને કે શેષકાળ રહેવાને વાંધો નહિ એમ કહ્યું છે.

પ્રશ્ન ૨—બે ત્રણ માસ બહાર રહી પછી શેષકાળ રહેવું કલ્પે તે તો શેષકાળ કર્યો હોય તેને લાગુ થાય, પણ ચોમાસાના ચાર મહિના રહે તેને આઠ મહિના બહાર રહ્યા પહેલાં તે સ્થળે અવાયજ નહિ, આમ કેટલાકનું બોલવું થાય છે તેનું કેમ ?

ઉત્તર—એ સૂત્રનો ન્યાય જાણ્યા વિના બોલે છે આ ઠેકાણે સૂત્રનો અભિપ્રાય એવો છે કે-શેષકાળ રહેલા સાધુ આર્યાને બમણો કાળ બહાર રહીને એટલે સાધુને બે ત્રણ મહિના અને આર્યાને ચાર છ મહિના પછી તેજ સ્થળે શેષકાળ રહેવું કલ્પે, અને જે સ્થળે ચોમાસું રહેલ હોય ત્યાં ચોમાસું રહેવું ક્યારે કલ્પે કે બે ત્રણ ચોમાસાં બહાર (બીજે) કર્યા પછી તે સ્થળે ચોમાસું રહેવું કલ્પે અર્થાત્ ઉપરા ઉપર ચોમાસું રહેવું કલ્પે નહિ, વચ્ચે બે ત્રણ ચોમાસાનું અંતર પડવું જોઈએ. આ પ્રવૃત્તિ આખા જૈન વર્ગમાં સરખી છે. છતાં કોઇ દુનિયાને ભ્રમિત બનાવવા એમ કહે કે—

ચોમાસાના ચાર મહિના રહેલાને આઠ મહિના પહેલાં તો અવાયજ નહિ, એમ શ્રી સૂત્રે છે. એમ બોલના પ્રત્યે કહીએ કે–તો પછી આઠ મહિના બહાર રહીને ત્યાં આવે એટલે ચોમાસાનો કાળ પણ શરૂ થાય, તો પછી ત્યાં ચોમાસું રહેવું કલ્પે ખરૂં કેમ ?

પ્રશ્ન ૩—એકાંતવાદી-ઉપરાઉપર ચોમાસું રહેવું તો કલ્પે નહિ. ચોમાસાના માટે તો વચ્ચે બે વરસનું અંતર પડવું જોઇએ.

ઉત્તર—અનેકાંતવાદી-એ ન્યાય ક્યાંનો લાવ્યા ? એક વખત એમ કહો છો કે ચોમાસાના ચાર મહિના રહેલાને આઠ મહિના ગયા પછી ત્યાં આવી રહેવું કલ્પે અને બીજી વખત કહો છો કે બે ચોમાસા બહાર રહ્યા વિના ત્યાં ચોમાસું રહેવું કલ્પે નહિ સૂત્રમાં એ વાત કહી નથી, ત્યાં તો બમણો કાળ બહાર રહ્યા વિના ત્યાં રહેવું કલ્પે નહિ એમ કહ્યું છે. તો બમણો કાળ કાં તો ચોમાસાનો લ્યો કે કાં તો શેષકાળનો લ્યો જો શેષકાળનો બમણો કાળ લેશો તો કાયમ ચોમાસાનો કાળ છુટો રહેશે આઠ મહિના બહાર કાઢે અને ચોમાસુ ત્યાંજ રહ્યા કરે તો તમારા મતે તેને વાંધો નથી. અને જો બે ચોમાસાં બહાર રહ્યા પછી રહેવું એમ ઠરે તો શેષકાળને માટે આઠ મહિનાનો સવાલ ઉડી જશે, બે મહિના બહાર રહ્યા પછી ગમે ત્યારે શેષ કાળ રહી શકે. સૂત્રના ન્યાય પ્રમાણે શેષકાળ રહેલાને એક માસ રહેનારને બે માસ પછી અને ચોમાસું રહેલાને બે ચોમાસા પછી ત્યા ચોમાસુ રહેવું કલ્પે, અને ચોમાસું રહેલાને શેષકાળ માટે બે મહિના પહેલા અવાય નહિ અને કદાપિ આવે તો એક બે રાત્રિથી વધારે રહેવાય નહિ, એ વાત ન્યાયપૂર્વક જણાય છે.

પ્રશ્ન ૪—સાધુ સાધ્વીને રોગાદિક કારણ વિના ચોમાસું તથા શેષકાળ ઉપરાંત રહેવું કલ્પે કે કેમ ?

ઉત્તર—ચોમાસું ઉતરે વર્ષાદ વરસવે રસ્તો બંધ પડવાદિક કારણે ચોમાસા ઉપરાત પંદર દિવસ વધારે રહેવાની ભગવંતની આજ્ઞા છે શાખ આચારાંગના બીજા શ્રુતસ્કંધમાં, અધ્યયન ૩ જે, ઉદ્દેશે ૧ લે બાબુવાળા છાપેલ પાને ૧૩૨ મે ઉપર પ્રમાણે કહ્યું છે.

પ્રશ્ન ૫—કોઇ પણ કારણ વિના શેષકાળ કે ચોમાસા ઉપરાંત રહે તેને શું દોષ લાગે ?

ઉત્તર—આચારાંગ શ્રુતસ્કંધ બીજે, અધ્યયન ૨ જે, ઉદ્દેશે ૨ જે બાબુવાળા છાપેલા પાને ૧૦૭ મે કહ્યુ છે કે-શેષકાળ તથા ચોમાસા ઉપરાંત કારણ વિના સાધુ સાધ્વી તે સ્થળે રહે તો કાલાતિક્રાંત દોષ લાગે.

પ્રશ્ન ૬—ચોમાસું બેઠા પહેલાં કેટલો કાળ અગાઉ ચોમાસું કરવા આવવું કલ્પે?

ઉત્તર—જેઠ શુદ પૂનેમ પછી આષાઢ શુદ ૧૫ ની અંદર ગમે ત્યારે આવવું કલ્પે. પણ કોઇ કોઇ સંપ્રદાયનો બાંધો જેઠ શુદ ત્રીજથી અથવા જેઠ શુદ ૧૧ થી પણ ગણે છે. કારણ કે–કોઇ જમીનમાં વર્ષાદિ કારણે સાધુને નીકળી શકાય તેવું ન હોય તો તેવા સ્થળે અગાઉથી જવાનો આચાર્યનો બાંધો હોય એમ જણાય છે. અને સાધ્વીને માટે તેને કલ્પતા શેષકાળમાં ગમે ત્યારે ચોમાસું કરવા જઇ શકાય એમ જણાય છે.

પ્રશ્ન ૭—દીક્ષાના કારણથી શેષકાળ ઉપરાંત સાધુ આર્યાએ રહેવાય કે કેમ?

ઉત્તર—પર સમુદાયની દીક્ષા હોય તો મોટાના કહેવાથી એટલે તે સમુદાયના મોટાની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરવું એ વિનય મૂળ ધર્મ છે, માટે તેમની આજ્ઞાથી રહી શકાય, અને પરસમુદાયનાં આર્યા અગર સાધુ નાના હોય તો, પંડે મોટા છે. તેથી જરૂર જેવું જણાય તો રહેવાને હરકત નહિ.

પોતાના સમુદાય માટે પણ એજ પ્રમાણે સમજવું. એમ હીરાજી મહારાજના મુખથી સાંભળ્યું છે.

પ્રશ્ન ૮—ચોમાસામાં સાધુથી વિહાર થઇ શકે કે કેમ?

ઉત્તર—ખરા કારણ સિવાય ચોમાસામાં સાધુને વિહાર કરવાનો કલ્પ નથી.

પ્રશ્ન ૯—કદાપિ ચોમાસામાં સાધુને વિહાર કરવાનો પ્રસંગ પડે તો તે વિષે સૂત્રમાં કાંઇ કારણો જણાવ્યાં છે ખરા?

ઉત્તર—હાજી, ચોમાસામાં વિહાર કરવાના દશ કારણો જણાવ્યાં છે. ઠાણાંગ ઠાણે પાંચમે, ઉદ્દેશે બીજે, કહ્યું છે કે–પર્યૂષણ પહેલાં પાંચ કારણે વિહાર કરવો કલ્પે, અને પર્યૂષણ પછી પાંચ કારણે વિહાર કરવો કલ્પે. તેમાં પર્યૂષણ પહેલાંનાં પાંચ કારણો જણાવે છે. રાજાદિકના ભયને કારણે ૧, દુર્ભિક્ષ દુકાળને કારણે ૨, કોઇ પ્રત્યનિક પ્રમુખ ઉપાડીને લઇ જાય તો તે કારણે ૩, પાણીના ઉપદ્રવને લીધે ૪, [illegible] મ્લેચ્છાદિક અનાર્યનું લશ્કર આવતું જાણીને ૫; એ ૫ કારણે સાધુને પર્યૂષણ પહેલાં વિહાર કરવાનાં કહ્યાં.

હવે પર્યૂષણ પછી સાધુને પાંચ કારણે વિહાર કરવો કલ્પે તે જણાવે છે. જ્ઞાનને અર્થે ૧, દર્શન તે સમકિતને અર્થે ૨, ચારિત્રના લાભને અર્થે

૩, આચાર્ય ઉપાધ્યાય તેઓને મરણાદિક-રોગાદિકને કારણે ૪, આચાર્ય ઉપાધ્યાય પ્રમુખની ક્ષેત્ર બહાર વૈયાવચ્ચ કરવાને અર્થે ૫.

પ્રશ્ન ૧૦—ભગવતીજીમાં કહ્યું છે કે-એક માસની પ્રવર્જ્યાવાળો વાણવ્યંતરની યાવત્ ૧૨ માસની પ્રવર્જ્યાવાળો અનુત્તર વિમાનની તેજુ લેશ્યા ઉલ્લંઘે તે શું ?

ઉત્તર—શ્રાદ્ધવિધિ ગ્રંથમાં પાને ૩૩૧મે-એમ કહ્યું છે કે-દેવતાની મનમાં ઉત્પન્ન થએલી સુખની પ્રાપ્તિનું ઉલ્લંઘન કરે.

આનો પરમાર્થ એ છે કે-દેવતાના સુખથી પ્રવર્જ્યાનું સુખ અનંત-અનુત્તર રહેલું છે. અર્થાત્ દેવતાના સુખથી પ્રવર્જ્યાનું સુખ અનુત્તર વિમાનના દેવતાથી પણ ઉલ્લંઘન કરીને મોક્ષના સુખની હદે પહોંચાડે છે તે આત્મિક સુખમાં લીન થયેલા પ્રવર્જીત-સંયમી મુનિઓને માટે છે એટલે ક્ષીણ મોહી યથાખ્યાત ચારિત્રવંત ક્ષપક શ્રેણીએ ચડેલા પરિણામની ધારાવાળા સંયમીને માટે અનુત્તર વિમાનના દેવતાથી પણ અનંત ગુણું આત્મિક સુખ રહેલું છે.

પ્રશ્ન ૧૧—ભિક્ષુની ૧૨ પડિમા, દશાશ્રુતસ્કંધ વગેરે સૂત્રમાં કહી છે તેમાં પહેલી સાત પડિમા સુધી એક માસીયા, બે માસીયા, એમ યાવત્ સાતમી સાત માસીયા કહી તેનો કાળ કેટલો સમજવો ?

ઉત્તર—ભગવતી શતક બીજે ઉદ્દેશે પહેલે ખંધકની પડિમાના અધિકારે અર્થમાં દરેક પડિમાનો તપ કાળ એક એક માસનો કહ્યો છે. એટલે પહેલી પડિમાથી સાતમી પડિમા સુધી એક એક માસનો કાળ કહ્યો છે.

પ્રશ્ન ૧૨—કેટલાક કહે છે કે-અહિંથી મરીને ગયેલા તે પાછા કેમ કાંઈ કહેવા આવતા નથી ?

ઉત્તર—અહિં રહેલો પુરૂષ મદ્ય પાનીએ ઘૂર્ણિત નેત્ર અવ્યક્ત બેભાની, માર્ગમાં પડેલો તેને ઉપાડી ઘરે લાવ્યા કેફ ઉતર્યે એમ ન જાણે જે હું કયાથી આવ્યો છું (તો કયાંથી આવી કહે) તથા એમ ન જાણે કે હું અહિંથી ચવી કયાં જઇશ ?

પ્રશ્ન ૧૩—સ્થિતિકલ્પ ૧, અસ્થિતિકલ્પ ૨, જિનકલ્પી ૩, અને કલ્પાતીત તે કોને કહેવા તેનું સ્વરૂપ શું ?

ઉત્તર—સ્થિતિકલ્પમાં પહેલા છેલ્લા તીર્થંકરના સાધુ, ૧ અસ્થિતિકલ્પમાં-વચલા બાવીશ તીર્થંકરના સાધુ, ૨ જિનકલ્પીમાં પરિહાર વિશુદ્ધ

[illegible] ... છે.

[illegible] ... ?

[illegible]

[illegible]

[illegible] ... ?

[illegible]

[illegible]

[illegible]

૫. એ ૫ પ્રમાદ કહેવાય છે તે છઠ્ઠે ગુણઠાણે લાભે છે અને સાતમે ગુણઠાણે નથી લાભતા માટે છઠ્ઠાને પ્રમત્ત અને સાતમાને અપ્રમત્ત ગુણઠાણું કહ્યું છે.

પ્રશ્ન ૧૭—પ્રમત્ત અપ્રમત્ત ગુણસ્થાનનો બીજો અર્થ થાય છે ખરો?

ઉત્તર—ધર્મસિંહ મુનિના દશ દ્વારના જીવ ઠાણામા પ્રમત્ત અને અપ્રમત્તનો અર્થ તેના બીજોજ કર્યો છે તે એ પ્રમાણે છે કે—

પ્રમત્તનો અર્થ જે (અપ્રમત્ત જીવસ્થાનકે સંજ્વલનના ચાર કષાય છે તે થકી) પ્ર, કહેતા વિશેષે મત્ત કહેતાં માતો છે, સંજ્વલનનો ક્રોધ, માન, માયા, લોભ, તેને પ્રમત્ત સંયતિ જીવ સ્થાનક કહીએ પણ પ્રમાદી ન કહીએ

અને સાતમા જીવ સ્થાનકનું લક્ષણ, જે, અ, કહેતાં નથી, પ્ર કહેતાં વિશેષે. મત્ત કહેતાં માતો, સંજ્વલનનો ક્રોધ, માન, માયા, લોભ. એટલે છઠ્ઠાથી કાંઇક પાતળો છે, તેને અપ્રમત્ત સંયતિ જીવસ્થાનક કહીએ (આ પ્રમાણે કહેલ છે.)

પ્રશ્ન ૧૮—ચાલતા સમયમાં આ ભરતક્ષેત્રમાં સમકિત દૃષ્ટિ જીવ કેટલા લાભે?

ઉત્તર—આત્મારામજી કૃત તત્ત્વ નિર્ણય પ્રાસાદ ત્રયસ્ત્રિંશઃ સ્તંભઃ॥ પાને ૫૯ મે કહ્યું છે કે—

વિદ્યમાન ભરત ક્ષેત્રમેં પંચમ કાળમેં સમ્યગ્દૃષ્ટિ જીવ કેત્તે પાઇએ સમાધાન-જિન પંચ લબ્ધિ રૂપ પરિણામકી પરણત વિષે સમ્યક્ત્વ ઉપજે હૈ, તે પરિણામ ઇસ કલિ કાળમેં બડા દુર્લભ, તિસતેં હોય, તથા તીન, અથવા ચાર કહે હે; પાંચ છહ તો દુર્લભ હૈ, ઇસ કથનકી સાખ સ્વામી કાર્તિકેય ટીકા કહે છે.

તથા હિ:— विद्यंति कतिनात्मबोधविमुखाः संदेहिनोदेहिनां प्राप्यंत कतिचित् कदाचन पुनर्जिज्ञासमानाक्वचित्॥ आत्मज्ञाः परमप्रमोदसुखिनः प्रोन्मील दंतर्दृशो। द्वित्राः स्युर्बहवोयदि त्रिचतुरास्ते पंचषा दुर्लभाः॥ तेसंति हिन्नायदि इति कथनात् ज्ञानार्णवे प्युक्तम् ॥

ઇસ કાલમેં ઘને જીવ આપકૂં સમ્યગ્દૃષ્ટિ માને હૈ સો, માનો; પરંતુ શાસ્ત્ર વિષે તીન ચાર હી કહે હૈં.—જબ ભરતખંડમેં દો તીન જઘન્ય, ઔર ઉત્કૃષ્ટ પાંચ, વા, છહ; (૬) સમ્યક્ત્વધારી, જીવ વર્તમાન કાલમેં લાભે હૈ, વે ભી ગૃહસ્થ હૈ, વા સાધુ હૈં યહ નિશ્ચય નહિ તભતો, સર્વ

ઉત્તર—આઉખાં સાથે જે છ બોલનો બંધ પડે છે તેમાં અનુભાગ બંધને પ્રદેશ બંધ પડે છે, તે તો એકજ ભવ આશ્રી છે. તેમાં પ્રદેશ બંધ તો જેવો બંધ તેવીજ રીતે ભોગવે, અને અનુભાગ બંધ તે અનેરા પ્રકારે પણ ભોગવે, પરંતુ ઘણા કાળની સ્થિતિનો જે બંધ પડયો છે તે શુભ ધ્યાનાદિક જોગથી શુભ સંવર કરણીથી ઘણા કાળની સ્થિતિનાં હોય તે હ્રસ્વ થોડા કાળની સ્થિતિનાં થાય, તીવ્ર રસનાં હોય તે મંદ રસનાં થાય, નીવડ બંધનાં હોય તે શિથિલ બંધનાં થાય. સાખ ભગવતીજી તથા ઉત્તરાધ્યયનના ૨૯ મા અધ્યયનની તથા ઘણા સૂત્રમાં એ પ્રમાણે જોવામાં આવે છે.

પ્રશ્ન ૨૫—ચાર પ્રકારે બંધ કહેલ છે તે કેવી રીતે થાય છે?

ઉતર—શ્રીમદ્ રાજચંદ્ર પાને ૪૮૭ મે કહ્યું છે કે પ્રકૃતિ અને પ્રદેશ બંધ યોગથી થાય છે, સ્થિતિ તથા અનુભાગ બંધ કષાયથી થાય છે.

પ્રશ્ન ૨૬—જો કર્મ આત્મ પ્રદેશ સંઘાતે ઉપરાઉપર લાગેલાં છે, તો માંહેનાં કર્મ શી રીતે નીકળી શકે? કારણ કે પહેલાં તો ઉપરના થરનાં કર્મ નીકળવાં જોઇએ, તેમ ન થતાં પ્રથમનાં કર્મ નીકળવાં હોય તો શું ન્યાયે નીકળી શકે?

ઉતર—કર્મ ચોફરસી પુદ્ગલ છે માટે સૂક્ષ્મ પુદ્ગલનો થર થતો નથી. જે કર્મની સ્થિતિ પાકે તે કર્મ ઉદય આવે છે, માટે કર્મનું ઉપર અગર નીચેનું પ્રાબલ્યતાપણું નથી.

પ્રથમ સમયનાં કર્મ અને બીજા સમયનાં કર્મ જાવત્ અસંખ્યાત સમયના બાંધેલાં કર્મ સર્વ ખીર નીરની પેઠે આત્મપ્રદેશેજ રહે છે. માટે કર્મનો થર થતો નથી.

પ્રશ્ન ૨૭—જ્ઞાનાવરણીય કર્મની પાંચ પ્રકૃતિ છે તે કેટા મોર બંધાવ છે કે એકી સાથે બંધાય છે? જો એકી સાથે બંધાતી હોય તો એક હારે પાંચેનું આવરણ ખસવું જોઇએ અને પાંચે જ્ઞાન ખુલ્લાં થવાં જોઇએ, તેમજ જુદા બાંધવાનું ચાલ્યું નથી. તો શું કર્મ ખસવાથી એક બીજાં જ્ઞાન ઉઘાડાં થાય?

ઉતર—જ્ઞાનાવરણીય કર્મ છ કારણે બંધાય છે, તે એકી સાથે બંધાય અને ન્યારી ન્યારી પ્રકૃતિએ પણ બંધાય. અને તે ઉદયાવલિમાં પાંચ પ્રકારે આવે. પાંચ માંહેલી જે પ્રકૃતિનું આવરણ ખસ્યું તે જ્ઞાન ઉઘાડું થાય.

પ્રશ્ન ૨૮—જંબુદ્વીપ પન્નત્તિમાં કહ્યું છે કે ઋષભદેવ સ્વામીએ અનુકંપા નિમિત્તે બ્હોંતેર કળા શીખવી તો કળા અભ્યાસ કરતાં અનેક આરંભ થાય તો અનુકંપા કયાં રહી? અને ભગવંતને સારંભી કળા શીખવવી કેમ કલ્પે?

ઉત્તર—ઋષભદેવ ભગવાન સંસારમ હતા, ત્રણ જ્ઞાન સહિત હતા, રાજનીતિનું સર્વ સ્વરૂપ જાણતા હતા. જુગલ ધર્મથી નિવર્ત્યાને ઘણા આરંભે ઘણા પ્રયાસે પોતાના નિર્વાહાદિકની કળા અભ્યાસાદિક કરવા જાણી છકાયની દયા અનુકંપા લાવી થોડા પ્રયાસ કરવારૂપ કળા શીખવી એટલે થોડા પ્રયાસે થોડો આરંભ થાય. ઘણી હિંસા ટળી તે પરમાર્થે અનુકંપા જાણવી.

પ્રશ્ન ૨૯—વિજયાદિક ચાર અનુત્તર વિમાનના દેવતા ઉત્કૃષ્ટ કેટલા ભવ કરે?

ઉત્તર—જઘન્ય એક ભવ ઉત્કૃષ્ટપણે પંદરની અંદર ભવ કરે. ઉત્તરાધ્યયન તથા જીવાભિગમ સૂત્રમાં સંખ્યાતા સાગરનું આંતરૂં કહેલ છે અને પન્નવણાના ઇંદ્રિયપદમાં સંખ્યાતી ઇંદ્રિયો કરવી કહી છે માટે તેટલા ભવ કરે એમ જણાય છે.

પ્રશ્ન ૩૦—નવ લોકાંતિકના દેવતા એકાવતારી હોય કે કેમ?

ઉત્તર—લોકાંતિક દેવ એકાવતારીજ હોય એમ નિશ્ચે ન કહી શકાય. તેની રીત પાંચમા દેવલોક પ્રમાણે જાણવી.

પ્રશ્ન ૩૧—લોકાંતિક વિમાનમાં પૃથ્વ્યાદિકપણે અનંતીવાર ઉત્પન્ન થવાના પ્રશ્નોત્તરમાં ભગવતીજીમાં દેવતાપણે ઉત્પન્ન થવાની ના કહી અને બાકી તમામપણે ઉત્પન્ન થવાની હા કહી તેનું કેમ?

ઉત્તર—એ તો ભગવતીજીમાં લેખન દોષ જણાય છે. જુની ભગવતીજીમાં નો દેવત્તાए એવો પાઠ છે એટલે લોકાંતિકમાં દેવીપણે ઉત્પન્ન થાય નહિ એમ કહ્યું છે અને જુની વાંચણી પણ એમજ સાંભળીએ છીએ.

પ્રશ્ન ૩૨—ભગવતીજી શતક ૯મે ઉદ્દેશે ૩૩મે જમાલીના અધિકારે ત્રણ પ્રકારના કિલ્વીષી કહ્યા તે વૈમાનિકના કિલ્વીષી કહ્યા છે પણ બીજા દેવમાં કિલ્વીષી છે કે નહીં?

ઉત્તર—સૂયગડાંગ શ્રુતસ્કંધ બીજે અધ્યયન બીજે તેરમી ક્રિયાના અધિકારે બોલ ૨૭મે ચારિત્રના વિરાધકને આસુરી કિલ્વીષીયાનું ઉપજવું

કહ્યું છે. તે પાખંડી અન્ય દર્શની અથવા ગૃહસ્થ અથવા સ્વપક્ષી દ્રવ્ય લિંગી સાધુને આશ્રીને કહેલ છે.

પ્રશ્ન ૩૩—ભગવતીજી તથા ઉવવાઇ સૂત્ર મધ્યે કિલ્વીષીની ગતિ છઠ્ઠા દેવલોક સુધીની કહી, અને ઉવવાઇ સૂત્રમાં નિન્હવની ગતિ નવગ્રૈવેયકની કહી. તો નિન્હવમાં ને કિલ્વીષીમાં શો તફાવત ?

ઉત્તર—કિલ્વીષી છે તે સમકિતનો વિરાધક છે, ને નિન્હવ છે તે પ્રવચનનો વિરાધક છે. તેમાં નિન્હવ કરતાં કલ્વીષીપણું વધારે કનિષ્ટ છે. તેના માટે ઉત્તરાધ્યયનના ૩૬ મા અધ્યયનનાં કહ્યું છે કે–જ્ઞાન અથવા જ્ઞાની તથા કેવળી તથા ધર્માચાર્ય, ધર્મગુરૂ તથા ચતુર્વિધ સંઘ અને સાધુ. એટલા જણથી માયાભાવે વર્તી અવર્ણવાદ બોલે નિંદા કરે તે કિલ્વીષીની ભાવનાનો ભાવનાર કહ્યો છે. અને ભગવતીજી વગેરે સૂત્રોમાં આ ભાવના વાળાને સમકિતના નાશ સાથે મિથ્યાદષ્ટિ કહ્યા છે. અને અનંતો સંસાર પરિભ્રમણ કરવા સાથ ગતિ કિલ્વીષીની કહી છે.

પ્રશ્ન ૩૪—ભગવતીજી શતક ૩ જે, ઉદ્દેશે બીજે, અસુર કુમાર જાતના દેવતાનો ત્રીછો વિષય જઘન્ય નંદીશ્વરદ્વીપ સુધી ને ઉત્કૃષ્ટા અસંખ્યાતા દ્વીપ સમુદ્ર સુધી કહ્યા, તેમાં નંદીશ્વર દ્વીપે ગયા ને જાશે પણ અસંખ્યાતા દ્વીપ સમુદ્રનો તો વિષય માત્ર કહ્યો. પૂર્વે કોઇ ગયું નથી, જાતું નથી ને જાશે પણ નહિ એમ કહ્યું. તો જ્યારે અસુર કુમાર આ જંબુદ્વીપમાં આવે છે ત્યારે અસંખ્યાતાદ્વીપ સમુદ્રને ઉલ્લંઘીને આવે જાય છે તે કેમ ?

ઉત્તર—ઉત્તરના અસુરકુમારને દક્ષણને માટે બંધ ને દક્ષિણના અસુરકુમારને ઉત્તરના માટે બંધ એટલે નંદીશ્વર દ્વીપ ઉલ્લંઘીને આવે જાય નહિ.

પ્રશ્ન ૩૫—દક્ષિણ દિશાના અસુરકુમારને ઉંચે જવાનો વિષય જઘન્ય પહેલે દેવલોકે ને ઉત્કૃષ્ટો બારમા દેવલોકે કહ્યો, તેમજ ઉત્તર દિશાવાળાને દક્ષિણ દિશાની ભલામણ આપી તે કેમ ? ઉત્તર દિશાવાળો પહેલે દેવલોકે કેમ જાય ? દક્ષિણ દિશાવાળો ગયો તોપણ અછેરૂં થયું, તો પછી ઉત્તર દિશાવાળાને પહેલે દેવલોકે જવાનો દાહરો પણ નથી અને દક્ષિણ દિશાના નંદીશ્વર દ્વીપથી વધારે જવાનો વિષય પણ નથી, તો પછી પહેલા દેવલોકે કેમ જાય ?

ઉત્તર—જેમ દક્ષિણવાળો પહેલે દેવલોકે જાય તેમ ઉત્તરવાળો પહેલે દેવલોકે ન જાય, પણ બીજે દેવલોકે જાય. એટલે દક્ષિણવાળાને જેમ પહેલે

જવું તેમજ ઉત્તરવાળાને બીજે જવું એવો વિષય સમજવો, પહેલું ને બીજું દેવલોક જોડાજોડ છે, માટે ઉંચાઇપણાના વિષયની સરખીજ ભલામણ આપી, પણ ઇહાં પહેલાને બદલે બીજું લેવું.

પ્રશ્ન ૩૬—જંભકા દેવતા શું કરણી કરવાથી થાય છે?

ઉત્તર—નવ પ્રકારનાં વ્યવહારિક પુણ્ય કરવાથી થાય છે. જેવા પ્રકારનું પુણ્ય તેવાજ નામના દેવતા થાય છે, એમ જંભકા દેવતાના નામ ઉપરથી જણાઈ આવે છે

પ્રશ્ન ૩૭—જીવાભિગમ સૂત્રમાં કહેલ છે કે પૂર્વે નારકીપણે સર્વ જીવ ઉપન્યા ? ત્યાં ભગવંતે ના પાડી છે, તેમજ સર્વ પુદ્ગલની ના પાડી છે તેનું કેમ ?

ઉત્તર—સર્વ જીવ પૂર્વે અનંતીવાર ઉપન્યા છે, પરંતુ વર્તમાન કાળે સર્વ જીવ સમકાળે સાથે ઉપન્યા નથી તે આશ્રી કહેલ છે. તેમજ પુદ્ગલનું પણ જાણવું.

પ્રશ્ન ૩૮—એક આકાશ પ્રદેશ ઉપર જીવ અજીવના કેટલા ભાંગા લાભે ?

ઉત્તર—ભગવતીજી શતક ૧૦મે ઉદ્દેશે ૧લે બાબુવાળા છાપેલ પાને ૮૫૫થી માંડી ૮૬૦ સુધીમાં દશે દિશિમાં જીવ અજીવની પૃચ્છા કરી છે તેમાં સર્વ દિશિમાં જીવ, જીવનો દેશ, જીવનો પ્રદેશ, અને અજીવ, અજીવનો દેશ, અજીવનો પ્રદેશ, એ છએ ભાંગા કહ્યા છે. અને વિદિશિમાં જીવ વરજીને જીવનો દેશ, પ્રદેશ, અને અજીવના ત્રણે મળી ૫ ભાંગા લાભે. (વિદિશિમાં કાળ ન લાભે) વિદિશિમાં એક પ્રદેશની શ્રેણી છે અને જીવ અસંખ્યાત પ્રદેશ અવગાહન છે માટે ન સમાય. તેમજ ઉર્ધ્વ દિશિ તથા અધો દિશિ બે પ્રદેશની છે માટે વિદિશિ પેરે જાણવું. જીવના ભેદ માટે, અને અજીવના ભેદ માટે પૂર્વ દિશિની પેઠે કહેવા. એટલે કાળ પણ કહેવો. ઉર્ધ્વ દિશિમાં અને અધોદિશિમાં કાળની ના કહી છે. વગેરે અધિકાર છે. તેમજ શતક ૧૬મે ઉદ્દેશે ૮મે પાને ૧૩૩૦-૩૧ મે લોકના ચરમાંત આશ્રી જીવ અજીવની પૃચ્છા કરી છે, ત્યાં વિદિશિની ભલામણ આપી છે.

પ્રશ્ન ૩૯—એક આકાશના પ્રદેશ ઉપર ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાયનો પ્રદેશ શું ન્યાયે સમાય ?

ઉત્તર—લોકમાં ષટ્દ્રવ્ય ખીર નીરની પેરે ભેળાં રહેલાં છે, છતાં પણ પોતપોતાને સ્વભાવે જૂદાં છે. માટે ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશાસ્તિકાયના પ્રદેશ ત્રણે ભેળા છે. દીપકના પ્રકાશના ન્યાયે.

પ્રશ્ન ૪૦—મનુષ્ય કરતાં મનુષ્યણી સત્તાવીશ ગુણી કહી અને દેવતા કરતાં દેવાંગના બત્રીશ ગુણી કહી તે શું ન્યાયે?

ઉત્તર—દેવતા કરતાં દેવી સંખ્યાત ગુણી છે, તે પન્નવણાના ત્રીજા પદને તથા જીવાભિગમને ન્યાયે સમજવું.–તેમજ મનુષ્યણી માટે શાસ્ત્રમાં ખુલ્લી રીતે કહેલું છે કે–ચક્રવર્તિ, વાસુદેવ, બળદેવ વગેરે પુણ્યશાળીઓને કેટલી કેટલી વધારે સ્ત્રીઓનો વર્ગ છે. તે ન્યાયથી પણ ખાત્રી થાશે. સિવાય પણ પુરૂષવેદ કરતાં સ્ત્રીવેદના બાંધનાર જીવ વધારેજ હોય છે એ દેખીતું છે. ને સત્તાવીશ ગુણી કહેલ છે તે અઢીદ્વીપ આશ્રી સમજવું, પરંતુ વર્ત્તમાન કાળે આ ક્ષેત્ર આશ્રી એ ન્યાય લાગુ પાડવા ધારે તો ન મળે

પ્રશ્ન ૪૧—સાધુજીનું સાહરણ કરી કોઈ દેવતા અકર્મભૂમિમાં મૂકે તો ત્યાં સાધુજી ઘણો કાળ વિચરે કે તરત કાળ કરે? ને ઝાઝો કાળ વિચરે તો સુજતો આહાર શી રીતે મળે?

ઉત્તર—ત્યાં આહારાદિકનું સાધન એ ક્ષેત્રમાં સાધુને મળે તેમ નથી. સાધુ ત્યાં રહે તો સંથારો કરે. સિવાય બીજો ઉપાય એ ક્ષેત્રમાં આહારાદિક માંહે નથી. અગર દેવતા સાધુને પાછા લાવી મનુષ્ય ક્ષેત્રમાં મૂકે.

પ્રશ્ન ૪૨—ભગવતીજી શતક ૯ મે, ઉદ્દેશે ૩૧ મે; સોચાકેવળીના તથા તેમના પક્ષીયાના સમણોપાસક ૧, ને સમણોપાસિકા ૨, શ્રાવક ૩, ને શ્રાવિકા ૪. આ ચાર બોલ કહ્યા તેમાં શો ફેર?

ઉત્તર—શ્રાવક ને શ્રાવિકા કહ્યા તે છૂટક વ્રત નિયમ પચ્ચખાણ સામાયિક પોતાના કરવાવાળા, અને શ્રમણોપાસક કહ્યા તે તો જીવાજીવાદિક નવ પદાર્થના જાણ, બાર વ્રતધારી, માસના છ પોષા, બે ટંકનાં પ્રતિક્રમણ, ત્રણેવખતનું સામાયિક વગેરે કાયમના કરવાવાળાને, શ્રમણોપાસક કહ્યા છે. માટે તે પ્રમાણે સમજવું.

પ્રશ્ન ૪૩—ભગવતીજી શતક બીજે, ઉદ્દેશે ૧ લે, ખંધકને અધિકારે, ભગવંતને વિયટ્ટ ભોઈ કહેલ છે તેનો શો અર્થ?

ઉત્તર—ભગવંતને તે વખતે નિત્ય ભોજી કહેલ છે. તેની ટીકા-વિયટ્ટ ભોઇત્તિ ૨ વૃત્ત ૨ સૂર્યેઽનુદ્દ્યેવં ભોજ્યાદૃક્ષમોજી પ્રતિદિન ભોજી,ત્યર્થઃ ॥ તથા ભાષામાં પણ નિત્યભોજી કહ્યા છે.

પ્રશ્ન ૪૪—અહિં કોઇ કહે કે વિયટ્ટનો અર્થ નમોત્થુણંમાં નિવર્તવાનો કહેલ છે, એટલે વિયટ્ટ છઉમાણં–નિવર્ત્યા છે છદ્મસ્થથી, તેમ વિયટ્ટ ભોઇનો અર્થ નિવર્ત્યા છે ભોગથી એમ અર્થ થાય છે, માટે તે ઠેકાણે એમ જણાય છે કે ભગવંત મહાવીર ભોગથી નિવર્ત્યા છે. તેનું કેમ?

ઉત્તર—એમ કહે તેહને કહેવું કે તે ઠેકાણે એવો પાઠ છે કે તે કાળ તે સમાને વિષે શ્રમણ ભગવંત મહાવીર સ્વામી વિયટ્ટભોઇઆવીહોત્થા તો શું તેજ વખતે ભોગથી નિવર્ત્યા એમ સમજવું? ભોગથી તો સંસાર ત્યાગ કર્યા પહેલાંજ નિવર્ત્યા છે, માટે તમારો કહેલો અર્થ બંધ બેસતો નથી. પણ ભગવંત છદ્મસ્થપણામાં નિત્ય આહાર કરતા નહિ દીક્ષા લીધા પછી છઠ્ઠ છઠ્ઠનાં પારણા કરતા અને કેવલ પામ્યા પછી તે નિયમ નથી એટલે તપશાનું શરીર કૃશ હોય અને નિત્યભોજીનું શરીર એથી વધારે દીપ્ત હોય. ખંધકના આગમન સમય ભગવંતનું શરીર અતિશય દિપ્તિવાન હતું એમ એ પાઠ સૂચવે છે. તથા જુની ભગવતીજીમાં વિયટ્ટભોઇ એવો પણ પાઠ છે અને તેનો અર્થ પણ નિત્ય ભોજી કરેલ છે. તેમજ વૃદ્ધો પણ એમજ અર્થ કરતા આવ્યા છે. માટે અહિં ભોગનો અર્થ સંભવતો નથી, પણ કેવળ પ્રવર્જ્યામાં નિત્યાહાર હોવાથી શરીરની કાંતિ વિશેષ દીપે છે તેથી ખંધકને આશ્ચર્ય થયું સંભવે છે. તથા દશાશ્રુતસ્કંધ સૂત્રમાં શ્રાવકની પાંચમી પડિમામાં શ્રાવકને વિયટ્ટભોઇ કહ્યા છે, તેના અર્થમાં દિવસે જમવાવાળા કહ્યા છે.

પ્રશ્ન ૪૫—ભગવંતને મુગટાદિક આભરણ અલંકાર હોય કે નહિ?

ઉત્તર—ભગવતીજી શતક બીજે ઉદ્દેશે ૧લે ખંધકના અધિકારે કહ્યું છે કે ભગવંત મુકુટાદિક વસ્ત્ર આભૂષણ વિના પણ અતિશેમાં અતિશે દીપે છે.—ટીકા:—

अणलंकिय विभूसियं। अलंकृतं मुकुटादिभि विभूषितं वस्त्रादिभिस्तन्निषेधादनलंकृत विभूषितं ॥ लक्खण वंजण गुणोववेयंति ॥

વળી ભાષામાં પણ આભરણ વસ્ત્ર રહિત શોભે એમ કહ્યું છે.

આનો પરમાર્થ એ છે કે ભગવંત નિત્ય ભોજી હોવાથી વસ્ત્ર આભરણાદિક રહિત હોવા છતાં પણ અતિશેમાં અતિશે દેદીપ્યમાન દિસે છે.

પ્રશ્ન ૪૬—ખંધક સન્યાસીએ બારમી ભિક્ષુની પડિમા વહી છતાં વણુ ગુણ માંડેલો ગુણ નથી થયો તેનું શું કારણ?

ઉત્તર—ઠાણાંગ સૂત્રમાં કહેલા ભિક્ષુની પડિમાવાળાને ત્રણ માંહેલા ઉપસર્ગમાંનો ઉપસર્ગ ખંધકજીને થયો નથી, તેથી ત્રણ ગુણ કે ત્રણ અવગુણ માંહેલો ગુણ અવગુણ કાંઇ થયો નથી. પણ અનંતી નિર્જરા થઈ એમ સમજવું.

પ્રશ્ન ૪૭—ખંધકજીના અધિકારે ખંધક સન્યાસીને પ્રશ્ન પૂછનાર જે પીંગળ નિયંઠો કહ્યો તે સાધુ કે શ્રાવક ?

ઉત્તર—પીંગળ નિયંઠો શ્રાવક છે. તેમાં કેટલાક કહે છે કે પછાકડો શ્રાવક છે, એટલે દીક્ષા લઈને મુકેલી અને શ્રાવક ધર્મ પાળે તે પછાકડો કહેવાય. અને કેટલાક કહે છે કે તે શ્રાવક છે પણ તેની અટક નિયંઠાની છે અને નામ પિંગળ છે. જેમ સંજતી રાજા એવું નામ છે પણ તે સંજતી શબ્દે સંજમી નથી. વળી જો સાધુ હોય તો વિહરઇ એવો પાઠ જોઈએ, ઇહાં તો પીંગળ નિયંઠો સાવથી નગરીને વિષે પરિવસઇ એવો પાઠ છે. વળી વૈશાલિક એવા ભગવંત મહાવીરનો શ્રાવક કહ્યો છે. એટલે વિશાલા ત્રિશલા તસ્યા પુત્રો વૈશાલિકઃ વિશાલામાં ઉત્પન્ન થયેલાં ત્રિશલાદે ક્ષત્રિયાણી તેના અંગ થકી ઉત્પન્ન થયેલા ભગવંત મહાવીર તેને વૈશાલિક કહીને બોલાવ્યા અને પીંગળ નિયંઠાને તેમનો શ્રાવક કહીને બોલાવ્યો. માટે તે ભગવંતનો શ્રાવક છે.

પ્રશ્ન ૪૮—વૈશાલિકના કેટલા અર્થ થાય છે ?

ઉત્તર—વૈશાલિકના ઘણા અર્થ થાય છે. ઉત્તરાધ્યયનના ૬ ઠ્ઠા અધ્યયનની ગાથા ૧૮ મીની ટીકામાં કહ્યું છે કે—

विशाला त्रिशला तस्याः पुत्रो वैशालिकः अथवा विशाला शिष्यस्तीर्थं यत्रः ममूतयोगुणाः अस्येति वैशालिकः

તથા મહેતા મોહનલાલ દામોદર તરફથી છપાઇને બહાર પડેલ ઉત્તરાધ્યયનના ભાષાન્તરમાં પૃષ્ટ ૪૨ મે, અધ્યયન ૬ ઠ્ઠાની ગાથા ૧૮ મી પદ ચોથામાં वेमालिए वियाहिएत्तिवेमि ॥ આ પદના વૈશાલિકના અર્થમાં સિદ્ધાર્થ અને ત્રિશલાના પુત્ર કહ્યા છે. અને તેની નીચે ફુટનોટમાં લખ્યું છે કે-વૈશાલિકના ઘણા અર્થ છે. વિશાળ શિષ્યોવાળા, વેશાલીના રહીશ, ત્રિશલાના પુત્ર વગેરે.

પ્રશ્ન ૪૯—ભગવતી શતક ૩ જે, ઉદેશે ૧ લે, ચમરેંદ્રના અધિકારે પુત્ર ચાઉદશ આએ કહેલ છે તેનો અર્થ શું થાય છે ?

ઉત્તર—તેનો અર્થ ટીકાકારોએ નીચે પ્રમાણે કર્યો છે.

टीका:–हीण पुण चाउद्दसेति । हीनायां पुण्य चातुर्दश्यां जातो हीन पुण्य चातुर्दशः किलचतुर्दश्यां किलचतुर्दशीतिथि पुण्याजन्माश्रितस्य भवति । मात्र पूर्णात्यंतभाग्यवंतो जन्मनि भवति अत आक्रोशतोउक्तं हीण पुण चाउद्दसेति

એટલે આક્રોશ વચને શક્રેન્દ્રે ચમરેન્દ્રને કહ્યું કે અરે પુણ્યહીણા! તું શું ચાઉદશનો જન્મેલો છે? એટલે ચાઉદશનો જન્મેલો અત્યંત પુણ્યવાન એવો તું નહીં એ ભાવ:

અન્ય શાસ્ત્રમાં પણ નીચે પ્રમાણે કહ્યુ છે. જુઓ "અમૂલ્ય રત્નનો ભંડાર", યાને પ્રાચીન રાજાઓની ચાલીશ કથા છપાવી પ્રગટ કરનાર રતનચંદ કાલીદાસ શાહ સવત્ ૧૯૫૨ મા છપાયુ તેમાં કથા ૨૧ ની પાને ૪૮૨ મે જ્ઞાનવતીની કથામા કહ્યુ છે કે એવો ચતુર્દશીની રાત્રિમાં જન્મેલો કોણ વીર પુરૂષ હોય કે જેમને આ દુષ્ટ ભીના દાસપણાથી છોડાવે?

આ ઉપરથી એમ જણાય છે કે—ચતુર્દશીનો જન્મેલો પરાક્રમી થાય છે.

પ્રશ્ન ૫૦—વદ્દલીયા ભત્તનો અર્થ શું?

ઉત્તર—ભગવતી શતક ૫ મે ઉદ્દેશે ૬ ઠ્ઠે वद्दलियाभत्तं એવો શબ્દ છે. તેનો અર્થ ટીકામાં કહ્યો છે કે-वार्दलिका मेघदुर्दिनं ॥ અને ભાષામાં પણ લખ્યું છે કે-વરસાદની ઝડી થયેથી દાતા આરે ભાત કર્યો (મેઘ વાદ્દુ પણ કહેવાય અને ઉવવાઇ સૂત્રમા પણ બાબુવાળા છાપેલા પાને ૨૯૪ મે વદ્દલીયા ભત્તનો અર્થ મેઘ વદું કરેલ છે. મેહુલ ઉપર પ્રમાણે અર્થ છે.

તથા ઠાણાંગ ઠાણે ૯ મે બાબુવાળા છાપેલા પાને ૫૩૬ મે આવતી ચોવીશીના પહેલા તીર્થંકર મહાપદ્મ અરિહંતના અધિકારે કહ્યુ છે કે—"वद्दलियभत्तेइवा" એ મૂળપાઠ અને ટીકા—

वर्द्दलिका मेघाडम्बर तस्मिन् वृष्टया भिक्षा भ्रमणाक्षमे भिक्षुके भवतीति गृहीतस्य विशेषतो भक्तं दानाय निरूप्यतीति ॥

ભાષા—વાદળ ભક્ત મેહમાં દાન દે તે

આનો પરમાર્થ એ છે કે વરસાદની ઝડીમાં ... ભિક્ષુ ... ભક્ત નિષ્પન્ન થયું હોય તે સાધુને લેવું કલ્પે નહિ

પ્રશ્ન ૫૮—છઠ્ઠા ગુણસ્થાનવાળા છદ્મસ્થ મુનિને કેટલી લેશ્યા હોય?

ઉત્તર—છઠ્ઠે ગુણઠાણે દ્રવ્ય લેશ્યા છ સંભવે છે. પરંતુ ભાવ લેશ્યા તો તેજુ, પદ્મ તથા શુક્લ એ ત્રણ હોવી જોઈએ, કારણ કે છઠ્ઠા ગુણઠાણાવાળાનો બંધ તો કલ્પ દેવલોક તથા કલ્પાતીતનો હોય છે. કર્મગ્રંથમાં ચોથા કર્મગ્રંથની ૫૩ મી ગાથામાં છ ગુણસ્થાનમાં છ લેશ્યા લખી છે, એ ઉપરથી છઠ્ઠા ગુણઠાણે દ્રવ્ય લેશ્યા છ હોય. કારણ કે છઠ્ઠા ગુણઠાણાની સ્થિતિ ઘણા કાળની હોવાથી અધ્યવસાયની હાનિ વૃદ્ધિ થવા સંભવ છે. તેથી લેશ્યાની પણ હાનિ વૃદ્ધિ થાય, પણ છઠ્ઠું ગુણસ્થાન છોડે નહિ ત્યાં સુધી ભાવલેશ્યાનું ચાહે તો ઉપર કહેલી ત્રણ લેશ્યાનુંજ ગ્રહણ કરે, અને બંધ વખતે દ્રવ્યલેશ્યા પણ ઉપરની ત્રણ માંહેલીજ હોવાથી દેવલોકની ગતિનો બંધ થઈ શકે. આનો પરમાર્થ એ છે કે છઠ્ઠે ગુણઠાણે કૃષ્ણ આદિની ત્રણ લેશ્યા માંહેલી કોઈ દ્રવ્ય લેશ્યા હોય તો ભાવલેશ્યા તો ઉપરની ત્રણ માંહેલી સમજવી.

પ્રશ્ન ૫૯—દીક્ષા લેતી વખતે કઈ લેશ્યા હોય?

ઉત્તર—ગ્રંથમાં દીક્ષા લેતી વખતે ચાર્યું કરી સાતમું ગુણસ્થાન હોય છે, તેથી કરીને કૃષ્ણ અને ભાવ, ઉપરની ત્રણ લેશ્યાજ હોય. સાતમે ગુણસ્થાને તેજ, પદ્મ અને શુક્લ એ ત્રણ લેશ્યા જ હોય છે. કારણ કે સાતમે ગુણસ્થાને આર્ત રૌદ્ર ધ્યાન નહિ હોવાથી અતિ વિશુદ્ધતા હોય છે. આઠમા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધી છદ્મસ્થ મુનિને એકજ શુક્લ લેશ્યા હોય છે.

પ્રશ્ન ૬૦—[illegible]

[illegible]

પ્રશ્ન ૬૧—[illegible]

[illegible]

માને છે, માટે મોહનીય કર્મની પ્રેરણાએ અને દર્શનાવરણીયના ઉદયે નિદ્રા આવે, અને એક ઠેકાણે એમ પણ કહ્યું છે કે–નિદ્રા મોહના ઉત્પત્તિસ્થા નથી. અને દર્શનાવરણીય કર્મના વિપાકથી તે (નિદ્રા) ની ઉત્પત્તિ છે અને શાતાવેદનીયના ઉદયે પણ નિદ્રા આવવાનો સંભવ છે.

પ્રશ્ન ૬૨—કોણિક રાજાએ કાળ કયારે કર્યો ? ભગવંતની હયાતીમાં કે ભગવંતના નિર્વાણ પછી ?

ઉત્તર—કેટલાક એમ કહે છે કે–કોણિક ચેડા રાજાનું યુદ્ધ જીત્યા પછી બે ઇંદ્રની સહાયતાથી કૃત્રિમ ચક્રવર્તી બની છ ખંડ સાધવા જતાં તિમિસ ગુફા ઉઘાડવા દંડ રત્નનો પ્રહાર કરતાં અંદરથી–અગ્નિની જવાળા નીકળી ત્યાંજ તેનું મૃત્યુ થયું. એ વખતે ભગવંત હૈયાત હતા.

પરંતુ સૂત્રનો ન્યાય જોતાં ઉપરની વાત સાબીત થતી નથી. કારણ કે–ભગવંત મહાવીર નિર્વાણ થયા પછી સુધર્મગણધરને વાંદવાને માટે કોણિક પોતે આવેલ છે એમ જ્ઞાતાજી સૂત્રના પ્રારંભમાં ખુલ્લો પાઠ છે. એ ઉપરથી ભગવંત નિર્વાણ થયા પછી કોણિકે કાળ કર્યો છે.

પ્રશ્ન ૬૩—સુચીકુસગ્ગ કરે તે આશ્રવ, આ શબ્દનો શો અર્થ થાય છે ?

ઉત્તર—આ શબ્દનો કોઇ કોઈ ક્રિયાવાદી એમ અર્થ કરે છે કે–ડાભની અણી ઉપર રહેલા જળના બિંદુ જેટલી સુચી કરે તોપણ તે આશ્રવ છે.

ત્યારે બીજો પક્ષ એમ કહે છે કે–ડાભની અણી ઉપર રહે તેટલા પણ સચેત જળથી સુચી કરે તો આશ્રવ.

હવે ત્રીજો પક્ષ એમ જણાવે છે કે–સુઇ નામ સોય (સીવવાની સોય) અને કુસગ્ગ કેતાં–કુસ–ડાભ અણી સહિત તે અસંવરે તો આશ્રવ. કેમકે તેની અણી તીક્ષ્ણ હોવાથી આશ્રવનું કાર્ય બનવા સંભવ છે, માટે તેને સંવરી એટલે યત્નાથી સાચવી નહિ રાખવાથી આશ્રવ થાય છે અને સંવરી રાખવાથી સંવર થાય છે. સાખ ઠાણાંગ ઠાણે ૧૦ મે.

સૂત્રના મૂળપાઠમાં સુઇકુસગ્ગ શબ્દ છે. તેમાં જળ શબ્દનો સમાવેશ નીકળતો હોય એમ જણાતું નથી. કદાપિ કોઇ સૂઇનો અર્થ સુચી કરે તો અચેત જળથી સુચી કરવાનો સૂત્રમાં નિષેધ નથી. દશાશ્રુતસ્કંધ સૂત્રના ૭ મા અધ્યયનમાં પણ પડિમાધારી સાધુ સેવાને ફાસુક શીતળ જળથી તથા ઉષ્ણ જળથી અસુચીનો લેપ તથા ભોજનાદિકથી ખરડાયેલા મુખ તથા

હાથ ધોઈ સુચી કરવા કહેલ છે. અર્થાત્ સૂત્રના નવ દ્વારાથી રૂધિર જનથી અસુચી આદિ ખરાબ લેપ ટાળી પાણીથી સુચી કરતા શુદ્ધ થતા કહેલ છે, અને તે ભગવંતની આજ્ઞા છે. માટે માનો કે ભગવંત અશુચની આજ્ઞા આપે નહિ. માટે પહેલો પક્ષ સૂત્રમને લાગુ થતો નથી.

બીજો પક્ષ સાધારણ રીતે ઠીક છે, પણ અહિં જળનો સંબંધ નથી. તેમ સચેત જળ રામની અણી ઉપર રહે તેટલાથી સુચી કરે તો અનંત ભંગનો સંભવ રહે. અને ત્રુટિયાં તો આગારની વ્યાખ્યા છે, માટે તે પણ બંધ બેસતું નથી.

ત્રીજો પક્ષ મતના ન્યાયે ઠીક જણાય છે. કે ગુદાની કે [illegible] એવી નીકળ હોય કે [illegible] તો તેને સંવરે નહિ [illegible] નહિ તો તેથી [illegible] માટે તે વાત મન્ય છે તે વિષે શ્રી આગમોદય [illegible] ઠાણાંગ ઠાણે ૧૦ મે, પાને ૪૭૨ મે [illegible] ટીકા નીચે પ્રમાણે કરે છે.—

[illegible]

[illegible]

તથા કોઇ એમ પણ કહે છે કે–જાણેજ્જા એટલે ગર્ભનો ભાવ જાણે કેવળિના ગર્ભનો ન્યાય.

ગર્ભનો ભાવ જાણવો ડોહોલાદિકથી તે તો અનુમાન કલ્પના છે. અને સ્ત્રી કૃષ્ણલેશી હોય અને ગર્ભ છ લેશ્યામાંનો ગમે તે લેશ્યાવાળો હોય માટે જાણેજ્જા શબ્દ વધારે લાગુ થાય છે.

પ્રશ્ન ૬૫—પન્નવણા સૂત્રના ૩૬ મા પદમાં एटलो खेत्र अफुणे, एटलो खेत्रफुडे તેનો અર્થ શું ?

ઉત્તર—કેટલીક પ્રતમાં વળી એવો પણ પાઠ છે કે-एटलोखेत्र आफुणे.

આ બધાનો અર્થ ટીકાકારે આ પ્રમાણે કર્યો છે કે–આત્મ પ્રદેશે કરી એટલો ક્ષેત્ર પૂર્યો, અને વેદની સમુદ્‌ઘાતના પુદ્‌ગલે કરી એટલો ક્ષેત્ર સ્પર્શ્યો શરીર પ્રમાણે. એટલે શરીરના તમામ ભાગમાં તથા તમામ અવયવમાં તથા શરીરની પોલારમાં તે આશ્રી છ દિશિ વેદની સમુદ્‌ઘાતનાં પુદ્‌ગલો સ્પર્શ્યાં.

બીજી સમુદ્‌ઘાત કરતાં આત્મપ્રદેશ તથા પુદ્‌ગલને બહાર નીકળવા સંભવ છે, ને વેદની સમુદ્‌ઘાત તો શરીરમાંજ શરીર પ્રમાણેજ થાય છે, તે માટે નિયમા છ દિશિ કહી છે, તે શરીરની અંદર છયે દિશિ જણાય છે.

પ્રશ્ન ૬૬—ઉઠ્ઠાણ, કમ્મ, બળ, વીર્ય અને પુરૂષાકાર પરક્રમેનો શો અર્થ ? અને એ છ બોલ રૂપી છે કે અરૂપી ?

ઉત્તર—કોઇ અપેક્ષાએ અરૂપી છે ને કોઈ અપેક્ષાએ રૂપી પણ છે. ભગવતીજી શતક ૧૨ મે, ઉદ્દેશે ૫ મે બાબુવાળા છાપેલ પાને ૧૦૨૭ મે કહ્યું છે કે—

अहभंते ! उठ्ठाणे कम्मेबले वीरिएपुरिसकार परक्कमे एसणं कइवणे ४ पण से ! तं चेव जाव अफासे सेपणंते.

ભાષા—હવે હે ભગવન્! ઉ. ઉત્થાન ઉઠો થાવો ૧ ક. કર્મ તે ગમનાદિ ક્રિયા ૨, બ. શરીરની સમર્થાઇ ૩, વી. જીવનો ઉત્સાહ ૪, પુ. પુરૂષકાર અભિમાન વિશેષ ૫, પ. પરાક્રમ એહની સાધના કામે પૂરો કીધો તે ૬. તેમાં કેટલા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ ચ્યાર પ્રશ્ન પ્રત્યે ગૌતમે પૂછ્યાં. તેના ઉત્તરમાં-તિમહીજ યાવત્ એઓને પણ આત્મધર્મપણે કરી અવર્ણાદિ કહ્યા.

એટલે એ સર્વ બોલ અનંતે અરૂપી કહ્યા તે આત્મધર્મને લઇને કહ્યા છે.

અને પન્નવણા પદ ૨૩ મે, કર્મપ્રકૃતિના અધિકારે નામકર્મની પ્રકૃતિમાં શુભ નામના ૧૪ બોલમાં બોલ ૧૦ મો, બાબુવાળા છાપેલ પાને ૬૭૭ મે શરીર ધર્મઆશ્રી રૂપી કહેલ છે. એટલે ઉત્થાનાદિ બાબત પરાક્રમે એ સર્વ બોલનો એક ૧૦ મો બોલ છે, તેને શુભ નામકર્મના બંધ સંબંધીમાં અનુભાગ ભોગવવા આશ્રી કહેલ છે. માટે રૂપી કહેલ છે.

પ્રશ્ન ૬૭—સાધુને ચાર ભાષા માંહેલી બે ભાષા બોલવી કહી છે સત્ય અને વ્યવહાર અને ૧૨ મા ગુણસ્થાને ૯ જોગ લાભે છે તે. ૪ મનના ૪ વચનના ને ૧ ઉદારિકનો તેનું કારણ શું ?

ઉત્તર—અસત્ય મન ને મિશ્ર મન, અને અસત્ય વચન ને મિશ્ર વચન તેને ૧૨ મા ગુણસ્થાને ઇચ્છાપૂર્વક પ્રવર્તાવે નહિ. પરંતુ દ્રવ્યગુણ પર્યાયની વ્યાખ્યા કેવળી પ્રમાણે યથાતથ્ય કરી શકે નહીં. છદ્મસ્થપણામાં ક્યારે યોગની પ્રવૃત્તિ રહી છે. બારમા ગુણસ્થાનનો સાધુ જો કે મહા ઉપયોગવંત છે તથાપિ મન, વચનના યોગ દ્રવ્ય ગુણ, પર્યાયની વ્યાખ્યામાં કેવળી પ્રમાણે આણી શકે નહિ. તે પ્રમાણે મન પ્રવર્તાવી શકે નહિ તથા વચન બોલી શકે નહિ. માટે ૯ જોગ કહ્યા છે.

પ્રશ્ન ૬૮—ઉત્તરાધ્યયનના ૬ ઠા અધ્યયનમાં ગાથા ૪૨ મી, તેમાં [illegible] મહારાજને [illegible] કહ્યું છે કે—

[illegible],

[illegible]. ૪૨.

[illegible] ?

ઉત્તર—[illegible]

[illegible]

આવશ્યકપણું સાબિત રાખતા ગયા છે. પરંતુ નમિરાજર્ષિએ આપેલા ઉત્તરની ગાથા સામે દ્રષ્ટિ કરી હોય એમ જણાતું નથી.

વળી કેટલાક એમ પણ અર્થ કરે છે કે—હે નરાધિપતિ! બ્રહ્મચારી ૧, ગૃહી ૨, વાનપ્રસ્થ ૩, અને ભિક્ષુ ૪, એવા ચાર પ્રકારના આશ્રમ છે. તેમાં ગૃહસ્થાશ્રમ જેવો ધર્મ થયો નથી ને થશે પણ નહીં, કારણકે બીજા ત્રણ આશ્રમવાળા ગૃહસ્થાશ્રમને આધારે છે, તેથી તે ગૃહસ્થાશ્રમધર્મ પોતાના આત્માના કાર્ય ને પરના આત્માના કાર્ય સાધવાને માટે સમર્થ છે, પણ તે ગૃહસ્થાશ્રમ ભયંકર છે ને તેને શૂરા પુરૂષોજ નિભાવી શકે છે, અને સાધુપણું લઇ ભિક્ષાવૃત્તિ કરવી એ તો કાયર પુરૂષનાં લક્ષણ છે. કારણકે કૃપણી પશુપાલાદિક પણ કહે છે કે ભિક્ષા માગીને ખાઓ છો તો કમાઇને કેમ ખાતા નથી? એમ ભિક્ષાવૃત્તિ કરનારને લોકમાં નિંદક ગણે છે, માટે તમારા જેવા શૂર પુરૂષોને તે યોગ્ય નથી તેથી તમે ગૃહસ્થાશ્રમમાંજ રહીને સર્વનું પોષણ કરો એજ ઉત્તમ ધર્મ છે. એ પ્રમાણે કહેલ છે તેનું કેમ?

પ્રશ્ન ૬૯—નમિરાજર્ષિએ ઇંદ્રની કહેલી ઉપરની ગાથાનો શો ઉત્તર આપ્યો છે? અને ઉપરના કહેલ અર્થમાં શો તફાવત છે તે જણાવશો?

ઉત્તર—હા, જી, સાંભળો ગાથા ૪૫મી.

मासेमासे उ जो बाले कुसग्गेणं तु भुंजइ ।
न सो सुयक्खायधम्मस्स कलं अग्घइसोलसिं ।

અર્થ—માસ માસ ખમણને પારણે ડાભની અણી ઉપર રહે તેટલું જમે, અને સરલ હોવા છતાં પણ બાલ છે અજ્ઞાની છે માટે મિથ્યાત્વની કરણી સૂત્ર આખ્યાત ધર્મ જે શ્રુત ધર્મ ને ચારિત્ર ધર્મ તેની સોળમી કળાએ પણ અર્ઘ નહીં શોભે નહીં. અથવા સોળમી કળાએ આવે નહીં.

સૂત્રમા ભગવંતે બે પ્રકારના ધર્મ કહ્યો છે અણગાર ધર્મ ને આગાર ધર્મ એટલે સાધુ ધર્મ અને શ્રાવક ધર્મ તે બંને ધર્મના સેવન કરવાવાળા સૂત્ર આખ્યાત ધર્મ જે શ્રુત ધર્મ ને ચારિત્ર ધર્મના અધિકારી છે તો તેમના પોષધ ઉપવાસાદિ શ્રાવક ધર્મની ક્રિયાનો નમિરાજર્ષિ નિષેધ કેમ કરે? એ જરા વિચાર કરવો જોઇએ

પ્રશ્ન ૭૦—અમે તો અત્યાર સુધી એમ સાંભળતા આવ્યા છીએ કે ...શ્રમ જે ગૃહસ્થાશ્રમ તજીને અનેરા આશ્રમની ઇચ્છા કરે છે તેમ

કરવા કરતાં અહિંયાં રહી પોષધ ઉપવાસાદિ કરી શ્રાવકપણું પાળવું ઠીક છે. આ અર્થ નમિરાજાના ઉત્તર સાથે વિચારતાં તદ્દન વિરૂદ્ધ પડે છે. એમ તો જણાય છે ખરૂં. તો આનો ખરો અર્થ શો છે તે જણાવશો ?

ઉત્તર—ઘોરાશ્રમ એટલે તતકાળે અન્યમતમાં એવો કોઇ કઠણ—આકરો આશ્રમ હોવો જોઇએ કે ચાર આશ્રમ જે કહ્યા છે તેથી આ આશ્રમ વિકટ આશ્રમ હોવાને લઇને બ્રાહ્મણના રૂપે ઇંદ્રે પોતાના (બ્રાહ્મણના) મતનો જૈન ધર્મના સંયમ ધર્મથી વિરૂદ્ધ એવો ઘોરાશ્રમ જણાવ્યો; અને કહ્યું કે-આવો ઘોરાશ્રમ તજીને જૈન ધર્મના ચારિત્રરૂપ અન્ય આશ્રમની પ્રાર્થના કરે છે ? હે રાજન્ ! તું તેની ઇચ્છા કરે છે ? માટે હું તને જણાવું છું કે-એ બધું જવા દે, કાં તો ઘોરાશ્રમ અંગીકાર કર કે કાં તો ગૃહસ્થાશ્રમમાં રહી એટલે અહિંજ રહી તું વસ્તીનું પોષણ કર, તેમાં રક્ત રહે, એટલે તારી વસ્તીનું પોષણ કરવાથી પણ રાજનીતિ પ્રમાણે હે મનુષ્યના અધિપતિ ! તોપણ તારૂં કલ્યાણ થશે. આ વાત ન્યાયપૂર્વક જણાય છે.

આનો પરમાર્થ એ છે જે-ઘોરાશ્રમ વગેરે જે જે અંગીકાર કરવા બ્રાહ્મણે નમિરાજર્ષિને જણાવ્યું તે સર્વ અમાવાસ્યાના અંધારાથી પણ અધિક અનંતગણું અંધારૂં અજ્ઞાનરૂપી અંધારૂં કહ્યું. કારણ કે અમાવાસ્યાના અંધારામાં પણ ચંદ્રની સોળ કળામાંની એક કળા પણ ખુલ્લી રહે છે, ને નમિરાજર્ષિએ તો બ્રાહ્મણને ખુલ્લું કહ્યું છે કે તારી બતાવેલી ઘોરાશ્રમ વગેરેની કરણી તે સુઆખ્યાત ધર્મની પાસે મિથ્યાત્વરૂપ અજ્ઞાન કરણી સોળમી કળાએ પણ આવે નહિ. માટે જે હું સંયમધર્મ અંગીકાર કરૂં છું તે શ્રેષ્ઠ છે.

પ્રશ્ન ૭૨—ઉત્તરાધ્યયનના ૧૦ મા અધ્યયનમાં-દરેક ગાથાએ કહેલ છે કે-समयं गोयम मा पमायए. તેનો શો અર્થ ?

ઉત્તર—અહીંયાં કેટલાક એવો અર્થ કરે છે કે-ભગવંતે એ બોધ ગૌતમને ઉદ્દેશીને કહેલ છે. કેટલાક કહે છે કે-ગૌતમને કાંઇ એવો પ્રમાદ ન હોતો પણ ગૌતમ શબ્દે જીવને પ્રમાદ છાંડવાને માટે એ શબ્દ કહ્યો છે. અને કેટલાક એમ પણ કહે છે કે-ગૌતમના આગેવાનપણે પરિવારને એ બોધ કરેલ છે, પરંતુ તે પદમાંથી એવો અર્થ નીકળે છે કે-"समयं गो यम' मा' पमायए" એટલે ભગવંત ભવ્ય જીવો પ્રત્યે એમ ઉપદેશ કરે છે કે-गो० કહેતાં ઇંદ્રિયોને, यम० નામ નિયમમાં લાવવાને, समयं કહેતાં સમય માત્રનો, मा० નામ રખે, पमायए० કહેતા પ્રમાદ કરે. એટલે ઇંદ્રિયોને નિયમમાં લાવવાનો સમય માત્રનો પ્રમાદ કરવો નહીં. એમ ભગવંતે જણાવ્યું.

પ્રશ્ન ૭૨—દશવૈકાલિક સૂત્રના અધ્યયન ૯ મે, ઉદ્દેશે ૩ જે ગાથા ૧૧ મીના પહેલા બે પદમાં કહ્યું છે કે—ગુણેહિં સાહૂ અગુણેહિં સાહૂ, ગિન્હાહિ સાહૂ ગુણમુંચ્ચસાહૂ; અહિંયા ગુણવંતને સાધુ કહ્યા, અને અગુણીને પણ સાધુ કહ્યા. તેનું શું કારણ ?

ઉત્તર—ટીકા, તથા ટબાવાળા તો એમ અર્થ કરી ગયા છે કે ગુણવંત સાધુ અને અગુણી તે અસાધુ. ગુણને ગ્રહે તે સાધુ અને ગુણને મૂકે તે અસાધુ. આ પ્રમાણે અર્થ લખી ગયા છે પણ તેનો ખરો અર્થ શું છે તે તેઓને સમજાણો હોય એમ જણાતું નથી, કારણકે અગુણીને અસાધુ, અને ગુણને મુકે તે અસાધુ એવો અર્થ મૂળ ગાથામાંથી નીકળતો નથી. માટે તેનો અર્થ બીજોજ હોવો જોઇએ.

પ્રશ્ન ૭૩—ઉપરના બે પદનો ખરો અર્થ શું છે? તે જણાવશો ?

ઉત્તર—હા, જી, સાંભળો. જ્ઞાનાદિ ગુણે કરી સાધુ કહીએ, અગુણે કહેતાં કામના જે ગુણ શબ્દાદિક (શબ્દ, રૂપ, રસ, ગંધ ને સ્પર્શ) તે રહિત તે અગુણી કહીએ, એટલે કામગુણ રહિત તે સાધુ, અને બીજા પદમાં જ્ઞાનાદિક ગુણને ગ્રહે તે સાધુ, અને કામ ગુણને મુકે તે તથા તે થકી મુક્ત થાય તે સાધુ ઇત્યર્થ.

સૂત્રમાં ઘણે ઠેકાણે શબ્દ ૧, રૂપ ૨, રસ ૩, ગંધ ૪, ને સ્પર્શ ૫. એ પાંચે કામના ગુણ કહ્યા છે.

ભગવતીજી શતક ૭ મે, ગુણના ઉપજાવનાર સાધુને માંડળીયાના દોષ માંહેલો દોષ કહ્યો છે.

તથા આચારાંગના પહેલા શ્રુતસ્કંધમાં અધ્યયન બીજે કહ્યું છે કે—" ગુણે સે આવટ્ટે, આવટ્ટે સે ગુણે. " છતા ગુણવાળાને સંસારનું આવર્તન અને સંસારના આવર્તનવાળાનેજ ગુણ છે. માટે અહિંયાં કામના ગુણ તે શબ્દાદિકજ લેવા.

પ્રશ્ન ૭૪—દશવૈકાલિકના ૯ મા અધ્યયનના ૪ થા ઉદ્દેશામાં કહ્યું છે કે—અરિહંતના હેતુને અર્થે સાધુએ આચાર પાળવો. તો સાધુ જે આચાર પાળે તે તો પોતાના હેતુ માટે પાળે તેમાં અરિહંતનો હેતુ શું ?

ઉત્તર—અહિંયાં અરિહંત શબ્દે તીર્થંકરાદિક લેવા નહીં. અરિ કેતાં કર્મરૂપ વેરી તેને હણવાના હેતુના અર્થે સાધુ મુનિરાજ આચાર પાળે અર્થાત્ કર્મરૂપ શત્રુને હણવા માટે આચાર પાળવો. ઇત્યર્થ.

પ્રશ્ન ૭૫—સૂત્રમાં દરેક ઠેકાણે वंदइनमंसइ શબ્દ કહેલ છે. તેનો શો અર્થ ?

ઉત્તર—કેટલેક ઠેકાણે સૂત્રમાં બન્ને શબ્દ વંદણા નમસ્કાર શબ્દમાં વપરાય છે, અને બન્ને શબ્દ જુદા અર્થમાં પણ વપરાય છે. એટલે વંદણા કે'તાં ગુણગ્રામ બોલતાં નમસ્કાર કરવો, એટલે મુખે કરી ગુણગ્રામ બોલી પંચ અંગ નમાવીએ તેને વંદઇ નમંસઇ શબ્દ લાગુ થાય.

પ્રશ્ન ૭૬—અમે તો વંદણા શબ્દે નમસ્કારજ માનીએ છીએ તેનું કેમ ?

ઉત્તર—તે ઠીક છે, એમ પણ કોઇ ઠેકાણે અર્થ થાય છે ખરો. દશવૈકાલિક સૂત્રમાં પાંચમા અધ્યયનના બીજા ઉદ્દેશાની ૩૦ મી ગાથામાં जे न वंदे न से कुप्पे હે મુનિ ! તને કોઇ વંદણા નમસ્કાર ન કરે તો તું તેના ઉપર કોપ કરીશ નહિ. અહિંયાં વંદણા શબ્દ બન્ને અર્થમાં લાગુ થયો; પણ વંદણા શબ્દનો ખરો અર્થ ગુણગ્રામજ થાય. જુઓ તેજ દશવૈકાલિકના પાંચમા અધ્યયનના બીજા ઉદ્દેશાની ૨૯ મી ગાથાના ત્રીજા પદમાં કહ્યું છે કે " वंदमाणं न जाइज्जा " એટલે વંદણા કરતો થકો હે મુનિ ! તું જાચીશ નહિ. અહિંયાં એવો અર્થ ઘટે નહિ કે-હે મુનિ ! તું નમસ્કાર કરતો થકો જાચીશ નહિ. તો, વંદમાણં કે'તાં વંદણા કરતો થકો એટલે ગુણગ્રામ કરતો થકો ગૃહસ્થ પ્રત્યે હે મુનિ ! ન જાઇજ્જા કહેતાં તું જાચીશ નહિ. ઇત્યર્થ. અહિયાં વંદણા શબ્દે ગુણગ્રામજ ઘટે. વંદણા નમસ્કારનો અર્થ ઘટે નહિ.

પ્રશ્ન ૭૭—ભગવતીજી શતક ૧ લે, ઉદ્દેશે ૭ મે ગર્ભના અધિકારે ગર્ભની કાયસ્થિતિ ઉત્કૃષ્ટી ૨૪ વર્ષની કહી તે શી રીતે ?

ઉત્તર—કેટલાક કહે છે કે-ગર્ભની ઉત્કૃષ્ટી સ્થિતિ ૧૨ વર્ષની કહી છે, તે જીવ ૧૨ વર્ષ પુરાં કરી પછી ચવી જાય, ને તેજ જીવ પાછો તેજ ગર્ભમાં આવી ઉપજે ને પાછો ૧૨ વર્ષ રહે. એટલે ૨૪ વર્ષ તેજ કાયમાં ગભપણે રહ્યો. આમ કોઇ કહે છે.

વળી કોઇ એમ પણ કહે છે કે-તે ગર્ભની કાયમાં તેજ જીવ ૧૨ વર્ષ રહ્યો તે જીવ ચવી ગયો, ને તે કાયમાં બીજો જીવ આવી ઉપન્યો તે પણ ગર્ભપણે ૧૨ વર્ષ રહ્યો એટલે ૨૪ વર્ષની ગર્ભની ઉત્પત્તિ સ્થાનની કાયસ્થિતિ થઇ. આમ બન્ને અભિપ્રાયનો વિચાર કરતાં જેવું જોઇએ તેવું બંધ બેસતું નથી.

પ્રશ્ન ૭૮—આ વિષે ખરો અભિપ્રાય શો છે તે જણાવશો ?

ઉત્તર—સાંભળો, પ્રથમ કહ્યા પ્રમાણે જો, માતાપિતાના સંબંધથી ઉત્પન્ન થયેલી ગર્ભ સંબંધી કાયા તે ઉત્કૃષ્ટ ૧૨ વર્ષ રહે. તે તો ઠીક પણ ફરીથી તે કાયમા ઉત્પન્ન કેમ થાય ? કેમકે માતાપિતાના સંબંધ વિના બીજો દેહ બંધાય નહિ, તો માનો કે માતાપિતાના સંબંધવડે બીજો દેહ બંધાવો જોઇએ, અને જ્યારે બીજો દેહ બંધાય ત્યારે મૂળ દેહનો અહિં સંબંધ રહ્યો નહિ, તેમજ મૂળ દેહમાં ગર્ભ બંધાવાનો સ્વભાવ નથી. માટે તે સંબંધ મળે નહિ

તેમજ બાર વર્ષની સ્થિતિનો એક જીવ ચવી ગયો અને બીજો જીવ આવી તેટલીજ સ્થિતિએ ઉત્પન્ન થાય તે પણ બંધ બેસે નહીં. કારણ કે તે ગર્ભની કાય સ્થિતિ ગણાય નહીં.

માટે ત્રીજો અભિપ્રાય જણાવવામાં આવે છે કે—જે ગર્ભની કાયસ્થિતિ ૨૪ વર્ષની કહી, તે તેજ સ્ત્રીના શરીર સંબંધી તેજ ગર્ભની કાયસ્થિતિ સમજવી નહિ. એક વખત જે સ્ત્રીના ઉદરમાં ગર્ભ હતો તે ગર્ભ ઉત્કૃષ્ટી ૧૨ વર્ષની સ્થિતિ પૂરી કરી ત્યાંથી ચવી બીજી સ્ત્રીના ઉદરમાં ગર્ભપણે ઉત્કૃષ્ટી સ્થિતિએ ઉત્પન્ન થાય તોપણ ૧૨ વર્ષ રહે. એમ ઉપરાઉપર ગર્ભની ઉત્કૃષ્ટી સ્થિતિએ ઉત્પન્ન થાય તો બેજ વાર થાય, પણ ત્રીજીવાર થાય નહિ માટે ગર્ભની કાયસ્થિતિ ૨૪ વર્ષની જાણવી. દૃષ્ટાંત—જેમકે પૃથ્વીની કાયસ્થિતિ ઉત્કૃષ્ટી અસંખ્યાતા કાળની કહી છે, તે એક જીવ પીળી પૃથ્વીપણે ઉપજ્યો ત્યાંથી ચવી કાળી, નીલી, રાતી; પીળી પૃથ્વીમાં ઉત્પન્ન થઇ અસંખ્યાતો કાળ પૂરો કરે, તે પૃથ્વીના કાયસ્થિતિ કહેવાય. પણ અહિં પીળીને વિષેજ અસંખ્યાતા કાળ પૂરો કરે તેજ કાયસ્થિતિ કહેવાય એવો નિયમ નહિ. તેમજ ગર્ભની કાયસ્થિતિનું જાણવું ઇત્યર્થ.

પ્રશ્ન ૭૯—ભદ્રપડિમા, મહાભદ્રપડિમા, સર્વતોભદ્રપડિમાનું સ્વરૂપ શું?

ઉત્તર—ભદ્રપ્રતિમા-પૂર્વ દિશિએ ચાર પહોર લગી કાયોત્સર્ગ કરવો. અથવા ઉપવાસ તપ કરવો તે પ્રતિજ્ઞા બે દિવસે પૂરી થાય પૂર્વ-સહ ખમે.

મહાભદ્રપડિમા-પૂર્વની પરે એટલો વિશેષ એકેક દિશિ અહોરાત્રિ કાયોત્સર્ગ કરે. એમ ચાર અહોરાત્રિ લેવું

સર્વતોભદ્ર પડિમા—દશદિશિ એકેક અહોરાત્રિ કાયોત્સર્ગ કરે એટલે દશ અહોરાત્રિનું માન.

નામ.	ઉપવાસ દિન.	કાયોત્સર્ગ માન.	દિશામાન.
ભદ્રપડિમા.	૨	૪ પહોરનો કાયોત્સર્ગ.	પૂર્વ. પ. ઉ. દ. ચાર દિશા ફરે.
મહાભદ્ર પડિમા.	૪	અહોરાત્રિ—૧ દિવસનો કાયોત્સર્ગ.	ચારે દિશા ફરે.
સર્વતોભદ્રપડિમા.	૧૦	અહોરાત્રિ કાયોત્સર્ગ.	દશ દિશાએ ફરે.

એ ત્રણે પડિમાએ કાયોત્સર્ગમાં પરિસહ ખમે ઉપસર્ગ થય તે સહન કરે.

ઠાણાંગજીમાં બે બે બોલ કહ્યા છે, તો ભદ્રાના સામે સુભદ્રા પ્રતિમા કહી છે. તે પણ ભદ્રની પેઠે છે. પણ દશ દિશિ કહી છે. જે માટે બીજો પ્રકાર શાસ્ત્રમાં દીસતો નથી. (એમ અર્થકારે કહ્યું છે.)

પ્રશ્ન ૮૦—આધિ, વ્યાધિ ને ઉપાધિનો શો અર્થ ?

ઉત્તર—આધિ એટલે મને કરીને જે વેદવામાં આવે તે. એટલે માનસિક પીડા.

વ્યાધિ તે શરીરે વેદવામાં આવે તે, શારીરિક પીડા. રોગ પ્રમુખ.

અને ઉપાધિ તે, બહારની પીડા જે વેદવામાં આવે તે. એટલે ધન પૈસો ઉપકરણાદિક મેળવવાની, ચિંતા તથા સ્વજનાદિકની ચિંતા વેદવામાં આવે તે.

પ્રશ્ન ૮૧—કોઈને સંથારાની વિધિ ન આવડતી હોય અને રાત્રિએ સુતી વખતે દિવસ ઉગતાં સુધીમાં—અગર ગમે ત્યારે સંથારો કરવો હોય, તો સ્હેલાઈથી કેવી રીતે થઈ શકે ?

ઉત્તર—માત્ર એકજ ગાથા મુખે કરી હોય તોપણ બની શકે તે ગાથા—આહાર શરીરને ઉપધિ, પચ્ચખું પાપ અઢાર; મરણ હોય તો વોસિરે, જીવું તો આગાર. ૧. આટલું કહીને સંથારો માને તોપણ બની શકે.

પ્રશ્ન ૮૨—કોઇને સંથારાની વિધિએ સંથારો કરવો હોય તો તે કેવી રીતે ને ક્યારે કરી શકે ?

ઉત્તર—જેને સંથારો કરવો હોય તેને પ્રથમ તો પોતાના આયુષ્યની હદ જાણી જોઇએ એટલે કાં તો અવધિજ્ઞાનથી, કાં તો જાતિસ્મરણ જ્ઞાનથી, કે કાં તો સૂત્રજ્ઞાનથી અથવા તો કોઇ દેવાદિકના કહેવાથી, અથવા તો કોઈ સ્વપ્નાદિકનો ભાસ થવાથી, અથવા તો કોઇ જ્ઞાનીઓના કહેવાથી, અથવા તપશ્ચર્યાદિકે શરીર ક્ષીણ પાડવાથી, અર્થાત્ શરીરની અંદરનું લોહી માંસ સૂકાવાથી શરીરની શક્તિ તદન ક્ષીણ થવાથી તથા કાળ જ્ઞાનથી* ઇત્યાદિક કારણો વડે પોતાના આયુષ્યનો અંત નજીક આવેલો જાણી પોતાના શરીર, આહાર, ઉપકરણાદિક ઉપરથી મૂર્છા ઉતારી આત્મબળ પ્રગટ કરી સંથારો કરવા ધારે અર્થાત્ સંથારો કરે તો સહીસલામતે પાર પહોંચાડી શકે.

પ્રશ્ન ૮૩—ઉપરના કહેલા બોલ વિના એટલે આયુષ્યની હદ જાણ્યા વિના કોઇ સંથારો કરવા ધારે તો તેનું કેમ થાય ?

ઉત્તર—આ કાળમાં આયુષ્ય જાણ્યા વિના કોઇ સંથારો કરે તો તેને સિદાવાનો વખત આવે, પરંતુ કોઇ હઠથી કે હિમતથી અથવા તો આત્મબળથી ચઉવિહારા ત્યાગના ૩૦ ઉપવાસ કરે અથવા તેવિયારા ૩૦ ઉપવાસ ઉપરાંત ચઉવિહારા ઉપવાસ શરૂ કરી દે તો થોડા દિવસમાં સંથારો પાર પાડી શકે એમ વિદ્વાનોના મુખથી સાંભળ્યું છે.

પ્રશ્ન ૮૪—સંથારાને માટે કેટલાંક અણસમજુ મનુષ્યો એમ બોલે છે કે સંથારો કરવો તે એક જાતની આત્મહત્યા છે. એટલે પરાણે પ્રાણ કાઢવાનો દાવો કરે છે. તેનું કેમ ?

ઉત્તર—સંથારો કરવો તેને આત્મહત્યા માનવી એ એક જાતની અજ્ઞાનતા છે. કોઇ અજ્ઞાનતાથી કે કોઇ દ્વેષ ભાવથી એ પ્રમાણે બોલે તેને માટે કાંઇ કહેવાનું નથી, પણ શાસ્ત્ર કબુલ કરતું નથી. શાસ્ત્રમાં એ વિષે જાણી વ્યાખ્યા છે. આપણે પણ વિચાર કરીશું તો જણાઇ આવશે કે આત્મઘાત કરવાવાળા કેવી પ્રકૃતિનાં મનુષ્યો હોય છે ? અને સંથારા કરવાવાળા કેવી પ્રકૃતિવાળા હોય છે ? તે સ્વરૂપ ડાહ્યા માણસે જાણવું જોઇએ. અન્યમતના શાસ્ત્રમાં અણસણ કહેલ છે, અને જૈનશાસ્ત્રમાં સંથારો અને અણસણ એ બેય શબ્દથી બોલાવેલ છે. વળી અન્યમતના ત્યાગીઓ

* કાળજ્ઞાન જાણવાને માટે જુઓ ભાગ ૪થો પ્રશ્ન ૧૯મું.

તામલીતાપસ, પુરણતાપસ વગેરેના સંથારા મહિનાના તથા બે મહિનાના જૈન સૂત્રોમાં ચાલેલ છે. તેઓની આત્મહત્યા કહી નથી. માટે ડાહ્યા મનુષ્યે પહેલું સમાધિમરણ અને આત્મહત્યાનું સ્વરૂપ જાણવું જોઇએ.

પ્રશ્ન ૮૫—આત્મહત્યા અને સંથારામાં શો તફાવત ?

ઉત્તર—તેમાં તો આકાશ પાતાળ જેટલો તફાવત છે. તે વિષે ભગવતીજીના બીજા શતકના પહેલા ઉદ્દેશામાં એવું પ્રશ્ન છે કે–એવું કયું મરણ છે કે, જે મરણ મરવે કરી જીવ અનંતો સંસાર વધારે ? અને એવું કયું મરણ મરવે કરી જીવ અનંતો સંસાર ઘટાડે ? તેના ઉત્તરમાં ભગવંત મહાવીરે જણાવ્યું છે કે–અજ્ઞાન એટલે કષાયના પ્રાબલ્ય વડે તથા ઇચ્છા વા વાસના સહિત મરે તે જીવ અનંતો સંસાર વધારે અને જ્ઞાન એટલે જ્ઞાનદૃષ્ટિ રાખી કષાયોને ત્યાગી વાસનાઓનો વિધ્વંસ કરી એકાંત અવ્યાબાધ સુખ મેળવવા સંથારો કરી મરે તે જીવ અનંતો સંસાર ઘટાડે એ પ્રશ્ને કહેલ છે.

પ્રશ્ન ૮૬—અજ્ઞાનમરણ અને જ્ઞાનમરણ કોને કહેવામાં આવે છે ?

ઉત્તર—જે જીવ કષાયને વશ અથવા કોઇ પ્રકારની ઇચ્છાથી ભગવતીજીમાં કહેલાં ૧૨ પ્રકારમાંના મરણે કરી મરે તેને અજ્ઞાનમરણ કહેલ છે, અને બે પ્રકારનાં સમાધિ મરણે એટલે કષાય કે ઇચ્છા વિના મરે તે જ્ઞાનમરણ કહેલ છે. તેને સૂત્રમાં સમાધિમરણ પણ કહ્યું છે

પ્રશ્ન ૮૭—અજ્ઞાનમરણ ૧૨ પ્રકારે કહ્યા તે કયા કયાં ?

ઉત્તર—ભગવતીજીમાં ખંધકને અધિકારે ૧૨ પ્રકારનાં મરણ આ પ્રકારે કહ્યા છે. (૧) ક્ષુધાતૃષાએ પીડાયો અથવા સંયમથી પડયો થકો વલવલાટ કરતો મરે. (૨) પાંચે ઇંદ્રિયના વશ પડયો થકો મરે. (૩) અંતઃકરણમાં શલ્ય રાખી (માયા, નિયાણું અને મિથ્યાદર્શન સહિત) મરે. (૪) મનુષ્ય આયુનું નિદાન કરી મરે. (૫) પર્વત ઉપરથી (ઝંપાપાત ખાઇ) મરે. (૬) વૃક્ષથી પડી મરે. (૭) પાણી માંહે બુડી મરે. (૮) અગ્નિ માંહે બળી મરે. (૯) વિષ ખાઇ મરે. (૧૦) શસ્ત્ર કરી મરે. (૧૧) ગળે ફાંસો ખાઇને મરે. (૧૨) [illegible] મુડદાં તથા તેના કલેવરમાં પેસી મુંઝાઇ મરે. એ બાર [illegible] મરણ તે બાલમરણ એટલે અજ્ઞાનમરણ કહ્યા છે.

પ્રશ્ન ૮૮—બે પ્રકારનાં જ્ઞાનમરણ કયાં તે કહી બતાવો ?

ઉત્તર—(૧) [illegible] અને (૨) [illegible] એટલે [illegible]

રહી સંથારાની અંદર હાથ પગાદિક ચલાવ્યા વિના આત્મસમાધિએ મરે તે પાદોપગમન સંથારો કહીએ, અને ચારે આહારનાં પ્રત્યાખ્યાન (ત્યાગ) કરી જગ્યાની મર્યાદા રાખી આત્મા સમાધિ ભાવે મરે તે ભક્તપ્રત્યાખ્યાન સંથારો કહીએ. આ બન્ને મરણને શાસ્ત્રમાં પંડિત મરણ–જ્ઞાન મરણ કહેલ છે.

પ્રશ્ન ૮૯—ઉપર કહેલાં ૧૨ પ્રકારનાં અજ્ઞાનમરણ અને બે પ્રકારનાં જ્ઞાન મરણ આત્માને શું ફળ આપે છે?

ઉત્તર—અજ્ઞાન મરણે મરતો થકો જીવ નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતા સંબંધીના એટલે ચારગતિ ચોવીશ દંડક અને ચોરાશીલાખ જીવાયોનિના અનંતા અનંતા ભવ વધારે અને આદિ અંત રહિત ચાર ગતિ રૂપ સંસારની અંદર પરિભ્રમણ કરે.

અને જ્ઞાન (પંડિત) મરણે મરતો થકો જીવ અનંતા ભવના ફેરા તોડે અર્થાત્ ચારે ગતિરૂપ સંસારને અતિક્રમે ખપાવે.

આનો પરમાર્થ એ છે કે બાર પ્રકારનાં અજ્ઞાન મરણે મરવા વાળાને આત્મહત્યાનો દોષ લાગે છે, અને પંડિતમરણે મરવાવાળાને આત્મહત્યાનો દોષ લાગતો નથી, કારણકે તે પોતાનું મરણ નજીક આવ્યું જાણીને સમાધિ મરણે મરે છે. આત્માને સમાધિભાવમાં જોડી અનેક પ્રકારના પરિસહોને સમભાવે સહન કરી આ જગતના તમામ જીવો સાથે ગતભવના અને આ ભવના વૈરવિરોધની ક્ષમાપના માગી કોઇ પણ પ્રકારની ઇચ્છા કે વાસના રહિત માત્ર આત્મભાવનાએજ સમાધિભાવના ભાવતાં પોતાના આયુષ્યની હદ પૂરી કરે છે, તેને આત્મહત્યાનો દોષ કહેવો તે અજ્ઞાનતાનું વાકય છે.

જૈનશાસ્ત્રના ન્યાય પ્રમાણે સમાધિમરણે મરવાવાળા પોતાના મૃત્યુનો એક જાતનો મહોત્સવ માને છે. એ વિષે પૂરતી માહિતગારી મેળવવી હોય તો વાંચો સમાધિમરણ યા સમાધિવિચાર તથા મૃત્યુમહોત્સવ નામનાં પુસ્તકો.

પ્રશ્ન ૯૦—આયુષ્યની હદ જાણ્યા વિના કોઇ સંથારો કરે અને પછી ક્ષુધાવેદની આદિ પરિસહો ઉત્પન્ન થાય અને અસમાધિ મરણે મરવાની વાસ્તી રહે તેનું શું કરવું ?

ઉત્તર—જે સમાધિમરણે મરવાનો ખપી હોય તેને સમાધિમરણ થાય તેવી યોજના કરવી એમ આચારાંગ સૂત્ર તથા ભગવતીજી સૂત્રમ

ફરમાવેલ પાઠપર સમદૃષ્ટિએ ગુરુગમ્યથી ધારણા કરી સમાધિમરણે મરવા પ્રયત્ન કરવો.

પ્રશ્ન ૯૧—કેટલાક કહે છે કે—આ સૃષ્ટિ ઇશ્વરથી નિષ્પન્ન થયેલી છે એટલે જગત્કર્ત્તા ઇશ્વર છે. માટે જગતની આદિ છે કે કેમ?

ઉત્તર—ભગવદ્ગીતામાં કહ્યું છે કે—

नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।
उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥ અધ્યાય ૨ શ્લોક ૧૬.

અર્થ—જે મૂળેજ નથી તે કદી થવાનું નથી; અને જે છે તે કદી નાશ થવાનું નથી. એ 'છે' અને 'નથી' નું—એટલે કે સત્ અસત્ બન્નેનું—ખરું રહસ્ય તત્ત્વદર્શીઓએજ જોયું છે.

આધુનિક વૈજ્ઞાનિક શાસ્ત્રીઓનો (સાયન્સવાળાનો) પણ એજ સિદ્ધાંત છે કે એક પણ પરમાણુ નવો ઉત્પન્ન થઇ શકે નહિ. તેમજ એક પણ પરમાણુનો મૂળમાંથી નાશ થઇ શકેજ નહિ. માત્ર તેનો સંયોગ વિયોગજ થાય, અને ગીતા પણ એમજ કહે છે.

ન્યાયદર્શન પણ 'नित्या परमाणु हवा' વગેરે સૂત્રોથી એજ સિદ્ધ કરે છે, અને સાંખ્યદર્શન તો 'ईश्वरासिद्धे' એ સૂત્રથી જગત્કર્તાનો સર્વથા અભાવજ કરે છે.

વળી પણ ગીતાજીમાં કહ્યું છે કે—

न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥ અધ્યાય ૫ શ્લોક ૧૮.

અર્થ—ઈશ્વર કર્તાપણાને, કર્મોને કે કર્મ અને તેના ફળના સંયોગને ઉત્પન્ન કરતો નથી, પરંતુ સ્વભાવથી તે બધું પ્રવર્તી રહ્યું છે, તેમજ વળી ૧૩ મા અધ્યાયના ૨૦ મા શ્લોકમાં કહ્યું છે કે—

प्रकृतिं पुरुषं चैव विद्ध्यनादी उभावपि ।
विकारांश्च गुणांश्चैव विद्धि प्रकृतिसंभवान् ॥

અર્થ—પ્રકૃતિ તેમજ પુરુષ બન્નેને તું અનાદિ જાણ, અને સર્વ વિકારો અને ગુણોને તું પ્રકૃતિથીજ ઉત્પન્ન થએલા જાણ.

[illegible] ૩૧૩ મે, ૩૧૪ મે, [illegible] કહ્યું છે કે—જગતની આદિ [illegible] છે.

પ્રશ્ન ૯૨—આ જગતનો કર્તા ઇશ્વર છે. તેમજ ઇશ્વર જન્મ લે છે વગેરે સાંભળીએ છીએ તેનું કેમ?

ઉત્તર—ભાગવતપુરાણના પહેલા સ્કંધના ત્રીજા અધ્યાયમાં લખેલું છે કે-આત્માનો કોઇ કર્તા નથી, તે શાશ્વત છે અને વાસ્તવિક રીતે ઇશ્વર જન્મ લેતો નથી, તેમજ કાંઇ કરતો નથી. અનાદિ કાળથી આત્મા કર્મથી મળેલો છે. ઇતર પ્રાણીઓના ઉદ્ધાર માટે કેવા એ માત્ર તેમના જન્મ અને કર્મનું વર્ણન કરેલું છે ઇતિ.

જગતકર્ત્તા ઇશ્વર માને તેને પૂછવું કે ઇશ્વર તમે કોને કહો છો? કારણકે વિષ્ણુપંથી વિષ્ણુ ભગવાનને કર્ત્તા માને છે, ત્યારે શંકરપંથી કહે છે કે સૃષ્ટિના કર્ત્તા અમારા શંકર શિવ રૂદ્ર છે, અને બ્રહ્મપંથી માને છે કે સૃષ્ટિના કર્ત્તા અમારા બ્રહ્મા છે.

ત્યારે મુસલમાન કહે છે કે અમારા ખુદા જગતકર્ત્તા છે, ત્યારે ઇશુ પંથી કહે છે કે જગતકર્ત્તા અમારો ઇશુ છે. એમ દરેક પંથવાળા પોતપોતાના દેવને કર્ત્તા માને છે, તો કયો દેવ કર્ત્તા સમજવો? આ સવાલ ઉભો થાય છે.

પ્રશ્ન ૯૩—અહિંયાં કોઇ એમ કહે કે એ બધાનો સમાવેશ એક ઇશ્વર કે ભગવાન શબ્દમાંજ થઇ જાય છે તેનું કેમ?

ઉત્તર—તેને કહેવાનું કે એવા દયાળુ ઇશ્વરે ભેદ ભરેલા પંથો જૂદા જૂદા શા માટે કરવા જોઇએ? માટે એમ કહો કે-સર્વ પંથના કર્ત્તા, એ પુરૂષો છે, એટલે પોતપોતાના પંથના ચલાવવાવાળાને બહુ માન આપવાને માટે કર્ત્તા માન્યા છે.

જો આ જગતનો કર્તા ઇશ્વર અથવા કોઇપણ માનીએ તો તેમાં અનેક સવાલો ઉભા થાય છે. પ્રથમ તો એ કે-ઇશ્વર માયી છે કે અમાયી? જો અમાયી હોય તો તેને જન્મ, મરણ, કૃતકર્મ વગેરે કાંઇ હોતું નથી તે તો નિરંજન નિરાકાર સચ્ચિદાનંદ સ્વરૂપીજ હોય, તેનાથી કાંઇપણ બનવાનું હોયજ નહીં, અને જો માયી હોય તો તે સકર્મા દેહધારી હોવા જોઇએ. જો તેને જગતકર્ત્તા માનીએ તો (૧) સૃષ્ટિ રચ્યા પહેલાં આ બ્રહ્માંડમાં શું હતું? (૨) સૃષ્ટિ નહોતી તો પોતે ક્યાં હતા? (૩) આ બ્રહ્માંડને ક્યાંથી લાવ્યા? (૪) બ્રહ્માંડમાં રહેલા પદાર્થો ક્યાંથી લાવ્યા? (૫) બ્રહ્માંડ અને સૃષ્ટિ રચવાની શી જરૂર પડી? (૬) જો આ જગતકર્ત્તા ઇશ્વર છે તો ઇશ્વર દયાળુ છે કે કેમ? (૭) જો ઇશ્વર દયાળુ છે તો

દુનિયામાં અધર્મી અને પાપી જીવોને શા માટે પેદા કર્યાં ? (૮) અધર્મી અને પાપી જીવોના કરેલા અધર્મ અને પાપનું ફળ પેદા કરનાર ઇશ્વરને ભોગવવું પડે કે કેમ ? (૯) જગતકર્તા ઇશ્વર છે તો જગત્કર્તા નહિ માનનારાને પેદા શા માટે કર્યા કે પોતાનાજ પગ ઉપર કુહાડો પોતેજ મારે ? (૧૦) જો ઇશ્વર કર્તા છે તો ઇશ્વરનો કર્તા કોઇપણ હોવો જોઇએ. જેમ ઇમારતનો કર્તા કડીયો સુતાર છે. તો તેનો ઉત્પન્નકર્તા તેનો બાપ પણ છે. તો ઇશ્વરનો બાપ પણ હોવો જોઇએ. મા બાપ વિના મનુષ્યની ઉત્પત્તિ નથી, અને ઇશ્વર જો મનુષ્ય રૂપે હોય તો તે પણ સૃષ્ટિમાં છે. પોતાની પ્રજાને સૃષ્ટિ રૂપે માની પોતે કર્તારૂપ ઇશ્વર ઠરતો હોય અથવા કોઇ તેને પિતારૂપ ઇશ્વર માનતું હોય તો ભલે. અન્યથા તો કલ્પના રૂપ જણાય છે.

પ્રશ્ન ૯૪—ઇસુપંથી માને છે કે–આ સૃષ્ટિ ઇસુએ રચી છે, તેને માટે કાંઇ ખુલાસો છે ?

ઉત્તર—સાંભળો. આત્મારામજી પીતામ્બરી કૃત તત્ત્વનિર્ણય પ્રાસાદ ચતુસ્ત્રિંશ સ્તંભમાં ફુટનોટમાં લખ્યું છે કે–ઇસાંઇ લોક માનતે હૈં કિ ઇસ પૃથ્વી કે રચેકો, વા મનુષ્ય રચેકો છ સહસ્ર (૬૦૦૦) વર્ષ હુએ હૈં, સો મિથ્યા ઠહરતે હૈં. (આ વાતને મિથ્યા ઠરાવવાને પોતે ચાલતા અધિકારમાં પ્રથમ લખ્યું છે કે) પંડિત મોક્ષમુલ્લરને અપને છાપકુમેં ઐસા સિદ્ધ કરા હૈ કિ + + + ઔર ઇસા (ઇસુખ્રીસ્તસેં) પહિલે ૧૫૦૦૦ તથા ૨૦૦૦૦ વર્ષકે લગભગ સામાન્ય ભાષા કે બોલનેવાલે પ્રાચીન લોકો, પૃથિવીકિ કિસિ ભાગમેં વસ્તે થે તો વિચારો કે–છ હજાર વર્ષનું પ્રમાણ ક્યાં રહ્યું ? સૃષ્ટિ રચનારનો ક્યાંઇ મેળ મળે તેમ નથી. જેમ જેના મગજમાં આવે તેમ બોલ્યા કરે. પરંતુ સૃષ્ટિ અનાદિ માનવાવાળાનું વાક્ય ત્રણ કાળમાં ફરે તેમ નથી. તે વાત સત્ય છે.

એમ ઇશ્વરકર્તા માનવામાં અનેક દોષો ઉત્પન્ન થાય છે, માટે યોગવાસિષ્ટ તથા ભાગવતના લખાણ ઉપરથી સિદ્ધ થાય છે કે–જગત્નો કર્તા કોઇ નથી. સૃષ્ટિ અનાદિ છે, આત્માનો કર્તા કોઇ નથી, તે શાશ્વત છે. ઇશ્વર જન્મ લેતો નથી, તેમજ કાંઇ કરતો નથી. અનાદિ કાળથી આત્મા કર્મથી મળેલો છે. વગેરે લખાણથી એમ નિશ્ચય થાય છે કે, એ સર્વ, કર્મનીજ રચના છે.

પ્રશ્ન ૯૫—કેટલાક કહે છે કે દુનિયામાં સુખ દુઃખનો કર્તા ઇશ્વર છે ને કેટલાક કહે છે કે કર્મ છે. આ બેમાં કર્તા કોણ છે ?

ઉત્તર—એ વાત ખરી છે. કેમકે ઇશ્વર કર્તા માને છે, કેટલાક દૈવ કર્તા માને છે, કેટલાક વિધાતા કર્તા માને છે, અને કેટલાક કર્મ કર્તા પણ માને છે. પરંતુ શાસ્ત્રનો ન્યાય જોતાં પ્રાણીઓને સુખ દુઃખનો કર્તા કર્મજ છે. એટલે જૈનશાસ્ત્રના ન્યાયે પૂર્વભવે જીવે શુભાશુભ કરેલા કર્મનાં ફળ જે અહિંયાં ઉદયમાં આવે તે ભોગવાય છે, એટલે જેવાં કર્મ કરે તેવાં ફળ ભોગવે, માટે કર્મ કર્તા છે, અને કર્મનો કર્તા આત્મા છે. માટે જૈન સૂત્રમાં સુખ દુઃખનો કર્તા આત્મા પણ કહ્યો છે. શાખ ઉત્તરાધ્યયનના ૨૦ મા અધ્યયનની ગાથા-अप्पा कत्ता विकत्ता य, दुक्खाण य सुहाण य; આનો પરમાર્થ એ છે કે-કર્મને વશ પડેલો આત્મા શુભાશુભ કર્મ કરે છે. માટે કષાયઆત્મા, જોગઆત્મા, અજ્ઞાનઆત્માવડે કર્મનો બંધ થાય છે. માટે કર્તા આત્મા કહો કે કર્મ કહો, એ જૈનશાસ્ત્રનો ન્યાય છે.

પ્રશ્ન ૯૬—ઇશ્વર કર્તા માને છે તે વિષે ખરો ખુલાસો શો છે?

ઉત્તર—ખરો ખુલાસો સમજાવો હોય તો સાંભળો, સત્યાર્થ ચંદ્રોદયમાં કહ્યું છે કે-નામમાળા તથા "લોકતત્વ નિર્ણયમાં" કર્મનાં ૧૩ નામ કહ્યાં છે. તે નીચેના શ્લોકથી જાણજો.

श्लोक-विधिर्विधाने नियतिः स्वभावः कालोग्रहइश्वर कर्म दैवम्; भाग्यानिकर्माणि, यमः कृतांत, पर्याय नामानि पुराकृतस्य. १.

અર્થ—૧ विधिः (વિધના), ૨ विधाता (વિધાન), ૩ नियतिः (હોનહાર), ૪ સ્વભાવ, ૫ કાળ, ૬ ગ્રહ, ૭ ઇશ્વર, ૮ કર્મ, ૯ દેવ, ૧૦ ભાગ્ય, ૧૧ પુણ્ય, ૧૨ યમ, ૧૩ કૃતાંત. એ સર્વ પૂર્વકૃત કર્મનાં પર્યાયવાચક નામ છે.

તથા મનુસ્મૃતિમાં ૭ મા અધ્યયનમાં પાને ૩૮૦ મે, કર્મનાં દશ નામ કહ્યાં છે તે કહીએ છીએ. વિધિ ૧, દૈવ ૨, નિયતિ ૩, સ્વભાવ ૪, કાળ ૫, ઇશ્વર ૬, બ્રહ્મા ૭, કર્મ ૮, ભાગ્ય ૯, પુણ્ય ૧૦. આ સર્વ પૂર્વજન્મમાં કરેલાં કર્મનાં ફળનાં નામ છે. એમ શ્રુતિમાં કહ્યું છે તથા સ્મૃતિમાં પણ કહ્યું છે કે—

दैव मात्मकृतं विद्यात्. कर्मयत्पौर्वदेहिकम्;
समृतः पुरुषकारस्तु. क्रियतेयदिहापरम्. ॥१॥

પૂર્વ જન્મના દેહે કરેલાં કર્મને દૈવ કરીને કહે છે, અને આ જન્મમાં કરેલાં કર્મને પુરૂષાર્થ કહે છે.

દોહરો.

વિધિ ૧, વિધાતા ૨, હોનહાર ૩, સ્વભાવ ૪, કાળ ૫, યમ ૬, ગ્રહ ૭, ઈશ્વર ૮, બ્રહ્મા ૯, કર્મ ૧૦, દૈવ ૧૧, કૃતાન્ત ૧૨, ભાગ્ય ૧૩, પુણ્યસહ ૧૪.

પૂર્વકૃત એ કર્મનાં, પર્યાયવાચક નામ;
કર્તા માને તેહને, એ ભ્રમણાનો ઠામ.

પ્રશ્ન ૯૭—કેટલાક કહે છે કે પૃથ્વી ગોળ છે તો તે ગોળ દડાને આકારે છે કે સપાટ ગોળ છે?

ઉત્તર—કોઈ મતવાળા દડાને આકારે ગોળ માને છે ખરા, પણ જૈન શાસ્ત્ર તથા અન્યશાસ્ત્ર પુરાણાદિકમાં સપાટ ગોળ માને છે. જૈનશાસ્ત્રમાં સપાટ પડેલા ચક્રને આકારે ગોળ એક લાખ યોજનનો જંબુદ્વીપ છે. તેના ફરતો બે લાખ યોજનનો લવણ સમુદ્ર, તેના ફરતો ચાર લાખ યોજનનો ધાતકી ખંડ દ્વીપ છે, તેના ફરતો ૮ લાખ યોજનનો કાલોદધિ સમુદ્ર છે, તેના ફરતો ૧૬ લાખ યોજનનો પુષ્કરદ્વીપ છે. એ પ્રમાણે ચારે દિશાએ જંબુદ્વીપની મધ્યભાગના મેરૂપર્વતથી સીધી લીટીએ સપાટ ચારે દિશાએ હોડી માફક અસંખ્યાતા દ્વીપને અસંખ્યાતા સમુદ્ર આવે. છેલ્લો સ્વયંભૂરમણદ્વીપ ને સ્વયંભૂરમણ સમુદ્ર આવે. એમ જૈનધર્મના જીવાભિગમ સૂત્રમાં વિસ્તારે અધિકાર છે. તેમજ અન્યમતનાં પુરાણાદિકમાં સાત દ્વીપ ને સાત સમુદ્ર એક મતવાળા કહે છે. ને એક મતવાળા પચાસ ક્રોડ પૃથ્વી કહે છે અને એક મતવાળા અનંત બ્રહ્માંડ પૃથ્વી માને છે પણ જૈનશાસ્ત્ર તો અસંખ્યાતા દ્વીપ સમુદ્રને સપાટ ગોળજ માને છે.

પ્રશ્ન ૯૮—કેટલાક આ પૃથ્વીને દડાની પેઠે ગોળ તે પણ [illegible] અને ફરતી માને છે, એટલે પોતાની ધરી ઉપર ચોવીસ કલાકમાં ફરી [illegible] [illegible] માસમાં [illegible] ફરતી ફરી વળે છે. વગેરે વાતો સાંભળીએ છીએ તે શું છે?

ઉત્તર—[illegible] વાતો [illegible] છે. આ બાબતનો ખુલાસો કરવા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] દુનિયામાં અનેક [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે.

પ્રશ્ન ૯૯—શું પૃથ્વી ફરે છે તેવી માન્યતાવાળા મહાવીરના વખતમાં હતા એવો કોઇ દાખલો છે?

ઉત્તર—એવા એક મતના નહીં પણ અનેક મતના હતા, એમ આચારાંગજી સૂત્રના પહેલા શ્રુતસ્કંધના આઠમા અધ્યયનના પહેલે ઉદ્દેશે ભાષાંતરની કલમ (૩૯૬) માં લખ્યું છે કે--

इहमेगेसिं + + + अदुवा वायाओ विप्पउंजति; तंजहा अत्थिलोए, णत्थिलोए, धुवेलोए, अधुवेलोए, सादिएलोए, अणादिएलोए, सपज्जवसिते लोए, अपज्जवसिते लोए, કેટલાએકોને + + + (લોક વિષે એટલે પૃથ્વી વિષે પુરતું જ્ઞાન નહીં હોવાથી કેટલાક વિભંગજ્ઞાનથી, કેટલાક અનુમાનજ્ઞાનથી, અને કેટલાક કલ્પિતજ્ઞાનથી) અથવા (કેટલાક પોતપોતાની મતિ કલ્પના પ્રમાણે) અનેક પ્રકારનાં નીચે મુજબ વાક્યો બોલે છે:—એક કહે છે- "લોક છે" બીજા નાસ્તિક કહે છે કે "લોક નથી" એક કહે છે કે "લોક નિશ્ચળ છે" બીજા (ભૂગોળવાદી) કહે છે કે "લોક ચળ છે (એટલે પૃથ્વી ફરે છે)" એક કહે છે "લોક આદિ સહિત છે". (ઇશ્વર કર્તા માનનારા લોકની આદિ માને છે,) બીજા કહે છે કે "લોક અનાદિ છે" એક કહે છે "લોકનો અંત છે" બીજા કહે છે "લોકનો અંત નથી" ઇત્યાદિ.

એ પ્રમાણે મતમતાંતરોનો અભિપ્રાય મહાવીર પરમાત્માએ જાણીને પ્રગટ કર્યો. અને પૃથ્વી સ્થિર છે. અસંખ્યાતા દ્વીપ સમુદ્ર આ પૃથ્વી પર રહેલા છે, નિત્ય છે, શાશ્વત છે. વગેરે અસંખ્યાતા ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર તારાઓ તેમાં કેટલાક ચર (ફરે એવા) છે કેટલાક સ્થિર છે, નીચેના નરકાવાસાની પૃથ્વી ઉર્ધ્વલોકમાં દેવલોકની પૃથ્વી વગેરે તમામ લોકનું સ્વરૂપ મહાવીર દેવે કેવળ સ્વરૂપે જાણી, ભગવતીજી, જંબુદ્વીપ પન્નત્તિ, ચંદ્ર પન્નત્તિ, સૂર્ય પન્નત્તિ, જીવાભિગમજી, વગેરે સૂત્રોમાં પ્રગટ કરી બતાવ્યું છે.

પ્રશ્ન ૧૦૦—સૂર્ય ફરે છે. એવો જૈનસૂત્રમાં અને સમજી શકીએ તેવો કોઈ દાખલો છે?

ઉત્તર—ઉપર કહેલા સૂત્રોમાં સારી રીતે સમજાય તેવી રીતે ચંદ્ર, સૂર્યાદિ ફરે છે. ગ્રહ, નક્ષત્ર સાથે કેવી રીતે જોગ જોડે છે? એક મુહૂર્તમાં કેટલું ચાલે છે? વગેરે તમામ હકીકત છે. હવે સૂર્ય ફરે છે તે વિષે ટુંકામાં જાણવાને માટે સૂયગડાંગસૂત્રના છઠ્ઠા અધ્યયનમાં ગાથા ૧૧ મી ના બીજા પદમાં કહ્યું છે કે जंगुलिया अणुपरियट्टयंते; એટલે દશમી ગાથામાં જણાવેલો મૂળથી લાખ જોજન ઉંચા અને દશ હજાર જોજન જાડો મેરુ

પર્વત તેના ફરતો જ્યોતિષ મંડળ સહિત સૂર્ય, પરિભ્રમણ કરે છે. અર્થાત્ મેરૂ ફરતો ફરેછે.

પ્રશ્ન ૧૦૧—જે પ્રમાણે સિદ્ધાંતનો દાખલો આપી સૂર્ય ફરે છે એમ જણાવ્યું તે પ્રમાણે અન્યશાસ્ત્રોના કોઈ પ્રમાણિક દાખલા છે? હોય તો તે પણ જણાવશો?

ઉત્તર—સાંભળો "તત્ત્વનિર્ણયપ્રાસાદ"માં લખ્યું છે કે વેદોમેં ભી સૂર્ય ચલતા હૈ, ઐસે લિખા હૈ. તથાહિ પ્રથમ ઋગ્ વેદે-तरणि र्विश्वदर्शतो ज्योतिष्कृद सि सूर्य ॥ विश्वमामा सिरोचनं ॥ १ ॥ ऋ० मं० १ अ० ४ व० ७॥

ભાષ્યકા ભાવાર્થ—હે સૂર્ય! તું તરણિ-તરિતા હૈ, અન્ય કોઇ ન જા સકે ઐસે બડે અધ્વ માર્ગમેં જાનેવાલા હૈ॥

"योजनानां सहस्रे द्वेद्वे शतेद्वे च योजने ॥ एकेन निमिषार्द्धेन क्रममाण नमोस्तुते" ॥१॥

ભાવાર્થ—દો સહસ્ર દો સો ઔર દો (૨૨૦૨) ઇતને યોજન સૂર્ય આંખ મીચકે ખોલે, તિસ કાલમેં આધે કાલમેં ચલતા હૈ.

તથા ઋ. ૨ અ. ૧ વ. ૫મે લિખા હૈ કિ—

"सूर्यो हि प्रतिदिनं एकोनषष्ट्यधिक पंच सहस्र योजनानि मेरुं प्रदक्षिण्येन परिभ्रमतीत्यादि" ॥

ભાવાર્થ—સૂર્ય પ્રતિદિન ૫૦૫૯ યોજન મેરૂકી પ્રદક્ષિણા કરી પરિભ્રમણ કરતા હૈ. ઇત્યાદિ.

ઐસા હૈ કિ ફિરસે તૌરેતમેં ભી લિખા હૈ, કિ જબ યુસા જબ લડાઇમેં લડતા થા, તબ સૂર્ય કિતનેક ઘડી તક ચલનેમેં થંભ ગયા થા;

ઇત્યાદિ સર્વ ધર્મ પુસ્તકોંમેં પ્રાયઃ સૂર્યકા ચલનાદિ લિખા હૈ.

પ્રશ્ન ૧૦૨—પૃથ્વી સ્થિર છે એવો કોઇ અન્ય શાસ્ત્રનો દાખલો છે?

ઉત્તર—ઋગ્વેદ, અ. અ. ૧, અ. ૫, વ. ૨ મેં લિખા હૈ. યથા-

"[illegible]" ॥

અચ્યુત, અચરા, અર્થાત્ સ્થિર રહતી હૈ સ્વર્ગ ૧ ઔર પૃથ્વી ૨. ઇત્યાદિ [illegible] સૂર્યકા ચલના, ઔર પૃથ્વીકા સ્થિર રહના

કથન કિયા હૈ એસેહી યજુર્વેદાદિ સંહિતા ઔર બ્રાહ્મણ ભાગોંમેં સૂર્યકે ગતનેકા કથન હૈ, એમ તત્ત્વનિર્ણયપ્રાસાદમાં કહ્યું છે—

તથા યોગવાસિષ્ટ નિર્વાણ પ્રકરણ ૨૨૦ મે સર્ગે, પાને ૧૧૩૨ મે કહ્યું છે કે–સૂર્ય ચંદ્રમા નક્ષત્ર સહિત ચક્ર ફિરતા હૈ.

૧૭૯ મે સર્ગે પણ સૂર્ય, ચંદ્ર અને તારાનું ચક્ર ફરતું કહ્યું છે.

પ્રશ્ન ૧૦૩—જૈન સૂત્રોમાં ગત કાળનાં મનુષ્ય તથા તિર્યંચાદિનાં શરીર તથા આયુષ્યની વાતો વર્તમાન સમયના પ્રમાણથી અતિશય પ્રમાણ વાળી સાંભળીને કેટલાંક મનુષ્યોને આશ્ચર્યકારક થઇ પડે છે અને કેટલાક તો હાંસીરૂપમાં ગણી તે વાતને તદન જુઠીજ ગણી કાઢે છે તેનું કેમ?

ઉત્તર—જે માણસને શાસ્ત્રનું જ્ઞાન હોતું નથી, જે વર્તમાન સમયના વિચાર ઉપર આધાર માની બેઠા હોય અથવા તો જે નાસ્તિક વિચારના હોય, યા ગતકાળની વાતો માનતા ન હોય. તેવાઓને માટે તો કહેવાનુંજ શું? શાસ્ત્રના માનવાવાળા બ્રહ્માની ઘડી કે બ્રહ્માના મસ્તકની વાતોનો ખ્યાલ કરે તો જૈન શાસ્ત્રની વાતો કાંઇ અતિશયોક્તિમાં જાય તેમ નથી. તોપણ આ પ્રચલિત જમાનામાં ગતકાળનો દર્શનિક પુરાવો મળી આવે તો પૂર્વેલી વાતને ટેકારૂપે થઇ પડે, માટે આપણે તેની શોધખોળ કરવી જોઇએ.

પ્રશ્ન ૧૦૪—ઉપરના પ્રશ્નના ગતકાળનાં મનુષ્ય તિર્યંચાદિનાં શરીર તથા આયુષ્ય સંબંધીના જમાનાને અનુસરીને કોઇ દુનિયામાં મનાતા વિદ્વાન્ કે પ્રોફેસર તરફથી થયેલા ખુલાસા સહિત આધાર છે? હોય તો જણાવશો?

ઉત્તર—સાંભળો, તત્ત્વ નિર્ણય પ્રાસાદ પૃષ્ટ ૬૨૫ મે લખ્યું છે કે સન ૧૮૫૦ માં મારૂઆ નજીક ભૂમિમેં ખોદતાં રાક્ષસી કદનાં મનુષ્યનાં હાડ ભૂમિમાંથી નીકળ્યાં હતાં. તેના જડબાનું હાડકું આદમીના પગ જેટલું લાંબું હતું. તેની માથાની ખોપરી પાકા ૨૪ શેર ઘઉં સમાય તેવડી હતી. એકેક દાંતનું વજન રૂા. ૨ ભારનું હતું.

પૃષ્ટ ૬૨૬ મે લખ્યું છે કે–કિન્ટો લોકસ નામના રાક્ષસ ૧૫ ફુટ ૯ ઇંચ ઉંચા હતા, એના ખંભાની પહોળાઇ ૧૦ ફુટની હતી.

સારલામેનના વખતમાં ફરટીગસ નામના સખસ ૨૮ ફુટ ઉંચા હતા તે દાખલો “ગુજરાતી મિત્ર” ત્રીશમા પુસ્તકમાં તા. ૧૮ સપ્ટેમ્બર સન ૧૮૯૨ ના અંકમાં લખેલું છે. (ઇતિ. ત. નિ. પ્રા.)

"કોન્ફરન્સ પ્રકાશ, તા. ૧૮ ડિસેમ્બર સન ૧૯૧૫ પુસ્તક ૪ થું અંક ૧૨ મો, પૃષ્ઠ ૧૩ મે "અદ્ભુત હાંડા" ના લેખમાં લખ્યું છે કે—

આફ્રિકાકે એક ડાકટરને એક મનુષ્યકા હાંડા નિકાલા હૈ; જિસકે લિયે અનુમાન યહ હોતા હૈ કિ વહ ડુબકર મરા થા. ઔર ઉસ સમય આફ્રિકી ભૂમિ પાની કે તલે થી, ઇસ હાંડેમેં હડીયાંકી લંબાઈ ચોડાઇ વર્તમાન કાલકી હડીયોંસે બહુતહી અધિક હૈ. આશ્ચર્ય યહ હૈ કિ હડ્ડિયોંકો કોઈ હાનિ નહિ પહુંચી હૈ, ઇસી તરહ અમેરિકાકી ભૂમિમેં ડાકટરં બ્રાઉન સાહેબને એક છિપકલીકા હાંચા નિકાલા હૈ; જિસકી ચૌડાઈ ૪ ફુટ ઔર ઉંચાઈ ૨૦ ફુટ હૈ. ઉસકી ખોપરીકા વજન ૫૦ મણ હૈ, ૨૫૦ મઝબુત જવાનોંને ઉસ હાંચેકો ઉઠાકર રેલપર ચઢાયા થા.

બહુત સે મનુષ્ય પહિલેકી બાબતમેં જો જૈનશાસ્ત્રોંમેં લંબાઈ ચૌડાઇ કહી હૈ ઉસકો સત્ય માનતે હૈં સો અભી ઇન પુરૂષોંને પ્રત્યક્ષ બતલા દિયા હૈ, ઇસ લિયે ઉન ભોલે મનુષ્યોંકો ચાહિયેં કિ જૈન શાસ્ત્રોંપર વિશ્વાસ કરે, લેખક—લાલચંદ રાંકા.

પ્રશ્ન ૧૦૫—તિર્યંચ વિષે વિશેષ ખુલાસા હોય તો જણાવશો ?

ઉત્તર—સાંભળો. તત્ત્વનિર્ણય પ્રાસાદ પાને ૬૨૬ મે લખ્યું છે કે, "તા. ૧૨ નવેમ્બર સને ૧૮૯૩ માં મુંબઇના ગુજરાતી પત્રમાં લખ્યું છે કે:—હંગરીમાં રાક્ષસી કદનું એક મેડક (દેડકું) નું હાડપીંજર જડયું છે. એ મેડક "લેવીરીનથોડોન" ના નામથી ઓળખાય છે પ્રાચીન વખતના શોધનારાઓને માલુમ પડયું છે કે એવી જાતનું મેડક અતીતકાળમાં ઘણું જ હાડકાવાળું જોવામાં આવતું, પરંતુ આજ કાળમાં એવા મેડકનાં હાડકાં નથી. તે મેડકની ખોપરી એટલી તો મોટી હતી કે તેની બે આંખો વચ્ચે ૧૮ ઇંચનું અંતર હતું અને તેની ખોપરીનું વજન ૩૧૨ રતલ હતું. એના સર્વે શરીરનાં હાડનું વજન ૧૮૬૦ રતલ અર્થાત્ એક ટન લગભગ હતું"

પ્રોફેસર થીઓડોર કુક આપના બનાવેલા ભુસ્તર વિદ્યાના ગ્રંથમાં લખે છે કે પૂર્વકાળમાં ઉડની (છપકલી—કીરલી) જાતનું પ્રાણી એવડું મોટું હતું કે તેની પાંખ ૨૭ ફુટ લાંબી હતી.

મહાભારતના ૨૯ મા અધ્યાયમાં લખ્યું છે કે, ૬ જોજન ઉંચા અથવા ૧૨ જોજન લાંબા હાથી હતા. તથા ત્રણ જોજન ઉંચા અથવા દશ જોજનના પરિઘ (ઘેરા) એવા કુર્મ (કચ્છુ—કાચબા) લખ્યા છે.

મહાભારતના ૧૯ માં અધ્યાયમાં લખ્યું છે કે રાહુનું મસ્તક પર્વતના શિખર જેટલું મોટું હતું

પ્રશ્ન ૧૦૬—પ્રાચીન સમયમા લાબા આયુષ્ય વિષે અન્ય શાસ્ત્રમાં કાંઇ જણાવે છે ખરૂં ?

ઉત્તર—હા, સાંભળો. "તત્ત્વનિર્ણય પ્રાસાદ" માં લખ્યું છે કે, મનુસ્મૃતિની ટીકામાં શ્રી રામચંદ્રજીનું આયુષ્ય દશ સહસ્ર (૧૦૦૦૦) વર્ષનું લખ્યું છે.

પૃષ્ટ ૬૨૭ માને વિષે લખે છે કે-મહાભારતના ૧૬ મા અધ્યાયમાં બ્રહ્મની દીકરી કશ્યપની સ્ત્રી કન્દુકે અંડેકો પકનેકો કાળ (૫૦૦) વર્ષનો લખ્યો છે. અથવા વનિતાનો અંડેકો પાકવાનો કાળ એક સહસ્ર (૧૦૦૦) વર્ષનો લખ્યો છે

વેરેત ગ્રંથમાં નુહ આદિ કેટલાક મનુષ્યોની ૯૦૦ અથવા ૮૦૦ વર્ષની આયુ લખી છે. (ઇતિ તત્ત્વનિર્ણય પ્રાસાદ)

પાંડવના ઉત્તર ત્રીજે પ્રકરણે પાને ૪૪ મે કળીયુગ માહાત્મ્યમાં કહ્યું છે કે-ક્ષત્રીય દયાધર્મનો ત્યાગ કરશે, પાપની સ્થાપના કરશે, અને પાને ૫૧ મે કહ્યું છે કે-કળીયુગમાં મનુષ્યનું આઉખું ૩૦ ત્રીશ વર્ષનું થશે, આઠ વર્ષની સ્ત્રી ગર્ભ ધરશે, અને જૈન શાસ્ત્રમાં પાંચમા આરાના અંતે મનુષ્યનું આઉખું ૨૦ વીશ વર્ષનું અને શરીરની અવઘેણા (ઉંચાઇ) એક હાથની કહી છે.

ઉપરના તમામ પ્રશ્નનો પરમાર્થ એ છે કે-જેમ જેમ કાળ ગમન કરતો જાય છે તેમ તેમ મનુષ્યનું આયુષ્ય અને શરીરની અવઘેણા અને શકિત-બળ ઓછું થતું જાય છે. એમ દરેક શાસ્ત્રથી સાબીત થાય છે.

પ્રશ્ન ૧૦૭—કેટલાક લોકો ભરતક્ષેત્રને હિંદુસ્તાનના નામથી બોલાવે છે. યા ઓળખાવે છે. તે વાત સત્ય છે કે કેમ ?

ઉત્તર—જૈન સૂત્રમાં હિંદુસ્તાન શબ્દ છેજ નહિ, પણ ભરતક્ષેત્રનો અમુક ભાગ કે જ્યાં હિંદુની વસ્તી વધારે હોવાથી યા હિંદુ રાજાનો પ્રદેશ વધારે હોવાથી અથવા તેની સરહદ પર સિંધુ નદી આવેલ હોવાથી ભરતખંડના અમુક ભાગનું નામ હિંદુસ્તાન આપવામાં આવ્યું હોય એમ જણાય છે.

પ્રશ્ન ૧૦૮—એ સંબંધી કોઇ શાસ્ત્રથી સાબીત થાય તેવો પુરાવો છે ?

ઉત્તર—તત્ત્વનિર્ણય પ્રાસાદ ચતુસ્ત્રિંશ: સ્તંભ: ।। પાને ૬૩૦ મે કહ્યું છે કે-કિતનેક કહેતે હૈ કિ, જૈન મતમેં જો ભરતખંડકી લંબાઇ, ઔર

ચૌડાઈ કહી હૈ. સો બહુત હૈ. ઔર દેખનેમેં હિંદુસ્તાન થોડાસા હૈ ઇસકા ક્યા સબબ હૈ ?

તેના ઉત્તરમાં એમ જણાવે છે કે—જૈન મતમેં હિંદુસ્તાનકા નામ કુછ ભરતખંડ નહી લિખા હૈ. કિંતુ આર્ય, અનાર્ય, સર્વ દેશ મિલાકે ૩૨૦૦૦ દેશ જિસમેં વસતે થે. ઉસકા નામ જૈનમતમેં ભરતખંડ લિખા હૈ, વે અનાર્ય, આર્ય દેશ. જૈનસે, હૈ. ઉનકે નામ શ્રી પ્રજ્ઞાપના ઉપાંગ સૂત્રસેં લિખતે હૈં. પ્રથમ અનાર્ય દેશકે નામ લિખતે હૈં.

શક ૧, યવન ૨, ચિલાત ૩. શબર ૪, બબ્બર ૫, કાય ૬, મુરૂંદ ૭, ઓડુ ૮, ભડગ ૯, તીર્ણુક ૧૦, પક્કણ ૧૧, નીક ૧૨, કલંક ૧૩, ગોંડ ૧૪, સિંહલ ૧૫, પારસ ૧૬, ગોધ ૧૭, અંધ્ર ૧૮, દમિલ ૧૯, ચિલ્લલ ૨૦, પુલિંદ ૨૧, હારોસ ૨૨, દોવ ૨૩, બોકકણ, ૨૪, ગંધહાણુ ૨૫, બહલિ ૨૬, અજ્જલ, ૨૭, રોમ ૨૮, પાસ ૨૯, બકુશ ૩૦, મલકા ૩૧, બંધકાય (ચૂંચુકા) ૩૨, સૂકલિ (ચૂલિક) ૩૩, કુંકણ ૩૪, મેદ ૩૫, પલ્હવ ૩૬, ચાલવ ૩૭, મગ્ગર (મહુર) ૩૮, આભાસિક, ૩૯, કણ (અણુક) ૪૦, વીરણ (ચીન) ૪૧, લ્હાસીક ૪૨, ખસ ૪૩, ખાસિક ૪૪, નેદૂર ૪૫, મઢ ૪૬, ડોંબિલગ ૪૭, લકુસ ૪૮, ખકુસ ૪૯. કેકેય ૫૦, અરબ ૫૧, હુણક ૫૨, રોમક ૫૩, ભમરૂ ૫૪. ઇત્યાદિ.

ઔર, શક ૧, યવન ૨, શબર ૩, બબ્બર ૪, કાય ૫, મરૂંડ ૬, ઉડ્ડ ૭, ભડ્ડ ૮, ભિતિક ૯, પાકણિક ૧૦, કુલાક્ષ ૧૧, ગોંડ ૧૨, સિંહલ ૧૩, પારસ ૧૪, ક્રૌંચ ૧૫, અંધ્ર ૧૬, દ્રવિડ ૧૭, ચિલ્વલ ૧૮, પુલિંદ ૧૯, આરોષા ૨૦, ડોવા ૨૧, પોકાણા ૨૨, ગંધહારકા ૨૩, બહલીકા ૨૪, જલ્લા ૨૫, રોસા ૨૬, માષા ૨૭, બકુશા ૨૮, મલયા ૨૯, ચૂંચુકા ૩૦, ચૂલિકા ૩૧, કોંકણગા ૩૨, મેદા ૩૩, પલ્હવા ૩૪, માલવા ૩૫, મહુરા ૩૬, આભાષિકા ૩૭, અણકા ૩૮, ચીના ૩૯, લાસિકા ૪૦, ખસા ૪૧, ખાસિકા ૪૨, નેદૂરા ૪૩, મહારાષ્ટ્રા ૪૪, મુઠા ૪૫, મૌષ્ટ્રિકા ૪૬, આરબ ૪૭, ડોંબિકલ ૪૮, કુહુણા ૪૯, કેકયા ૫૦, હુણા ૫૧, રોમકા ૫૨, રૂરૂખા ૫૩, મરૂકા ૫૪. ઇત્યાદિ અનાર્ય દેશકે વાસી મનુષ્યોંકે નામઃ પ્રશ્નવ્યાકરણ સૂત્રમેં લિખે હૈ.

ઔર, શક ૧, યવન ૨, શબર ૩, બબ્બર ૪, કાય ૫, મરૂંડ ૬, દુરોણ ૭, પક્કણ ૮, અકખાગ ૯, હુણ ૧૦, રોમસ ૧૧, પારસ ૧૨, ખત્ર ૧૩, ખાસિક ૧૪, દુબિલ ૧૫. લઉ ૧૬, બોસ ૧૭, બોકકસ ૧૮,

મિલિંદ ૧૯, પુલિંદ ૨૦, ક્રોંચ ૨૧, ભ્રમર ૨૨, રૂંઠા ૨૩, ક્રોંચાક ૨૪, ચીન ૨૫, ચચુંક ૨૬, માલંગ ૨૭, દમિલ ૨૮, કુલક્ષ ૨૯, કેકય ૩૦, કિરાત ૩૧, હયમુખ ૩૨, ખરમુખ ૩૩, તુરગમુખ ૩૪, મેંઢકમુખ ૩૫, હયકર્ણ ૩૬, ગજકર્ણ ૩૭. ઇત્યાદિ અનાર્ય દેશોંકે નામ, સૂત્રકૃતાંગકી નિર્યુક્તિમેં કહે હૈં. ઇત્યાદિ એકત્રીશ સહસ્ર નવસો સાડે ચહુંતર ૩૧૯૭૪॥ અનાર્યદેશ ઇસમેં વસતે હૈં. ઔર સાડે પચવીશ આર્ય દેશ હૈં. ઉનકે નામ પ્રજ્ઞાપના સૂત્રમેં લિખતે હૈં.

રાજગૃહનગર-મગધજનપદ ૧, અંગદેશ-ચંપાનગરી ૨, બંગદેશ-તામ્રલિપ્તીનગરી ૩, કલિંગદેશ-કંચનપુરનગર ૪, કાશીદેશ-વાણારસીનગરી ૫, કોશલદેશ-સાકેતપુર, અપર નામ અયોધ્યાનગર ૬, કુરૂદેશ-ગજપુર-હસ્તિનાપુરનગર ૭, કુશાવર્ત દેશ-સૌરિકપુરનગર ૮, પંચાલદેશ-કાંપિલપુરનગર ૯, જંગલદેશ-અહિછત્તાનગરી ૧૦ સૌરાષ્ટ્રદેશ-દ્વારામતી-દ્વારિકાનગરી ૧૧, વિદેહદેશ-મિથિલાનગરી ૧૨, વત્સદેશ-કૌસાંબીનગરી ૧૩, શાંડિલ્યદેશ-નંદીપુરનગર ૧૪, મલયદેશ-ભદ્દિલપુરનગર ૧૫, વચ્છદેશ-વૈરાટનગર ૧૬, વરણ દેશ-અચ્છાપુરીનગરી ૧૭, દશાર્ણદેશ-મૃત્તિકાવતીનગરી ૧૮, ચેદિદેશ-શૌક્તિકાવતીનગરી ૧૯, સિંધુદેશ-વીતભયનગર ૨૦, સૌવીરદેશ-મથુરાનગરી ૨૧, સૂરસેનદેશ-પાપાનગરી ૨૨, ભંગદેશ-માસપુરીવટ્ટાનગરી ૨૩, કુણાલદેશ-શ્રાવસ્તીનગરી ૨૪, લાટદેશ-કોટીવર્ષનગર ૨૫, શ્વેતંબિકાનગરી-કેકયદેશ ૨૫ યે સાડેપચવીશ આર્યદેશ હૈં.

ક્યોંકિ ઇનદેશોંમેંહિ જિન તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવાદિ, આર્ય શ્રેષ્ઠ પુરૂષોંકા જન્મ હોતાહૈ. ઇસવાસ્તે ઇનકો આર્યદેશ કહેતે હૈં. યે સર્વ આર્ય દેશ વિંધ્યાચળ, ઔર હિમાલયકે બિચમેં હૈં. હેમઅમરાદિ કોશોંમેંભી ઐસેહી આર્ય દેશ કહા હૈ. ઐસે અનાર્ય આર્ય સર્વ દેશ મિલકે ૩૨૦૦૦ ઇસમેં વાસ કરતે હૈં તિસકો જૈનમતમે ભરતખંડ કહા હૈ. નતુ હિંદુસ્તાન માત્રકો.

ઐસે પૂર્વોક્ત ભરતખંડકી ભૂમિપર બહુત જગોંપર સમુદ્રકા પાણી ફિરનેસેં ખુલી ભૂમિ થોડી રહગઇ હૈ યહ બાત જૈન ગ્રંથોંસેં, ઔર પરમતકે ગ્રંથોંસેં ભી સિદ્ધ હોતી હૈ. ઔર અનુમાનસેં ભી કિતનેક બુદ્ધિમાન સિદ્ધ કરતે હૈં. જૈસેં સન ૧૮૯૨ સપ્ટેંબર માસ તારીખ ૫ કો નવમી ઓરીએંટલ કાંગ્રેસ, જો લંડન શહરમેં હુઇ.

તિસમેં પંડિત મોક્ષમુલ્લરને અપને ભાષણમેં ઐસા સિદ્ધ કરા હૈ કિ એસીયાસે લે કે અમેરિકા તાંઇ કિસી સમયમેં સમુદ્રકા પાની બીચમેં નહી થા; કિંતુ કેવળ એકહી ભૂમિકા સપાટ થી, પીછે સમુદ્રકે જલકે આ જાનેસેં બિચમેં દેશોંકે ટાપુ બન ગયા હૈ આર ઇસા (ઇસુખ્રીસ્તસેં) પહિલે ૧૫૦૦૦ તથા ૨૦૦૦૦ વર્ષકે લગભગ સામાન્ય ભાષાકે બોલને વાલે પ્રાચીન લોક પૃથ્વીકે કિસી ભાગમેં વસ્તે થે તેની ફુટનોટમાં લખ્યું છે કે-ઇસ કથનસે જો ઇસાઇ લોક માનતે હૈ કિ ઇસ પૃથવીકે રચેકો, વા મનુષ્યકો રચેકો છ સહસ્ર (૬૦૦૦) વર્ષ હુએ હૈં. સો મિથ્યા ઠહરતા હૈ.

તથા ડાકટર બુલ્હર સાહેબને અપને ભાષણમેં જૈન લોગોંકે સંબંધમેં, એક નિબંધ વાંચકે સુનાયા થા કિ, જૈન લોગોંકી શિલ્પવિદ્યા કિતનેક દરજે (કિતનીક બાબતોંમેં) બુદ્ધ લોગોંકી શિલ્પવિદ્યાકે સાથ મિલતી આતી હૈ, તો ભી જૈન લોકોને, યે સર્વ બુદ્ધ લોકોંકે પાસસેં નહી લી હૈ; કિંતુ વો વિદ્યા જૈન લોકોંકે ઘરકી હી હૈ, ઐસા સબૂત કર દિયા થા. યહ સમાચાર, ગુજરાતી પત્રકે ૧૦ મેં પુસ્તકકે અકટોબર સન ૧૮૯૨ કે ૪૦ મેં ઔર ૪૧ મેં અંકમેં હૈ. યહ યહાં પ્રસંગસે લિખા હૈ, ઇસ વાસ્તે ચીન, રુસ, અમેરિકાદિ સર્વ ભરતખંડમેંહી જાનને. . . . .

પૂર્વોક્ત સાઢેપચ્ચીશ આર્ય દેશોંકો, જૈન મતમેં આર્યક્ષેત્ર કહતે હૈં. (એ પ્રમાણે તત્વનિર્ણય પ્રાસાદમાં લખ્યું છે.)

તેમજ "અર્વાચીન જૈન" ઇતિહાસમાં વાંચવામાં આવ્યું છે કે-શ્રી મહાવીર દેવના વખતમાં ચાલીશ ક્રોડ ૪૦૦૦૦૦૦૦૦ જૈન હતાં, અને અમેરિકામાં જૈન ધર્મની પ્રવૃત્તિ હતી. ત્યાં પાર્શ્વનાથ ભગવાનનું શાસન પ્રવર્તતું હતું. એમ ઇતિહાસના લખાણથી જણાય છે, તો જો ત્યાંસુધી પાર્શ્વનાથ ભગવાનના સાધુઓનો વિહાર હોય તો હિંદુસ્તાન અને અમેરિકા વચ્ચે (જળ વિના) સપાટ જમીન હોવી જોઇએ, એમ ઉપરના મોક્ષમુલ્લરના ભાષણથી સિદ્ધ થાય છે.



દોહરા.

વીર પ્રભુના વદનથી, વાણી જે વરસેલ ;
ગણધર દેવે તેહને, સૂત્ર રૂપે ગુંથેલ ૧

ભવજળ તરવા ભવ્યને, અવલંબન રૂપ એહ ;
અનન્ય અનુપમ નાવ છે, એમાં નહિ સંદેહ. ૨

સુધા સિંધુ સમ સૂત્રનું, પીયૂષ પાવા કાજ ;
ગુંથી પ્રશ્નોત્તર તણી, મોહનમાળા આજ. ૩

આગમ રત્નાકર વિષે, છે છુપાં જે રત્ન ;
વ્યક્ત કરવા તે કર્યો, યથાશક્તિ મેં યત્ન. ૪

પ્રજ્ઞા, દર્શન, ચરણ, તપ, હરણ પાપ હરેક ;
સાધન ચારે સિદ્ધિનાં, વર્ણવ્યાં ધરી વિવેક. ૫

અનેકાંત આગમ કહ્યાં, એકંત વદે અણગાર;
દુજે અંગે વારીયો, એ નહિ તુજ વ્યવહાર. ૬

અનેકાંત આગમ કહ્યાં, નય નિક્ષેપ પ્રમાણ;
એકાંતવાદીને કહ્યો, મિથ્યાવાદ અયાણ. ૭

દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ, ઉત્સર્ગ ને અપવાદ;
તે જાણ્યા વિણ જે વદે, એકાંત મિથ્યાવાદ. ૮

સમજી સરધી સત્યને, સત્પથ જો પકડાય ;
જિનપદ નિજપદ એક છે, એવો અનુભવ થાય. ૯

ચરણવિશુદ્ધિ સાધીને, તપથી તાવે તંન ;
મ્હાલે મુક્તિ મહેલમાં, પાવે શાન્તિ અનંત. ૧૦

વાંચી વિચારી વ્હાલથી, સમજી સારાસાર ;
ગુણગ્રાહી થઇને કરો, દોષદૃષ્ટિ પરિહાર. ૧૧

શત અષ્ટોતર પ્રશ્નનો, ભાગ એકેક નિહાળ;
નવ ભાગે રચના કરી, મનહર મોહનમાળ. ૧૨


વિધવિધ ભેદે વર્ણવ્યા, પ્રશ્નોત્તર ધરી પ્યાર ;
સંશય છેદક છે બહુ, કરતાં તત્વવચાર. ૧૩

સૂત્રાંતર્ગત ઉદ્ભવે, તર્ક વિતર્ક અનેક ;
અવલોકી આ ગ્રંથને, છેદો સંશય છેક. ૧૪

પિચુમંદામાં પેખિયું, ધર્મ તણું શુભ ધામ
બોધ સુણ્યે બોધક તણો, મળીને તીર્થ તમામ. ૧૫

મુનિ મંડળમાં મણિ સમા, અજરામર અણગાર ;
દેવરાજજી શિષ્ય તસ, ઉત્તમ જસ આચાર. ૧૬
પ્રેમી તાસ પટોધરૂ, અવિચળ સ્વામી અનુપ ;
હેમચંદ્રજી શિષ્ય તસ, સુંદર જાસ સ્વરૂપ. ૧૭
આધ્યાત્મિક ગુણ આગળા, પંડિતમાં પ્રખ્યાત ;
ગુણીયલ ગુરૂ ગોપાલજી, સુરતરૂ સમ સાક્ષાત. ૧૮
પૂરણ તાસ પ્રતાપથી, રચી મુનિ મોહનલાલ ;
ભવિ જન હૃદયે ધારવા, મનહર મોહનમાળ. ૧૯
પ્રશ્નોત્તર પરિમળ કમળ, ભ્રમર ભવિક દિલ ચ્હાય ;
ગુંગો ગોળી જો તજે, તો તે પણ લલચાય. ૨૦
ધોલેરાના શ્રાવકે, અધિક ધરી મન ભાવ ;
ઉપકારક જાણી કર્યો, ગ્રંથ તણો ફેલાવ. ૨૧
ઓગણીસસો એંશીનો, ફાલ્ગુન માસ રસાળ ;
શુદ પ્રતિપદ ગુરૂ વાસરે, ગ્રંથ થયો તૈયાર. ૨૨
નૃપદુર્ગે સુખ શાન્તિમાં, કલ્પમાસ વીતેલ ;
પૂર્ણાહુતિ ગ્રંથની, ત્યારે ત્યાં કીધેલ. ૨૩
શ્રીવીરજિનની વાણીથી, ન્યૂનાધિક વિપરીત ;
ભૂલથી ભાખ્યું હોય તો, હો મિથ્યાદુષ્કૃત ૨૪
સાગર, જળ, શશિ સૂર્યના, વર્તે જગ લગ વાર ;
ગુણિજન તમ લગ ગ્રંથ આ, પૂર્ણ લહો પ્રચાર. ૨૫
પઠન, શ્રવણ. ચિંતન કરી, ગ્રહી વિવેકે સાર ;
જીનાજ્ઞા આરાધશે, તે લેશે ભવ પાર. ૨૬

ઇતિ શ્રી પરમપૂજ્ય શ્રી ગોપાલજી સ્વામી. તત્ શિષ્ય મુનિ શ્રી મોહનલાલજી કૃત શ્રી "પ્રશ્નોત્તર મોહનમાળા" નવમો ભાગ સમાપ્ત: ॥



શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ	શુદ્ધ.
૧	૧	ગૈનમ ...	... ગૌતમ
૧૩	૨૪	મોક્ક ...	... મોક્ષ
૨૮	૨૦	અંતોકોડનો ...	... અંતોકોડાકોડનો
૬૮	૨૬	જનમાર્ગાનુસારે	... જૈનમાર્ગાનુસારે
૮૫	૫	ધયો ...	... થયો
૧૧૧	૧	સધી ...	... સુધી
૧૧૧	૪	કૂહેવાય ...	... કહેવાય
૧૬૮	૪	ડબાર્થ ...	... ટબાર્થ
૧૭૫	૨૬	હિતહિક્ષા ...	... હિતશિક્ષા
૧૮૯	૧૮	પરયાર્થ ...	... પરમાર્થ
૨૦૬	૨૫	મ્હેરગીરે બૂમમારી ...	... મ્હેરેગીરને બળતા લુગડાની ગંધ આવવાથી બૂમ મારી.
૨૩૭	૨૨	रयणउभाए ...	... रयणप्पभाए
૨૩૭	૨૨	सव्वजीवाप्पववण	... सव्वजीवाउववण
૨૪૫	૨૯	आउयभेरेति ...	... आउयभेदोचि
૨૪૭	૨૩	हवेज्ज, सोवक ॥ य	... हवेज्ज सोवकमाय
૨૫૬	૫	मेय ...	... भेय
૨૬૧	૩૨	ભય રાએવો નહિ	... ભય રાખવો નહિ
૨૮૦	૧૧	પાડનો ...	... પાઠનો
૨૮૦	૧૨	આવોવવાના છે	... આલોવવાના છે
૨૯૩	૩૦	શસ્રને ...	... શાસ્રને
૨૯૪	૭	પારહાસ ...	... પરિહાસ
૩૦૬	૧૯	અક્ષેયકારી ...	... અશ્રેયકારી
૩૨૧	૨૮	કુસમાનગતિ ...	... કુસમાનગતિ
૩૨૧	૨૯	અકુસમાનગતિ	... અકુસમાનગતિ
૩૩૫	૧૪	જુ઼ા ...	... જુદા
૩૪૧	૨૯	પ્રયાણ ...	... પ્રમાણ
૩૪૬	૨૨	ઉડ઼ાં ...	... ઉડતાં

૩૪૬	૨૮	ખંધનાં	ખંધનાથી
૩૪૭	૨૫	ન ॥	નથી
૩૪૮	૧	સુવર્ણે	સવર્ણે
૩૪૮	૨	સુવર્ણ	સવર્ણ
૩૫૧	૧૦	ાલની	કાળની
૩૫૭	૩-૪	વર્ણ, રસ, સ્પર્શ, ...	વર્ણ, ગંધ, રસ, સ્પર્શ,
૩૬૦	૧૧	સમર્થ હોતો	અસમર્થ હોતો
૩૬૪	૨૬	વઋનાભ	વજનાભ
૩૭૪	૧૧	સેવાઓકે	સેનાઓકે
૩૭૫	૧૯	प्रतिबोपनीया	प्रतिबोधनीया
૩૭૫	૨૪	નિત્રદ્ધકે૦	નિબંધકે૦
૩૭૬	૩	મજબત	મજબુત
૩૮૫	૧૨	અને છેલ્લા	અને પહેલા છેલ્લા
૩૦૬	૩૧	૪-૪	૪૨૪
૪૦૧	૧૯	ધાતંકી	ધાતકી
૪૦૩		કળશ	બીજો કળશ મુળ લખાણુ પ્રમાણે બરાબર નથી.
૪૦૬	૨૧	निधान	निधान
૪૧૪	૨૩	બોલે કેટલા ?...	બોલ કેટલા ?
૪૧૭	૧૦	દેવાધિક	દેવાદિક
૪૧૭	૨૮	દશમા ગુણુ ઠાણુાના	દશમા ઠાણુાના
૪૪૯	૨૧	कलस	कलह
૪૫૦	૩	यथोत्यथेव	यथोत्सथेन
૪૫૧	૫	एकं अपिरारम्मं, ...	एकंअपिनिरारम्मं,
૪૫૧	૫	उपवानोसं	उपवासं
૪૫૮	૩	तपः...	सपः
૪૫૮	૨૩	सप्त्या	तप्त्या
૪૫૮	૨૪	स्तेपांच	स्तेपांच
૪૬૧	૧૧	मुक्साण	मुक्साण
૪૬૧	૨૦	क्राहे	क्रोह
૪૬૩	૨૬	यद्ध	यद्धे

૪૬૪	૨૮	अजंज	... असंज्ञ
૪૬૭	૨૩	ઘોપાય	.... ઓલાય
૪૬૯	૧૧	જ્ઞાનતો ...	.... જ્ઞાનનો
૪૭૧	૧	દાનરૂપી ...	.... જ્ઞાનરૂપી
૪૭૩	૧૪	વૈકાલિક	.... દશવૈકાલિક
૪૭૪	૨૭	ઉત્તર	.... આ શબ્દ ખોટો છે
૪૭૭	૧૬	સુંકરે છે ...	... સુકર છે
૪૭૯	૮	सेतारीसए	.... सेतारीसण
૪૮૦	૫	ઠેકાણે ...	.... ઠેકાણે
૪૮૦	૧૭	छादनोमावने	.... छादनोद्भावने
૪૮૩	૨૧	सदालु ...	.... सदालुब्ध
૪૮૪	૪	મૂંઠમૂંઠ ...	... મૂંઠમૂંડ
૪૮૭	૧૪	फालेपु	... फाकेपु
૪૮૮	૨૦	विपंदते	.... विपंदते
૪૯૩	૩૧	વચલા બાવીશ તિર્થંકરના સાધુ, ૨.	વચલા બાવીશ તીર્થંકરના સાધુ, તથા મહાવિદેહના સાધુ ૨.
૫૦૨	૧૮	માડે	.... માટે
૫૦૩	૧૩	वियट्ट मोइ	... वियट्टु मोइ
૫૦૯	૧૭	શતક ૧૦ મે....	.... શતક બીજે
૫૧૨	૧૪	सूचीकुसग्ग असंवरे ++....	सूचीकुसग्ग संवरे + +
૫૧૩	૨૭	પ્રતે ...	.... ભગવંત પ્રત્યે
૫૧૭	૧૪	સંહિત ...	... રહિત
૫૧૯	૨૬	ઉપઘાત	.... ઉપધાન
૫૨૪	૧૯	नकतृत्वं ...	.... नकर्तृत्वं
૫૨૪	૨૦	श्लोक १८ ...	... श्लोक १४
૫૩૨	૫	આર્દ્રિકી ...	... આર્દ્રકાદી
૫૩૨	૨૬	ઉડતી (છપકલી-કીરલી	.... ઉડતી ગીરોલી (છપકલી-કીરલી)
૫૩૩	૧૪	પાંડવના ઉત્તર	.... પાંડવના ઉત્તર ચરિત્રમાં
૫૩૫	૧૮	કેકય દેશ ૨૫	.... કેકય આધાદેશ ૨૫॥

તૈયાર છે! તૈયાર છે!!

શ્રી પ્રશ્નોત્તર મણિરત્નમાળા—ભાગ ૨ જો.

આવૃત્તિ બીજી.

શાસ્ત્રવિશારદ મુનિશ્રી મણિલાલજી મહારાજના ઘણાં વર્ષોના પ્રબળ પુરૂષાર્થનું આ અનુપમ અને પરમ ઉપકારક પરિણામ છે આ અપૂર્વ ગ્રંથની યોજના કરી મહારાજશ્રીએ જૈન સમાજ ઉપર અવર્ણનીય ઉપકાર કર્યો છે. અને જૈન સાહિત્યમાં અગત્યનો ઉમેરો કર્યો છે. આ ગ્રંથમાં જૈનના ત્રણે ફીરકાને માન્ય એવાં લગભગ તમામ જૈન સૂત્રો તેમજ પ્રાચીન ગ્રંથોમાંથી ઉપયોગી અંશોનું સ્પષ્ટીકરણ અતિ ઉત્તમ પ્રકારે પ્રશ્નોત્તર રૂપે કરવામાં આવ્યું છે. સૂત્રના અનેક ગહન પ્રશ્નોનાં સમાધાન અત્યંત બુદ્ધિમત્તાપૂર્વક કરવામાં આવ્યાં છે. શૈલી સરળ છે. ભાષા શુદ્ધ ગુજરાતી છે. વાંચનારને આનંદ સાથે ઉત્તમ જ્ઞાન મળે તેમ છે. સિદ્ધાંતરત્નોના ખજાના ખોલવાની ૩૧૦ ચાવી આ ગ્રંથમાં આપેલ છે.

આ રત્નમાળાનો પ્રથમ ભાગ તેમજ આ બીજા ભાગની પહેલી આવૃત્તિ બહાર પડતાંજ વિદ્વાનોમાં અત્યંત આદરણીય થઇ પડેલ છે. અને આ બીજી આવૃત્તિ પણ ટુંક સમયમાંજ ખપી જવા સંભવ છે. ૨૦૦ પૃષ્ટના તથા મજબુત પુંઠાવાળા આ ગ્રંથની કિંમત માત્ર બાર આના, પોષ્ટેજ ૦—૨—૦.

ગ્રાહક મહાશયોએ વી. પી. થી મંગાવવું અથવા ચૌદ આનાની ટીકીટ બીડવી. "પ્રશ્નોત્તર મોહનમાળા" ની સાથે મંગાવનાર માટે પોષ્ટેજ માફ.

મળવાનું ઠેકાણું—

ઝવેરચંદ જાદવજી કામદાર.
ઠે. ખુશાલચંદ રામજી બાખડા જૈન બુકસેલર,
રાજકોટ.

શાળોપયોગી જૈન પ્રશ્નોત્તર.

આવૃત્તિ ત્રીજી.

તત્ત્વજ્ઞાનના સેંકડો પ્રશ્નોથી ભરપૂર આ પુસ્તક જૈનશાળાઓ તેમજ જૈન ધર્મનું જ્ઞાન મેળવવા ઇચ્છનારાઓ માટે અમૃતતુલ્ય ઉપયોગી છે. જૈન પત્રકારોએ, વિદ્વાન મુનિરાજોએ તેમજ શાસ્ત્રજ્ઞ શ્રાવકોએ તેની મુક્તકંઠે પ્રશંસા કરી છે. કચ્છ કાઠીયાવાડ અને ગુજરાતની ઘણી જૈનશાળાઓમાં તે પાઠ્ય પુસ્તક તરીકે દાખલ થયું છે. હિંદી ભાષામાં પણ તેની બે આવૃત્તિ બહાર પડી ચુકી છે. તેમજ દીલ્હી, બીકાનેર, બ્યાવર વગેરે ઘણાં શહેરોની જૈનશાળાઓમાં પણ આ પુસ્તક ટેક્સ્ટ બુક તરીકે ચલાવવામાં આવે છે.

આ પુસ્તક માટે શ્રીયુત વાડીલાલ મોતીલાલ શાહ લખે છે કે, " આ પ્રશ્નો જેમ વિચારપૂર્વક યોજાયા છે તેમ તેના ઉત્તરોમાં જૈન શાસ્ત્રનું ગંભીર તત્ત્વજ્ઞાન અને વ્યવહારનો દીર્ઘ અનુભવ સમાયલો છે. તમામ જૈન શાળામાં આ પુસ્તક ચલાવવા યોગ્ય છે. "

મૂલ્ય પાંચ આના, અગાઉથી ગ્રાહક થનાર પાસેથી ચાર આના.

ઝવેરચંદ જાદવજી કામદાર.

જૈનશાળાના ઇન્સ્પેક્ટર—રાજકોટ.



જૈન લાયબ્રેરીઓને તેમજ વિદ્વાન્ મુનિરાજોને આ પુસ્તક વિનામૂલ્યે અર્પણ કરવાનું છે. તો તેવી રીતે મંગાવનાર મહાશયોએ પોષ્ટ ખર્ચના રૂ. ૦-૧૨-૦ નીચેના શીરનામે મોકલી મંગાવી લેવું.

આ પુસ્તક મળવાનાં ઠેકાણાં.

મહેતા ત્રિભુવન વાલજી, લાલજી પારેખની શેરી–ખત્રીવાડ—મુ. રાજકોટ

ભાવસાર ખીમચંદ ખોડીદાસ—મુ. ધોલેરાબંદર.



સૂચના.

શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા જેમને મફત આપવાનું છે તેમને પ્રશ્નોતર મણિરત્નમાળા ભાગ ૨ જો માત્ર આઠ આનામાંજ આપવામાં આવશે તો જેમને તે પુસ્તક પણ સાથે મંગાવવું હોય તેમણે આઠ આના તથા પોષ્ટ ખર્ચના બે આના મળી કુલ દશ આના વધારે મોકલવા.

